# સકત ચિંતામણિ ગ્રંથ

(સટીક)




જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# સક્ત ચિંતામણિ ગ્રંથ

## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# સક્ત ચિંતામણિ ગ્રંથ

## (સટીક)


જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત


**પ્રેરણામૂર્તિ :**

કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર


**સંકલન-અનુવાદ**

**શ્રી બીપીન આર. શાહ**

**૨, કંચન વાટીકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ**

website: www.kaivalgyan.org



**પ્રકાશક**

ભજનાનંદ પબ્લિકેશન

વિશ્વ સર્વજનમંગલ ચેરિટી ટ્રસ્ટ

૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,

અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

# સક્ત ચિંતામણિ ગ્રંથ (સટીક)

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**1st Edition: March 2016**
**Price: Rs. 350/- ($ 20 + S.H.)**
**ISBN: 978-81-921648-5-4**

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**
**શ્રી બીપીન આર. શાહ**
૨, કંચન વાટીકા, વકીલ વાડી,
મણીનગર, અમદાવાદ
M: 001 4438510051 (USA)
WhatsApp no.: 9879966409 (India)
bshah6900@gmail.com

LyűŜǊl·ŎűʎØŜ t5C
tǊl·ʅl·ăK {dzűKl·Ǌ
² Kl·űă ! LJLJ y2Y +91 9фтпфпнфрф

website: www.kaivalgyan.org

**Disclaimer**
આ ગ્રંથના રચયીતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલેખીત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતીક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયીતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના અર્થઘટન દર્શાવતા લખાણમાં રહી ગયેલ ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ સમજ માટે હસ્તલેખીત ગ્રંથને આધારભૂત માનવા.



# સમર્પણ

**સાદર સમર્પણ**
**જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક**
**પંચમ શ્વસમ વેદાચાર્ય કૈવલ ધર્મધૂરંધર**
**કૈવલવેત્તા દિવ્ય પરમગુરુ**
**શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર ચરણોમાં**
**સમર્પણ કરીએ છીએ.**

**આપના ચરણરજના અભિલાષી**
**શાહ પરિવાર**


Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

કૈવલ કર્તાના પરમવિશેષ પાટવી અંશ, સકર્તા સિદ્ધાંતના પ્રણેતા, જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક, કૈવલવેત્તા, પંચમ સ્વસમ વેદાચાર્ય, કૈવલ ધર્મ ધુરંધર, નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત, પ્રગટ ઘનશ્યામ સ્વરૂપ કુવેરસ્વામીનાં ચરણકમળમાં નમસ્કાર કરી નિવેદન પ્રસ્તુત કરું છું.

આજથી બાર વર્ષ પહેલાં મને પરમગુરુની પ્રેરણાથી વિચાર આવ્યો કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત ધર્મગ્રંથોનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ કરીને તૈયાર કરવાં જોઈએ, જેથી જિજ્ઞાસુ જીવોને ગૂઢાર્થભરેલા કૈવલ જ્ઞાનને સમજવામાં સરળતા રહે. પરમગુરુની પ્રેરણાવાળા આ ભગીરથ કાર્યને આગળ ધપાવવા પૂ. ગુરુજીના આશીર્વાદ મેળવી પ્રારંભ કર્યો અને બે વર્ષના વિચાર-વિમર્શ બાદ સૌ પ્રથમ ''નિત્ય નિયમ ઉપાસના પાઠ'' (સટીક) ગુજરાતી આવૃતિ પ્રકાશિત કરી. જેનો વાંચન વર્ગ દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મારું મનોબળ વધ્યું અને આ પ્રમાણે દરેક ગ્રંથ તૈયાર કરવાનો નિર્ણય લઈ લખાણ ચાલુ કર્યું. ગ્રંથના ઊંડા અભ્યાસી સંત અને સજ્જનોના સાથ અને સહકારથી લખાણનું કામ આગળ ચાલ્યું. હાલ મુરબ્બી કથાકાર જસુજીના કૈવલધામ થવાથી મને મારા કાર્યમાં પીઠબળ આપનારની મોટી ખોટ પડી છે, પરંતુ કહેવાય છે કે ધાર્યું ધણીનું થાય છે.

વિચાર-વિમર્શના લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું કે આ સ્થૂળ દેહની અવધિ કેટલી ? હાલ ૬૫ વર્ષ થયાં છે. આમ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને પરમગુરુની કૃપા થકી મને જેવી સમજ પડી તે મુજબનું લખાણ પ્રકાશિત કર્યું છે.

દિવ્ય પરમગુરુ કૈવલધામ સંવત ૧૯૩૪માં ગયા. આજકાલ ૧૩૮ વર્ષ થવાં આવશે. પરંતુ મારા અહોભાગ્ય કે મને આ રીતે ગ્રંથોનું વિવેચન કરવાની પ્રેરણા આપીને કૃપા કરી કે હું આવા કાર્યનો પ્રારંભ કરી શક્યો. જેથી આ પુસ્તકને પુષ્પરૂપે પરમગુરુનાં ચરણોમાં સમર્પિત કરું છું.

''સક્રત ચિંતામણિ'' ગ્રંથમાં કુવેરસ્વામીએ અંશોને સહાય માટે કર્તા દ્વારા રચવામાં આવેલી રચનાની વિગત દર્શાવી છે. દરેક યુગના સંતો-આચાર્યોની સમજ

આપી કળિયુગમાં સંત, ભક્ત, આચાર્ય અને રાજનિતિજ્ઞોના કેવા લક્ષણો હશે તે જણાવ્યું છે. ઈન્દ્રિયો દ્વારા થતા કર્મોનાં ફળ જડતત્ત્વોને નહીં પરંતુ અંશને ભોગવવાં પડે છે તેની સમજ દર્શાવી વૈરાગપૂર્ણ જીવન જીવવાની સલાહ આપી છે અને કર્તાને મેળવવા માટે કેવો બ્રેહ (આરત) ધારણ કરવો તે દર્શાવ્યું છે. ચિંતામણિને ગ્રહી જેનું ચિંતવન કરવામાં આવે તે મળે છે તેમ આ ગ્રંથનું વાંચન, શ્રવણ અને મનન કરવાથી અંશને પરમપદની પ્રાપ્તિ થાય છે. ૧૮ અંગ દ્વારા કુલ ૫૧૭ ચોપાઈમાં સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતથી પર રહેલા સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરીને દ્રષ્ટાંત દ્વારા ઉચ્ચ તત્ત્વજ્ઞાનના વિવિધ વિષયોને આવરી લઈને ન્યાયપૂર્ણ સમજ આ ગ્રંથમાં આપવામાં આવી છે.

આ ગ્રંથનું વિવેચન કરતાં પહેલાં મેં ઉપલબ્ધ નકલ (કોપી) કરેલા હસ્ત લિખિત ગ્રંથ સાથે દરેક ચોપાઈના શબ્દે શબ્દની મેળવણી કરેલી છે. જૂના ગ્રંથોની સરખામણીમાં કોઈ શાબ્દિક ફેરફાર થયેલો જણાય તો તે હસ્તલેખિતના આધારે હશે તેમ સમજવું, વળી, હસ્ત લિખિતમાં નકલ કરવામાં લહિયાઓએ ભૂલ કરી હોય ત્યાં સકર્તા સિદ્ધાંતને આધારે યોગ્ય સુધારો કર્યો છે. અગાઉના મહાપુરુષોએ અથાગ મહેનતના અંતે કરેલી ટીકા મને શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ લખવામાં ખૂબ જ સહાયભૂત થઈ છે. કોઈ ગ્રંથના અભ્યાસી મારા લખાણ સાથે સંપૂર્ણ સહમત ન થાય તે માનવા યોગ્ય છે. કારણ કે, પરમગુરુએ જ અગાધબોધ ગ્રંથ અંગ ૮૫માં જણાવ્યું છે કે **"વિવિધ વિક્ત કરી અરથ વિકાશો"** એટલે કે, એક જ ચોપાઈના અતિ ગૂઢાર્થ એવા સકર્તા સિદ્ધાંતના પ્રાકૃત ભાષાની ચોપાઈના શબ્દોનું જેટલું મંથન થાય તેટલું તેમાંથી અર્થઘટન થઈ શકે તે સ્વાભાવિક છે. શબ્દકોશમાં પણ ઘણા શબ્દોનો ખુલાસો મળતો નથી, એટલે મેં જે લખ્યું છે તેવું જ પરમગુરુ કહેવા માગે છે તેમ નથી. નવ બુદ્ધિથી વિભૂષિત કૈવલવેત્તા પુરુષનાં વચનો સામાન્ય અંશ અને અલ્પ બુદ્ધિના જીવો પરિપૂર્ણ રીતે કેમ કરીને સમજી શકવાના ? એમ હું પણ એક અલ્પ સામાન્ય અંશ છું તેમ છતાં મને નિમિત્ત બનાવી પરમગુરુએ જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ આ લખાણ રજૂ કરેલ છે.

ગ્રંથનું વાંચન માત્ર ઉપલક દૃષ્ટિએ નહીં, પરંતુ એક અભ્યાસી તરીકે ખૂબ જ બારીકાઈથી વાંચીને સમજવા પ્રયત્ન કરવામાં આવશે તો ગૂઢાર્થ ભરેલું કૈવલજ્ઞાન સરળતાથી સમજવામાં વાંધો આવશે નહીં.

પરમગુરુને પણ સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરતાં પ્રતિવાદીઓનો ઘણો સામનો

કરવો પડ્યો હતો. પૂજ્ય નારણદાસ મહારાજશ્રીને સુરકુવામાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે વિઘ્નસંતોષીઓનો સામનો કરવો પડ્યો હતો. આમ શુભ કાર્યમાં અડચણ રૂપ સંજોગો આવવાના એ સ્વાભાવિક છે. મારા ઉપર પરમગુરુની પૂર્ણ કૃપા છે તેમ હું માનું છું. અન્ય સંપ્રદાયની સરખામણીમાં સાહિત્ય ક્ષેત્રે થવો જોઈએ તેવો પુરુષાર્થ થયો નથી તે હકીકત છે. કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના અમારા આ ભગીરથ કાર્યમાં શુદ્ધ અને હકારાત્મક ભાવથી કાર્યને વધાવશો તો ભવિષ્યમાં અમો આ અંગે સવિશેષ કાર્ય કરી હિન્દી અને અંગ્રેજીમાં ગ્રંથો આપની સમક્ષ મૂકવા કટિબદ્ધ છીએ.

લખાણમાં કોઈ ક્ષતિ પણ હોઈ શકે, ગ્રંથના ઊંડા અભ્યાસીને કોઈ સૈદ્ધાંતિક ભૂલ જણાય તો જરૂર મને લેખિતમાં (bshah6900@gmail.com) જાણ કરવા વિનંતી, જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો-વધારો કરી શકાય.

**- બીપીન આર. શાહના હૃદયપૂર્વક**
સંત પુરુષોને સત્ કૈવલસાહેબ
ભક્તજનોને સત્ કૈવલ પરમાત્મ્

# પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૪ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને સકર્તા સિદ્ધાંતની સમજ પંદર ગ્રંથો દ્વારા આ જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવ સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્યો આધ્યાત્મિક જીવન જીવવા તત્પર બને છે અને જગતના વિભિન્ન ધર્મના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા ટૂંકા માર્ગે પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશ થાય છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતનું શ્રેષ્ઠજ્ઞાન રજૂ કરતાં અમોને આનંદ થાય છે. ટ્રસ્ટના બંધારણની વિવિધ પરોપકારી પ્રવૃત્તિના આધારે વિશ્વના માનવોને કલ્યાણ અર્થે કૈવલજ્ઞાન પ્રકાશિત કરવાનું જરૂરી લાગ્યું. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપતિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. સર્જનહારે વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. ''વિશ્વ સર્વજનમંગલ ચેરિટી ટ્રસ્ટ'' નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવ કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રગટ કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

આ પુસ્તક સારા કાગળ, બે કલરમાં છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ ટાઈટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દૃષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે. પરંતુ ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાધારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નહીં, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.

આ ગ્રંથને વાંચી, વિચારી તેનું મનન કરીને દિવ્ય પરમગુરુના ગૂઢ જ્ઞાનને

ગ્રહણ કરવામાં આવશે તો જ અમારો પ્રયત્ન સફળ થયેલો માની શકાય. વાચકોને અનુરોધ છે કે અન્ય ધર્માનુરાગીઓને પ્રસંગોપાત્ત આ પુસ્તક ભેટ તરીકે આપીને અમારી યોગ્ય કદર કરે. જેથી જગતનાં પ્રત્યેક ઘરમાં આ પુસ્તકને સ્થાન મળે.

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું  કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિ વિકાસક્રમની સીડીનાં જુદાં જુદાં પગથિયાં પર હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેકની વિચારસરણી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય ? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને સંતોષ આપવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી પ્રાર્થના છે.

અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

**- ભજનાનંદ પબ્લિકેશન**
**વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

# અનુક્રમણિકા


નિવેદન ........ vi

પ્રકાશકના બે બોલ ........ ix

૧. અંગ ૧ ભવ ઉત્પન્ન વિભૂતિ દયા દેખાવનકો ........ ૧

૨. અંગ ૨ ખલ પરિહારન દેખાવનકો ........ ૧૨

૩. અંગ ૩ કર્તા ફુરમાન પરમ વિશેષ અંશ દેખાવનકો ........ ૨૫

૪. અંગ ૪ સંત આચાર્ય બરનનકો ........ ૩૬

૫. અંગ ૫ કલિકે સંત આચારજ લક્ષ દેખાવનકો ........ ૫૯

૬. અંગ ૬ રાજનીતિ ધર્મ દેખાવનકો ........ ૭૦

૭. અંગ ૭ સુધરમ ધરમ સંક્ષેપ દેખાવનકો ........ ૯૫

૮. અંગ ૮ કર્તા અકર્તા લક્ષ દેખાવનકો ........ ૧૦૧

૯. અંગ ૯ કર્તા સંકલ્પ અનુક્રમ દેખાવનકો ........ ૧૫૪

૧૦. અંગ ૧૦ અકર્તા પદ પરિહાર દેખાવનકો ........ ૧૬૦

૧૧. અંગ ૧૧ સકર્તા મતલબ દેખાવનકો ........ ૧૭૮

૧૨. અંગ ૧૨ કર્તા લક્ષ દેખાવન અંશ અનુભવકો ........ ૧૯૧

૧૩. અંગ ૧૩ ત્રધા પ્રકાર અંશ લક્ષ દેખાવનકો ........ ૨૪૨

૧૪. અંગ ૧૪ કર્તા અંશ સંબોધન દેખાવનકો ........ ૩૦૩

૧૫. અંગ ૧૫ અલંકાર ઈશ્વરીયે દેખાવનકો ........ ૩૩૭

૧૬. અંગ - ૧૬ અંશ અલેપ સલેપ સચીત દેખાવનકો ........ ૩૬૬

૧૭. અંગ ૧૭ વ્રેહ વૈરાગ્ય દેખાવન કો ........ ૪૧૯

૧૮. અંગ - ૧૮ પરમવિશેષ ગુરુ કતા મિલન વ્રેહે દેખાવનકો ........ ૪૬૬

ચોપાઈ અનુસુચી ........ ૪૯૫

# અંગ ૧
# ભવ ઉત્પન્ન વિભૂતિ દયા દેખાવનકો

**ૐ પરમ સક્ત સામ્રથ પત, નિજ કૈવલ કરુણેશ;**
**એક અખંડ સ્વરાજ જેહુનકે, સ્વયં પ્રકાશ સધેશ. ૧**

### શબ્દાર્થ

**ૐ** = પ્રણવનો પૂર્ણ પ્રાણાયામ અને પવિત્ર મંત્ર **પરમ** = ઉત્તમ, મહાન, શ્રેષ્ઠ **સક્ત** = જેના દ્વારા આ વિશ્વ રચવામાં આવ્યું છે તેવા પરમપિતા **સામ્રથ** = સમર્થ **પત** = પતિ, માલિક, ધણી **નિજ** = પોતે **કૈવલ** = વળથી રહિત **કરુણેશ** = વિશ્વની સઘળી કરુણાઓના ઈશ **એક** = એકમાત્ર **અખંડ** = જેનો નાશ થતો નથી તેવા, ખંડનથી રહિત **સ્વરાજ** = સમગ્ર બ્રહ્માંડમાં જેમનું સામ્રાજ્ય છે તેવા **જેહુનકે** = જેમનું, જેઓનું **સ્વયં** = પોતે, ખુદ, નિજ **પ્રકાશ** = અજવાળું **સધેશ** = પ્રકાશક, પોતાનો જ પ્રકાશ.

### અનુવાદ

**ૐ કાર (વાણી) શબ્દની જેમ સકર્તા પતિ મહાન છે. તેઓ પોતે વળથી રહિત અને કરુણાઓના ઈશ છે. તેઓનું એકલાનું જ સામ્રાજ્ય સંપૂર્ણપણે વ્યાપેલું છે અને તેઓ પોતે બ્રહ્મ પ્રકાશના પ્રકાશક છે.**

### ભાવાર્થ

ૐ કાર શબ્દ બાવન અક્ષરોનું મૂળ અને બ્રહ્મનો વાચક છે. બ્રહ્મ પ્રકાશ સમગ્ર બ્રહ્માંડમાં પ્રસરેલો છે અને સમગ્ર ઉત્પત્તિ બ્રહ્મમાં પોષણ પામીને વિકસેલી છે. તેવા બ્રહ્મના પ્રકાશક અને ઉત્પત્તિના કારણરૂપે મહાન શ્રેષ્ઠ અને સમર્થ સર્જનહાર પોતે છે. તેઓ પોતે વળથી રહિત અને વિશ્વની સઘળી કરુણાઓના અધિપતિ છે. તેમનું એકલાનું જ સામ્રાજ્ય સમગ્ર બ્રહ્માંડમાં સંપૂર્ણપણે વ્યાપેલું છે. તેથી તો તેઓને આદ્ય, સક્ત, સ્વરાજ, કરુણેશ અને કૈવલ એમ પાંચ વિશેષણથી નવાજવામાં આવ્યા છે.

**તેહી પતને નિજ સૃષ્ટિ રચી જબ, બોહોત જતન કર જાસે;**
**તિનકી સહાય કરન સૂર સરજે, ઈંદ્ર ચંદ્ર રવિ તાસે. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **પતને** = પતિએ, માલિકે **નિજ** = પોતે **સૃષ્ટ** = દુનિયા, વિશ્વ **રચી** = રચ્યું, બનાવ્યું **જબ** = જ્યારે, ત્યારે **બહોત** = બહુ જ, ખૂબ જ **જતન** = સંભાળ, સાચવણી, કાળજી, રક્ષણ **કર** = કરવા, રાખવા **જાસે** = તેનું, તેથી, જેનું **તિનકી** = તેની **સહાય** = સહાયતા **કરન** = કરવા માટે **સૂર** = દેવો **સરજે** = બનાવ્યા, સર્જન કર્યા **ઈંદ્ર** = દેવોના રાજા ઈંદ્રદેવ **ચંદ્ર** = ચંદ્ર **રવિ** = સૂર્ય **તાસે** = તેને માટે, તેટલા માટે.

### અનુવાદ

**તે માલિકે જ્યારે સૃષ્ટિની રચના કરી ત્યારે ખૂબ જ સંભાળ રાખી છે. તેની સહાયતા કરવા માટે ઈંદ્ર, ચંદ્ર અને સૂર્યની આદ્ય લઈ અનેક દેવોનું સર્જન કર્યું છે.**

### ભાવાર્થ

જ્યારે સકર્તા સર્જનહાર કેવલ પતિએ આ જગતની વિવિધતાપૂર્ણ રચના કરી ત્યારે ખૂબ જ કાળજી રાખીને તેનું નિર્માણ કરેલ છે. તેમની બનાવેલી સૃષ્ટિનું વ્યવસ્થિત રીતે સંચાલન, રક્ષણ અને સંભાળ રાખવા માટે તેમજ, તેમાં નિવાસ કરતા સર્વ જીવ માટે સુખ-સગવડ અને સહાયતા રહે તે માટે ચંદ્ર, સૂર્ય અને દેવોના અધિપતિ ઈંદ્ર દેવ સહિતના અનેક દેવી-દેવતાઓનું પણ નિર્માણ કરેલું છે, ઉત્પન્ન કર્યા છે.

**ઓરુ રજ તમ ગુણ સાત્વિક સરસત, પુરુષ શક્તિ જેહી આદુ;**
**કીન ધરા ચર અચર ધરનકુ, અવિકાશન ગગનાદુ. ૩**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **રજ** = રજોગુણી બ્રહ્મા **તમ ગુણ** = તમોગુણી શંકર **સાત્વિક** = સતોગુણી વિષ્ણુ **સરસત** = સરસ્વતી **પુરુષ** = જ્યોતિ પુરુષ નિરંજન **શક્તિ** = આદ્યશક્તિ, મહંમાયા **જેહી** = જે **આદુ** = આદિથી, પહેલેથી, પુરાણા **કીન** = કર્યા, બનાવ્યા **ધરા** = પૃથ્વી, ધરતી **ચર** = અસ્થિર

જંગમ ઘાટ **અચર** = સ્થિર સ્થાવર ઘાટ **ધરનકુ** = ધારણ કરવા માટે, રહેવા માટે **અવિકાશન** = પદાર્થની વૃદ્ધિ, ફેલાવો, વિસ્તાર, હરવા-ફરવા **ગગનાદુ** = આકાશ, વિશાળ અવકાશ, ગગન, આસમાન, હવા, પવન આદિ તત્ત્વો.

## અનુવાદ

**વળી રજોગુણી બ્રહ્મા, તમોગુણી શંકર, સત્વગુણી વિષ્ણુ, સરસ્વતી, મહામાયા અને જ્યોતિ પુરુષ નિરંજનને પહેલેથી જ ઉત્પન્ન કર્યા છે. સ્થાવર-જંગમ જાતિના જીવને રહેવા પૃથ્વી રચી છે અને વિકાસના માટે આકાશ વગેરે બનાવ્યું છે.**

## ભાવાર્થ

તેમજ રજોગુણના દેવ બ્રહ્માજી, તમોગુણના દેવ શંકર અને સત્વગુણના દેવ વિષ્ણુ, વિદ્યાની દેવી સરસ્વતી, જ્યોતિ પુરુષ નિરંજન અને આદ્યશક્તિ મહંમાયાને પણ સકર્તા પતિ સર્જનહાર કૈવલકર્તાએ પ્રથમથી જ ઉત્પન્ન કર્યા છે. આમ કુલ ૩૩ કરોડ દેવતાઓ અને ૯ કરોડ દેવીઓની આદ્ય લઈ ૧૮ લાખ પ્રકારની તૃણ, પનડી, વેલ, જળ અને વૃક્ષો, ૨૨ લાખ પ્રકારના જળચર જાતિના ઘાટ અને ૪૪ લાખ પ્રકારના મનુષ્ય, પશુ, કીટ, પતંગની આદ્ય લઈ જંગમ જાતિના ઘાટ સહિત કુલ ૮૪ લાખ પ્રકારના ઘાટનું નિર્માણ કરી તેમને ધારણ કરવા માટે પૃથ્વીની રચના કરી છે. વળી સર્વને હરવા-ફરવા, વૃદ્ધિ અને ફેલાવો વિસ્તાર પામે તે માટે પવન-આકાશ આદિતત્ત્વોની ઉત્પત્તિ કરી છે.

**સુરકે તેજ પ્રકાશ પરમતે, હરહી સકલ શીતલાઈ;**
**જાતે સકલ ભવકે જીવ તનકુ, અતહી હોત અકુલાઈ. ૪**

### શબ્દાર્થ

**સુરકે** = સૂર્યના **તેજ** = ઉગ્ર, અતિ **પ્રકાશ** = તાપ, પ્રકાશ **પરમતે** = પ્રભાવથી, પડવાથી **હરહી** = નાશ કરવું, દૂર કરવું **સકલ** = સર્વની **શીતલાઈ** = ઠંડક, શીતળતા **જાતે** = જેથી **સકલ** = સર્વ, બધા **ભવકે** = સૃષ્ટિના, દુનિયાના **જીવ** = જીવ, ઘાટ **તનકુ** = શરીરને **અતહી** = વિશેષ, અધિક **હોત** = થઈ, થવા લાગી **અકુલાઈ** = અકળામણ.

### અનુવાદ

**સૂર્યના ઉગ્ર તાપ સર્વની શીતલતા નષ્ટ કરે, પરંતુ (ઉગ્ર તાપથી) સર્વ જીવનાં શરીરને અતિશય અકળામણ થાય.**

### ભાવાર્થ

નિજ કૈવલકર્તાએ ઉત્પન્ન કરેલા સૂર્યના પ્રબળ તાપથી શિયાળાની અતિશય ઠંડીનો નાશ થાય, જેથી જીવનું ઠંડીની સામે થોડું-ઘણું રક્ષણ મળે, પરંતુ ઉનાળાના સમયમાં તો જેમ જેમ ગરમીનું પ્રમાણ વધતું જાય તેમ તેમ અતિ ઉગ્ર તાપમાનના કારણે જગતના તમામ જીવના શરીર ખૂબ જ અકળામણનો અનુભવ કરવા લાગે.

**કૃપાવંત તબ અગમ વિલોકીત, કીનેહુ પવન પસારા;**
**જીવ સકલ તન અચર ચરનકે, શાન્તિ કરનકુ સારા. ૫**

### શબ્દાર્થ

**કૃપાવંત** = કૃપાળુ **તબ** = ત્યારે, તેથી, એવું **અગમ** = અગાઉથી, દૂરંદેશીપણાથી, દીર્ઘ દૃષ્ટિથી **વિલોકિત** = જોઈને, વિચારીને, પરિસ્થિતિનો ખ્યાલ રાખીને **કીનેહુ** = કર્યો **પવન પસાર** = પવનનો પ્રસારો **જીવ સકલ** = સર્વ જીવના **તન** = શરીર **અચર** = સ્થાવર જાતિ **ચરનકે** = અસ્થિર જાતિ **શાન્તિ કરનકુ** = શાંત કરવાના હેતુથી, શાંતિ થાય તે માટે **સારા** = બધા જ, તમામ, દરેકને.

### અનુવાદ

**તેથી સ્થાવર અને જંગમ જાતિના દરેક જીવના શરીરને શાંત કરવા માટે કૃપાળુએ અગાઉથી વિચાર કરીને જ પવનનો પ્રસારો કર્યો છે.**

### ભાવાર્થ

જગતના સર્જનહાર ખૂબ જ અગમ્ય દૃષ્ટિવાળા અર્થાત્ દૂરંદેશી વિચારસરણી ધરાવનારા છે, જેથી સૂર્યની પ્રચંડ ગરમીથી સ્થાવર જાતિ અને જંગમ જાતિ એમ સર્વ જીવના શરીરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને સુખ-શાંતિ મળે તે હેતુથી

પરમ દયાળુએ પવનનો પ્રસારો કર્યો છે.

**પુનિ ખટરસ રસકે રસ લેવન, દેવન દીન દયાળુ;**
**ખાનપાન અમૃત રત ભોજન, પુરીત તાત પ્રતિપાલુ. ૬**

### શબ્દાર્થ

**પુનિ** = વળી, ફરીથી, પછીથી **ખટરસ** = જીભથી માલૂમ પડતા છ પ્રકારના સ્વાદ, ખાટો, ખારો, ગળ્યો, તીખો, કડવો અને તુરો **રસકે** = પ્રવાહીનો, દ્રવ્યનો **રસ** = આનંદ, મઝા, સ્વાદ **લેવન** = લેવા માટે, માણવા માટે **દેવન** = આપ્યાં છે, દીધાં છે **દીન દયાળુ** = ગરીબોના બેલી, કૃપાળુ **ખાનપાન** = ખાવા-પીવા માટે **અમૃત** = અમર કરે છે એવું માનવામાં આવતો એક દૈવી રસ, અમી સુધા, પ્રીતિકર, સ્વાદિષ્ટ **રત** = ઋતુ અનુસાર **ભોજન** = ખોરાક, ખાદ્ય પદાર્થ, વાનગી **પુરીત** = પૂરાં પાડે છે **તાત** = પિતા, માલિક **પ્રતિપાલુ** = હમેશાને માટે પ્રત્યેકનું પાલન પોષણ અને રક્ષણ કરનાર.

### અનુવાદ

**વળી તે દીન-દયાલુએ રસાસ્વાદ લેવા માટે છ પ્રકારના રસ આપ્યાં છે અને ખાનપાન માટે ઋતુ અનુસાર અમૃતમય ભોજન પાલનહાર પિતાએ પૂરાં પાડ્યાં છે.**

### ભાવાર્થ

પરમકૃપાળુએ જીવને રસાસ્વાદનો આનંદ માણવા માટે જુદી-જુદી ઋતુઓમાં ઋતુઓ અનુસાર વિધ-વિધ પ્રકારના ફળો અને પાકની ઉત્પત્તિની વ્યવસ્થા કરી છે. જેથી અમૃતમય રસથી ભરપૂર ભોજન બનાવી શકાય અને જીવ જીભ દ્વારા માલુમ પડતા છ પ્રકારના ખાટો, ખારો, ગળ્યો, તીખો, કડવો અને તૂરો સ્વાદ માણી શકે. આ તમામ વ્યવસ્થા પાલનહાર પરમપિતાએ જ પૂરી પાડેલ છે.

**ઓરુ ખટ રત ગત કીયે ક્રતારન, લાગત સકલ સકામુ;**
**ઊલટ પૂલટ સુખ નવીન નવીનકે, જીવકુ કરન વિરામુ. ૭**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **ખટરત** = છ ઋતુઓઃ વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર **ગત** = ગતિમાન **કીયે** = કરી, બનાવી **કતારન** = સર્જનહારે **લાગત** = લાગી શકે **સકલ** = સર્વ, સઘળા, તમામ **સકામુ** = સારાં કાર્યમાં આવી શકે, ઉપયોગી બની શકે **ઊલટ પૂલટ** = અવળા-સવળી, ઊલટ-સૂલટ, ફરથી **સુખ** = આનંદ, મોજ **નવીન નવીનકે** = નવા નવા પ્રકારનાં, વિવિધ, તરેહ તરેહનાં, અનેક પ્રકારનાં, **જીવકુ** = જીવને **કરન** = કરવા માટે **વિરામુ** = આરામ, વિશ્રામ, આનંદ, શાંતિ.

## અનુવાદ

**સર્વના મનોરથ પૂર્ણ કરવાને માટે સર્જનહારે છ ઋતુઓ ગતિમાન કરી છે, જેથી જીવ વારા-ફરતી નવીન નવીન પ્રકારનું સુખ ભોગવીને આનંદ માણી શકે.**

## ભાવાર્થ

સર્જનહારે અલગ-અલગ પ્રકારના જીવની અલગ-અલગ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સર્વ જીવ પોત પોતાની ઈચ્છા-મનોરથ પૂર્ણ કરી શકે તેમજ સમગ્ર જીવને ઉપયોગી બની શકે તે કારણોસર બાર માસ દરમિયાન છ પ્રકારની વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર ઋતુઓનું નિર્માણ કરીને ગતિવંત કરેલી છે. જીવ ઉનાળાની સીઝનમાં જે જરૂરિયાતો ભોગવે તેનાથી ઊલટી શિયાળામાં ભોગવે અને ચોમાસાની ઋતુમાં તેનાથી જુદી જ પ્રકારની જરૂરિયાતો ભોગવે. આમ જીવ ઊલટા-સૂલટી, નવીન-નવીન પ્રકારના ભોગ-વૈભવો અને સુખોનો આનંદ માણી શકે.

**ઓર મોજ મેં કેતિક બરનું, મનુષ જાત ઘર ઘરકી;**
**ગજવાહન હય સુખપાલન સુખ, એક એકતે સર સરકી. ૮**

### શબ્દાર્થ

**ઓર** = બીજા, અનેક **મોજ** = સુખાકારી, આનંદ, ખુશી **મેં** = હું **કેતિક** = કેટલીક **બરનું** = વર્ણન કરું, દર્શાવું **મનુષ** = માનવ **જાત** = જાતિ **ઘર ઘરકી** = મોભા મુજબ, દરેકના ઘરની **ગજ** = હાથી

**વાહન** = આવવા જવા માટે વપરાતું સાધન, સવારી **હય** = ઘોડો **સુખપાલન** = સુખદાયક પાલખી **સુખ** = આનંદ, મોજ, મઝા, આરામ, સંતોષ, તૃપ્તિ, નિરાંતની લાગણી **એક એકતે** = એક એકથી, એક બીજાથી **સર સરકી** = ચઢિયાતું, અધિકતાઈ.

## અનુવાદ

**મનુષ્યજાતિમાં અલગ-અલગ મોભો ધરાવનારાઓની મોજનું હું કેટલુંક વર્ણન કરું ? એક એકથી ચઢિયાતાં સુખ સાહ્યબી માટેની હાથી-ઘોડા અને સુખપાલની સવારી છે.**

## ભાવાર્થ

વિશ્વમાં સર્જનહારે બનાવેલ સાહ્યબીનો ઉપયોગ મહત્તમ રીતે માનવી જ કરતો હોય છે. પરમ કૃપાળુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે મનુષ્યજાતિને માટે જુદા-જુદા પ્રકારની બીજી અનેક મોજો છે. તે દરેકનું કેટલું વર્ણન કરે? કારણકે મનુષ્યદેહના બંધારણમાં રહેલા તત્ત્વો, સંપત્તિ, કુળ, જાતિ અને સમાજમાં પ્રાપ્ત કરેલ મોભાના આધારે પોતપોતાની આગવી રીતે સર્જનહારની અર્પેલી વિભૂતિઓનો ઉપયોગ કરે છે. તેમજ પોતાના અંગત જીવનમાં અધિકમાં અધિક એકથી એક ચઢિયાતી સુખ સાહ્યબી ભોગવે છે. જેમાં હાથી, ઘોડા અને સુખપાલ વગેરે અનેક પ્રકારની સવારીનો ઉપયોગ કરે છે.

**જેહી જીનકે સુક્રિત સરભરહી, દેત પિતુ પ્રભુતાઈ;**
**ઓર સકલ સમદ્દષ્ટ ચરાચર, કોઉસે નહીં કટુકાઈ. ૯**

### શબ્દાર્થ

**જેહી** = જેવાં **જીનકે** = જેનાં, જેમનાં **સુક્રિત** = સત્ કર્મો, પુણ્ય **સરભરહી** = તેના પ્રમાણે, સરખે સરખું, સમઘાત **દેત** = આપે, અર્પે **પિતુ** = માલિક, પિતા, સર્જનહાર **પ્રભુતાઈ** = સમૃદ્ધિ, ઐશ્વર્યતા, માલિકી, વૈભવ **ઓર** = બીજા, અને **સકલ** = સર્વ, સઘળા **સમદ્દષ્ટ** = સમાન દૃષ્ટિ **ચરાચર** = સ્થાવર અને જંગમ ઘાટ પ્રત્યે **કોઉસે** = કોઈનાથી, કોઈના ઉપર **નહીં** = નથી રાખતા **કટુકાઈ** = વેરભાવ, વેરઝેર, કુદૃષ્ટિ, ભેદભાવ.

## અનુવાદ

**જેનાં જેવાં સુક્રિત હોય તે જ પ્રમાણે સર્જનહાર સમૃદ્ધિ આપે છે તથા સ્થાવર અને જંગમ જાતિના તમામ પ્રત્યે સમદૃષ્ટિ રાખે છે, પરંતુ કોઈના ઉપર ભેદભાવ રાખતા નથી.**

## ભાવાર્થ

સર્જનહારનો નિયમ દયા ઉપર નહીં, પરંતુ ન્યાય ઉપર આધારિત છે. વિશ્વમાં રહેલા તમામ ઘાટ જેવાં જેનાં કર્મો તેવાં તેનાં ફળ પ્રાપ્ત કરતા હોય છે અને તે નિયમ મુજબ નિયમન થતું હોય છે.

સર્જનહાર પોતાની રચેલી સૃષ્ટિમાં પછી તે સ્થાવર જાતિના જીવ હોય કે જંગમ જાતિના જીવ હોય, દરેકના ઉપર સમાન દૃષ્ટિ જ રાખતા હોય છે. ભલે પછી કોઈ પાપી હોય કે પુણ્યશાળી હોય, ભક્ત હોય કે નૂગરો હોય, ગરીબ હોય કે શ્રીમંત હોય, મોટો હોય કે નાનો હોય, છતાં કોઈના ઉપર કદી પણ કુદૃષ્ટિ અર્થાત્ ભેદભાવવાળી વૃત્તિ કે વેરભાવ રાખતા નથી. દરેક જીવ પોતપોતાના સુક્રિત કર્મો મુજબ જ સર્જહારની વિભૂતિનો ઉપભોગ અને સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરતા હોય છે. આમ સર્જનહાર તરફથી કોઈના ઉપર વેરઝેર રાખવામાં આવતો નથી.

**એસે પરમ દયાલ નિહાલન, અખિલ અંશ રજ તજકે;**
**લેત સંભાલ સકલ તન તનકી, અપને કરત ઉપજકે. ૧૦**

### શબ્દાર્થ

**એસે** = એવા **પરમ દયાલ** = મહાન દયાળુ **નિહાલન** = નિહાળી રહ્યા છે, જોઈ રહ્યા છે **અખિલ** = બધા જ, વિશ્વના તમામ **અંશ** = સર્જનહારના સજાણજાણ સ્વરૂપ **રજ તજકે** = બધી જ બાબતની, સઘળી, નાનામાં નાનાથી માંડી પ્રત્યેક કર્મોની **લેત** = લે છે **સંભાલ** =કાળજી, દેખરેખ **સકલ** = સઘળા, પ્રત્યેક, બધાં જ **તન તનકી** = પ્રત્યેક ઘાટની, શરીરની **અપને** = પોતાના **કરત** = કરેલા, ઉપજાવેલાં, ઉત્પન્ન કરેલ **ઉપજકે** = રચનાની.

## અનુવાદ

**એવા મહાન દયાળુ રજતજની આદ્ય લઈને અખિલ સૃષ્ટિના જીવને નિહાળી રહ્યા છે. તેમજ પોતે ઉત્પન્ન કરેલા પ્રત્યેક ઘાટની સંભાળ લે છે.**

## ભાવાર્થ

દરેક જીવની અંદર રહેલ ગુણ-ઘણરૂપ અવિગત ચિંતક પારસની એકતા અંશની બાજવૃત્તિ સાથે છે. જ્યારે અંશની વૃત્તિઓની એકતા સચરાચર વ્યાપક બ્રહ્મ સાથે જોડાયેલી છે.

તેવી જ રીતે સર્જનહારની અલૌકિક બાજવૃત્તિનાં દિવ્યચક્ષુની એકતા પણ પોતાની પ્રકાશ બ્રહ્મવૃત્તિની સાથે જોડાયેલી રહેલી છે. જેને કારણે સર્વ જીવનાં કર્મ-વિકર્મને સકર્તાપતિ સર્જનહાર તાદશ્ય જુએ છે. આ ન્યાયે અનંત બ્રહ્માંડના સર્વ અંશોની ક્રિયાઓ સર્જનહારથી અજાણી નથી.

આ રીતે પરમ દયાળુ સર્વ અંશોની ક્રિયાઓ નિહાળીને સર્વની સંભાળ રાખે છે અને ભરણ-પોષણ કરે છે તથા કરેલાં કર્મોનું ફળ પણ આપે છે.

સકર્તાપતિ પોતે પાલન-પોષણ, ઉત્પત્તિ અને પ્રલય કરી શકે તેટલા જ જીવ ઉપજાવ્યા છે. આ બધા ઘાટ તેમણે પોતે ઉત્પન્ન કરેલા છે. તેથી રજતજ તથા અણુની આદ્ય લઈ સર્વ કીટ-પતંગ, માનવ અને મોટા દેવતાઓ સહિત દરેકની દેખરેખ રાખે છે.

**યા વિધ નિજકી નિઘા નિરંતર, અંતર રહિત સપેખી;**
**છપી રહત નહીં આદ્ય અંત મધ્ય, જીનતે કછુ અપેખી. ૧૧**

### શબ્દાર્થ

**યા વિધ** = આ રીતે, આ પ્રમાણે **નિજકી** = સર્જનહાર પોતાની **નિઘા** = નજર, દષ્ટિ **નિરંતર** = સતત, હર હંમેશ, અતૂટ **અંતર રહિત** = દૂર હોવા છતાં પણ ખૂબ જ નજીક અને બારીકાઈથી **સપેખી** = જુએ છે, સારી રીતે નિહાળે છે, જાણે છે **છપી રહત નહીં** = છૂપું, અજાણ રહેવા પામતું નથી **આદ્ય** = આદિ **અંત** = છેવટ **મધ્ય** = વર્તમાન, મધ્ય **જીનતે** = જેનાથી, જેમનાથી **કછુ** = કાંઈ પણ **અપેખી** = અજાણ્યું.

## અનુવાદ

**આ પ્રમાણે સર્જનહાર પોતાની નજર નિરંતર, અંતર રહિત રાખીને જુએ છે. જેથી તેમનાથી આદ્ય, અંત અને મધ્યમાં કાંઈ પણ છૂપું તેમજ અજાણ્યું રહેતું નથી.**

## ભાવાર્થ

આ પ્રમાણે સકર્તા સર્જનહાર અલૌકિક દિવ્યદૃષ્ટિથી પોતાના કૈવલધામમાં હોવા છતાં તેઓ બારીકાઈથી અંશ દ્વારા થયેલ મન, વચન અને કર્મ દ્વારા પ્રત્યેક ક્ષણે થતી સઘળા કર્મોની ગતિને જાણે છે. જેથી કર્તાથી આદ્ય, અંત અને મધ્ય એમ ત્રણે કાળમાં કાંઈ પણ છૂપું રહી શકે તેમ નથી. તેમજ તેમનાથી સર્વ અંશોની પ્રવૃત્તિઓ ભલે પછી તે સુકૃતનાં ફળ દેનારી હોય કે દુષ્કૃતના દંડ દેનારી હોય, પરંતુ તે સર્વ અજાણી રહેવા પામતી નથી.

**તેહી પતકે નિજ પરમ પસારન, કારન અંશ સમેતુ;**
**અપને કીયે સકલ કુલ આલમ, જાનીત રખત સહેતુ. ૧૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **પતકે** = પતિના, માલિકના **નિજ** = પોતાના **પરમ** = શ્રેષ્ઠ, ઉત્કૃષ્ઠ **પસારન** = પ્રસારાના, રચનાના **કારણ** = કારણરૂપે **અંશ** = સર્જનહારના સજાતીય સજાણજાણ રૂપ અંશો **સમેતુ** = સહિત **અપને** = પોતાના **કીયે** =કરેલુ, નિપજાવેલું, બનાવેલું **સકલ** = સઘળું, બધું જ, સર્વ, સમસ્ત **કુલ** = વંશ, સજાતિ **આલમ** = જગત, દુનિયા, સૃષ્ટિ, મહાવિરાટ **જાનીત** = જાણીને, માનીને **રખત** = રાખે છે **સહેતુ** = શુદ્ધ પ્રેમ, સ્નેહ, વહાલ, પ્રીતિ, પ્યાર.

## અનુવાદ

**તે પતિના પોતાના વંશના પ્રત્યેક અંશો અને મહાવિરાટ સહિત તમામ રચના પોતે જ બનાવેલ છે. આ સૌના કારણરૂપે પોતે છે એમ જાણી તેઓ શુદ્ધ પ્રેમ રાખે છે.**

## ભાવાર્થ

સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પથી કોઈની પણ મદદ લીધા સિવાય સઘળી રચના રચેલી છે. તેમાં મહાન વૈરાટ સહિત પોતાના વંશના સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ ત્રણ પ્રકારના સજાણજાણ રૂપ ચૈતનઅંશો ઉત્પન્ન કર્યા છે. માટે જ સમસ્ત રચનાના તેઓ કારણરૂપ છે.

આ પ્રમાણે બધી જ નાશવંત રચનાનો તેમણે પોતે જ પોતાના પ્રકાશરૂપ બ્રહ્મભૂમિકામાં પ્રસારો કરેલો છે અને તેથી જ તેઓ સૃષ્ટિના પ્રત્યેક જીવ ઉપર શુદ્ધ પ્રેમ રાખે છે.

**એહી પરકારનકે જીનું અંતર, પ્રિયે ભવ પરમ પરાઈ;**
**જદપી ન હોય નિજ પ્રિયે પતિનકુ, તદપી ન રચે રચાઈ. ૧૩**

### શબ્દાર્થ

**એહી** = આ, એ **પરકારનકે** = પ્રમાણે **જીનું** = જેમના, તેમના **અંતર** = હૃદયમાં, અંદરમાં **પ્રિયે** = વહાલ, પ્રેમ, સ્નેહ **ભવ** = દુનિયા **પરમ** = શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ, મહાન **પરાઈ** = પહેલેથી **જદપી** = જોકે, જો કદાચ, જો **ન હોય** = હોય નહીં **નિજ** =પોતાને **પ્રિયે** = પ્રિય, વ્હાલ **પતિનકુ** = માલિકને, પિતાને, સ્વામીને **તદપી** = તો, તેથી **ન રચે** = રચના કરે નહીં **રચાઈ** = રચનાની, દુનિયાની.

### અનુવાદ

**આ પ્રમાણે તેમનામાં પ્રથમથી જ પોતાની ઉત્પત્તિ પ્રત્યે પ્રેમ છે. જો નિજ કર્તાને પ્રેમ ન હોય તો રચના રચી જ ન હોત.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની આંતરવૃત્તિથી સંકલ્પ કરીને છ વૃત્તિઓ દ્વારા સમગ્ર બ્રહ્માંડ અને અનંત ઘાટ તેમજ ત્રણ પ્રકારના ચૈતન અંશો ઉત્પન કરેલા છે. પોતાના અંશો પ્રત્યે પહેલેથી જ પ્રેમ દાખવીને તેમની મોજ માટે રંગબેરંગી વિભૂતિવાળી વિશ્વની રચના રચી છે.

જો તે નિજ કર્તાને સૃષ્ટિના જીવ પ્રત્યે સ્નેહ-પ્રેમ ન હોત તો આયોજનપૂર્વક વિવિધતાસભર શ્રેષ્ઠ સૃષ્ટિની રચના કરી જ ન હોત.

# અંગ ૨
# ખલ પરિહારન દેખાવનકો

**જ્યૌ કરખીકે ખેતનમેં ખડ, ઉપજત નાજ વિરોધુ;**
**ત્યૌ કરતા કરખી ખેતન ભવ, નિપજત ખલ પરમોધુ. ૧**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેવી રીતે, જેમ **કરખીકે** = ખેડૂતના **ખેતનમેં** = ખેતરમાં **ખડ** = ખેતરમાં ઊગતું નકામું બિન જરૂરી ઘાસ, નિંદામણ **ઉપજત** = ઉત્પન્ન થાય, પેદા થાય, ઊગે **નાજ** = અનાજ **વિરોધુ** = વિરોધક, અવરોધ કરવાવાળું, અવરોધક **ત્યૌ** =તેવી રીતે, તેમ **કરતા** = સર્જનહાર **કરખી** = ખેડૂત રૂપે **ખેતન ભવ** = ભવરૂપ ખેતર, બ્રહ્મભૂમિકામાં રચેલ રચના **નિપજત** =ઊગી નીકળે, ઉત્પન્ન થાય, પેદા થાય, **ખલ** = શઠ, ધૂર્ત **પરમોધુ** = અવળો બોધ દેનારા, અવળે માર્ગે દોરનારા.

### અનુવાદ

**જેવી રીતે ખેડૂતના ખેતરમાં અનાજને અવરોધક ઘાસ ઊગી નીકળે છે તેમ ખેડૂત રૂપ સર્જનહારના ખેતર રૂપ બ્રહ્માંડમાં ખડ રૂપ અવળે માર્ગે દોરનારા ખલ જીવ ઉત્પન્ન થાય છે.**

### ભાવાર્થ

ખેડૂત પોતાના ખેતરમાં અનાજના કણ વાવીને ખેતી કરે છે. વધુમાં વધુ અનાજનો પાક થાય તે માટે જરૂરિયાત પ્રમાણે ખાતર અને પાણીનું સિંચન કરે છે. તેમ છતાં ખેતરમાં અનાજને અવરોધક બને તેવું બીજું કેટલુંક નકામું ઘાસ આપોઆપ ઊગી નીકળે છે અને તે બિનજરૂરી ઘાસ વધુ શક્તિશાળી હોવાથી ખાતર અને પાણીનું શોષણ કરીને અનાજના પાકને નુકસાન કરે છે.

તેવી જ રીતે ખેડૂત રૂપ સર્જનહારે પોતે પોતાના બ્રહ્મભૂમિકા રૂપ ખેતરમાં દેવી-દેવતાઓ અને સ્થાવર-જંગમના ૮૪ લાખ પ્રકારના ઘાટનું નિર્માણ કરેલું છે. તે મુજબ માનવઘાટમાં અનાજ વિરોધી ઘાસ જેવા ખલ જીવ પણ પેદા થયા વગર

રહેતા નથી. જે ખલ જીવ સૃષ્ટિનો ક્રમ, સજ્જનોની સજ્જનતા, પુણ્યશાળી જીવનાં પુણ્ય, તપસ્વીઓનાં તપ અને સતકર્મીઓનાં સત્ બગાડે છે.

આવા ખલ જીવ સંસારમાં અન્ય ભોળા અને અજ્ઞાની જીવને ખોટો ઉપદેશ આપીને અવળે માર્ગે દોરે છે તથા સાચા સર્જનહારથી વિમુખ રાખીને આત્મકલ્યાણના માર્ગે આડખીલી રૂપ બને છે.

**તેહી જીવનકુ ઊલટ પઊલટ કર, લેત સકલ ઉરજાઈ;**
**દેઈ પરમોધ પતાવત પ્રભુપદ, કરન આપ જીવકાઈ. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તે, તેઓ **જીવનકુ** = જીવને **ઊલટ પઊલટ કર** = આડું-અવળું સમજાવીને **લેત** = લે છે **સકલ** = બધાને **ઉરજાઈ** = દિલ જીતી લેવું, મનમાં ઉતારવું, વશ કરવું **દેઈ** = આપીને **પરમોધ** = ઉપદેશ આપીને, સમજાવીને **પતાવત** = પતાવી દે છે, દર્શાવીને કામ કરાવી લે છે **પ્રભુપદ** = સર્જનહારનું પદ **કરન** = કરવા, ચલાવવા **આપ** = પોતાની **જીવકાઈ** = આજીવિકા, જીવન જીવવા માટેની આવક.

### અનુવાદ

**તેઓ જીવને આડું-અવળું સમજાવે છે અને બધાનાં દિલને જીતી લે છે. પોતાના ઉપદેશથી પ્રભુ પદ બતાવી પોતાની આજીવિકાનું કામ કરે છે.**

### ભાવાર્થ

આવા ખલ જીવ સંસારના ધર્મમાર્ગમાં પોતાનું કલ્યાણ કરવા ઈચ્છા રાખતા ભોળા અને અજ્ઞાની ભક્તોને આડું-અવળું સમજાવીને પોતાની અટપટી વાણી દ્વારા વશ કરી દે છે. તેઓ કહે તે જ સત્ય છે તેવું અજ્ઞાની જીવના મનમાં ઠસાવે છે. તેઓએ બતાવેલા માર્ગે ગમન કરવાથી અને દર્શાવેલ કર્મકાંડ તથા દાન તેમજ પૂજા-વિધિ કરવાથી પ્રભુપદ પ્રાપ્ત થાય છે તે મુજબનો ઉપદેશ આપે છે. આ પ્રમાણેની પ્રવૃત્તિને ધંધાદારી રીતે વિકસાવી પોતાની આજીવિકા ચલાવવા માટે ભક્તોના ધનનું હરણ કરે છે.

**પણ નિજ કર્તા લહત ન લંપટ, ધુરતપણે જગ ધુતે;**
**અંધે જીવનકુ નહીં સુજત, ઠગત વેશ કરતુતે. ૩**

### શબ્દાર્થ

**પણ** =પણ, પરંતુ **નિજ કર્તા** = મૂળ સર્જનહાર **લહત** = જાણે, ઓળખે, પીછાણે **ન** = નહીં **લંપટ** = વિષયી, વ્યભિચારી **ધુરતપણે** = ઠગાઈ દ્વારા, ઠગાઈ પણાથી **જગ** = જગતને, વિશ્વને **ધુતે** = ઠગે છે, **અંધે** = જ્ઞાનથી આંધળા **જીવનકુ** = જીવને **નહીં** = નહીં **સુજત** = સૂઝતું, સમજાતું, દેખાતું **ઠગત** = ઠગે છે **વેશ** = સ્વાંગ સજીને, બાહ્ય ચિન્હો પરિધાન કરીને, **કરતુતે** = બનાવટથી, છેતરીને, કાવતરું, પ્રપંચ, યુક્તિ કરીને.

### અનુવાદ

**તેવા લંપટ જીવ સાચા સર્જનહારને જાણતા નથી, છતાં ઠગવિદ્યા કરીને જગતને ઠગે છે. બનાવટી વેશ ધારણ કરેલા ઠગોના કરતૂતોની જગતના અંધ જીવને સૂઝ પડતી નથી.**

### ભાવાર્થ

જગતમાં સામાન્ય માનવી કર્તાની દીધેલી વિભૂતિઓને યોગ્ય સ્વરૂપે માણીને તેમના પ્રત્યે અહોભાવ ધારણ કરતા હોય છે. તેઓ મહામોંઘો મનુષ્યદેહ મળ્યા પછી આત્મકલ્યાણ કરવાની મહેચ્છા રાખીને ધર્મમાર્ગમાં ભોળાભાવે સમર્પિત થઈને રહે છે, પરંતુ જગતકર્તાના જ્ઞાનથી અજાણ અને અણસમજુ હોવાથી લંપટ લોકોના કાવતરામાં છેતરાઈ જતા હોય છે. આમ ઉપદેશકને વશ થઈ ઠગાતા રહે છે. સંસારના વિષયોમાં રચ્યા-પચ્યા રહેલા વ્યભિચારી, લંપટ પુરુષો બનાવટી વેશ ધારણ કરી ભગવાં વસ્ત્રોનો આશરો લઈ લજ્જાહીન બનીને કુકર્મો આચર્યા કરે છે. પોતે તો સાચા સર્જનહારના જ્ઞાનને જાણતા નથી છતાં પોતે ખૂબ જ જ્ઞાની છે તેમ ઠસાવી ભોળા અનુયાયી વર્ગને ઠગે છે.

તેમ છતાં મોક્ષ મેળવવાના લાભાર્થે સાચા સમજ સિવાયના આંધળા અનુયાયીઓને આ બનાવટની સૂઝ પડતી ન હોવાથી ઠગાતા રહે છે.

**એક લંપટ એક ત્યાગહી કલપીત, જલપીત ઉભયે અખારા;**
**એહી ભવસાગર અંધ પરમકુ, ઠગ ઠગ ખાય ઠગારા. ૪**

### શબ્દાર્થ

**એક** = એક **લંપટ** = વિષયમાં લપટાઈ ગયેલ કામી, વ્યભિચારી **એક** = એક **ત્યાગહી** = ત્યાગી, **કલપીત** = કાલ્પનિક, ઉપજાવી કાઢેલ, બનાવટી, ઊભા કરેલ **જલપીત** = જમાવ્યા, ઊભા કર્યા **ઉભયે** = બંનેએ **અખારા** = અખાડા, બાવા રહેતા હોય તે જગ્યા, સાધુઓની સાંપ્રદાયિક મંડળી, જમાત, સાધુના મઠ **એહી** = તે રીતે, આ **ભવસાગર** = સંસાર રૂપી સાગર, વિશ્વ, જગત **અંધ** =આંધળા, અજ્ઞાની **પરમકુ** = પહેલેથી જ, અત્યંત, અંતર્ગત **ઠગ ઠગ ખાય** = ઠગી ખાય **ઠગારા** = ઠગ લોકો, ધુતારાઓ, ઠગિયાઓ.

## અનુવાદ

**એક વિષયી અને એક કાલ્પનિક ત્યાગી, આ બંનેએ જગતમાં અખાડા ઊભા કર્યા છે. તે રીતે ઠગારાઓ સંસાર સાગરમાં અત્યંત અજ્ઞાની જીવને ઠગી ખાય છે.**

## ભાવાર્થ

વિશ્વમાં અર્થાર્થી, વિષયી, જિજ્ઞાસુ અને મુમુક્ષુ એમ ચાર પ્રકારની વૃત્તિ ધરાવતા માનવો હોય છે. જેમાં વકરી ગયેલા વિષયી અને અર્થાર્થી માનવો પોતાની વૃત્તિઓને સંતોષવા માટે ઘણાં પ્રકારનાં દુરાચારનો આશરો લેતા હોય છે.

જીજ્ઞાસુ અને મુમુક્ષુઓનો ઉદ્દેશ માનવદેહની મહત્તાને સમજી પ્રભુ ભક્તિના માર્ગે ગમન કરીને આત્મકલ્યાણનો હોય છે, જેથી આવા જીવ અગાઉથી ચાલી આવેલી પ્રણાલિકા અને પરંપરાઓના પ્રભાવમાં ખેંચાઈને ધર્માચરણ કરે છે. તેમની અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાનો લાભ લઈ ધર્મમાર્ગમાં વ્યભિચારી ઠગ પુરુષો ત્યાગીના ઢોંગ રચી પોતાના સમોવડિયા વિચારધારીઓનો (સમાન વિચારધારકોનો) કાફલો ભેગો કરીને મોટા-મોટા અખાડાઓની રચના કરી ઠગવાનું જ કામ કરે છે.

**ઓર ઠગનકી કુન ગનત હે, અસન વસન જેહી ધનકે;**
**એહી સબ અનિત પદારથકે કત, ભુગતમાન લગ તનકે. ૫**

### શબ્દાર્થ

**ઓર** = બીજા, અને, વળી **ઠગનકી** = ઠગોની, ઠગવાની **કુન** = કોણ **ગનત હે** = ગણતરી કરે છે, ધ્યાનમાં લે છે **અસન** = અન્ન, ભોજન **વસન** = વસ્ત્રો **જેહી** = જેમ **ધનકે** = ધનની **એહી** = એ

**સબ** = બધા **અનિત** = નાશવંત **પદારથકે** = પદાર્થોના **કત** = કર્મ, કાર્ય, સુખ **ભુગતમાન** = ભોગવે છે **લગ** = જ્યાં સુધી **તનકે** = શરીર અંગે, શરીરથી.

## અનુવાદ

**વળી અન્ન, વસ્ત્ર અને ધન ઠગી લે તેની તો ગણતરી કોણ કરે ? તે નાશવંત પદાર્થોના સુખો જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી જ તેઓ ભોગવી શકશે.**

## ભાવાર્થ

સંસારમાં ધર્મના બહાના હેઠળ ગણાતી પદવીઓમાં ધર્માચાર્ય, મહારાજ, ગુરુ, સંત, મહંત, મહામંડલેશ્વર, શંકરાચાર્ય, જ્ઞાની, ધ્યાની, બાવા, ચોબા, ફકીર, સાધુ, મુખિયાજી, અવધૂત, સિદ્ધ, બાવા, ભૂવા, યોગી, તાંત્રિક, બ્રહ્મજ્ઞાની, બ્રહ્મવેતા, દેવર્શી, પરબ્રહ્મ, બ્રહ્મર્ષિ વગેરે જોવા મળે છે.

તે પૈકીના બનાવટી અને ડોળ કરનાર તેમજ ઢોંગી લોકોની ઠગવાની ઠગવિદ્યા અલગ-અલગ પ્રકારની હોય છે. તેઓ વિધ વિધ પ્રકારની તરકીબો અજમાવતા હોય છે. પોતાના પ્રપંચી બાહ્ય આડંબરો, ચમત્કારી પરચાઓ અને શક્તિ પ્રદર્શન કરી ભોળા તેમજ જ્ઞાનથી અંધ માનવોને અંજાવી દઈ તેમના તન, મન, ધન, અન્ન, વસ્ત્ર સહિત નાશવંત પદાર્થોની ખુલ્લે આમ લૂંટ ચલાવે છે. આ પ્રમાણે ભક્તો પાસેથી મેળવેલી ધન સંપત્તિને પોતાના મઠ-મંદિરમાં ભરી રાખે છે. જેની કોઈ ગણતરી થઈ શકે તેમ નથી.

આવા અનીતિભર્યા કર્મોથી પ્રાપ્ત કરેલ તમામ નાશવંત પદાર્થો જ્યાં સુધી આ પંચભૌતિક શરીર રહેશે ત્યાં સુધી જ તેઓ ભોગવી શકે છે, પરંતુ તેવા કર્મોનાં ફળ તેમણે અન્ય દેહમાં જઈને પણ અચૂક ભોગવવા પડશે, તે તેઓ ભુલી જતા હોય છે.

**સોતો ભવીત અન્યોઅન્ય ઘાતક, ચાલત જુગ પરભાઈ;**
**તેહી અવગુણકી ગનત ન કરતા, પરભારે પતિ જાઈ. ૬**

### શબ્દાર્થ

**સોતો** = તે તો, તેઓ તો **ભવીત** = ભોગવે, ભવિષ્યમાં **અન્યોઅન્ય** = પરસ્પર **ઘાતક** = દુશ્મન, શત્રુ,

મારનાર, નાશ કરનાર, પાપી, ભયંકર **ચાલત** = ચાલે છે **જાુગ** = જગતનો **પરભાઈ** = બારોબાર, પરબારું **તેહી** = તે **અવગુણકી** = અવગુણોની **ગનત ન** = ગણતરી કરતા નથી **કરતા** = સર્જનહાર, વિશ્વનિયંતા, **પરભારે** = બારોબાર, એમને એમ, પરબારું, પાધરું, સીધેસીધું **પતિ જાઈ** = પતી જાય છે, પૂર્ણ થઈ જાય છે, હિસાબ-કિતાબ પૂરો થાય છે.

## અનુવાદ

**તે તો ભવિષ્યમાં અન્યોઅન્યને ઘાતક બનીને જગતનો પરબારો વ્યવહાર ચાલે છે. આવા અવગુણોને વિશ્વનિયંતા ગણતરીમાં લેતા નથી, પરંતુ તેનો હિસાબ બારોબાર પતી જાય છે.**

## ભાવાર્થ

સર્જનહારના સિદ્ધાંત મુજબ દુનિયામાં સર્વ જીવ કર્મ કરવા માટે સ્વતંત્ર છે, પરંતુ તેના ફળ ભોગવવા માટે પરતંત્ર છે. એટલે કે સર્જનહાર કોઈને પણ કર્મ કરતાં અટકાવતા નથી, પરંતુ તે કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે તેવી વ્યવસ્થા કરેલી છે.

શાસ્ત્રોમાં પણ તે બાબતનો ઉલ્લેખ કરેલો છે કે દાન યોગ્ય પાત્રને જ આપવું, કુપાત્રને કરવામાં આવેલું દાન ગુનાને પાત્ર બને છે.

આ રીતે અજ્ઞાની જીવ અને તેમને ઠગનારા ઠગો બંને પરસ્પર એકબીજાના ઘાતક બને છે અને કર્મના બંધનમાં બંધાય છે, પરંતુ ભૌતિક પદાર્થોની લૂંટ જેવા અવગુણો તો વિશ્વનિયંતા સર્જનહાર પોતે ધ્યાનમાં યાને ગણતરીમાં લેતા નથી. કારણ કે, આવા સામાન્ય ગુનાઓ તો કર્તાના ન્યાય મુજબ દેહ દ્વારા ભોગવીને બારોબાર જ પતી જાય છે. એટલે કે, આવા ગુનાઓનો હિસાબ-કિતાબ દેહ દ્વારા ભોગવીને પૂરો થાય છે.

**પણ ધુતા જીવનકે જેહી જન, તા પર પતિ ખૂન સાઈ;**
**આપને અંશ કરે દઢ ઉનસે, ભૂરચી ભેસ ભરમાઈ. ૭**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **ધુતા** = ઠગ **જીવનકે** = જીવ ઉપર **જેહી** = જેઓ **જન** = માનવો **તા પર** = તેમના ઉપર **પતિ** = વિશ્વનિયંતા, સર્જનહાર **ખૂન સાઈ** = રોષે ભરાય છે **આપને** = પોતાના જ **અંશ** = કર્તાના સજાણજાણ

અંશ **કરે** = કરે, ઠેરવે **દઢ** = દઢતાપૂર્વક **ઉનસે** = પોતાના સમાન, પોતાથી **ભૂરચી** = સ્થૂળ દેહ થકી **ભેસ** = વેશ **ભરમાઈ** = ભરમાવીને.

## અનુવાદ

**સ્થૂળ દેહ ધારણ કરેલા પોતાના જ અંશોને તેમના (સર્જનહાર) સમાન સ્થાપીને દર્શાવે છે. તેવા ઠગ માનવો ઉપર સર્જનહાર રોષે ભરાય છે.**

## ભાવાર્થ

વિશ્વનિયંતાએ જ્યારે સૃષ્ટિની રચના કરી ત્યારે મહાવૈરાટની સાથે સાથે ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટના અંકુરો બનાવ્યા અને છેલ્લે તે ઘાટ વિકસ્યા પછી પોતાના સજાતીય ચૈતન અંશો દરેક ઘાટમાં પ્રેરક કર્યા. જેમાં સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ ત્રણ પ્રકારના અંશોને સ્થૂળ, સૂક્ષ્મ કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં રમણ કરવા બ્રહ્માંડમાં મોકલ્યા. જે પૈકી વિશેષ અને પરમવિશેષ અંશોને વિશ્વના સંચાલન અને વહીવટી જવાબદારીઓ સોંપીને કરુણાઓ સુપરત કરી અને સામાન્ય અંશોને ૮૪ લાખ પ્રકારના ઘાટમાં વસાવ્યા.

વિશ્વમાં માનવદેહે જન્મેલાઓને વિશ્વના સર્જનહારની ઉપમાઓ આપી તેમજ દેવી-દેવતાઓને સર્જનહાર તરીકે ઠેરવીને ભગવાન તરીકે દઢ કરાવ્યા છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા અધમ કૃત્યો આચરનારા અને ભોળા માનવોને ઠગનાર ધુતારા જીવ ઉપર નિજ કૈવલપિતા રોષે ભરાય છે. આવા મહાન ગુનાઓ આચરનાર ઢોંગી ધુતારાઓને સર્જનહાર સખત શિક્ષા કરે છે અને ગુનાઓને બારોબાર ન પતાવતાં તેમને ૨૮ પ્રકારના નર્ક કુંડોમાં ધકેલી દે છે. તેમજ મહાન યાતનાઓના ભોગી બનાવે છે.

જગતને અવળે રસ્તે વાળનાર ખલ જીવે વિચાર કરવો જોઈએ કે, ૮૪ લાખ પ્રકારના દેહ ભોગવીને ક્રમ દ્વારા અથવા તો સત્ કર્મ દ્વારા માનવદેહ મળે છે જે અતિ દુર્લભ છે. આ દેહ મળ્યા પછી માનવે એક જ મહેચ્છા રાખવાની હોય છે કે તેની ભૌતિક નહીં, પરંતુ આધ્યાત્મિક ઉન્નતિ થાય.

આપણે એક ચૈતન અંશ છીએ. કર્તાના સજાણજાણ સ્વરૂપે રહેલા આ સર્વ અંશો વિધવિધ ઘાટમાં કર્મ પ્રમાણે દેહ પ્રાપ્ત કરીને રહે છે. મનુષ્યદેહ મળ્યા પછી બધાં

અનૈતિક કર્મો છોડી સમર્થ ગુરુનું શરણું સ્વીકારી તેમની કૃપાથી મૂળ ચૈતન સ્વરૂપે થઈને આ જન્મે પરમપિતાની પ્રાપ્તિ અર્થે પંચમી અખંડ મુક્તિ મેળવવાની છે, જેથી હવે પછી જન્મમરણનું ભવસંકટ રહે નહીં.

આવા ઉત્તમ ધ્યેયને સિદ્ધ કરવા માટે માનવે પ્રયત્નશીલ રહેવું અને ઠગ ગુરુઓ ભટકાઈ ન જાય તેની સાવચેતી રાખવી જોઈએ.

**પરપંચે પરમેશ થપીતવ, મનુષ જાત કે જબહી;**
**તિનું રહેણી કરણી પરપંચી, ધર પરપંચી તબહી. ૮**

### શબ્દાર્થ

**પરપંચે** = પ્રપંચે, કપટથી **પરમેશ** = પરમેશ્વર, ભગવાન, સર્જનહાર **થપીતવ** = સ્થાપન કર્યું **મનુષ જાત કે** = મનુષ્ય જાતિના **જબહી** = જ્યારે **તિનું** = તેમની **રહેણી કરણી** = રહેણીકરણી **પરપંચી** = પ્રપંચયુક્ત, છળકપટવાળી **ધર** = ધારણ કરી, અપનાવી, શરૂઆતથી **પરપંચી** = પ્રપંચવાળી **તબહી** = ત્યારથી.

### અનુવાદ

**જ્યારથી મનુષ્યજાતિના પુરુષોને કપટપૂર્વક પરમેશ્વર તરીકે અપનાવીને સ્થાપના કરી છે, ત્યારથી જ તેવા પ્રપંચીઓની રહેણીકરણી પ્રપંચી છે.**

### ભાવાર્થ

વિશ્વનિયંતા સર્જનહારે પોતાની બનાવેલ રચનાનો સુવ્યવસ્થિત વહીવટ અને યોગ્ય સંચાલન કરવા માટે દેવી-દેવતાઓને એક-એક વિભૂતિ અર્પીને કાર્યો સોંપ્યા છે. જ્યોતિ સ્વરૂપ નિરંજન, આદ્યશક્તિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને અન્ય વિષ્ણુના અવતારો વગેરે, સૃષ્ટિનું સંવર્ધન, પોષણ, સંહાર અને નિયમન કરી રહ્યા છે અને પોતાને સોંપાયેલાં કાર્યોને ખૂબ જ વફાદારીપૂર્વક ફરજ બજાવી રહ્યા છે.

સંસારમાં ઘણા સાધકોએ અષ્ટ સિદ્ધિ અને નવનિધિના પ્રતાપે તેમજ મુદ્રાઓની સાધના તથા અન્ય મંત્ર-તંત્રની સિદ્ધિથી જગતના જીવને ઐશ્વર્ય અને ચમત્કારોના પ્રભાવથી અંજાવી દઈને પોતાનું વિશેષ પ્રભુત્વ જમાવ્યું છે.

ધર્મમાર્ગમાં પ્રથમથી જ જેની રહેણીકરણી પ્રપંચી છે એવા ઠગ ધુતારાઓએ પોતાના અંગત સ્વાર્થ માટે વેશ ધારણ કર્યો છે. તેઓ વિશ્વમાં મોટા દૈવી-પુરુષો, અવતારો અને માનવદેહે ચમત્કારિક શક્તિઓવાળાને પરમેશ્વરો તરીકે સ્થાપના કરી છે, તેમજ પ્રપંચયુક્ત કાર્યો કરીને ધર્મમય (શ્રદ્ધાળુ) પ્રજાને અવળે માર્ગે વાળી છે.

**હરીકે ધોખે જીવ સકલ તહાં, પતંગવત થઈ પરહી;**
**ધન હરવેકે ધરમ મહી જઈ, કોઈ કાલે નહીં તરહી. ૯**

### શબ્દાર્થ

**હરીકે** = ઈશ્વરપદ ધારણ કરેલા, પરમેશ્વરના **ધોખે** = છેતરાઈ, ઠગાઈને **જીવ** = જીવ, માનવો, જીવદશાવાળા **સકલ** = બધા, તમામ **તહાં** = ત્યાં **પતંગવત** = પતંગિયાની માફક **થઈ** = થઈને **પરહી** = પડે છે, ઝંપલાવે છે **ધન** = સંપત્તિ **હરવે** = હરણ કરે, લૂંટે, પડાવી લે **કે** = અથવા **ધરમ મહી જઈ** = ધર્મમાર્ગમાં જઈને, ધર્મનો સ્વીકાર કરી **કોઈ કાલે** = કોઈ કાળે, કદાપિ **નહીં તરહી** = ભવપાર થઈ શકે નહીં.

### અનુવાદ

**ઐશ્વર્યથી છેતરાઈને સર્વ જીવ પતંગિયાની જેમ ઝંપલાવે છે, પરંતુ જ્યાં ધનનું હરણ થાય છે તેવા ધર્મમાર્ગમાં જઈ કદાપિ ભવપાર થઈ શકાતું નથી.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહાર એક છે અને તેનો પાર પામી ન શકવાથી બ્રહ્મ સર્વોપરી છે તેવી માન્યતા વેદ અને શાસ્ત્રો દ્વારા પ્રસ્થાપિત થઈ હતી, પરંતુ જ્યારથી વ્યાસજી દ્વારા ૧૮ પુરાણની રચના થઈ અને તેમાં વિવિધતાવાળા અલગ-અલગ ભગવાનોની માન્યતા ઊભી કરવામાં આવી ત્યારથી સંસારમાં ધર્મ પરાયણ મનુષ્યો સગુણ માર્ગે દોરાયા છે.

વિશ્વમાં જેમણે ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું હોય તેવા ઈશ્વર અને અવતારાદિક મહાપુરુષોને તેમજ માનવદેહધારીને પ્રપંચી ગુરુઓ દ્વારા ભગવાન તરીકે સ્થાપિત કર્યા છે. તેનાથી છેતરાઈને જીવદશાવાળા જીવાત્માઓ જેમ જ્યોતના પ્રકાશથી

લલચાઈને પતંગિયું તેમાં ઝંપલાવી મરણને શરણ થાય છે તેમ ઐશ્વર્યતા તથા ચમત્કારિક પરચાઓ અને બાહ્ય આડંબરોથી અંજાઈને જીવ તેમનું શરણું સ્વીકારે છે. આ રીતે ધનનું હરણ કરનાર ઠગોથી છેતરાઈને જીવ ફસાય છે. જેમનામાં પતિપદ અંગેની સમજ અને જ્ઞાન નથી તેવા ઠગ ગુરુઓ અન્યને શો ઉપદેશ આપી શકે ? આવા ઠગ ગુરુઓને શરણે ગયેલા અને બનાવટી ભગવાનની ફોજમાં રચ્યા-પચ્યા રહેનાર ભક્તો કદાપિ ભવપાર કરી શકતા નથી.

**જો કદપી સાચે પદ હોય તો, ધન દેતાં નહીં ધોખુ;**
**મણિ લઈને મુગતાફલ દેતાં, જિનકે દલ નહીં દોખુ. ૧૦**

### શબ્દાર્થ

**જો કદપી** = જો કદાચ **સાચેપદ** = સત્યપદ, શાશ્વતપદ, પરમપદ **હોય તો** = દર્શાવતા હોય તો **ધન** = સંપત્તિ, નાણું, પૈસા **દેતાં** = દાન કરતાં, આપતાં **નહીં** = નહીં **ધોખું** = સંકોચ, ઠગાવવું, છેતરાવવું **મણિ** = રત્ન, કિંમતી હિરો જે નાગના માથા ઉપર મળી આવે છે **લઈને** = લઈને **મુગતાફલ** = મોતી દરિયાઈ ખાસ જાતની છીપમાંથી નીકળતું કિંમતી નાના દાણા જેવું નંગ **દેતાં** = આપતાં **જિનકે** = જેનાથી **દલ** = હૃદયમાં, દિલમાં, મનમાં **નહીં** = નહીં **દોખું** = દુઃખ,

### અનુવાદ

**જો કદાચ કોઈ શાશ્વત પદ પ્રદાન કરતાં હોય તો ધન આપવામાં છેતરાવાનું નથી. કારણ કે મણિ લઈને મોતી આપવાથી હૃદયમાં દુઃખ થતું નથી.**

### ભાવાર્થ

જગતમાં ઘણાંએ ગુરુપદ ધારણ કરેલું છે, પરંતુ જ્ઞાનની દૃષ્ટિએ તેના ચાર પ્રકાર પાડવામાં આવેલા છે. જેમાં પ્રોક્ષગુરુ, તાયગુરુ, સદ્‌ગુરુ અને પરમગુરુ છે.

પ્રોક્ષગુરુઓ તેમના અનુયાયીઓને ભૌતિક પદાર્થના સુખોની લાલચમાં લલચાવીને વિવિધ વ્રત, તીર્થ, યજ્ઞાદિ કર્મકાંડ કરાવે છે.

તાયગુરુઓ શરીરમાં રહેલા દૈવી તત્ત્વોને જ્ઞાનથી પ્રત્યક્ષ ઓળખાવે છે અને દૈવી તત્ત્વોને મંત્રથી કુંડળી જાગ્રત કરી સિદ્ધિ મેળવીને ચમત્કારિક શક્તિ પ્રાપ્ત થાય

તેવું જ્ઞાન આપે છે, જેથી જગતમાં યશ કીર્તિ મેળવી શકાય.

સદ્‌ગુરુ આ શરીરમાં રહેલા નાશવંત તત્ત્વોના ભાગ ત્યાગ કરીને ચૈતનઅંશને જુદો તારવી બતાવે છે. જેથી શાશ્વત અને નાશવંતનો ભેદ સમજાય.

પરમગુરુ અંશને પોતાના અસલી સ્વ-સ્વરૂપે કરીને અંશી સાથે મેળાપ કરાવી આપે છે. જેથી જન્મમરણ રૂપ ભવસંકટ સદાને માટે ટળી જાય છે.

આથી, ધર્મમાર્ગમાં ખોટા ઠગ ન ભટકાઈ જાય તેની સાવચેતી રાખવી જરૂરી છે. બહારના આડંબર કે ભપકા-ચમત્કારથી નહીં, પરંતુ તેઓ દ્વારા પ્રાપ્ત થતા આધ્યાત્મિક જ્ઞાનના માધ્યમથી ઓળખવા જોઈએ. પરમગુરુ અહીં સ્પષ્ટતાં કરે છે કે, જો કોઈ સમર્થ પુરુષ પરમપદ પ્રાપ્ત કરાવે તો તેમના ચરણમાં તન, મન અને ધન સગળું સમર્પણ કરવામાં કશુ જ ખોટું નથી.

**પણ આ તો વૈરાગ ભક્તિ ઓરુ, જ્ઞાન નહીં લવલેશ;**
**કંકર દેઈ પારસપદ પતવે, ગતવે કરી ઉપદેશ. ૧૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ, પણ **આ તો**=આતો **વૈરાગ** = વૈરાગ, ત્યાગ-સંસાર ઉપરની આસક્તિનો અભાવ. **ભક્તિ** = ભજન-સ્મરણ કરવું તે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન **ઓરુ**=અને **જ્ઞાન**=જાણ, સમજ-ઈશ્વર અને જગત સંબંધી સમજણ, ગુણ અને તેના કાર્યની જાણ. જીવ-ઈશ્વર અને માયાના સ્વરૂપને જાણવું તે, **નહીં** = નથી **લવલેશ** = જરાપણ, તલભાર, સહેજપણ. **કંકર** = પથ્થર, કાંકરા **દેઈ** = આપીને-દઈને **પારસપદ** = પારસમણિ રૂપ શ્રેષ્ઠપદ **પતવે** = મનાવે, દર્શાવવું, સંતોષવું. **ગતવે** = મોક્ષગતિનો, સદ્‌ગતિનો **કરી** = કરીને **ઉપદેશ** = બોધ.

### અનુવાદ

**પરંતુ આ તો જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય લેશમાત્ર નહીં હોવા છતાં કંકર આપીને પારસરૂપ મોક્ષપદનો બોધ કરીને દર્શાવે છે.**

### ભાવાર્થ

જગતના ધર્મમાર્ગમાં ઠગ ગુરુઓ ખોટા આડંબરની જાળ પાથરીને જગતના અંધ શ્રદ્ધાળુ અને ભૌતિક સુખાકારીની શોધમાં ભટકતા ભક્તોને પોતાના પાશમાં

ફસાવે છે. જેમના પોતાનામાં સર્જનહાર પક્ષે લેશમાત્ર જ્ઞાન હોતું નથી તેમજ બાહ્ય વૈરાગનો ઢોંગ સજીને આંતરવૃત્તિથી ભોગ વિલાસ તથા ચારિત્ર્યહિન વૃત્તિઓનું પોષણ કરીને જીવે છે અને પોતે મહાન જ્ઞાની, વૈરાગી-ત્યાગી છે તેવું જીવને ઠસાવે છે. વળી તેમની ભક્તિ અંગેનો ભપકો જગતના જીવને આંજી નાખવા પુરતો જ હોય છે. તેમના દિલમાં તો ભક્તિના ઓથા હેઠળ ભક્તોનું ધન પડાવવાનો હોય છે.

આ રીતે પોતાના અંગત જીવનમાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગનો અભાવ હોવા છતાં જગતના જીવને પરમપદની પ્રાપ્તિ કરાવી આપવાની વાતો દર્શાવીને ખોટો બોધ આપે છે. ખોટા ઉપદેશ દ્વારા પથ્થર આપીને જાણે કે પારસરૂપ પરમપદ પ્રાપ્ત કરાવી આપ્યું એમ સૌને જણાવે છે અને દૃઢ કરાવે છે.

**આગલે ધરમ સબતે વિમુખ કર, અધરમ ધરમ મનાવે;**
**નિજ નેંનકે અંધ સકલકુ, અદ્‌ભુત કરી જનાવે. ૧૨**

### શબ્દાર્થ

**આગલે** = આગળના, પહેલાના, પુરાણા, જૂના, પ્રાચીન, અગાઉના, **ધરમ** = ધર્મ, મતપંથ, સંપ્રદાય **સબતે** = બધાને, સર્વને, બધાથી **વિમુખ** = અળગા કરી, પ્રતિકૂળ, વિરુદ્ધ, ઊલટું, વિપરિત, અળગું, અલગ, વેગળું **કર** = કરીને **અધરમ** = જે ધર્મ નથી તેને, જે યોગ્ય નથી તેને **ધરમ** = ધર્મ, ફરજ **મનાવે** = મનાવે, માને તેમ કરવું, મનાવવું, કબૂલ કરાવવું **નિજ નેંનકે** = જ્ઞાન ચક્ષુના **અંધ**=આંધળા, ન દેખનારા **સકલકુ** = સર્વને, દરેકને **અદ્‌ભુત** = આશ્ચર્યજનક, અલૌકિક, નવાઈ આપનારું, અજબ **કરી** = કરીને **જણાવે** = દર્શાવે, જણાવે.

### અનુવાદ

**પ્રાચીન ધર્મોથી બધાને વિમુખ કરી અધર્મી ધર્મોને મનાવે છે. જ્ઞાનચક્ષુના અંધ સર્વને આશ્ચર્યચકિત કરીને જણાવે છે-દર્શાવે છે.**

### ભાવાર્થ

વિશ્વની શરૂઆત થઈ ત્યારથી પ્રથમ પ્રાચીન ધાર્મિક ગ્રંથ તરીકે, વેદને માન્યતા મળી છે. બ્રહ્માજીએ (આદિ) મૂળ ચાર વેદની રચના કરી જેના અભ્યાસ

થકી બુદ્ધિ જીવી મહાપુરુષોએ છ શાસ્ત્રોની રચના કરી છે. આ સર્વ પ્રાચીન ધર્મ પુસ્તકોમાં નિર્ગુણ બ્રહ્મને સર્વોપરી દર્શાવીને છેવટના પદ તરીકે સ્થાપવામાં આવ્યું છે, સર્જનહારના પરમપદ માટે જેનો કોઈ અંત નથી એવું પ્રતિપાદન કરી 'નેતિ' શબ્દનું ઉચ્ચારણ કર્યું છે જે 'નિર્ગુણ'' સિદ્ધાંત તરીકે વ્યવહારિકતામાં આવ્યો છે.

સમય જતાં તેમાં પરિવર્તન થયું અને ધીરે ધીરે સગુણ દેવ-દેવીઓની ગાથા અને ગુણગાન ગાતાં પુરાણો અને અન્ય ધર્મ પુસ્તકોના પ્રભાવથી વિશ્વમાં જ્યોતિસ્વરૂપ નિરંજન, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને અન્ય વિષ્ણુના અવતારોનું વર્ચસ્વ તથા ભક્તિ થવા લાગી. આ રીતે 'સગુણ' સિદ્ધાંતનું વર્ચસ્વ સમાજમાં પ્રબળ બન્યું.

જેમ જેમ કળિયુગનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ ધર્મજગતમાં વિકૃતિ આવવા માંડી. માનવદેહે જન્મેલાઓ પ્રત્યે કાંઈક રોચક ઉપદેશાત્મક વચનો બોલી અને બનાવટી પરચા અને ચમત્કારો દર્શાવ્યા માંડ્યા.

શક્તિ પ્રદર્શનના જોરે એકબીજાથી મહાન અને સામર્થ્યવાન તરીકેની બાહ્ય દેખાવો દ્વારા હરિફાઈ થવા માંડી. આ રીતે માનવીની દરેક વિકૃતિઓ અને ગુણોનું આલંબન ભોગવનારા પાખંડીઓને ભગવાનની ઉપમા આપીને ધર્મજગતમાં તેમના ગુણગાન અને આશ્ચર્યચકિત કરી દે તેવો પ્રચાર-પ્રસારનું જોર વધવા માંડ્યું.

આવા અધર્મી, પાખંડી, ઢોંગી, ધુતારા, હરાયા ઢોર જેવા ગુંડા તત્ત્વોનું રાજ ધર્મજગતમાં વધતું ગયું અને ખુલ્લેઆમ લૂંટ ચાલવા માંડી. પોતપોતાના નવીન-નવીન મત-પંથોમાં જ્ઞાનચક્ષુથી અંધ ધર્માચાર્યોએ પોતાની સત્તા, સંપત્તિ અને અશ્લીલતાવાળા જીવનના નશામાં આવીને પોતે સાચા છે અને તેમનો માર્ગ જ સાચો છે તેવું દર્શાવી તેમના ભોળા, અજ્ઞાની, લાલચુ અને ભૌતિક સુખો પાછળ ગાંડા બનેલા ભક્તોને અવળા માર્ગે વાળ્યા. આવી રીતે સમાજમાં જુદા જુદા ભગવાનોની ફોજ ઊભી થઈ.

## અંગ ૩
# કર્તા ફુરમાન પરમ વિશેષ અંશ દેખાવનકો

**તબ કરતા નિજ સધર હુકમસે, હમકુ દીયે પઠાઈ;**
**જેતને ભર જુગકે જીવનકુ, તિનકુ દેહ ચેતાઈ. ૧**

### શબ્દાર્થ

**તબ** = ત્યારે, તેથી **કરતા** = કર્તા સર્જનહાર, વિશ્વ રચયિતા **નિજ** = પોતાના **સધર** = સદાને માટે ધારણ કરેલ 'કૈવલધામ' **હુકમસે** = હુકમ દઈને, આજ્ઞા કરીને **હમકુ** = મને **દીયે** = દીધો **પઠાઈ** = મોકલી **જેતનેભર** = જેટલા થઈ શકે તેટલા જેટલા બની શકે તેટલા **જુગકે** = વિશ્વના, જગતના **જીવનકુ** = જીવને **તિનકુ** = તેમને **દેહ** = દો, ઘો **ચેતાઈ** = જ્ઞાનથી જાગ્રત કરી દો, ચેતાવી દો, સતેજ કરી દો, સાવધાન રહેવાનું જણાવવું.

### અનુવાદ

**ત્યારે નિજ કર્તાએ કૈવલધામમાંથી હુકમ કરીને મને મોકલ્યો કે જગતમાં જેટલા બની શકે તેટલા જીવને જ્ઞાનથી જાગ્રત કરો.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાના દિવ્યચક્ષુથી પોતે બનાવેલી સૃષ્ટિમાં નિહાળ્યું તો બધા જ જીવના, હાલ બેહાલ થયેલા જણાયા. અધર્મના માર્ગે ગમન કરીને ભવ દુઃખનો ક્રમ ભોગવતા જોઈને દયા આવી, જેથી પોતાના સાંનિધ્યમાં રહેલા પ્રથમ પરમવિશેષ પાટવી અંશને હુકમ કરીને આ વિશ્વમાં મોકલ્યા.

નવબુદ્ધિ, સોળવિભૂતિ અને દિવ્યદેહ ધારણ કરાવીને કૈવલકર્તાએ જવાબદારી સોંપી કે 'જગતમાં જઈને જેટલા બની શકે તેટલા જીવને જગતના સાચા સર્જનહારની સમજ અને અંશી પદનો લક્ષ દર્શાવીને સકર્તા સિદ્ધાંત દ્વારા અંશ-અંશીનું જ્ઞાન જાહેર કરી - જગતના જીવને જાગ્રત કરો.'

**તેહીતે પરખ પરે ઠગીયનકી, નૈન નવીનસે દેખી;**
**સાર અસાર નવેર કરનસે, દરસે ભેખ સવેખી. ૨**

### શબ્દાર્થ

**તેહીતે** = જેથી, જેના થકી, તેનાથી **પરખ** = ખબર, ઓળખાણ, પિછાણ, પરીક્ષા **પરે** = પડે **ઠગીયનકી** = ઠગોની, ઠગનારાઓની **નૈન** = આંખો દૃષ્ટિ **નવીન** = નવીન, જુદી (જ્ઞાનચક્ષુ) **સે** = વડે, દ્વારા **દેખી** = જોઈને નિહાળીને **સાર** = સત્ય, શાશ્વત **અસાર** = નાશવંત, અસત્ય, મિથ્યા **નવેર** = નિર્ણય **કરનસે** = કરવાથી **દરસે** = દેખાય, જોઈ શકાય **ભેખ** = ભેખધારીઓની **સવેખી** = સાચી પરખ, ઓળખાણ.

### અનુવાદ

**તેથી જ્ઞાનચક્ષુ દ્વારા નિહાળો કે જેથી ઠગોની પરખ પડે તેમજ શાશ્વતનો અને નાશવંતનો નિર્ણય કરીને ભેખધારીઓને ઓળખી શકાય.**

### ભાવાર્થ

જ્ઞાન થકી જાગ્રત થઈને જીવ ચર્મચક્ષુ દ્વારા પહેલાં જે બાહ્ય આડંબરો અને બનાવટી ચમત્કારોના પ્રભાવોથી અંજાઈ ગયા હતા, તેનાથી મુક્ત થઈ જાય. વળી તેઓને જ્ઞાનચક્ષુ પ્રાપ્ત થાય, જેથી સાચા જ્ઞાની અને ભેખધારીઓને પારખી શકે. તેમ થતાં ધર્મમાર્ગમાં ધર્માચાર્યોની આધ્યાત્મિક જ્ઞાનના શબ્દની પરખ કરીને ઠગ ગુરુઓ તેમજ સાચા ભેખધારીઓને સમજી યોગ્ય નિર્ણય કરી શકે. વળી જ્ઞાનના આધારે આ દેહમાં રહેલા નાશવંત તત્ત્વોને સમજી શરીરમાંથી તેની બાદબાકી કરતાં કરતાં અંતે જે બાકી રહેલું પોતાનું સાચું ચૈતનઅંશ સ્વરૂપ છે તેની સમજ પ્રાપ્ત કરે. એ જ રીતે 'પિંડે સો બ્રહ્માંડે'ના ન્યાય મુજબ વિશ્વમાં બ્રહ્મભૂમિકામાં પ્રસારો પામેલી સમગ્ર બ્રહ્માંડની રચના નાશવંત છે અને બ્રહ્મથી પરે રહેલા શાશ્વત વિશ્વનિયંતા એટલે કે, તત્ત્વાતીત રહેલ જગતના સાચા સર્જનહારને ઓળખી શકે.

**જેહી અંશ સામાન્ય અલ્પગત, તેહી ન સમજે જદપી;**
**ભલે જાવો પરપંચ પક્ષમે, તિનકે ધોખ ન તદપી. ૩**

### શબ્દાર્થ

**જેહી** = જે **અંશ** = સર્જનહારના સજાણજાણ સ્વરૂપ ચેતન અંશ **સામાન્ય** = સામાન્ય **અલ્પગત** = અલ્પ ગતિવાળા, જ્ઞાનની વિશેષ સમજ ન ધરાવતા **તેહી** = તે **ન** = નહીં **સમજે** = સમજે **જદપી** = જો, જ્યારે **ભલેજાવો** = ભલે જતા **પરપંચી** = પ્રપંચી, છળકપટવાળા **પક્ષમાં** = પંથમાં, સંપ્રદાયમાં **તિનકે** = તેઓ માટે **ધોખ** = ચિંતા, રોષ, દુઃખ **ન** = નહીં **તદપી** = તોય, તોપણ, ત્યારે.

### અનુવાદ

**જે અલ્પ ગતિવાળા અંશો છે, તે જો ના સમજે અને પ્રપંચી પક્ષમાં ભલે જાય તેનું દુઃખ કરશો નહીં.**

### ભાવાર્થ

સર્જનહારે સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોનું નિર્માણ કર્યું છે.

સામાન્ય અંશોમાં ૮૪ લાખ પ્રકારના ઘાટ બનાવ્યા તે પૈકી ૧૩ લાખ પ્રકારના મનુષ્ય જાતિના ઘાટ બનાવ્યા છે. આવા મનુષ્યજાતિમાં કેટલાક અતિ વિશેષ ગતિવાળા અર્થાત્ સત્ય જ્ઞાનને તુરત જ સમજી શકે તેવા વિચક્ષણ બુદ્ધિવાળા હોય છે જ્યારે કેટલાક અલ્પ ગતિવાળા જીવ ભૂચર ગતિના એટલે કે, ઢોર જેવા મંદબુદ્ધિના પણ હોય છે.

સર્જનહાર કૈવલધામમાંથી જ્યારે તેમનો સંદેશો પાઠવવા માટે પરમગુરુને મોકલે છે ત્યારે તેઓને જણાવે છે કે વિશ્વમાં કૈવલજ્ઞાનનો બોધ જે અલ્પગતિવાળા છે તેવા જીવ આ વિશેષ કોટીના જ્ઞાનને સમજી શકવાના નથી. જો તેઓ અજ્ઞાનતાને વશ થઈને અગાઉથી ચાલી આવેલા પ્રપંચ ભરેલા મતપંથોમાં જ ભલેને ખૂંપાઈ મરે અથવા તો જન્મમરણના ચક્રમાં ફર્યા કરે તે માટે આવા અણસમજુ અને અલ્પજ્ઞ બુદ્ધિના જીવ માટે દુઃખ લગાડવાની કોઈ જરૂર નથી.

**પણ નિજ અંશ વિશેષ સધરસે, તેહી ન જાય ઠગાઈ;**
**પરમ પોકાર કરો જુગ જાહેર, અનભે ન્યાવ લખાઈ. ૪**

### શબ્દાર્થ

**પણ** = પણ, પરંતુ **નિજ** = પોતે પોતાના **અંશ વિશેષ** = વિશેષ ગતિવાળા અંશો

**સધરસે** = પોતાના કૈવલધામમાંથી આવેલા, પોતાના મૂળ વતનમાંથી આવેલા **તેહી** = તેઓ **ન જાય** = જાય નહીં **ઠગાઈ** = ઠગાઈ જવું, છેતરાઈ જવું, છળ-કપટના સકંજામાં આવી જવું **પરમ** = શ્રેષ્ઠ **પોકાર કરો** = જ્ઞાનને જાહેરમાં પ્રસ્તુત કરો, જાહેરમાં જણાવો, ખુલ્લેઆમ દર્શાવો **જુગ** = જગતમાં, વિશ્વમાં **જાહેર** = જે ગુપ્ત હતું તેને દર્શાવવું. ખુલ્લુ પાડવું **અનભે** = ભય રહિત, નિર્ભયતાથી **ન્યાવ** = ન્યાય સહિત, ન્યાયપૂર્ણ **લખાઈ** = જણાવીને, ગ્રંથો દ્વારા લખીને બતાવવું.

## અનુવાદ

**પરંતુ પોતાના મૂળ વતનથી (કૈવલધામમાંથી) નીકળેલા પૈકી જે વિશેષ ગતિવાળા અંશો છે તેઓ ઠગાઈ ન જાય તે માટે શ્રેષ્ઠ જ્ઞાનને ન્યાયપૂર્ણ રીતે નિર્ભયતાપૂર્વક જગતમાં જાહેર કરો.**

## ભાવાર્થ

સર્જનહારે પરમગુરુને એ આજ્ઞા કરી છે કે, વિશ્વમાં સમગ્ર જીવ વિધ-વિધ પ્રકારના મતપંથોમાં અટવાઈ રહેલા છે જે પૈકી જેને આત્માનું કલ્યાણ કરવાની અને જન્મમરણ રૂપ જે દુઃખ છે તેને મટાડવાની (મનમાં) ઉત્કંઠા છે તેવા અને વિશેષ ગતિવાળા અંશો છે, એવા જીવ ખોટા મત પંથો અને પ્રપંચયુક્ત કર્મકાંડી ઉપાસનાઓથી ઠગાઈ ન જાય તે માટે બ્રહ્માંડમાં જઈ કૈવલજ્ઞાનનો નિર્ભયપણે પ્રચાર કરો.

વિશ્વની શરૂઆતમાં બ્રહ્માજીના પાંચમા મુખની વૈરાગી વાણી જે લોપ થયેલી તેને પરમગુરુ નિર્ભયતાપૂર્વક વિશ્વમાં જાહેર કરે છે અને અંશોને પોતાના શુદ્ધ અણી અગ્ર અંકુરિત સ્વરૂપે કરી કૈવલધામમાં પાછા જાય તેવી જ્ઞાનગતિ બક્ષિશ કરીને અંશોનાં જન્મમરણનું દુઃખ દૂર કરે છે.

આમ, સર્જનહાર દ્વારા આપેલ સત્તાના આધારે વિશ્વમાં માત્ર પરમગુરુ જ અંશ-અંશી પદનું જ્ઞાન આપવા અને પરમપદના મહાન પદની બક્ષિશ કરવા માટે સમર્થ છે.

**તેહી ન્યાવ સુનતામે સમજહી, વિશેષ અંશ વિવેકી;**
**ભવસાગરમેં ખંડમહી તબ, બહોત ઘને હે એકી. ૫**

### શબ્દાર્થ

**તેહી** = તે, આવું તે જ **ન્યાવ** = ન્યાય, જ્ઞાન **સુનતામે** = સાંભળતાની સાથે જ **સમજહી** = સમજી જશે

**વિશેષ** = વિશેષ ગતિવાળા **અંશ** = સર્જનહારના સજાણજાણ સ્વરૂપ અંશો **વિવેકી** = વિવેક બુદ્ધિવાળા, સમજદાર, વિનયી, વિચારવંત, જ્ઞાની **ભવસાગરમે** = વિશ્વમાં, સંસારમાં **ખંડમહી** = નવખંડમાં **તબ** = ત્યારે, તો તો **બહોત ઘને** = ઘણા બધા જીવ પૈકી **હૈ** = છે, હોય છે **એકી**એક જ, કોઈક જ.

## અનુવાદ

**આવું ન્યાયયુક્ત જ્ઞાન શ્રવણ કરતાં જ વિવેકી અને વિશેષ ગતિવાળા અંશો સમજી જશે. કારણ કે, ભવસાગરના ખંડોમાં ઘણા જીવ છે તે પૈકી જ્ઞાની તો કોઈક જ હોય છે.**

## ભાવાર્થ

સંસારમાં અલભ્ય વસ્તુ સર્વ જગ્યાએ અને સહેલાઈથી પ્રાપ્ત થતી નથી. પૃથ્વી પર આવેલા નવખંડોમાં અલગઅલગ જાતિના માનવોમાં મુખ્યત્વે અર્થાર્થી, વિષયી, જિજ્ઞાસુ અને મુમુક્ષુ એમ ચાર પ્રકારની વૃત્તિ ધરાવતા માનવી જોવા મળે છે. તે પૈકી જેની મુમુક્ષુ વૃત્તિ છે તેવા જગતપક્ષના માયિક બંધનોથી મુક્ત થઈ નાશવંત પદાર્થો પ્રત્યે અભાવ દર્શાવે છે. તેઓ પોતાના આત્મકલ્યાણ અર્થે જ પ્રવૃત્તિમાં લીન પામીને જગતમાં જીવતા હોય છે. તે પૈકી પરમગુરુ દ્વારા જાહેર કરવામાં આવેલ સકર્તા સિદ્ધાંતને પ્રતિપાદિત કરતા કૈવલજ્ઞાનને સમજવાવાળા-વિવેકી અને વાસ્તવિકતાને સ્વીકારી શકે તેવા વિશેષ ગતિવાળા કોઈક જ હોય છે.

**સૂર સીંઘ જ્યૌ રણ એકલમલ, જીનત્યે સકલ ડરાઈ;**
**ત્યૌ કોઈ અંશ વિશેષ જગે તો, એક અનેક જગાઈ. ૬**

### શબ્દાર્થ

**સૂર** = શૂરવીર યોદ્ધો **સીંઘ** = સિંહ સમાન **જ્યૌ** = જેમ **રણ** = રણભૂમિમાં **એકલમલ** = એકલો **જીનત્યે** = જેનાથી **સકલ** = સર્વ, બધાં જ **ડરાઈ** = ડરાવી શકે છે **ત્યૌ** = તેવી જ રીતે **કોઈ અંશ** = કોઈ અંશ-સર્જનહારનો સજાણજાણ સ્વરૂપ-અંશ **વિશેષ** = વિશેષ ગતિવાળો, અગાધ બુદ્ધિવાળો **જગે તો** = જ્ઞાન થકી જાગ્રત થાય તો **એક** = એક જણ એકલો **અનેક** = ઘણાને, અનેકને **જગાઈ** = જાગ્રત કરી શકે, કરે.

## અનુવાદ

**રણભૂમિમાં એકલો સિંહ સમાન શૂરવીર યોદ્ધો સર્વને ડરાવી શકે છે. તેવી જ**

**રીતે એક વિશેષ ગતિવાળો અંશ જાગ્રત થાય તો અનેકને જાગ્રત કરે છે.**

### ભાવાર્થ

રણભૂમિમાં યુદ્ધ દરમિયાન કોઈ સિંહ સમાન શક્તિશાળી શૂરવીર યોદ્ધો પોતાનામાં જાગ્રત કરેલી શક્તિના આધારે દુશ્મનોના સર્વ સૈન્યને ડરાવે છે, તેવી જ રીતે મુમુક્ષુ વૃત્તિવાળા મનુષ્યો પૈકી કોઈ કૈવલજ્ઞાનથી ભરપૂર ધર્મગ્રંથોમાં દર્શાવ્યા મુજબ પૂર્ણ રીતે પરમગુરુના ચરણોમાં સમર્પિત થાય તો તેવા નેમી જનોને જ શ્રીમત્ કરુણાસાગર પોતાના અધિકારી અનુયાયી તરીકે યોગ્ય ગણે છે. તેની પાત્રતા જોઈને જ (તેવા ને) ગુરુદેવ કૃપા વર્ષાવીને જ્ઞાનની બક્ષિશ કરે છે. તેવા જાગ્રત થયેલ તારણ-તરણ કોઈ એક મુમુક્ષુ પણ વિશ્વના અનેક જીવને જ્ઞાનથી જાગ્રત કરવા સક્ષમ બને છે.

**ઓરુ જેહી કીયે વહેવાર પક્ષમે, દેખો પરમ પરાસે;**
**સકલ જહાંનકે જીવ જંતકુ, એકહી નરપત રાસે. ૭**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **જેહી** = જે રીતે **કીયે** = વર્તે, કરે **વહેવાર** = રોજબરોજના વ્યવહાર, આચરણ, દુનિયાદારીના સંબંધે **પક્ષમે** = પ્રથા, રૂઢિ, રિવાજ **દેખો** = જોતાં, નિહાળતાં **પરમપરાસે** = પરંપરાથી, અગાઉથી ચાલી આવેલી રસમ મુજબ **સકલ** = તમામ, બધાં, સમગ્ર **જહાંનકે** = વિશ્વના, મુલકના **જીવ જંતકુ** = જીવ, માનવ, જગતમાં જીવતા જીવ, મુલકમાં રહેતા સર્વનાં **એકહી** = એક જ **નરપત** = રાજા, અમલી અધિકારી **રાસે** = અમલ, લગામ, સત્તા, હકુમત, શાસન.

### અનુવાદ

**વળી દુનિયાદારીની પ્રથા જોતાં પરંપરાથી મુલકની તમામ પ્રજા ઉપર એક જ રાજાની સત્તા (અમલ) હોય છે.**

### ભાવાર્થ

જગતના લૌકિક દુનિયાદારીની પ્રથાને નિહાળતાં જોવા મળે છે કે ઘણી મોટી

સંખ્યા યા પ્રજાને તેને કબજે રાખવા માટે ફક્ત એક જ આગેવાન યા નાયક હોય છે. તે આગેવાનની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તમામ લોકો પોતાની પ્રવૃત્તિઓ કરે છે.

દુનિયામાં જૂના જમાનાથી ચાલી આવેલી પરંપરા મુજબ જુદા જુદા રાજ્ય, પ્રદેશ, મુલકના તમામ રહેવાસીઓ ઉપર જે તે રાજ્યના આગેવાન તરીકે એક જ રાજાની સત્તાનો અમલ વર્તાતો હોય છે.

**તિનકે અમલ માંહી સબ વરતત, અગણિત નાત પટલહી;**
**પણ નરપતકી આણ સકલ શિર, બાજત એક અટલ હી. ૮**

### શબ્દાર્થ

**તિનકે** = તેમના **અમલમાંહી** = આજ્ઞામાં રહીને, હુકમને આધીન થઈને **સબ** = સર્વ, બધા **વરતત** = વર્તમાન કરે છે, વર્તે છે **અગણિત** = અસંખ્ય, અનેક **નાત** = જ્ઞાતિ, જાતિ **પટલહી** = જાગીરદાર, મુખી, જ્ઞાતિનો પ્રમુખ **પણ** = પરંતુ **નરપતકી** = રાજાની **આણ** = અમલ **સકલ શિર** = સર્વના ઉપર, દરેક ઉપર **બાજત** = વર્તાય છે, ચાલે છે, બજે છે **એક** = એક સરખો **અટ લહી** = કાયમી, નક્કી, ચોક્કસ. નિશ્ચિત.

### અનુવાદ

**તે રાજાની આજ્ઞામાં રહીને તમામ જ્ઞાતિના મુખિયાઓ વર્તે છે. આ પ્રમાણે દરેક ઉપર રાજાનો અમલ કાયમી ધોરણે વર્તાય છે.**

### ભાવાર્થ

પ્રત્યેક રાજ્યમાં નાના નાના ગામડાઓ, મોટા નગરો અને પરગણા હોય છે. તેમાં જુદી જુદી પ્રકારની જ્ઞાતિ અને જાતિના લોકો રહે છે. તેમણે પોતપોતાની જ્ઞાતિમાં આગેવાન-મુખિયાને પ્રમુખ પણ નીમેલા હોય છે. આવા આગેવાનો પોતપોતાની સીમિત જ્ઞાતિના જૂથો ઉપર આગેવાની કરતા હોય છે અને તેમની હાક વર્તાય છે. તેમ છતાં તમામ પ્રજા ઉપર જે તે રાજ્યનાં ધારાધોરણ મુજબ રાજાનો અમલ વર્તાય છે. વળી જ્ઞાતિના આગેવાનો પણ રાજાના જણાવ્યા મુજબ પોતાની જવાબદારી નિભાવીને ફરજ બજાવતા હોય છે. અર્થાત્ તે રાજાના અમલને કોઈ ટાળી શકતું નથી.

**ત્યૌ આ ભવમેં ભરમ પક્ષકે, દેશ નગર ઘર ઘરહી;**
**નિજ કર્તા કે ન્યાય વિના મગ, કુલ મુખિયા સરભરહી. ૯**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી જ રીતે, તે પ્રમાણે **આ ભવમેં** = આ વિશ્વમાં, **ભરમ** = ભ્રમણા યુક્ત, ભ્રમણા ભરેલા **પક્ષકે** = મત પંથોનો **દેશ** = દેશ-રાજ્ય **નગર** = ગામ **ઘર ઘરહી** = દરેક ઘર ઘરમાં **નિજકર્તા કે** = મૂળ, આદિ સર્જનહારના-સ્વયં વિશ્વ પિતાના **ન્યાય વિના** = ન્યાય વિનાના, જ્ઞાન વગરના **મગ** = માર્ગ **કુલ મુખિયા** = જ્ઞાતિના આગેવાનો-મુખિયો **સરભરહી** = ના જેવા, તુલ્ય, સરખેસરખા, સમાનની જેમ જ.

### અનુવાદ

**તેવી જ રીતે આ વિશ્વમાં રહેલા પ્રદેશ, નગર અને ઘર ઘરોમાં નિજ કર્તાના જ્ઞાન વિનાના ભ્રમણાયુક્ત મત પંથો છે. તેવા ધર્મના આગેવાનો જ્ઞાતિના પટેલિયા જેવા જ છે.**

### ભાવાર્થ

તેવી જ રીતે આ જગતમાં અલગ અલગ પ્રદેશોમાં મોટાં-મોટાં શહેર અને નગરોમાં આવેલા દરેક ઘરમાં રહેતા સર્વ માનવો ઉપર જ્ઞાતિના પટેલિયાઓની જેમ જ ધર્મના આગેવાન ધર્માચાર્યોનો અમલ પોતપોતાના અનુયાયી અને એના સમૂહ ઉપર વર્તાતો જોવા મળે છે. વિશ્વના સાચા સર્જનહાર અંગેના જ્ઞાન વગરના વિવિધ મતપંથો અને સંપ્રદાયો સ્થાપીને ભ્રમણાયુક્ત ઉપસનાઓ ઊભી કરી છે. આ રીતે જ્ઞાનથી આંધળાં અને ભોળા જીવને ભરમાવી ને પોતપોતાના સ્વાર્થ માટે ધર્મની જાળ પાથરેલી છે. આ પ્રમાણે મુમુક્ષુ જીવને ફસાવીને જકડી રાખ્યા છે. આમ જ્ઞાતિના મુખિયાઓ અને સંપ્રદાયના વડાઓ બંને એક સરખા જ હોઈ પોતપોતાનો અમલ બજાવે છે.

**એસે પંથ ફસે જેહી જીવન, ગનતી નહીં તેહુનકી;**
**તોલ મહિ પાસંગ બરાબર, દુરમત જાન જેહુનકી. ૧૦**

### શબ્દાર્થ

**એસે** = એવી રીતે, એ પ્રમાણે, એવા **પંથ** = પંથોમાં, સંપ્રદાયોમાં **ફસે** = ફસાયા

**જેહી** = જેઓ, જે-જેટલા **જીવન** = જીવ, માનવો **ગનતી** = ગણતરી **નહીં** = નથી **તેહુનકી** = તેઓની **તોલમહી** = તોલ કરવામાં, તોલ કરતી વખતે, વજન વેળાએ **પાસંગ** = ધડાનો પથ્થર **બરાબર** = સમાન, સરખા **દુરમત** = શાખ, આબરુ-અધિકાર, લાયકાત, દરજ્જો, યોગ્યતા, જ્ઞાન, ઈજ્જત વગરના **જાન** = જાણવા **જેહુનકી** = જેઓને

## અનુવાદ

**જે જીવ આવા મત-પંથોમાં ફસાઈ ગયા છે, તેમની તો ગણતરી જ થતી નથી. તેઓની યોગ્યતા વજન કરતી વખતે રાખવામાં આવતાં ધડાના પથ્થર સમાન છે, માટે તેઓને યોગ્યતા વગરના જ જાણવા.**

## ભાવાર્થ

જેમાં સર્જનહાર પક્ષે કોઈ સાચી સમજ દર્શાવવામાં આવી નથી અને મનગમતા બનાવટી ભગવાનોની ઉપમા આપીને ઊભા કરાયેલા વિવિધ મતપંથોમાં વિશ્વના જીવ ફસાઈ ગયા છે.

આવા ફસાયેલા જીવની ગણતરી જેમ વજન કરતી વખતે ત્રાજવામાં ધડો કરવા મૂકવામાં આવેલ પથ્થર સમાન થતી હોય છે. કહેવાતા ધર્માચાર્યો માત્ર પોતાના અંગત સ્વાર્થને સાધવા માટે જ તેઓનો ઉપયોગ કરતા હોય છે. જીવના કલ્યાણ અંગેની માત્ર વાતો જ કરવામાં આવતી હોય છે, પરંતુ હકીકતમાં તેઓ પોતાને જ સર્જનહાર અંગે જ્ઞાન કે સમજ નથી, તો તેઓ પોતાના અનુયાયી વર્ગને શું જ્ઞાન આપી શકે?

**બિન હુરમત કે અંશ અવન પર, તિનકી કુન ચલાઈ;**
**ગાસ ફુસ મરજાય બહાયન, કણકુ રખો બચાઈ. ૧૧**

### શબ્દાર્થ

**બિનહુરમતકે** = ગણતરી વગરના, લાયકાત કે યોગ્યતા વગરના, જ્ઞાન કે આબરૂ વગરના **અંશ** = જીવ **અવન પર** = પૃથ્વી ઉપર **તિનકી** = તેમની **કુન ચલાઈ** = શી ગણતરી **ગાસ** = તૃણ, ખડ **ફુસ** = નકામું. બિનજરૂરી **મરજાય** = નાશ પામે, વિનાશ થાય **બહાયન** = જીવાત-ખાઈ જાય, વહી જાય **કણકુ** = અનાજના કણને, દાણાને **રખો** = રાખો, રક્ષણ કરવું, રાખીને **બચાઈ** = બચાવીને, જાળવીને, સાચવીને સંચય કરવો, રક્ષણ કરવું, તારવું, મોક્ષ કરવો.

## અનુવાદ

**જ્ઞાન સિવાયના જીવની આ પૃથ્વી પર શી ગણતરી? બિનજરૂરી ઘાસ ભલે વિનાશ પામે, પરંતુ કણને બચાવી રાખો.**

## ભાવાર્થ

જેમ ખેડૂત પોતાના ખેતરમાં પાકની માવજત દરમિયાન જે ઘાસ અને ખડ રૂપ બિનજરૂરી ઉત્પત્તિ થયેલી હોય તેની પરવા કરતો નથી. તેનો વિનાશ થઈ જાય, જીવાત પડે અને સૂકાઈ જાય તો પણ ખેડૂત તેને ગણતરીમાં લેતો નથી, પરંતુ અનાજની ખેતીને પૂર્ણ પણે સાચવી રાખીને કણે-કણને બચાવવા અને રક્ષણ કરવા માટે, બધા જ પ્રયત્ન કરતો હોય છે.

તે જ સિદ્ધાંતના ન્યાય મુજબ સર્જનહાર દ્વારા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરને સૂચના આપવામાં આવેલી છે કે પૃથ્વી ઉપર નકામા ઘાસ જેવા બિનજરૂરી જ્ઞાનથી અંધ અજ્ઞાની જીવ છે, તેમને સત્ય જ્ઞાનને પ્રાપ્ત કરવાની અને મોક્ષ મેળવવા માટેની આકાંક્ષા નથી, તેવા જીવ પ્રત્યે બહુ સમય ન બગાડતાં જે જીવ વિશેષ વૃત્તિવાળા, જિજ્ઞાસુ અને પરમપદની મહેચ્છા રાખીને શરણે આવે તેઓને બચાવીને રક્ષણ કરવું જોઈએ.

**તબતે હોહુ સકલ જન સનમુખ, આરતવંત સનેહી;**
**નાહી જરૂર સૂનેકી તિનકુ, જેહી કરતાર અનેહી. ૧૨**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે જ, તેથી **હોહુ** = થઈને, બનીને **સકલ** = સર્વ **જન** = માનવોએ **સનમુખ** = પોતાની વૃત્તિને મુખ સામે પરોવીને, વચનો ઉપર વૃત્તિને સ્થિર કરીને **આરતવંત** = આરતવાળાં, મોક્ષ પ્રાપ્તિની ઈચ્છાવાળાં **સનેહી** = પ્રેમ, સ્નેહ રાખી **નાહી** = નથી **જરૂર** = જરૂર **સૂનેકી** = સાંભળવાની **તિનકુ** = તેમની, જેમની **જેહી** = જેઓ **કરતાર** = સર્જનહાર પ્રત્યે **અનેહી** = પ્રેમ ન રાખનાર, અભાવ ધારણ કરનાર.

## અનુવાદ

**તેટલા માટે જ હે આરતવાન સ્નેહધારણ કરનાર! તમે સર્વ માનવો સન્મુખ**

**થઈને શ્રવણ કરો, પરંતુ જેને સર્જનહાર પ્રત્યે સ્નેહ નથી તેમને શ્રવણ કરવાની જરૂર નથી.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે ખૂબ જ સ્પષ્ટ અને ખુલ્લે ખુલ્લી વાત કરી છે. જીવને કડકપણે સૂચનારૂપે જણાવતાં કહે છે કે જે જીવ દશાની વૃત્તિવાળા છે તથા જેમણે સર્જનહારને મેળવવા માટે હૃદયમાં વ્રેહ જગાડ્યો નથી, તેવા ભૂચરગતિના માનવોએ આવું અલૌકિક કૈવલજ્ઞાન સાંભળવાની જરૂર નથી. એટલે કે, જેમના હૃદયમાં સર્જનહાર પ્રત્યે પ્રેમ છે તેમજ તેમને મેળવાની ઉત્કંઠા અને આરત છે તેવા મુમુક્ષુજનોએ જ પરમગુરુના મુખેથી નીકળેલાં કૈવલજ્ઞાનથી ભરપૂર વચનોને ચિત્ત સન્મુખ રાખી અવશ્ય શ્રવણ કરવાં.

# અંગ ૪
# સંત આચાર્ય બરનનકો

**સત જુગ ત્રેહેતા દ્વાપર કલીકે, જુગ ચતુરકે જેહી;**
**બરનહુ સંત શિરોમણિ તિનકે, સૂનો સકલ ચિત્ત દેહી. ૧**

### શબ્દાર્થ

**સતજુગ** = સતયુગ, ચાર યુગો પૈકીનો પહેલો યુગ, જે સમય દરમિયાન માત્ર સત્‌નો જ પ્રભાવ વિશેષ હતો અને લોકો કપટરહિત હતા તે યુગ ૧૭,૨૮,૦૦૦ વર્ષ હોવાનું મનાય છે, આ યુગનો પ્રારંભ ચૈત્ર સુદિ ત્રીજનો ગણાય છે **ત્રહેતા** = ત્રેતા યુગ, બીજો યુગ, જે સમય દરમિયાન માત્ર તપનો પ્રભાવ હતો અને તેનો ૧૨,૯૬,૦૦૦ વર્ષનો સમયગાળો હોવાનું મનાય છે. આ યુગનો પ્રારંભનો કાર્તિક સુદ નોમથી થાય છે **દ્વાપર**=દ્વાપર યુગ, ચાર યુગ પૈકીનો ત્રીજો યુગ. જેમાં ધર્મ પરાયણતા ઘટતી ગઈ અને યજ્ઞ ફળનો પ્રભાવ વધ્યો. તેનો ૮,૬૪,૦૦૦ વર્ષનો સમયગાળો મનાય છે. આ યુગનો પ્રારંભ વૈશાખ સુદ ૩ને બુધવારના રોજ શરૂ થયો હોવાનું મનાય છે. **કલીકે** = કળિયુગના, ચાર યુગની ચોકડીનો ચોથો યુગ છે, જેમાં અસત્યનો પ્રભાવ વધુ અને ભજન-કીર્તન કરવાનું જ માહાત્મ્ય વધ્યું છે. જેનો ૪,૩૨,૦૦૦ વર્ષનો સમયગાળો ગણાય છે. જે ઈ.સ. ૩૧૦૨ની ફેબ્રુઆરીને શુક્રવારે શરૂ થતો મનાતો તેમજ આરંભ કાર્તિક સુદ ૯ સોમવારે થયો કહેવાય છે. **જુગ** = યુગ, મોટો લંબાણ કાળ વિભાગ, પૌરાણિક રીતે પાડેલા કાળના ચાર મોટાભાગનો દરેક ભાગ. **ચતુરકે** = ચારેયના **જેહી** = જે **બરનહુ** = વર્ણન કરું છું **સંત શિરોમણિ** = શ્રેષ્ઠ સંત પુરુષો **તિનકે** = તેમનું **સૂનો** = સાંભળો, શ્રવણ કરો **સકલ** = સર્વ **ચિત્ત દેહી** = ચિત્ત દઈને, ધ્યાનપૂર્વક, ચિત્તવૃત્તિને સ્થિર કરીને.

### અનુવાદ

**સત્‌યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એ ચારેયયુગમાં જે શ્રેષ્ઠ સંતપુરુષો થયા છે તેમનું હું વર્ણન કરું છું. તે તમે સૌ ચિત્ત દઈને સાંભળો.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે કે સત્‌યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એમ ચાર યુગનો ક્રમ ચાલ્યા કરે છે. તે દરેક યુગમાં ઘણા સંતપુરુષો થઈ ગયા છે. તેમાં જેઓ શ્રેષ્ઠ સંતપુરુષો થઈ ગયા છે, તેવા સંતો અંગે હવે આપણને

આ અંગમાં જણાવે છે. જે સર્વ માહિતી આપણને શુદ્ધ ચિત્ત ધારણ કરીને સાંભળવા માટે તેઓ અનુરોધ કરે છે.

આગળ એક વાત પરમગુરુએ કરી કે, ધર્મમાર્ગમાં ભેખધારી ઠગોનો પ્રભાવ ખૂબ જ વધી ગયેલો છે. તે અંગે ગેરસમજ ન ઊભી થાય અને પ્રતિવાદીઓને શંકાનું સમાધાન થાય તે માટે અહીં ન્યાયિક વચનોનો ઉચ્ચાર કર્યો છે.

ધર્મમાર્ગમાં બધા જ ભેખધારીઓ ઉપર વિશ્વાસ રાખીને સમર્પિત ન થવું તેવું નથી. ચારેય યુગોમાં ઘણા ભેખધારી, શિરોમણી સંતો, આચાર્યો અને ભક્તો એવા પણ થયા છે કે જેઓ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરીને ઉમદા જીવન જીવ્યા છે. તેઓ જીવના ઉત્થાન માટે અને પોતાના કલ્યાણ અર્થે આખું જીવન ધર્મમય રીતે જીવ્યા છે અને પરોપકાર અર્થે પોતાના માનવદેહને સમર્પણ કરીને જગતને સત્યનો માર્ગ ચીંધ્યો છે. આજે પણ ઘણા તેમના ઉપદેશને અનુસરીને પોતાના કલ્યાણ અંગેની પ્રવૃત્તિમાં તરબોળ બની આધ્યાત્મિક લક્ષના પથ ઉપર જીવન જીવે છે.

**ઓરુ આચારજ સહિત ભક્ત સદ, ભિન્ન ભિન્ન કરી ભાખુ;**
**શાહ ઠગનકે લક્ષ સબનકુ, સમજ પરે ત્યૌ દાખુ. ૨**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **આચારજ**=આચાર્યો **સહિત** = તેમજ, સાથે **ભક્ત** = ભક્તો **સદ** = સાચા **ભિન્ન ભિન્ન કરી** = અલગ-અલગ કરીને, જુદી-જુદી રીતે દર્શાવીને **ભાખુ** = દર્શાવું છું, કહુ છું **શાહ** = શાહુકાર, સાચા **ઠગનકે** = ઠગોના, ઠગનારના **લક્ષ** = ઉદ્દેશ **સબનકુ** = સર્વને **સમજ પરે** = સમજણ પડે **ત્યૌ** = તે રીતે **દાખુ** = કહુ છું, જણાવું છું.

### અનુવાદ

**અને આચાર્યો તેમજ સાચા ભક્તોનું જુદી જુદી રીતે વર્ણન કરું છું. તે સર્વમાં કોનો ઉદ્દેશ સાચો કે ઠગનારો છે તેની સમજ પડે તે રીતે દર્શાવું છું.**

### ભાવાર્થ

ચારયુગમાં થઈ ગએલા અલગ-અલગ આચાર્યો સહિત અનેક સાચા ભક્તો થઈ ગયા છે જેમણે સારધાર ભક્તિ કરીને વિશ્વને સાચો માર્ગ ચીંધ્યો છે. તેમની

જુદી જુદી રીતે કેવી ધર્મ પરાયણતા હતી તે વિગતો પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને દર્શાવે છે. તેમજ તે સમય દરમિયાન થઈ ગયેલા આ સર્વ પૈકી કોના ઉદ્દેશો સાચા અને ધર્મનિષ્ઠ હતા તથા કોણ જગતને ઠગનારા હતા. તે અંગેની માહિતી સર્વને સમજ પડે એ પ્રમાણે વિગતવાર દર્શાવે છે.

**સુનકાદિક શિવ શેષ સહિત દરુ, રવિ શશી વિષ્ણુ વિરંચી;**
**એહી ભક્ત નિજ આદ્ય અવન ધર, વેદ વદિત વિત સંચી. ૩**

### શબ્દાર્થ

**સુનકાદિક** = સનકાદિક, બ્રહ્માજીના ચાર માનસ પુત્ર, સનક, સનાતન, સનંદન અને સનતકુમાર **શિવ** = શિવજી **શેષ** = શેષજી-શેષનારાયણ **સહિત** = સાથે, સુદ્ધાં, મળીને **દરુ** = ધ્રુવ-સ્વયંભૂ મનુના પૌત્ર ઉત્તાનપાદ રાજાને તેની સ્ત્રી સુનીતિના પેટે જન્મેલો પુત્ર **રવિ** = સૂર્ય, સૂરજ, સવિતા, ભાસ્કર, આદિત્ય, ભાનુ, દિવાકર, પ્રભાકર, ભાણ તેનાં એક સો આઠ નામ છે **શશી** = ચંદ્ર **વિષ્ણુ** = વિષ્ણુ **વિરંચી** = બ્રહ્મા **એહી** = એમની, એ **ભક્ત** = ભક્તિની રીત, ભક્ત તરીકે કરેલ ભક્તિ **નિજ** = મૂળ, પોતાની સ્વયં **આદ્ય** = પહેલાંની, પ્રથમથી જ **અવન** = પૃથ્વી પર **ધર** = હેતુ ધારણ કરી **વેદ વદિત** = વેદએ ઉચ્ચારેલ, વેદમાં જણાવેલ **વિત્ત** = સાર, વિત્તને, જ્ઞાનને **સંચી**=સંચિત, સંઘરીને, પચાવીને, પ્રાપ્ત કરીને, ગ્રહણ કરીને.

### અનુવાદ

**સનકાદિકો, શિવજી, શેષજી, ધ્રુવ, સૂર્ય, ચંદ્ર, વિષ્ણુ અને બ્રહ્મા સહિતના પૃથ્વીના આદિકાળમાં થઈ ગયેલાં ભક્તોએ વેદના વિત્તને અપનાવ્યો છે.**

### ભાવાર્થ

પૃથ્વીના આદિકાળમાં થઈ ગયેલા સનકાદિકો, શિવજી, શેષજી, ધ્રુવ, સૂર્ય, ચંદ્ર, વિષ્ણુ અને બ્રહ્માજી સહિતના સર્વ વિશેષ અંશોએ પરમ તપશ્ચર્યા કરી છે, તેમાં કોઈ શંકા નથી. વળી તેમના પોતાના કલ્યાણ અને જગતનાં કલ્યાણ અર્થેના કાર્યમાં રત-પ્રીતિ રાખી છે. બ્રહ્માજીના પાંચમા મુખનું છેદન બાદ ચાર વેદના જ્ઞાનનું દોહન કરી વિત્ત રૂપી સારને પ્રાપ્ત કરીને સૃષ્ટિના ક્રમને ધપાવવાનું ઉમદા કાર્ય કરેલ છે. તેઓ પોતે મહાન ધર્મનિષ્ઠ થઈ ગયા અને સંસારના પરમાર્થ અર્થે જીવીને ખ્યાતિ પામી પૂજનીય પદને પામ્યા છે.

**રચિત સ્ત્રષ્ટ પાલન સંઘારન, રહે અવન શિર ધારી;**
**નિજપતિ કે શિર હુકમ નભાવત, ધન્ય તાય બલિહારી. ૪**

### શબ્દાર્થ

**રચિત** = રચાયેલી, રચેલી **સ્ત્રષ્ટ** = સૃષ્ટિ, વિશ્વ, દુનિયા, બ્રહ્માંડ **પાલન** = પાલનપોષણ **સંઘારન** = સંહાર, વિનાશ **રહે** = રહે છે **અવન** = પૃથ્વીને **શિરધારી** = શિર ઉપર ધારણ કરીને **નિજપતિકે** = સર્જનહારનો, વિશ્વ પિતાનો **શિર** = માથે, મસ્તક પર **હુકમ** = આજ્ઞા, આદેશ **નભાવત** = નભાવીને, પાળીને, ફરજ બજાવીને રહ્યા છે **ધન્ય** = ધન્યવાદ ઘટે **તાય** = તેઓને, તેમને **બલિહારી** = વાહ વાહ, સામર્થતાને, બલિદાનને, કુરબાનીને.

### અનુવાદ

**રચાયેલી સૃષ્ટિનું પાલન પોષણ અને સંહાર કરે છે. પૃથ્વીને પોતાના શિર ઉપર ધારણ કરેલી છે. આમ સર્જનહારના આદેશોનું પાલન કરી રહ્યા છે. તેથી તેમના બલિદાનને ધન્યવાદ છે.**

### ભાવાર્થ

સર્જનહારે સ્વયં એકલા હાથે શુદ્ધ સંકલ્પથી પોતાના પ્રકાશરૂપ બ્રહ્મમાં વિરાટ બ્રહ્માંડની રચના કરી છે. તેનો યોગ્ય અને સુવ્યવસ્થિત વહીવટ એક મહાકલ્પ સુધી ચાલે તે માટે વ્યવસ્થા કરી છે. ત્યારબાદ તેનું યોગ્ય નિયમન કરવા વિવિધ દેવોને કાર્ય સોંપીને પોતે બ્રહ્મથી પરે રહે છે અને પોતાની બનાવેલી સૃષ્ટિમાં કદી પણ આવતા નથી.

સૃષ્ટિની શરૂઆતમાં છ મહાદેવ તનુ ઉત્પન્ન કરીને દરેકને અલગ-અલગ વિભૂતિ પ્રદાન કરી વહીવટ સોંપેલ છે, જેમાં વૈરાટના લિંગ રૂપ શિખર ઉપર બ્રહ્માજીને સ્થાપી સૃષ્ટિનો પ્રવાહ ચાલુ રહે તે માટે સંવર્ધનનું કામ, વિષ્ણુને વૈરાટના જમણા ચરણારવિંદ રૂપ શિખર ઉપર બેસાડી પાલન-પોષણ કરવાનું કામ અને વૈરાટના ડાબા ચરણારવિંદ રૂપ શિખર ઉપર શિવજીને સ્થાપીને સર્વનું સંહાર કરવાનું કાર્ય સોંપેલું છે. શેષજી સમગ્ર વૈરાટને શિર ઉપર ધારણ કરી રહ્યા છે. વળી વૈરાટના જમણા હાથ રૂપ શિખર તળે કોરમ દેવ રહ્યા છે અને ડાબા હાથ રૂપ શિખર તળે મિંડક દેવ રહ્યા

છે. આ રીતે દરેક મહાન દેવતાઓ અધોમુખે રહેલા વૈરાટને ધારણ કરીને રહેલા છે.

આમ સર્વ દેવતાઓ પોતાના માલિકે સોંપેલ જવાબદારીને પૂર્ણતઃ વફાદારીપૂર્વક સંભાળી રહ્યા હોવાથી તેમનાં બલિદાનને ધન્યવાદ ઘટે છે.

**સુનકાદિક સુખ તજીત સકલ ઈત, બ્રહ્મ ચરજ ભજનામું;**
**ચંદ્ર સૂર ભવ કરત ઉજેતા, નેક ન લેત વિરામુ. ૫**

### શબ્દાર્થ

**સુનકાદિક** = બ્રહ્માજીના માનસપુત્રો **સુખ તજીત** = અપાર સુખને ત્યજીને **સકલ ઈત** = અહીંના સર્વ **બ્રહ્મચરજ** = બ્રહ્મચર્યનું પાલન કરી **ભજનામું** = તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા, નામ ભજન-સ્મરણ કરવા ત્યાગ કર્યો **ચંદ** = ચંદ્ર **સૂર** = સૂર્ય **ભવ** = પૃથ્વીને **કરત ઉજેતા** = ઉજાસ, પ્રકાશ કરે છે **નેક ન લેત** = સહેજપણ લેતા નથી **વિરામું** = આરામ, વિરામ.

### અનુવાદ

**સુનકાદિક અહીંનાં સર્વ સુખોને ત્યજી દઈ બ્રહ્મચર્યનું પાલન કરી તપશ્ચર્યા કરે છે. ચંદ્ર અને સૂર્ય પૃથ્વી પર પ્રકાશ કરે છે અને સહેજપણ વિરામ લેતા નથી.**

### ભાવાર્થ

બ્રહ્માજીના માનસપુત્રો થોડા મોટા થયા ત્યારે કહેવાય છે કે તેમના મનમાં દ્વિધા ઉત્પન્ન થઈ અને પોતાના પિતાને પૂછવા લાગ્યા કે અમારા પિતા તમે છો તો તમારા પિતા કોણ છે? આવા સવાલોથી બ્રહ્માજી અને આદ્યશક્તિ પણ અચંબો પામ્યા. જ્યારે તેમણે જાણ્યું કે બ્રહ્માજીના પિતા નિરંજન છે જેઓ ધંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા છે. ત્યારે તેઓ પણ બ્રહ્મસદનનું સઘળું સુખ ત્યજી બ્રહ્મચર્યના પ્રતાપે દાદાના પગલે પગલે આગળ વધી પરમપિતાની શોધમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા.

સૂર્ય પણ પૃથ્વીને પ્રકાશ આપી ઉષ્ણતા બક્ષે છે. જ્યારે ચંદ્ર પણ પૃથ્વીને અજવાળું આપી શીતળતા પ્રદાન કરે છે. આમ વિશ્વના સર્જનહારની આજ્ઞાને આધીન થઈ સહેજ પણ આરામ કર્યા સિવાય અહોરાત્રિ બંને દેવો ફરજ બજાવી રહ્યા છે.

**ધ્રુવ અવિચલ તપ કીન બાલક તન, રખત સુત નવ યોગી;**
**ખલક જહાંનકે નરપ હત્યે પણ, કંચિત ભયે ન ભોગી. ૬**

### શબ્દાર્થ

**ધ્રુવ** = રાજા ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ **અવિચલ** = સ્થિર, અચળ, અડગ **તપ** = તપશ્ચર્યા **કીન** = કરી **બાલકતન** = બાળકની અવસ્થામાં, બાળપણમાં, બાલ્યાવસ્થામાં **રખત** = ઋષભદેવના **સુત** = પુત્રો **નવયોગી** = નવ યોગેશ્વર કવિ એટલે શુક્રાચાર્ય, હરિ એટલે નારાયણઋષિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન **ખલક જહાંનકે** = પૃથ્વી પરના સમગ્ર વિસ્તારના **નરપ** = રાજા **હત્યે** = હતા **પણ** = છતાં **કંચિત** = સહેજ પણ, જરા પણ **ભયેન** = ન બન્યા **ભોગી** = ભોગવનારા, ભુક્તમાન કરનાર, સંસારી.

### અનુવાદ

**ધ્રુવજીએ બાલ્યાવસ્થામાં અચળ તપ કર્યું. પૃથ્વીપતિ હોવા છતાં ઋષભદેવના નવ પુત્રો કે જે સહેજ પણ ભોગવિલાસ ભોગવ્યા સિવાય યોગી બન્યા.**

### ભાવાર્થ

પુરાણમાં જણાવ્યા મુજબ ધ્રુવ સ્વયંભૂ મનુના પૌત્ર ઉત્તાનપાદ રાજાને તેની સ્ત્રી સુનીતાને પેટે જન્મેલો હતો. ધ્રુવની માતા સુનીતિ રાજાની માનીતી ન હતી, તેથી ધ્રુવ પણ રાજાને અળખામણો હતો. એક વખત ધ્રુવ રાજાના ખોળામાં બેસવા ગયો ત્યારે રાજાની વહાલી રાણી સુરુચિએ તેને તિરસ્કાર્યો અને પોતાને પેટે જન્મવાનું જણાવ્યું. આથી ધ્રુવ દુઃખી થઈને પોતાની માતા સુનીતિ પાસે ગયો. પરમેશ્વરની કૃપા વિના એવું સુખ મળતું નથી એમ માતાની સમજાવટથી ધ્રુવને લાગી આવ્યું. તે સંસારના સર્વ સુખ ત્યજીને બાલ્યાવસ્થામાં વિષ્ણુની ભક્તિ કરવા ગૃહત્યાગ કરી તપ કરવા ચાલ્યો ગયો. કહેવાય છે કે તેણે વિષ્ણુને થોડા જ સમયમાં પ્રસન્ન કર્યા અને વરદાન પ્રાપ્ત કરી અભયપદ મેળવ્યું.

નાભિ રાજાને સુદેવી નામની સ્ત્રીથી થયેલ પુત્રનું નામ ઋષભ હતું. અગ્નિ અને કૃષિકર્મ શીખવવા અને સાતમી ભૂમિકાનું જ્ઞાન આપવા માટે વિષ્ણુએ લીધેલ ચોવીસ અવતારમાંનો એક અવતાર ગણાય છે. તે મહાન યોગી અને તત્ત્વવેત્તા હતા. નાભિ રાજા ઋષભને રાજ્ય સોંપી તપ કરવા ગયા હતા. ઋષભ રાજાએ

સો યજ્ઞો કરીને તે સમયના સર્વાંગીલયજ્ઞ નામના ઈંદ્રના ગર્વનું ખંડન કર્યું હતું, જેથી આખરે ઈંદ્રે પોતાની જયંતી નામની કન્યા ઋષભ રાજા સાથે પરણાવી. ઋષભદેવ પૃથ્વીપતિ બન્યા અને પોતાના સો દિકરા થયા. તેમાંના ૯૧ બ્રહ્મકર્મ કરવાવાળા ઋષિ હતા અને નવ પરમ બ્રહ્મનિષ્ઠ યોગેશ્વર હતા. ભરત નામનો પુત્ર તેમની સાથે જ રહેતો હતો. આવું રાજ્ય સુખ ત્યજીને નવ યોગેશ્વર મહાન યોગી બન્યા હતા.

**નવયોગેશ્વર :** કવિ (શુક્રાચાર્ય), હરિ (નારાયણ ઋષિ), અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, ધ્રુમિલ, ચમસ અને કરભાજન

**એહી સત જુગકે ભક્ત ભરમ બિન, સારધાર સત સેતુ;**
**તન મન સહિત સનાતનકે જેહી, પતિકે સકલ સહેતુ. ૭**

### શબ્દાર્થ

**એહી** = આ, સર્વ **સતજુગકે** = સતયુગના **ભક્ત** = ભક્તો **ભરમબિન** = ભ્રમણા વગરના **સારધાર** = સાવધાનીપૂર્વક, સંપૂર્ણ રીતે સાવચેતીથી, મનની એકાગ્રતાથી **સતસેતુ** = સત્યના માર્ગે, સત્ય અને ધર્મના સેતુ ઉપર, સત્યના નિયમ પ્રમાણે **તન**-શરીર **મન** = મન અંતઃકરણથી **સહિત** = સાથે **સનાતનકે** = શાશ્વત, પરાપૂર્વથી ચાલ્યું આવતું, અનાદિ **જેહી** = જેઓ **પતિકે** = પતિની **સકલ** = સર્વ **સહેતું** = હેતુપૂર્વક, પ્રેમ સહિત.

### અનુવાદ

**આ સર્વ સતયુગના ભક્તો ભ્રમણા સિવાય સત્ય માર્ગે ચાલીને સારધારપણે તન-મનથી સનાતન પતિની સાથે પ્રીતિ રાખતા હતા.**

### ભાવાર્થ

સતયુગનો અર્થ જ સત્યનું સંપૂર્ણપણે વિશેષ મહત્ત્વ હોય તેવો યુગ. સતયુગના ભક્તો પણ ભોગ વૈભવને ત્યજીને મિથ્યા જ્ઞાનની તાર્કિક ભાવના રહિત શુદ્ધ ભાવે સનાતન પતિની સારધાર ભક્તિ કરતા હતા.

અગાઉ દર્શાવેલ સર્વ મહાન જ્ઞાની અને ધર્મનિષ્ઠ ભક્તો આ યુગના પ્રભાવ પ્રમાણે સત્યવાદી હતા. તેઓ કોઈ પણ પ્રકારની દુન્યવી મોહમાયાથી દૂર રહીને

ભ્રમણાઓથી મુક્ત, જીવન જીવતા. સર્વ વ્યાપક સનાતન બ્રહ્મને સર્વોપરી ગણવામાં આવતું. વળી સગુણ ઉપાસના પણ વ્યવહારમાં હતી નહીં. જેથી સૌ પરાપૂર્વથી ચાલી આવેલ અનાદિ પદને નિજપતિ માનીને પોતાના તન-મન સહિત અત્યંત પ્રેમપૂર્વક ભક્તિ કરતા હતા.

**શુક નારદ પ્રહેલાદ વિભીષણ, વાલ્મીક અંગીરા;**
**અંમ્રીષ આદ્ય ભક્ત ત્રહેતાકે, જપ તપ ભયે સધીરા. ૮**

**શબ્દાર્થ**

**શુક** = શુકદેવ જે વ્યાસના પુત્ર તે બાળ બ્રહ્મચારી, વિદ્વાન અને ગર્ભજ્ઞાની હતા. તે પૂર્વજન્મે પોપટ હતા. **નારદ** = બ્રહ્માના એક માનસપુત્ર જેમનો સ્વભાવ બે જણને આમ તેમ કહીને લડાવી મારનાર ખટપટી દેવર્ષિ બાલ બ્રહ્મચારી રહી પરમાત્માના ધ્યાન અને વિણા વગાડી કીર્તનમાં તે નિમગ્ન રહેતા. **વિભીષણ** = રામચંદ્રજીના સમકાલીન લંકાપતિ રાવણના નાનો ભાઈ જે રામચંદ્રજીનો પૂર્ણ શરણાગત ભક્ત હતો. નામના ઋષિની કૈક્સી નામની સ્ત્રીને કૂખે થયેલ પુત્રોમાં વિભિષણ સૌથી નાનો હતો. તે શૈલુપ નામના ગંધર્વની સરમા નામની કન્યાને પરણ્યો હતો. **વાલ્મીક** = માતાપિતાથી તરછોડાયેલ બાળક ને કાતિલની દૃષ્ટિએ પડતાં તેણે તેને ઉછેર્યો અને તેની પાસે ચોરીનું કામ કરાવવા લાગ્યો. તેઓ એક લૂંટારું તરીકે જંગલમાં ભટકતા હતા. ત્યાં એક મહર્ષિને જોઈને તેની પાસે જે હોય તે માગ્યું. ઋષિએ તેને કહ્યું કે જેને માટે તું પાપ કરે છે તે તારા સગાઓને પૂછી આવ કે તેઓ તારા પાપમાં ભાગીદાર થશે? કુટુંબીજનોને પૂછતાં તેઓએ ના કહી. આથી તેને બહુ દુઃખ થયું અને ઋષિને ચરણે પડ્યો. તે મહર્ષિએ તેને રામનામનો જપ કરવાનું કહી અંતર્ધાન પામ્યા. મહર્ષિ અદૃશ્ય થઈ જતાં તે ત્યાં જ જપ કરતા કરતા એટલા કાળ પર્યંત બેઠો કે તેમના શરીર ઉપર ઊધઈના રાફડા થઈ ગયા. પછી એ જ ઋષિ એ આવી તેને એ રાફડામાંથી કાઢ્યા. રાફડાને સંસ્કૃતમાં વાલ્મીક કહે છે તે ઉપરથી તેનું વાલ્મીકિ નામ પડ્યું. તે પછી તેમની ગણના ઋષિમાં થવા લાગી. તે તમસા નદીને કાંઠે આશ્રમ બાંધી ને રહ્યા. તેમણે તપશ્ચર્યાના પ્રભાવે રામ અવતારની સાઠ હજાર વર્ષ પહેલાં જ દિવ્ય દૃષ્ટિથી રામાયણની રચના કરી તેમ કહેવાય છે. **અંગીરા** = અંગીરાઋષિ, બ્રહ્માના નવ પૈકીના એક માનસપુત્ર. **અંમ્રીષ** = અંબરિષ, અયોધ્યામાં સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાની ૨૮મી પેઢીએ થયેલો ઘણો દાનવીર, શૂરવીર તેમજ ભગવદી રાજા. જેણે સાત દિવસમાં પૃથ્વી જીતી લઈને ચક્રવર્તી બન્યા. તે વિષ્ણુના પરમ ભક્ત હતા અને નિયમમાં બહુ જ ચુસ્ત હતા. **પ્રહલાદ** = ભક્ત પ્રહલાદ. **આદ્ય** = આદિ **ભક્ત** = ભક્ત **ત્રહેતાકે** = ત્રેતાયુગના, ત્રેતાયુગ દરમિયાનના **જપ** = ભજન, સ્મરણ, નામ જપવા, **તપ** = તપશ્ચર્યા કરવી તે **ભયે** = બન્યા **સધીરા** = ધીરજવાન, અડગ, ગંભીર.

## અનુવાદ

**શુકદેવ, નારદ, પ્રહલાદ, વિભીષણ, વાલ્મીક, અંગિરા અને અંબરિષ રાજાની આદ્ય લઈ ત્રેતાયુગમાં જે ભક્તો થયા તે સર્વ જપ, તપ કરીને મહાન ધીર-ગંભીર બન્યા હતા.**

## ભાવાર્થ

શુકદેવ યોગી, દેવ કોટીના સંત નારદજી, ભક્ત પ્રહલાદ, ભક્ત વિભીષણ, વાલ્મીકિ ઋષિ, અંગીરા ઋષિ તથા મહાન અને બળવાન ચક્રવર્તિ રાજા અંબરિષ સહિત સર્વ ત્રેતાયુગના પ્રભાવ મુજબ જપ અને તપશ્ચર્યા કરીને મહાન ધુરંધર બન્યા હતા.

**શુકકે તપ વન વૃક્ષ સરાયન, નારદ કિરત ભજનહી;**
**શિર માટે સમરણ પ્રહલાદન, બોહોતક તાત રજનહી. ૯**

### શબ્દાર્થ

**શુકકે** = શુકદેવજીના **તપ** = તપશ્ચર્યાની **વનવૃક્ષ** = વનનાં વૃક્ષો **સરાયન** = સરાહના કરતા હતાં વખાણ કરતાં હતાં **નારદ** = નારદમુનિ **કિરત** = કીર્તન **ભજનહી** = ભજન કરતા **શિર માટે** = પોતાના શિર માટે મૃત્યુની પરવા કર્યા વિના **સમરણ** = સ્મરણ, પ્રભુભક્તિ **પ્રહલાદન** = પ્રહલાદને **બોહોતક** = બહુ જ, વિશેષરૂપે, અતિશય, ખૂબ જ **તાત** = પિતાએ **રજનહી** = રંજાડતા, દુઃખ દેતા, કનડગત કરતા.

## અનુવાદ

**શુકદેવના તપનાં વખાણ જંગલનાં વૃક્ષો પણ કરતાં હતાં. નારદજી ભજન-કીર્તન કરતા અને ભક્ત પ્રહલાદને તેના પિતા ખૂબ દુઃખ દેતા છતાં મૃત્યુની પરવા કર્યા વિના પ્રભુ ભક્તિ કરતા હતા.**

## ભાવાર્થ

ત્રેતાયુગમાં થઈ ગયેલાં ભક્તજનોની વિશેષતા ઘણી હતી. જંગલના વૃક્ષો પણ શુકદેવજીની પરમ તપશ્ચર્યાનાં વખાણ કરતાં હતાં. નારદજી બ્રહ્મચારીરૂપે

રહી પરમાત્માના ધ્યાન અને કીર્તનમાં નિમગ્ન રહેતા તથા ત્રિલોકમાં આવાગમન કરી શકતા, દેવર્ષિઓમાં તેઓ મુખ્ય ગણાતા હતા. ભક્ત પ્રહલાદને તેના પિતા હિરણ્યકશ્યપુએ કનડગત કરવામાં અર્થાત્ પ્રભુ ભક્તિ કરતા રોકવા માટે દુઃખ દેવામાં કંઈ જ બાકી રાખ્યું ન હતું. છતાં પોતાની અડગ શ્રદ્ધા અને ભક્તિના પ્રતાપે તેઓએ પોતાના મૃત્યુની પરવા કર્યા વગર પ્રભુની ભક્તિ કરી હતી.

**ભયે વિભીષણ ભ્રાત વિમુખ તજ, ગયે શરણ રામનકી;**
**શ્રેષ્ઠ બંધવ રજતાય ડરપકી, ગની ન આંચ અમલકી. ૧૦**

### શબ્દાર્થ

**ભયે** = થયા **વિભીષણ** = વિભીષણ **ભ્રાત** = ભાઈથી **વિમૂખ** = અલગ, વિરુદ્ધ, પ્રતિકૂળ **તજ** = ત્યાગ કરીને, છોડીને **ગયે** = ગયા **શરણ** = શરણમાં, આશ્રય **રામનકી** = રામચંદ્રજીના **શ્રેષ્ઠ બંધવ** = મોટાભાઈ **રજતાય** = રંજાડ, રાજકીય દંડ **ડરપકી** = ડરની, ભયની **ગનીન** = ન ગણી, ગણતરીમાં ન લીધી, દરકાર ન કરી, પરવાહ વગર, **આંચ** = ધમકી, ત્રાસ **અમલકી** = હકૂમતની, સત્તાની.

### અનુવાદ

**વિભીષણ, મોટાભાઈની રાજકીય અમલનો ડર છોડીને તથા ધમકીની પરવા કર્યા વિના ભાઈની વિરુદ્ધ જઈ રામના શરણે ગયા હતા.**

### ભાવાર્થ

લંકાપતિ રાવણ પોતાની તપશ્ચર્યા અને મળેલા દૈવી વરદાનના બળે નશામાં આવી સર્વ દેવ-દેવતાઓ સહિત સમગ્ર પ્રજાને પણ રંજાડતો હતો. તેનું વર્તન અન્યાયી અને કલંકિત હતું. તેના નાના ભાઈ વિભીષણ રાવણના આવા અમાનુષી અને અન્યાયી વલણ સામે નારાજ હતા, જેથી રાવણની રાજસત્તાના અમલની અને શૂરવીરતાની પરવા કર્યા વિના પોતાના મોટાભાઈની વિરુદ્ધ જઈ અયોધ્યા નરેશ દશરથના પુત્ર શ્રી રામચંદ્રજીને સાથ આપીને તેમને શરણે ગયા હતા. આમ, અધર્મનો પક્ષ ત્યજીને ધર્મનો ન્યાયી પક્ષ સ્વીકાર્યો હતો.

**વાલ્મીક વનખંડ વિપનકે, રામ રટન જશ ભાખે;**
**ઉંમર ધર સરભર તન તજ લગ, આંન કરત નહીં ચાખે. ૧૧**

### શબ્દાર્થ

**વાલ્મીક** = વાલ્મીકિ ઋષિ **વનખંડ** = જંગલમાં **વિપનકે** = વિતાવીને, જીવન વિતાવ્યું **રામરટન** = શ્રીરામના રટણનું, રામના નામનું **જશ** = યશકીર્તનની **ભાખે** = દર્શાવ્યું, રચના કરી, બોલ્યા **ઉમરધર**=ઉંમરભર, જીવંતપર્યંત **સરભર**=એકસરખું, સરભર, સરખેસરખું **તન**=શરીર **તજલગ**=તજવા સુધી, મૃત્યુપર્યંત **આંન**=અન્ય, બીજી **કરત**=કાર્ય **નહીં ચાખે**=ચાખ્યું નહીં, સ્વાદ માણ્યો નહીં.

### અનુવાદ

**વાલ્મીકિએ જિંદગી વનખંડમાં જ વિતાવીને શ્રીરામના જ યશગાન ગાયા છે. જીવંતપર્યંત પોતાના દેહના મૃત્યુ સુધી અન્ય કાંઈ કાર્ય કર્યું નહીં.**

### ભાવાર્થ

વાલ્મીકિ ઋષિના ઉત્પત્તિથી માંડીને જીવન પરિવર્તનની કહાણી અજબ છે. વાલિયા લુટારામાંથી મહર્ષિના એક સંકેતને લઈ તેમની જિંદગીમાં અદ્‌ભુત વળાંક આવી ગયો હતો. જેની ધાક સમગ્ર જંગલમાં વર્તાતી હતી તેવા લુટારાને આજે સમગ્ર વિશ્વની પ્રજા યશ અને પરોપકારી કાર્ય માટે સન્માને છે. પોતાના કરેલા કર્મોના પ્રાયશ્ચિત થયા પછી પોતે તપસ્વી બન્યા અને માત્ર શ્રીરામનું જ રટણ કરતા રહ્યા. કહેવાય છે કે રામના ૬૦ હજાર વર્ષ પહેલાં તેમણે દિવ્ય દૃષ્ટિથી મહાન રામાયણ ગ્રંથની રચના કરી હતી અને પોતાના શરીરના છેલ્લા શ્વાસ સુધી માત્રને માત્ર શ્રી રામના જ યશ-ગુણગાન ગાયા છે તે સિવાય અન્ય કોઈ પણ કર્મ કર્યું નથી.

**અંગીરા અનુકરમ ભરમસે, અલગ સદા જુગ સેતી;**
**રહે સનાતનકે જેહી સનમુખ, પાવન પર પરમેતી. ૧૨**

### શબ્દાર્થ

**અંગીરા** = અંગીરા ઋષિ **અનુકરમ** = એક પછી એક, અનેક **ભરમસે** = ભ્રમણાઓથી

**અલગ** = જુદા, ભિન્ન **સદા** = હમેશાં, સદાને માટે **જુગ** = જગત **સેતી** = લગતી સંબંધી **રહે** = રહ્યા **સનાતનકે** = સનાતન, શાશ્વત **આદિ** = અનાદિના **જેહી** = તેમના **સનમુખ** = સામે, સન્મુખ પ્રત્યક્ષ **પાવન** = પવિત્ર, પ્રાપ્ત કરવા **પદ** = સ્થાન, ધામ **પરમેતિ** = પરમશ્રેષ્ઠ, છેવટનું પરમપદ.

## અનુવાદ

**અંગીરા ઋષિ જગતની અનેક ભ્રમણાઓથી હમેશાંને માટે અલગ રહીને પરમપદ પ્રાપ્ત કરવા સનાતનના સન્મુખ રહેતા હતા.**

## ભાવાર્થ

અંગીરા ઋષિ પોતાની તપશ્ચર્યાના પ્રભાવથી જગતની જંજાળમાં પડ્યા ન હતા. જગતની ભ્રમણાયુક્ત ઉપાસનાઓની જાળમાં ફસાયા સિવાય પોતે તદ્દન અલિપ્ત રહેતા હતા. સત્ય અને શાશ્વત જે પાવનકારી પરમપદ છે તે પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી પોતાના હૃદયમાં લગની લગાવી રહ્યા હતા. આ રીતે પરમપદને પ્રાપ્ત કરવા માટે તેઓ હમેશાં સનાતન પતિનું પદ છે એમ માની પોતાની વૃત્તિને હમેશાં તેમની સન્મુખ જોડીને રહેતા હતા.

**અમરીષ વ્રત કે રખ દુરવાસા, નેમ ચુકાવન ગયેઉ;**
**પણ નહીં ટેક તજી તીનકી પર, ચક્ર સુદર્શન થયેઉ. ૧૩**

### શબ્દાર્થ

**અમરીષ** = અંબરીષ રાજાનું **વ્રતકે** = વ્રતને, નિયમપૂર્વક આચરવામાં આવતું પૂર્ણ કર્મ, નિયમ પાળવા માટેની પ્રતિજ્ઞા **રખ** = રાખવું, રાખેલી **દુરવાસા** = દુર્વાસા મુનિ **નેમ** = તે નિયમને **ચુકાવત** = ચુકાવવા, ભંગ કરવા **ગયેઉ** = ગયા હતા **પણ** = પરંતુ **નહીં ટેક તજી** = પ્રતિજ્ઞા તજી નહીં, વ્રતનો ભંગ કર્યો નહીં **તીનકી પર** = તેમના ઉપર **ચક્ર સુદર્શન** = સુદર્શન ચક્ર, વિષ્ણુના એક હાથે ધારણ કરેલ ચક્ર **થયેઉ** = થયું, પાછળ પડ્યું.

## અનુવાદ

**અંબરીષના વ્રતને ભંગ કરાવવા દુર્વાસા ગયા હતા. પણ સુદર્શન ચક્ર તેમની**

**પાછળ પડ્યું પણ તેમણે વ્રત અને નિયમને છોડ્યો નહીં.**

### ભાવાર્થ

અંબરીષ રાજા ખૂબ જ પરાક્રમી અને ચક્રવર્તી રાજા હતા. તેઓ પોતાના લીધેલ નિયમમાં ખૂબ જ ચુસ્ત હતા અને પોતે યોગ્ય સેવક તરીકેનું જીવન જીવતા.

એક દિવસ એમના નિયમ પ્રમાણે એમણે કાર્તિક માસમાં ત્રિદિનાત્મક નામનું વ્રત કર્યું હતું ત્યારે બારસને દિવસે એમને ઘરે દુર્વાસા ઋષિ અતિથિ તરીકે આવ્યા હતા, જેથી તેમને જમવાનું આમંત્રણ આપીને રોક્યા. દુર્વાસા તથાસ્તુ કરી નદી તીરે નિત્ય કર્મ કરવા ચાલ્યા ગયા. તે દિવસે બારસની તિથિનો થોડો કાળ (શ્રય) થવાનો હતો, તે બાબત અંગે ઋષિને ખબર ન હતી. અંબરીષે પણ દુર્વાસાને તેની જાણ કરી નહીં. દુર્વાસા ઋષિના આવતા પહેલાં બારસ પૂરી થઈ જશે એમ ધારીને અંબરીષે દેવને નૈવેદ્ય ધરાવ્યું અને વ્રતભંગ ન થાય તે માટે દેવનું ચરણામૃત લઈ તેનું પારણું કર્યું. જોકે તેણે દુર્વાસા ઋષિને મૂકીને ભોજન કર્યું નહીં. છતાં દુર્વાસા ક્રોધિત થયા અને પોતાની જટામાંથી એક લટ તોડી કૃત્યા નામની મેલી દેવી ઉપજાવીને અંબરીષ રાજાને મારવા માટે મોકલી. રાજાના શરીરને તે સ્પર્શ કરે તે પહેલાં વિષ્ણુના સુદર્શન ચક્રે આવીને કૃત્યાનો નાશ કર્યો અને ચક્ર દુર્વાસા ઋષિની પાછળ પડ્યું, પરંતુ ચક્ર પણ ઋષિના તપના પ્રભાવને લીધે તેના શરીરને સ્પર્શ કરી શક્યુ નહીં. ઋષિ ત્યાંથી નીકળ્યા એટલે ચક્ર પણ એમની પાછળ પડ્યું. ચક્રથી બચવા માટે દુર્વાસા ઋષિ વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ કહ્યું કે તમે અંબરીષ રાજા પાસે જાઓ. તેમણે તમારા વગર ભોજન કર્યું નથી. આવા વિષ્ણુના બોલ સાંભળી દુર્વાસા વિમાસણમાં પડ્યા અને દુર્વાસા ઋષિ, અંબરીષને ત્યાં ગયા. દુર્વાસાને પાછા આવેલા જોઈ અંબરીષ રાજા આનંદ પામીને સુદર્શન ચક્રની બહુ પ્રકારે સ્તુતિ કરી, જેથી સુદર્શન ચક્રે દુર્વાસા ઋષિનો પીછો છોડ્યો. દુર્વાસા ઋષિને સારી રીતે જમાડ્યા બાદ તે પોતે જમ્યા અને દુર્વાસા ઋષિને સંતોષ આપીને પ્રેમથી વળાવ્યા.

**સંત રાઘવનંદનકે નિજ, ભયે ચતુરજન જેહી;**
**રામાનુજ નિમાનુજ માધવ, વિષ્ણુસામ સદ્ તેહી. ૧૪**

### શબ્દાર્થ

**સંત રાઘવાનંદનકે** = સંત રાઘવાનંદનના **નિજ** = પોતાના **ભયે** = થયા **ચતુરજન** = ચાર શિષ્યો, સત્ પુરુષો **જેહી** = જેઓ **રામાનુજ** = રામાનુજ **નિમાનુજ** = નિમાનુજ **માધવ** = માધવાચાર્ય **વિષ્ણુ સામ** = વિષ્ણુશ્યામ **સદ્** = સાચા **તેહી** = તે.

### અનુવાદ

**સંત રાઘવાનંદજીના જે ચાર સત્પુરુષો થઈ ગયા જેમાં રામાનુજ, નિમાનુજ, માધવાચાર્ય અને વિષ્ણુશ્યામ હતા.**

### ભાવાર્થ

મહાન સંત રાઘવાનંદજીના અપાર (ઘણા) શિષ્યોમાં ચાર શ્રેષ્ઠ શિષ્યો થઈ ગયા. આ ચારેય શિષ્યો ખૂબ જ વિદ્વાન અને વેદના સંપૂર્ણ વેત્તા હતા. બ્રહ્મને સર્વોપરી સ્થાપીને બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મવેત્તા પુરુષોએ પોતેપોતાની અંગત વિદ્વતા મુજબ અલગ-અલગ મતપંથોની સ્થાપના કરીને જગતને બ્રહ્મની ભ્રમણામાં ભરમાયા હતા. જેથી રામાનુજ સ્વામીએ પોતાના મહાન મતના આધારે એક અદ્વૈત સિદ્ધાંતથી પર ન્હેઃકર્મી ઉપદેશ આપ્યો છે અને બ્રહ્મજ્ઞાનનું ખંડન કરી ભક્તિ તથા ત્યાગનું પ્રતિપાદન કરી અલગ મત દર્શાવ્યો. નિમાનુજ, માધવાચાર્ય અને વિષ્ણુશ્યામે પણ પોતપોતાની વિદ્વતા મુજબ ધર્મપરાયણ માનવોને ભક્તિ દર્શાવી અલગ-અલગ સંપ્રદાયોની સ્થાપના કરી છે.

**ઓરુ ઉધવ અકરુર નામદેવ, પીપા રંકા સેની;**
**મહેતા તુલસી સુરજે દેવા, કીરત વદીત જુગ જેહેની. ૧૫**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **ઉધવ** = ઉદ્ધવજી **અકરુર** = અક્રુર **નામદેવ** = નામદેવ **પીપા** = પીપાજી **રંકા** = રંકાવંકા **સેની** = સૈનભગત **મહેતા** = નરસિંહ મહેતા **તુલસી** = સંત તુલસીદાસ **સુરજે દેવા** = સૂરજદેવ **કીરત** = કીર્તિ, યશ, **વદીત** = ગવાય છે, બોલે છે, ફેલાયેલી છે **જુગ** = જગતમાં **જહેની** = જેમની .

### અનુવાદ

**અને ઉદ્ધવજી, અક્રુર, નામદેવ, પીપાજી, રંકાવંકા, સૈનભગત, નરસિંહ મહેતા, તુલસીદાસ અને સૂરજદેવ વગેરે ભક્તોની કીર્તિ આ વિશ્વમાં ગવાય છે.**

### ભાવાર્થ

ઈતિહાસને તપાસતાં માલુમ પડે છે કે ધર્મમાર્ગમાં જેને માત્ર પોતાના ઈષ્ટદેવની ભક્તિ સિવાય બીજી કોઈ પણ લૌકિક બાબતમાં પોતાની ચિત્તવૃત્તિ સ્થિર કરી જ ન હતી એવા ભક્તો થઈ ગયા છે. એવા ધર્મપરાયણ ઉદ્ધવજી, અક્રુર, નામદેવ, પીપાજી, રંકાવંકા, સૈનભગત, નરસિંહ મહેતા, તુલસીદાસ અને સૂરજદેવ વગેરે ભક્તોની કીર્તિ આજે પણ વિશ્વમાં ગવાય છે.

**ઔર ભક્ત અગણિત આદ્ય લ્યો, સબકે મહોર કબીરા;**
**જીનકી ગતમત અગમ અગોચર, અથાહ ગમ ગંભીરા. ૧૬**

#### શબ્દાર્થ

**ઔર** = અને, વળી **ભક્ત** = ભક્તો **અગણિત** = અપાર, અસંખ્ય **આદ્ય લ્યૌ** = અગાઉ દર્શાવ્યા સહિતના **સબકે** = બધાથી, સર્વથી **મહોર** = શ્રેષ્ઠ, જ્ઞાની, મોખરે **કબીરા** = કબીર સાહેબ **જીનકી** = જેઓની **ગતમત** = ગતિ અને મતિ, સૂઝ અને બુદ્ધિ **અગમ** = અગમ્ય **અગોચર** = ઈંદ્રિયાતીત, **અથાહ** = થાહ વગરનું, અગાધ **ગમ** = સમજ **જ્ઞાન** = સૂઝ **ગંભીરા** = ઊંડું, ધીર ગંભીર.

### અનુવાદ

**અગાઉ દર્શાવ્યા તે ઉપરાંત અનેક ભક્તો થયા, પરંતુ સર્વથી શ્રેષ્ઠ સંત કબીર છે. કારણ કે તેમની ગતિ અને મતિ અગમ અને અગોચર હોવાથી તેઓ જ્ઞાનમાં ખૂબ જ ધીર ગંભીર હતા.**

### ભાવાર્થ

અગાઉ જેનું વર્ણન કરવામાં આવ્યું તેવા દ્વાપર યુગના મહાન સંતો અને ભક્તો સહિત બીજા અનેક સંત-ભક્ત ધર્મમાર્ગમાં થયેલા છે. એવા તમામ સંત-ભક્ત

આચાર્યોમાં મહાન જ્ઞાની અને શ્રેષ્ઠ સંત કબીરસાહેબ છે. કારણ કે, તેમની અંગત સૂઝ અને બુદ્ધિ અગમ્ય ગતિની સાથે જોડાયેલી છે. વળી શરીરના મૂળ પાંચ તત્ત્વો, ત્રણ ઇંદ્રિયો, અંતઃકરણ એ સર્વથી તીત, વિત્ત રૂપે રહેલ અંશની સમજ આપનારુ તેમનું અગાધ જ્ઞાન છે. વળી નિર્ણયપૂર્વક અને ન્યાયના આધારે તેમને પ્રતિપાદિત કર્યું છે કે આ શરીરમાં રહેલો ચૈતનઅંશ એ વિશ્વના સર્જનહારના વંશનો છે. આવું બ્રહ્મથી પરે રહેલા પરમપદ અંગેનો સંકેત તેમણે વિશ્વને દર્શાવ્યો છે. વેદથી ચાલી આવેલી બ્રહ્મની સર્વોપરીતાના મતથી અલગ નવો રાહ ચીંધ્યો છે.

**એહી પરજા દ્વાપર સંતનકી, કલિયુગ કીયે પસારા;**
**આદ્ય બોધ દ્વાપર ગુરુ કે નિજ, અબલગી જીનું વિસ્તારા. ૧૭**

### શબ્દાર્થ

**એહી** = આ સર્વ **પરજા** = પ્રજા, ઉત્પત્તિ **દ્વાપર** = દ્વાપર યુગના **સંતનકી** = સંતોની **કલિયુગ** = કળિયુગમાં **કીયે** = કર્યો, થયો **પસારા** = પસારો, ફેલાવો, વૃદ્ધિ **આદ્ય** = આદિ, મૂળ, પુરાણું **બોધ** = ઉપદેશ સમજ **દ્વાપર** = દ્વાપર યુગના **ગુરુકે** = ગુરુઓનો **નિજ** = મૂળ, અસલ, તેઓનો, તેમનો **અબલગી** = અત્યાર સુધી **જીનું** = જેનો **વિસ્તાર** = વિસ્તાર, ફેલાવો, પ્રસારો.

### અનુવાદ

**આ સર્વ સંતો દ્વાપરયુગમાં થઈ ગયા હતા, જેમનો પ્રચાર કળિયુગમાં થયો છે. દ્વાપરયુગના નિજ ગુરુઓના આદિ ઉપદેશનો વિસ્તાર હજુ સુધી થઈ રહેલો છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબના સર્વ સંત, ભક્ત, આચાર્ય દ્વાપરયુગમાં થઈ ગયેલા છે. જેમના આપેલા જ્ઞાન અને ઉપદેશનો ફેલાવો કળિયુગના સમય દરમિયાન વિશેષ પ્રભાવિત બન્યો છે. આમ મૂળ તો આ સંતો-ગુરુઓ દ્વાપરયુગના છે. જેથી તેમનું જ્ઞાન પણ દ્વાપરયુગનું જ કહેવાય, પરંતુ તેનો પ્રચાર હાલમાં ચાલતા કળિયુગના સમયમાં જણાય છે. આમ કળિયુગના જીવમાં ધર્મ માર્ગે જ્ઞાનની ઊંડી સમજના અભાવે ભક્તોમાં ભજન-કીર્તનનો વિશેષ મહિમા વધ્યો છે.

**દ્વાદશ પંથ સંપ્રદાય ચારી, વારી ધરુ તન મનહી;**
**જીનકી ટેક એક સમદર્શન, નંદિક નહીં કોહુ જનહી. ૧૮**

### શબ્દાર્થ

**દ્વાદશ પંથ** = બાર પંથ **સંપ્રદાયચારી** = ચાર સંપ્રદાય **વારી ધરુ** = ન્યોછાવર કરું છું, સમર્પિત કરું છું **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **હી** = પણ **જીનકી** = જેઓની **ટેક** = નેમ, નિયમ, નિશ્ચય, સંકલ્પની દૃઢતા, ટેકીલાપણું, પ્રતિજ્ઞા, બુદ્ધિતા **એક** = એકસરખી, સમાન **સમદર્શન** = સમાન દૃષ્ટિ, નિષ્પક્ષતા, શુદ્ધ ન્યાયિક **નંદિક** = નિંદનીય વૃત્તિવાળા, નિંદા કરનાર, ગીબતખોર **નહીં** = નહીં, નથી **કોહુ** = કોઈ **જનહી** = મનુષ્ય.

### અનુવાદ

**બારપંથ અને ચાર સંપ્રદાય પ્રત્યે હું મારુ તન અને મન વારી ધરું છું. કારણકે તેઓનો ટેક એક સરખો જ હતો અને તેઓ કોઈ મનુષ્યની નિંદા કરતાં ન હતા.**

### ભાવાર્થ

દ્વાપરયુગના પ્રચલિત બાર પંથ અને ચાર સંપ્રદાય ભક્તિમાર્ગમાં વિશેષ પ્રભુત્વ ધરાવતા હોવા છતાં તેમના સિદ્ધાંતમાં શુદ્ધ ન્યાય જોવા મળતો, તેમજ તે સમયના તેમના અનુયાયી ભક્તો પણ તેટલા જ ધર્મપ્રિય હતા. તેઓ અન્યની જરા પણ નિંદા કરતાં ન હતા. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર, તન-મન ન્યોછાવર કરીને તેમને ધન્યવાદ આપે છે.

**તબતે જેહી નિજ સંત અસલકે, સંપ્રદાય ગુરુ સરકે;**
**એહી સબ ભેખ નવીન નહીં ક્લીકે, મુલ ઉપજ દ્વાપરકે. ૧૯**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેટલા માટે **જેહી** = જે થઈ ગયેલા, જેઓ **નિજ** = મૂળ, આદિ, પ્રથમ **સંત** = સંતો **અસલકે** = પ્રાચીન, અગાઉના વખતના, વાસ્તવિક, પુરાતન **સંપ્રદાય** = મતપંથના, પક્ષના **ગુરુ** = ગુરુ, વડા, ધર્મજ્ઞ **સરકે** = સર્વશ્રેષ્ઠ, આરંભનો, ઉપરી **એહી** = તે **સબ** = સર્વ **ભેખ** = ભેખ,

સંન્યાસ, ભેખને ધારણ કરનાર **નવીન નહીં** = નવા નથી **કલીકે** = કળિયુગના **મૂલ** = મૂળ **ઉપજ** = ઉત્પત્તિ **દ્વાપરકે** = દ્વાપરયુગના.

## અનુવાદ

**તેટલા માટે જે થઈ ગયેલા સંતો આદિના છે અને સંપ્રદાયના આરંભના ગુરુ છે. એ સર્વ ભેખ કળિયુગના નવા નથી, પરંતુ તેમની મૂળ ઉત્પત્તિ તો દ્વાપરયુગની જ છે.**

## ભાવાર્થ

જેથી એવા મહાન સંતપુરુષોને પ્રાચીન સંતોની હરોળમાં મૂકવામાં આવેલા છે. એવા જ્ઞાની પુરુષ જે તે સંપ્રદાયના આદ્યસ્થાપક હોવાથી તેઓ જે તે પંથના મૂળ ધર્મગુરુ તરીકે ગણના પામેલા છે. એવા સર્વ ભેખધારી મહાન પુરુષો કળિયુગના નવી ઉત્પત્તિના ન ગણતાં તેઓની મૂળ ઉત્પત્તિ તો દ્વાપરયુગની જ છે. તેટલા માટે જ આવા અગાઉના યુગના થઈ ગયેલા ભેખધારીઓને અર્વાચીન કળિયુગના ભેખની ગણતરીમાં ન લઈ શકાય.

**જ્યૌ અવતાર કૃષ્ણ દ્વાપરકે, કલિમે કિરત બઢાઈ;**
**એહી પરકાર સંત પણ તબકે, અબકે ગયે ફેલાઈ. ૨૦**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમકે, જેવી રીતે **અવતાર** = જન્મ, દેહ ધારણ કરવો **કૃષ્ણ** = શ્રીકૃષ્ણ **દ્વાપરકે** = દ્વાપરયુગના **કલિમે** = કળિયુગમાં **કિરત** = કીર્તિ **બઢાઈ** = ફેલાવો થવો, વધી **એહી પરકાર** = એ પ્રમાણે **સંત** = સંત **પણ** = પણ **તબકે** = ત્યારના, તે વખતના, પુરાણા, **અબકે** = હાલના, અર્વાચીન, અત્યારના **ગયે** = ગયા **ફેલાઈ** = વિસ્તાર પામ્યા.

## અનુવાદ

**શ્રીકૃષ્ણે દ્વાપરયુગમાં અવતાર લીધો હતો, પરંતુ કળિયુગમાં તેમની કીર્તિ વધી. તે જ પ્રમાણે સંતો પણ ત્યારના હોવા છતાં અત્યારે યશ ફેલાયો છે.**

## ભાવાર્થ

જેવી રીતે વિષ્ણુના દશ અવતાર પૈકીના શ્રીકૃષ્ણનો જન્મ કંસ રાજાના કારાવાસમાં થયો હતો. એ સમય પણ દ્વાપરયુગનો હતો. તેમ છતાં દ્વાપરયુગમાં તેમની યશ કીર્તિ જેટલી ધર્મ જગતમાં પ્રસરી હતી, તેનાથી અધિક કળિયુગના સમયમાં અતિ વિશેષ પ્રમાણમાં વધી છે અને તેમના ગુણગાન ગવાતા નજરે પડે છે. તેવી જ રીતે આગળ વર્ણવેલા પ્રાચીન સંત પુરુષો અને આચાર્યો દ્વાપરયુગમાં જ થઈ ગયેલા હતા. છતાં તેમની વાહ વાહ અત્યારે કળિયુગના સમયમાં વધુ ફેલાઈ છે - પ્રસરી છે.

**સતજુગમે સત તપ ત્રેહેતામે, એહી ઉભયે જુગ જનહી;**
**દ્વાપર ધ્યાન માનસી પૂજન, કળિયુગ કિરત ભજનહી. ૨૧**

### શબ્દાર્થ

**સતજુગમે** = સતયુગમાં **સત** = સત્યનો **તપ** = તપનો **ત્રહેતામે** = ત્રેતાયુગમાં **એહી** = એ પ્રમાણે **ઉભયે** = બંને **જુગ** = યુગોમાં **જનહી** = જાણવો, જણાય છે **દ્વાપર** = દ્વાપરયુગમાં **ધ્યાન** = ચિંતન, એકાગ્રતા, સમાધિસ્થ, ભક્તિમાર્ગમાં નવમાંહેનો એક પ્રકાર, **માનસી પૂજન** = માનસ પૂજા **કળિયુગ** = કળિયુગમાં **કિરત** = કીર્તન, ગાયન અને સંગીત સાથેનું ઈશ્વરનું ગુણ વર્ણન, ભજન, સ્તુતિ, યશોગાન, પ્રશંસા, વખાણ **ભજનહી** = નામ સ્મરણ, પદ, ગરબી, લાવણી, અષ્ટક, ચાલીસા વગેરે ભક્તિ યુક્ત રચના, પ્રાર્થના સ્તુતિ.

## અનુવાદ

**સતયુગમાં સત્યનું અને ત્રેતાયુગમાં તપનું એમ બંને યુગોમાં માહાત્મ્ય જણાય છે. દ્વાપરયુગમાં માનસપૂજા અને કળિયુગમાં ભજન કીર્તન રહ્યું છે.**

## ભાવાર્થ

સર્જનહાર દ્વારા રચાયેલ જગતમાં કાળ - સમયનો પ્રભાવ જે તે સમય દરમિયાન માણસના વ્યવહારમાં દેખાઈ આવે છે - અસર કરે છે.

સતયુગના સમય દરમિયાન માનવી મુખ્યત્વે સત્યને કેન્દ્રસ્થાને રાખી પોતાનું જીવન જીવતો હતો. સત્ય માટે તેઓ પોતાના પ્રાણની પણ આહુતિ આપવા તૈયાર રહેતા હતા. તેમજ પોતાની કે પોતાના કુટુંબની પરવા કર્યા સિવાય સત્યના પથ

ઉપર પ્રયાણ કરીને પ્રભુ ભક્તિ કરતા હતા.

ત્રેતાયુગમાં સત્યનો પ્રભાવ ઘટ્યો અને ધર્મ પારાયણ પ્રજા કષ્ટ વેઠીને જપ, તપ સાધના વગેરે કરી સિદ્ધિઓ મેળવીને પ્રભુપદ પામવાનો પ્રભાવ વધતો ગયો. ઘણા યોગીઓ પ્રણવની સાધના કુંભસ્થ દશામાં રહી હજારો વર્ષ સુધી તપશ્ચર્યા કરતા હતા.

દ્વાપરયુગમાં ચિત્તને એકાગ્ર કરીને ધ્યાન સમાધિસ્થ રહીને પરમેશ્વરને પ્રાપ્ત કરવા માટે મન વડે કરેલ પૂજાનો પ્રભાવ વધતો ગયો.

કળિયુગમાં અગાઉના ત્રણે યુગોના પ્રભાવવાળી પ્રવૃત્તિઓ મંદ પડી ગઈ અને ધર્મમાર્ગમાં જૂઠ અને કપટનો પ્રભાવ વધતો ગયો. ભક્તિમાં સહેલી અને સરળ ધાર્મિક ક્રિયાઓ જેવી કે ગાયકી અને સંગીતનો સાથ લઈને ઈશ્વરના તથા દેહધારી મહાપુરુષોના ગુણગાન કરવાની પ્રવૃત્તિઓનો પ્રભાવ વધતો ગયો. આ રીતે પાખંડી ધર્માચાર્યોના છળકપટમાં આવીને ભક્તો, ભૌતિક સુખાકારી મેળવવા બનાવટી ભગવાનની જાળમાં ફસાતા ગયા છે.

**એહી વહીવટ નિજ પરમપરાકે, જુગ વહેવાર કહેવું;**
**ખુદ કર્તાકી જાણ્ય જેહુનતે, તીનતે અલગ રહેવું. ૨૨**

### શબ્દાર્થ

**એહી** = એ પ્રમાણે **વહીવટ** = પદ્ધતિ, શિરસ્તો, **નિજ** = મૂળ, આદિ **પરમપરાકે** = પરંપરાથી, ચાલી આવેલ, અગાઉથી ચાલતો આવતો **જુગ** = જગતનો, યુગોથી **વહેવાર** = વહેવાર, આચાર, રિવાજ, વર્તણૂંક, **કહેવું** = કહેવાય છે, કહ્યો **ખુદ કર્તાકી** = સાચા સર્જનહારની **જાણ્ય** = ઓળખ, સમજ, પહેચાન, માહિતી **જેહુનતે** = જેનાથી **તીનતે** = તેનાથી **અલગ** = જુદા, ભિન્ન **રહેવું** = રહેલાં છે, રહેલું છે.

### અનુવાદ

**આ પ્રમાણે પરંપરાથી જગતનો વ્યવહાર ચાલ્યો આવેલો તે કહ્યો, જેમાં ખુદ સર્જનહારની જાણથી જગત અલગ રહેલું છે.**

### ભાવાર્થ

આધ્યાત્મિક ક્ષેત્રે દરેક યુગોમાં પરંપરાથી જગતના જીવની ધર્મમય વર્તણૂંક

એકધારી ચાલી આવેલી, તે દર્શાવવામાં આવી છે. દરેક યુગોમાં ભિન્ન ભિન્ન ધાર્મિક ક્રિયાઓ કરીને જીવને શ્રેષ્ઠ જીવન જીવતા જે તે વખતના ધર્માધિકારીઓએ શીખવ્યું છે, પરંતુ જ્ઞાન પક્ષે જોતા વિશ્વના સર્જનહાર અંગેની સમજના અભાવે જગતના જીવ પરમપદના જ્ઞાનથી ભિન્ન (અજાણ) રહેલા માલુમ પડે છે.

**પણ જુગકે વહેવાર વરતતાં, તાંહાં લગ નહીં પરપંચુ;**
**તબ આચારજ અગમ ગતિસે, સમજી કીયે સકંચુ. ૨૩**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **જુગકે** = જગતના, યુગોના **વહેવાર** = વ્યવહાર, કારભાર, દુનિયાદારી સંબંધ કે કામકાજ, રૂઢિ **વરતતાં** = વર્તન કરતાં **તાંહાંલગ** = ત્યાં સુધી **નહીં** = નથી **પરપંચુ** = પ્રપંચ, છળકપટ, આડંબર, ઢોંગ **તબ** = તેથી **અચારજ** = આચાર્યોએ, ધર્મના વડાઓએ **અગમ ગતિસે** = અગાઉથી બુદ્ધિ વાપરીને, અગાઉથી ભવિષ્યનો વિચાર કરીને જ, દૂરંદેશીપણાથી **સમજી** = સમજીને, વિચારીને **કીયે** = કર્યા છે **સકંચુ** = નીતિ-નિયમો, ગોઠવણ.

### અનુવાદ

**પરંતુ જ્યાં સુધી દુનિયાદારીની રૂઢિ મુજબ વર્તન કરવામાં આવે ત્યાં સુધી પ્રપંચ કહી શકાય નહીં. તેટલા માટે જ આચાર્યોએ દીર્ઘદષ્ટિથી વિચારીને જ નીતિ-નિયમોની ગોઠવણ કરી છે.**

### ભાવાર્થ

આધ્યાત્મિક માર્ગમાં ગમન કરતા ભક્તજનો અને સંત ભેખધારીઓ જો જગતની રૂઢિ મુજબ વ્યવહારિક જીવનમાં ઉમદા વર્તન કરતા હોય અને અન્યને તે અંગેનું માર્ગદર્શન આપતા હોય ત્યાં સુધી તો તેમના વ્યવહારમાં છળકપટ કહી શકાય નહીં, પરંતુ કોઈ કારણોવસાત્ જીવગતિના અજ્ઞાની જીવ કેટલીક વખત સાચા રાહે ન ચાલતાં અવળા રસ્તે ચઢી જાય છે. આમ જગતના ભોળા જીવ ભક્તિથી અલગ થઈ અવળા રસ્તે ન ચાલે તે માટે અગાઉના ધર્મ સ્થાપક - આચાર્યોએ પોતાની દીર્ઘદષ્ટિ દ્વારા વિચારીને જ ધર્મના નીતિ-નિયમો દર્શાવી વિધિ-નિષેધની રચના અને અન્ય રિવાજોની ગોઠવણ કરી છે. આ રીતે આચારસંહિતા દર્શાવી સત્યના પંથે ચાલીને

સાત્વિક જીવન જીવવાની કળા દર્શાવી છે.

**ઓરુ સતજુગ ત્રેહેતા દ્વાપર કે, આચરજ સંતનકે;**
**ઈશ્વર સમ અવતાર જેહુનકે, તારન જુગ જંતનકે. ૨૪**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી, માટે **સતજુગ** = સતયુગ **ત્રેહેતા** = ત્રેતાયુગ **દ્વાપર કે** = દ્વાપર યુગના **અચારજ** = ધર્માચાર્યો **સંતન કે** = સંતો **ઈશ્વર** = ઐશ્વર્યતા ધારણ કરનાર દેવી પુરુષો **સમ** = સમાન, **અવતાર** = જન્મ, દેહ ધારણ કરવો, **જેહુનકે** = જેમનો, **તારન** = તારવા માટે, ભવ પારંગત કરવા માટે **જુગ** = જગતના **જંતન કે** = જીવને.

### અનુવાદ

**માટે સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં થયેલા આચાર્યો અને સતપુરુષો ઈશ્વરી અવતાર સમાન હતા. જેમનો આશય જગતના જીવને ભવ પારંગત કરવાનો હતો.**

### ભાવાર્થ

સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં થઈ ગયેલા ધર્માચાર્યો, સંતો, અને ભેખધારીઓ નીતિમાન, નિઃસ્વાર્થી અને પરોપકારી હતા. તેઓનો જન્મ માનવદેહે થયો છે. તેમના જીવનનો ઉદ્દેશ અંગત સ્વાર્થ માટે નહીં, પરંતુ જગતના જીવના કલ્યાણ કરવાના ઉત્તમ ધ્યેયથી જીવવાનો હતો. પોતાના શરણે આવેલા જીવનું કલ્યાણ થાય તેવી તેમના મનમાં શુદ્ધ ભાવના પણ હતી. તેથી તેઓ વિષ્ણુના ઐશ્વર્યવાન અવતારો સમાન હતા તેમ કહી શકાય. કારણ કે, ઈશ્વરોએ પૃથ્વી પર અધર્મીનો નાશ કરી ધર્મનું રક્ષણ કરવા અને માનવના કલ્યાણ કરવા માટે જ યુગે યુગે જન્મ ધારણ કરે છે. આમ આવા મહાન અને પરોપકારી ઉદ્દેશથી જ જીવન જીવીને જગતના જીવ પણ ચાર પ્રકારની મુક્તિ દ્વારા ભવ પારંગત કરવાનો હતો.

## બડે બડે ભૂપ ભેટ લેઈ આગે, ધરીત કરીત તન મનહી;
## તો તિનસે નહીં પાણ પસારત, જીનતે રહત અમનહી. ૨૫

### શબ્દાર્થ

**બડે બડે ભૂપ** = મોટા મોટા રાજાઓ **ભેટ લેઈ** = ભેટસોગાત લઈને **આગે** = તેમની આગળ, તેમનાં ચરણોમાં **ધરીત** = ધરતા હતા **કરીત** = કરીને **તન મનહી** = તન અને મન સહિત **તો** = તો પણ **તિનસે** = તેમની આગળ **નહીં** = નહીં **પાણ** = હાથ **પસારત** = લંબાવતા, ફેલાવતા **જીનતે** = જેનાથી **રહત** = રહેતા **અમનહી** = મનના અભાવથી, ઉદાસીન

### અનુવાદ

**મોટા-મોટા રાજાઓ તન, મનથી ભેટ સામગ્રી તેમના ચરણમાં ધરતાં પરંતુ તેમની આગળ હાથ લંબાવતા નહીં, પરંતુ તે (સંપત્તિ) પ્રત્યે ઉદાસીન રહેતા.**

### ભાવાર્થ

આ પ્રમાણે ત્રણેય યુગમાં થઈ ગયેલા સંત, ભક્ત, આચાર્ય, ભેખધારી અને ગુરુઓ પરોપકારી અને પરમાર્થી હતા. પોતાનું જીવન પોતાના અને જગતના જીવોનાં કલ્યાણ અર્થે જ સમર્પિત કરીને જીવતા. તે સમયના મહારાજાઓ મૂલ્યવાન ભેટ-સામગ્રી લઈને મઠ-મંદિરમાં આવતા અને તન-મન સહિત ગુરુનાં ચરણોમાં સમર્પિત કરતા હતા. તેમ છતાં ધર્માચાર્યો તે મૂલ્યવાન ભેટ-સામગ્રી તરફ પોતાનો હાથ લંબાવતા નહીં. કારણ કે, તે સમયના આવા મહાન ધર્મગુરુઓને મૂલ્યવાન ભૌતિક વસ્તુઓ પ્રત્યે મનથી સંપૂર્ણ અભાવ હતો અને પોતાના અંગત જીવનમાં પણ ભૌતિક સુખાકારી પ્રત્યે સદા ઉદાસીનતા હતા.

# અંગ ૫
# કલિકે સંત આચારજ લક્ષ દેખાવનકો

**અબકે પંથ નવીન કલિકે નિજ, તિનકે ધર્મ સુનેહુ;**
**સંત ભક્ત આચર સહિત જીનું, ધરહી કપટકે વેહુ. ૧**

### શબ્દાર્થ

**અબકે** = હવે, હાલના **પંથ** = ધાર્મિક ફાંટા, સંપ્રદાય, મત, માર્ગ **નવીન** = નવા **કલિકે** = કળિયુગના સમયમાં **નિજ** = તેના, પોતાના વખતના **તિનકે** = તેમનો, તેઓનો **ધર્મ** = આચરણ, કરવામાં આવતા, આચાર, વિચાર અને કર્તવ્ય **સુનેહુ** = સંભળાવું છું **સંત** = સંત **ભક્ત** = ભક્ત **આચાર** = આચાર્યો **સહિત** = સાથે, સહિત **જીનું** = જેમનું **ધરહી** = ધારણ કરેલ **કપટકે વેહુ** = કપટ યુક્ત વેશ, પ્રપંચી બાહ્યાચાર.

### અનુવાદ

**કળિયુગના વખતમાં નવા પંથો તેમજ ધર્મના સંત-ભક્ત અને આચાર્યોએ જે કપટીવેશ ધારણ કર્યો અને તેમના દ્વારા કરવામાં આવતા આચરણ અંગે હવે સાંભળો.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ અંગમાં કળિયુગના સમયમાં ઊભા થયેલ નવા નવા ધાર્મિક મત દૃઢ કરાવતા સંપ્રદાયો અંગે દર્શાવેલું છે. તેમજ આ સમયના થઈ ગયેલા સંતો, આચાર્યો, તેમના અનુયાયી બનેલા ભક્તો કેવા પ્રકારના કપટ યુક્ત આચાર, વિચાર અને કર્મ-ધર્મના ઓથા (બહાના) હેઠળ જે રીતનું આચરણ કરતા હોય છે, તે અંગેનું સ્પષ્ટીકરણ કરેલું છે. જેને ખૂબ જ ધ્યાનથી સાંભળવા માટે અનુરોધ કરે છે.

**છલકે પેજ રચિત ભવ ભરમીત, પરમીત કરે ઈત રાઈ;**
**જ્ઞાન ભક્તિ વૈરાગ ન અંતર, ઉપલે કરત સરાઈ. ૨**

### શબ્દાર્થ

**છલકે** = છળ કપટવાળા **પેજ** = કાવોદાવો, પ્રપંચ **રચિત** = રચીને, ઊભા કરીને **ભવ** = જગતને **ભરમીત** = ભરમાવી, ભ્રમણામાં નાખીને **પરમીત**= પરમ શ્રેષ્ઠ, ઉત્તમ **કરે** = કરીને દર્શાવે **ઈત** = તેઓની **રાઈ** = વિચાર, અભિપ્રાય, **જ્ઞાન** = જ્ઞાન **ભક્તિ** = ભક્તિ **વૈરાગ** = વૈરાગ્ય **ન** = નહીં **અંતર** = હૃદયમાં પોતાનામાં **ઉપલે** = ઉપલક રીતે, બાહ્ય રીતે **કરત** = કરે છે **સરાઈ** = વખાણ, શ્રેષ્ઠ તરીકેની ઠેરવણી, મુલવણી.

### અનુવાદ

**છળકપટવાળા પેચ રચીને જગતને ભરમાવે છે અને પોતાનો માર્ગ શ્રેષ્ઠ છે એમ કરીને અભિપ્રાય આપે છે. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય તેમના હૃદયમાં હોતો નથી. માત્ર ઉપલક રીતે મુલવણી કરે છે.**

### ભાવાર્થ

તેઓ બુદ્ધિપૂર્વકની યુક્તિ અજમાવે છે અને છળકપટવાળા કાવોદાવો ખેલીને જગતને ભરમાવે છે. તેઓ વાણીની ચાતુર્યતાથી અને બાહ્ય આડંબરોના ભપકાથી જગતને અંજાવી દઈને પોતાનો ઊભો કરાયેલો પંથ, અન્યની વિચારધારા કરતાં શ્રેષ્ઠ અને યથાર્થ છે તેવું દૃઢ કરાવે છે. બીજાના પ્રત્યે ઈર્ષાથી નિહાળે છે.

ધર્મમાર્ગમાં પ્રભુપદની પ્રાપ્તિ માટે સેવકનો ધર્મ બજાવીને ભક્તિના પ્રથમ પગથિયે પ્રયાણ કરવાનું હોય છે. આ પ્રમાણે સારધાર રીતે કરેલી સેવા-ભક્તિના ફળરૂપે જ્ઞાનની પ્રાપ્તી થતી હોય છે. આવા પરિશ્રમથી પ્રાપ્ત થયેલ જ્ઞાનથી સત્ય-અસત્ય પારખવાથી વૈરાગની ભાવના જાગ્રત થાય છે. આમ ભક્તિ, જ્ઞાન અને વૈરાગની ભાવના જાગ્રત થાય છે. તેથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ ધર્મ જગતમાં દરેકને માટે અનિવાર્ય માધ્યમ કહેવાય છે.

પરંતુ, કળિયુગના કહેવાતા આચાર્યો, સંત-ભેખધારીઓ અને ભક્તોમાં એમાંનું કશું જ હોતું નથી. તેમના હૃદયમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગને બદલે તેની માત્ર ઉપલક રીતે મુલવણી કરાવે છે અને હૃદયમાં કપટ અને દંભ ભરેલો હોય છે.

**આપને પક્ષ પરમ કરી માનત, ખટ દર્શન કે નંદી;**
**નિજ કર્તાકે ન્યાવ લહત નહીં, ફોગટ ઈતકે ફંદી. ૩**

### શબ્દાર્થ

**આપને** = પોતાનો **પક્ષ** = મત, અભિપ્રાય, વિચારધારા માર્ગ, પંથ, **પરમ** = મહાન, શ્રેષ્ઠ **કરી** = કરીને મ**ાનત** = માણે છે, મનાવે છે **ખટ દર્શન કે** = છ દર્શનની, છ શાસ્ત્રોની **નંદી** = નિંદા કરે છે **નિજ** = મુળ આદિ, **કર્તાકે** = સર્જનહાર અંગે **ન્યાવ** = ન્યાયપૂર્ણ, સાચી રીતે, સત્યના આધારે **લહત** = જાણતા, ઓળખતા, સમજતા **નહીં** = નથી **ફોગટ** = નકામા, વ્યર્થ, **ઈતકે** = અહીંના, આ બાજુના, જગત પક્ષના, મુત્યુલોકના **ફંદી** = ફંદામાં જાળમાં, કાવતરામાં ફસાવે છે.

### અનુવાદ

**તેઓ છ દર્શનની નિંદા કરીને પોતાનો પક્ષ શ્રેષ્ઠ મનાવે છે. પોતાને જગતના આદિ સર્જનહાર અંગે ન્યાયપૂર્ણ સમજ નથી છતાં અહીંના જીવને ફોગટના ફંદમાં ફસાવે છે.**

### ભાવાર્થ

ચાર વેદનો અભ્યાસ કરી બુદ્ધિજીવી મહાપુરુષોએ બનાવેલા છ શાસ્ત્રની વિચારધારાની આવા કળિયુગના સંત અને આચાર્યો નિંદા કરતા હોય છે. એટલુ જ નહીં પરંતુ પોતે પોતાના મનસ્વીપણાથી ઊભી કરેલી માયાજાળ રૂપ નવીન પંથોમાં જગતના ભોળા અને અંધશ્રદ્ધાળુઓને વ્યર્થ રીતે ફસાવે છે.

વળી, ધર્મમાર્ગમાં આધ્યાત્મિક જ્ઞાનના હાર્દ રૂપે વિશ્વના સર્જનહાર કે જેમણે સૃષ્ટિ ને બનાવી છે તેવા તત્ત્વાતીત, સર્જનહાર અંગે જ્ઞાન ધરાવે છે તેમ ડોળ કરીને છેવટે તો બનાવટી ભગવાન ઊભા કરી વિશ્વના જીવને દર્શાવે છે અને પોતાના અંગત સ્વાર્થને સાધે છે.

**જો કદપી કરતાર પરમકુ, ન્યાય સહિત લખ જાને;**
**તદપી નિંદા કરીત તોય ભલ, ફરક દેખાઈત જ્ઞાને. ૪**

### શબ્દાર્થ

**જો કદપી** = જો કદાચ, જો કોઈ કારણવશાત્, રખેને **કરતાર** = સર્જન કરનાર, પરમપિતા **પરમકુ** = શ્રેષ્ઠ, આદિ, આદ્ય **ન્યાય સહિત** = ન્યાયપૂર્ણ, ન્યાયિક રીતે, ન્યાયના આધારે

**લખ જાને** = દર્શાવે, બતાવે, ઓળખાવે, જણાવે **તદપી** = તો, તોપણ **નિંદા** = નિંદા, કૂથલી, વગોવણી, બદનામી, અપકીર્તિ **કરીત** = કરે **તોય** = તોપણ **ભલ** = ભલે, વારુ, ઠીક, છોને **ફરક** = ફરક, તફાવત, ભિન્નતા, ન્યૂનતા, ઓછપ, અસમાનતા, દુર્ગુણ **દેખાઈત** = જણાવે, બતાવે, દર્શાવે **જ્ઞાને** = જ્ઞાન થકી, જ્ઞાન પૂર્ણ નિર્ણયાત્મક રીતે.

## અનુવાદ

**જો કદાચ સર્જનહાર પક્ષનાં શ્રેષ્ઠ જ્ઞાનનો ન્યાયપૂર્ણ તફાવત દર્શાવવા માટે નિંદા કરી હોત તો પણ ઠીક હતું,**

## ભાવાર્થ

કળિયુગના સંતો અને ધર્માચાર્યોને જો કદાચ સર્જનહારના પરમપદ અંગે સાચી સમજ હોત અને તે જ્ઞાનને પૂર્ણ રીતે જગતને સમજાવવા માટે તેમણે પુરુષાર્થ કર્યો હોત તો, તેમજ જ્ઞાનને નિર્ણયાત્મક રીતે તફાવત સમજાવવા નિંદાનો આશરો લીધો હોત તો, કંઈક પ્રમાણયુક્ત ગણાય અથવા તેવું કાર્ય અયોગ્ય છે તેમ ન કહેવાય.

જેમકે કોઈ ન્યાયાધીશ ન્યાયિક પુરાવાને આધારે જો કોઈ ગુનેગારને સજા, દંડ કે ફાંસી કરે તો તેમાં કંઈ ખોટું કાર્ય કર્યું ન કહેવાય. તેમજ નિંદનીય કાર્ય છે તેમ આલેખાય નહીં. વળી ન્યાયાધીશ દ્વારા પોતાના ફેંસલામાં અઘટિત કાર્યો અંગે કોઈ નિંદા કરી હોય તોપણ તે અયોગ્ય છે તેમ ન કહેવાય તે જ દૃષ્ટાંત મુજબ.

**પણ આ તો નિજ લક્ષ લહે બીન, બોધ કપટ ત્યાગનકે;**
**મતલબ એક ગુપ્ત ઉર અંતર, મીત હરનકુ ધનકે. ૫**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **આ તો** = આવા નિંદાનું કાર્ય તો, તેઓ તો, **નિજ** = મૂળ, આદિ, સર્જનહારના **લક્ષ** = જ્ઞાન, સમજ **લહે બીન** = જાણ્યા સિવાય, માહિતી વગર, **બોધ** = ઉપદેશ, શિખામણ, જ્ઞાન, સલાહ, **કપટ** = છળ, પ્રપંચ, લુચ્ચાઈ, દગાયુક્ત, દોષસહિત, **ત્યાગનકે** = ત્યાગનો, છોડી દેવાનો, ત્યજવા અંગે, વૈરાગ્ય માટેનો, માયિક વૈભવથી અળગા રહેવાપણાનો **મતલબ** = હેતુ, આશય, મુરાદ, ઉદ્દેશ **એક** = એક જ **ગુપ્ત** = છૂપો, ખાનગી, છાનું **ઉરઅંતર** = હૃદયમાં, **મીત** = પ્રિય અનુયાયીઓના, જીવના, વ્યક્તિના **હરનકુ** = હરણ કરવા, ઝૂંટવી લેવા, પડાવી લેવું, છીનવી લેવું **ધનકે** = ધનસંપત્તિ, પૈસા, દોલત, સમૃદ્ધિ.

## અનુવાદ

**પરંતુ આ તો સર્જનહારના જ્ઞાનને જાણ્યા વિના કપટયુક્ત રહીને ત્યાગનો ઉપદેશ કરે છે. આમ હૃદયમાં મુમુક્ષુના ધનનું હરણ કરવાનો માત્ર એક છૂપો આશય હોય છે.**

## ભાવાર્થ

પરંતુ આવા ધર્માચાર્યો અને સંતો સર્જનહારના જ્ઞાનને કે બ્રહ્મથી પરે રહેલી મૂળ અસ્તિત્ત્વની સાચી માહિતીને જાણતા નથી, છતાં પણ અન્ય પંથોની નિંદાનું કાર્ય કરે છે. તેમજ હૃદયમાં કપટ રાખીને પોતાના અનુયાયીઓને ત્યાગની શિખામણ આપે છે. જેથી ભોળા જીવ પોતાનું તન, મન અને ધન તેમનાં ચરણોમાં સમર્પિત કરી દઈને ત્યાગનો ધર્મ નિભાવી તેમના શરણમાં સદાને માટે રહે છે. આવી મેલી મુરાદથી તેઓ સંસારના જીવને ઉપદેશ આપે છે અને પોતાના હૃદયમાં રહેલી આવી ઝૂંટવી લેવાની વૃત્તિને પોષવા માટે પ્રયત્ન કરે છે. આવી રીતે આવા કપટી આચાર્યોના હૃદયમાં કોઈ પણ રીતે જીવનું ધન પડાવી લેવાની એક ગુપ્ત આશય હોય છે. વળી પોતાનો અંગત પ્રચાર અને પ્રસારમાં આધુનિક મિડીયાનું માધ્યમ તો વાપરે છે, તેમ છતાં પોતાના મોટા પોસ્ટરો અને મહત્તા દર્શાવતા સુવાક્યો સાથે પોતાના ફોટાઓ મુકી જાહેર પ્રજા જ્યાં વધુ અવરજવર કરતી હોય તેવા રેલવે, બસ, રસ્તાઓ અને જાહેર શૌચાલયો દ્વારા પ્રજાને ભોળવવાની પ્રવૃત્તિઓમાં ચાતુર્ય ધરાવે છે.

**ઈશ્વરતા અનુભવ ન મહાનપદ, વરથ વેત અભિમાની;**
**ભુચરકી ગત્ય પચીત પદારથ, કરત બાત અસમાની. ૬**

### શબ્દાર્થ

**ઈશ્વરતા** = ઐશ્વર્યવાન મહાપુરુષોનો **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, **ન** = નહીં **મહાનપદ** = શ્રેષ્ઠપદ, મહાનતા **વરથ** = વૃથા, વ્યર્થ **વેત** = જાણકાર, વર્તન કરે **અભિમાની** = ખોટો ગર્વ ધારણ કરનાર, હું પણામાં રાચનાર, મોટાઈના નશામાં રહેનાર, **ભુચરકી** = પૃથ્વી પર ચારો ચરનાર પશુની જેમ **ગત્ય** = ગતિ, સમાજ, જ્ઞાન **પચીત** = પચી ગયેલ, ફાવી ગયેલ, અપ્રમાણિકપણે મેળવેલ ધનનો ઉપભોગ કરવો, **પદારથ** = પદાર્થો, નાશવંત દ્રવ્ય, ચીજવસ્તુ, દુનિયાના પેદા થયેલું જડરૂપ જે કંઈ છે તે **કરત** = કરે છે **બાત** = વાતો, ઉપદેશ, વાર્તા, કથા, વૃતાંત **અસમાની** = મોટી મોટી, અતિશયોક્તિ ભરેલી, રજનું ગજ કરીને, અત્યુક્તિ, વધારીને બોલવું, વ્યર્થ બકવાસ, બડબડાટ.

## અનુવાદ

**મહાનતા પ્રાપ્ત કરેલા ઐશ્વર્યવાન મહાપુરુષો જેટલો પણ અનુભવ નહીં હોવા છતાં વૃથા અભિમાન રાખીને વર્તે છે. નાશવંત દ્રવ્યોમાં રુચી રાખવાની ફાવટવાળા પશુગતિના હોવા છતાં વાતો તો અતિશયોક્તિ ભરેલી કરે છે.**

## ભાવાર્થ

વિશ્વમાં મોટા દેવો અને ઐશ્યર્યવાન અવતારી પુરુષો મહાન પદને પામેલા છે. સર્જનહારે બક્ષેલી વિભૂતિને કારણે કરુણામય પણ કહેવાય છે. એવા મહા અવતારી પુરુષોના જેટલું પણ પ્રત્યક્ષ જ્ઞાન અને શક્તિ ન હોવા છતાં કળિયુગના ધર્માચાર્યો અને સંતો મોટાઈના નશામાં રાચે છે. તેઓ પોતે જ્ઞાનનો ભંડાર છે તેવું વ્યર્થ વર્તન કરીને પોતાની મહાનતા બતાવે છે.

પૃથ્વી પર ચારો ચરનાર પશુની જેમ વર્તનારને, દુનિયાના નાશવંત દ્રવ્યોમાં ખૂબ જ રુચી હોય છે. અનિત્ય કર્મો અને અપ્રમાણિકતાથી દ્રવ્ય મેળવવામાં તેમને ફાવટ આવી ગયેલી હોય છે. અતિશયોક્તિ ભરેલી કથાવાર્તાઓ દ્વારા રજનું ગજ કરીને રોચક વાણી દ્વારા દુનિયાને પોતાની માયાવી જાળમાં ફસાવી રાખે છે.

**ત્યાગ દેખાવત પણ તસકર સમ, ધ્યાન બલાઈ બગ કે;**
**દુની ઠગનકે દામ હરનકુ, પરપંચી રગ રગકે. ૭**

### શબ્દાર્થ

**ત્યાગ** = વૈરાગ, સંન્યસ્તદશા, સંન્યાસ, **દેખાવત** = દેખાડે છે, દર્શાવે છે, બતાવે છે **પણ** = પરંતુ, પણ **તસકર** = ચોર, **સમ** = સમાન, જેવો, **ધ્યાન** = કેન્દ્રિત દૃષ્ટિ, નજરની એકતા **બલાઈ** = બિલાડી **બગકે** = બગલા જેવી **દુની** = દુનિયાને **ઠગન કે** = ઠગવા માટે , છેતરવા માટે **દામ** = ધન, પૈસા, સંપત્તિ **હરનકુ** = હરવા, પડાવી લેવા, ચોરવા **પરપંચી** = પ્રપંચી **રગ રગકે** = રગત્રગમાં, આખા શરીરમાં.

## અનુવાદ

**ચોરના જેવો ત્યાગ દેખાડે પણ દૃષ્ટિ બગલા અને બિલાડી જેવી છે. દુનિયાને**

**ઠગવા અને સંપિત્તને પડાવી લેવા માટે રગેરગમાં તો પ્રપંચ ભરેલો છે.**

## ભાવાર્થ

વર્તમાન કળિયુગના ધર્મોચાર્યો અને ભેખધારીઓ પોતાનો બાહ્ય આંડબર તો જાણે દુનિયાનો મહાન ત્યાગી હોય તેવો દુનિયાને દેખાડે છે, પરંતુ અંતરમાં તો નાશવંત દ્રવ્યો જેવા કે ધન-દોલત, કિંમતી ધાતુ અને વૈભવશાળી, સુખાકારીના સાધનોને મેળવવા પ્રત્યે અનુરાગ હોય છે. જેમ ચોર બાહ્ય સજ્જનતા દર્શાવીને પોતાનું કામ સમય સૂચકતા વાપરીને પતાવે છે તેમ આવા ઠગ ગુરુઓ પોતાની ચાતુર્યતા માત્ર જગતને ઠગવાના કામમાં જ વાપરે છે. વળી તેમની ધાર્મિક પ્રવૃત્તિ ધ્યાન ભજન વગેરે પણ માત્ર જગતને દેખાડવા પુરતું જ હોય છે. પોતાની દૃષ્ટિ પોતાના કલ્યાણ અને જગતના કલ્યાણ માટે કેન્દ્રિત કરતા નથી. જેમ ઉંદરને પકડવા બિલાડી દૃષ્ટિને સ્થિર કરીને પોતાની મંદ ચાલે શિકાર તરફ આગળ વધે છે તથા માછલી પકડવા માટે બગલો પણ ધ્યાનમગ્ન થઈ જાય છે, પરંતુ સમયસુચકતા વાપરીને પોતાનો ખોરાક પ્રાપ્ત કરવા બંને પોતાની છૂપી વૃત્તિને અજમાવીને નક્કી કરેલ શિકારને કદી છોડતા નથી. તેવી જ રીતે દુનિયાને ઠગી ખાવા માટે ઉપલક ત્યાગી-વૈરાગીનો દાવો કરી, તક મળતાં ભક્તોની સંપત્તિને પડાવી લેવામાં ઠગ ગુરુઓ ચૂકતા નથી. કારણ કે, તેઓના શરીરની રગરગમાં માત્ર પ્રપંચ ભરેલો હોય છે.

**જીવ તારનકી ગરજ ન જીનકુ, નિજ સ્વારથકે લોભી;**
**હરિપ હરામી સકલ સકામી, મોક્ષ ન દેવે સોભી. ૮**

### શબ્દાર્થ

**જીવ** = જગતના જીવ ને **તારનકી** = ભવપાર કરવાની **ગરજ** = ખપ, જરૂર, પરવા, દરકાર, ઈચ્છા , ઈરાદો **ન** = નહીં **જીનકુ** = જેઓને **નિજ** = મૂળ, પોતાના સ્વયં, અંગત **સ્વારથકે** = સ્વાર્થના, મતલબના, અંગતહિતના, **લોભી** = લાલચુ, લોભ કરનાર, કંજૂસ, મહત્વકાંક્ષી **હરિપ** = લૂંટવાની વૃત્તિવાળા, ઝૂંટવી લેનાર, ચોર, લુંટારું **હરામી** = હરામખોર, કૃતધ્ન, બદમાશ, અત્યંય નીચ અને દુષ્ટ, લુચ્ચાં **સકલ** = સર્વ રીતે, બધીજ રીતે **સકામી** = કામવૃત્તિવાળા, કામી, વાસના થી ભરપૂર, કામસૂત્રમાં પ્રવીણ, વિષયાસકત, વિષયી **મોક્ષ** = મુક્તિ **ન** = નહીં **દેવે** = બક્ષે, આપે **સોભી** = તે પણ, તેઓ, જન્મમરણના દુઃખથી.

## અનુવાદ

**અંગત સ્વાર્થ અને લોભને કારણે જીવને તારવાની તેમને ગરજ હોતી નથી, પરંતુ ઝૂંટવી લેવાની અને હરામખોરી વૃત્તિ ધરાવતા આવા કામવાસનાથી ભરપૂર તેઓ અન્યને મુક્તિ આપી શકતા નથી.**

## ભાવાર્થ

જેમની પાસે જ્ઞાનનો એક છાંટો પણ હોતો નથી છતાં માત્ર જીવને લૂંટી લેવાની અને વૈરાગીનો ઢોંગ કરનાર ઠગ ગુરુઓ હરામખોર વૃત્તિ ધરાવતા હોય છે.

કળિયુગમાં માયા પણ એટલી જ વિકરાળ બની ગઈ હોય છે કે યોગીઓને યોગિની બની, વૈરાગીઓને વૈરાગણ બની , સાધુને સાધ્વી રૂપે, ઢોંગી ગુરુઓને સમર્પિત સેવિકા બનીને, વાસનાની પકડમાં બાંધી રાખે છે. સંસારીને તો એક સ્ત્રીત્વની અને અન્ય સ્ત્રી ધર્મની લગામ હોય છે. જ્યારે આવા ઢોંગી ગુરુઓને તો ગામ, શહેર અને દેશ-પરદેશમાં મનફાવે તે રીતે વિચરણ કરતી સ્ત્રી જાતિના દેહનું કામવાસનાથી શોષણ કરતા હોય છે. આવા પૂર્ણ રીતે કામશાસ્ત્રમાં પ્રવીણ ગુરુઓ પોતાનું તો કલ્યાણ નથી કરી શકતા, પરંતુ જગતમાં જીવને પણ કોઈ કાળે જન્મમરણના દુઃખમાંથી મુક્તિ આપી શકતા નથી કે અપાવી શકતા નથી.

આવા વાણી, વર્તન અને વ્યવહારમાં ચાતુર્ય ધરાવતા અને બાહ્ય રીતે વૈરાગ્યનાં સ્વાંગમાં સમાજમાં ગુરુજી બનીને વિચરણ કરતા પુરુષો ધર્મના ઓથા હેઠળ કનિષ્ઠ કર્મોનું આચરણ કરતા હોય છે. તથા પોતાના અંગત વૈભવી અને વિષયી જિંદગી જીવવાના સ્વાર્થને પૂરો કરવામાં જ વ્યસ્ત રહેતા હોવાથી જીવને ભવમુક્ત કરવાની ચિંતા હોતી નથી. વળી પોતે નક્કી કરેલ દાનની કિંમતે ભક્તોને ત્યાં જતા હોય છે. તેઓ બજારુ પદાર્થની જેમ પોતાનો ઊંચો ભાવ બોલાવીને દાન સંપત્તિનો સંગ્રહ કરે છે. વળી જેમ સંપત્તિ અને સમૃદ્ધિવાન પોતાની રક્ષા માટે પાલતુ પ્રાણીઓ રાખે છે તથા રાજાઓ પોતાના વખાણ કરવા ભાટ-ચારણ અને બારોટને પોતાના રાજ દરબારમાં રાખતા હતા. તેમ આવા કેટલા ધર્માચાર્યો પોતાના પાલતુ એવા વાણીના વક્તાઓને પાળીને રાખે છે. જેનો ઉપયોગ કરી પોતાની કીર્તિ અને પ્રશંસા કરાવે છે. પોતે પોતાની રીતે નક્કી કરેલ પ્રશંસાના શબ્દો પહેલેથી જ દર્શાવીને પોતાની ઉપસ્થિતિમાં જ આવા પાલતુ અને ભાડૂતી

વ્યક્તિઓ દ્વારા જાહેરમાં બોલાવડાવી પોતે મનમાં મલકાતા હોય છે અને પ્રજાને બુધ્ધુ બનાવ્યાનો આનંદ માણતા હોય છે. સ્વાગત પ્રવચનો પણ પોતે કહે તેટલું જ અને તે પ્રમાણે જ બોલાવડાવી પોતાની અંગત મહત્તા વધારવામાં પીછે હઠ કરતા નથી.

**વિતરાગન કે વેશ દેખાવત, ઈંદ્ર આક ફલ જેસે;**
**દેત દાન મુક્તિકો મુખસે, ભાંડ નરપકે તેસે. ૯**

### શબ્દાર્થ

**વિતરાગન કે** = વિતરાગીનો, જેની આસક્તિ નષ્ટ થઈ ગઈ હોય તેવું, રાગદ્વેષ રહિત, વ્યક્તિ, સંસાર ઉપરનો પ્રેમ ઊડી ગયો છે તેવું **વેશ** = પોશાક, પહેરવેશ, દેખાવ, ઢોંગ, સ્વાંગ **દેખાવત** = બતાવે, દેખાડે છે **ઈંદ્ર** = ઈંદ્રાણી નામનું ફળ જેના ચોમાસામાં વેલા થાય છે. તે ફળ પાકે ત્યારે લાલ અને સુંદર દેખાવડું હોય છે, પરંતુ જો તેને તોડવામાં આવે તો અંદરથી કાળું હાથ બગાડે તેવું પ્રવાહી નીકળે છે **આક ફલ** = આકડા નામનો છોડ ઉપર લાગતું સુંદર ફળ જે કેરી જેવું દેખાય છે, પરંતુ તે પાકતાં તેમાંથી માત્ર રૂ જેવા ગાભા ઊડે છે **જેસે** = ના જેવો, તેવો **દેત** = આપે, બક્ષિસ કરે **દાન** = દાન **મુક્તિકો** = મુક્તિનું **મુખસે** = મુખથી, વાણીથી બોલીને **ભાંડ** = ભવૈયો, નાટકમાં ભજવાતું પાત્ર, નિર્લજ અને અશ્લીલ પ્રકારનો અભિનય કરનારી ભવૈયા જ્ઞાતિનો પુરુષ **નરપકે** = રાજાનો વેશ, **તેસે** = જેમ જ, તેવી રીતે.

### અનુવાદ

**ઈંદ્રફળ અને આંકડાના ફળની જેમ બહારથી તો સંસાર પ્રત્યે પ્રેમ ઊડી ગયો હોય તેવું દેખાડે છે. તેમજ ભવૈયો રાજાના વેશમાં વર્તે તેમ મુખેથી મુક્તિનું દાન આપે છે.**

### ભાવાર્થ

સંસાર પ્રત્યે જેની આસક્તિ નષ્ટ થઈ ગઈ છે તેવો સ્વાંગ રચનારા ઠગ ગુરુઓ કોના જેવા હોય છે ? તેનું યથાયોગ્ય દૃષ્ટાંત આપીને અહીં સમજાવવામાં આવેલું છે કે વર્ષાઋતુમાં ઈંદ્રાવર્ણ નામની વનસ્પતિના વેલા થતા હોય છે. જેના ઉપર ઈંદ્ર નામનું ફળ લાગેલું હોય છે. જે અતિ સુંદર અને આંખને ગમે તેવું રૂપાળું હોય છે. એ જ્યારે પાકે ત્યારે લાલ ટામેટાં જેવા રંગનું અતિ સુંદર લીલોતરીના મધ્યે શોભી રહેલું હોય

છે, પરંતુ જો કદાચ તેને સુંદરતાની દૃષ્ટિએ સ્વાદિષ્ટ હશે તેમ સમજી તોડવામાં આવે તો તેના ગુણધર્મ મુજબ તેમાંથી કાળો અને દુર્ગંધયુક્ત પદાર્થ નીકળે છે.

ખુલ્લી પડતર જમીનમાં આંકડાનો છોડ ઉગતો હોય છે. તેના ઉપર પણ કેરી આકારનું લીલું ફળ બેસે છે. જે પાકે ત્યારે તે આકોલિયામાંથી રૂના જેવો હલકો અને સૂકો પદાર્થ નીકળે છે.

આમ, આ બંને ફળોને જોતાં પક્ષીઓ પ્રથમ દૃષ્ટિએ તો હરખઘેલા બને છે, પરંતુ અંતે તેમને પસ્તાવાનો વારો આવે છે. કારણ કે હૃદયમાં રાખેલી ઈચ્છા ઠગારી નીવડે છે . આ જ રીતે સંસારના જીવ પણ આવા ફળ જેવા ઠગારાઓથી અંતે નાસીપાસ થઈને એવા ગુરુના ભક્ત તરીકે લાંછન અનુભવે છે. પરિણામે તિરસ્કારની વૃત્તિ મનમાં દૃઢ કરીને પસ્તાવાનો અહેસાસ કરે છે, પરંતુ તે સમયે તો ઘણું જ મોડું થઈ ગયું હોય છે.

વળી, ભવૈયાઓ દ્વારા ભજવાતા નાટકોમાં રાજાના વેશધારી ભવૈયો બનાવટી સોનામહોરનું દાન કરે છે અને પ્રજાને સુખી કર્યાનું નાટક ભજવે છે, પરંતુ સવાર પડતાં પોતે ભિક્ષાપાત્ર લઈને ગામમાં દક્ષિણા ઉઘરાવવા નીકળે છે.

આજ રીતે વૈરાગીનો વેશ ભજવતા ઠગ ગુરુઓ પોતાના શરણે આવેલા ભક્તોને પોતાનો જમણો હાથ માથે મૂકી અથવા તો ખભો થાબડી આશીર્વાદ આપીને તમારુ કલ્યાણ થઈ જશે તેવા વચનો ઉચ્ચારે છે. જે અંતે તો ભક્તો માટે ઠાલાં વચનો તરીકે પુરવાર થાય છે અને ભક્તોને પસ્તાવાનો વારો આવે છે.

## દરબવાન અદકારી નરપકુ, ઊલટી ભેટ ચઢાવે;
## પરસાદીનકે દેઈ પરમોધુ, પરાણે પાય પરાવે. ૧૦

### શબ્દાર્થ

**દરબવાન** = રાજકીય ક્ષેત્રનો મોટો પુરુષ, રાજસભાનો સભાસદ, રાજ્યનો મુખ્ય હોદ્દેદાર **અદકારી** = અધિકારી, વડો **નરપકુ** = રાજાને, રાજ્યના મુખ્યમંત્રીને **ઊલટી** = અવળી, વિપરીત **ભેટ** = ભેટ, બક્ષિશ, દાન, ખંડણી, **ચઢાવે** = અર્પણ કરે, આપી દે, ધરે **પરસાદીનકે** = પ્રસાદના સ્વરૂપે **દેઈ** = આપીને **પરમોધુ** = ખુશ કરી **પરાણે** = જબરજસ્તીથી, મરજી વિરુદ્ધ, શરમમાં નાખીને **પાય પરાવે** = નમસ્કાર કરાવે, પગે લગાડે, માથુ ઝુકાવડાવે.

## અનુવાદ

**રાજકીય ક્ષેત્રના વડા અધિકારી તથા રાજાને ઊલટી ભેટ ચઢાવે છે અને પ્રસાદી આપીને ખુશ કરી તેમજ શરમમાં નાંખીને પગે લગાડે છે.**

## ભાવાર્થ

જ્યારે રાજાશાહી હતી ત્યારે અગાઉ વર્ણવેલા પ્રપંચી ગુરુઓ રાજકીય ક્ષેત્રે જે વડા કહેવાય એવા રાજાઓને ખંડણી રૂપે મોટી રકમ આપીને તેમજ પ્રસાદીક ભેટ મોકલીને તેમને ખુશ કરતા અને રાજાને શરમમાં નાંખીને પણ પરાણે પગે લગાડતા હતા.

હાલના રાજકારણમાં પણ આવા પ્રપ્રંચી ગુરુઓ શક્તિ પ્રદર્શન કરી મોટા મોટા ઉત્સવોના બહાને મોટી સંખ્યામાં ગાડરિયા પ્રવાહરૂપ પ્રજાને એકત્રિત કરી અને તે બહાના હેઠળ રાજ્યસભાના સભાસદો કે રાજ્યના વડા રાજદ્વારીને આમંત્રિત કરે છે. રાજ્યના કાર્યો અને ચૂંટણી ફંડોમાં મોટા નાણાં આપીને તેમજ સામે પગલે જઈને પ્રસાદિક વસ્તુઓ આપી તેમને શરમમાં નાખે છે. વળી એકત્રિત થયેલ પ્રજાની સમક્ષ મંચ ઉપર બોલાવી એવા અમલદારોને પરાણે પણ પગે લગાડે છે. આ રીતે પોતાની કીર્તિની પ્રજા ઉપર છાપ ઊભી કરીને પોતાનો અંગત સ્વાર્થ સિદ્ધ કરે છે.

# અંગ ૬
# રાજનીતિ ધર્મ દેખાવનકો

**રાય નહીં કોઈ ન્યાય કરનકે, દરબવાન સબ અંધુ;**
**ભુરચી ભેખકી ભેટ લેયનકે, તીનકે હોય સમંધુ. ૧**

### શબ્દાર્થ

**રાય** = રાજા, મુખ્ય અધિકારી **નહીં** = નથી હોતા **કોઈ** = કોઈ **ન્યાય કરનકે** = ન્યાય કરવાવાળા, ન્યાય આપવાવાળા, **દરબવાન** = રાજ્યના પદાધિકારીઓ, કર્મચારીઓ, **સબ** = બધા જ **અંધુ** = આંધળાં, મતલબી અંધ **ભુરચી** = પૃથ્વી પર ચારો ચરીને જીવનાર પશુ સમાન **ભેખકી** = ભેખધારીઓની **ભેટ** = બક્ષિશ, દાન, **લેયન કે** = લઈને, મેળવીને, પ્રાપ્ત કરીને **તીનકે** = તેમના **હોય** = હોય છે, થાય છે **સમંધુ** = સંબંધ, નાતો, સાંઠગાંઠ રાખનારા.

### અનુવાદ

**રાજ્યના વડા અને રાજ્યના પદાધિકારીઓ સાચો ન્યાય કરતા ન હોવાથી બધા મતલબી અંધ હોય છે. આવા પશુ સમાન અધિકારીઓ ભેખધારીની ભેટ લઈને તેમની સાથે સંબંધ રાખે છે.**

### ભાવાર્થ

કળિયુગના સમયમાં સમાજમાં માત્ર છળકપટ, અન્યાય અને જૂઠનો ફેલાવો વિશેષ જોવા મળે છે.

રાજ્યના મુખ્ય વડા અધિકારી પછી તે રાજા હોય કે મુખ્યમંત્રી હોય તેમજ તેમની નીચેના પદાધિકારી વર્ગ મોટાભાગે મતલબી અંધ હોય છે અને તેઓ અન્યાયનો આશરો લઈને જ વહીવટ કરે છે. ન્યાયાલયમાં પણ ઘણી વખત અસત્યનો જ વિજય જોવા મળે છે.

પૃથ્વી પર ચારો ચરનાર પશુ સમાન આવા અધિકારીઓ દરેકની પાસે લાંચ લઈને પોતાનું વૈભવી અને ખર્ચાળ અંગત જીવન જીવે છે. તેમજ સંસારના ભેખધારીઓને

પણ તેમની લેવડદેવડમાં બાકાત રાખતા નથી. વિવિધ પ્રકારની ભેટસોગાત મેળવીને તેમની સાથે સાંઠ-ગાંઠ રાખીને સંબંધો વિકસાવે છે. જેથી બંનેનું કાર્ય સરળતાથી ચાલે અને પ્રજાનું સારી રીતે શોષણ કરી શકાય.

**નરપત હોય વિચારવાન જો, ભેટ ન લે ભગવાકી;**
**સાચે સંત ન સોજ ચઢાવે, એ તો ગત ઠગવાકી. ૨**

**શબ્દાર્થ**

**નરપત** = રાજ્યનો વડો **હોય** = હોય **વિચારવાન** = બુદ્ધિશાળી, ચતુર, વિચાર કરવાવાળો **જો** = જો **ભેટ** = બક્ષિશ, લાંચ, **નલે** = લે નહીં **ભગવાકી** = ભેખધારીઓની **સાચે** = સાચા **સંત** = સંત **ન** = નહીં **સોજ** = ભેટ, લક્ષણ, વર્તણૂંક, લાંચ **ચઢાવે** = આપે **એતો** = આ તો **ગત** = ગતિ, વહેવાર **ઠગવાકી** = ઠગવાવાળાનો, ઠગારાઓનો.

**અનુવાદ**

**જો રાજા ચતુર હોય તો ભગવાની ભેટ લે નહીં, તેમજ સાચા સંત હોય તો ભેટ ચઢાવે પણ નહીં. આ તો ઠગારાનો વહેવાર છે.**

**ભાવાર્થ**

દેશ અને રાજ્યનો વડો અધિકારી જો બુદ્ધિશાળી અને ચતુર હોય તો તે સત્યા - સત્યનો નિર્ણય કરીને પોતાના કાર્યો પ્રામાણિક રીતે જ, તેમજ વહીવટ પણ ખૂબ જ સાવચેતી રાખીને કરે છે, જેથી પોતે ખોટા કર્મ બંધનોમાં ન બંધાય. જેણે પોતાનું જીવન પરોપકાર માટે વાપરવા સંસારનો ત્યાગ કર્યો છે એવા ભેખધારી સંતો અને આચાર્યોની ભેટ પણ તે સ્વીકારે નહીં.

એ જ રીતે જે સત્યના પથ ઉપર ચાલનાર નેક અને પ્રામાણિકપણે જ્ઞાન, ભક્તિ અને વૈરાગને પોતાના જીવનનો ધ્યેય ગણીને રગે રગમાં ભક્તિ ભરી છે એવા સંત-ભેખધારીઓ સામે ચાલીને રાજ્યના અધિકારીને મળવા ન જાય અને કોઈ પણ પ્રકારની ભેટ-સોગાદ કે કહેવાતા રાહતકાર્યોમાં ભક્તો તરફથી દાનમાં મળેલ સંપત્તિનો દૂર ઉપયોગ કરે નહીં.

જો કોઈ ભેખધારી સંત દેશ કે રાજ્યના વડા અધિકારીને આ રીતની ભેટસોગાત આપે અને એવા અધિકારી તે મુજબની ભેટ ભેખધારી પાસેથી સ્વીકારે તો સમજી લેવું કે એમાં બંનેનો હેતુ અંદરખાને પ્રજા અને ભક્તોને ઠગવાનો જ હશે. આવા બંને ઠગો, એકબીજાની જાહેરમાં પ્રશંસા કરીને પ્રજાને અવળે માર્ગે વાળે છે અને પોતપોતાની અંગત સ્વાર્થવૃત્તિને સફળ બનાવવા એકબીજાને ચૂંટણીલક્ષી કાર્યોમાં (રાજકારણમાં) મદદરૂપ બને છે.

**જો જન ઊલટે કરે નોછવર, દરબવાનકુ દંભી;**
**તે ન કરે કલ્યાણ કોહુનકે, વૃથા દેખાવન પંભી. ૩**

**શબ્દાર્થ**

**જો** = જો, કદાપિ **જન** = વ્યક્તિ **ઊલટે** = ઊંધું, અવળું **કરે** = કરે, આપે **નોછવર** = કુરબાન, ખેરાત, ભેટ **દરબવાનકુ** = અધિકારી, સત્તાધીશ **દંભી** = કપટી, ઢોંગી **તે** = તે, તેઓ **ન કરે** = કરે નહીં **કલ્યાણ** = મુક્તિ **કોહુન કે** = કોઈને, કોઈનું પણ **વૃથા** = વ્યર્થ, ફોગટ **દેખાવન** = દેખાડવા ખાતર, દેખાવ પુરતો **પંભી** = પોકળ, ઠગારું, અમસ્તુ, જૂઠાણું, ખોટું, નિરર્થક.

**અનુવાદ**

**જો વ્યક્તિ ઊલટાનું રાજદ્વારી ને ભેટ આપે તો સમજવું કે તેઓ કોઈનું કલ્યાણ કરી શકતા નથી, પરંતુ ફોગટનો પોકળ દેખાડો કરે છે.**

**ભાવાર્થ**

સામાન્ય રીતે સાચા શ્રદ્ધાળુ, ભક્તજનો પછી તે શ્રીમંત હોય કે ગરીબ, પરંતુ પોતપોતાની આર્થિક પરિસ્થિતિ અને અંગત ભાવના મુજબ પોતે મઠ-મંદિરમાં જઈ, કાં તો પધરામણી કરાવીને સંત, આચાર્ય અને ગુરુવર્યને ભેટ-દક્ષિણા આપતા હોય છે. તેની પાછળનો હેતુ પરમાર્થ કરવાના અને પુણ્ય પ્રાપ્તિ કરી પોતાનું કલ્યાણ થાય તેવા આશીર્વાદ પ્રાપ્ત કરવાનો હોય છે. જેમનામાં જ્ઞાન ભક્તિ અને વૈરાગ સમાયેલો છે, એવા સાચા અને સજ્જન ધર્માધિકારીઓ પણ એવી ભેટને સ્વીકારી બદલામાં આશીર્વાદ આપતા હોય છે, પરંતુ ભક્તજનોના આત્મકલ્યાણ સિવાય

એવા ભેખધારીઓનો બીજો કોઈ આશય કે સ્વાર્થ હોતો જ નથી.

પરંતુ વર્તમાન કળિયુગના સમયમાં ઊલટી ગંગા વહેતી જોવા મળે છે. આજકાલ તો કપટી સંત ધર્માચાર્યો તો રાજદ્વારી પુરુષોને ભેટસોગાત અને લાંચ આપતા થઈ ગયા છે. જે માત્ર કપટયુક્ત વ્યવહાર ગણાય. આવા ઠગ અને પ્રપંચી ગુરુઓ અન્યનું તો નહીં, પરંતુ પોતાનું પણ કલ્યાણ કરી શકવા સમર્થ નથી, છતાં ખોટો ડોળ ઊભો કરીને ફોગટનું પોકળ અને દેખાડવા પુરતું મોક્ષના માર્ગે જવાની વાતો કરી સંસારને ભરમાવે છે.

**પંબે પંબ મોક્ષકે દાતા, જ્ઞાતા થઈ ગુરુ મનવે;**
**પરમ અરથકી પ્રીછ ન જીનકુ, મુક્ત જુગતકી જનવે. ૪**

### શબ્દાર્થ

**પંબે પંબ** = ખોટે ખોટું, પોકળ, લોલમ લોલ, ફોગટનું **મોક્ષકે દાતા** = મોક્ષના દેનારા **જ્ઞાતા** = વિદ્વાન, જ્ઞાની, **થઈ** = થઈને **ગુરુ** = ગુરુ, ધર્મના આચાર્ય, ધર્મજ્ઞ **મનવે** = મનાવે **પરમ** = પરમાર્થ, મોક્ષ **અરથકી** = નો અર્થ અંગેનો, ના અંગેનું મતલબ **પ્રીછ** = પહેચાન, સમજ, જ્ઞાન **ન** = નહીં **જીનકુ** = જેમણે **મુક્ત** = મુક્તિ, આત્મકલ્યાણ, મોક્ષ, **જુગત કી** = જગતમાંથી, જગતના જીવની, **જનવે** = જણાવે, બતાવે, દર્શાવે.

### અનુવાદ

**પોતે મોક્ષ દેનાર, વિદ્વાન ગુરુ છે તેવું લોલમલોલ ચલાવે છે. મોક્ષ શું? તેની જ જેને ખબર નથી છતાં જગતને મુક્તિની વાત જણાવે છે.**

### ભાવાર્થ

મનુષ્ય પોતાના કરેલા શુભ-અશુભ કાર્યોનાં ફળ ભોગવવા સંસારમાં જન્મ લે છે અને પછી નવા કર્મોનાં ફળ ઉમેરતો જાય છે. શાસ્ત્રકારોએ જીવનના ચાર ઉદ્દેશો બતાવ્યા છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એમાંથી મોક્ષને પરમ શ્રેષ્ઠ પુરુષાર્થ કહેલો છે. મોક્ષની પ્રાપ્તિનો ઉપાય સમર્થ ગુરુના શરણે જવાથી થાય છે. જે પોતાના ચૈતન સ્વ-સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી અંશ જેના વંશનો છે એવા મૂળ આદિ અંશીની સાથે

મેળાપ કરી આપે છે. જન્મમરણનાં બંધનમાંથી છૂટી જવું તેનું નામ મોક્ષ છે. જે મનુષ્યદેહે જ સંભવી શકે છે. જ્યારે મનુષ્ય મોક્ષ પ્રાપ્તિ કરી લે છે ત્યારપછી તેને આ સંસારમાં આવીને જન્મ લેવાની જરૂર રહેતી નથી.

વર્તમાન યુગમાં બાદલા અને પાખંડી ભેખધારીઓ પોતે મહાન વિદ્વાન અને જ્ઞાની છે એમ જગતને ઠરાવીને મોક્ષના દેનારા છે એવો ખોટે ખોટો પોકળ પ્રભાવ ઊભો કરે છે એટલું જ નહીં, પરંતુ પોતાને ગુરુ મનાવવા પ્રયત્ન કરે છે અને પોતાના શરણ થકી જ મોક્ષ મળે તેમ કહીને જીવને પોતાની પ્રપંચી માયાજાળમાં ફસાવે છે.

વળી, અન્ય સંપ્રદાયમાંથી કેમ કરીને જીવ પોતાના સંપ્રદાયમાં ખેંચવા, તેમજ પોતાની માન્યતામાંથી જીવ બીજી માન્યતામાં ન જતા રહે તેવી જાળ ઊભી કરવામાં જ તલ્લીન રહે છે. આવા ઢોંગી અને પ્રપંચી ભેખધારીઓને આત્મતત્ત્વ સંબંધી સહેજ પણ જ્ઞાન હોતું નથી છતાં જગતના જીવને મુક્તિનો માર્ગ બતાવે છે અને પોતાના અંગત સ્વાર્થ ખાતર અતિ દુર્લભ એવા માનવદેહને અવગતિએ નાખે છે. પોતે તો નર્ક કુંડની યાતના ભોગવશે, પરંતુ અન્ય જીવને પણ તેમ ફંદમાં ફસાવે છે.

**પણ ન લહે પરપંચ જેહુનકુ, નરપત ઓરુ શ્રીમંતુ;**
**ઓછા દેઈ અદકાઈ લેવનકુ, યે ધુતા ગતિવંતુ. ૫**

### શબ્દાર્થ

**પણ** = છતાં, પરંતુ **ન લહે** = જાણી શકતા નથી, ઓળખી શકતા નથી **પરપંચ** = પ્રપંચ, છળકપટ **જેહુનકુ** = તેઓનું **નરપત** = દેશ યા રાજ્યના વડા અધિકારી **ઓરુ** = અને **શ્રીમંતુ** = પૈસા પાત્ર, ધનવાન, **ઓછા દેઈ** = ઓછું આપીને, થોડું આપીને, **અદકાઈ** = મોટું, વિશેષ, વધુ, વધારે **લેવનકુ** = લેવા માટે **યે** = એ **ધુતા** = ધુતારુ, ઠગ **ગતિવંતુ** = ગતિવાળા, ચતુરાઈ ભર્યા, ગતિવંત.

### અનુવાદ

**પરંતુ તેઓના પ્રપંચને રાજાઓ કે શ્રીમંતો સમજી શકતા નથી. ઓછું આપીને વધારે લેવાની તે ધુતારાઓની ચતુરાઈ હોય છે.**

## ભાવાર્થ

સમર્થ અને સાચા ગુરુ તેને જ કહેવાય જે ભક્તો પાસેથી સામાન્ય નાશવંત પદાર્થની ભેટ લઈને, બદલામાં તત્ત્વાતીત એવા પરમપદની બક્ષિશ કરે. એવા ગુરુને માત્ર જીવના કલ્યાણની જ ચિંતા અને ભાવના હોય છે.

પ્રપંચી ગુરુઓ ઈષ્ટદેવને ધરાવેલ સામગ્રી-પ્રસાદ સ્વરૂપે આશીર્વાદ આપતી પત્રિકાઓ સાથે રાખીને દેશ કે રાજ્યના વડા અધિકારી અને ધનવાનોને મોકલે છે અને પોતાની પ્રપંચી જાળમાં પોતાની વાક્ચાતુર્યથી ભરમાવે છે. રાજા કે મુખ્ય પદાધિકારી તથા ધનવાનો પાસેથી પ્રસાદના બદલે વધારે ભૌતિક સંપત્તિ અને દાન-દક્ષિણા પ્રાપ્ત કરવી તે જ તેમનો ધ્યેય હોય છે.

આ પ્રમાણે ઓછી અને તુચ્છ કિંમતની વસ્તુ આપીને વધારે કિંમતી દ્રવ્ય મેળવવાની તે ધુતારા ભેખધારીઓની ચતુરાઈને રાજા કે શ્રીમંતો સમજી શકતા નથી.

**તેહી ધુતા ત્યૌ નરપ નીતિ બીન, જાણ ન જનમ ધરીને;**
**લંચ લેઈ પરપંચ પંથકુ, થપીતવ સાચ કરીને. ૬**

### શબ્દાર્થ

**તેહી** = તેવા, એવા, એ **ધુતા** = ધુતારા, ધુતનારા, છેતરનારા **ત્યૌ** = તેમ, તેવી રીતે **નરપ** = રાજા, રાજ્યના વડા અધિકારી **નીતિ બીન** = નીતિ વગરના, **જાણ** = સમજ, જ્ઞાન, બુદ્ધિ **ન** = નહીં, વગરના, ન હોવાવાળા **જનમ** = જન્મ **ધરીને** = ધારણ કરીને, **લંચ લેઈ** = લાંચ લઈને, રિશવત લઈને **પરપંચ** = પ્રપંચ યુક્ત, કાવાદાવા, છળકપટ **પંથકુ** = પંથની, ધર્મમાર્ગની, સંપ્રદાયની, પક્ષની **થપીતવ** = સ્થાપના કરી **સાચ** = સાચો **કરીને** = કરીને, ઠેરવીને.

## અનુવાદ

**એવા ધુતારાઓની જેમ જ રાજાઓ પણ નીતિ વગર અને જન્મથી અજ્ઞાન છે. લાંચ લઈને પ્રપંચવાળા પંથને સાચા કરીને સ્થાપે છે.**

## ભાવાર્થ

પહેલાના યુગોમાં રાજા નીતિવાન અને પ્રજા પણ નીતિવાળી હતી, પરંતુ

અત્યારે આ કળિયુગમાં અવળી ધારા વહેવા માંડી. સંસારમાં પ્રજાને પોતાની જાળમાં ફસાવીને ધર્મના વાડામાં બાંધી ભક્તોને ધૂતવાનું કામ કરતા ધુતારા-ભેખધારીઓ જેવા જ રાજ્યના વડા, નીતિ વગરના બની ગયા છે. જાણે કે જન્મથી જ જ્ઞાનના અંધ હોય તેમ પોતાનો કારભાર ચલાવે છે. જેથી નીતિ એ શું ચીજ છે, તેની તેમને ખબર હોતી નથી. નહીંતર તો છૂપી રીતે લેવાતી અઘટિત રકમ લઈને પ્રપંચ ભરેલા ધાર્મિક મતપંથોને સાચા ઠરાવીને સ્થાપિત કરે નહીં અને કરાવા દે પણ નહીં કે માન્યતા આપે નહીં.

**તબ આ જુગકે જીવ સકલ સબ, રાજ થપીતત્યે ભરમે;**
**તેહી અપરાધન અલ્પ આયુષતે, મરી મરી જાય અધર્મે. ૭**

### શબ્દાર્થ

**તબ** = તેથી **આ જુગકે** = આ યુગના **જીવ** = જીવ **સકલ** = સકલ **સબ** = સર્વ જાતિના, બધા જ **રાજ** = રાજ્યમાં રાજા થકી **થપીતત્યે** = સ્થપાયેલ **ભરમે** = ભ્રમણામાં રહ્યા **તેહી** = તેના **અપરાધન** = અપરાધને લીધે, ઉલ્લંઘનને લીધે, દોષોને લીધે, ગુનાને કારણે **અલ્પ આયુષતે** = ટૂંકુ જીવન, નજીવું આયુષ્ય જીવીને **મરી મરી જાય** = મૃત્યુને ભેટે, જીવન ટૂંકાવીને, જીવનનો અંત લાવીને **અધર્મે** = અધર્મથી, અવિચારણીય પગલું ભરીને, ધર્મ વિરુદ્ધનું, હાનિકારક.

### અનુવાદ

**તેથી આ જગતના સર્વ જીવ રાજ્યમાં સ્થપાયેલા પંથોની ભ્રમણામાં ફસાયા છે. તેના દોષોને લીધે અલ્પ આયુષ્ય ભોગવીને અધર્મથી મરી જાય છે.**

### ભાવાર્થ

રાજ્યના વડાની મીઠી નજર યાને રાજકારભારીઓના આંખ આડા કાનની વૃત્તિ હોવાથી રાજ્યની હકૂમતમાં વકરાયેલા ધુતારાઓના અધર્મ પ્રવૃત્તિવાળા ધાર્મિક મતપંથો સ્થપાયા છે. જેમાં પ્રપંચી અને છળકપટ ભરેલી માયાજાળથી ખુલ્લે આમ ભક્તોના ધનની લૂંટ ચાલી રહી છે. રાજકારણીઓની ચૂંટણીલક્ષી વોટબેંકને કારણે આ બંને પ્રવૃત્તિઓ પોષણ પામી છે.

અખબારો અને અન્ય સમાચારના માધ્યમોથી આપણને દરરોજ નવા-નવા કિસ્સાઓ સાંભળવા પણ મળતા હોય છે. પાપાચાર અને દુરાચારનો આશરો લઈને ધર્મમાર્ગમાં અધર્મભર્યું આચરણ થતું હોય છે. જેના અપરાધને લીધે પ્રપંચથી ભરમાયેલા સમાજમાં અલ્પ આયુષ્ય યાને જીવન ટૂંકાવી નાખવાના અને મરણને શરણ થવાના ઘણા મોટા પ્રમાણમાં સમાચારો સાંભળવા મળે છે. આવાં અધર્મભર્યા આચરણથી જીવ ત્રાસી જતા હોય છે. જે અંતે આવો અઘટિત નિર્ણય લેતા હોય છે.

આવી પ્રપંચી અને છળકપટવાળી ધર્મ પ્રવૃત્તિઓથી સમાજમાં સાચા આત્મતત્ત્વના જ્ઞાનનો અભાવ વર્તાવા માંડ્યો. માનવના મૂળભૂત ઉદ્દેશ મુજબ ધર્મમાર્ગમાં પોતાની ઈંદ્રિયોનો નિગ્રહ કરી બ્રહ્મચર્ય જીવન જીવીને ભક્તિ, ધ્યાન, યોગ વગેરે કરવાની પ્રવૃત્તિઓ ઘટતી ગઈ, જેથી પ્રાણાયામનો ક્ષય વધતો ગયો તેમજ અભક્ષ ખોરાકને લીધે શરીરમાં વિકૃતિ વધતી ગઈ અને રોગનું પ્રમાણ પણ વધતું ગયું. યોગીઓ પ્રાણાયામને કુંભક કરી બચાવી રાખતા હતા અને ઘણું લાંબુ આયુષ્ય ભોગવતા હતા જે હાલની પરિસ્થિતિમાં જોવા મળતું નથી. લોકો ભોગ વિલાસ અને વિષય વાસનામાં મશગૂલ બનીને જીવવા લાગ્યા અને રોગોનું પ્રમાણ વધવા માંડ્યું. વળી ધર્મનું કોઈ બંધન રહ્યું નહીં. જેથી પ્રાણાયામની અવધિ ઘટતાં અને રોગોનું પ્રમાણ વધતાં લોકોનું આયુષ્ય અલ્પ થાય છે. પરિણામે ખૂબ જ ટૂંકા સમયમાં મરણને શરણ થવા લાગ્યા.

**કોટીક દરબ ધરે જો આગે, કપટ આચારજ જબહી;**
**ન્યાયવંત જો નરપ હોય તો, હસ્ત ન છીવે તબહી. ૮**

### શબ્દાર્થ

**કોટીક** = કરોડ **દરબ** = દ્રવ્ય, મહોર, રૂપિયાનું દાન, **ધરે** = ધરવામાં આવે, આપવામાં આવે, મૂકે **જો** = જો **આગે** =આગળ, સન્મુખ **કપટ** = કપટી **આચરાજ** = ધર્માચાર્ય **જબહી** = જ્યારે **ન્યાયવંત** = ન્યાયના પથ ઉપર ચાલવાવાળો **જો** = જો **નરપ** = રાજા, વડો અધિકારી, સત્તાધીશ **હોય તો** = હોય તો **હસ્ત ન છીવે** = હાથે સ્પર્શ પણ ન કરે, સ્વીકારે નહીં **તબહી** = ત્યારે, તો પણ.

### અનુવાદ

**કપટી આચાર્યો કરોડો રૂપિયાનું દ્રવ્ય રાજાની આગળ મૂકે, પરંતુ જો રાજા ન્યાયી હોય તો સ્વીકારે નહીં.**

### ભાવાર્થ

ન્યાયના પથ ઉપર ચાલવાવાળા રાજ્યના સત્તાધીશ વ્યક્તિની અહીં ઓળખ આપેલી છે. જો રાજા કે હાલના મુખ્ય રાજગાદીના અધિકારી ખરેખર પ્રજાપાલક અને સદ્‌ગુણોથી સંપન્ન હોય, તેમજ પોતાની વૃત્તિ માત્ર ન્યાયના પથ ઉપર ચાલીને ધર્મનિષ્ઠ ભાવનાથી વહીવટ કરવાનો નિયમ લીધેલ હોય તો કોઈ પણ પ્રકારના પ્રલોભનોમાં ફસાતો નથી. કપટી ધર્માચાર્યો ભલેને ગમે તે બહાને અઢળક દ્રવ્યની ભેટસોગાત તેમના સન્મુખ ધરે છતાં પણ નેક અને ઈમાનદાર રાજા તે મહામૂલી ભેટ સ્વીકારતા નથી જ, તેમજ પોતાના હાથે સ્પર્શ પણ કરતા નથી. એટલે કે, તેવી ભેટને ઠોકર મારીને પોતાનું અને હોદ્દાનું સન્માન જાળવી રાખતા હોય છે.

**જબતે રાજ કરન તીનકુ ધન્ય, સાર અસાર હી બુજે;**
**સત પક્ષકુ કરીત સથાપન, અસત ઉથાપન જુજે. ૯**

### શબ્દાર્થ

**જબતે** = જ્યારે, તેવો ,એવા, **રાજકરન** = રાજ્યોનો કારભાર ચલાવનાર, **તીનકુ** = તેઓને, તેમણે **ધન્ય** = ધન્યવાદ આપવા ઘટે છે **સાર અસાર હી** = સત્યપંથે, અસત્યને સાચું કે જૂઠ છે તેને **બુજે** = સમજે, વિચારે, **સતપક્ષકુ** = સત્યના પંથે ચાલીને, ન્યાયના પંથનું **કરીત સથાપન** = સ્થાપન કરીને **અસત ઉથાપન** = અસત્યને છોડીને, અસત્યને ત્યજી દઈને **જુજે** = જુદા કરે, અલગ કરે, તારવી જાણે.

### અનુવાદ

**જ્યારે સારાસારને તારવી જાણવાવાળા રાજાઓ જૂઠા માર્ગને ત્યજી સત્યના માર્ગે ચાલે છે. જેથી તે ધન્યવાદને પાત્ર છે.**

### ભાવાર્થ

જે રાજદ્વારી પુરુષ સત્યના આચરણવાળા છે, તેઓ સાર-અસારને સારી રીતે

સમજે છે. જગતમાં અસત્યના માર્ગે ચાલવાવાળાઓને ખૂબ જ સારી રીતે ઓળખી શકતા હોય છે. વળી, તેઓની માયાજાળમાં ન ફસાતાં તેનાથી દૂર રહેવા માટે પ્રયત્નશીલ રહે છે. તેમજ અસત્યના માર્ગે ચાલનારને દંડનીય જોગવાઈ કરીને સત્યના માર્ગે ચાલવા બોધપાઠ શીખવે છે. આ રીતે ન્યાય અને સત્‌ધર્મના આચરણ દ્વારા પ્રજાનાં કલ્યાણ અને સુખાકારીને ધ્યાનમાં રાખીને પોતાના રાજ્યનો વહીવટ થાય તેવાં પગલાં ભરે છે. પોતાની પ્રજાના હિતને ધ્યાનમાં રાખનાર આવા ન્યાયિક સત્તાધીશ ધન્યવાદને પાત્ર છે. પ્રજા પણ મનથી એવા અધિકારીની વાહ વાહ કરે છે.

**જોજો ભયે અગમકે નરપત, અવતારાદીક ઓઈ;**
**હની કુપંથ સહિત દાનવકુ, દેવ બંચાયે સોઈ. ૧૦**

### શબ્દાર્થ

**જોજો** = જે જે **ભયે** = થઈ ગયા, ભૂતકાળમાં રાજ્ય કરી ગયા **અગમ કે** = અગાઉના યુગોમાં **નરપત** = રાજા **અવતારદીક** = માનવનો અવતારા ધારણ કરીને, રાજાના કુટુંબમાં જન્મધારણ કરીને **ઓઈ** = એવા, તેવાઓએ **હની** = સંહાર કરીને, વિધ્વંશ કરીને, મારીને, વિનાશ કરીને, **કુપંથ સહિત** = ખોટા માર્ગો સહિત, ખોટા માર્ગે ચાલનાર સર્વ અધર્મીઓને **દાનવકુ** = દાનવોને **દેવ** = દેવોને **બંચાયે** = બચાવ્યા **સોઈ** = તેઓએ, તેમણે.

### અનુવાદ

**પ્રાચીન સમયમાં જે જે અવતારાદિક, રાજાઓ થયા તેમણે અધર્મીઓ સહિત રાક્ષસોનો નાશ કરીને દેવોને બચાવ્યા હતા.**

### ભાવાર્થ

પૌરાણિક વાર્તા અને ઈતિહાસને તપાસતાં માલુમ પડે છે કે પ્રાચીન યુગમાં ઘણા મહાન ધર્મનિષ્ઠ રાજાઓ થઈ ગયા છે. સર્જનહારે પાલન પોષણનું કાર્ય જેમને સોંપ્યું છે તેવા શ્રી વિષ્ણુએ પણ પોતે રાજાના કુળમાં અવતાર ધારણ કર્યો હતો. તેમણે સુ-રાજ્ય ચલાવીને ધર્મ પરાયણ પ્રજાનું રક્ષણ કરવા માટે અધર્મનું આચરણ કરી પ્રજાને રંજાડનારા દાનવોનો સંહાર કર્યો હતો. આવા ઘણા બધા ન્યાયના પથ ઉપર ચાલનારની વાતો ખૂબ જ પ્રચલિત છે.

**રાય કોહુનકી લાંચ ન લેતે, અસત ધરમકી આગે;**
**નીતિબંધ ન્યાયકે નરપત, સો કયૌ, અનહુત પાગે. ૧૧**

### શબ્દાર્થ

**રાય** = રાજા **કોહુનકી** = કોઈની પણ **લાંચ** = લાંચ, રિશવત, છૂપી રીતે અપાતી રકમ **ન લેતે** = લેતા ન હતા, લેતા નહીં **અસત** = ખોટી, જુઠ્ઠી, અનીતિવાળા, અનીતિ આધારિત **ધરમકી આગે** = ધર્મની વિરુદ્ધ કોઈ, ધર્મનું સંચાલન કરનારની પાસે **નીતિબંધ** = નીતિવાળા, નીતિને આધારિત, નીતિના બંધનવાળા **ન્યાયકે નરપત** = ન્યાયિક રાજાઓ, ન્યાયના માર્ગે વહીવટ કરનાર રાજાઓ **સો** = તેઓ **કયૌ** = શા માટે, કેવી રીતે **અનહુત** = અનર્થ, હક્ક વગરનું, જુઠ્ઠું, અસત્ય **પાગે** = લઈ શકે, પ્રાપ્ત કરે, મેળવે.

### અનુવાદ

**લાંચ એ ધર્મની વિરુદ્ધ હોવાથી રાજા કોઈની લાંચ લેતા નહીં. આવા નીતિવાન અને ન્યાયી રાજાઓ શા માટે હક્ક વગરનું મેળવે ? લઈ શકે ?**

### ભવાર્થ

જેમના માટે ધર્મ એ જ સર્વસ્વ છે. ધર્મના બંધનમાં રહીને જેમની વહીવટ કરવાની અને પોતાનું અંગત જીવન પવિત્રતાથી જીવવાની ટેક છે, તેવા કદી પણ અધર્મનો આશરો લેતા નથી.

પ્રાચીનકાળમાં થઈ ગયેલા રાજાઓ પણ સત્યવાદી, નીતિવાન અને ન્યાયપૂર્ણ કારભાર ચલાવવામાં માનતા હતા. તેઓ પ્રજાના પાલક રાજાઓ હતા અને સાથોસાથ ધર્મનું પૂર્ણ પણે આચરણ કરતા હતા. પોતાના રાજ્યના કારભારમાં ઘણા વિદ્વાન સલાહકારો હોવા છતાં રાજગુરુની આજ્ઞા અને માર્ગદર્શનથી આગળ વધતા હતા. આવા સત્ય અને ધર્મના માર્ગે રાજ્ય કરનાર રાજાઓ કોઈની પાસે હક્ક વગરનું ધન લેતા ન હતા. લાંચ તો ધર્મની વિરુદ્ધ હોવાથી તેઓ કદી પણ કોઈની પાસેથી લાંચના રૂપમાં અનઅધિકૃત નાણુ શા માટે લે ? યાને ખોટી રીતે ધન કેવી રીતે લઈ શકે ?

**જબતે અંશ સકલ સંપૂરણ, રાજ કરત ન્હેઃ કંટી;**
**સત ધર્મ પરતાપ પુનિતસે, વિઘન સબનતે વંટી. ૧૨**

### શબ્દાર્થ

**જબતે** = જેથી **અંશ** = દરેક ઘાટમાં રહેલો સર્જનહારનો સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **સકલ** = બધામાં, બધા જ જીવ **સંપૂરણ** = પૂર્ણ રીતે, પૂરેપૂરું **રાજ કરત** = રાજ કરે છે **ન્હેઃ કંટી** = નિષ્કામ, કોઈ પણ જાતની કામના વિના, નિઃસ્વાર્થ સરળ અને સહજવૃત્તિથી **સત ધર્મ** = સત્યના માર્ગે, નિયમન કરેલ ધર્મ મુજબ, નિયમ મુજબ **પરતાપ** = તેના પ્રતાપે, પ્રભુત્વ, પ્રભાવ **પુનિતસે** = પવિત્રતાવાળો **વિઘન** = આફત, સંકટ, આપત્તિ **સબનતે** = બધી જ પ્રકારની, તમામ, સઘળી **વંટી** = દૂર કરીને, પસાર થઈને, વિજય પ્રાપ્ત કરીને.

### અનુવાદ

**જેથી સંપૂર્ણ અંશભાવ ધરાવતા રાજા સત્ય અને પવિત્ર ધર્મના પ્રતાપથી અનેક પ્રકારના વિઘ્નોમાંથી પ્રસાર થઈને નિર્વિઘ્ને વિજય પ્રાપ્ત કરી નિષ્કામ પણે રાજ્ય કરી શકતા હતા.**

### ભાવાર્થ

પહેલાંના યુગોમાં થઈ ગયેલા રાજાઓ સત્ય અને ધર્મને આધીન થઈને ન્યાય કરતા અને પોતાનો કારભાર પણ સત્યના નિયમોને વળગીને ધર્મને આધીન રહી પવિત્રતા મુજબ આચરણ કરતા. પોતાના આદ્ય રાજગુરુની આજ્ઞાનું સંપૂર્ણ પણે પાલન કરીને રાજ્યના નીતિ નિયમોનો અમલ પ્રજાને કરાવતા. આમ આત્મબંધુત્વનો ભાવ રાખીને સર્વ પ્રજાના હિત અને શાંતિ માટે તેઓ પોતાનું સર્વસ્વ રાષ્ટ્રને સમર્પિત કરતા હતા.

સંપૂર્ણ અંશભાવ ધરાવતા રાજાના આવા સત્યનિષ્ઠ અને પવિત્ર ધર્મ પાલનના પ્રભાવથી રાજ્યના કારભારમાં જે જે સંકટો આવતાં તે તમામ સંકટો વિના વિઘ્ને પાર પડતાં હતાં, વળી...

**નિજકે ધરમ સકલ સંપૂરણ, રાજ કરનકે સોઈ;**
**વેદ પુરાણ શાસ્ત્ર સમજુકતા, મુગતા રમે ન કોઈ. ૧૩**

### શબ્દાર્થ

**નિજકે ધરમ** = પોતાનો રાજધર્મ, ફરજ **સકલ સંપૂરણ** = બધો જ, પૂર્ણ રીતે, બધી જ રીતે

**રાજ** = કારભાર, રાજ્ય **કરનકે** = કરવા માટે **સોઈ** = જરૂરી તે બધું જ, તેઓ **વેદ** = બ્રહ્માજી દ્વારા રચાયેલા આદિ ચાર ધર્મ પુસ્તક **પુરાણ** = વ્યાસજી દ્વારા નિર્માણ થયેલા અઢાર ધર્મ પુસ્તક **શાસ્ત્ર** = વેદનું અધ્યયન કરીને બુદ્ધિજીવી મહાપુરુષોએ બનાવેલા છ દર્શન, ધર્મ પુસ્તક **સમજુકતા** = સમજ કેળવીને, બતાવેલ આદેશોને સમજી વિચારીને **મુગતા** = પોતાના મન માન્યા, પોતાના અંગત મંતવ્ય અનુસાર **રમે** = વર્તે **ન કોઈ** = કોઈ નહીં.

## અનુવાદ

**રાજ્ય કરવાનો બધો જ રાજધર્મ સંપૂર્ણપણે વેદ, પુરાણ અને શાસ્ત્રની સમજ કેળવીને કરતા, પરંતુ પોતાની માન્યતા પ્રમાણે કાંઈ વર્તતા નહીં.**

## ભાવાર્થ

અગાઉ જણાવ્યા મુજબના રાજાઓ ન્યાય અને ધર્મનું સારધાર પાલન કરતા હતા. બ્રહ્માજી દ્વારા રચેલા ચાર વેદ, વિદ્વાન મહાપુરુષો દ્વારા બનાવેલ છ શાસ્ત્ર અને વ્યાસજી દ્વારા બનાવેલ કલ્પિત અઢાર પુરાણના આધારે તેમાં દર્શાવેલ પ્રજા પ્રત્યેની રાજાની ફરજો અને જવાબદારીનો સંપૂર્ણપણે સમજીને રાજ્યનો સઘળો કારભાર કરતા હતા.

પરંતુ રાજ્યની કોઈ પણ પ્રવૃત્તિઓ અને પ્રજાને પાળવાના નીતિનિયમોનું બંધારણ પોતાને મનફાવે તેમ કરતા નહીં. રાજા પોતે પણ તે પ્રમાણેનું મનસ્વી આચરણ કરતા ન હતા. કાયદાનો અમલ તમામ રૈયત માટે એક સમાન રહેતો.

**ન્યાય કરન નિર્ગુણકે ગુનસે, પાલન સગુન રહીતકુ;**
**દાન પુણ્ય ઉદારનકી ગત, જગ ફલ રજો ગ્રહીતકુ. ૧૪**

### શબ્દાર્થ

**ન્યાય કરન** = ન્યાય કરવામાં **નિર્ગુણકે** = કોઈ પણ પ્રકારના ગુણોથી રહિત, નિર્ગુણ, બ્રહ્મની સમાનવૃત્તિ રાખીને **ગુનસે** = ગુણોની જેમ, સ્વભાવની જેમ **પાલન** = પ્રજાની સંભાળ, પાલનપોષણ **સગુન** = ગુણોમાં શ્રેષ્ઠ એવાં સત્યગુણ, સગુણ **રહીતકુ** = પોતાની પ્રજાજનોનું, રૈયતનું **દાન પુણ્ય** = દાન અને પુણ્ય, કર્મો **ઉદારનકી** = ઉદારતાની ભાવનાથી **ગત** = વૃત્તિ, પદ્ધતિથી **જગ** = જગતના **ફલ રજો** = રજોગુણી ફળોની મીઠાશની જેમ, પ્રેમ અને અનુરાગ પૂર્વક **ગ્રહીતકુ** = ધારણ કરીને.

## અનુવાદ

**નિર્ગુણના ગુણધર્મ મુજબ ન્યાય કરતા, સગુણની જેમ પ્રજાની સંભાળ કરતા, દાન પુણ્ય કરવામાં ખૂબ જ ઉદાર વૃત્તિ રાખતા અને જગતમાં રજોગુણી ફળોની મીઠાશ ધારણ કરીને રહેતા.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબના રાજાઓની કાર્યપદ્ધતિને અહીં સરખામણી કરીને દર્શાવવામાં આવી છે કે – તેઓ કેટલા મહાન અને પરોપકારી વૃત્તિવાળા હતા.

તેઓ પોતાનો ન્યાય બ્રહ્મની જેમ નિર્વિકારી અને પક્ષા-પક્ષથી રહિત ભૂમિકા ભજવીને નિર્ણય કરતા. એટલે કે, સહજ સ્વભાવે, યથાયોગ્ય હોય તે મુજબનો પક્ષાપક્ષથી રહિત ન્યાયનો ધર્મ બજાવતા. વિશ્વના સર્જનહાર, જેમ ત્રણ ગુણોઃ રજો, તમો અને સતો દ્વારા વિશ્વના સંચાલનનો જેવો કારભાર સંભાળે છે, તેવો જ ભાવ રાખીને રાજા પણ પોતાની પ્રજાનું ખૂબ જ ધ્યાન અને સંભાળ રાખતા હતા. તેમના હૃદયમાં પ્રજા પ્રત્યે સદાને માટે ઉદાર ભાવના રહેતી અને પુણ્ય દાન પણ ખૂબ જ ઉદારવૃત્તિથી કરતા. વળી પોતાની પ્રજા પ્રત્યે પ્રેમ અને અનુરાગ રાખીને રજોગુણી ફળોની મીઠાશની જેમ ભાવ ધારણ કરીને રહેતા અને પ્રજાનું હિત વિચારતા.

**સાત્વિકસે સનમાન સકલકુ, બંદિ જન જાચકકે;**
**સહિત વિપ્ર ઓરુ ખટ દર્શનસે, અમૃત સમ વાચકકે. ૧૫**

### શબ્દાર્થ

**સાત્વિકસે** = સાત્વિકતાથી, સાત્વિક ગુણની જેમ **સનમાન** = સન્માન, આદર **સકલકુ** = બધી જ પ્રજાનું, બધાયનું (બંદી, કેદી, બંદીવાન) **બંદિ જન** = વખાણ કરનારા ભાટ, ચારણ, જાતિ, જ્ઞાતિ **જાચકકે** = માગણ, ભિખારીની જેમ ખૂબ વિનમ્ર ભાવથી **સહિત** = સહિત, સાથો-સાથ, વગેરે **વિપ્ર** = વેદના અભ્યાસી **ઓરુ** = અને, **ખટદર્શનસે** = છ પ્રકારના શાસ્ત્રના થકી **અમ્રતસમ** = અમૃત સમાન, અમૃતમય **વાચકકે** = વાણી બોલીને, વાણી દ્વારા.

## અનુવાદ

**સાત્વિકતાથી ભિક્ષા લેનાર ભાટ ચારણ, વેદ વક્તા તથા છ શાસ્ત્રકારોની જેમ**

**સર્વ પ્રજાનું વિનમ્ર ભાવે અમૃતમય વાણીથી સૌનું સન્માન કરે છે.**

### ભાવાર્થ

જેમ વિષ્ણુ સતોગુણના ગુણધર્મ મુજબ સમગ્ર જગતનું પાલનપોષણ કરવાનું કાર્ય સંભાળે છે. એવાં જ સતોગુણી સ્વભાવથી રાજાઓ પણ સમગ્ર પ્રજાજનો પ્રત્યે સમાન વ્યવહાર કરતા હતા. તેમના વાણીમાં ગુણગાન કરનાર ભાટ-ચારણો અને ભિક્ષા માગનાર ભિક્ષુકોની જેમ ખૂબ જ વિનમ્રતા રહેતી અને વેદના વક્તા વિપ્રો તથા શાસ્ત્રકારોની વાણીની જેમ સૌનું સન્માન ખૂબ જ અમૃતમય વાણીથી કરતા હતા.

**તાડ કરન ઓરુ દંડ તમોસે, નેમે જકત રખનકુ;**
**ઓલંગન નહીં કરત કાલકોહુ, આપને ધરમ પખનકુ. ૧૬**

### શબ્દાર્થ

**તાડ કરન** = અપરાધીઓને કરવામાં આવતી સજા, અમાનુષી વર્તન **ઓરુ** = અને **દંડ** = શિક્ષા, શારીરિક વેદના થાય તેવાં પ્રહાર, માર, અપરાધીઓને બંદક બનાવી તેમના ઉપર દમન ગુજારીને દંડક દ્વારા કરવામાં આવતી ક્રૂર સજા **તમોસે** = તમોગુણીના પ્રભાવશાળી, તમોગુણ દ્વારા **નેમે** = નિયમમાં, નિયમ મુજબ **જકત** = જગતને **રખનકુ** = રાખવા માટે **ઓલંગન** = ઓલંઘન, ઉલ્લંઘન કરવું વિરુદ્ધ જવું, આજ્ઞાનો અનાદર કરવો **નહીં** = નહીં **કરત** = કરે **કાલકોહુ** = કોઈ પણ કાળે, કોઈ પણ સમયે **આપને** = પોતાના **ધરમ** = ફરજ **પખનકુ** = પક્ષે, અંગે.

### અનુવાદ

**જગતને નિયમનમાં રાખવા માટે કરવામાં આવતી સજા અને દંડનીય પ્રવૃત્તિ તમોગુણી દંડક દ્વારા કરાવતા હતા. જેથી પ્રજા પોતાની ફરજ પાલનનું કોઈ પણ કાળે ઉલ્લંઘન કરે નહીં.**

### ભાવાર્થ

વિશ્વમાં તમોગુણી શિવજી સંહાર અને વિનાશનો કારોબાર સંભાળે છે. વળી પાપી જીવાત્માઓને પોતાના કર્મોની દંડનીય સજા તમોગુણી દંડક દ્વારા મળે તે

માટે નર્ક કુંડોની યાતનાઓ ભોગવાતી સજાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેવી જ રીતે રાજાઓ પણ તમોગુણી દંડકો મારફતે અપરાધીઓને સજા કરતા. સુદૃઢ રાજશાસન માટે સામ, દામ, ભેદ અને દંડ એમ ચાર નીતિ જે હિન્દુ શાસ્ત્રોમાં કહી છે તે અપનાવીને પોતાના રાજ્યોનો વહીવટ કરતા હતા. અપરાધીઓને બંદક બનાવી તેમના ઉપર અમાનુષી દમન ગુજારીને ક્રૂર અને શારીરિક વેદના થાય તેવો જુલમ ગુજારીને દંડક પ્રજાને નિયમનમાં રાખતા જેથી પ્રજામાં કોઈ પણ વ્યક્તિ રાજનીતિના નિયમોનું ઉલ્લંઘન કરે નહીં અને પોતાની ફરજ બજાવીને નક્કી કરેલ આચારસંહિતા મુજબ જીવન જીવે.

**એહી વિધિ ન્યાય ચલત સોઈ નરપત, ઉભયે લોક જશવંતુ;**
**મરતલોક ઓરુ દેવમહી જીનું, બજે દંદુભી અંતુ. ૧૭**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે **ન્યાય** = ન્યાયનપથ ઉપર **ચલત** = ચાલતો, રાજ્ય કરતા **સોઈ** = તેવા **નરપત** = રાજા **ઉભયે** = બંને **લોક** = લોક **જશવંતુ** = યશસ્વી, કીર્તિવાન **મરતલોક** = મૃત્યુલોક, આલોક **ઓરુ** = અને **દેવમહી** = દેવલોકમાં, પરલોકમાં **જીનું** = જેમનો, જેમના માટે **બજે** = વાગે **દંદુભી** = એક જાતનું ચર્મવાદ્ય યશગાન, કીર્તિ અંગેની ગર્જના, શંખનાદ, વાજિંત્ર **અંતુ** = અંતે, દેહ છોડી અંશ જ્યારે પરલોકમાં સીધાય ત્યારે.

### અનુવાદ

**આ પ્રમાણે જે રાજા ન્યાયથી વર્તે છે તે બંને લોકમાં યશસ્વી બને છે. જેના માટે મૃત્યુલોક અને દેવલોકમાં અંત સમયે દુંદુભિ વાગે છે.**

### ભાવાર્થ

જે રાજા રાજનીતિમાં હોંશિયાર અને વેદ અને શાસ્ત્રમાં દર્શાવ્યા મુજબનું સુદૃઢ રાજવહીવટ ચલાવે છે, એવાની યશકીર્તિ પૃથ્વી પરના મૃત્યુલોક અને અંતરિક્ષના દેવલોકમાં ફેલાય છે. એટલું જ નહીં, પરંતુ તેના અંતકાળે જ્યારે અંશ નાશવંત દેહને ત્યજી દેવલોકમાં જવા પ્રયાણ કરે છે. તે સમયે આકાશમાં રહેલા દેવી-દેવતાઓ

પણ તેની કીર્તિનાં વખાણ કરવા અને આવકારવા માટે વાજિંત્રોના ગર્જનાદ કરે છે. તેમજ મૃત્યુલોકમાં પણ તેના પાર્થિવ દેહને સન્માનપૂર્વક તોપના ગર્જનાદથી વિદાય અપાય છે.

**ઓરુ અબકે તો રાય કલીનકે, અસ્ત અધરમી ઊલટે;**
**અન્યાયનકે ન્યાય ચુકાવત, કબુન ચાલત સૂલટે. ૧૮**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **અબકેતો** = અત્યારના તો **રાય** = રાજા, ઉચ્ચ અધિકારી, રાજ્યનો વડો **કલીનકે** = કળિયુગના **અસ્ત** =અસત્ય, જૂઠાં **અધરમી** = ધર્મથી વિરુદ્ધ ચાલનાર **ઊલટે** = અવળા ઊંધું, ખોટી બાજુ, અવળે માર્ગે **અન્યાયનકે** =અન્યાયના માર્ગ ને **ન્યાય** = ન્યાયિક **ચુકાવત** = ચુકાદો આપે, દર્શાવે **કબુન** = કદિ પણ નહીં **ચાલત** = ચાલે, વર્તે, રાજ્યનો કારભાર ચલાવે **સઊલટે** = સીધા માર્ગે, સવળી રીતે.

### અનુવાદ

**અત્યારના કળિયુગના રાજાઓ અસત્યવાદી અને અધર્મી હોઈ ઊલટા માર્ગે વર્તન કરીને અન્યાયીને ન્યાયિક તરીકે ચુકાદો આપે છે. કદી પણ સીધા માર્ગે ચાલતા નથી.**

### ભાવાર્થ

જે રાજાઓ સતયુગ, દ્વાપરયુગ કે ત્રેતાયુગમાં થઈ ગયા, તેઓ ધર્મના પથ ઉપર ચાલીને નીતિ અને ન્યાયનો આશરો લઈને પોતાના રાજ્યનો કારભાર ચલાવતા હતા. જ્યારે અત્યારના આ કળિયુગના રાજાઓ એટલે કે, હાલના રાજ્યના પદાધિકારીનું વલણ અગાઉના રાજાઓથી ઊલટું જોવા મળે છે. તેઓને સત્ય બિલકુલ ફાવતું જ નથી અને તેમની રહેણીકરણી અને રાજ્યના કારભાર અંગેની વૃત્તિપણ ધર્મ મુજબની નથી. માત્ર તેઓના લોહીમાં અસત્યવાદીનો ભાવ વકરેલો હોય છે. વળી અધર્મનું આચરણ કરીને જે અન્યાયી હોય અને માત્ર જૂઠાનો આશરો લઈને પોતાના વ્યવહાર કરતો હોય તેવાઓ પાસેથી ખોટી રીતે ધન પડાવીને પણ તેઓ સાચા છે, તેવો ન્યાય કરે છે અને કરાવે છે. એવા પ્રપંચી અને અન્યાય ભરેલા કાર્યો કરતાં

જરા પણ ખચકાતા નથી કે અટકાતા નથી. તેમજ કદી પણ સીધા માર્ગે ચાલતા નથી.

**ચલન હલન સબ ચેન અનિતકે, હિંસા કરન હમેશી;**
**વાચ કાછકે વહીત વિટંડી, નેમ નહીં નવ લેશી. ૧૯**

### શબ્દાર્થ

**ચલન હલન** = ચાલ ચલગત, વર્તન અને વ્યવહાર **સબ** = બધો **ચેન** = ચિન્હો, ચેનચાળા **અનિતકે** = અનીતિવાળા, અનીતિપૂર્વકના **હિંસા** = ઘાત કરવો, મારી નાખવું, હત્યા **કરન** = કરે **હમેશી** = હંમેશને માટે, સદા **વાચ** = વાણી **કાછકે** = વિલાસીકતા, કાછડીના, અશ્લિલ કાર્યના **વહીત** = વહેવડાવનારા, જીવન જીવવાવાળા **વિટંડી** = વિટંડાવાદી **નેમ** = નિયમ, ધારાધોરણ **નહીં** = નહીં **નવ લેશી** = લેશમાત્ર પણ નહીં, સહેજ પણ નહીં.

### અનુવાદ

**તેમની ચાલ-ચલગત અને ચેન-ચાળા બધું જ અનીતિ વાળું હોય છે. તેઓ હમેશાં હિંસા કરતા હોય છે. વળી વિતંડાવાદી થઈને ફરતા હોઈ તેઓ વાણી અને કામાતુરતાના ભોગી હોવાથી સહેજ પણ નિયમન રાખતા નથી.**

### ભાવાર્થ

રાજગાદી પર બેઠેલ વ્યક્તિની ચાલ-ચલગત એટલે કે, બાહ્ય અને આંતરિક જીવનના વ્યવહારો અને મનોવૃત્તિ અનીતિથી ભરપૂર હોય છે. તેઓ શરીરથી, મનથી અને વાણીથી હિંસા આદરીને તેમજ પોતે જાતે કરીને, કરો એમ કહી, બીજા પાસે કરાવીને કે સારુ કર્યુ એમ કહી અનુમોદન આપીને, પણ હિંસાનું કાર્ય કરતા હોય છે. આમ પોતાના મન, ઈંદ્રિયો અને મોભાને નિયમની લગામ ન રાખતાં વિતંડાવાદી થઈને ફરતા હોય છે. તેમના વિચારોમાં જાણે જગતમાં લોહી સસ્તુ થયું હોય અને માત્ર ધનની પ્રતિષ્ઠા વધી હોય તેવું અહિંસા ધર્મનો ફેલાવો ખુલ્લેઆમ જોવા મળે છે. દુનિયાના કહેવાતા બધા જ અવગુણોથી ભરેલું તેમનું સંપૂર્ણ વર્તન હોય છે. સ્વાર્થથી આંધળા અને નિર્દય હૃદયની આવી વ્યક્તિ સ્વરૂપવાન સુંદરીઓનાં શરીરનું શોષણ કરીને સમાજને છેતરે છે અને પોતે પશુ સમાન વ્યવહાર કરીને પ્રજા

વચ્ચે દ્વેષપૂર્ણ સંઘર્ષો કરાવવામાં રાજી રહે છે.

**સચ્ચેકુ જીુઠાઈ બનાવત, અસતનકે સત કરહી;**
**લંચ લેઈ ઊલટી સુલટાયત, અધરમે ઉદર ભરહી. ૨૦**

### શબ્દાર્થ

**સચ્ચેકુ** = સાચાનું, સત્યનું **જીુઠાઈ** = જુઠ્ઠું, અસત્ય **બનાવત** = બનાવીને, દર્શાવીને, કરીને **અસતનકે** = અસત્યને **સત** = સાચું, સત્ય **કરહી** = કરે છે **લંચ લેઈ** = લાંચ લઈને, અનઅધિકૃત નાણુ લઈને **ઊલટી સુલટાયત** = સૂલટાને ઊલટું કરીને અને ઊલટાનું સૂલટું કરીને **અધરમે** = અધર્મથી, ધર્મ વિરુદ્ધ કાર્ય કરીને **ઉદર ભરહી** = પેટ ભરે છે, સંતોષ અનુભવે છે.

### અનુવાદ

**સત્યને જુઠ્ઠું કરાવે છે અને અસત્યને સત્ય મનાવે છે. લાંચ લઈ ઊલટાનું સૂલટું કરી આપીને અધર્મથી પેટ ભરે છે.**

### ભાવાર્થ

રાજસિંહાસન પર બેઠેલા વ્યક્તિ મોટેભાગે પોતાની રાજનીતિનો વ્યવહાર અનીતિ આચરીને જ કરતા હોય છે. તેઓ સાચી હકીકત હોય તેને જુઠ્ઠાંમાં પલટીને જુઠ્ઠી ઠેરવે છે અને જે જુઠ્ઠી અને અસત્ય હકીકત હોય તેને સાચી છે તેમ મનાવતા હોય છે. આવા રાજકીય કાવા-દાવાવાળો કારભાર કરવા પાછળ ઉદ્દેશ માત્ર રૂપિયા ભેગા કરવાનો જ છે. ગમે તેમ કરીને પ્રજાની પાસેથી લાંચ લઈને પોતાની સત્તા દરમિયાન સંપત્તિમાં મોટા ગુણાંકમાં વધારો કરવાનો તેમનો મનસૂબો પૂરો કરતા હોય છે. આમ પોતાનાથી બને તેટલું ઊલટાનું સૂલટું ફેરવીને અધર્મ આચરણ દ્વારા પેટ ભરે છે અને પોતે તો ખૂબ જ સત્યવાદી છે તેવું મનને મનાવીને હૃદયમાં સંતોષ અનુભવે છે.

**જો કબુ દાન કરે તો કીરતકે, અહેરન સાટ સુયનકે;**
**તીનકે ફલ પ્રાપતકી ગતિયાં, જ્યૌ કણ ઉસર બોયનકે. ૨૧**

### શબ્દાર્થ

**જો કબુ** = જો કદાચ, જો કોઈ કારણવસાત્ **દાન કરે તો** = દાન કરે તો, સખાવત, બક્ષિશ, ભેટ, વગેરે પુણ્યાર્થ આપે તો **કીરતકે** = કીર્તિ માટે, પોતાના નામની સમાજમાં વાહ વાહ બોલાવવા માટે **અહેરન** = એરણ, અમુક આકારનું લોખંડનું વજનદાર સાધન જેના ઉપર ધાતુ ઘડતર કરવામાં આવે છે **સાર** = સાટામાં, બદલામાં **સુયનકે** = સોયનું, કપડાં વગેરે સીવવાની નાના છેદવાળી અણીદાર હલકી સળી **તીનકે** = તેનું **ફલ** = પરિણામ, ફાયદો **પ્રાપતકી** = પ્રાપ્ત કરવાની, મેળવવાની **ગતિયાં** = વિધિ, રીત, રસમ, પદ્ધતિ **જયૌ** = જેમ કે **કણ** = અનાજનો દાણો, બીજ **ઉસર** = ગણોતિયો ખેડૂત. ખારવાળી જમીન, વેરાન નિર્જન જગ્યા **બોયનકે** = વાવીને, રોપીને.

### અનુવાદ

**જો કદાપિ દાન કરે તો તે કીર્તિ અર્થે જ કરતા હોય છે. તેમાં પણ એરણની ચોરી કરી સોયનું દાન કરે છે. ત્યારે તેનું ફળ પણ ખારવાળી જમીનમાં વાવેલા કણ જેવું જ પ્રાપ્ત થાય છે.**

### ભાવાર્થ

સામાન્ય રીતે શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ દાનનો અર્થ જોઈએ તો જે ધન બીજાને પીડા કરીને પ્રાપ્ત કરેલું ન હોય, પરંતુ પોતાના પરિશ્રમથી અને ન્યાયપૂર્વક પોતે પ્રાપ્ત કરેલું હોય તેવું ધન જ દાન દેવાને યોગ્ય છે. ધર્મવૃદ્ધિથી પુણ્યાર્થે, દયાભાવ ધારણ કરીને તેમજ બીજાના પ્રત્યે પોતાનું કર્તવ્ય સમજીને દેશ, કાળ અને પાત્રનો વિચાર કરી નિષ્કામભાવે આપવામાં આવતું દ્રવ્ય તે દાન કહેવાય છે. જેના સાત્વિક, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકાર છે. દાન માટે દાતાને શ્રદ્ધા હોવી જોઈએ અને તેણે દાન લેનાર પાસેથી કોઈ પ્રયોજનની કે કીર્તિની અપેક્ષા ન રાખવી જોઈએ.

કળિયુગનો પ્રભાવ હોવાથી આજકાલ રાજકારણી કદાપિ પુણ્યદાન કરે તો તે પોતાની કીર્તિ અને યશ વધારવા અર્થે જ કરતા હોય છે. પ્રજામાં તેમની વાહવાહ થાય અને પોતાની પ્રતિભા વધે તે જ તેમનો ઉદ્દેશ હોય છે. જેમ સંસારમાં કોઈ ચોર મોટા એરણની ચોરી કરીને સોયનું દાન આપી સંતોષ અનુભવે તેવું જ આવા રાજકારણીઓ કરતા હોય છે. અઢળક ધન-સંપત્તિની લાંચ લઈને તેમજ પોતાની સત્તાની વગ વાપરીને ભેગી કરે છે અને નજીવી રકમની બક્ષિશ કરીને પોતાના

નામની તકતીઓ લગાવી માત્ર યશ અને કીર્તિની લાલચ પૂર્ણ કરવાના ઈરાદાથી વ્યવહાર કરે છે.

પરંતુ કુદરતના ન્યાયને તપાસતાં જો કોઈ ખેડૂત ખારવાળી કે પળતર જમીનમાં બીજનું વાવેતર કરે અને તે વાવેતર નિષ્ફળ જાય જેથી તેને પસ્તાવાનો વારો આવતો હોય છે. આવા રાજકારણીઓના દાનની ફળ પ્રાપ્તિ તેવી જ છે. જે તેમના અંતઃ કાળ વખતે જ્યારે કર્મોનો બદલો ભોગવે છે ત્યારે તેઓ પથારીમાં પડ્યા-પડ્યા પસ્તાય છે, રિબાય છે.

**એહી વિધિ રાજરીત કલીજુગ કી, જેહી નરપત નર કરહી;**
**સો સુક્રિત પ્રાપત ફલ અંતે, ઘોર નરકમે પરહી. ૨૨**

### શબ્દાર્થ

**એહીવિધિ** = આ પ્રમાણેની **રાજરીત** = રસમ, રિવાજ, પદ્ધતિ, રાજ કરવાની રીત **કલીજુગ કી** = કળિયુગના સમયની **જેહી** = જે **નરપત** = રાજા, રાજ્યના વડા અધિકારી **નર** = પુરુષ, વ્યકિત **કરહી** = કરે છે **સો** = તેના **સુકિત** = સત્‌કર્મો, પુણ્ય કર્મે **પ્રાપત** = પ્રાપ્ત કરે છે, મેળવે છે **ફલ** = ફળ **અંતે** = છેવટે, દેહના અંત સમય બાદ **ઘોર** = મહાન, વિકરાળ **નરકમે** = નર્કના કુંડ, યાતના ભોગવવાનું સ્થાન, મરણ પછી કુકર્મની શિક્ષા ભોગવવા માટેનું નરકી જીવનું રહેવાનું સ્થાન, જે હજારો વર્ષો સુધી પીડા ભોગવવાની હોય છે **પરહી** = પડે છે, ભોગવે છે, અધોગતિમાં ધકેલાઈ જવું, પતન થવું.

### અનુવાદ

**સૂક્તિનાં ફળનાં પ્રતાપે રાજનીતિમાં પડેલા કળિયુગના રાજપુરુષ આ મુજબનો રાજ કારભાર કરે છે, જે અંતે ઘોર નરક ભોગવે છે.**

### ભાવાર્થ

મનુષ્યને આ જન્મે જે કાંઈ ઉત્તમ પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે તેનો આધાર પૂર્વ જન્મના સંચિત સત્‌કર્મોનું પુણ્ય ગણાય છે, પરંતુ માનવી તે વાતને વીસરી જાય છે અને મળેલ પરિસ્થિતિનો ઉપભોગ અસત્ય અને અનીતિના માર્ગે ચાલીને પોતાનું અધઃપતન પોતે જ પોતાના કર્મો થકી કરતો હોય છે. જેના માટે તે પોતે જ જવાબદાર હોય છે.

અગાઉ દર્શાવ્યા મુજબના કળિયુગના રાજગાદી પર બેસનાર વ્યક્તિ અને સત્તાના નશામાં મશગૂલ થયેલ રાજકારણીઓ ભૂલી જાય છે કે તેના સંચિત પુણ્યના ફળ સ્વરૂપે તેને આવા સંજોગો પ્રાપ્ત થયા છે. કળિયુગના પ્રવાહમાં પોતે પણ બેફામ રીતે કુકર્મ અને દુરાચારી કાર્યો કરે છે, જેથી અંતે કુદરતના ન્યાયે મરણ પછી અધોગતિમાં ધકેલાઈને ૨૮ પ્રકારના નરકકુંડોમાં જઈ હજારો વર્ષો સુધી યાતના ભોગવે છે.

## ૨૮ નર્ક કુંડોના નામ

તામિસ્ત્ર, અંધતામિસ્ત્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, શૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સંદંશ, તપ્તશૂમિ, વજકંટકશાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ, અયઃપાન, ક્ષારકર્દમ, રક્ષગમભજન, શૂલપ્રોત, દંદશૂક, અવટનિરોધન, પર્યાવર્તન, અને સૂચિમૂખ.

## પુરાણ અને ભાગવત મુજબ ૨૫ નર્કના નામ

ઘોર, સુઘોર, અતિઘોર, મહાઘોર, ઘોરરુપ, કરાલ, ભયાનક, કાલરાત્રિ, ભયોત્કત, ચંડ, મહાચંડ, ચંડકોલાહલ, પ્રચંડ, પદ્મ, ભીમા, ભીષણ, કરાલવિકરાલ, વજી, ત્રિકોણ, પદ્માવતીપદ્મકોણ, સુદિર્ઘ, ગોલ, સપ્તભૌમ, અષ્ટભૌમ, દીપ્ત, રૌરવ. (નરક પાતાળની નીચે ને ગર્ભોદક નામના જળની ઉપર જે ત્રીસ હજાર યોજનનું અંતર રહ્યું છે ત્યાં આવેલા છે, જેમાં પાપી વ્યક્તિ યાતના ભોગવે છે અને તેણે સડ્યા કરવું પડે છે.)

## મનુસ્મૃતિ મુજબ નર્કના નામ

તામિસ્ત્ર, અંધતામિસ્ત્ર, રૌરવ, મહારૌરવ, નરક, મહાનરક, કાલસૂત્ર, સંજીવન, મહાવિચિ, તપન, પ્રતાપન, સંહાત, કાલોલ, કુંડૂમલ, પ્રતિમૂર્તિક, લોહશંકુ, ઋજીષ, શાલ્મલી, વૈતરણી, અસિપત્રવન અને લોહદારક.

## જૈન માન્યતા મુજબ નર્કના નામ

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમઃતમઃપ્રભા અથવા મહાતમઃપ્રભા

**જબ નરપત ગત એસી જાણકે, અંતકાલકે ફલહી;**
**આપને કીયે આપ ભુગતતહી, તબતે ચલો સચલહી. ૨૩**

## શબ્દાર્થ

**જબ** = જ્યારે **નરપત** = રાજા, રાજગાદી પર રહેલ વ્યક્તિ **ગત** = ગતિ, મરણ પછીની સ્થિતિ **એસી** = આ પ્રમાણે, એવી **જાણકે** = જાણીને **અંતકાલ કે** = અંતકાળના, મૃત્યુ પછીના **ફલહી** = ફળની, કર્મોના પરિણામની **આપને કીયે** = પોતાનાં જ કરેલા **આપ** = પોતે જ **ભુગતતહી** = ભોગવવાના હોવાથી, ભોગવવાનું હોવાથી **તબતે** = તો પણ **ચલો** = વર્તન કરો, જીવન જીવ, ચાલો **સુચલહી** = સારી ચાલચલગત રાખીને, ધર્મ અને સત્યના પથ ઉપર પ્રયાણ કરીને, કર્મનું બંધન ન બને તે રીતે જિંદગી જીવીને.

## અનુવાદ

**અંતકાળે કર્મના પરિણામ ભોગવવા પડે છે અને પોતાના કરેલા પોતે જ ભોગવવાના છે, તેવી માહિતી જાણીને તો સારી ચાલચલગતથી ચાલો!**

## ભાવાર્થ

જીવન દરમિયાન અધર્મી અને પાપાચારી જિંદગી જીવીને તેના પરિણામે નરકની યાતના ભોગવવી પડે છે એવી માહિતીને જાણ્યા પછી પણ જો રાજા કે અન્ય કોઈ રાજગાદી પર બેઠેલ વ્યક્તિ ન સમજે તો પછી શું કરવું? પોતાના કર્મો પોતે જ ભોગવવા પડે છે અને તે દુષ્કર્મોનાં માઠાં પરિણામ આ દેહ છોડ્યા પછી ચૈતનઅંશને ભોગવવા પડે છે. છતાં પણ સારી ચાલચલગતથી તેમજ ધર્મ અને સત્યના પથ ઉપર પ્રયાણ કરીને મહામોંઘા દુર્લભ મનુષ્ય અવતારના ઉદ્દેશને સાર્થક કરવા કોઈ પ્રયત્નશીલ નથી. તેમજ પોતાના કલ્યાણની કોઈને પડી લાગતી નથી.

માટે આ દેહે કોઈ પણ અનિત્ય કર્મો ન થાય તેની કાળજી રાખીને સારી ચાલચલગતથી જિંદગી જીવીને માનવીએ સત્યધર્મ પ્રમાણે જ વર્તવું જોઈએ.

**જો ભુપત ભગવાન ભજે તો, રાજ રીત સબ કરતાં;**
**આગલે તપ અબકે ઉભયે મિલી, વાર લગે નહીં તરતાં. ૨૪**

### શબ્દાર્થ

**જો ભૂપત** = જો રાજા **ભગવાન** = સર્જનહારને **ભજે તો** = ભક્તિ કરે તો **રાજ રીત** = રાજનો કારાભાર **સબ** = બધું જ **કરતાં** = ચલાવતાં, જવાબદારી નિભાવીને **આગલે** = આગળના જન્મનાં **તપ** = તપશ્ચર્યા, પુણ્ય **અબકે** = અત્યારનાં, આ જન્મનાં **ઉભયે** = બંને **મિલી** = ભેગા મળી, સરવાળો કરતાં **વાર લાગે નહીં** = વાર લાગે નહીં **તરતાં** = આ ભવસાગરથી પાર ઉતરતાં, જન્મમરણનાં દુઃખને દૂર કરતાં.

### અનુવાદ

**રાજા રાજ્યનો સઘળો કારભાર સંભાળતાં જો ભગવાનને ભજે તો આગળના તપ અને હાલની ભક્તિ એમ બંને ભેગા મળતાં ભવસાગર તરતાં વાર લાગે નહીં.**

### ભાવાર્થ

રાજ્યના વડાને અથવા તો રાજાને પોતાનાં પદની જવાબદારી પૂર્ણ રીતે નિભાવવાની ફરજ છે. પોતાના રાજ્યનો વહીવટ નીતિ-નિયમ મુજબ અને સત્યના પંથે ચાલે તેમજ પ્રજાને પૂરો વિશ્વાસ બેસે તેવું જોવાની ફરજ રાજાની હોય છે યાને રાજ્યગાદી પર બેઠેલ વ્યક્તિની હોય છે.

આ પ્રમાણેની જવાબદારી નિભાવીને પણ જો આવી વ્યક્તિ ધર્મ પરાયણ વિચારધારાથી ફરજ બજાવી ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા રાખીને ભક્તિ કરે તો ભવસાગર તરવાનું તેના માટે સરળ બને છે. કારણ કે પૂર્વ જન્મનાં સંચિત સુક્રિત-પુણ્ય તો છે જ તેથી રાજસત્તા અને મોભો પ્રાપ્ત થયો હોય અને વળી આ દેહે પણ મળેલ જવાબદારીને નિભાવતાં ભક્તિની તપશ્ચર્યાથી પુણ્યમાં વધારે ઉમેરો થાય. આ પ્રમાણે બેવડાં પુણ્યનો સરવાળો થતાં ભવસાગરમાંથી તરતાં વાર લાગે નહીં.

**રાજધરમ સંક્ષેપ સુનાયે, અનીત નીત ગત જેહી;**
**ઓરુ કરનીકે અંત મિલન ફલ, કહી સકલ વિધિ તેહી. ૨૫**

### શબ્દાર્થ

**રાજધરમ** = રાજ્ય ચલાવવાનો રાજાનો ધર્મ, ફરજો **સંક્ષેપ** = સંક્ષિપ્તમાં, ટૂંકમાં **સુનાયે** = બતાવ્યો, સંભળાવ્યો, દર્શાવ્યો **અનીત** = અનીતિ, ખોટું, નીતિવિહોણાં, ખરાબ **નિત** = નીતિવાળાં, સાચાં, ખરાં

**ગત** = ગતિ, સમજ, હાલત, દશા **જેહી** = જેઓની, જેની, જે **ઓરુ** = અને **કરનીકે** = કર્મોનાં, આચરણનાં કર્તવ્ય અંગે **અંત** = અંતે, છેવટે, મરણ બાદ **મિલન ફલ** = ભોગવવાના પરિણામો, મળતાં ફળો, બદલામાં મળતાં લાભો **કહી** = જણાવી, દર્શાવી **સકલ વિધિ** = દરેક રીતે, સર્વ હકીકત, સઘળી માહિતી **તેહી** = તે અંગેની, તેવી.

## અનુવાદ

**રાજાઓના રાજધર્મ, નીતિ - અનીતિની ગતિ અને અંતકાળે ભોગવાતાં કર્મોનાં ફળ વગેરે સર્વ હકીકત સંક્ષિપ્તમાં કહી સંભળાવી.**

## ભાવાર્થ

આ છઠ્ઠા અંગમાં કળિયુગના સમયના કહેવાતા રાજાઓ એટલે કે, રાજગાદી સંભાળનાર વ્યક્તિ પોતાના અંગત જીવનમાં કેવા હીન કાર્યો કરે છે અને રાજયનો કારભાર લાંચ લઈને સંપત્તિ ભેગી કરવામાં કેવી અનીતિ તથા અધર્મનું આચરણ કરે છે તે દર્શાવ્યું છે. તદ ઉપરાંત આવા અનીતિવાળા કુકર્મોથી અંતકાળે કેવી યાતના ભોગવવી પડે છે તે પણ જણાવ્યું છે.

વળી રાજાની પ્રજા પ્રત્યે શી ફરજ છે ? સુધર્મ પ્રમાણે ન્યાયિક અમલ બજાવીને પોતાના સંચિત કર્મોના પુણ્ય પ્રતાપે મળેલ સત્તાનો ઉપયોગ નીતિથી કેવો કરવો જોઈએ ? તે પણ સાથે સાથે સમજાવ્યું. ભક્તિનો આશરો લઈ બને તેટલું પુણ્ય ભેગું કરવાથી ગતજન્મનાં અને આ જન્મોનાં ભેગા થયેલાં પુણ્યોથી આ જીવનમાં સહેલાઈથી ભવપારંગત થવાય છે. આ તમામ હકીકતને સંક્ષિપ્તમાં અહીં દર્શાવવામાં આવેલ છે.

# અંગ ૭
# સુધરમ ધરમ સંક્ષેપ દેખાવનકો

**તબતે જેહી જીનું ધરમ ચલાવત, ચહે સકલ સતવંતુ;**
**તેહી તીનું દેવ ઉપાસક સરભર, સફલ ફલે સબ અંતુ. ૧**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેટલા માટે જ **જેહી** = જે, જેઓ **જીનુ** = જેનો, જેઓનો **ધરમ** = ધર્મ, પંથ, સંપ્રદાય **ચલાવત** = ચલાવે છે, ચલાવવા **ચહે** = ચાહના રાખવી જોઈએ, ઈચ્છા ધરાવે **સકલ** = તમામ, બધા જ, સર્વ **સતવંતુ** = સત્યના પંથે ચાલવાવાળા, સત્યનિષ્ઠાવાળા **તેહી** = તેઓ, તે **તીનું** = તેમના **દેવ** = ઈષ્ટ **ઉપાસક** = ઉપાસક, ઈષ્ટદેવને માનવામાં આવે છે તે પાત્ર, ભક્ત, સંત, ગુરુ વગેરે **સરભર** = સરખે સરખા, સમાન **સફલ ફલે** = સફળ થાય, સફળતાપૂર્વક ફળ પ્રાપ્તિ થાય **સબ** = સર્વની, બધાયની **અંતુ** = અંતે,અંતકાળે, છેવટે.

### અનુવાદ

**તેટલા માટે જ ધર્માચાર્યો સત્‌ના પંથે ચાલતા હોય અને તે મુજબ તેમના દેવ અને ઉપાસક હોય તો જ સર્વ અંતકાળે સફળતાપૂર્વક ફળ પામે.**

### ભાવાર્થ

વિશ્વમાં રાજસત્તા અને ધર્મસત્તા ફૂલીફાલેલી છે. જેમાં નીતિમત્તાનું ધોરણ, વ્યવહાર શુદ્ધિ અને સત્યનું પાલન અનિવાર્ય હોવું જરુરી છે.

તેટલા માટે જ વિશ્વમાં જે જે મતપંથો અને સંપ્રદાયોને ચલાવવાવાળા ગાદી ઉપર બેઠેલા ધર્માચાર્યો સત્‌ના પંથે ચાલવાવાળા અને શુદ્ધ આચરણ કરવાવાળા હોવા જોઈએ. વળી તે તે સંપ્રદાયના ઈષ્ટ અને ઉપાસકો જેવા કે સંતો અને ભક્ત સમુદાય પણ આજ રીતે સત્યનિષ્ઠાવાળા હોય તો જ દરેકની પોતપોતાના માનેલા ઈષ્ટદેવની પૂર્ણ શ્રદ્ધાથી કરેલી ભક્તિ ફળે. આ રીતે ધર્મ સાથે સંકળાયેલા બધા જ ધર્મ પરાયણ હોય તો જ અંતકાળે દરેકનો ફેરો સફળ થાય અને જન્મમરણ રૂપી દુઃખ દૂર થાય.

**નહીંતરતો પરપંચ ધરમસે, ઈત દુનિયા ઠગ ખાઈ;**
**પણ જીનું દેવ ઉપાસકકે પદ, અંત મિલે નહીં તાઈ. ૨**

### શબ્દાર્થ

**નહીંતરતો** = નહીં તો, નહીંતર તો, એમ નહીં કરો તો **પરપંચ** = પ્રપંચયુક્ત, પ્રપંચવાળા **ધરમસે** = ધર્મથી, મતપંથથી, સંપ્રદાયથી **ઈત** = આ **દુનિયા** = દુનિયા, વિશ્વ, સંસાર **ઠગ ખાઈ** = ઠગી ખાશો તો, ઠગશો તો, ઠગી ખાવાથી **પણ** = પરંતુ **જીનું દેવ** = જેના ઈષ્ટદેવ **ઉપાસકકે** = ઉપાસકોના, અનુયાયીઓના, ધર્મમાં માનનાર ભક્તોના **પદ** = સ્થાન, ધામ, સ્થળ, મુક્તિનું ધામ **અંત** = અંતે, છેવટે, અંતકાળે **મિલે નહીં** = મળે નહીં **તાઈ** = તેમને, તેઓને.

### અનુવાદ

**નહીંતર તો પ્રપંચયુક્ત ધર્મથી આ દુનિયાને ઠગી ખાશો તો તમે જે ઉપાસના કરો છો તે દેવ કે તેમનું ધામ અંતકાળે મળશે નહીં.**

### ભાવાર્થ

ધર્મક્ષેત્રે નિહાળતાં જણાય છે કે અલગ-અલગ મતપંથો અને સંપ્રદાયોની સ્થાપના થઈ છે અને સૌ પોતપોતાના ઈષ્ટદેવોની ભક્તિ કરે છે. આ મનુષ્યદેહને અંતે જે તે ઈષ્ટદેવોના ધામમાં મુમુક્ષુઓની જવાની ઈચ્છા હોય છે. જેને તેઓ મુક્તિના શબ્દથી સંબોધન કરે છે.

અંતરિક્ષમાં રહેલા મોટા દેવ-દેવીઓ પોતપોતાના ધામોમાં બિરાજમાન રહીને પૃથ્વી પરના ભક્તોના કાર્યો કરે છે. તેવા અનેક દાખલાઓ ઈતિહાસના પાને આલેખાયેલા છે.

અલગ-અલગ ખેડૂતો પોતાના ખેતરોમાં અલગ અલગ અનાજ પકવે છે અને દરેકના અનાજ પાકે છે. અનાજ પકવવા પાછળ દરેકનાં હેતુ મુખ્યત્વે કરીને ધન કમાવવાનો હોય છે. કોઈની પણ ખેતી ખોટી છે એમ ન કહેવાય. તેમને વધતા ઓછા પ્રમાણમાં સફળતા મળતી હોય છે. તે જ ન્યાયે સંસારમાં ચાલતી અલગ-અલગ ઉપાસનાઓ પૈકી કોઈ ખોટી નથી. દરેકનો લક્ષ ખેતરરૂપ શરીરમાં ખેતીરૂપ ભક્તિનો હેતુ ધન કમાવવારૂપ મુક્તિનો હોય છે.પછી ભલેને ઓછા- વધતા પ્રમાણમાં ફળ પ્રાપ્તિ થાય અને પોતપોતાના માનેલા ઈષ્ટદેવોના દૈવી ધામોમાં જઈ સાયુજ, સાલોક,

સામિપ્ય કે સાંનિધ્ય મુક્તિ પ્રાપ્ત કરે. આ પ્રમાણે પુણ્યના આધારે તે ધામમાં નિવાસ કરી પુણ્યનો ક્ષય થતાં, પાછા મૃત્યુલોકમાં જન્મધારણ કરે છે, પરંતુ આ બધું ત્યારે જ શક્ય બને કે જ્યારે ધર્મ માર્ગમાં સંકળાયેલા તમામ વ્યક્તિ પોતાનું આચરણ સુધર્મમય નીતિ અને નિયમન મુજબ હોય.

નહીંતર તો જો સત્‌ધર્મને બાજુ પર મુકી ધર્માચાર્યો પ્રપંચયુકત અધર્મનું આચરણ કરવા લાગે અને છલકપટના ખેલ ખેલીને સંસારના જીવને ઠગી ખાવાની પ્રવૃત્તિઓ કરે તો, તેવા ઠગારા ધર્મગુરુઓ અને તેની સાથે સંકળાયેલા ભક્ત સમુદાય વગેરેનો મોક્ષ થતો નથી. પોતાના ઈષ્ટદેવની ભક્તિ કરતા હોવા છતાં અંતકાળે તેઓને આરાધ્યદેવને મળવાનો કે તેઓના ઈષ્ટદેવના ધામોમાં જવાનો અવસર પ્રાપ્ત થતો નથી. પરિણામે જન્મમરણનાં (ચોરાસીના) ચક્કરમાં ભટકવું પડતું હોય છે, વળી નરકમાં જઈ યાતના ભોગવવી પડે છે.

**તે માટે પરપંચ નભે નહીં, દેવ ધરમમે તબહી;**
**નેંન મહી રજ અપ ચીકટમે, સમે નહીં ત્યૌ જબહી. ૩**

### શબ્દાર્થ

**તે માટે** = તેના કારણે, તેથી, તેને, લઈને **પરપંચ** = પ્રપંચ **નભે નહીં** = ટકે નહીં **દેવ ધરમમે** = દૈવી ઈષ્ટદેવની ભક્તિમાં, દેવધર્મમાં **તબહી** = ત્યારે, તેથી, તે કારણોસર **નેંન મહી** = આંખમાં, નેત્રમાં **રજ** = રજકણ, ધૂળનો કણ **અપ** = પાણી **ચીકટમે** = ચીકાશવાળા પદાર્થમાં,ચિકટમાં **સમે નહીં** = સમાય નહીં, સમાવેશ થાય નહીં, ભળે નહીં **ત્યૌ** = તે મુજબ **જબહી** = જ્યારે, જેવી રીતે.

### અનુવાદ

**જેવી રીતે નેત્રમાં ધૂળની રજકણ અને ચીકાશમાં પાણી સમાતું નથી તેવી રીતે દેવધર્મમાં પ્રપંચ ભળી શકતો નથી.**

### ભાવાર્થ

અહીં અગાઉની વાતને સમર્થન આપતાં દૃષ્ટાંત દ્વારા વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જેવી રીતે આંખોમાં ધૂળની એક રજકણ પણ સમાઈ શકતી નથી. જો આંખમાં

રજકણ પડે તો તેને દૂર કરવામાં આવે તો જ શાંતિ મળે છે. વળી ચીકાશવાળા કોઈ પદાર્થમાં પાણી ભળતું નથી. એ જ ન્યાયે સંસારમાં વ્યવહાર શુદ્ધિ અતિ અનિવાર્ય છે. અનીતિ અને અધર્મનો માર્ગ ઈષ્ટદેવ પ્રત્યેના ધર્મમાર્ગમાં ભળી શકતો નથી. તેમજ અનીતિનો માર્ગ લાંબો સમય નભી શકતો નથી. માટે આધ્યાત્મિક કલ્યાણની શોધ દરેકને કરવી જ રહી.

ધર્મજગતમાં ધર્માત્મા-દુરાત્મા, સજ્જનો-દુર્જનો, સંતો-શેતાનો, વગેરે પોતપોતાનો પ્રભાવ જમાવવા પ્રયત્નશીલ રહે છે, પરંતુ જે વ્યક્તિ ધર્મમાર્ગમાં નીતિ અને સત્‌ધર્મના પાલનથી જીવે તે પ્રશંસનીય અને ઉદાહરણરૂપ બની ઉપાસકોને માટે પ્રેરણાદાયક પૂરવાર થાય છે અને પોતાનું કલ્યાણ સાધી અન્યને પણ કલ્યાણના હક્કદાર બનાવે છે.

**એહી સકલ સબ જતમતકી ગત, લૌકિક શુભ સંસારા;**
**જડ તનકે ઉપલે અનુકરમીત, કીન મરમ અનુસારા. ૪**

### શબ્દાર્થ

**એહી** = આ, **સકલ** = સર્વ, બધા, સઘળા, બધું **સબ** = તમામ, સર્વ **જતમતકી** = જતમતપણે રહેવાની **ગત** = ગતિ, સમજ, પદ્ધતિ **લૌકિક** = સંસારમાં સર્વ સામાન્ય, દુન્યવી લોકાચાર **શુભ** = કલ્યાણકારી **સંસારા** = સંસાર, સારઅસાર, જગત પક્ષની **જડ તનકે** = જડ નાશવંત શરીર **ઉપલે** = ઉપલક, બાહ્યદષ્ટિથી **અનુકરમીત** = અનુકરણ કરવા યોગ્ય **કીન** = શો, કેવો **મરમ** = મર્મ, હેતુ, રહસ્ય, સંદર્ભ, ભેદ **અનુસારા** = મુજબ, ની મુજબ, પ્રમાણે, ને અનુસરીને, અનુસરણ, પાછળ અનુસરવું.

### અનુવાદ

**આ તો બધી શુભ માર્ગે જવા માટે સંસારની લોકાચારયુક્ત જતમતપણે પાળવાની પદ્ધતિ છે. જેના અનુસરણ પાછળનો હેતુ, જડ શરીરના ઉપલક રીતે કરાતાં અનુકરણ જેવો છે.**

### ભાવાર્થ

જેમ માનવશરીરમાં રહેલી બાહ્ય ઇંદ્રયો, અંતઃકરણોની ઇચ્છા મુજબ પુરુષાર્થ

અને અનુસરણ કરે છે. તેમ સંસારમાં પણ જે તે સંપ્રદાયોના ભક્ત વૃંદ તેના ધર્માચાર્યના આદેશ મુજબ અને બાહ્ય આચરણના દેખાદેખીથી પોતે ધર્માચરણ કરતા હોય છે જે એક સંસારનો સર્વ સામાન્ય લોકાચાર છે.

માટે જ ધર્માચાર્યોએ જો સંસારને શુભમાર્ગે વાળવો હોય અને જગતને કલ્યાણનો માર્ગ ચીંધવો હોય તો તેમણે પોતે જ એક આદરણીય પાત્રતા ભજવીને જતમતપણે સારાધાર ધર્મના આચરણથી નીતિ અને ન્યાયના સિદ્ધાંત મુજબ પોતાનો જીવન વ્યવહાર કરવો જોઈએ. જેથી ભક્તો તેઓના વ્યવહારને જોઈને અનુસરણ કરે, આમ બાહ્ય આચાર અને ગુપ્ત આશયથી પરમાર્થના કાર્યો કરીને જગતનાં જીવનું કલ્યાણ કરવાનો ઉદ્દેશ હોવો જોઈએ.

**પણ કર્તા નિજ સકલ અંશકે, અણુની આદ્ય અજ ભવકે;**
**સહિત શક્તિ ઓર પુનીત પુરુષ તન, ઉપજાવન જેહી સબકે. ૫**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **કર્તા** = સર્જનહાર **નિજ** = પોતે, મૂળ **સકલ અંશકે** = સર્વ અંશોના **અણુની આદ્ય** = અણુથી માંડીને **અજ** = બ્રહ્મા **ભવકે** = વિષ્ણુના **સહિત** = સાથે, સહિત **શક્તિ** = આદ્યશક્તિ, મહંમાયા **ઓર** = અને **પુનીત પુરુષતન** = પુરાણ પુરુષ, જ્યોતિ સ્વરૂપ નિરંજનનું શરીર **ઉપજાવન** = ઉત્પન્ન કરનાર, બનાવનાર **જેહી** = જે **સબકે** = બધાંના, સર્વના.

### અનુવાદ

**અણુની આદ્ય લઈ બ્રહ્મા, વિષ્ણુ, આદ્યશક્તિ, નિરંજન પુરુષ સહિત સર્વ અંશોને ઉત્પન્ન કરનારા સર્જનહાર પોતે જ છે.**

### ભાવાર્થ

વિશ્વમાં ચાલતી ધાર્મિક રૂઢિગત પ્રણાલિકાનું અવલોકન કરતાં જણાય છે કે સંસાર ઈષ્ટદેવોનું યજન-ભજન કરીને પોતાનું કલ્યાણ થાય અને અંતરિક્ષના દૈવી ધામોમાં જઈને સાયુજ, સાલોક, સામીપ્ય અને સાંનિધ્ય એમ ચાર પ્રકારની મુક્તિ મળે તેમ ઈચ્છે છે, પરંતુ પ્રલયકાળ વખતે સર્વ દૈવીધામોનો નાશ થાય ત્યારે કે

પછી પુણ્યનો ક્ષય થાય ત્યારે પાછા જન્મમરણના ચક્કરમાં - મૃત્યુલોકમાં આવીને દેહધારણ કરવાનો ક્રમ ચાલુ થઈ જાય છે.

વિશ્વ જે દેવોનું યજન-ભજન કરે છે તે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આદ્યશક્તિ અને પુરાણા પુરુષ નિરંજનની ઉત્પત્તિ તેમજ અણુની આદ્ય લઈ સર્વ અંશોના ઉત્પન્ન કરનાર તો મૂળ આદિ સર્જનહાર એક જ છે. જે તત્ત્વાતીત અને બ્રહ્મથી પરે રહેલા છે.

**તેહી કરતારન પરમ પુરુષકે, ન્યાવ લહે જન કોઈ;**
**અવની રચી તબતે જીનું અબલગ, અકથ રહે પદ ઓઈ. ૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **કરતારન** = કર્તા, સર્જનહાર **પરમ પુરુષકે** = પરમ પુરુષને **ન્યાવ** = ન્યાયપૂર્વક **લહે** = બતાવે, જણાવે **જન** = વ્યક્તિ **કોઈ** = કોઈ, કોઈ પણ **અવની રચી** = સૃષ્ટિની રચના થઈ **તબતે** = ત્યારથી **જીનું અબલગ** = માંડીને અત્યાર સુધી **અકથ** = કથ્થા વગરના, અજાણ **રહે** = રહેલા છે **પદ** = પદ, પરમપદ **ઓઈ** = એમનું એમ જ.

### અનુવાદ

**તે પરમ પુરુષ સર્જનહારને ન્યાયિક રીતે કોઈક જ જાણી શક્યા છે. તેથી તો સૃષ્ટિ રચાઈ ત્યાંથી હજુ સુધી તે પરમપદ એમનું એમ જ અજાણ રહેલું છે.**

### ભાવાર્થ

જેણે આ સઘળી રચના પોતાના પ્રકાશરૂપી બ્રહ્મમાં ઉત્પન્ન કરી છે એવા અવિનાશી અને તત્ત્વાતીત પરમકૈવલ પુરુષને આ સંસારમાં ન્યાયપૂર્વક કોઈક જ જાણી શક્યા છે. બ્રહ્માજીનું પાંચમું મુખ કૈવલવેત્તા હતું, પરંતુ તેના છેદન બાદ બ્રહ્માજીએ ચાર વેદમાં માત્ર રચનાનું જ વર્ણન કર્યું છે. જ્યારે નિરંજન અને સનકાદિકો તે પરમપદને જાણતા હોઈ તેને પ્રાપ્ત કરવા ધંધૂકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા છે. તેથી તો સર્જનહારનું એ પરમપદ સૃષ્ટિની રચના થઈ ત્યારથી માંડીને અત્યાર સુધી વર્ણન કર્યા વગરનું અકથ્ય અને અજાણ રહેલું છે. આવી સ્થિતિ ઊભી થવાને કારણે જગતના જીવ પણ તે પરમપદને જાણી શક્યા નથી.

# અંગ ૮
# કર્તા અકર્તા લક્ષ દેખાવનકો

**સિર્ગુણ ઈષ્ટ સકલ જેતને ભર, સો તો કતા કરતકે;**
**જીનકે અનિત પદારથકે તન, અવધીકાલ મરતકે. ૧**

### શબદાર્થ

**સિર્ગુણ** = ત્રણ ગુણો રજો, તમો અને સતોના દેવતાઓ **ઈષ્ટ** = મહાન, મોટા, આદિ **સકલ** = બધા જ, તમામ **જેતનેભર** = જેટલા છે તેટલા **સો તો** = તે તો **કતા** = સર્જનહારના **કરતકે** = રચનામાં સમાયેલા, રચનારના ભાગરૂપે **જીનકે** = તેઓના **અનિત** = નાશવંત **પદારથકે** = તત્ત્વોના **તન** = શરીર, દેહ, ઘાટ **અવધીકાલ** = અંતકાળે, નિશ્ચિત કરેલ સમયના અંતે **મરતકે** = નાશ પામવાના છે, મરણને શરણ થવાના છે.

### અનુવાદ

**જેટલા સગુણ ઈષ્ટદેવો છે તેટલા કર્તાની રચનાના ભાગરૂપે છે. તેમના શરીર નાશવંત તત્ત્વોના હોઈ અવધિકાળે નાશ પામવાના છે.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહાર દ્વારા બ્રહ્મભૂમિકામાં વિકાસ પામેલી સઘળી ઉત્પત્તિ વિવિધ તત્ત્વોના મિશ્રણથી બની છે. જે અનિત્ય હોઈ તેમની નિશ્ચિત અવધિ થાય છે. આ સઘળી ઉત્પત્તિ સર્જનહારના શુદ્ધ સંકલ્પથી તેમણે એકલાએ જ ઉત્પન્ન કરેલી છે. મહાપ્રલદકાળે જ્યારે સંકલ્પ સમાઈ જતાં બધી જ રચના ઉત્પત્તિના ઊલટ ક્રમથી સમાઈને નાશ પામવાની છે.

વિશ્વની શરૂઆતમાં ઉત્પન્ન કરેલા જે મહાન ગણાતા ગુણ-ઘણના દેવી-દેવતાઓ છે જે (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઉમિયા, સાવિત્રી, લક્ષ્મી, કોરમ, શેષજી અને મીંડકદેવ વગેરે ) તત્ત્વોથી નિર્માણ પામેલા છે.

બ્રહ્મમાં ઉત્પન્ન થયેલ બધા જ ઈંડ અને મહિમંડ ઈંડમાં ઉત્પન્ન કરેલ વૈરાટ

સહિતના સર્વ ઘાટ સર્જનહારની રચના છે. આમ વિશ્વની રચનાના આદિ સગુણ દેવતાઓ પણ સર્જનહારની રચનાના જ એક ભાગરૂપે છે. જેમનાં શરીરનું બંધારણ પણ તત્ત્વોનું જ હોઈ અવધિકાળે નાશ પામવાનું છે.

**નિર્ગુણ બ્રહ્મ અકર્તા અનુચીત, અંતસ બીનું સંકલ્પકે;**
**તો આ ભવકે કરનહારકો, ઉપજે કીનું કલપકે. ૨**

### શબ્દાર્થ

**નિર્ગુણ બ્રહ્મ** = ગુણોથી રહિત બ્રહ્મ( સર્જનહારનો પ્રકાશ) **અકર્તા** = કર્તૃત્વશક્તિ વગરનું **અનુચીત** = ચિંતવન કરી ન શકે તેવું, ચિત્ત વગરનું **અંતસ** = અંતઃકરણ **બીનું** = વગરનું, સિવાયનું **સંકલ્પકે** = સંકલ્પ, મનથી થતી ઉત્પત્તિ, વિચાર, ઈચ્છા **તો** = તેથી **આભવકે** = આ ભવના, આ સૃષ્ટિના **કરનહારકો** = બનાવનાર, સર્જનહારને **ઉપજે** = ઉત્પન્ન થવું **કીનું** = કોના **કલપકે** = કર્યા વિના, બતાવ્યા વિના, રચના વિના.

### અનુવાદ

**બ્રહ્મ ગુણોથી રહિત, કર્તૃત્વશક્તિ, ચિત્ત અંતઃકરણ અને સંકલ્પશક્તિ વગરનું છે. તો પછી આ જગતનો ઉત્પન્ન કરનાર કોણ હશે? અને કોઈના કર્યા વિના આ સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થાય?**

### ભાવાર્થ

સચરાચર વ્યાપક બ્રહ્મ તો ગુણોના ગુણધર્મો વગરનું છે. વળી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચાર અંતઃકરણો પણ તેને સ્પર્શી શકતા નથી. બ્રહ્મ કોઈ પણ પ્રકારનું ચિંતવન કરી શકે તેમ નથી અને મનથી થતા સંકલ્પ પણ તેમાં પેદા થઈ શકે તેમ નથી. આમ, આ પ્રમાણેની બ્રહ્મની સ્થિતિ હોય તો સ્વાભાવિક છે કે બ્રહ્મ પોતાની શક્તિથી કોઈ પણ નવું કાર્ય કે ઉત્પત્તિ કરી ન શકે. માટે આ સૃષ્ટિનો બનાવનાર કોઈ બ્રહ્મથી પરે રહેલો હોવો જોઈએ. કારણ કે કોઈના બનાવ્યા સિવાય આવી અદ્ભુત રચના બ્રહ્મમાં પોષણ પામીને કે વિકાસ પામીને કેવી રીતે રહી શકે?

**વિનુ કલપે ચર અચરનકે તન, વિચિત્ર ભાત્ય ક્યૌ હોઈ;**
**લખ ચોરાસી જીવ જંતકે, અગણિત કરત સકોઈ. ૩**

### શબ્દાર્થ

**વિનુ** = વગર, સિવાય **કલપે** = કર્યા, બનાવ્યા, રચ્યા **ચર** = જંગમ, ખોરાકનો ચારો ચરી શકે તેવા હાલતા ચાલતા **અચરનકે** = સ્થાવર, સ્થિર રહેલા **તન** = શરીર, ઘાટ, દેહ **વિચિત્ર** = અદ્ભુત, સુંદર, અજાયબી ભરેલું, વિલક્ષણ, નવાઇ પામે તેવું **ભાત્ય** = પ્રકાર, ભાતભાતનું ,વિવિધતાવાળું રંગબેરંગી **ક્યૌ** = કેવી રીતે **હોઈ** = હોઈ શકે?, ઉત્પન્ન થઈ શકે **લખ ચોરાસી** = ચોરાસી લાખ **જીવજંતકે** = જીવજંતુ, શરીરના, ઘાટના **અગણિત** = અસંખ્ય, અપાર **કરત** = કરેલા, ઉપજાવેલા, બનાવેલા, રચના, ઉત્પત્તિ **સકોઈ** = શક્ય કેવી રીતે બને? કોનાથી શક્ય બને? કેવી રીતે શક્ય થઈ શકે?

### અનુવાદ

**રચના કર્યા સિવાય સ્થાવર તેમજ જંગમના શરીર ચિત્ર-વિચિત્ર પ્રકારનાં કેવી રીતે થઈ શકે? વળી ચોરાસી લાખ પ્રકારના અસંખ્ય જીવ-જંતુઓની ઉત્પત્તિ કેવી રીતે શક્ય બને?**

### ભાવાર્થ

અગાઉથી ચાલી આવેલી જગતની ઉત્પત્તિની માન્યતાના સંદર્ભમાં બુદ્ધિજીવી વિચારસરણી અને પ્રતિવાદીની ભૂમિકા અહીં દર્શાવવામાં આવેલી છે કે સૃષ્ટિમાં તૃણ, પનડી, વેલ, જળ અને વૃક્ષો મળી કુલ ૧૮લાખ પ્રકારની સ્થાવર જાતિના સ્થિર ઘાટ રહેલા છે અને પશુ-પંખી, કીટાણુ તથા મનુષ્યજાતિ મળી કુલ ૩૦ લાખ પ્રકારના જંગમ જાતિના ઘાટ વસવાટ કરે છે. જેમાં આપણને રંગબેરંગી અજાયબી ભરેલા અને વિવિધતા ભરેલા અદ્ભુત આકારવાળા શરીર જોવા મળે છે. આવા વિશ્વમાં કુલ ૮૪ લાખ પ્રકારના અસંખ્ય સ્થૂળ ઘાટની ઉત્પત્તિ કોણે કરી હશે? એવો સવાલ ઉદ્ભવે. વળી આવી અદ્ભુત રચના કોઈના કર્યા સિવાય કેવી રીતે શકય બની હશે? તે પણ એક ગર્ભિત રહસ્ય અંગે મનમાં કુતૂહલ પેદા થયા સિવાય ન રહે. એટલે કોઈ બનાવનારો છે તે નિશ્ચિતપણે નક્કી થાય છે.

**જો કહેશો અકત અદબદસે, આપોઆપ ઉપજહી;**
**ચકીત ચરીત્ર ચીનકે ભવ ભિન્ન, વિવિધ ભાત કુણ સજહી. ૪**

### શબ્દાર્થ

**જો કહેશો** = જો કોઈ કહે કે, જો કોઈ કહેશો કે, પૂછશો કે **અકત** = કર્યા સિવાય, સર્જનહાર સિવાય, કોઈ રચનાર સિવાય **અદબદસે** = સહજ રીતે, મોઘમ **આપોઆપ** = અનાયાસ, સ્વયં **ઉપજહી** = ઉત્પન્ન થયેલ છે **ચકિત** = ચકિત કરી દે તેવું, અદ્‌ભુત, આશ્ચર્યચકિત **ચરિત્ર** = આચરણ, વર્તન, ગુણો **ચીનકે** = ચિહ્નોવાળા **ભવ** = સંસાર, વિશ્વ **ભિન્ન** = જુદા જુદા, અલગ અલગ **વિવિધ ભાત** = વિવિધ પ્રકારની જાત **કુણ સજહી** = કોણે સર્જ્યા હશે?, કોણે બનાવ્યા હશે?

### અનુવાદ

**જો કહેશો કે અનાયાસે આપોઆપ ઉત્પન્ન થઈ છે ! તો આશ્ચર્યચકિત કરે તેવી વિવિધ પ્રકારની ભાત અને ચિહ્નોવાળી અલગ અલગ જાત આ વિશ્વમાં કોણે સર્જી હશે ?**

### ભાવાર્થ

બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મવેત્તા પુરુષોના તેમજ વેદાંતના સિદ્ધાંતમાં માનનારા વિદ્વાનોની ભ્રાંતિ ભરેલી વિચારસરણીનો ખુલાસો કરતાં તેમને સવાલ પૂછવામાં આવે છે કે તેઓ દ્વારા એવું પ્રતિપાદિત કરેલું છે કે અકર્તા બ્રહ્મથી અનાયાસે આપોઆપ આ વિશ્વની ઉત્પત્તિ થયેલી છે અને બ્રહ્મમાં જ પોષણ પામીને તેમાં વૃદ્ધિ થયે જ જાય છે.

તો પછી એક સામાન્ય બાળક બુદ્ધિથી પણ પક્ષાપક્ષ રહિતનો સવાલ મનમાં ઉદ્‌ભવે કે વિશ્વમાં સૌને આશ્ચર્યચકિત કરી દે તેવી વિવિધ પ્રકારની જાત અને ભાતવાળી તેમજ અલગ-અલગ ચિહ્નોવાળા નાના-મોટા શરીર દેખાતી આ રંગબેરંગી રચનાને કોણે સર્જી હશે? એટલે કે, કોઈ રચનાર સિવાય આવી અદ્‌ભુત રચના બનવી અશક્ય છે.

**પુનહી નેમ વિનુ આપોઆપસે, હવિત સકલ ઉતપતહી;**
**ચતુર ખાણ ઘાટનકી ગણતી, રખત કુણ જતમતહી. ૫**

### શબ્દાર્થ

**પુનહી** = વળી, ફરીથી, તેમ છતાં **નેમવિનુ** = નિયમ વગર, પદ્ધતિસરના સિદ્ધાંત વગર, નિયમન વગર **આપોઆપસે** = આપોઆપથી, સ્વયં રીતે, પોતાની મેળે **હવિત** = હોય, થઈ, હોવું **સકલ** = બધી, સર્વ, સઘળી **ઉતપતહી** = ઉત્પત્તિ, રચના **ચતુર ખાણ** = ચાર પ્રકારની ખાણ, સ્વેદજ, ઈંડજ, ઉદ્‌બીજ, જરાયુજના પ્રમાણે ઉત્પન્ન થવાની રીત, પદ્ધતિ, ઉત્પત્તિની રચનાત્મક વિધિ, શરીરની ઉત્પત્તિની રીત **ઘાટનકી** = ઘાટની, શરીરની, દેહની **ગણતી** = ગણતરી **રખત** = રાખે, સંતુલન કરે, જાળવે **કુણ** = કોણ **જતમતહી** = વ્યવસ્થિત રીતે, નિયંત્રણ મુજબ, કાળજીપૂર્વક.

### અનુવાદ

**વળી કોઈ નિયમ વગર આપોઆપ સઘળું ઉત્પન્ન થતું હોય તો ચાર ખાણોના ઘાટની ગણતરી નિયંત્રણ મુજબ કોણ રાખે?**

### ભાવાર્થ

૮૪ લાખ પ્રકારના સ્થૂળ શરીરની ઉત્પત્તિની રીત પણ અલગ-અલગ ચાર પ્રકારે થતી હોય છે. જેમાં ૨૧ લાખ પ્રકારના શરીર ગર્ભાશયમાંના ગર્ભને વીંટાઈને ઓરનો પડદો ફાડી બહાર ઊંધા માથે નીકળે છે, (માણસ, પશુ વિ) જેને જરાયુજ ખાણ કહેવામાં આવે છે. ૨૧ લાખ પ્રકારના શરીર તાપ, ભેજ અને પરસેવામાંથી ઉત્પન્ન થાય છે જેને સ્વેદજ ખાણ કહેવામાં આવે છે (જંતુ, જૂ, માંકડ, કીડા વિ.) ૨૧ લાખ પ્રકારના શરીર ઈંડામાંથી ઉત્પન્ન થાય છે. જેને અંડજ ખાણ કહેવામાં આવે છે (પક્ષી, માછલી, સાપ, ગરોળી વગેરે) અને ૨૧ લાખ પ્રકારના શરીર બીજના માધ્યમથી તેને યોગ્ય તાપમાન, પાણી અને ખાતર મળતાં ઉત્પન્ન થાય છે. તેને ઉદ્‌બીજ ખાણ કહેવામાં આવે છે (વૃક્ષ, વેલ, અનાજ વિ.).

આ રીતે ચાર પ્રકારની ખાણની ઉત્પત્તિની ગણતરી મુજબ યોગ્ય નિયમન અને નિયંત્રણ કોઈ રાખનાર ન હોય તો આવી વ્યવસ્થા એકધારી અને સુવ્યવસ્થિત ચાલે જ નહીં.

વિશ્વમાં (દેખાતી) સર્વ ઘાટની ઉત્પત્તિ જો કોઈના નિયમ સિવાય થતી હોય તો ચાર પ્રકારની ખાણોથી જે શરીર ઉત્પન્ન થાય છે તેની ગણતરી ચોક્કસ રીતે કોણ રાખતું હશે?

એટલે કે આ પ્રકારની શરીરની ઉત્પત્તિ આપોઆપ થતી નથી, પરંતુ તેની ઉત્પત્તિ કરી નિયમન અને નિયંત્રણ કરનાર કોઈ છે, જેને સર્જનહાર કહેવાય.

**વિનુ જતમત ઓરુ નેમ વિના તો, અગણિત હોય ઉપજમે;**
**લખ ચોરાસીનકી નહીં ગણતી, નેક વિનાય નિપજમે. ૬**

### શબ્દાર્થ

**વિનુ** = વગર, સિવાય **જતમત** = વ્યવસ્થિત રીતે, કાળજીપૂર્વક **ઓરુ** = અને **નેમ** = નિયમનથી, નિયંત્રણપૂર્વક **વિના તો** = વિના તો, વગર તો **અગણિત** = અસંખ્ય, અપાર, અનેક **હોય** = હોય, થાય **ઉપજમે** = ઉત્પન્ન, વધારો, ઊપજ, પેદાશ **લખચોરાસીનકી** = ચોરાસી લાખની **નહીં** = નહીં **ગણતી** = ગણતરી, સંખ્યાનો સરવાળો, જથ્થાનો આંકડો, સંખ્યા સૂચક ગણતરી **નેક** = પ્રમાણ, મર્યાદા, હદ, નિયમ, ધારાધોરણ **વિનાય** = વિના, સિવાય વગર **નિપજમે** = ઉત્પત્તિમાં.

### અનુવાદ

**નિયમન અને નિયંત્રણ વગર તો અગણિત ઉત્પત્તિ થાય. જેથી નિયમન વિનાની ઉત્પત્તિમાં ચોરાસી લાખની ગણતરી રહે નહીં.**

### ભાવાર્થ

વિશ્વમાં નિયમન અને નિયંત્રણ વગર બધું જ ચાલતું હોય તો જીવની ઉત્પત્તિમાં વધારો-ઘટાડો થવા સંભાવના રહે અને જો યોગ્ય પ્રમાણ જળવાય નહીં તો ઉત્પત્તિમાં ગણતરીના અભાવે સૃષ્ટિમાં અરાજકતા અને અવ્યવસ્થા વ્યાપે. આમ શાસનીય સત્તાના નિયમન વગર પૃથ્વી ઉપર અંધાધૂંધી અને અશાંતિનો ઉદ્ભવ વધે. વળી ચોરાસી લાખ ઘાટની ચાર પ્રકારની ઉત્પત્તિની જે રીત છે તેની નિશ્ચિત સંખ્યાની કોઈ ગણતરી રહી શકે નહીં અને સંતુલન પણ જળવાય નહીં.

**પણ તે તો નહીં વેદ વદીતમે, બિનુ પરમાણ પ્રભાઈ;**
**અણુની આદ્ય રજ તજકી ઉતપત, ગણતી કીયે સચાઈ. ૭**

### શબ્દાર્થ

**પણ** = પણ **તે તો** = તે પ્રમાણે, તેવું, તે મુજબનું **નહીં** = નહીં **વેદ** = વેદમાં, બ્રહ્મા દ્વારા રચેલા ચાર આદિ ધર્મપુસ્તકોમાં **વદીતમે** = બોલ્યા, દર્શાવ્યું, કહ્યામાં **બિનુ** = વગર, સિવાય **પરમાણ** = પ્રમાણ, માપ, ધોરણ **પ્રભાઈ** = પરભાર્યુ, અજાણ્યું, બારોબાર, કાળજી, દરકાર **અણુની આદ્ય**= અણુથી લઈને,

નાનામાં નાનાથી માંડીને **રજ તજકી** = બધું જ, સર્વ, તમામ **ઉતપત** = ઉત્પત્તિ **ગણતી** = ગણતરી **કીયે** = કરી છે **સચાઈ** = સાચી.

### અનુવાદ

**પરંતુ પ્રમાણ વગર પરભાર્યુ વેદ પણ બોલ્યા નથી. અણુની આદ્ય લઈ રજતજ સુધી સર્વ ઉત્પત્તિની ગણતરી સાચી રીતે કરેલી છે.**

### ભાવાર્થ

વેદના રચયિતા બ્રહ્માએ વેદમાં સૃષ્ટિની રચના અંગે અણુથી માંડીને વૈરાટની અને મોટા તથા નાના ઘાટની ઉત્પત્તિ અંગેની ગણતરી સાચી રીતે દર્શાવેલી છે. તેઓએ કોઈ પણ પ્રકારના પ્રમાણ વગરની પોકળ(પરભાર્યું) કોઈ ઉત્પત્તિની વાત કે ગણતરી કરી જ નથી. વેદમાં પણ ચોરાસી લાખ પ્રકારના સ્થૂળ ઘાટ અને તેની ઉત્પત્તિની ચાર પ્રકારની ખાણ અંગે સચોટ માહિતી આપેલી છે.

**તેહી ગણતી ઘાટનકી અંદર, અવતારાદિક આયે;**
**મચ્છ કચ્છ વેરાહ રામકૃષ્ણ લ્યૌ, નવીન વેશ નહીં લાયે. ૮**

### શબ્દાર્થ

**તેહી** = તે પ્રમાણેની રીત, તેની **ગણતી** = ગણતરી **ઘાટનકી અંદર** = ઘાટની અંદર **અવતારાદિક** = વિષ્ણુના અવતારો, અવતારાદિક પુરુષો **આયે** = આવ્યા **મચ્છ** = મચ્છાવતાર **કચ્છ** = કચ્છાવતાર **વેરાહ** = વરાહાવતાર, **રામ** = શ્રીરામાવતાર **કૃષ્ણ** = શ્રીકૃષ્ણાવતાર **લ્યૌ** = સુધીના, સહિત, મળીને **નવીન** = નવા, અલગ, જુદા **વેશ** = શરીર **નહીં** = નહીં **લાયે** = લાવ્યા, લઈને, ધારણ કરીને.

### અનુવાદ

**અવતારાદિક પુરુષો પણ ઘાટની ગણતરીની અંદર જ આવી ગયા છે. મચ્છ, કચ્છ, વેરાહ, રામ અને કૃષ્ણ સહિતના અવતારો કોઈ નવીન શરીર લાવ્યા નથી.**

### ભાવાર્થ

વેદ દ્વારા દર્શાવેલ ૮૪ લાખ પ્રકારના ઘાટ અને ચાર પ્રકારની ઉત્પત્તિની રીત

મુજબ વિષ્ણુના અવતારોએ આ પૃથ્વી પર સ્થૂળ શરીર ધારણ કરેલ છે. મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ એમ મુખ્ય દશ અવતાર અને બાકીના ચૌદ અન્ય અવતાર મળીને કુલ ૨૪ અવતાર શ્રી વિષ્ણુના મનાય છે. જે તમામ અવતારો આ ચાર પ્રકારની ઉત્પત્તિની રીત મુજબ જ અને સ્થૂળ ઘાટ પૈકીના જ શરીરમાં જન્મ ધારણ કરીને પૃથ્વી પર અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરેલું છે, પરંતુ કોઈ નવીન શરીર ધારણ કરીને કે ઉત્પત્તિની બીજી કોઈ નવીન રીતે આ વિશ્વમાં આવ્યા નથી.

**નહીન ચલી મગદુર કોહુનકી, કતા કરતથી ભિન્ન;**
**નીચી નાડ કરી ભગ ભિતર, નીકસે હોય આધીન. ૯**

### શબ્દાર્થ

**નહીન ચલી** = ચાલી શકી નહીં **મગદુર** = હિંમત, તાકાત **કોહુનકી** = કોઈની પણ **કતા** = સર્જનહારના **કરતથી** = રચનાથી **ભિન્ન** = અલગ, જુદું, ભિન્ન **નીચીનાડ કરી** = ઊંધાં માથે, નીચી ડોકે **ભગ** = માતાની જનનેન્દ્રિય, ભગસ્થાન **ભિતર** = અંદરથી, માંથી **નીકસે** = બહાર આવે, નીકળે **હોય** = થઈને **આધીન** = તાબે, વશ.

### અનુવાદ

**સર્જનહારની રચનાથી ભિન્ન કોઈની પણ હિંમત ચાલી નથી. માતાનાં ભગસ્થાનથી (કૂખેથી) ઊંધે માથે નિયમને આધીન થઈ બહાર નીકળે છે.**

### ભાવાર્થ

સર્જનહારે ૮૪ લાખ પ્રકારના સ્થૂળ ઘાટ બનાવ્યા છે અને તેની વૃદ્ધિનો ક્રમ પણ વ્યવસ્થિત રીતે ચાલુ રહે છે. જેમાં કોઈ બાકાત રહ્યું નથી કે રહી શકે પણ નહીં. સર્જનહારની આવી રચનાથી અલગ ઉત્પન્ન થવાની કોઈની પણ તાકાત નથી કે કોઈ હિંમત કરી શક્યું નથી. એથી જ સર્જનહારની સર્વોપરીતા સમગ્ર બ્રહ્માંડમાં સ્થાપિત થયેલી ગણાય છે.

ઉત્પત્તિની ચાર પ્રકારની પદ્ધતિ પૈકીની જરાયુજ નામની ઉત્પત્તિમાં માનવ અને પશુ સહિત સર્વએ માતાના ભગસ્થાન દ્વારા ગર્ભાશયની ઓરનો પડદો ફાડીને

બહાર ઊંધાં માથે નીકળવું પડે છે. સર્જનહાર નિયમને આધીન થઈને જન્મધારણ કરીને જગતમાં આવવાનો આ માર્ગ જરાયુજ ખાણના ૨૧ લાખ પ્રકારના ઘાટ માટે એકસરખો છે. જેનું અત્યાર સુધીમાં કોઈ ઉલ્લંઘન કરવાની હિંમત કોઈ કરી શકતું નથી.

**જો ઉપજે પરમાણ વિના કોઉ, કરત ગણીતસે બહારી;**
**તો ક્યૌ ભયેન ભવસે ફરકકો, ચોવીસ ઈશ અવતારી. ૧૦**

### શબ્દાર્થ

**જો** = જો, કદી **ઉપજે** = ઉત્પન્ન થાય, પેદા થાય, જન્મે **પરમાણ વિના** = પ્રમાણ વિના, નિયમ વગર, નિયમન મુજબ **કોઉ** = કોઈ **કરત** = કરીને **ગણીતસે** = ગણતરીથી **બહારી** = બહાર, આગળ જઈને, ઓળંગીને **તો** = તો **ક્યૌ** = કેમ, શા માટે, શાથી **ભયેન** = ઉત્પન્ન ન થયા, પેદા ન થયા, જન્મધારણ ન કર્યો **ભવસે** = જગતથી, સૃષ્ટિથી, વિશ્વથી **ફરકકો** = તફાવત, ભિન્ન, જુદા **ચોવીસ ઈશ અવતારી** = વિષ્ણુના કહેવાતા ચોવીસ અવતાર.

### અનુવાદ

**જો ચોક્કસ કરેલ ગણતરીની બહાર તેમજ નિયમ સિવાય જો કોઈ ઉત્પન્ન થઈ શકે તેમ હોય તો ચોવીસ અવતારો જગતથી ભિન્ન સ્વરૂપે કેમ ન થયાં?**

### ભાવાર્થ

સર્જનહારે નક્કી કરેલ નિયમ અનુસાર સર્વ રચના સાકાર થઈને પ્રવાહિત થઈ રહી છે. ૨૧ લાખ પ્રકારની ઉત્પત્તિની એક પદ્ધતિ મુજબ ચારેય જાતિના મળી કુલ ચોરાસી લાખ પ્રકારના સ્થૂળ શરીરનો વ્યવહાર પૃથ્વી પર અવિરત ચાલ્યા જ કરે છે. સર્જનહાર દ્વારા ચોક્કસ નક્કી કરેલ ગણતરીને ઓળંગીને તેમના નિયમથી વિરુદ્ધ કોઈ પણ શરીર ઉત્પન્ન થઈ શકતુંજ નથી. જો તેમ થઈ શકતું હોય તો વિશ્વમાં જે વિષ્ણુના કહેવાતા ચોવીસ અવતાર પણ નક્કી કરેલ રચનાથી ભિન્ન શરીર ધારણ કરી શક્યા હોત, પરંતુ તેવું કરવાનું કોઈ પણ માટે શક્ય નથી કે કોઈ શક્તિમાન પણ નથી.

**માટે નિજ કરતાર કલપ બીનું, અણું ન ઉપજત અનહી;**
**તીનકે કરત માંહી સબ વરતત, સુર સુરીનર મુનિજનહી. ૧૧**

### શબ્દાર્થ

**માટે** = માટે, તેથી **નિજકરતાર** = સર્જનહારના પોતાના **કલપ બીનું** = કર્યા વિના, રચના વગર, ઉત્પત્તિ સિવાય, **અણું** = અણુ પણ **ન** = નહીં **ઉપજત** = ઉત્પત્તિ, ઉત્પન્ન **અનહી** = અન્યથી, બીજાથી **તીનકે** = તેમના જ **કરત** = રચના **માંહી** = માં જ, અંદર **સબ** = બધા, સર્વ **વરતત** = વર્તે, વર્તમાન કરે છે, રમણ કરે છે **સુર સુરીનર** = મહાન દેવી-દેવતાઓ **મુનિ** =મુનિજનો, તપસ્વી, ઋષિ **જનહી** = માનવો, મનુષ્યો.

### અનુવાદ

**તેટલા માટે જ સર્જનહારે નિર્ધારિત કરેલ રચનાથી અલગ(જુદું) એક અણુ પણ અન્યથી ઉત્પન્ન થઈ શકતું નથી. તેમની રચનાની અંદર જ દેવો, મહાદેવી-દેવતાઓ, મુનિ અને માનવો વર્તમાન કરે છે.**

### ભાવાર્થ

તેટલા માટે જ સમસ્ત બ્રહ્માંડનું સર્જન કરનાર સર્જનહારની પોતાની રચના સિવાય બીજી અન્ય કોઈ પણ નવીન રચના રચવી કોઈથી પણ શક્ય નથી. એટલે કે, સર્જનહારની બનાવેલ રચના સિવાય અન્ય કોઈથી એક અણુ માત્ર ઉત્પન્ન થઈ શકતું નથી. તેના કારણે જ વિશ્વમાં સામાન્ય માનવો, તપસ્વી, ઋષિમુનિઓ અંતરિક્ષમાં બિરાજમાન તેત્રીસ કરોડ દેવો અને નવ કરોડ દેવીઓ વગેરે સર્જનહાર દ્વારા રચવામાં આવેલી રચનામાં જ રમણ કરે છે. તેમજ નિયમન મુજબ વર્તમાન કરે છે.

**તેહી સકર્તા સામ્રથકી ગત, લહે વિના સબ પખહી;**
**જ્યૌ મરતકકે જીવ વિના તન, સકલ અંગ નીખ શીખહી. ૧૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **સકર્તા** = સમગ્ર બ્રહ્માંડની રચના જેણે કરી છે તેવા સર્જનહાર **સામ્રથકી** = સમર્થ, સર્વ રીતે પરિપૂર્ણ, સામર્થતા ધરાવતા **ગત** = ગતિ, સમજ, જ્ઞાન, ઓળખ **લહે વિના** = જાણ્યા

વિના, અંશની હાજરી વિના **સબ** = સબ, સર્વ **પખહી** = મતપંથો, ધાર્મિક મત પંથો **જ્યૌ** = જેમ **મરતકકે** = મૃત્યુ પામેલ, મડદામાં **જીવ વિના** = ચેતના વિના, અંશની હાજરી વિના **તન** = શરીર **સકલ** = બધાં જ **અંગ** = અંગો **નીખ શીખહી** = નખથી તે શિખા(ચોટલી) પર્યંત.

## અનુવાદ

**તે સમર્થ સર્જનહારના જ્ઞાન વગરના સર્વ ધાર્મિક મતપંથો પગના નખથી શિખા પર્યંત ચૈતન સિવાયના (મૃત શરીર સમાન) શરીર જેવા સમજવા.**

## ભાવાર્થ

આ સમગ્ર રચનાને જાતે બનાવીને તેનું યોગ્ય નિયમન અને નિયંત્રણ રહે તેવી વ્યવસ્થા કરીને દરેકની સંભાળ રાખનાર માત્ર એક જ સર્જનહાર છે. સમર્થ સર્જનહારની સાચી સમજ વિનાના જગતના બધા જ ધાર્મિક મતપંથો છે. જગતના બધા જ ધાર્મિક મતપંથો સમર્થ સર્જનહારની સાચી સમજ વિનાના છે. જેઓએ સર્જનહારની રચના અંગે સંપૂર્ણ સમજ અને જ્ઞાન પ્રાપ્ત કર્યુ છે, પરંતુ આવી અદ્‌ભુત રચનાના રચનાર સર્જનહારના પદ માટે નેતિ એટલે કે, તેમનો કોઈ અંત નથી તેમ કહીને સાચી સમજના અભાવે પૂર્ણવિરામ દર્શાવી દીધું છે અને ભળતા નકલી ભગવાનો ઊભા કર્યા છે.

આવા સર્જનહાર અંગેની જેમને યોગ્ય સમજ નથી તેવા વિશ્વના સર્વ ધર્મ માર્ગોના બધા જ મતપંથો (મરણને શરણ થયેલા) મડદા જેવા જાણવા. એટલે કે, ચૈતન અંશની હાજરી વગરના નખશિખ પર્યંત સર્વ અંગોવાળા મરણ પામેલા જડ (નિર્જીવ) શરીર જેવા જ સમજવા.

**ત્યૌ જેહી લક્ષ પુરાતનકે પુની, અબકે સકલ લખેવું;**
**નિરગુણકે વા સિરગુણ કે પદ, જીનમે અટક રહેવું. ૧૩**

### શબ્દાર્થ

**ત્યૌ** = તે માટે, તેવી રીતે **જેહી** = જે, જે પ્રમાણેના **લક્ષ** = સિદ્ધાંતની, ઉદ્દેશ, માન્યતા **પુરાતન કે** = પ્રાચીન, જૂના વખતની, પહેલાની **પુની** = વળી **અબકે** = હવે પછી **સકલ** = સર્વ, બધું, તમામ **લખેવું** = લખીને દર્શાવ્યું છે, જણાવું છું **નિરગુણકે** = નિર્ગુણ સિદ્ધાંતના **વા** = અને

**સિરગુણકે** = સગુણ સિદ્ધાંતના રજો, તમો અને સતો એમ ત્રણ ગુણોના અવતારાદિક દેવ-દેવીઓની સર્વોપરીતા દર્શાવતી માન્યતાના **પદ** = પદો, સ્થાન, મહત્તા દર્શાવતો દરજ્જો, હોદ્દો, ઠેકાણું, સ્થળ, મોભો, પદવી **જીનમે** = જેમાં **અટક રહેવું** = અટકી રહ્યા છે, સ્થિર થઈને રહેવું, વળગીને રહેવું, ગરકાવ થવું.

## અનુવાદ

**જે નિર્ગુણ અને સગુણ સિદ્ધાંતો છે, જેમાં બધા અટકી રહ્યા છે તે પુરાણા લક્ષ અંગે હવે પછી દર્શાવું છું.**

## ભાવાર્થ

જે સિદ્ધાંતોમાં સર્જનહાર અંગેનું જ્ઞાન નથી તેવા જગતના મતપંથો, ભૂમિ પર ફુલ્યા ફાલ્યા છે.

ધર્મજગતમાં પહેલેથી ચાલી આવેલી પ્રાચીન અને રૂઢિગત માન્યતાઓ સ્થપાયેલી છે. તે ધાર્મિક માન્યતાઓને બુદ્ધિજીવી મહાપુરુષોએ અલગ-અલગ રીતે રજૂ કરેલી છે, પરંતુ જેનું હાર્દ જોતા તે માન્યતાઓને બે મુખ્ય સિદ્ધાંતોમાં વહેંચી શકાય. જેમાં એક નિર્ગુણ બ્રહ્મસિદ્ધાંત કે જેને અનુસરનારા સચરાચર વ્યાપક બ્રહ્મને સર્વોપરી માનીને બધી ઉત્પત્તિ આપોઆપ બ્રહ્મ દ્વારા થઈ છે તેવું માને છે.

બીજો સગુણ સિદ્ધાંત કે જેનો વ્યાપ હાલમાં ખૂબ જ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. જેમાં તેના અનુયાયી સમુદાય વિશ્વના પ્રારંભે થઈ ગયેલા ઐશ્વર્યતા ધરાવતા મહાદેવો અને વિષ્ણુના અવતારોને તેમજ ઘણા સારા કર્મો કરી કંઈક ચમત્કારિક અને મહાન પ્રભાવશાળી જિંદગી જીવીને ચાલ્યા ગયેલા મહાપુરુષોને ભગવાન માને છે. એવા અંધશ્રદ્ધાવાળા અને જ્ઞાનથી અંધ માનવો બનાવટી ભગવાનોમાં અટકી ગયા છે તથા એવા ગરકાવ થઈ ગયા છે કે જેઓ સાચા જ્ઞાનને સમજવા તૈયાર જ નથી.

આ રીતે જગતના સર્વ જીવ ગુણવાળા મહાપુરુષોને માનનારા સગુણ સિદ્ધાંતમાં અને તેથી વિશેષ સમજ પ્રાપ્ત થઈ તેવા યોગી તેમજ સાધકો બ્રહ્મને સર્વોપરી માનીને બ્રહ્મસિદ્ધાંતમાં અટકી રહેલા છે.

તેથી જે લક્ષ આદિ અને પ્રૌઢ છે તેવા સકર્તા પતિના લક્ષ અંગે હવે પછી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને જણાવે છે.

**તબતે સકલ ઉપાસન ભવકી, વિશેષ અંશ આયનકી;**
**નિજ કર્તારનકે પઠવાયલ, જગ જનુની જાયનકી. ૧૪**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેના કારણે, ને લીધે **સકલ** = બધા, તમામ, સર્વ **ઉપાસન** = આરાધના, સેવા ભક્તિ આદિથી કરવામાં આવતી ધ્યાન વગેરે પ્રક્રિયા, મુક્તિના કારણોસર કરવામાં આવતું ઈષ્ટદેવોનું ધ્યાન સ્મરણ અને આચરણ **ભવકી** = જગતની, વિશ્વની **વિશેષ અંશ** = વિશેષ અંશો **આયનકી** = આવેલાની, થઈ ગયેલાઓની, પૃથ્વી ઉપર પધારેલાઓની **નિજ કર્તારનકે** = સર્જનહાર દ્વારા **પાઠવાયેલ** = મોકલાવેલ **જગ** = જગતની **જનુની** = માતાના **જાયનકી** = વંશજો, કુટુંબના વારસદાર, થી જન્મેલા.

## અનુવાદ

**જગતની બધી જ ઉપાસના જગતજનનીના વંશના વિશેષ અંશોની થાય છે કે જેમને નિજ કર્તાઓએ જ મોકલ્યા છે.**

## ભાવાર્થ

જગતના સર્જનહાર કરુણેશ છે. જેમણે આ સઘળી રચના રચીને તેને યોગ્ય વહીવટ અને નિયમનમાં રાખવા માટે એક-એક કરુણા સોંપીને કરુણામય બનાવી વિશેષ અંશોને આ વિશ્વમાં મોકલ્યા છે, જેમાં શરૂઆતમાં નિરંજન પુરુષની ઉત્પત્તિ થઈ છે પછી જ્યોતિ સ્વરૂપના કાજલ સમાન આદ્યશક્તિ મહંમાયા ઉત્પન્ન થયેલાં, જેને સમગ્ર જગત જગતજનની તરીકે ઓળખે છે. ત્યાર બાદ તેમના દ્વારા ઉત્પન્ન થયેલાં બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, ઉમિયા,સાવિત્રી અને લક્ષ્મી એમ છ વિશેષ અંશોની ઉત્પત્તિ થઈ અને સૃષ્ટિનો પ્રવાહ આગળ ચાલ્યો છે.

નિરંજનને સૃષ્ટિની સર્વોપરીતા સોંપીને કારભાર સોંપવામાં આવ્યો. તેમના નૂર થકી આદ્યશક્તિ જે સર્વવ્યાપક રહ્યાં. તેમની ચંચળતાનો ગુણ વ્યાપક રહ્યો. વળી, બ્રહ્માજીને સાવિત્રીનો સાથ સોંપીને ઉત્પત્તિની જવાબદારી, વિષ્ણુને લક્ષ્મીજીનો સાથ સોંપીને જીવના પાલન-પોષણની જવાબદારી અને શંકરને પાર્વતીજીનો સાથ સોંપીને સંહારના કાર્યની જવાબદારી સોંપવામાં આવી. ત્યાર બાદ થયેલાં અન્ય દેવોને પણ અલગ-અલગ વિભૂતિ બક્ષી. આ રીતે વિશેષ અંશોને સર્જનહારે વહીવટનું

કામ-કાજ સોંપ્યુ. જેમાં પાલનપોષણની જવાબદારીવાળા શ્રી વિષ્ણુ પોતાની ફરજો બજાવવા યુગે-યુગે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરે છે. અસુરોનો સંહાર કરી અધર્મનો નાશ કરે છે અને ધર્મનું સ્થાપન કરીને ભક્તોને અસુરોના ત્રાસમાંથી મુક્ત કરે છે. આવી વિશેષ ઐશ્વર્યવાળી ભૂમિકા અને અન્ય દેવોની કલ્યાણકારી પ્રવૃત્તિઓથી વિશ્વ અંજાઈ ગયું. આ રીતે વિશેષ અંશોને જ સર્જનહાર માનીને સમગ્ર જગતના જીવ તેમની જ ઉપાસના કરવા લાગ્યા.

**તીનહુ દેખ સબ કિયે સથાપન, મૂર્તિ સકલ જહાન મેં;**
**પણ નિજ કર્તા આયે બિના ભવ, ક્યૌ કરી લખે ધ્યાનમે. ૧૫**

**શબ્દાર્થ**

**તીનહુ** = તેઓને, વિભૂતિવાન, વિશેષ અંશોને **દેખ** = જોઈ, દેખી **સબ** = બધાએ, સર્વએ **કિયે** = કર્યું **સથાપન** = સ્થાપના **મૂર્તિ** = મૂર્તિની **સકલ** = સર્વ **જહાનમેં** = વિશ્વમાં **પણ** = પરંતુ **નિજકર્તા** = આદિ સર્જનહાર પોતે **આયે બિના** = આવ્યા વગર **ભવ** = વિશ્વમાં **ક્યૌ કરી** = કેવી રીતે કરી **લખે** = જણાય, દર્શાવે **ધ્યાનમેં** = ધ્યાનમાં, સમજમાં, જ્ઞાનમાં, દૃષ્ટિમાં.

**અનુવાદ**

**તેઓને જોઈને આખા વિશ્વમાં સૌએ મૂર્તિઓની સ્થાપના કરી, પરંતુ નિજકર્તા વિશ્વમાં આવ્યા જ નથી તો પછી આવ્યા વગર કેવી રીતે દૃષ્ટિમાં જણાય ?**

**ભાવાર્થ**

સર્જનહારે જ્યારે આ સૃષ્ટિની રચના કરી ત્યારથી અંશો અલગ-અલગ દેહમાં પસાર થઈને છેલ્લે સ્થૂળ દેહમાં આવ્યા. આમ અંશને દેહનો પટ લાગતાં તે પોતાનું નિજ ચૈતન સ્વરૂપ ભૂલી ગયો અને દેહમય બની ગયો. પરિણામે પોતાની જાતને તત્ત્વોના દેહવાળો સમજી જેમ પોતે સંસારમાં નર-માદાના સંયોગથી વૈભવશાળી જીવન જીવતો થયો તેવું જ પોતાનું સ્વરૂપ અને જગતના કર્તા ને પણ સંસારી માનવા લાગ્યો. સર્વ સામાન્ય નિયમ છે કે સજાતિ સજાતિને જ ગ્રહણ કરે. તે ન્યાયે પોતે ચૈતન છે તેવું વીસરાઈ જતાં માત્ર દેહ ભાવે નિહાળ્યું અને દેહવાળા

ભગવાનોને જોઈને તેમની ઐશ્વર્યતાથી અંજાઈને તેમની મૂર્તિઓનું સ્થાપન કરીને ભક્તિ કરવા લાગ્યો.

પરંતુ, વિશ્વના સાચા સર્જનહાર પોતે પોતાની બનાવેલી નાશવંત દુનિયામાં કદી આવતા નથી અને તેમને આવવાની જરૂર પણ નથી. કારણ કે તેઓ પાસે અખૂટ શક્તિનો ભંડાર છે. વળી, પોતના ધામમાં બેઠાંબેઠાં સર્વ જીવની સંભાળ લે છે અને સૃષ્ટિના વહીવટ માટે તો વિશેષ અંશોને જવાબદારી સોંપીને મોકલ્યા છે. સર્જનહારને સંસારના જીવ તેમની ચર્મદૃષ્ટિથી નિહાળી શકયા નહીં અને પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે વિચાર્યું પણ નહીં કે વિશ્વના સર્જનહારમાં કોઈ અમાપ ચૈતન શક્તિ છે. પોતાના દેહમાં સર્વોપરી અંશ છે એમ વિશ્વમાં પણ સર્વોપરી અંશ હોઈ શકે. આ સત્ય જ્ઞાનથી તેઓ અજાણ રહ્યા. જ્યારે નિજ કર્તા આ સૃષ્ટિમાં આવ્યા નથી, ત્યારે કેવી રીતે લોકો તેમનું ધ્યાન ધરે ?

**ધ્યાન વિના ઓરુ દૃષ્ટ પરે બીન, તીનહુ થાપ કો થપહી;**
**બિન થાપન વિસરનકે જેહી પદ, જીનકે જાપકો જપહી. ૧૬**

### શબ્દાર્થ

**ધ્યાન** = જ્ઞાન, સમજ, માહિતી, ધ્યાનમાં **વિના** = વગર, સિવાય **ઓરુ** = અને **દૃષ્ટ** = દેખવું, જોવું, નિહાળવું, ચર્મચક્ષુથી નીખરવું **પરે બીન** = પડ્યા સિવાય **તીનહુ** = તેનું **થાપ** = સ્થાપન **કો** = કોણ **થપહી** = સ્થાપે **બિન થાપન** = સ્થાપના સિવાય **વિસરનકે** = વિસર્જન, વિસ્મૃતિ, ભૂલાયેલું **જેહી પદ** = તે પદ, તે હકીકત, સ્થાન, સ્વરૂપ **જીનકે** = જેના **જાપકો** = જાપને **જપહી** = કોણ જપે? જપ કરે?

### અનુવાદ

**સમજમાં અને દૃષ્ટિમાં આવ્યા સિવાય તેનું સ્થાપન કોણ થાપે? સ્થાપના વિના વિસ્મૃતિ થવાથી તેના જાપને કોણ જપે?**

### ભાવાર્થ

જે પદની જાણ્ય ન હોય, જે પદ પોતાની બુદ્ધિ કે મનની કલ્પનામાં ન આવે અને જેને ચર્મચક્ષુ દ્વારા કદી જોઈ શકાય તેમ ન હોય તેવા પદનું કોઈએ પોતાનાં મઠ

મંદિરોમાં સ્થાપના કરેલી નથી કે કરી શકાતી પણ નથી. જેનું સ્થાપન ન થયું હોય તેવા પદને ભુલાઈ જવાય એ સ્વાભાવિક છે. એટલે કે, એવા પદની વિસ્મૃતિ થાય તે સમજી શકાય તેવી બાબત છે. જેથી આવા ભુલાઈ ગયેલા પદનું સ્મરણ વિશ્વના માનવો કરી શક્યા નથી અને સ્મરણ ન રહેતાં તેના જાપ પણ કોઈ જપતું નથી.

**તેહી માટે નિજ ક્તા આદ્યકુ, ભજત નાંહી ભવમાંહી;**
**જેહી તેહી પંથ ફસે જીત તીતમે, ભયે કરત શરનાંહી. ૧૭**

### શબ્દાર્થ

**તેહી માટે** = તેટલા માટે **નિજકર્તા** = આદિ સર્જનહાર, મૂળ સર્જનહાર **આદ્યકુ** = આદિ પુરાણા **ભજત નાહી** = ભજન-સ્મરણ કરતા નથી **ભવમાંહી** = વિશ્વમાં, જગતમાં **જેહી તેહી** = જેતે **પંથ** = ધાર્મિક મત પંથોમાં **ફસે** = ફસાયા **જીત તીતમે** = જ્યાંને ત્યાં **ભયે** = થયા **કરત** = ક્ત, રચનામાં, સર્જનહારની રચેલી નાશવંત રચનામાં **શરનાંહી** = શરણાંગત થઈને, શરણું સ્વીકારીને.

### અનુવાદ

**તેટલા માટે જ આદિ નિજ કર્તાને વિશ્વમાં કોઈ ભજતા નથી. જ્યાં-ત્યાં અને જે-તે પંથોમાં ફસાઈને સર્જનહારના ક્તને શરણે રહે છે.**

### ભાવાર્થ

તેટલા માટે જ આદિ અનાદિ જે મૂળ સર્જનહાર હતા તેમના પદની વિસ્મૃતિના લીધે વિશ્વમાં કોઈ પણ વ્યક્તિ તેમનું ભજન સ્મરણ કે ઉપાસના કરતા નથી.

પરંતુ વિશ્વના જીવ સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરેલા બ્રહ્માંડની રંગ-બે-રંગી વિવિધતાવાળી નાશવંત ઉત્પત્તિના ભાગરૂપે રહેલા વિશેષ અંશોના પ્રભાવમાં આવી ગયા. પરિણામે જ્યાં લાભ મળ્યો ત્યાં અને જે વિશેષ અંશો પોતાને અનુકૂળતા ભર્યા લાગ્યા ત્યાં જગતના ભોળા અને અજ્ઞાનથી અંધ જીવએ શરણું સ્વીકારી લીધું. આ રીતે પોતાનું તન, મન, ધન સર્વસ્વ સમર્પણ કરીને કલ્યાણના ઉદ્દેશથી ફસાઈ ગયા છે અને સર્જનહારની નાશવંત રચનાની માયાજાળરૂપ કાદવમાં ખૂંપાતા જ ગયા છે.

## કરત સકલ ખુદકે સંકલ્પકે, જીનમે ક્તા ન હોઈ;
## તદીપ તાય સબ ઈષ્ટ કરતકે, નિજ કારન નહીં સોઈ. ૧૮

### શબ્દાર્થ

**કરત** = ક્ત, રચના, ઉત્પત્તિ **સકલ** = બધી જ, સઘળી, સર્વ **ખુદકે** = પોતાના, સ્વયં, અન્યના સાથ વગર પોતે જાતે **સંકલ્પકે** = સંકલ્પશક્તિ દ્વારા, ઈચ્છા થકી **જીનમે** = જેમાં, તેમાં **ક્તા** = સર્જનહાર **ન હોઈ** = હોતા નથી, હોઈ શકે નહીં **તદીપ** = તે માટે, તેથી, તેમ છતાં, તથાપિ **તાય** = તેઓ **સબ** = સર્વ, તમામ **ઈષ્ટ** = મહાન, આરાધ્ય દેવ **કરતકે** = રચના પૈકીના **નિજ** = મૂળ, આદિ **કારન** = કારન, કાર્યની ઉત્પત્તિનું મૂળ, બનાવનાર, ઉપજાવનાર, કરનાર **નહીં** = નહીં **સોઈ** = તેમાં, રચનામાં, તેઓ.

### અનુવાદ

**પોતાના શુદ્ધ સંકલ્પથી રચેલી રચનાનાં રચનાર પોતે હોઈ શકે નહીં. તેથી જે આરાધ્ય દેવો છે તે બધા રચના પૈકીના છે, પરંતુ તે મૂળ ઉત્પત્તિના કારણરૂપે નથી.**

### ભાવાર્થ

કોઈ પણ ઉત્પાદનમાં ઉત્પાદક હોતો નથી. જેમ કે કોઈ પ્રજાપતિ નાના-મોટા વિવિધ પ્રકારનાં વાસણો બનાવે છે, પરંતુ તે તેમાં હોતો નથી. ફેક્ટરીઓમાં ઘણા પ્રકારની ઉત્પાદક વસ્તુઓ બને છે, પરંતુ તે વસ્તુમાં તેનો ઉત્પાદક હોતો નથી. તેમ જેમણે પોતાના શુદ્ધ સંકલ્પથી આવી વિશાળ વિરાટની અને વિધ-વિધ ભાતની સૃષ્ટિનું સર્જન કર્યું છે, તેમાં સમગ્ર રચનાનો રચનાર હોઈ શકે નહીં.

તેથી રચનાની વિવિધતા પૈકીના જે વિશેષ અંશો છે, જેને વિશ્વના જીવ આરાધ્ય દેવ તરીકે માની તેમની મૂર્તિનું સ્થાપન કરીને ભક્તિ, પૂજા, ધ્યાન, ઉપાસના કરે છે. તે તો સર્જનહારની રચના પૈકીનાં સ્વરૂપો છે, પરંતુ રચનાની ઉત્પત્તિના મૂળ કારણરૂપ નથી. એટલે કે, વિશ્વ જેને સર્વ રચનાના કારણરૂપે જે ઈષ્ટ દેવો અને મહાપુરુષોને માને છે તે તેમની ભ્રમણા છે. હકીકતમાં તો તેઓ વિશ્વનો વહીવટ કરનારા, કાર્યકર્તા અને વફાદારીથી ફરજ નિભાવતા વિશેષ અંશો છે.

**નિજ કારણ બીન કતવનકે પદ, ભૂલે સકલ ભરુસે;**
**કર્તા એક અનેક પક્ષહી, ભિન્ન ભિન્ન ભવ ભૂસે. ૧૯**

### શબ્દાર્થ

**નિજકારણ** = આદિ મૂળ રચનાના રચનારા **બીન** = વિના, વગર **કતવનકે** = રચનાના સંદર્ભે, રચના પૈકીના **પદ** = પદો, સ્થાપિત ઈષ્ટદેવો **ભૂલે** = ભૂલ્યા પડીને **સકલ** = બધા જ **ભરુસે** = ભરોસો રાખીને, વિશ્વાસે, યકીનમાં **કર્તા એક** = સર્જનહાર એક જ છે **અનેક પક્ષહી** = અનેક પક્ષો, મતો, સિદ્ધાંતો **ભિન્ન ભિન્ન** = જુદા-જુદા **ભવ** = ભવિષ્યમાં, જગતમાં **ભૂસે** = ભાષ્યમાન છે સ્થપાયેલા છે ભૂસી નાંખ્યા છે, નાશ કરીને નાબૂદ કરી નાંખવું.

### અનુવાદ

**ઉત્પત્તિના મૂળ કારણ વિનાના અને રચના પૈકીનાં પદોમાં બધા ભરોંસો રાખીને ભૂલા પડ્યા છે. કર્તા તો એક જ છે, પરંતુ અનેક મતપંથો વિશ્વમાં સ્થાપીને કર્તાનો માર્ગ ભૂંસી નાંખેલો છે.**

### ભાવાર્થ

ચૌદ લોકના મૂળ કારણરૂપે રહેલા સર્જનહારને જગત પક્ષના જીવ જાણતા ન હોવાથી જગતના રચનારને નહીં, પરંતુ તેમની રચનાના ભાગ રૂપે રહેલા ઈષ્ટદેવો પાસેથી મોક્ષની અપેક્ષા રાખીને તેમને શરણે જાય છે. તેમજ ભરોસો રાખીને ધ્યાન, ભજન, ઉપાસના અને સ્તુતિ કરે છે. તેમજ પોતાનું તન, મન, ધન સઘળું સમર્પણ કરીને ધર્મમય જિંદગી જીવે છે.

એક જ બ્રહ્મમાં પોષણ પામીને તમામ રચનાના બનાવનાર પણ એક જ સર્જનહાર છે. કે જેમણે પોતે(સ્વયં) પોતાના જ શુદ્ધ સંકલ્પથી આ સઘળી રચનાનું નિર્માણ કરેલું છે. છતાં પણ જગતના આગેવાન ધર્માચાર્યોએ જુદા-જુદા મત-પંથો સ્થાપી, ભળતા ભગવાનોની ફોજ ઊભી કરી અને કર્તાનો માર્ગ ભૂસી નાખેલ છે. આ રીતે જગતને ખોટે રસ્તે ચઢાવી ભ્રમણામાં નાંખીને જીવને ભૂલા પાડ્યા છે.

**ભૂસન સકલ આચારજકે જીનું, કીનું નહીં એકતાઈ;**
**અલ્પજ્ઞે જેહી અંશ અનીન હોઈ, જીનમે રહે ભુલાઈ. ૨૦**

### શબ્દાર્થ

**ભૂસન** = ભાષણ, વ્યાખ્યાન, પ્રવચન, વાતચીત, ઉપદેશ, પાઠ **સકલ**= બધા જ **આચારજકે** = ધર્માચાર્યોના **જીનું** = નું, જેઓનું **કીનું નહીં** = કોઈનામાં પણ નથી **એકતાઈ** = એકસૂત્રતા, સામ્યતા, એકસરખું **અલ્પજ્ઞે** = સામાન્ય અલ્પજ્ઞાન ગતિવાળાં **જેહી** = જેઓ **અંશ** = અંશ સર્જનહારની સજાતિના સર્જનહારના સજાણજાણ સ્વરૂપ **અનીન** = દાસભાવવાળા, દાસાત્વ ભાવવાળા **હોઈ** = હોવાથી **જીનમે** = જેમાં, તેમાં **રહે ભુલાઈ** = ભૂલા પડીને રહ્યા, ભૂલા પડ્યા છે.

### અનુવાદ

**બધા જ આચાર્યો દ્વારા અપાતા ઉપદેશમાં કોઈની પણ એકસૂત્રતા નથી. અલ્પજ્ઞાન ગતિવાળા કે જેમનામાં દાસત્વ ભાવ છે તેવા અંશો તેમાં ભૂલા પડેલા છે.**

### ભાવાર્થ

જગતમાં સ્થપાયેલા વિધ-વિધ મત-પંથોના ધર્માચાર્યો દ્વારા શ્રોતાજનો આગળ અપાતા ઉપદેશમાં જુદાપણું હોય છે અને પોતાની અંગત માન્યતાના આધારે પોતાની સૂઝ મુજબના શાબ્દિક જ્ઞાનની વાતોમાં રોચકતા કે ભયાનકતા દર્શાવીને પોતાનો પંથ જગતમાં સાચો કરાવીને ઠેરવે છે, પરંતુ બધાના વિચારોને નિહાળતાં કોઈના પણ વિચારોમાં એકસૂત્રતા જોવા મળતી નથી.

તેમ છતાં અલ્પ જ્ઞાન ગતિવાળા ભોળા ભક્તો, પોતાની દાસાતનપણાની વૃત્તિને લીધે ભરમાઈને ભૂલા પડેલા છે. બધા એક જ સર્જનહારના અંશો હોવા છતાં વિશેષ અંશોને આધીન થયા છે. એટલે કે, પોતાના જ મોટા ભાઈને પિતા છે તેમ માને છે. પોતે ભરમાઈ જવાથી આવી મહાન ભૂલ કરીને બેઠા છે.

**એહી પરકાર સકલ કુલ વીલમે, વૃથા વેતકે જ્ઞાનું;**
**નિજપતિ પરમ સકર્તા કે સદ, રહે સકલ અજ્ઞાનું. ૨૧**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે, આ પ્રમાણે **સકલ કુલ** = સર્વ કોઈ, બધા જ લોક, બ્રહ્માંડના સર્વ ચૌદ

લોકના અંશો **વીલમે** = વિરામ પામ્યા, અટક્યા **વૃથા** = ફોગટ, વ્યર્થ, નિષ્ફળ **વેતકે** = વિત્તના, સારરૂપ સર્જનહારના કારણ રૂપ રહેલ પરમપદના **જ્ઞાનું** = જ્ઞાનમાં **નિજપતિ** = મૂળ સર્જનહાર, મૂળ માલિક **પરમ** = શ્રેષ્ઠ, મહાન **સકર્તા કે** =સર્જનહારના **સદ** = સાચા **રહે** = રહેલા છે **સકલ** = બધા તમામ **અજ્ઞાનું** = અજ્ઞાન, જ્ઞાન વગરના.

## અનુવાદ

**આ પ્રમાણે કારણરૂપે રહેલા સર્જનહારના શ્રેષ્ઠ અને સાચા જ્ઞાન વિના બધા જ વૃથા જ્ઞાનમાં અટકીને અજ્ઞાની રહેલા છે.**

## ભાવાર્થ

આ જ પ્રમાણે માત્ર મહિમંડ ઇંડમાં રહેલા ચૌદ લોકમાં બિરાજમાન વિશેષ અંશો સહિતના બધા જ અંશો તેમજ પૃથ્વી પરના રહેલા સર્વ સામાન્ય અંશો માયા સાથેના જોડાણને કારણે અક્કલ, આરત અને શુરતા ગુમાવી બેઠા છે. બ્રહ્માંડના કારણરૂપે રહેલા સર્જનહારના શ્રેષ્ઠ અને સાચા જ્ઞાનને જાણતા ન હોવાથી અજ્ઞાનદશા ભોગવવા લાગ્યા અને ભળતા જ્ઞાનમાં વૃથા અટકી રહ્યા છે.

વિશ્વના સર્જનહારે બ્રહ્માંડમાં અલગ - અલગ ઇંડોની રચના કરી છે. જેમાં પરમ વિશેષ અંશોને તે તે ઇંડોની જવાબદારી સોંપીને દરેક ઇંડમાં મોકલ્યા, પરંતુ બીજા કોઈ પુરુષોએ સૃષ્ટિનો ક્રમ આગળ વધાર્યો નહીં. માત્ર મહિમંડ ઇંડમાં રહેલા નિરંજન અને નાભિનારાયણ એમ બે પુરુષો પૈકીના નિરંજન પુરુષ સૃષ્ટિના ક્રમને આગળ ધપાવવાના કાર્યમાં જોડાયા અને અંતરિક્ષના ચૌદ લોક અને પૃથ્વી સહિતના સૂર્યમાળાનાં ગ્રહો વગેરેમાં વિશેષ અને સામાન્ય અંશોએ નિવાસ કર્યો છે. સૃષ્ટિની ઉત્પત્તિના ક્રમની શરૂઆતમાં બ્રહ્માજીના પાંચમાં મુખનું છેદન થતાં સર્જનહાર પક્ષનું જ્ઞાન લુપ્ત થયું, જેથી ચાર વેદનો પ્રભાવ ફેલાયો છે.

**નોંધઃ** 'ભજનસાગર' માં પરમગુરુ રચિત 'તબક' શીર્ષક હેઠળ દર્શાવેલી માહિતી મુજબ બ્રહ્માંડમાં રહેલા ઇંડો અને બિરાજમાન પરમ વિશેષ અંશોની સમજ.

| | | |
|---|---|---|
| ૧. | **અખિલશૂન્ય** | બ્રહ્મ પ્રકાશ એકલો જ છે કોઈ પુરુષ નથી અને |
| ૨. | **અરૂઢશૂન્ય** | માત્ર બ્રહ્મ વ્યાપક છે, કોઈ પુરુષ નથી. |
| ૩. | **ક્રાંત ઇંડ** | જ્યાં ક્ષણિકત અને કારણપુરુષ બિરાજમાન છે. |

| | | |
|---|---|---|
| ૪. | **સૂક્તિ ઈંડ** | જ્યાં સમ્ર અને સહિરપુરુષ બિરાજમાન છે. |
| ૫. | **અલેપમ ઈંડ** | જ્યાં અકલ અને અમિતપુરુષ બિરાજમાન છે. |
| ૬. | **અવિચ્છિન ઈંડ** | જ્યાં અજર અને અમરપુરુષ બિરાજમાન છે. |
| ૭. | **અનુપ ઈંડ** | જ્યાં અયેન અને અયમ પુરુષ બિરાજમાન છે. |
| ૮. | **અનુયિમ ઈંડ** | જ્યાં અજિત અને અખિલપુરુષ બિરાજમાન છે. |
| ૯. | **અનુમંત ઈંડ** | જ્યાં અકથ અને નિર્વાણપુરુષ બિરાજમાન છે. |
| ૧૦. | **પ્રસુત ઈંડ** | જ્યાં પુરાન અને હીરન પુરુષ બિરાજમાન છે. |
| ૧૧. | **અચુત ઈંડ** | જ્યાં અકલન્હેઃ કામી અને અજોનીપુરુષ બિરાજમાન છે. |
| ૧૨. | **અખીલ ઈંડ** | જ્યાં અલખ અને અકર પુરુષ બિરાજમાન છે. |
| ૧૩. | **અનુક્રત ઈંડ** | જ્યાં પરિબ્રહ્મ અને અવ્યમી પુરુષ બિરાજમાન છે. |
| ૧૪. | **મહિમંડ ઈંડ** | જ્યાં નિરંજન અને નાભિનારાયણ પુરુષ બિરાજમાન છે. |

**અંતરિક્ષના લોકઃ**

અવ્યાક્રત શક્તિલોક, વિષ્ણુલોક, સત્‌લોક, તપલોક, જનલોક, મહરલોક, તારાલોક, દેવલોક, ગાંધર્વલોક, ઈંદ્રલોક, ભૂરલોક, ચંદ્રલોક, સૂરલોક, મૃતલોક અને આતલલોક.

**પેટાળમાંના લોકઃ**

અષ્ટઅંગી શક્તિલોક, શેષલોક, સારપીલોક, સમાધિલોક, જમિયેતલોક, મારઘવલોક, સંભલોક, પાતાલલોક, રસાતલલોક, તલલોક, તલાતલલોક, નીતલલોક, વીતલલોક અને આતલલોક.

**તેહી કરતારનકે અભિપ્રાયન, ન્યાય દેખાવન સારુ;**
**કર્તા કરત અકરત નવેરન, કારણ મુજ અવતારુ. ૨૨**

**શબ્દાર્થ**

**તેહી** = તે, તેવા **કરતારનકે** = સર્જનહાર અંગે, સર્જનહાર માટેનો **અભિપ્રાયન** = મંતવ્ય, વિચાર જ્ઞાન, જાણ **ન્યાય**= ન્યાય સહિત **દેખાવન** = દેખાડવા, પ્રસ્થાપિત કરવા, જણાવવા, બનાવવા

**સારુ** = માટે, ના કારણે **કર્તા** = સર્જનહારના પદનું **કરત** = ઉત્પત્તિ અંગેનું, ગુણોવાળા સગુણ પદનું **અકરત** = અકર્તા બ્રહ્મ પદનું **નવેરન** = નિર્ણય કરવા **કારણ** = કારણે, તેથી **મુજ** = મારો **અવતારુ** = અવતરણ થયેલુ છે, આવવાનું શક્ય બન્યું છે.

## અનુવાદ

**તેવા સર્જનહારનો ન્યાય સહિત અભિપ્રાય દર્શાવવા માટે અને કર્તા પદ સગુણ પદ અને નિર્ગુણ બ્રહ્મપદનો નિર્ણય કરવા માટે મારો અવતાર થયો છે.**

## ભાવાર્થ

સર્જનહાર અંગેનું જ્ઞાન લુપ્ત થતાં સઘળા અંશો માયાના બંધનમાં બંધાયા અને સર્જનહારની રચનામાં જ રાચવા લાગ્યા. તેઓ પોતાના શુદ્ધ ચૈતનઅંશ સ્વરૂપને ભૂલીને દેહના આવરણોથી દેહમય બની ગયા. કોઈ સગુણ ઉપાસનામાં તો કોઈ નિર્ગુણ બ્રહ્મમાં અટકી ગયા. અંશ પોતાના મૂળ ધામમાં પરત ફર્યો નહીં. પરિણામે જન્મમરણના ક્રમમાં દુઃખી થવા લાગ્યા.

તેથી દયાળુ સર્જનહારે આવી પરિસ્થિતિ નિહાળતાં પોતાના સાંનિધ્યમાં રહેલા પરમવિશેષ પાટવી અંશને જગતમાં મોકલ્યા. સંસારમાં ચાલતી સગુણ અને નિર્ગુણની ઉપાસનાઓનો નિર્ણય કરીને તેની મર્યાદા તર્કબદ્ધ રીતે દર્શાવીને જગતના સાચા સર્જનહાર અંગેના જ્ઞાનને ન્યાયપૂર્ણ રીતે દૃઢ કરાવવા માટે પરમગુરુનો અવતાર થયો છે. જેમણે અંશ-અંશીનો મેળાપ કરાવવા સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કર્યું છે. માનવદેહે કરવા યોગ્ય ભક્તિની રીત દર્શાવીને પંચમી અખંડ કૈવલ મુક્તિ મેળવવા અંશ પોતાના શુદ્ધ સ્વરૂપે થઈને સકર્તાને મળે જેથી જન્મમરણના દુઃખમાંથી ફારગતી મેળવે; તે જ તેમનો મુખ્ય આશય છે અને તે કાર્ય માટે જ સર્જનહારે તેમને અહીં મોકલ્યા છે.

**વેદ વદિત આચારજ અનુભવી, અગણીત ભેખ ભયેવું;**
**અકરત પદ ઓરુ સકરતકે ક્રત, કથી કથી સકલ ગયેવું. ૨૩**

### શબ્દાર્થ

**વેદ વદિત** = વેદના વક્તા, વેદના જ્ઞાનને કથનારા **આચારજ** = ધર્માચાર્યો

**અનુભવી** = અનુભવ દ્વારા, અનુભવ કેળવીને, અભ્યાસથી થયેલું જ્ઞાન **અગણીત** = અસંખ્ય **ભેખ** = ભેખધારી, સંન્યાસી, વિદ્વાન પુરુષ, સાધુ **ભયેવું** = થઈ ગયા **અકરત પદ** = અકરતા બ્રહ્મ પદ **ઓરુ** = અને **સકરતકે** = સગુણ દેવ દેવીઓની **ક્રત** = લીલા, રચનાયુક્ત કાર્યો **કથી કથી** = કહી કહીને **સકલ** = બધા **ગયેવું** = ચાલ્યા ગયા.

## અનુવાદ

**વેદના કથાકારો, આચાર્યો, અનુભવી, જ્ઞાની પુરુષો અને ભેખધારીઓ અનેક થઈ ગયા. જેઓ અકર્તા બ્રહ્મ પદ અને સગુણ દેવતાઓની લીલાઓની વારંવાર કથાઓ કરી ગયા છે.**

## ભાવાર્થ

વિશ્વમાં ધર્મપરાયણ એવા વેદના અભ્યાસી કથાકારો, ધર્માચાર્યો, અનુભવ દ્વારા અને અભ્યાસ કરીને બનેલા જ્ઞાની મહાપુરુષો તથા સંસારનો ત્યાગ કરી વૈરાગી જીવન જીવનારા ભેખધારી સંતો, મહંતો તેમજ યોગીજનો ઘણા થઈ ગયા છે. જેઓ પોતાના અનુભવ દ્વારા અને જ્ઞાન ભક્તિના આધારે સંસારમાં સચરાચર વ્યાપક અકર્તા બ્રહ્મ અંગે તથા સર્જનહારની રચના પૈકીના ત્રિગુણ દેવતાઓ તેમજ વિષ્ણુના દશ અવતારો દ્વારા કરવામાં આવેલી લીલાનાં અપાર ગુણગાન જગતના માનવોને કથાઓ દ્વારા કરી ગયાં છે.

**એહી વિધિ આચારજ અનુભવીકી, ઓરલી ગત અવિલાની;**
**તો ખુદ કી કુણ ખબર ખલકમે, કરહી દૂસરકો જ્ઞાની. ૨૪**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે, આ રીતે **આચારજ** = ધર્માચાર્યો **અનુભવીકી** = પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્તિવાળા જ્ઞાની પુરુષોની **ઓરલી** = આ બાજુની, જગતપક્ષની, સર્જનહારના રચનાના સંદર્ભમાં **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **અવિલાની** = વર્ણન કર્યું છે, વર્ણવ્યું છે , જાણ્યું છે, માહિતી મેળવી શક્યા છે **તો** = તો **ખુદકી** = પોતાના સ્વ-સ્વરૂપ અંગેની **કુણ** = કોને **ખબર** = માહિતી, ખબર, સમજ **ખલકમે** = વિશ્વમાં, સંસારમાં, જગતમાં **કરહી** = કરે, આપે **દૂસરકો** = બીજાને , અન્યને **જ્ઞાની** = જ્ઞાનની વાત, જ્ઞાનની સમજ.

## અનુવાદ

**આ રીતે ધર્માચાર્યો અને અનુભવીઓ જગતપક્ષની સમજ મેળવી શક્યા છે, પરંતુ પોતાના ચૈતન સ્વ-સ્વરૂપની ખબર કોને છે ? જે બીજાને જ્ઞાનની સમજ આપે.**

## ભાવાર્થ

આ રીતે વેદના અભ્યાસી વક્તાઓ, ધર્માચાર્યો અને પોતાના પ્રત્યક્ષ અનુભવથી પ્રાપ્ત કરેલા જ્ઞાની પુરુષો તથા ભેખધારીઓ તેમજ અગાઉ થઈ ગયા છે તે બધાએ જગતના સર્જનહાર દ્વારા નિર્માણ કરેલી રચના અંગેનું જ્ઞાન પોતાની સમજ મુજબ ખૂબ જ સારી રીતે સંસારના જીવને આપવા પ્રયત્ન કર્યો છે.

કૂવામાં હોય તો હવાડામાં પાણી આવે ! એ જ ન્યાયે આવા જ્ઞાની પુરુષોને હું કોણ છું? અને મારા કર્તા કોણ છે? એવા પોતાના સ્વ-ચૈતન સ્વરૂપ અંગે કે મહદ્ ચૈતન એવા પરમપદ અંગે ખબર જ ન હોય તો વિશ્વમાં બીજાને જ્ઞાન શું આપી શકવાના? એટલે કે, જેમને માત્ર બ્રહ્મભૂમિકામાં સર્જનહાર દ્વારા રચવામાં આવેલી સમગ્ર રચના અંગે સમજ છે, પરંતુ જેના વંશનો અંશ જે ચૈતન સ્વરૂપે આ શરીરમાં છે તે અંગે સાચી સમજ નથી. એટલા માટે તેઓ સંસારમાં બીજાને ચૈતનઅંશ-અંશી અંગેનું વિશેષ જ્ઞાન જણાવી શક્યા નથી.

**યાતે સકલ જાંહાંન અજભવ લ્યૌ, વેદ સહિત વિસ્તયેવું;**
**નિજપદસે ઈતકે અનુકરમીત, કર્તા કરત અનુભયેવું. ૨૫**

### શબ્દાર્થ

**યાતે** = એટલા માટે, આથી , તેથી **સકલ જાંહાંન** = સારાયે વિશ્વમાં, સમગ્ર જગતમાં **અજ** = બ્રહ્મા **ભવ** = શંકર **લ્યૌ** = સુધીના સહિત **વેદ** = બ્રહ્માજી દ્વારા થયેલ, ચાર વેદ, **સહિત** = સહિત સાથે **વિસ્તયેવું** = વિસ્તાર થયેલો છે ફેલાવો થયો છે **નિજપદસે** = નિજ પરમપદ દ્વારા, સર્જનહાર થકી **ઈતકે** = અહીંનું, આ બાજુનું, બ્રહ્મભૂમિકાની અંદરનું **અનુકરમીત** = અનુક્રમ અનુસાર, ક્રમાનુસાર, જે રીતે જેમ જેમ ઉત્પત્તિ થઈ તે મુજબ **કર્તા કરત** = સરજનહારની રચનાનું **અનુભયેવું** = અનુભવ કર્યો છે, માહિતી પ્રાપ્ત કરી છે, સમજ મેળવી છે.

### અનુવાદ

**એટલા માટે જ બ્રહ્મા અને શંકરથી માંડીને વેદ સહિત સમગ્ર જગતનો વિસ્તાર થયો છે. તેની અને સર્જનહાર દ્વારા કરાયેલી રચનાની ક્રમાનુસાર ઉત્પત્તિની સમજ દરેકે મેળવી છે.**

### ભાવાર્થ

જયાં સૃષ્ટિનો વિસ્તાર થયો છે તેવા મહામંડ ઈંડમાં નિરંજન અને અવ્યાક્રત દ્વારા ઉત્પત્તિનો ક્રમ ચાલુ થયો ત્યારથી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરથી માંડીને સર્વ દેવ, દાનવો, માનવોની અને સમગ્ર રચનાની સંપૂર્ણ સમજ બ્રહ્માજી દ્વારા નિર્મિત ચાર વેદમાં દર્શાવેલી છે. એ જ્ઞાનના આધારે સંસારમાં સર્જનહારની વૈવિધ્યપૂર્ણ ઉત્પત્તિની માહિતી અને આ બાજુના સમગ્ર જગતનો જે રીતે પ્રસારો થયો છે તે અંગેની ક્રમબદ્ધ હકીકત માત્ર જગપ્રસિદ્ધ બની છે. અર્થાત્ દરેક તે માહિતી મેળવી શકયા છે.

**તદપિ તાય મુજ વચન વિલોકીત, કરહી તોલ તતવેતુ;**
**આદ્ય અંત મધ્ય ખોજ કરીત વીત, ઉચરે સકલ સહેતુ. ૨૬**

#### શબ્દાર્થ

**તદપિ** = તે માટે, તેટલા જ માટે **તાય** = તમો **મુજ** = મારા **વચન** = વાણીને, શબ્દોને **વિલોકીત** = તપાસીને, અવલોકન કરીને **કરહી** = કરો, કરીને **તોલ** = તુલના કરીને, સરખામણી કરીને, યોગ્યા યોગ્ય કે સત્યાસત્ય નિર્ણય કરીને **તતવેતુ** = તત્ત્વોના વેત્તા પુરુષો, તત્ત્વોના જાણકાર, જ્ઞાની જનો **આદ્ય** = શરૂઆત, આદિકાળ **અંત** = છેવટનો અંતકાળ **મધ્ય** = વચ્ચેનો પ્રસારાનો કાળ **ખોજ કરીત** = ખોળીને, શોધ કરીને, શોધખોળ કરીને **વીત** = વિત્તરૂપ, સાર રૂપે રહેલ **ઉચરે** = ઉચ્ચાર કર્યો છે **સકલ** = સર્વના, તમામ અંશોના **સહેતુ** = હિતાર્થે, કલ્યાણ માટે.

### અનુવાદ

**તેટલા માટે હે તત્ત્વવેત્તા પુરુષો ! તમે મારાં વચનોનું વિલોકન કરીને તોલ કરી જુઓ. કારણ કે આદ્ય, અંત અને મધ્યમાં તપાસીને વિત્તરૂપે રહેલા જ્ઞાનનો સર્વ અંશોના હિતાર્થે મેં ઉચ્ચાર કર્યો છે.**

## ભાવાર્થ

તેટલા માટે વિશ્વમાં જેમને તત્ત્વજ્ઞાનની સમજ છે એવા તત્ત્વવેત્તા પુરુષોને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા ઉચ્ચારેલાં વચનોની સમજ પડતાં વાર નહીં લાગે. કારણ કે તેઓ અણમોલ વચનોનું અવલોકન કરી શાશ્વત અને નાશવંત ની તુલના કરી શકે છે.

વિશ્વની રચનાના આદિ ભૂતકાળ અને અંત સમયના ભવિષ્યકાળ તથા પ્રસારાનો વર્તમાનકાળ એમ ત્રણેય કાળને તપાસીને જે વિત્તરૂપે રહેલા શાશ્વત અંશ-અંશીના જ્ઞાનને વિશ્વના બધા જ (સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ) અંશોના કલ્યાણ અર્થે વિશ્વમાં પ્રસિદ્ધ કરેલું છે. જેથી દરેક અંશ જન્મમરણ રૂપ ભવદુ:ખમાંથી મુક્તિ મેળવીને જગતના તાત સાથે પોતાના મૂળ વતનમાં જઈને મળી શકે.

**જીનું સંકલ્પકે ભયે સકલ તુમ, અણુની આદ્ય સુર અંશુ;**
**તેહી પિતુકી પહેચાન ન કીનકુ, જીનકે હોહુ કુલવંશુ. ૨૭**

### શબ્દાર્થ

**જીનું** = જેઓના **સંકલ્પકે** = સંકલ્પથી **ભયે** = થયા **સકલ** = બધા સર્વ **તુમ** = તમો **અણુની આદ્ય** = અણુથી માંડીને **સુર** = દેવો **અંશુ** = અંશો, સામાન્ય વિશેષ અને પરમ વિશેષ એમ ત્રણ પ્રકારના અંશો **તેહી** = તે **પિતુકી** = પિતાની, માલિકની **પહેચાન** = ઓળખ **ન** = નહીં, નથી **કીનકું** = કોઈને પણ **જીનકે** = જેના **હોહુ** = છો, છીએ **કુલવંશુ** = કુળના વંશજ, સજાતિના અંશો.

## અનુવાદ

**અણુની આદ્ય લઈને દેવો અને તમારા સહિતના બધા જ અંશો જેમના સંકલ્પથી ઉત્પન્ન થયેલા છે, તેમના કુળના વંશજો હોવા છતાં તે પિતાની કોઈને જાણ્ય નથી.**

## ભાવાર્થ

જેમના શુદ્ધ સંકલ્પથી ૮૪ તત્ત્વોનો વિસ્તાર થયો છે. જેને નાનામાં નાના કીટ-પતંગથી માંડીને મહાનમાં મહાન ઘાટ ધરાવતા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહ તથા મહદ્ તત્ત્વોના મિશ્રણથી બનેલ મહાવૈરાટ સહિતની સર્વ

નાશવંત રચના પોતાના પ્રકાશ રૂપી બ્રહ્મમાં ઉત્પન્ન કરી છે. વળી, સર્જનહારે સર્વ ઘાટને ચલાયમાન કરવા તેમજ સર્વ ઉત્પત્તિને ચેતનવંત કરવા માટે પોતાના જ કુળના સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ ત્રણ પ્રકારના સજાણજાણ રૂપ ચૈતનઅંશો ઉત્પન્ન કરીને ઘાટમાં રમણ કરવા મૂક્યા છે. જેથી આપણે સર્વ પછી દેવોમાં હોય, દાનવોમાં હોય કે માનવો પશુ-પંખી સહિતનાં તમામ સ્થાવર-જંગમ શરીરમાં હોય તે બધા જ અંશો સર્જનહારના વંશના હોવા છતાં આપણા પિતાની કોઈને જાણ જ નથી. તેમને ઓળખવા કોઈએ પ્રયત્ન પણ કર્યો નથી.

**પુની પાલન પોક્ષણ કરનન તેઈ, જીનું હુકમસે દેવા;**
**તેહી કર્તા નિજ વિસર પરીનકે, ઉતઈત સબ વીલમેવા. ૨૮**

### શબ્દાર્થ

**પુની** = વળી **પાલન પોક્ષણ** = ભરણ પોષણ, જીવન, રક્ષણ અને ભક્ષણ **કરનન** = કરવા માટે **તેહી** = તેઓ તેજ **જીનું** = જેમના **હુકમસે** = હુકમથી આદેશથી, આજ્ઞાથી **દેવા** = દેવો **તેઈ** = તેવા, તે **કર્તા** = સર્જનહાર, માલિક **નિજ** = મૂળ, આદિ **વિસર પરીનકે** = વીસરી જઈને, ભૂલી જઈને, વિસ્મરણ કરીને **ઉતઈત** = અહીં ને ત્યાં, મૃત્યુલોક અને દેવલોકમાં **સબ** = બધા, સર્વ **વીલમેવા** = અટકી રહ્યા, વશ થયા, આધીન થઈને રહેવું, ભટકી રહ્યા છે.

### અનુવાદ

**વળી, જે નિજકર્તાના હુકમથી દેવો પાલન-પોષણ કરી રહ્યા છે તેવા નિજ કર્તાને ભૂલી જઈને સર્વ કોઈ મૃત્યુલોક અને દેવલોકમાં ભટકી રહ્યા છે.**

### ભાવાર્થ

સર્જનહારે સૃષ્ટિનું સર્જન કરીને મનસ્વીપણે વ્યવહાર કરવા ધણી વગરના ઢોરની માફક દરેકને રખડતા મૂક્યા નથી, પરંતુ ભલે તે પોતે પોતાની બનાવેલી સૃષ્ટિમાં ન આવે, પરંતુ તેમના અધિકારી દેવોને એક-એક કરુણા સોંપીને અલગ-અલગ કારોબાર સંભાળવા મૂકેલા છે. દેવો પોતાને મળેલી આજ્ઞા મુજબ વફાદારીથી પોતાની ફરજ નિભાવી રહ્યા છે. વળી, દરેક દેહ ઉપર કર્મોના સિદ્ધાંતનો ચુસ્તપણે

અમલ થાય તે માટે બ્રહ્મના અંશો પૈકી સોહંગ પ્રણવની દોરી સર્જનહાર પોતાની જાણવૃત્તિ સાથે જોડીને દરેક દેહની સંભાળ લે છે. તેમજ દરેક દેહ ઉપર સત્તાધીશ તરીકે પોતાની સજાતિના ચૈતન અંશો પણ મૂકેલા છે. જેથી અંશો પણ વિવિધતાવાળી રચનાનો ઉપભોગ કરી શકે.

આટલી કાળજી અને સતત સંભાળ રાખનાર સર્જનહારને ભૂલીને, જીવ મોહમાયાના બંધનમાં અને ઇંદ્રિયોના ભોગ વૈભવમાં કુકર્મો આચરીને તેના દંડ સ્વરૂપે મૃત્યુલોકમાં અને થોડાં સત્ કર્મો કરીને દેવલોકમાં ભટકતા ફરે છે. તેથી જન્મમરણનું દુઃખ કરોડો કલ્પોથી ભોગવ્યા કરે છે. વળી, કેટલાક નરક કુંડોની યાતનાનો ભોગ બનીને દુઃખી-દુઃખી થાય છે.

**સો ઉતઈતકે ન્યાવ લહીત જીત, પુની દેખહુ મમ ગતિયાં;**
**પ્રકૃતિ આદ્ય ઓરુ પુરુષ સહિત ઈત, કીને કીયે ઉતપતિયાં. ૨૯**

### શબ્દાર્થ

**સો** = તેથી, માટે **ઉતઈતકે** = મૃત્યુલોક અને દેવલોકનો **ન્યાવ** = ન્યાયથી, સાચા જૂઠાનો તોલ કરીને **લહીત** = જાણો, તપાસો, સમજો **જીત** = યથાર્થ રીતે, જેમ છે તેમ **પુની** = વળી **દેખહુ** = જોઈને, દેખીને **મમ** = મારી **ગતિયાં** = ગતિ, જ્ઞાન, સમજ **પ્રકૃતિ આદ્ય** = આદ્યશક્તિ મહંમાયા **ઓરુ** = અને **પુરુષ** = નિરંજન પુરુષ **સહિત** = સહિત, સાથે, મળીને **ઈત** = અહીંની સર્વ રચના **કીને** = કોણે **કીયે** = કરી, કર્યા **ઉતપતિયાં** = ઉત્પત્તિ, ઉત્પન્ન.

### અનુવાદ

**દેવલોક અને પૃથ્વીલોકની ન્યાયપૂર્ણ તુલના કર્યા પછી ફરીથી મારી જ્ઞાન ગતિને તપાસો કે આદ્યશક્તિ, નિરંજન અને મૃત્યુલોકની સર્વ ઉત્પત્તિ કોણે કરી?**

### ભાવાર્થ

તેટલા માટે અંતરિક્ષમાં રહેલા દૈવી લોક અને પૃથ્વી પરના સાત દ્વીપો તપાસતાં શાશ્વત અને નાશવંતનો ભેદ તારવીને ન્યાયપૂર્ણ રીતે સમજવા પ્રયત્ન કરવો જોઈએ. ત્યાર પછી જ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા સ્થાપિત સકર્તા સિદ્ધાંતના અંશ-અંશીના લક્ષને સમજી બંને વચ્ચે સરખામણી કરીને વિચાર કરવો

જોઈએ. ત્યાર બાદ નાશવંતમાંથી વૃત્તિને પાછી વાળી શાશ્વતની ઊર્ધ્વગતિને માટે સ્થિર કરવી જોઈએ.

નિરંજન અને આદ્યશક્તિ મહંમાયા સહિત બ્રહ્માંડમાં જે નાશવંત સર્વ રચના દેખાય છે જેને ઉત્પન્ન કરનાર બ્રહ્મથી પરે વિશેષ ચૈતન શક્તિવાળા અંશી સિવાય કોઈ હોઈ જ ન શકે તેવું નિરાકરણ કરી તેમના પ્રત્યે અહોભાવ ધારણ કરવો જોઈએ.

**તબતે ખોજ કરહી સકલ મમ, કારન કતા લખેવું;**
**અનંત સકલ ન્યાયકી નિજગમ, જેહી પદ અચલ અખેવું. ૩૦**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે જ **ખોજ** = શોધ **કરહી** = કરીને **સકલ** = સર્વ, બધું **મમ**= મે ં મારા પોતાના થકી **કારન** = કારણરૂપ, નિમિત્તરૂપે **કતા** = સર્જનહાર **લખેવું** = દર્શાવ્યા છે, જણાવ્યા છે, કહ્યું છે **અનંત** = અંતથી રહિત, અનંત **સકલ** = બધા જ **ન્યાયકી** = ન્યાયની **નિજગમ** = મૂળ સમજ, અસલગતિ, પૂરાતન જ્ઞાન **જેહી** = તે **પદ** = સ્થાન, કર્તાપદ **અચલ** = અચળ **અખેવું** = અખંડ રહેલું છે.

### અનુવાદ

**તેટલા માટે મેં શોધ કરીને સર્વના કારણરૂપ જે કર્તા છે તેને દર્શાવ્યા છે. અનંત પ્રકારની સમજ મેળવીને, તે પુરાણું પદ અચળ અને અખંડ છે તેમ ન્યાયપૂર્વક નિર્ણય કર્યો છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે વિશ્વની અનંત પ્રકારની સર્વ ઉપાસનાવાળા મત પંથોના રહસ્યને સમજી આખરે સર્જનહાર દ્વારા મળેલી નવબુદ્ધિ અને સોળ વિભૂતિના પ્રતાપે ન્યાયપૂર્ણ રીતે નિર્ણય કરેલો છે, કે સર્વ રચનાના કારણરૂપે બ્રહ્મથી પરે કૈવલધામમાં બિરાજમાન પરમપિતા કૈવલ છે. તેમના કાર્ય સ્વરૂપે બ્રહ્મમાં વિકાસ પામેલા બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિ છે. એવા પુરાણા આદિ પુરુષ કૈવલકર્તા પરમપદના સ્વામી છે, જે પદ કદી ચલાયમાન થતું નથી તેવું સ્થિર અને અચળ છે. તેમજ જેનો કદી નાશ થતો નથી તેવું અવિનાશી અને અખંડ છે.

**જબતે સકલ હોહુ મમ વચના, પ્રતિત પ્રેમ અનુરાગી;**
**સંસ્કૃત ઓરુ શ્રૃતિ સમરતી, ક્તાહીન લખ ત્યાગી. ૩૧**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, તેટલા માટે **સકલ** = બધાં જ **હોહુ** = કહેલાં, દર્શાવેલાં **મમ વચના** = મારા વચનો **પ્રતિત** = વિશ્વાસ **પ્રેમ** = અનુરાગ, સ્નેહ, હેત, વહાલ **અનુરાગી** = અનુરક્ત, પ્રેમાસક્ત, પ્રેમઘેલા બની **સંસ્કૃત** = મઠારાયેલી ગીર્વાણ ભાષા, દેવવાણી, આર્યોની મૂળ ભાષા, બ્રાહ્મણો દ્વારા વંચાય તેવી ભાષા **ઓરુ** = અને **શ્રૃતિ** = વેદ, આર્ય પ્રજાનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક જે બ્રહ્માજી દ્વારા રચાયેલ છે **સમરતી** = સ્મૃતિ, પરંપરાથી યાદદાસ્ત ઉપરથી ઋષિઓએ બનાવેલ ધર્મશાસ્ત્ર **ક્તાહીન** = કર્તાના લક્ષ સિવાયનાં **લખ** = લખેલા **ત્યાગી** = ત્યાગવા યોગ્ય, તજીને.

### અનુવાદ

**જેથી મારાં વચનો પ્રત્યે તમે સર્વ પ્રેમપૂર્વક અનુરાગી બની વિશ્વાસ રાખો અને સંસ્કૃત ભાષાવાળાં શ્રુતિ અને સ્મૃતિનાં વચનો કર્તાના લક્ષ સિવાયના હોવાથી તેનો ત્યાગ કરો.**

### ભાવાર્થ

મનુષ્યનો સહજ સ્વભાવ છે કે તેને જે પ્રિય લાગે તેના પ્રત્યે પ્રેમ રાખીને અનુરાગી બની તેમાં વિશ્વાસ રાખે છે અને જે અપ્રિય લાગે તેના પ્રત્યે ઉપેક્ષા સેવે છે. એટલે કે, મનુષ્યે શું ત્યાગવું અને શું ગ્રહણ કરવું તે તેના પોતાના ઉદ્દેશ ઉપર આધારિત છે.

જેને માત્ર સર્જનહારની બનાવેલી નાશવંત રચનાની વિભૂતિના સ્વાદમાં પ્રીતિ છે તેમજ ભક્તિ પ્રાધાન્ય જિંદગી જીવીને ચાર પ્રકારની મુક્તિ મેળવવામાં કે અપ્રાપ્ય એવાં દૈવી ધામોનાં સુખોની અભિલાષા છે, તેઓએ જરૂર વેદ, શાસ્ત્રો, સ્મૃતિ, પુરાણ, ભાગવત, મહાભારત, રામાયણ અને ગીતા જેવા ધર્મ પુસ્તકોની વેદ આધારિત વાણીમાં વિશ્વાસ કેળવીને ચોક્કસપણે તેમાં દર્શાવેલા નીતિનિયમ મુજબ જિંદગી જીવવા અનુરોધ રાખવો જોઈએ. કારણ કે ધર્માચાર્યો, ઋષિ, વિદ્વાન પુરુષોએ પોતાની અંગત સૂઝ અને સમજ મુજબ પ્રત્યક્ષ અનુભવોનું તારણ કાઢીને, તેમજ પરંપરાગત યાદદાસ્ત ઉપરથી લખાયેલાં છે. જે ચાર પ્રકારની મુક્તિ દર્શાવતા

હોઈ પૂર્ણ તો કહેવાય નહીં. એવા ધર્મગ્રંથો વિશ્વના સર્જનહારના લક્ષ પ્રત્યે અપૂરતા છે, તેમ જરૂર કહી શકાય.

વિશ્વમાં મહામોંઘો મનુષ્યદેહ પ્રાપ્ત થયો હોવા છતાં પણ જો માનવીને પોતાના આત્મકલ્યાણની ઈચ્છા ન થાય તો તેનાથી બીજો અધર્મ કોઈ નથી. જેનો ઉદ્દેશ માત્ર પોતાના સ્વ-ચૈતનસ્વરૂપે થઈને પંચમી અખંડ કૈવલ મુક્તિ મેળવવી પરમપિતાને પ્રાપ્ત કરવાનો ઈરાદો હોય છે, તેવા મુમુક્ષુઓએ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનાં વચનોમાં પ્રેમપૂર્વક અનુરાગી બની દઢ વિશ્વાસ રાખવો જોઈએ. ત્યાર બાદ તેમના જણાવ્યા મુજબની રહેણીકરણી પાળીને જિંદગી જીવવા સિવાય તેમના માટે બીજો કોઈ વિકલ્પ નથી.

એટલે કે, જે વચનોમાં સર્જનહાર પક્ષે સમજ ન હોય અને અંશ-અંશીનું જ્ઞાન દર્શાવવામાં ન આવ્યું હોય તેવાં વચનોનો ત્યાગ કરવો જોઈએ. માત્ર જે વચનો જન્મમરણના ભવદુઃખમાંથી છોડાવી અંશને અંશી સાથે મેળાપ કરાવનારાં હોય તેમાં રુચિ પેદા કરવી જોઈએ. તેથી સમર્થ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના વચનોમાં વિશ્વાસ રાખીને પ્રેમપૂર્વક અનીન ભાવે ભક્તિ કરવી જોઈએ.

### વેદ

**બ્રહ્માજી દ્વારા રચાયેલા ચાર ધર્મગ્રંથો-**

**૧. ઋગ્વેદ :** તેની નવ શાખાઓ - શાકલ, બાષ્કલ, આશ્વલાયન, શાંખાયન, માંડક, ઐતરેય, કૌષીતકી, શૈશરી અને પૈગી.

**૨. યજુર્વેદ :** બે શાખા છે

**(અ) શુક્લ યજુર્વેદ :** તેની શાખા સોળ છે - કાણ્વ, માધ્યંદિન, જાબાલ, બુધેય, શાપેય, સ્થાપાયનીય, કપોલ, પૌડ્ર, વત્સ, આવટિક, પરમાવટિક, પારાશરિય, વૈણેય, વૈધેય, વૈનતેય અને વૈજવ.

**(બ) કૃષ્ણ યજુર્વેદ :** તેની શાખા ૨૯ છે - ચરક, આવહરક, કઠ, પ્રાચ્યકઠ, કપિલષ્ટક, ચારાયણીય, વારતંતવીય, શ્વેતાશ્વતર, ઔપમન્યવ, પાતા, ઐડિનેય, માનવ, વારાહ, દંદુભ, છાગલેય, દારિદ્રવીય, શ્યામ, શ્યામાયણીય, તૈત્તિરીય, ઐખીય, ખાંડિક્ય, કાલેય, શાય્યાયનીય, હિરણ્યકેશીય, ભારધ્વાજીય, આપસ્તં બીય, ઔઢેય,

મોનેય અને મૈત્રાણીય.

૩. **સામવેદ :** તેની સાત શાખાઓ છે - રાણાયનીય, સાત્યમૃગ્ય, કાલાપ, મહાકાલાપ, લાંગલિક, શાર્દૂલીય, અને કૌથુમ. કૌથુમ શાખાના છ ભેદ છે - આસુરાયણ, વાતાયણ, પ્રાંજલીય, વૈનધૃત, પરાચીન યોગ્ય અને નેગેય.

૪. **અથર્વવેદ :** તેની નવ શાખાઓ છે - પિપ્પલાદ, શૌનકીય, દામોદ, તોત્તાયન, જાયલ, બ્રહ્મપાલાશ, કુનખ,દેવદર્શી અને ચારણ.

- છંદ વેદના પગ છે, કલ્પ વેદના હાથ છે,જ્યોતિષ વેદના ચક્ષુ છે, નિરૂક્ત વેદના કાન છે, શિક્ષા વેદનું નાક છે અને વ્યાકરણ વેદનું મુખ છે.

-ઋગ્વેદનું ગોત્ર અગ્નિ છે.

-યજુર્વેદનું ગોત્ર કશ્યપ છે.

-સામવેદનું ગોત્ર ભારદ્વાજ છે.

-અથર્વવેદનું ગોત્ર વેખાનસ છે.

**સ્મૃતિ**

આચાર, નીતિ, રીત-રિવાજ, ક્રિયા, ધર્મશાસ્ત્ર, રાજનીતિ વગેરેના ચાલતા આવેલા નિયમો અને પરંપરાઓની યાદદાસ્ત ઉપરથી ઋષિમુનિઓએ અને પ્રાચીન શાસ્ત્રકારોએ લખેલા ગ્રંથો જેમાં વેદ કરતાં સ્મૃતિનું અને સ્મૃતિ કરતાં પુરાણોનું પ્રમાણ ઊતરતું ગણાય છે.

પૃથ્વીચંદ્ર ચારિત્રમાં લખ્યા પ્રમાણે ૧૮ સ્મૃતિ છે - માનવી, આત્રેયી, મનુ, હારિતકી, યાજ્ઞવલ્કી, શનૈશ્વરી, અંગિરા, આપસ્તંબી, સાવર્તકી, કાત્યાયની, બૃહસ્પતિ, પારાશરી, શંખી, લિખિતા, દાક્ષી, ગૌતમી, સાતાતપી, વસિષ્ઠિ.

ઋષિમુનિઓ ૨૦ સ્મૃતિ માને છે - મનુ, બૃહસ્પતિ, દક્ષ, ગૌતમ, યમ, અંગિરા, અત્રિ, વિષ્ણુ, યાજ્ઞવલ્ક્ય, ઉશનસ, આપસ્તંબ, વ્યાસ, શંખ, લિખિત, વસિષ્ઠ, યોગીશ્વર, પ્રચેતા, શાતાત્તપ, પારાશર અને હારિત.

**સંસ્કૃત ઓરુ શ્રુતિ સમરતિ, હમસે અધિક ન જાનું;**
**ટેઢી તરક બોલનકી બાબજ, મત ભૂલો નિજ ભાનું. ૩૨**

### શબ્દાર્થ

**સંસ્કૃત** = દેવોની વાણી, આર્યોની પુરાણી ભાષા **ઓરુ** = અને **શ્રુતિ** = વેદ **સમરતિ** = સ્મૃતિ **હમસે** = મારાથી **અધિક** = વિશેષ, મહાન **ન** = નહીં **જાનું** = જાણવી, જાણશો **ટેઢી** = વાંકીચૂકી, આંટીઘૂંટીવાળી **તરક** = તર્કવાદથી ભરપૂર, કલ્પના અને અનુમાનથી ભરપૂર **બોલનકી** = બોલવાની જણાવવાની, દર્શાવવાની **બાબજ** = બાબત **મત ભુલો** = ભૂલશો નહીં **નિજ** = આદિ, મૂળ, પુરાણા **ભાનું** = આત્માસ્વરૂપનું, પરમપદ અંગેનું જ્ઞાન, પ્રકાશક.

### અનુવાદ

**સંસ્કૃત ભાષાના વેદ અને સ્મૃતિનાં વચનો મારાં વચનોથી અધિક જાણશો નહીં. કારણ કે, તેમાં બોલવાની રીત અટપટી અને તર્કવાળી છે, પરંતુ પુરાણા પરમપદનું જ્ઞાન નથી, તે વાત ભૂલશો નહીં.**

### ભાવાર્થ

સંસ્કૃત ભાષા મઠારાયેલી ગિર્વાણ ભાષા છે, જેમાં વ્યાકરણયુક્ત શબ્દોનાં જોડાણના કારણે બોલવામાં ખૂબ જ અટપટી છે. વળી, સરળ રીતે બોલવા અને સમજવામાં સામાન્ય માનવીને માટે ખૂબ જ મુશ્કેલ છે. તેથી તેને દેવ વાણી પણ કહેવામાં આવે છે. પહેલાના સમયમાં આ વાણી ઉપર બ્રાહ્મણોનો ઠેકો હતો. તેમના સિવાય આ ભાષામાં લખાયેલા વેદ કે સ્મૃતિઓનું વાંચન અને ઉચ્ચારણ અન્ય કોઈ ન કરી શકે તેવી માન્યતા હતી. આ રીતે સંસ્કૃત ભાષામાં લખાયેલા ચાર વેદ અને કહેવાતા વીસ સ્મૃતિ ગ્રંથોમાં સર્જનહાર દ્વારા રચાયેલી સર્વ રચના અંગેનું ખૂબ જ વિગતવાર વિશ્લેષણ કરીને જે માહિતી સમાજને પૂરી પાડવામાં આવેલી છે તે માહિતી માનવીને તેના રોજબરોજના ઉપયોગમાં ઘણી મદદરૂપ થાય છે, પરંતુ તેમાં સર્જનહારના અસ્તિત્વ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલી નથી. તેમજ અંશ-અંશીની સમજ અને આદિ પરમપદ અંગેના જ્ઞાનનો અભાવ જોવા મળે છે. માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનાં વચનોની તુલનામાં સંસ્કૃતભાષામાં લખાયેલાં વચનો આવી શકે તેમ નથી. જ્ઞાનપક્ષે જોતાં પરમ વિશેષ અંશ દિવ્ય પરમગુરુની વાણીની અધિકતા આગળ દેવોની વાણી કર્તાના જ્ઞાન પક્ષે ઊતરતી છે.

**નિજ ભાનુ સોઈ ન્યાવ સહિતકે, આપનુ આપ અનુભવહી;**
**તેસેહી કતા ન્યાવકે નરણિત, મિલે સજાતહી તબહી. ૩૩**

### શબ્દાર્થ

**નિજ ભાનુ** = પોતાના સ્વરૂપનું જ્ઞાન **સોઈ** = તે **ન્યાવ સહિતકે** = ન્યાય સહિતનું, ન્યાયપૂર્ણ, પક્ષાપક્ષ રહિતનું **આપનું આપ** = પોતાનું નિજ ચૈતન સ્વરૂપના **અનુભવહી** = પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા નિર્ણય કરેલું **તેસેહી** = તેવા, તે રીતે **કતા** = સર્જનહારને **ન્યાવકે** = ન્યાયથી **નરણિત** = નિર્ણય કરીને **મિલે** = મળે, ભળે **સજાતહી** = સજાતિ અંશ, અંશીને **તબહી** = ત્યારે, તેમાટે, તેથી.

### અનુવાદ

**સજાતિ, પોતાના સજાતિને મળે તેટલા માટે નિજ અનુભવથી આપનપુ ચૈતન સ્વરૂપ અંગેનું અને સર્જનહાર અંગેનું જ્ઞાન ન્યાય સહિત દર્શાવ્યું છે.**

### ભાવાર્થ

આ વિશ્વમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે તેમના પોતાના પ્રત્યક્ષ પ્રમાણથી નક્કી કરીને ન્યાયના આધારે કૈવલજ્ઞાન દર્શાવ્યું છે. તેની પાછળ તેમનો આશય એ છે કે — સર્જનહારના સજાતિના સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો જે આ બ્રહ્માંડમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં ઘણા કલ્પોથી જન્મમરણના ભવદુઃખમાં ભટક્યા કરે છે. જેથી તેઓ જ્ઞાન દ્વારા પોતાના સ્વ-ચૈતનસ્વરૂપ પર લાગેલાં આવરણોને દૂર કરી શુદ્ધ સ્વરૂપે થાય. આ રીતે હંસરૂપ બનેલા અંશો જેના વંશના છે એવા સજાતિ પિતા-સર્જનહાર-કૈવલકર્તાને કૈવલધામમાં જઈને મળી શકે. આમ અંશની જાગ્રતતા અને શુદ્ધ સ્વ-સ્વરૂપની પહેચાન થકી જ અંશીની પહેચાન શક્ય બને છે.

**વિનહુ સજાત સિદ્ધાન્ત સકલ જેહી, સો ન પિતુ અપનેહી;**
**બિનુ પિતુકે પરભાવિક જેહી પદ, કુન કજ કિયે સનેહી. ૩૪**

### શબ્દાર્થ

**વિનહુ** = વગર, સિવાયના **સજાત** = સજાતિ **સિદ્ધાન્ત** = મત, નિર્ણય, સિદ્ધાંત, પંથ સંપ્રદાય

સકલ **જેહી** = જેટલા છે તેટલા બધા જ **સો** = તે **ન** =નહીં **પિતું** = પિતા, માલિક **અપનેહી** = આપણા **બિનું પિતુકે** = પિતા વગર **પરભાવિક** = પ્રભાવવાળાં, પરભાર્યા **જેહીપદ** = જે જે પદો છે તે **કુન કજ** = કયા કારણોસર, શા માટે **કિયે** = કરવામાં આવે, રાખવો રહ્યો **સનેહી** = સ્નેહ, પ્રેમ, લગાવ, પ્રીતિ, સંબંધ, નાતો.

## અનુવાદ

**અંશીની સજાતિ સિવાયના જે સિદ્ધાંત છે તે બધા જ આપણા પિતા નથી. પિતા વગરના પ્રભાવશાળી જે પદો છે તેમની સાથે આપણે શા માટે નાતો રાખવો જોઈએ?**

## ભાવાર્થ

ધર્મક્ષેત્રે અનેક મતપંથો ઊભા થયેલાં છે. જે જે પંથોના આદ્ય સ્થાપકો દ્વારા પોતાની અંગત સૂઝ મુજબના કોઈ ને કોઈ ઈષ્ટદેવો કે અવતારાદિક પુરુષો અને જેનામાં થોડીપણ સિદ્ધિ કે ચમત્કાર જણાયા તેવા પ્રભાવશાળી માનવીને પોતાના ઈષ્ટદેવ તરીકે સ્થાપન કર્યું છે. એવા કહેવાતા ઈષ્ટો સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરાયેલી સૃષ્ટિની રચનાના એક ભાગ રૂપે જ છે. તે ક્યાં તો સામાન્ય અંશો હોય કે પછી વિશેષ અને પરમવિશેષ અંશો હોય, પરંતુ છે તો સર્જનહારના ઉત્પન્ન કરેલા. ભલે પછી તેમને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ કે મહાકારણ દેહ ધારણ કરેલો હોય. આમ ચૈતનની દૃષ્ટિએ નિહાળતા આપણે સર્વ આત્મ બંધુત્વનો નાતો ધરાવનારા છીએ. આપણે સર્વ અંશો જેના વંશના છીએ એવા સર્જનહાર અંશી બધાના પિતા છે. એટલે કે, આપણે બધા જ અંશ સ્વરૂપે જોતાં એક જ સર્જનહારનાં સંતાનો છીએ. તેથી વિવિધતા ધરાવતા સર્વ સિદ્ધાંતોના કહેવાતા ઈષ્ટો સહિત આપણે બધા એક જ પિતાના સંતાનો હોવાથી તેમના પ્રત્યે વડીલ તરીકે સ્નેહ ધારણ કરીને સંબંધ રાખવામાં કોઈ વાંધો નથી, પરંતુ તેમને શરણે જઈને સમર્પિત થવા પાછળ કલ્યાણનો ઉદ્દેશ સફળ થતો નથી. તેથી એવાં પ્રભાવશાળી પદો સાથે પિતા તરીકેનો નાતો આપણે રાખવો જોઈએ નહીં.

**આદ્ય અંત મધ્ય જન્મ મરણકી, તેહી ન સહાય કરનકે;**
**તો તીનકે ઉપાસનકે જન, કોહો ક્યૌ કરી તરનકે. ૩૫**

### શબ્દાર્થ

**આદ્ય** = પ્રારંભનો કાળ **અંત** = છેવટનો કાળ **મધ્ય** = પ્રસારાનો કાળ **જન્મ મરણકી** = જન્મવાનું અને મરણ પામવાનું **તેહી** = તે અંગે, તેના માટે **ન** = નહીં, નથી **સહાય** = મદદ, સહાયતા **કરનકે** = કરવાવાળાં, કરવા માટે **તો** = માટે, તો, તેથી **તીનકે** = તેમની **ઉપાસનકે** = ઉપાસના કરવાવાળા, ભક્તિ કરનારા **જન** = માનવો, મુમુક્ષુઓ **કોહો** = કહો, જણાવો **ક્યૌકરી** = કેવી રીતે, કેમ કરીને **તરનકે** = તરવાના, ભવપાર થવાના.

## અનુવાદ

**આદ્ય અંત અને મધ્યમાં જન્મમરણ અંગે તે સહાય કરવાવાળા નથી તો પછી તેમની ઉપાસના કરવાવાળા મુમુક્ષો કેમ કરીને ભવપાર થવાના ?**

## ભાવાર્થ

સર્જનહારે જે જે ઉત્પત્તિ કરી છે તે સર્વનો મહાપ્રલયકાળે તો નાશ થવાનો જ છે. વળી, દરેક દેહનું આરબલ અલગ-અલગ છે. સ્થૂળદેહમાં પણ જેમ કીડીનું ૧૦૦ પેઢી થાય તોપણ હાથીની એક પેઢી પૂરી થતી હોતી નથી. વળી, સ્થૂળ કરતાં સૂક્ષ્મ દેહનો અવધિકાળ લાંબો છે. સૂક્ષ્મ કરતાં કારણનો અને કારણ કરતાં મહાકારણ તથા તેનાથી વિશેષ પરમકારણદેહના જીવનકાળ લાંબો હોય છે, પરંતુ આદ્ય, મધ્ય અને અંત એમ ત્રણેય કાળમાં જન્મ અને મરણનો ક્રમ અવિરતપણે ચાલ્યા જ કરે છે. એટલે કે, કીડીથી માંડીને કુંજર સુધી સૂર્ય, ચંદ્ર, તારા સહિતનાં દૈવી સ્વરૂપો અને તેમનાં ધામોનો પણ નાશ થતો હોય છે. જે પોતે નાશવંત છે તે બીજાના જન્મમરણનું ભવદુઃખ કેવી રીતે દૂર કરવાના? માટે જે મુમુક્ષુઓ એવાં નાશવંત પદોની ઉપાસના કરે છે જેમાં તે પોતે ભવસાગરના જન્મમરણરૂપી ભવદુઃખમાંથી પાર નથી ઊતરવાના કે ઈષ્ટ માનેલાં પદો પણ તે અંગે સહાય કરી શકવાનાં નથી કે કરી શકે તેમ નથી.

**બિનું તરનનકે લક્ષ રખનમે, કુન નફા નરલોઈ;**
**જબતે નિજ કર્તા કરુણામયે, આવ લખાવહુ મોઈ. ૩૬**

### શબ્દાર્થ

**બિનું** = વગર, સિવાય **તરનનકે** = તરવા અંગે, ભવદુઃખ દૂર કરવા માટેનો **લક્ષ** = ઉદ્દેશ,

નિશાન **રખનમે** = રાખવામાં, ગ્રહણ કરવામાં **કુન** = કોણે, શું **નફા** = ફાયદો, લાભ **નર** = માનવ **લોઈ** = મેળવવાના, લેવાના **જબતે** = તેથી, તે માટે **નિજકર્તા** = મૂળ સર્જનહાર, આદિ પરમપિતા **કરુણામયે** = દયાળું, કરુણેશ, કૃપાવંત **આવ** = આવોતો **લખાવહુ** = દર્શાવું, જણાવું, દેખાડું, મેળાપ, કરાવી આપું **મોઈ** = હું, મારી પાસે.

## અનુવાદ

**ભવસાગર તરવા માટેના ઉદ્દેશ સિવાયના પાસેથી માનવો શું નફો મેળવવાનાર? તેથી મારી પાસે આવો, જેથી આદિ દયાળુ પરમપિતાનો (હું મેળાપ કરાવી આપું) લક્ષ જણાવીશ.**

## ભાવાર્થ

પાણીમાં કોઈ માણસ ડૂબતો હોય તેના પોકારથી તેને બચાવવા માટે જેને તરતાં જ આવડતું નથી તે બચાવી શકે નહીં, પરંતુ જો કોઈ તરવૈયો હોય તો તે જરૂર ડૂબતાને બચાવી શકે છે. આવી સામાન્ય બુદ્ધિયુક્ત વાત ધર્મમાર્ગમાં પણ જોવા મળતી નથી. જેને પોતાને પોતાના સ્વ-સ્વરૂપનું ભાન નથી અને જગતના પરમપિતાના પદ અંગેની પણ સમજ નથી, તેવા મતપંથોના ઈષ્ટ મનાતાં પદો પાસે માનવી પોતાનું તન-મન-ધન સમર્પણ કરીને પોકાર કરે તો પણ કલ્યાણનો ઉદ્દેશ સફળ કરી શકવાના નથી.

વિશ્વમાં એકમાત્ર પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સમર્થ છે કે જેમના શરણે જવાથી તેઓ હંસ સ્વરૂપે કરીને સમગ્ર બ્રહ્માંડના રચનાર પરમ દયાળુ પરમ પિતાની સાથે મેળાપ કરાવી આપશે — કરાવી શકે તેમ છે.

**પણ આવનકી જેહી ગમ ગતિયાં, દેવ સહિત દુર્લભહી;**
**તો તુમેરી મત મોઈ મિલનકુ, મુશકલ નહીં સુલભહી. ૩૭**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **આવનકી** = અહીં આવવાની, અહીં આવવા પાછળની **જેહી** = જે **ગમ** = સમજ, જ્ઞાન **ગતિયાં** = ગતિ **દેવસહિત** = દેવો સહિત, દેવોને પણ **દુર્લભહી** = દુર્લભ છે **તો** = તો **તુમેરી** = તમારી **મત** = ઈચ્છા, ભાવના ઈરાદો, નિર્ણય **મોઈ** = મને **મિલનકુ** = મળવાનો **મુશકલ નહીં** = મુશ્કેલ નથી, કઠિન નથી **સુલભહી** = સરળ છે, સહેલો છે.

## અનુવાદ

**મારી પાસે આવી જ્ઞાન ગતિ મેળવવી દેવોને પણ દુર્લભ છે. જો તમારી ઈચ્છા મને મળવાની હોય તો મુશ્કેલ નથી, પરંતુ સહેલું છે.**

## ભાવાર્થ

પરમ વિશેષ પાટવી અંશ કર્તાના સાંનિધ્યમાં રહે છે. તેઓ કલ્પમાં એક વખત વિશ્વમાં સર્જનહારનો સંદેશો પાઠવવા માટે નવબુદ્ધિ, સોળ વિભૂતિ અને દરેક કરુણાઓના સમૂહવાળા દિવ્યદેહ સહિત આ વિશ્વમાં કર્તાના હુકમથી આવે છે. માટે અંશ-અંશીનું જ્ઞાન આપવા માટે માત્ર પરમગુરુ સમર્થ છે. આવી સામર્થ્યતા, કર્તા દ્વારા અન્ય દેવોને સુપરત કરવામાં આવી નથી. મનુષ્યદેહે જ મુક્તિ મેળવી શકાય, માટે જ કહેવાય કે આવા સમર્થ પુરુષને મળવાની ગતિ દેવોને પણ દુર્લભ છે.

વળી, આપણી સમક્ષ કૈવલવેત્તા પુરુષ શ્રીમત્ કરુણાસાગર નામ ધારણ કરી જંબુદ્વિપમાં પ્રત્યક્ષ સ્વરૂપે પ્રગટ થયેલા છે. જેથી તેમને મળવાનો માર્ગ આપણા માટે ખૂબ જ સરળ બનેલો છે. જો મનમાં કર્તાને મળવાનો વ્રેહ જાગ્યો હોય તો, તેવા મુમુક્ષુ માટે પરમગુરુનું શરણું પ્રાપ્ત કરવાનું મુશ્કેલ નથી. કારણ કે, તેઓએ પોતાની ધર્મધુરાની મુખ્ય ગાદી સારસા ગામે સ્થાપીને તેઓ ત્યાં જ નિવાસ કરે છે અને સકર્તા સિદ્ધાંત દર્શાવતા કૈવલજ્ઞાનનો કાયમપંથી અનુયાયીઓને કથા-વાર્તા દ્વારા રોજ લાભ આપે છે. તેમજ પ્રતિવાદીઓને પણ ન્યાયપૂર્વક સમજ આપીને તેમની શંકાનું સમાધાન કરે છે.

(નોંધ : આ અંગનું લખાણ શ્રીમત્ કરુણાસાગર જ્યારે પ્રગટ સ્વરૂપે ગુરુગાદી સારસાપુરીમાં સંવત૧૮૨૯ થી ૧૯૩૪ દરમિયાન હતા તેથી તે સમયગાળાને ધ્યાનમાં રાખીને સમજવું.)

**પણ જો કદપિ આઈ મીલો મુજ, કરી સમરપણ મનહી;**
**તો પરસાવું પરમ પુરુષકુ, જો હોય સંત સજનહી. ૩૮**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **જો** = જો **કદપિ** = કદાચ, રખેને, ક્યારેક, પૂર્વજન્મના પ્રતાપે, કદાપિ, હરગીજ કોઈ

પણ રીતે **આઈ મીલો** = આવીને મળો **મુજ** = મને **કરી** = કરીને **સમરપણ** = અર્પણ કરીને, સોંપીને, ન્યોચ્છાવર કરવું, ધરવું **મનહી** = મન અંતઃકરણને **તો** = તો **પરસાવું** = મેળાપ કરાવું, સ્પર્શ કરાવું ભેટો કરાવું **પરમ પુરુ ષકુ** = પરમ પુરુષનો, મહાન પરમપિતાનો **જો** = જો **હોય** = હોય **સંત** = ત્યાગી પુરુષ, સંન્યાસી, ભેખધારી **સજનહી** = સજ્જન નર-નારી.

## અનુવાદ

**પરંતુ જો કદાચ મનથી સમર્પણ કરીને આવીને મને મળો તો તે સંત હોય કે સજ્જન, તોપણ તમને પરમપુરુષનો ભેટો કરાવીશ.**

## ભાવાર્થ

વિશ્વમાં ભક્તિ બધાને પ્રિય લાગતી નથી. જેના માથે કાળનો ભય ભમતો હોય તે ભક્તિથી દૂર ભાગીને ભોગવિલાસવાળી જિંદગી જીવવાનું પસંદ કરે છે, પરંતુ જો કોઈ કારણોવશાત્ પૂર્વ જન્મનાં સંચિત કર્મોનો ઉદય થાય અને જોગાનુજોગ સમર્થ એવા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનું શરણુ મળે તે મહત્ત્વનું છે. પોતાનું તન-મન અને ધન એમ સર્વસ્વ અર્પણ કરીને દાસાતન ભાવે સમર્પિત થવાનો લહાવો મળે તો દુર્લભ છે. આવી સમર્પણવાળી અને દાસત્વ ભાવવાળી વ્યક્તિ ભલે પછી તે સંસારનો ત્યાગ કરીને સંત દશા ભોગવતો હોય કે ગૃહસ્થ, મુમુક્ષુ ભક્ત, સજ્જન નર કે નારી હોય તેમને દિવ્ય પરમગુરુ કૈવલજ્ઞાન દર્શાવીને અંશ પહેલા જેવો હતો તેવો જ શુદ્ધ નિર્મળ હંસસ્વરૂપે કરી દે છે. અંશને આ જન્મે જ કૈવલધામમાં બિરાજેલા સકર્તા પતિ સર્જનહાર સાથે મેળાપ કરાવી આપે છે.

**સંત સજન મે રખુ ન અંતર, જીનું હમસે રત હોઈ;**
**ઉભયેકુ અવિગત કર્તાકી, ગતિ જનાવહુ સોઈ. ૩૯**

### શબ્દાર્થ

**સંત** = સંસારનો ત્યાગ કરીને વૈરાગી જીવન જીવનાર વ્યક્તિ **સજ્જન** = સંસારમાં રહીને ધાર્મિક ક્રિયાઓ કરીને મોક્ષના(મુમુક્ષુ) ભાવથી જિંદગી જીવનાર સ્ત્રી કે પુરુષ, સજ્જન, સંસારી **મે** = માં **રખુન અંતર** = જુદાપણુ રાખું નહીં, ભેદભાવ વગર **જીનું** = જેમનામાં, જેઓના હૃદયમાં **હમસે** = મારા પ્રત્યે **રત** = પ્રેમ, પ્રીતિ, લગાવ **હોઈ** = હોય **ઉભયેકું** = આવા બંનેને **અવિગત** = જેની વિગત નથી તેવા, અજાણ્યા, અવર્ણનીય, જેનું વર્ણન કરવામાં આવ્યું નથી અને બાવન શબ્દોથી વર્ણન અધૂરું રહે તેવા

**કર્તાકી** = સર્જનહારની, પરમ પિતાની **ગતિ** = સમજ, જ્ઞાન, માહિતી **જનાવહું** = જણાવું, દર્શાવું **સોઇ** = તે, તેવા.

## અનુવાદ

**જેને મારા પ્રત્યે પ્રેમ હશે તેવા સંત હશે કે ભક્તજન, છતાં તેમના પ્રત્યે ભેદભાવ રાખીશ નહીં. તે બંનેને હું અવિગત કર્તાની ગતિ જણાવીશ.**

## ભાવાર્થ

સંસારમાં પ્રેમ સિવાયની જિંદગી શુષ્ક છે. પ્રેમ માણસને પાગલ બનાવી દે છે. તેવી પાગલ બનેલી વ્યક્તિ દિવાનો બનીને સંસારમાં કોઈની પણ પરવા કર્યા સિવાય તેના લક્ષને પ્રાપ્ત કરવા ઘેલો બને છે, આતુર બને છે.

આ જ રીતે કોઈ મુમુક્ષુ ભલે પછી તે ત્યાગી સંત હોય કે ગૃહસ્થી, સ્ત્રી કે પુરુષ હોય, પરંતુ શુદ્ધ અને સાત્ત્વિક પ્રેમથી સમર્થ પરમગુરુના શરણમાં સમર્પિત થયેલા હોય તેવા સર્વ જનો, પરમગુરુ માટે સમાન છે. તેવા સંત અને સજ્જનો એમ બંને પ્રત્યે કોઈ ભેદભાવ રાખ્યા સિવાય માત્ર ચૈતન અંશ દૃષ્ટિએ નિહાળીને કૈવલજ્ઞાનનો ઉપદેશ આપે છે. પરમગુરુ પોતાની દિવ્યદૃષ્ટિથી આરતવંત તથા શુદ્ધ પ્રેમ અને નેમ ધારણ કરીને સમર્પણ થયેલો જોઈને તેવી વ્યક્તિને અજર, અમર, અવિનાશી અને અવિગત કર્તાની ગતિ બક્ષિશ કરે છે.

**ઓરુ આપન જેહી અંશ તેહુનકે, એહી તનમે તન જેહી;**
**તીનકી પણ નરણે વરણીતમે, રખુ નહીં સંદેહી. ૪૦**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **આપન** = આપણે **જેહી** = તેમના **અંશ** = સજાણજાણ સ્વરૂપના, કર્તાની સજાતિ અંશ **તેહુનકે** = તેમના, સર્જનહારના **એહી** = આ **તનમેં** = શરીરમાં, ઘાટમાં, દેહમાં **તન જેહી** = ઘાટ મુજબના, દેહ મુજબના **તીનકી** = તેમની, તેની **પણ** = પણ, પરંતુ **નરણે** = નિર્ણય કરીને **વરણીતમે** = વર્ણન કરીને **રખુ નહીં** = રાખીશ નહીં **સંદેહી** = સંદેહ, શંકા.

## અનુવાદ

**વળી આપણે તેમના જ અંશો છીએ જે દેહમાં દેહ મુજબ અંશ વસેલા છે. તેનો**

**પણ હું નિર્ણય કરીને વર્ણન કરીશ જેથી શંકા રહેવા પામે નહીં.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં જેટલાં શરીર છે તે બધાંમાં એક જ સર્જનહારના અંશો વસેલા છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં દેહની સામર્થતા મુજબ તે મુજબના અંશ વસેલા છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનો દિવ્યદેહ પણ પરમવિશેષ પાટવી અંશથી સુશોભિત છે. સર્જનહારે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કરેલાં છે. તેમ જ દરેક ઈંડોમાં રહેલાં મૂળ પુરુષો પણ પરમવિશેષ અંશ છે. જ્યારે તેત્રીસ કરોડ દેવ અને નવ કરોડ દેવીઓ વિશેષ અંશો કહેવાય છે અને બાકીના અન્ય ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટમાં રહેલા સામાન્ય અંશ છે.

આ ગ્રંથમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે પાંચેય પ્રકારના દેહમાં રહેલા ત્રણેય પ્રકારના અંશો જેના વંશનાં છે તેવા સર્જનહાર અંગે નિર્ણય કરીને તેમના પરમપદ અંગે જ્ઞાન દર્શાવ્યું છે. જેથી સર્જનહારના પરમપદ અંગે કે વિશેષ અને પરમ વિશેષ અંશોના સામર્થ્ય વિશે કોઈને શંકા રહેવા પામે નહીં.

**તો તુમહી ફેરી ઓર પક્ષમે, મુદે કવન મુરજાઈ;**
**જીનમે ખોજ ન નિજ ખાવનકી, તીનમે ક્યૌ વિલમાઈ. ૪૧**

### શબ્દાર્થ

**તો** = તો **તુમહી** = તમો **ફેરી** = પછી, વળી પાછા **ઓર** = બીજા **પક્ષમે** = મતપંથોમાં, માન્યતાઓમાં **મુદે** = મુદ્દા વગર, વિશેષ કરીને, નાહક, ફોગટ, અમસ્થા **કવન** = કેમ ? શા માટે ? કયા કારણોસર ? **મુરજાઈ** = નિરાશ થયા, ગભરાવવું, ઝૂરવું, દુઃખી થવું **જીનમે** = જેમાં **ખોજ** = શોધ, ઓળખ **ન** = નહીં, નથી **નિજ** = મૂળ, સ્વયં **ખાવનકી** = પતિ, માલિકની **તીનમે** = તેમાં **ક્યૌ** = કેમ ? શા માટે ? **વિલમાઈ** = અટકી રહ્યા છો.

## અનુવાદ

**તો પછી તમે નાહકના બીજા પંથોમાં શા માટે મૂંઝાઈ રહ્યા છો? વળી જેમાં સ્વયં માલિકની ઓળખ નથી તેમાં શા માટે અટકી રહ્યા છો?**

## ભાવાર્થ

વિશ્વમાં પરંપરાથી ચાલી આવેલા તેમજ અર્વાચીન ઊભા થયેલા અનેક મતપંથો અને ધાર્મિક માન્યતાઓનો પ્રભાવ ધર્મજગતમાં વ્યાપક ફૂલ્યો ફાલ્યો છે. જેમાં બનાવટી ઊભા કરાયેલા ભગવાનોની લાંબી કતાર ઊભી થયેલી છે. ગાડરિયા પ્રવાહની જેમ મોટી સંખ્યામાં અંધ શ્રદ્ધાળુઓ પણ તેમાં વહ્યા કરે છે. જેમાં સર્વ અંશોના સજાતીય મહદ્ ચૈતન, અવિગત, અવિનાશી અને અજન્મા માલિક છે, તેમના અંગે કોઈ ઓળખ કે સમજ આપવામાં આવી નથી. શ્રીમત્ કરુણાસાગર દ્વારા શાશ્વત અને નાશવંતનો ભેદ બતાવી અંશ-અંશીનું જ્ઞાન દર્શાવવામાં આવ્યું છે.

છતાં વિશ્વના જીવ મૂંઝાઈ રહ્યા છે તથા બીજા મતપંથોની માયાવી જાળમાં શા માટે ફસાઈને અટકી રહ્યા હશે?

**અહો જીવ તુમ જુગન જુગનકે, ભૂલે પંથ ભરમમે;**
**છલ કતવનકે દંભ કપટમે, ક્યૌ ફસ રહે શરમમે. ૪૨**

### શબ્દાર્થ

**અહોજીવ** = હે જીવ **તુમ** = તમો **જુગન જુગનકે** = અનેક યુગોથી, યુગોના યુગો વહી ગયા હોવા છતાં **ભૂલે** = ભૂલા પડ્યા છો **પંથ** = મત, માન્યતા, ધાર્મિક પક્ષોમાં **ભરમમે** = ભ્રમણાવાળા, ભ્રમથી ભરેલાં, ભ્રમણાયુક્ત **છલ** = છળ, છેતરપિંડી કરવી **કતવનકે** = કર્તા થઈ બેઠેલાં, સર્જનહારની રચના પૈકીના, બનાવટી ભગવાનોના **દંભ** = દંભથી ભરેલાં, ઢોંગી **કપટમે** = પ્રપંચમાં **ક્યૌ** = શા માટે ? **ફસ રહે** = ફસાઈ રહ્યા છો **શરમમેં** = શરમમાં આવીને, લજ્જા, પ્રતિષ્ઠા, ઈજ્જતથી દબાઈને, ચૂપ રહીને.

## અનુવાદ

**હે જીવ ! કેટલાય યુગોથી ભ્રમણાયુક્ત પંથોમાં ભૂલા પડીને છળપૂર્વક કર્તા બનીને બેઠેલા ઢોંગીઓના પ્રપંચથી શરમમાં આવીને તમે શા માટે ફસાઈ રહ્યા છો ?**

## ભાવાર્થ

જગતના જીવ કેટલાય યુગોથી પ્રસ્થાપિત થયેલી ઉપાસનામાં અને મતપંથોમાં સગુણ દેવ-દેવીઓ અને અકર્તા બ્રહ્મની સર્વોપરીતામાં અંજાઈને ભોળાભાવે સમર્પિત થઈને ભરમાઈ ગયા છે. વળી, કળિયુગના કાળમાં તો માનવદેહે જન્મેલા અને

પોતાની સિદ્ધિઓ તથા ચમત્કારોના નશામાં અધર્મી આચરણ કરીને પોતે ભગવાન બની બેઠેલા છે, તેવા ઢોંગી ધર્માચાર્યોના પ્રપંચયુક્ત કાવાદાવામાં પોતાની મરજી ન હોવા છતાં 'ના' ન કહી શકવાના કારણે તેમજ પોતાની આબરૂ, પ્રતિષ્ઠા અને ઈજ્જત સાચવવા, શરમમાં આવીને ફસાઈ રહ્યા છે.

**શરમે શરમ ડૂબહી સબ જન, ભેડકી લાહાર કતારે;**
**સર્જનહાર વિનાકી બાબજ, તીનમે કુન ઉબારે. ૪૩**

### શબ્દાર્થ

**શરમે શરમ** = પોતે શરમમાં આવીને, બીજાને પણ શરમમાં નાંખીને **ડૂબહી** = ડૂબી રહ્યા, વિનાશના પંથે જવા માંડ્યા , શરમના માર્યા રીબાઈને પ્રવાહમાં ગરકાવ થઈને, કલંક અને નામોશી વહોરીને **સબ જન** = દરેક માનવો **ભેડકી લાહાર** = ઘેટાંના ટોળાંની જેમ **કતારે** = લાઈનમાં, એકની પાછળ એક, એમ ચાલીને, હારબંધ **સર્જનહાર** = વિશ્વને રચનાર પરમપિતા, સર્વના માલિક **વિનાકી** = વિનાની, સિવાયની **બાબજ** = બાબત, વાતો, હકીકત, તથ્ય, વિષય, મુદ્દો **તીનમે** = તેમાં **કુન** = કોણ **ઉબારે** = ભવપાર કરે, ઉગારે, બચાવ કરે, તારે.

### અનુવાદ

**બધા માનવો શરમમાં હારબંધ ઘેટાંના ટોળાંની જેમ ડૂબતા જાય છે. જેમાં સર્જનહાર સિવાયની બાબતો હોય તેમાં કોણ ઉગારે ?**

### ભાવાર્થ

વિશ્વમાં મોટે ભાગે ધર્મમાર્ગમાં લોકો શરમના માર્યા તથા દેખાદેખીથી ધર્મમાર્ગ અપનાવે છે. તેઓ ઘેટાંના ટોળાંની જેમ એકની પાછળ એક ધર્મમાં અનુસરીને વધુને વધુ ઊંડા ખૂંપાતા જાય છે. મુખ્યત્વે તેઓ ભૌતિક સંપત્તિ અને સુખાકારીને ધ્યાનમાં રાખીને ફળ મેળવવા અંગે પ્રયત્નશીલ રહે છે. પોતાના અપનાવેલા ધર્મપંથોના સિદ્ધાંતને સમજવા કે જાણવા માટે તેઓ ધર્મના આદ્ય સ્થાપકો દ્વારા બનાવેલાં ધર્મપુસ્તકો કે કથા-વાર્તાને સાંભળીને સમજ દ્વારા નાશવંત અને શાશ્વતના ભેદને સમજવા માટે પણ પ્રયત્ન કરતા નથી.

જે ધર્મપંથોમાં સર્જનહાર અંગે નહીં, પરંતુ સર્જનહારની ઉત્પન્ન કરેલી

રચનાના સંદર્ભે અને અવતારાદિક મહાપુરુષોની લીલાનું વર્ણન કરેલું છે, તેવા ધર્મપંથો પોતાના અનુયાયીઓને જન્મમરણનાં દુ:ખમાંથી મુક્તિ અપાવી શકતા નથી.

**જબતે આશ નહીં તરનેકી, અંતકાલ પસ્તાઈ;**
**જીવ ખુનકા દેવન બદલા, પરો ચોરાસી જાઈ. ૪૪**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, તેના થકી **આશ** = આશા, ઈચ્છા, કામના, વાંછના **નહીં** = નહીં **તરનેકી** = તરવાની, ભવસાગરમાંથી મુક્તિ મેળવવાની, જન્મમરણમાંથી છૂટકારો પામવાની **અંતકાલ** = અંતકાળે, છેલ્લા સમયે, મૃત્યુના સમયે **પસ્તાઈ** = પસ્તાવાનો વારો આવે, અફસોસ કરવો, પશ્ચાતાપ કરવો, પરિતાપ પામવું, દિલગીરી, ભૂલ માટે થતો અંતે ખેદ **જીવ** = આત્માના, અંશના **ખુનકા** = આત્મહત્યાના ઘાત વધ અને નાશ કરવાના, પ્રાણની હિંસા કરવાના **દેવન** = દેતાં, મેળવતા, મળતાં **બદલા** = અવેજની જગ્યાએ, સાટામાં **પરો** = પડો, જશો, પતન થવું, ગુના અને અપરાધનો દંડ ભોગવવા માટે, અધોગતિ થવી **ચોરાસી** = ચારાસી લાખ પ્રકારના ઘાટમાં **જાઈ** = જઈ, જઈને.

### અનુવાદ

**જેથી તરવાની આશા નથી અને અંતકાળે પસ્તાવાનો વારો આવશે. જીવના ખૂનના બદલામાં ચોરાસી લાખ ઘાટમાં જવું પડશે.**

### ભાવાર્થ

જે મતપંથોમાં સર્જનહાર અંગેની સમજ કે જ્ઞાન નથી તેવા મતપંથોના માનનાર અનુયાયી વર્ગને આ દેહ છોડ્યા પછી અખંડમુક્તિ મળવાની આશા કોઈ પણ સંજોગોમાં સફળ થતી નથી. એટલે કે, જન્મમરણના દુ:ખમાંથી ફારગતી મળશે તેવી તેમની ઈચ્છા ઠગારી નીવડે છે. વ્યક્તિ આખી જિંદગી પુણ્યદાન તેમજ ભક્તિ કરે અને અંતકાળે જ્યારે દેહ છોડવાનો સમય આવે છે ત્યારે પોતે ભૂલ કરી છે તેવો ખેદ થતાં ઘણો જ અફસોસ થતો હોય છે.

૮૪ લાખ પ્રકારના ઘાટના ક્રમ મુજબ કે પછી પાછલા જન્મના સત્ કર્મે મળેલાં મહામોંઘા દુર્લભ મનુષ્યદેહથી (કરવા યોગ્ય) મુક્તિ અંગેનું કાર્ય જો સિદ્ધ ન થાય

તો આત્મહત્યા કર્યાનું પાપ વહોરવું પડે. તેને માટે ફરી પાછા અધોગતિએ જઈ ચોરાસીના ચક્રાવામાં પીસાવાનો વારો આવતો હોય છે. તેમજ ૨૮ પ્રકારના નરક કુંડની યાતના ભોગવવાનો અને યમ દૂતોનો ત્રાસ સહન કરવાનું થાય છે.

**ચોરાસીનકે જનમ મરણમે, જુગન જુગન વહી જાઈ;**
**એસી કષ્ટ સહો પણ હમસે, મિલો નહી ક્યૌ આઈ. ૪૫**

### શબ્દાર્થ

**ચોરાસીનકે** = ચોરાસી લાખ ઘાટમાં **જનમ મરણમે** = જન્મવાનું અને મરવાનું **જુગન જુગન** = યુગોના યુગો **વહી જાઈ** = વહી જાય, પ્રસાર થઈ જાય, વીતી જાય **એસી** = એ પ્રમાણેના, એવા **કષ્ટ** = દુઃખો, યાતનાઓ **સહો** = સહન કરો, ભોગવો **પણ** = પરંતુ **હમસે** = મને **મિલો** = મળો **નહીં** = નહીં **ક્યૌ** = કેમ, શા માટે **આઈ** = આવીને.

### અનુવાદ

**ચોરાસીના (દેહના ) જન્મ અને મરણમાં યુગોના યુગો વીતી જશે. આ દુઃખ સહન કરો છો, પરંતુ આવીને મને કેમ મળતા નથી ?**

### ભાવાર્થ

સંસારમાં આપણને મનુષ્યદેહ વારંવાર મળતો નથી. જો આ જન્મે સત્કર્મો કરી સમર્થ ગુરુને શરણે જઈને સારધાર રીતે તેમના જણાવ્યા મુજબ જિંદગીના જીવ્યા તો જરૂર પાછા ચોરાસી લાખ પ્રકારનાં વિધ-વિધ શરીરમાં ભટકવાનું નિશ્ચિત છે. વળી, કાળના ખપ્પરમાં હોમાઈને યુગોના યુગો વીતી જાય ત્યાં સુધી ગર્ભ સંકટનું દુઃખ ભોગવવું પડે છે.

જો આવા દુઃખદાયક વ્યાધિમાંથી મુક્ત થઈને આ મનુષ્યદેહે જ પરમપદ મેળવવાની ઉત્કંઠા હોય અને સદાને માટે જન્મમરણનું લારું વળગે તેમ જ ૮૪ લાખ પ્રકારના ઘાટમાં ભટકવું પડે તે પહેલાં સમર્થ ગુરુ શ્રીમત્ કરુણાસાગર નામધારી કૈવલવેત્તા પુરુષ પ્રગટ થઈને ભૂમિ પર પધાર્યા છે. તેમના શરણે ગયા સિવાય બીજો કોઈ ઉપાય નથી. તેમ છતાં કેમ જતા નથી ? વિશ્વમાં માત્ર તેઓ જ અંશોને પોતાના શુદ્ધ સ્વરૂપે કરીને પરમપદની બક્ષિશ કરી શકે તેવા સમર્થ છે. જેથી અંશ હંસસ્વરૂપે

થઈને સર્જનહાર પરમ પિતાને પાછો કૈવલધામમાં જઈને મળી શકે. ત્યાર પછી પાછા આવવાનું કે જન્મમરણની પીડા સહન કરવાનું રહે નહીં.

**જેહી મનુખા દુર્લભ દેવનકુ, તેહ મનુખા તુમ પાઈ;**
**બિન સદ્‌ગુરુ ફેરીકે ભવ ભુગતો, ધિક આતમ હત્યાઈ. ૪૬**

### શબ્દાર્થ

**જેહી** = જે **મનુખા** = મનુષ્યદેહ, માનવ અવતાર **દુર્લભ** = મુશ્કેલ, કઠિન **દેવનકુ** = દેવોને **તેહી** = તે **મનુખા** = માનવ ઘાટ **તુમ** = તુમ તમોએ **પાઈ** = પ્રાપ્ત કર્યો છે, મેળવ્યો છે **બિન** = સિવાય વગર **સદગુરુ** = સદગુરુ **ફેરી કે** = ફરીથી, વારંવાર **ભવ** =ભવમાં, સંસારમાં **ભુગતો** = ભોગવો **ધિક** = ધિક્કાર, ફિટકાર, યોગ્ય તિરસ્કાર કરવા પાત્ર **આતમ** = આત્માની **હત્યાઈ** = હત્યા કર્યા સમાન.

### અનુવાદ

**મનુષ્યદેહ દેવોને પણ દુર્લભ છે જે તમને પ્રાપ્ત થયો છે. સદ્‌ગુરુ સિવાય ફરીથી સંસારમાં ભટકશો તો, આત્મહત્યા કર્યા સમાન ગણાશે અને ધિક્કારને પાત્ર બનશો.**

### ભાવાર્થ

પાંચ પ્રકારના દેહ પૈકી સ્થૂળ દેહ અને વળી તેમાં પણ ચોરાસી લાખ પ્રકારના ઘાટમાં સર્વ શ્રેષ્ઠ મનુષ્યનો દેહ ગણાય છે. મનુષ્યદેહ પ્રાપ્ત કરવો દેવોને પણ દુર્લભ છે. કારણ કે, માનવદેહે જ પોતાના આત્મકલ્યાણનો માર્ગ સાધી શકાય છે. જેથી માનવઘાટ મુક્તિ મેળવવાના દરવાજા સમાન છે. આવો મનુષ્યદેહ પ્રાપ્ત કર્યા પછી પણ જો માનવી પોતાના સ્વ-ચૈતન સ્વરૂપનો વિચાર ન કરે અને અંશ જેની સજાતિનો છે તેવા સર્જનહાર અંશીને પ્રાપ્ત કરીને જન્મમરણનું ભવસંકટ દૂર કરવાની ઈચ્છા ન ધરાવે તો તેના જેવું અધમ કૃત્ય બીજું કોઈ જ નથી. માનવી માટે આવું પરિણામ પ્રાપ્ત કરવા સંસારમાં સમર્થ સદ્‌ગુરુ હોય તેના શરણે થઈને તેમની કૃપા સિવાય શક્ય નથી. તેમ છતાં પણ એ માનવી પોતાની ઈન્દ્રિયો ગુણ અને અંતઃકરણોના સકંજામાંથી બહાર ન નીકળે અને પ્રકૃતિના પાસમાં બંધાઈને માનવ જન્મ વેડફી નાખે તો તેના

માટે આત્મહત્યા કર્યા સમાન ગુનો છે. આવી વ્યક્તિ સંસારમાં ધિક્કારને પાત્ર છે.

**એહી બચન શીખ પરમ અરથકે, સૂનો સકલ નરનારી;**
**પંથ પક્ષ વિનું લક્ષ ન્યાયકે, વદિતવ પર ઉપગારી. ૪૭**

### શબ્દાર્થ

**એહી** = એટલા માટે, આ પ્રમાણેના **બચન** = વચનો, વાણી **શીખ** = શિખામણ, યોગ્ય સલાહ બોધાત્મક વાણી **પરમ અરથકે** = પરમાર્થના કાર્ય માટેની, મોક્ષ પ્રાપ્તિ અંગેની **સૂનો** = સાંભળો **સકલ** = સર્વ **નરનારી** = નર અને નારી, સ્ત્રી અને પુરુષ **પંથ** = પંથ, માર્ગ **પક્ષ** = ધ્યેય, તરફેણ **વિનું** = વગર, સિવાય **લક્ષ** = હેતુ **ન્યાયકે** = ન્યાય માટે, ન્યાયયુક્ત **વદિતવ** = કહ્યો, જણાવ્યો **પર ઉપગારી** = પરોપકાર અર્થે, પરોપકાર માટે.

### અનુવાદ

**હે સર્વ નર-નારી ! તમે સાંભળો કે આગળ કહેલાં વચનો દ્વારા પરમાર્થ માટે મેં શિખામણ આપેલી છે. જે પંથો લક્ષ વગરના હતા તે પરોપકાર અર્થે ન્યાય કરીને જ દર્શાવ્યા છે.**

### ભાવાર્થ

અગાઉ જે શિખામણ આપી તેની પાછળનો શ્રીમત્ કરુણાસાગરનો હેતુ માત્ર પરમાર્થ અંગેનો છે. કોઈ પણ પંથ-સંપ્રદાય કે તેના સિદ્ધાંતને દ્વેષપૂર્વક વખોડવાનો હેતુ નથી. ન્યાયપૂર્ણ રીતે દરેક સિદ્ધાંતની હદ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. જેથી જે સ્ત્રી-પુરુષો મોક્ષની ઇચ્છા ધરાવતા હોય તેમણે આ વાતને પક્ષા-પક્ષથી રહિત અને ખૂબ જ ધ્યાનથી સમજવી જોઈએ. જેથી તેઓ નાશવંત પદાર્થો અને શાશ્વત ચૈતનઅંશનો ભેદ સમજીને અલગ તારવી શકે. વળી, અતિ દુર્લભ મળેલા મનુષ્ય જીવનના ધ્યેય પ્રત્યે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પૈકી કોને પ્રાધાન્યતા આપીને જિંદગી જીવવી તે અંગેનો ખ્યાલ આવે.

આવાં ન્યાયયુક્ત વચનો માત્રને માત્ર જીવના પરોપકાર માટે જ ઉચ્ચારેલાં છે. વળી, સર્જનહારે તેમને આ સૃષ્ટિમાં મોકલવા પાછળના આશયના એક ભાગરૂપે જ તેમની ફરજ સમજીને આવું યથાર્થ કૈવલજ્ઞાન જગતના જીવની સમક્ષ જાહેર કર્યું છે.

**પણ જીનું ગતિ પરમ ઉતકૃષ્ટી, ઉરધ અરસકી અલિયાં;**
**સાર અસાર નવેર કરનકી, જો હોય જ્ઞાન અમલિયા. ૪૮**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **જીનું** = જેની, જેનો **ગતિ** = સમજ **પરમ** = મહાન, અત્યંત **ઉતકૃષ્ટી** = શ્રેષ્ઠતા વાળી, ઉત્તમ જ્ઞાન ને ગ્રહણ કરવાવાળી **ઉરધ** = ઊર્ધ્વગતિ રાખીને **અરસકી** = અંતરિક્ષમાં **અલિયાં** = ભ્રમરની જેમ **સાર અસાર** = સાચુ જૂઠું, નાશવંત શાશ્વત **નવેર** = નિર્ણય, નક્કી **કરનકી** = કરવાની **જો હોય** = જો હોય **જ્ઞાન** = જ્ઞાન, સમજ **અમલિયાં** = અમલ, વર્તાવ, પ્રભાવ, અધિકાર, હકૂમત, શાસન.

### અનુવાદ

**પરંતુ જેઓની ગતિ ભ્રમરની માફક શ્રેષ્ઠ અને અંતરિક્ષમાં ઊર્ધ્વગમનવાળી હશે તેમજ જેનામાં જ્ઞાનનો પ્રભાવ હશે તે જ નાશવંત અને શાશ્વતનો નિર્ણય કરી શકશે.**

### ભાવાર્થ

સંસારમાં દરેક વ્યક્તિની એક સરખી સમજ હોતી નથી. વળી, દરેકની મહત્ત્વાકાંક્ષા પણ અલગ-અલગ હોય છે. સંસારમાં ફૂલની સુગંધનો ભોગી ભમરો સુગંધીની લોલુપતા અને આસક્તિથી ખેંચાઈને કમળના ફૂલ ઉપર બેસે છે બેઠાં-બેઠાં સુગંધમાં તે એટલો તલ્લીન થઈ જાય છે કે ઊડવાના વિચારમાં ને વિચારમાં સૂર્યાસ્ત થઈ જાય છે અને કમળ બિડાઈ જતાં છેવટે તે પણ પ્રાણ ત્યજી દે છે, પણ ખસતો નથી.

એ જ ન્યાયે સંસારમાં પણ જ્ઞાનથી જાગ્રત થયેલ વ્યક્તિ અસારને ત્યજી સારને પામવા માટે અર્થાત્ ઊર્ધ્વ પરમપદને પામવા માટે ભ્રમણની જેમ પ્રયત્નશીલ રહે છે. પોતે નાશવંત અને શાશ્વતનો નિર્ણય કરી ચૂક્યો હોવાથી તેના ઉપર માત્ર જ્ઞાનનો જ અમલ વર્તાય છે. જેથી અન્ય દૂષણો અને પ્રાકૃતિક અવગુણો તેનામાં પ્રવેશી શકતાં નથી. આવી સ્થિતિને વરેલા મુમુક્ષુઓ જ યથાર્થ જ્ઞાનને સમજી પરમાર્થના કાર્યમાં જ પરોપકારી સદ્‌ગુરુને શરણે જઈને જ્ઞાનનું હમેશાં ભ્રમરની જેમ જ્ઞાનપાન કરે છે અને પરમપદ પ્રાપ્ત કરી શકે છે.

**પુનિ આપને પતકી આરતકુ, ખોજન અતિ વ્રેહેવંતું;**
**તિનકુ પરખ પરે એહી પદકી, ન લહે જીવ અચંતુ. ૪૯**

### શબ્દાર્થ

**પુની** = વળી **આપને** = પોતાના **પતકી** = પતિની, માલિકની, અંશીની **આરતકુ** = આતુરતાથી, ઉત્સાહથી **ખોજન** = ખોળે છે **અતિ** =વિશેષ, અધિક **વ્રેહેવંતું** = વિરહાતુર થઈને, વિરહપૂર્વક **તિનકું** = તેમને જ **પરખ પરે** = જાણ પડે, ઓળખી શકે **એહી પદકી** = તે પદની, એવા પરમપદની **ન લહે** = જાણે નહી, સમજે નહી **જીવ** = જીવ **અચંતુ** = અચેત, જડ, મંદ, બુદ્ધિના, અલ્પજ્ઞ.

### અનુવાદ

**વળી, પોતાના માલિકને મળવાની ઈચ્છાથી અત્યંત વિરહની વેદનાથી શોધ કરશે તેમને જ પરમપદની પહેચાન થશે, પરંતુ જડ જીવ જાણી શકશે નથી.**

### ભાવાર્થ

જેમ સંસારમાં એકલી રહેલી પતિવ્રતા સ્ત્રી પરદેશ ગયેલા પતિની યાદમાં અને વિરહની વેદનામાં આકુળ-વ્યાકુળ થઈને દુઃખી થતી હોય છે, જેથી તેનું શરીર સુકાય છે. તેને બીજા કશાયમાં ચિત્ત ચોંટતું નથી. આવી પરિસ્થિતિ મુજબ ધર્મ જગતમાં પણ જે સ્ત્રી કે પુરુષ જ્ઞાનથી જાગ્રત થયેલાં છે અને જેમને નાશવંત અને શાશ્વતનો ભેદ સમજાયો છે, તેઓના હૃદયમાં જ માલિકને મળવાની તીવ્ર તાલાવેલી જાગી હોય છે; તેઓ પોતાના વિરહની વેદનાને સંતોષવા તથા માલિકને મળવા જ્ઞાની અને સમર્થ સદ્‌ગુરુના શરણમાં જાય છે. જેથી તેવા મુમુક્ષુઓને પરમપદની પહેચાન થાય છે, પરંતુ ગાંગડું કણ જેવા જડ અને અજ્ઞાની જીવ કદી પણ જ્ઞાનમાં પલળતા નથી કે તેમને સત્ય અને ન્યાયના પથનો અગ્નિ અસર કરતો નથી. આ રીતે એવા જડ જીવ, પરમપદના જ્ઞાનને જાણી ન શકવાને કારણે સદાને માટે અચેત રહી ભવસંકટમાં કુટાયા કરે છે.

**અચેતકુ ફેરી તેહી ચેતાવત, ભવકે ભરમ મેટાઈ;**
**નિજ મુખકી માનત નહીં પુઠલ, પરમુખસે પતિઆઈ. ૫૦**

### શબ્દાર્થ

**અચેતકુ** = જડ અને અજ્ઞાની જીવને **ફેરી** = ફરીથી **તેહી** = તેઓને **ચેતાવત** = ચેતવણી આપું છું, સાવધાન થવા માટે કહેવું, સતેજ કરવું **ભવકે** = ભવના, વિશ્વના, સંસારના **ભરમ** = ભ્રમણાઓ, ભ્રાંતિ, વહેમ **મેટાઇ** = મિટાવીને, દૂર કરીને, નષ્ટ કરીને **નિજ** =પોતાના **મુખકી** = મુખેથી કહેલી વાત **માનત** = માનતા, સમજતા, સ્વીકારતા **નહીં** = નથી **પુઠલ** = પાછળથી, ગેરહાજરમાં, પછીના સમયે **પરમુખસે** = પારકાના મુખેથી, બીજાના મુખેથી **પતિઆઇ** = વિશ્વાસ કરવો પડશે, પ્રતીતિ લાવવી પડશે.

### અનુવાદ

**અજ્ઞાની જીવને ફરીથી સતેજ કરું છું કે ભવની ભ્રાંતિ મિટાવીને મારા પોતાના મુખનાં વચનો નહીં માનો તો, પાછળથી બીજાના મુખે ઉચ્ચારેલા વચનોમાં વિશ્વાસ રાખવો પડશે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પોતાના પ્રગટ દેહે પ્રત્યક્ષ હાજર હતા ત્યારે તેઓ સંત, ભક્ત, સજ્જન નરનારી અને પ્રતિવાદી પંડિતોને સત્સંગ દ્વારા સકર્તા સર્જનહારને સ્થાપિત કરતું કૈવલજ્ઞાન જણાવતા હતા. વળી, તેઓએ અલગ-અલગ રીતે સમજૂતી દર્શાવતા ધર્મગ્રંથો, પદો, સાખી, લાવણી વગેરે ઘણી રચનાઓ સકર્તા સિદ્ધાંતને લક્ષમાં લઈને કરેલી છે.

આ ગ્રંથની રચના દ્વારા પણ તેઓ તે સમયના હાજર સર્વ માનવોને ખૂબ જ સ્પષ્ટ ભાષામાં કહેતા હતા કે, જો તેઓ તેમના મુખથી નીકળેલી વાણી હાલ નહીં સ્વીકારે અને સંસારમાં પ્રવર્તતી ભ્રમણાઓને નષ્ટ કરીને કૈવલજ્ઞાન નહીં પ્રાપ્ત કરે તો પછી પસ્તાવાનો વારો આવશે. આમ તેમના ગયા પછી ગ્રંથોના આધારે જ્ઞાની પુરુષોના મુખેથી વાણી ઉપર વિશ્વાસ લાવીને પણ સ્વીકારવી પડશે.

**પરમુખસે પ્રતિ હોય તો હોય ભલ, નિજ પતિકે જશ ગાઈ;**
**અન્યો અન્ય અનંત મુખનસે, જાવહી કીરત ફેલાઈ. ૫૧**

### શબ્દાર્થ

**પરમુખસે** = પારકા મુખેથી પ્રતિ = વિશ્વાસ, શ્રદ્ધા **હોય** = હોય **તો હોય ભલ** = તો

ભલે હોય **નિજ પતિકે** = પતિના, સ્વયં સર્જનહારના **જશ** = યશગાન **ગાઈ** = ગવાય, ગવાશે **અન્યો અન્ય** = એકબીજા, પરસ્પર દ્વારા **અનંત** = અનેક, અસંખ્ય **મુખનસે** = મુખોથી **જાવહી** = થશે **કીરત** = કીર્તિ **ફેલાઈ** = ફેલાવી, પ્રસરી.

## અનુવાદ

**બીજાના મુખથી ઉચ્ચારાયેલાં વચનો ઉપર વિશ્વાસ આવતો હોય તો પણ સારું છે. કારણ કે, આ રીતે પણ નિજપતિના ગુણ ગવાશે અને અન્યો અન્ય અનંત મુખો દ્વારા તેમની કીર્તિનો ફેલાવો થશે.**

## ભાવાર્થ

વળી, ગ્રંથોના અભ્યાસી જ્ઞાની સંતો દ્વારા ઉચ્ચારેલા કૈવલજ્ઞાનથી ભરપૂર વચનો ઉપર પણ અજ્ઞાની અને અચેત જીવને વિશ્વાસ આવતો હોય તોપણ સારું છે. કારણ કે, એ રીતે પણ નિજ કૈવલપતિના ગુણગાન ગવાય તેમાં કશું જ ખોટું નથી. આ રીતે પરસ્પર અનંત જીવ દ્વારા વિશ્વમાં સકર્તા સિદ્ધાંતનો ફેલાવો થાય. જેથી અન્ય બાદલી ઉપાસનાઓમાં અને ભ્રમણાયુક્ત કર્મકાંડોમાં ફસાયેલાં અજ્ઞાની જીવ તેમાંથી છુટકારો પામીને પોતાના આત્મકલ્યાણનો માર્ગ ગ્રહણ કરી શકે. આમ અનંત મુખોથી કૈવલના ગુણગાન ગવાય તો સકર્તા પતિનો લક્ષ વિશ્વમાં ચક્રવર્તી બનવામાં વાર લાગે નહીં.

## સૂને કીરત જેહી નિજ સરજનકી, અંતર ભાવ સહેતી;
## પુનિ સત્સંગ કરત સંતનકે, પાવહી પદ પરમેતી. ૫૨

### શબ્દાર્થ

**સૂને** = સાંભળીને **કીરત** = કીર્તિ, યશ **જેહી** = જે રીતે **નીજ** = પોતે, મૂળ આદિ, સ્વયં **સરજનકી** = સર્જનહારની, કૈવલ પતિની **અંતર ભાવ** =પોતાના અંદરના ભાવથી, હૃદયના ઉમળકાથી **સહેતી** = પ્રેમ સહિત, પ્રેમપૂર્વક **પુની** = વળી **સત્સંગ** = સંત અને સજ્જનો વચ્ચે થતો ધર્મમય વાર્તાલાભ, જ્ઞાન અંગેની અરસપરસ ચર્ચા અને શંકાઓનું સમાધાન **કરત** = કરે **સંતનકે** = સંતોની સાથે, સંતપુરુષોના સાંનિધ્યમાં **પાવહી** = પ્રાપ્ત કરે, મેળવે **પદ પરમેતી** = પરમપદ, સર્જનહારનું ધામ.

## અનુવાદ

**હૃદયના ભાવથી પ્રેમપૂર્વક નિજ સર્જનહારની કીર્તિ સાંભળ્યા બાદ જેઓ સંતપુરુષો સાથે સત્સંગ કરશે તેઓ પરમપદ પ્રાપ્ત કરી શકશે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અહીં ખૂબ જ અગત્યની સ્પષ્ટતા કરેલી છે કે પોતાની ગેરહાજરીમાં કાયમપંથી સંત અને સાધુ સમાજ તેમજ જાગ્રત અનુયાયીઓ આધારે તેમના દ્વારા સ્થપાયેલા સકર્તા સિદ્ધાંતને દર્શાવતા કૈવલજ્ઞાનનો પ્રચાર પ્રસાર કરવો જોઈએ. આથી સર્જનહારની કીર્તિ સાંભળી સજ્જનોના હૃદયમાં શુદ્ધ પ્રેમ જાગે અને હૃદયમાં સર્જનહારને મળવાની તાલાવેલી લાગે. ધર્મગ્રંથોમાં દર્શાવ્યા મુજબ પરમગુરુના શરણે જઈને રહેણી-કરણી પાળીને સંતો સાથેના સત્સંગ થકી પણ પરમપદની પ્રાપ્તિ કરી શકાશે. પરમગુરુ દ્વારા આ પ્રમાણેનું વચન આપવામાં આવેલું હોવાથી તેમાં શંકાને કોઈ સ્થાન નથી. તેથી અનુયાયીએ સત્સંગ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

**પરમેતિ સોઈ નિજ કર્તાપદ, છેવટ સદન સબેહી;**
**પુરુષ આદ્ય ઓરુ પ્રકૃતિ સહિત ગુણ, સર્જનહાર સબ જેહી. ૫૩**

### શબ્દાર્થ

**પરમેતિ** = છેવટનું, પરમશ્રેષ્ઠ, સર્વનો અંત, અંતપદ **સોઈ** = તે નિજ **કર્તાપદ** = સર્જનહારનું પોતાનું પદ **છેવટ** = છેવટનું, અંતનું **સદન** = ધામ, ઠેકાણું, મુકામ, ઘર **સબેહી** = સર્વનું **પુરુષ** = નિરંજન પુરુષ **આદ્ય** = આદિ **ઓરુ** = અને **પ્રકૃતિ સહિત ગુણ** = પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ **સર્જનહાર** = સર્જનહારના **સબ** = બધા **જેહી** = તે તે, જેઓ.

## અનુવાદ

**અંત પદ રૂપે રહેલ નિજ કર્તા પદ સર્વનું છેવટનું ઠેકાણું છે. આદ્ય પુરુષ અને શક્તિની આદ્ય લઈ ત્રણ ગુણ સહિત તે બધા સર્જનહારના જ ઉત્પન્ન કરેલા છે.**

### ભાવાર્થ

આદ્ય નિરંજન પુરુષ, પ્રકૃતિ મહંમાયા અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશની આદ્ય લઈ સર્વ નાશવંત રચના છે. જે બ્રહ્મમાં પોષણ પામીને રહેલી છે. તે સર્વ ઉત્પત્તિ સર્જનહાર દ્વારા જ શુદ્ધ સંકલ્પથી ઉત્પન્ન કરવામાં આવી છે. મહાપ્રલય કાળે જ્યારે તેનો અંત થશે ત્યારે ઉત્પત્તિના ઊલટ ક્રમે એક બીજામાં સમાઈ જવાની છે. છેવટે અંત પદ રૂપે રહેલ નિજ કર્તા પદ જ્યાં સકર્તા પતિ સર્જનહાર સદાને માટે બિરાજમાન છે. જે બ્રહ્મથી પરે રહેલું હોઈ એ જ કૈવલધામ સર્વનું અંતિમ ધામ છે.

**બિન સરજે કછુ બનેન કંચિત, કરે વિના ક્યોં હોઈ;**
**તેહી કરનન કર્તારનકી ગત, સકલ સુનાવહુ મોઈ. ૫૪**

#### શબ્દાર્થ

**બિન** = વગર **સરજે** = ઉત્પન્ન કરે, બનાવ્યા વગર **કછુ** = કાંઈ પણ **બનેન** = બનીના શકે, બને નહીં **કંચિત** = સહેજ પણ, **કરે વિના** = કર્યા વગર **ક્યોં** = કેવી રીતે, કેમ **હોઈ** = થાય, થઈ શકે **તેહી** = તે **કરનન** = ઉત્પન્ન કરનાર **કર્તારનકી** = સર્જનહારની **ગત** =ગતિ, સમજ, જ્ઞાન **સકલ** = સર્વ **સુનાવહુ** = સંભાળાવું, દર્શાવવું, જણાવું **મોઈ** = હું.

### અનુવાદ

**બનાવ્યા સિવાય સહેજપણ કશું બનતું નથી. કર્યા વિના કેવી રીતે થઈ શકે? એવા સર્જન કરનાર સર્જનહારની ગતિની સર્વ હકીકત હું કહી સંભળાવું છું.**

### ભાવાર્થ

એક સર્વ સામાન્ય નિયમ છે કે કોઈ પણ ઉત્પત્તિ તેના બનાવ્યા સિવાય ઉત્પન્ન થઈ શકતી નથી. કાંઈ પણ ઉત્પન્ન કરવું હોય તો કોઈના દ્વારા બનાવવું પડે, તે સિવાય આપો આપ, સહેજા સહેજ કશું જ ઉત્પન્ન થતું નથી. તે ન્યાયે સઘળા વિશ્વની ઉત્પત્તિના કરનારા સર્જનહાર છે. તેમના દ્વારા ઉત્પત્તિ કેવી રીતે કરવામાં આવી તે અંગે સઘળી માહિતી હવે પછીના અંગમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને દર્શાવે છે.

# અંગ ૯
# કર્તા સંકલ્પ અનુક્રમ દેખાવનકો

---

**કારન ક્રિયા ઓર લ્યૌ કારજ, કાજ ચતુર તો સોઈ;**
**એક એકકે અનુકરમ કરતમે, પ્રગટ દેખો સબ કોઈ. ૧**

### શબ્દાર્થ

**કારન** = કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિનું મૂળ બીજ, કરનાર, ઉપજાવનાર, બનાવનાર **ક્રિયા** = કાર્યના પ્રારંભે કરવામાં આવતી ઈચ્છા , સંકલ્પ, અનુષ્ઠાન, બનાવવાની રીત, ક્રિયામાં વિધિ વિધાન, સ્વયંકૃતિ **ઓર** = અને **લ્યૌ** = લગી, સુધી **કારજ** = ક્રિયામાં થનાર પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન થયેલ ઉત્પત્તિ **કાજ** = ઉત્પાદનમાં વપરાયેલા પદાર્થ **ચતુર** = ચાર **તો** = તો **સોઈ** = તે **એક એકકે** = એક એકને **અનુકરમ** = અનુક્રમ પ્રમાણે, વારાફરતી **કરતમે** = રચનામાં **પ્રગટ** = પ્રત્યક્ષ સ્વરૂપે **દેખો** = જુઓ, નિહાળો **સબ** = બધા, સર્વ **કોઈ** = કોઈ.

### અનુવાદ

**રચનામાં કારણ, ક્રિયા, કારજ અને કાજ, આ ચારેને એક પછી એક ક્રમાનુસાર પ્રત્યક્ષ રીતે દેખાડું છું તે તમો સર્વ કોઈ જુઓ.**

### ભાવાર્થ

આ અંગમાં બ્રહ્માંડની જે સમગ્ર રચના રચાઈ છે, તે સર્વ રચનાના કારણરૂપે રહેલા સર્જનહાર, ક્રિયા રૂપે થયેલો તેમનો શુદ્ધ સંકલ્પ, કાજ રૂપે ઉત્પન્ન કરેલાં તત્ત્વો અને કારજ રૂપે રચેલી સર્વ રચનાના અનુક્રમને એક પછી એક સમજ પડે તે રીતે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પ્રગટ-જાહેર કરીને સર્વને બતાવે છે.

**નિજ કારણ સોઈ કતા આદ્ય સદ, ક્રિયા જીનું સંકલ્પહી;**
**કારજ ભયે સકલ સબ ઉતપન, કાજ પદારથ અલ્પહી. ૨**

### શબ્દાર્થ

**નિજ કારણ** = મૂળ કારણરૂપે **સોઈ** = તે **કતા આદ્ય** = આદિ અનાદિ સર્જનહાર **સદ** = પોતે સાચા **ક્રિયા** = ક્રિયા **જીનું** = જેમનો **સંકલ્પહી** = સંકલ્પ, ઈરાદો, મનસૂબો **કારજ** = કારજ, ઉત્પત્તિ **ભયે** = બન્યા, થયું **સકલ** = સર્વ **સબ** = બધા **ઉતપન** = પેદા, ઉત્પત્તિ **કાજ** = કાજ, સામગ્રી, સાજ, તત્ત્વો **પદારથ** = પદાર્થ, ઉત્પત્તિ તત્ત્વો **અલ્પહી** = અલ્પ મેળવણીનું પ્રમાણ, સૂક્ષ્મ.

### અનુવાદ

**નિજ કારણરૂપે આદિ સર્જનહાર પોતે છે, ક્રિયા એ તેમનો સંકલ્પ છે, કારજ એ બધી જ ઉત્પત્તિ છે અને કાજ રૂપ અલ્પ પદાર્થો છે.**

### ભાવાર્થ

ઉત્પત્તિના સંદર્ભે જોતાં આપણે જે જે રચના પ્રત્યક્ષ રીતે નિહાળીએ છીએ કે પરોક્ષ રીતે અનુભવી કે જાણીએ છીએ, એવી સર્વ રચના બ્રહ્મભૂમિકામાં જેમણે ઉત્પન્ન કરેલી છે એવા ઉત્પત્તિના કારણરૂપે મૂળ આદિ-અનાદિ સર્જનહાર કૈવલકર્તા પોતે છે. ક્રિયા એ તેમના દ્વારા આ સૃષ્ટિને રચવા માટે થયેલો શુદ્ધ સંકલ્પ છે. કાજ એ પોતે ઉત્પન્ન કરેલા ઉત્પત્તિના ભાગના રૂપે જરૂરી સામગ્રી રૂપી તત્ત્વો છે અને કારજ એ સંકલ્પ દ્વારા ઉત્પન્ન કરેલી સર્વ રચના છે કે જેની ઉત્પત્તિ બ્રહ્મભૂમિકામાં પોષણ પામીને વૃદ્ધિ થઈ છે. એવા સંપટવત્ રહેલા પૂર્ણ ઘટકને આપણે બ્રહ્માંડ કહીએ છીએ.

**પુની કારન જેહી સંકલ્પકી પર, ક્રિયા ઈચ્છ ઉતપનહી;**
**કારજ હિરણ્યગર્ભ ચૈતન વિત્ત, કાજ સકલ જડ તનહી. ૩**

### શબ્દાર્થ

**પુની** = વળી **કારન** = કારણ **જેહી** = તે **સંકલ્પકી** = સંકલ્પની **પર** = પાર **ક્રિયા** = ક્રિયા **ઈચ્છ** = ઈચ્છા **ઉતપનહી** = ઉત્પત્તિ અંગેની **કારજ** = કારજ, ઉત્પત્તિ **હિરણ્યગર્ભ** = હિરણ્યગર્ભિત **ચૈતન** = ચૈતન **વિત્ત** = સાર, શેષ રૂપે રહેલ ચૈતન શક્તિ **કાજ** = કાર્ય, ઉત્પત્તિ **સકલ** = સર્વ **જડ** = જડ, નાશવંત **તનહી** = શરીર, દેહ.

## અનુવાદ

**વળી કારણ તે સંકલ્પની પાર આવેલું છે. ક્રિયા ઉત્પત્તિ અંગેની ઈચ્છા છે. કારજ એ હિરણ્યગર્ભ ચૈતન વિત્ત છે અને કાજ એ સર્વ જડ દેહ છે.**

## ભાવાર્થ

વળી, આજ વસ્તુને બ્રહ્માંડના સંદર્ભમાં સમજીએ તો સર્જનહારે પોતે પોતાની સંકલ્પ શક્તિથી જે ઉત્પત્તિ રચી છે તેનાથી પરે રહેલા છે. એટલે કે, કારણરૂપે રહેલા સર્જનહાર, કૈવલકર્તા પોતાના સંકલ્પથી બનાવેલી સર્વ રચનાથી અલગ અને પાર રહેલા છે. ક્રિયારૂપ સર્જનહારનો સંકલ્પ એટલે પ્રકાશ બ્રહ્મવૃત્તિ, સંજમ ભોગવૃત્તિ, ઈચ્છા વૃત્તિ, ક્રિયાવૃત્તિ, સજીવનવૃત્તિ અને અંશવૃત્તિ એમ છ વૃત્તિઓ ઉત્પન્ન કરીને, ક્રમાનુસાર ઉત્પત્તિની પ્રકિયાથી સમગ્ર રચનાનો પ્રસારો કરેલો છે. જેમાં ઈચ્છાવૃત્તિનાં ૭૨ તત્ત્વોને ક્રિયાવૃત્તિ દ્વારા ઊલટસૂલટ મેળવણી કરીને છેલ્લે ચારેય વૃત્તિઓનાં તત્ત્વો મેળવી કરીને દેહના અંકુરો બનાવ્યા. કારજરૂપ પાંચમી સજીવન વૃત્તિથી હિરણ્યગર્ભ ચૈતન વિત્તરૂપે અંકુરોની વૃદ્ધિ કરીને બધા જ ઘાટ અને સર્વ રચનાને પરિપક્વ કરીને વૃદ્ધિ પમાડી, પરંતુ તે જડવત્ રહી. જેથી છેલ્લે છઠ્ઠી અંશવૃત્તિ દ્વારા પોતાની સજાતિના સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ ત્રણ પ્રકારના ચૈતનઅંશો ઉત્પન્ન કરીને કાજરૂપ રહેલા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહને ચૈતનવંત કર્યા છે.

**એહી પરકાર કરત કર્તા બીન, બને ન ન્યાય સહિતમે;**
**કારન સો કારજ મે દરશીત, દેખો પ્રભાવહીતમે. ૪**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે **કરત** = રચના, ઉત્પત્તિ **કર્તા બીન** = કર્તા વગર, કોઈના કર્યા વિના **બનેન** = ન બની શકે, ન થઈ શકે **ન્યાય સહિતમેં** = ન્યાયપૂર્ણ રીતે **કારન** = કારણરૂપે રહેલ મૂળ સર્જનહાર પોતે **સો** = તે **કારજ મે** = ઉત્પત્તિ, રચનાને **દરશીત** = જોવાથી, દેખવાથી, નિહાળવાથી, અવલોકનથી **દેખો** = જુઓ, નિહાળો **પ્રભાવહી તમે** = ઉત્પત્તિના સંદર્ભોમાં, પરાક્રમને જોતાં, પ્રભુતા અને સામર્થ્યતાને, શક્તિત્ત્વને.

## અનુવાદ

**આ પ્રમાણેની રચનાને ન્યાયપૂર્ણ જોતાં કર્તાના કર્યા વિના કશું પણ બનતું જ નથી. વળી, ઉત્પત્તિના પ્રભાવને નિહાળતાં કારજમાં મૂળ કારણ દેખાઈ આવે છે.**

## ભાવાર્થ

રોજબરોજના વ્યવહારમાં ઉત્પાદનની કાર્યપદ્ધતિ અને ગુણવત્તાને નિહાળતાં સહજ રીતે તેના ઉત્પાદક અંગે આપણે અનુમાન કરી શકીએ છીએ. જો ઉત્પત્તિ શ્રેષ્ઠ અને ઉત્તમ ગુણવત્તાવાળી હોય તો તેના બનાવનારની ઉત્પાદન અંગેની સમજ, શક્તિ અને સામર્થ્યતા પણ પ્રભાવશાળી અને સર્વોત્તમ હોવી જોઈએ.

એ જ પ્રમાણે સર્જનહારની સર્વ રચનાનું ન્યાયપૂર્ણ અવલોકન કરતાં નિશ્ચિતપણે નક્કી થાય કે આવી અદ્‌ભુત અને આશ્ચર્યજનક ઉત્પત્તિ કર્તાના કર્યા સિવાય બની શકે જ નહીં. વળી, સર્વે ઉત્પત્તિના પ્રભાવ અને તેમાં હિરણ્યગર્ભિત રીતે ભરેલી અદ્‌ભુત કરામતને જોતાં મૂળ કારણરૂપે રહેલા સર્જન કરનાર કૈવલકર્તાના પ્રત્યે અને તેમના સામર્થ્ય અંગે હૃદયમાં અહોભાવ જાગ્યા સિવાય રહેતો નથી.

**પ્રભાવહીત સોઈ અખિલ સકલ ભવ, કરત કાજ સબ કોઈ;**
**બ્રહ્માદિક ભવ અણુની આદ્ય કજ, કરે વિના નવ હોઈ. ૫**

### શબ્દાર્થ

**પ્રભાવહીત** = પ્રભાવશાળી, પ્રભુત્વની ઝાંખી કરાવતી **સોઈ** = તેવા **અખિલ** = સંપૂર્ણ, સમસ્ત **સકલ** = તમામ સર્વ, સૌ **ભવ** =વિશ્વ, જગત, દુનિયા **કરત** = રચના **કાજ** = ઉત્પત્તિ કાર્ય **સબકોઈ** = સઘળું, દરેક, બધું જ **બ્રહ્માદિક** = બ્રહ્માજીથી માંડીને **ભવ** = વિશ્વની **અણુની આદ્ય** = નાનામાં નાના અણુ સહિત **કજ** = કંઈ પણ **કરે વિના** = કર્યા વિના **નવ હોઈ** = બની શકતું નથી.

## અનુવાદ

**સમસ્ત વિશ્વમાં પ્રભુત્વની ઝાંખી કરાવતી સર્વ રચનાના કોઈ ને કોઈ કર્તા છે. તે મુજબ બ્રહ્માજીની આદ્ય લઈ જગતની નાનામાં નાના અણુ સહિતની સર્વ રચના કર્યા વિના બની નથી.**

## ભાવાર્થ

સમગ્ર વિશ્વમાં સર્જનહારના પ્રભુત્વની ઝાંખી કરાવતી સમસ્ત રચનાને નિહાળી જગતમાં સર્વ કોઈને કોઈ કાર્ય કરવાની પ્રેરણા લઈ પોતાની શક્તિ મુજબ રચનાત્મક કાર્યો કરે છે. પ્રત્યેક ઉત્પત્તિને ઉત્પન્ન કરનાર કોઈને કોઈ ઉત્પાદક કારણરૂપે રહેલો હોય છે. પરંતુ આપોઆપ કશું જ થતું નથી. જેમ કે, બ્રહ્માંડમાં વૈરાટની આદ્ય લઈ બ્રહ્માજી સહિત નાનામાં નાનાં અણુની જે કોઈ અદ્‌ભુત રચના દેખાય છે તેને પણ કોઈએ બનાવેલી છે. તેના કારણરૂપે કોઈ સર્જનહાર છે. તે સિવાય કશું જ બની શકે તેમ નથી. આમ કોઈ રચના કોઈના કર્યા વિના હોવી અસંભવ છે.

**જબતે ક્તા કરત કે કારણ, નિશ્ચે સદ નિજપદહી;**
**તા બિન પરે સકલ અકરતકે, સિદ્ધાંત સબકે રદહી. ૬**

### શબ્દાર્થ

**જબતે** = જેથી **ક્તા** = સર્જનહાર **કરતકે** = રચનાના **કારણ** = કારણરૂપે હોઈ **નિશ્ચે** = નિશ્ચિયપૂર્વક **સદ** = તે પોતે સાચુ, શાશ્વત **નિજપદહી** = પરમપદ, મૂળ કર્તા પદ **તા બિન** = તે સિવાયનું **પરે** = કહેવાય, સમજાય, ગણાય **સકલ** = સર્વ, બધુ જ **અકરતકે** = અકર્તા, કર્તા વિનાનું **સિદ્ધાંત** = નિર્ધારિત કરેલ નિર્ણય, સ્થાપિત કરેલ સિદ્ધ મત, છેવટનો નક્કી, નિશ્ચય, મંતવ્ય, વિચાર **સબકે** = બધા જ, સર્વ **રદહી** = કામનું નહીં, નકામુ, નિરર્થક, નિરુપયોગી.

## અનુવાદ

**જેથી નિશ્ચયપૂર્વક સર્જનહારનું શાશ્વત નિજકર્તા પદ સમગ્ર રચનાના કારણરૂપે છે. તે સિવાય બધા સિદ્ધાંત કર્તૃત્વશક્તિ વગરના હોઈ નિરર્થક ગણાય છે.**

## ભાવાર્થ

વિશ્વની આવી અદ્‌ભુત, રંગબેરંગી, ચિત્રવિચિત્ર અને ગણતરી મુજબના દેહવાળી સમગ્ર રચનાના કારણરૂપે નિશ્ચયપૂર્વક કહી શકાય કે તેના બનાવનાર કોઈ સર્જનહાર છે. તેમના બનાવ્યા સિવાય આવી રચના આપોઆપ બની શકે તેમ નહીં. માટે એના કારણરૂપે રહેલા સર્જનહારનું કર્તાપદ શ્રેષ્ઠ પદ છે. તેવા પદનો ન્યાયપૂર્ણ

રીતે નિર્ણય કરીને સ્થાપિત કરેલ સકર્તા સિદ્ધાંત છેવટનો અને અંતિમ કહેવાય. તે સિવાયની જે કોઈ વિચારધારાઓ સ્થાપિત થયેલી છે, જેમાં શાશ્વત નિજ કર્તાપદનું આરોપણ કરવામાં આવેલું નથી. બ્રહ્મસિદ્ધાંતિઓ દ્વારા બ્રહ્મ કર્તૃત્વશક્તિ વગરનું હોવા છતાં તેને છેવટનું પદ દર્શાવવામાં આવ્યું છે. પણ તે સર્જનહારના પક્ષે જોતાં નિરર્થક ગણાય છે. વિશ્વમાં આપોઆપ ઉત્પત્તિ થઈ હોવાની વાતમાં કોઈ તથ્ય પુરવાર થતું નથી અને સંભાવના પણ કરવી યોગ્ય નથી. કારણ કે, જેમ નપુંસક માનવી પિતા બની ન શકે તેમ અકર્તા બ્રહ્મથી રચના બની શકે નહીં.

# અંગ ૧૦
# અકર્તા પદ પરિહાર દેખાવનકો

**જો ન પરે રદ અકરતકે પદ, બ્રહ્મ જ્ઞાનકે જબહી;**
**તો ભવ ઈષ્ટ ઉપાસનકે જન, વહિત હોય મન સબહી. ૧**

### શબ્દાર્થ

**જો ન પરે** = જો ન કરવામાં આવે, જો ના પડે **રદ** = વ્યર્થ નકામુ, નિરર્થક, નિરુપયોગી **અકરતકે** = અકર્તા, કર્તૃત્વશક્તિ વગરનું, જેને કર્તા ન કહી શકાય તેવું **પદ** = સ્થાન, મોભા, સ્થાપિત મત, સિદ્ધાંત **બ્રહ્મજ્ઞાનકે** = બ્રહ્મજ્ઞાનનું **જબહી** = જેથી, જ્યારે, જ્યાં, સુધી **તો** = તો **ભવ** = વિશ્વની, જગતની **ઈષ્ટ** = મોટાઓની **ઉપાસના કે** = ઉપાસનાઓ, માન્યતાને આધારે કરવામાં આવતી સ્તુતિ, પ્રાર્થના વગેરે **જન** = માનવ **વહિત** = વહિતળ, વહીએલ, ધણી વગરના, નધણિયા, ઉછંગ, અપૂજ્ય ભાવવાળા, બે શરમી **હોય** = હોય **મન** = મન અંતઃકરણ **સબહી** = બધાયના, સર્વ, તમામ.

### અનુવાદ

**બ્રહ્મનું જ્ઞાન દર્શાવતા અકર્તા બ્રહ્મ સિદ્ધાંતને રદ કરવામાં ન આવે તો સર્વના મન ઈષ્ટની ઉપાસના પ્રત્યે વહિતળ થઈ જાય.**

### ભાવાર્થ

બ્રહ્મ સિદ્ધાંતમાં દર્શાવ્યા મુજબ બધું જ બ્રહ્મ સમાન છે, જેમાં કોઈ મોટું નથી કે કોઈ નાનું નથી. જે કોઈ ઉત્પત્તિ છે તે આપોઆપ સહેજાસહેજ રીતે બ્રહ્મમાં થયેલી છે. બ્રહ્મ જેમ સર્વવ્યાપક છે તેમ દરેકની એકસરખી વ્યાપકતા છે. બ્રહ્મ જેમ કર્તૃત્વ શક્તિ વગરનું અકર્તા છે તેમ સર્વ રચના પણ કોઈ કર્તાના કર્યા વિના બનેલી છે.

જો આ અકત પદવાળી બ્રહ્મસિદ્ધાંતની માન્યતાને રદ કરવામાં ન આવે તો વિશ્વમાં ઉપાસના કરવા જેવું ઈષ્ટ પદ રહે જ નહીં. જો કોઈ મોટાં-નાનાં ન હોય તો કોણ કોની મર્યાદા રાખે ? કોણ કોનું સન્માન કરે? કોણ કોનો આદર કરે ? જેથી કોઈનો આદર કે વિવેક રહે જ નહીં. જો પૂજ્ય ભાવના ન રહેવા પામે તો ઈષ્ટ અને ઈશ્વરીય ભાવના પણ ખલાસ થઈ જાય. આમ વિશ્વના જીવ બેફિકર થઈને કોઈના

નેતૃત્વ વગરના, ધણી વગરના બનીને દુષ્કૃત્યો કરવા પ્રેરાય. આ રીતે માત્ર અધર્મી બનીને જિંદગી જીવતા થઈ જાય.

**ઉપાસના સોઈ માત પિતા સુત, શિષકુ ગુરુ સંતનકી;**
**પતિવ્રતા નિજ પિયુ સેવનકી, પ્રિત સહિત તન મનકી. ૨**

### શબ્દાર્થ

**ઉપાસના** = ઈષ્ટ તરીકેનો નાતો, સેવા-પુજા, ભક્તિ, આરાધના **સોઈ** = તે કરવા યોગ્ય **માતપિતા** = માતા-પિતાની **સુત** = પુત્રે **શિષકુ** = શિષ્યે **ગુરુ સંતનકી** = ગુરુ અને સંતપુરુષોની **પતિવ્રતા** = પતિમાં અનન્ય અનુરાગ રાખનારી, જેના માટે ઉપાસ્ય અને પ્રેમ પાત્ર માત્ર એક પતિ જ હોય એવી માન્યતા વાળી સ્ત્રી **નિજ** = પોતાના **પિયુ** = પતિની **સેવનકી** = સેવાનો ધર્મ બજાવવો, સમર્પણ થઈને રહેવું **પ્રિત સહિત** = પ્રેમ સહિત **તન મનકી** = તન અને મન થકી.

### અનુવાદ

**પુત્રે માતા પિતાની, શિષ્યે ગુરુ તથા સંતોની અને પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિની સેવા પૂરા પ્રેમથી અને તન, મનથી કરવાની હોય છે.**

### ભાવાર્થ

ઉપાસનાનું પદ આ વિશ્વમાંથી દૂર કરવામાં આવે તો કેટલીક અરાજકતા ફેલાય. મર્યાદા, વિવેક, સન્માન એવી બધી ભાવના જો નાશ પામે તો અધર્મનો ઉપદ્રવ વધે અને નાસ્તિકતા વધુ જોર પકડે. સમાજમાં નાના-મોટા પ્રત્યે આદરનો વ્યવહાર જે મનુસ્મૃતિમાં નક્કી કરેલો છે તેવો વ્યવહાર મનુષ્ય ન કરે તો ઘણો અનર્થ થાય અને સ્વચ્છંદતા વધે. જો બ્રહ્મસિદ્ધાંત મુજબ બધાને સરખા જ ગણવામાં આવે તો ચાલી આવતી સમાજ વ્યવસ્થાનું શું ? કારણ કે, હાલ સમાજમાં પુત્રે પોતાનાં માતા-પિતાની સેવા કરવાની ફરજો છે, ભક્તજનો અને શિષ્યે પોતાના ગુરુદેવ અને સંત મહાપુરુષો પ્રત્યે અહોભાવ દર્શાવીને સેવા અને સમર્પણની ફરજો બજાવવાની છે. પતિવ્રતા સ્ત્રીએ સંપૂર્ણ વ્રત, પૂજા, તપશ્ચર્યા અને આરાધના કરી પતિસેવામાં તત્પર રહીને લાગણી અને જવાબદારીનું સંપૂર્ણ પાલન કરવાનું છે. તેમાં વિકૃતિ આવે તો આચાર, વિચાર અને મર્યાદા લોપ થઈ જાય.

**રાજનકી દિવાન રહીતકુ, રાખન જેહિ અધિકારુ;**
**કરે અસ્તુત અમલસે ઉપલી, અંતર નહીં પતિયારુ. ૩**

### શબ્દાર્થ

**રાજનકી** = રાજાની, રાજયના વડા અધિકારી પુરુષની **દિવાન** = પ્રધાન, વજીર **રહીતકુ** = રૈયત, પ્રજાજનો **રાખન** = રાખે છે **જેહિ** = જે રીતે **અધિકારુ** = અમલનો વર્તાવ, અધિકાર, હકૂમત, માનમર્તબો, સત્તા **કરે** = કરે છે **અસ્તુત** = સ્તુતિ, સેવા, આદર, વખાણ, ગુણગાન, તારીફ **અમલસે** = અમલને લીધે સત્તાને કારણે **ઉપલી** = ઉપલક દષ્ટિએ, દેખાવ પૂરતી જ **અંતર** = હૃદયમાં **નહીં** = નહી **પતિયારુ** = પ્રેમ, પ્રીતિ, પ્રસન્નતા ખુશ, સંતોષ, રુચી, ભાવ.

### અનુવાદ

**રાજાની સેવા દીવાને અને રૈયતે કરવાની છે છતાં સત્તાના અમલને લીધે હૃદયના પ્રેમથી નહીં પણ ઉપલક રીતે આદર કરે છે.**

### ભાવાર્થ

બ્રહ્મસિદ્ધાંતની સમદર્શી માન્યતા જો ઉવેખી નાખવામાં ન આવે તો પ્રેમ અને સમર્પણ જેવું રહેવા પામે જ નહીં. પ્રેમ માત્ર ઉપલક વ્યવહાર ખાતર દર્શાવવા પૂરતો દેખાય, પરંતુ હૃદયમાં તો સરખાપણાનો ભાવ છુપાયેલો હોવાથી સાચી પ્રસન્નતા રહેવા પામે નહીં.

એવી જ રીતે રાજા પ્રત્યે દીવાનનો અને સમગ્ર પ્રજાજનોનો સેવાભાવ જરૂરી છે. રાજાના અમલને લીધે સત્તાને ખાતર ઉપલક આદર કરે, પરંતુ હૃદયમાં સાચો પ્રેમ હોતો નથી. આમ પ્રજા અને રાજા પ્રત્યે સાચા પ્રેમથી તથા સંતોષની ભાવનાથી પ્રસન્નતા રહેવા પામે નહીં.

**તેસેહી ગુરુ શિશ માતા પિતા સુત, ઓરુ પતિવ્રત સમેતુ;**
**તેહી પણ અદબ ઉપલકી રાખત, અંતર નહીં સહેતુ. ૪**

### શબ્દાર્થ

**તેસેહી** = તેવી જ રીતે **ગુરુ** = ગુરુ પ્રત્યે **શિષ** = શિષ્ય **માતાપિતા** = માતા પિતા પ્રત્યે

**સુત** = પુત્ર **ઓરુ** = અને **પતિવ્રત** = પતિવ્રતા સ્ત્રી **સમેતુ** = સહિત, બધા **તેહી પણ** = તે રીતે તે પણ **અદબ** = વિવેક, મર્યાદા **ઉપલકી** = ઉપલક, દેખાવ પૂરતી શોભાની **રાખત** = રાખે છે **અંતર** = હૃદયમાં **નહીં** = નહીં **સહેતુ** = પ્રેમ, આદર, હેતપૂર્વક, સ્નેહપૂર્વક.

## અનુવાદ

**તેવી જ રીતે શિષ્યે ગુરુની, પુત્રે માતાપિતાની અને પતિવ્રતા સ્ત્રી પતિની સેવા માત્ર વિવેક પૂરતી ઉપલક રીતે કરે છે, પરંતુ હૃદયમાં પ્રેમ હોતો નથી.**

## ભાવાર્થ

તેવી જ રીતે ગુરુ પ્રત્યે શિષ્યને અવિવેક જાગે અને શિષ્યને ગુરુ પ્રત્યે માન કે અધિકતા ન જણાતાં સમદર્શી વ્યવહાર ઊભો થાય તો સમાજના બંધનમાં આધ્યાત્મિકતા મરી પરવારે. પુત્રને પણ જેમ માતા-પિતા પ્રત્યે સેવાનો ભાવ ન જાગે તોપણ સમાજવ્યવસ્થામાં અને સમાજના બંધારણમાં આવા અવિવેકને કારણે માન મર્યાદા કે મોભો ન જળવાતાં વિકૃતિ આવે. પતિવ્રતા સ્ત્રીને પણ પોતાના પતિ પ્રત્યે જો સમર્પણની ભાવના ન જાગે અને માત્ર પદાર્થ ભાવના તથા સાંસારિક સંબંધો જાળવવા પૂરતો વ્યવહાર જણાય તો આ ત્રણેય સંબંધોમાં માત્ર ઉપલક વિવેકની મર્યાદા હોય છે, પરંતુ હૃદયમાં પ્રેમ અને અનુરાગ હોતા નથી. તેથી તેના યોગ્ય પરિણામની કે મૂળ પ્રાપ્તિની અભિલાષા રહે નહીં. આમ, સેવા અને દાસાતનપણાનો ભાવ પેદા થતો નથી. પરિણામે સમર્પણની ભાવના પણ જાગતી નથી.

**હેત રહે કયૌ સમ દરશનસે, ઈષ્ટ અધિક બિનુ જાને;**
**આપા પર સરખુ હોય અંતર, બ્રહ્મજ્ઞાન અવિલાને. ૫**

### શબ્દાર્થ

**હેત** = પ્રેમ, લાગણી, સ્નેહ **રહે કયૌ** = ક્યાંથી રહેવા પામે **સમ દરશનમે** = સમાનતાની દૃષ્ટિકોણથી, સમદર્શીપણાથી **ઈષ્ટ** =આરાધ્યને, શ્રેષ્ઠને **અધિક** = મોટા, અધિક **બિનુ જાને** = જાણ્યા સિવાય **આપા** = પોતાના, એકબીજાના **પર** = ઉપર, પ્રત્યે **સરખુ** = સમાન **હોય** = હોય **અંતર** = માપ, માનમોભો, ઐશ્વર્ય, જુદાપણું, ભેદ, આત્મીયતા **બ્રહ્મજ્ઞાન** = બ્રહ્મજ્ઞાનના સિદ્ધાંતની **અવિલાને** = ની મુજબ, માનવાથી, ને લીધે, નિહાળતાં.

### અનુવાદ

**બ્રહ્મજ્ઞાનના મતને આધારે જો પોતાને કે અન્યને સમાનતાની દૃષ્ટિથી નિહાળતાં, તે ઈષ્ટ પોતાના કરતાં અધિક ન જણાય તો તેમના પ્રત્યે પૂજ્ય ભાવ આવતો નથી.**

### ભાવાર્થ

આ રીતે બ્રહ્મજ્ઞાનના મતને આધારે જો સંસારમાં બધી માન્યતા દૃઢ થાય તો પોતાના અને એકબીજાના પ્રત્યે સમાનતાને દૃષ્ટિકોણ કેળવાય છે. પછી સંસારમાં ભક્ત અને ભક્તવત્સલ, ગુરુ અને શિષ્ય, રાજા અને પ્રજા તેમજ પતિવ્રતા સ્ત્રી અને પતિ વચ્ચેની સન્માનતા રહેવા પામતી નથી.

સંસારમાં જ્યાં સુધી અધિકપણું કે ઈષ્ટપણાનું આરોપણ પ્રસ્થાપિત ન કરીએ ત્યાં સુધી તે વ્યક્તિ કે પદ માટે આપણા હૃદયમાં આદર કે ભક્તિભાવ પેદા થતો નથી. માત્ર બાહ્યાચાર અને શારીરિક વ્યવહારથી વિવેક કરી શકાય છે, પંરતુ સમર્પણનો ભાવ હૃદયમાં ઊભો થતો નથી.

**એહી પરકાર સકલ ભવભરમે, વિટંડ થઈને સબહી;**
**ભરમે ભરમ ભમે ભવસાગર, નિજપદ પાય ન કબહી. ૬**

#### શબ્દાર્થ

**એહી પરકાર** = એજ પ્રમાણે **સકલ** = સારાયે **ભવભરમે** = વિશ્વમાં, જગતમાં, સંસારમાં **વિટંડ** = પાખંડી, વિતંડી, સત્યનું ખંડન કરનાર વૃત્તિવાળા, સ્વચ્છંદી **થઈને** = થઈને **સબહી** = બધા **ભરમે ભરમ** = ભ્રમણાયુક્ત, ભ્રમણાઓમાં **ભમે** = વિચરે, ભમ્યા કરે **ભવસાગર** = જન્મમરણના ભવ દુઃખમાં, ભવસંકટના દુઃખમાં **નિજપદ**=પરમપદ, મૂળ સર્જનહારનું પરમ કર્તાપદ **પાય ન** = પ્રાપ્ત કરી શકે નહીં, મેળવી ન શકે **કબહી** = ક્યારેય પણ, કદી પણ.

### અનુવાદ

**એ પ્રમાણે જગતમાં બધા વિતંડી થઈને ભ્રમણાયુક્ત જન્મમરણમાં ભટક્યા કરવાથી નિજકર્તા પદને કદાપિ પ્રાપ્ત કરી શકે નહીં.**

## ભાવાર્થ

આ પ્રમાણે સંસારમાં જો સર્વ માનવો બ્રહ્મજ્ઞાનના આધારે સમદર્શીપણામાં જીવન જીવે તો કોઈ-કોઈના હૃદયમાં સેવાનો કે સમર્પણનો ભાવ રહેવા પામે નહીં. બધા જ સત્યનું ખંડન કરવાની વૃત્તિ રાખીને સ્વચ્છંદી બની જાય છે. હું જ બ્રહ્મ સ્વરૂપે છું તેવું આત્માભિમાન કેળવીને ભમ્યા કરે છે. તેઓ પોતાના ઈષ્ટદેવ પ્રત્યે શ્રદ્ધા ને પ્રેમ તેમજ અનુરાગી બન્યા સિવાય ભક્તિનું અને સેવાના અભાવે પોતાનું કલ્યાણ સાધી શકતા નથી. આ પ્રમાણે સર્વની આવી પરિસ્થિતિ થાય તો સઘળો સંસાર જન્મમરણના ફંદમાં ફોગટના ભમ્યા કરે છે. કદાપિ પોતાના ચૈતન સ્વરૂપને પણ ન ઓળખી શકવાથી તે ચૈતન જેના વંશનો છે તેવા મહદ્ ચૈતન સર્જનહારના પરમપદને પણ ન સમજી શકે. અંતે ચોરાસીમાં ભટક્યા સિવાય બીજો કોઈ વિકલ્પ રહે નહીં. પરિણામે પરમ કર્તાપદને પ્રાપ્ત કરવાનો અવસર ક્યારેય પણ ઊભો થાય જ નહીં.

**સહસ્ત્રબેર ધિક્ ધિક્ તેહુનકુ, ક્રતા વિમુખ નરનારી;**
**બોહોત જનમકી ખેપ મનુષ તન, ગયે સકલ સબહારી. ૭**

### શબ્દાર્થ

**સહેસ્ત્ર બેર** = હજારોવાર **ધિક્ ધિક્** = ધિક્કાર, ફિટકાર, નિંદાને પાત્ર **તેહુનકુ** = તેમને, તેઓને **ક્રતા** = સર્જનહારથી **વિમુખ** = વિપરિત, વિરુદ્ધ, પ્રતિકૂળ, ઊલટું **નરનારી** = સ્ત્રી અને પુરુષ **બોહોત** = બહુ જ, ઘણા **જનમકી** = જન્મોની **ખેપ** = આંટો ખાવાના, સફર, લાંબી મુસાફરી **મનુષ તન** = મનુષ્યનો દેહ, માનવશરીર **ગયે** = ગયા **સકલ** = બધા જ, સર્વ **સબહારી** = તમામ હારી જવું, નિષ્ફળતા પ્રાપ્ત કરવી.

## અનુવાદ

**જે સ્ત્રી-પુરુષો કર્તાથી વિમુખ છે તેમને હજારોવાર ધિક્કાર છે કારણ કે ઘણા જન્મોની લાંબી મુસાફરીના અંતે પ્રાપ્ત થયેલો માનવદેહ સર્વ પ્રકારે હારી ગયા છે.**

## ભાવાર્થ

જે સ્ત્રી અને પુરુષો સર્જનહારના કર્તાપદથી અજાણ્યા રહે છે, એવા પ્રતિકૂળ વલણ ધરાવતા જીવ સંસારમાં હજારોવાર ધિક્કારને પાત્ર છે. કારણ કે, જ્યારથી

સર્જનહારના પરમ ધામમાંથી નીકળ્યા પછી હજારો યુગો વીતી ગયા હોય અને તે સમય દરમિયાન અસંખ્ય ઘાટમાં રખડતા ફરીને લાંબી મુસાફરી બાદ અતિદુર્લભ મનુષ્યશરીર પ્રાપ્ત કર્યું હોય છે. છતાં પણ આવું મનસ્વી જીવન જીવીને માનવ આ જન્મે મેળવવા પાત્ર ઈષ્ટ દેવ કે સમર્થગુરુની કૃપા પ્રાપ્ત કરી શકતો નથી. આમ પોતાના આત્મકલ્યાણની પ્રવૃત્તિ આદરી ન શકવાને કારણે સાંસારિક સંબંધોથી માંડીને ભૌતિક અને આધ્યાત્મિક સંપત્તિ ગુમાવીને નિષ્ફળતા વહોરી ફરીથી જન્મમરણના ચક્રમાં ચોરાસી લાખ પ્રકારના ઘાટમાં ભટકે છે.

**અહો પાપી ફટ ફટ જીવન તુજ, વિચરે ક્તા વિસરહી;**
**જીનકે દીયે સકલ તન મન ધન, ભુગતમાન સબ કરહી. ૮**

### શબ્દાર્થ

**અહો પાપી** = અહો હે પાપી **ફટ ફટ જીવન તુજ** = તમારા જીવનને ફિટકાર છે, ધિક્કાર છે **વિચરે** = રખડે છે ફરે છે **ક્તા** = સર્જનહારને **વિસરહી** = ભુલી જઈને, વીસરી જઈને **જીનકે દીયે** = જેમનું દીધેલું, જેમણે આપેલું **સકલ** = બધું જ, સર્વ, સઘળું **તન** = શરીર, દેહ **મન** = મન, અંતઃકરણ **ધન** = સંપત્તિ, દોલત, સમૃદ્ધિ, **ભુગતમાન** = ભોગવી **સબ** = બધું **કરહી** = કરી રહ્યો છે, કરે છે.

### અનુવાદ

**અહો હે પાપી ! તારા જીવનને ફિટકાર છે. કારણ કે જેમના આપેલા તન, મન અને ધન સર્વ ભોગવે છે. તેમ છતાં નિજકર્તાને ભૂલીને વિશ્વમાં વિચરે છે.**

### ભાવાર્થ

આ રીતના વલણને વળગીને જીવન જીવતા માનવી પુણ્ય તો કમાઈ શકતા નથી, પરંતુ માત્રને માત્ર પાપનું ભાથું જ ભેગું કરીને પાપી તરીકે જીવન વ્યતીત કરતા હોય છે. એવા જીવને ધિક્કાર છે. સર્જનહારને ભૂલીને તેમના દ્વારા રચેલી સૃષ્ટિની સંપત્તિ અને વૈભવને ભોગવી ખટરસના સ્વાદ માણે છે, તથા પ્રકૃતિની પકડમાં બંધાઈને ઇન્દ્રિયોના ભોગ વૈભવમાં રચ્યા-પચ્યા રહીને સર્જનહારની દીધેલી સર્વ વિભૂતિનો સ્વચ્છંદપણે ઉપભોગ કરે છે. વળી, માનવદેહમાં પોતે ચૈતનઅંશ

સ્વરૂપે નિવાસ કરીને ગુણ, ઘણ, અંતઃકરણ અને પ્રકૃતિનાં તત્ત્વોનો પોતાની ઈચ્છા થી મનસ્વીપણે ઉપયોગ કરીને કર્મોના બંધનોમાં બંધાય છે.

**સો ભુગતી જબ ભયે કૃતઘ્ની, લંપટ લુણ હરામી;**
**તીનકી ગુનેગારી રોઉ રોઉમે કાઢે સકલ બરામી. ૯**

### શબ્દાર્થ

**સો** = તેને **ભુગતી** = ભોગવીને **જબ** = જ્યારે, ત્યારે, **ભયે** = થયો, થઈને **કૃતઘ્ની** = નમક હરામી, કરેલા ઉપકારને ભુલી જનાર **લંપટ** = હરામખોર, વિષયોમાં ખટડાઈ ગયેલ, વ્યભિચારી, લુચ્ચું, છીનારવો, કામી **લુણહરામી** = અહેસાન ને ભુલી જનાર દુષ્ટ, બદમાશ, હરામખોર, બે વફા, અણહક્કનું ખાનાર **તીનકી** = તેમની **ગુનેગારી** = અપરાધી, ગુનેગારી, દોષી, ચોર, પાપી **રોઉ રોઉમે** = રોમ રોમમાં, દરેક રુવાડામાં **કાઢે** = વસૂલ કરવાનો **સકલ** = બધુ જ **બરામી** = બહેકાવીને, સામે ચાલીને, અપરાધ નિકાલીને, વ્યવસ્થા કરીને, તહોમતદારી, હું પણું, અહંકાર, ગુમાન.

### અનુવાદ

**તેને ભોગવીને જ્યારે તું ઉપકારને ભૂલી જઈ લંપટ અને ઋણ હરામી બન્યો છે. તેવા ગુનાની શિક્ષા બદલ રોમ રોમમાં વ્યાપેલા બધા જ અપરાધને તે વસૂલ કરશે.**

### ભાવાર્થ

દુર્લભ મનુષ્યદેહ પ્રાપ્ત કર્યા પછી, સર્જનહાર દ્વારા નિર્માણ કરેલી સર્વ વિભૂતિને ભોગવવા માંડ્યા અનેક પ્રકારની સગવડો ભોગવીને તમામ પ્રકારનાં સુખોનો અહેસાસ કરી મોજ-મજા અને વ્યભિચારી જિંદગી જીવીને લપંટ બની ગયા. સર્જનહારના ઉપકારને ભૂલીને તેમની કદર કરવાના બદલે નમકહરામ બની અન્યને કષ્ટ દાયક બને તેવાં કાર્યોમાં જ ચાહના રાખીને સદા રચ્યા-પચ્યા રહ્યા. પોતાના હક્ક સિવાયના વ્યક્તિ સાથે શરીર સંબંધ બાંધી ગુનાઓના અપરાધી બન્યા. આવી રીતે રોમ રોમમાં વ્યાપી ગયેલા ગુનાઓની શિક્ષા કર્તાના ન્યાયે ભોગવવી પડશે અને યમદૂતો ત્રાસ આપીને વસૂલ કરશે તેનો પણ વિચાર કર્યો નહીં.

**સરજનહારકી સકલ સમરધી, કરી ખરાબી ખઈને;**
**તીનકી કછુ ન કરી બંદગી, દુષ્ટ ભોલવ્યા દઈને. ૧૦**

### શબ્દાર્થ

**સરજનહારકી** = સર્જનહારની **સકલ** = તમામ, બધી જ **સમરધી** = સમૃદ્ધિ, વૈભવ, ઐશ્વર્ય, સંપત્તિ, જહોજલાલી, આબાદી **કરી ખરાબી** = ખરાબ કરી, નુકસાન, વ્યર્થ ગુમાવી દઈને, ભોગવીને **ખઈને** = માણીને **તીનકી** = તેમની **કછુન** = સહેજપણ નહીં **કરી** = કરી **બંદગી** = સ્તુતિ, પ્રાર્થના ભક્તિ **દુષ્ટ** = દુષ્ટ, નઠારું, અધમ, પાપી, **ભોલવ્યા** = ભોળવી, ફોસલાવી **દઈને** = દઈને.

### અનુવાદ

**સર્જનહારની સર્વ સમૃદ્ધિને માણીને વ્યર્થ ગુમાવી દીધી છતાં કર્તાની સહેજ પણ સ્તુતિ પ્રાર્થના કરી નહીં. એવા દુષ્ટોએ જગતના જીવને પણ ભોળવી દીધા છે.**

### ભાવાર્થ

વિશ્વમાં બ્રહ્મની સર્વોપરીતા સિવાય અન્ય કોઈ મહાન પદ નથી. દરેકમાં એકસરખી સામ્યતા સમાયેલી છે. તેવી વિચારધારા ધરાવીને સંસારમાં વકરી ગયેલા દુષ્ટોએ જગતના ભોળા જીવને પણ ભોળવી દીધા છે. આમ તેમણે ઉપાસના કે ઈષ્ટભાવનો નાશ કર્યો છે. વળી, મનુષ્યદેહે શક્ય તેટલી વિશેષ પ્રમાણમાં સર્જનહાર દ્વારા બનાવેલી વિવિધતા ભરેલી રચનાઓનો પોતાના સુખાકારી માટે ઉપભોગ કરવા લાગ્યા. અન્ય જંગમ જીવ ઉપર પ્રાધાન્ય જમાવીને, તેમને વશમાં લઈને પોતાના અંગત જીવનમાં તેનો વૈભવી ઉપયોગ કરવા માંડ્યા. આમ તમામ પ્રકારની સર્જનહાર દ્વારા બનાવેલી સમૃદ્ધિનો ઉપયોગ કરવા છતાં સર્જનહારની સ્તુતિ-પ્રાર્થના પણ કરી નહીં. સર્વ વિભૂતિને પોતાના સુખાકારી અર્થે વાપરીને વ્યર્થ ગુમાવી દીધી, તેમજ મહામોંઘા મળેલા મનુષ્યદેહ પણ મુક્તિના કાર્ય માટે સાધન તરીકે ઉપયોગ ન કરીને કે કર્તાની સહેજ પણ બંદગી ન કરીને નાહકનો વ્યર્થ ગુમાવ્યો છે.

**અરે ઓ અધમ અચેત અંધ અજ્ઞાની, ક્તા ઠગીત કીત જાઈ;**
**રોમ રોમ રગ રગકી જીનકુ, નથી અજાણી તાઈ. ૧૧**

### શબ્દાર્થ

**અરે ઓ અધમ** = અરે ઓ પાપી હલકટ, નઠારું, ધિક્કારના યોગ્ય, પામર, ખટપટી કુટિલ **અચેત** = જળ, બે ખબર, બેભાન, ચેતન વિનાનું ગાફલ, અશુદ્ધ **અંધ** = આંધળો, નેત્રહિન **અજ્ઞાની** = જ્ઞાન વગરનો અભણ, અજાણ, અજ્ઞાનથી ભરેલું, મૂર્ખ **કતા** = સર્જનહારને **ઠગીત** = ઠગીને **કીત** = કયાં જાઈ = જઈશ **રોમરોમ** = રોમ રોમમાં, નાનામાં નાની, અણુથી માંડી **રગરગકી** = દરેકે દરેક બાબત, સઘળી માહિતી **જીનકુ** = જેમને **નથી** = નથી **અજાણી** = અજાણ્યું, જાણ સિવાયનું **તાઈ** = તેઓને, તેમનાથી.

### અનુવાદ

**અરે ! ઓ અધમ, અચેત, અંધ અને અજ્ઞાની ! કર્તાને ઠગીને કયાં જશો ? રોમ રોમ અને રગ રગની માહિતી તેમનાથી અજાણી નથી.**

### ભાવાર્થ

સર્જનહારે સૃષ્ટિ રચીને અસંખ્ય શરીરમાં રમણ કરવા માટે પોતાના સજાતિ અંશોને મોકલ્યા છે. એટલું જ નહીં, પરંતુ દરેક જીવ મન અંતઃકરણથી કે ઇંદ્રિયોથી જે કર્મો-ક્રિયા કરે છે, તેનું સોહંગ પ્રણવના માધ્યમથી તેઓ નોંધ લેતા હોય છે. દરેકના માટે જરૂરી હવા, પાણી અને ખોરાક તેમજ વિવિધતાપૂર્ણ ભૌતિક વિભૂતિપણ બનાવી છે, જેથી દરેક ઉપભોક્તા બનીને તેના બદલા રૂપે સર્જનહારને યાદ કરે અને પોતાના આત્મકલ્યાની પ્રવૃત્તિ આદરીને સર્જનહારને પાછા જઈને મળે. જેથી અંશના જન્મમરણનું ભવસંકટ સદાને માટે ટળી જાય, પરંતુ અહીં આવ્યા પછી જીવ સંસારમાં ઈષ્ટ અને અધિકતાના પદને ત્યજીને સમદર્શી દૃષ્ટિકોણમાં રચવા લાગ્યા. કોઈમાં અધિકતા જણાઈ નહીં. જેના દ્વારા આપેલી સઘળી રચનાનો ઉપભોગ કરવા લાગ્યા પણ તેમની બંદગી કે ઋણ અદા ન કર્યું, પરંતુ ઠગવાની વૃત્તિથી જીવન જીવવા લાગ્યા. સર્જનહારનો ડર પણ ન રહ્યો કે કર્મના સિદ્ધાંત મુજબ જેવું કર્મ તેવું તેનું ફળ ભોગવવું પડશે તે પણ વિચાર્યું નહીં.

આ રીતે અધમ કાર્યો જ્ઞાન વગરના આંધળાં જીવ ગાફલ બનીને વૈભવશાળી જિંદગી જીવીને અંતે જન્મમરણ ભોગવતા રહ્યા છે. વળી એ પણ ભૂલી ગયા કે કર્તા તો સજાણ છે. શરીરના રોમેરોમ અને રગેરગની માહિતી જાણનારા છે. તેથી

તો દરેકને સત્કર્મો પ્રમાણે પુણ્ય ભોગવવા સારી જિંદગી અને દુષ્કર્મો પ્રમાણે દંડ ભોગવવા યમના દરબારમાં મોકલે છે.

**સો કયો વિન ભૂક્તાયન રહેવત, કરણી કંચિત ભરની;**
**એસે ન્યાય વિના એહી નાટક, સબ કોય હોય અશરની. ૧૨**

### શબ્દાર્થ

**સો** = તેથી તો **કયો** = કેમ **વિન** = વગર **ભૂક્તાયન** = ભોગવ્યા **રહેવત** = રહી શકે **કરણી** = કર્મો, કાર્યો **કંચિત** = કાંઈ પણ, સહેજ પણ ભ**રની** = ભોગવવું **એસે** = એવા **ન્યાયવિના** = ન્યાય વગર **એહી નાટક** = આ ખેલ **સબકોય** = બધા જ, તમામ **હોય** = હોય, થાય **અશરની** = સ્વચ્છંદ, શરણ વિના, સ્વચ્છંદી થઈ જાય.

### અનુવાદ

**તો પછી કરણી તેવી ભરણી ભોગવ્યા સિવાય કેમ રહી શકાય ? એવા ન્યાય વિના આ ખેલમાં બધા જ શરણ વિનાના સ્વચ્છંદી થઈ જાય.**

### ભાવાર્થ

સર્જનહારે આ પ્રમાણે ગોઠવણ ન કરી હોત તો દરેકનાં કર્મો પ્રમાણે પાપ અને પુણ્યનો બદલો કેવી રીતે આપત ? સંસારમાં ઘણા જન્મથી જ દુ:ખી હોય છે તો ઘણા જન્મથી અપાર સુખમાં મોટા થતા હોય છે. આવો તફાવત હોવા પાછળનું મૂળ કારણ કર્મનો સિદ્ધાંત છે. જેનું ન્યાયપૂર્ણ રીતે સદાને માટે શાસન ચાલતું હોય છે.

સર્જનહારે આ જગત રૂપી ખેલ પોતાની સ્વેચ્છાથી શુદ્ધ સંકલ્પ દ્વારા ખીલવ્યો છે તેમાં સૌ અંશો પોત પોતાનાં કર્મો પ્રમાણે દેહ પ્રાપ્ત કરી પાત્ર ભજવી રહ્યા છે. આ સઘળું સંચાલન સર્જનહાર પોતાના જ હકૂમતથી સ્વયં કરે છે અને તે પણ સત્ય ન્યાયના આધારે ન્યાય આપે છે. કિંચિત કર્મ તેનો બદલો ભોગવ્યા સિવાય બાકી રહેતું નથી. જો સર્જનહાર આ પ્રમાણેનો અદલ ઈન્સાફ ન કરે તો જગતના તમામ જીવ સ્વચ્છંદી બની જાય અને કોઈનું પણ શરણ સ્વીકાર્યા સિવાયના અશરણ થઈ જાય.

**અશરન સો બીન ઈષ્ટ ઉપાસન, દાસ નહીં કોઉં કિનકે;**
**જ્ઞાન ભક્તિ વૈરાગ્ય બિના ભવ, હોઈ જાય વરત વહિનકે. ૧૩**

### શબ્દાર્થ

**અશરણ** = શરણ સિવાય **સો** = તેઓ **બીન** = વગર, સિવાયના **ઈષ્ટઉપાસન** = મોટાની ઉપાસના ભક્તિ **દાસ** = દાસતન પણુ **નહીં** = નહીં **કોઉં કિનકે** = કોનું, કોણે, કોનું કોઈને, કોઈનું કોઈના માટે **જ્ઞાન** = ધર્મ પ્રેક્ષ સમજ **ભક્તિ** = સેવા, પૂજા, અર્ચના **વૈરાગ્ય** = સંસાર પ્રત્યેનો અભાવ, માયા અને પ્રકૃત્તિ પ્રત્યે અભાવ **બિના** = વગર **ભવ** = વિશ્વ, જગત, **હોઈ જાય** = થઈ જાય **વરત** = વ્રથા, અમસ્તુ, વ્રત **વહિનકે** = વહી જાય, પસાર થઈ જાય.

### અનુવાદ

**શરણું સ્વીકાર્યા સિવાય અને કોઈના પ્રત્યે દાસાતન ભાવ ન હોય તો કોણ, ઈષ્ટની ઉપાસના કરે ? જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય સિવાય ભવસાગરમાં બધા વ્રથા વહી જાય.**

### ભાવાર્થ

અક્તપદના આધારે જો વિશ્વમાં ઈષ્ટપદનો નાશ થાય તો પછી સમગ્ર સંસારમાં કોઈ વ્યક્તિ અન્ય પ્રત્યે દાસાતનપણું સ્વીકારે નહીં. દાસાતનપણા સિવાય હ્રદયમાં પ્રેમ જાગે નહીં. પોતાના કરતાં અન્ય મહાન છે તેવી વૃત્તિ જાગ્રત ન થાય ત્યાં સુધી મહાનપદ માટે પ્રીતિ-આદર જાગે નહીં અને પ્રીતિ વગર શરણું સ્વીકારીને ઉપાસના કરવાનો ભાવ પ્રગટ થઈ શકે નહીં. જગતમાં ભક્તિનો અભાવ થાય તો જ્ઞાનનો કોઈ અવકાશ ન રહે અને તેવું થતાં કોઈ પણ વ્યક્તિને સંસારના નાશવંત પદાર્થો પ્રત્યે કે માયાનાં સ્વરૂપો પ્રત્યે નફરતની ભાવના ઊભી ન થાય. આમ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ વિના જગતના અથાગ મહાસાગરમાં બધા જ મોંઘા મળેલ મનુષ્યદેહને વૃથા ગુમાવી દઈ બધા ભવસંકટના પ્રવાહમાં ખેંચાતા જાય. કોઈ તેમાંથી પાર ઊતરી શકે નહીં. આ પ્રમાણે જ્ઞાન, ભક્તિ અને વૈરાગના વ્રત વિના જગતના પ્રવાહમાં વ્યર્થ વહી જાય.

**વરત સકલકે યેમ નેમ સાધન, પુનિ ભજન જપ જેહી;**
**ઓરુ તપ તિરથ વિદ્યા વિલોકન, નિત્ય નેમ જીનુ જેહી. ૧૪**

### શબ્દાર્થ

**વરત** = પ્રથા, વ્રત **સકલકે** = બધાના **યેમ** = યમ, અપરિગ્રહ, નિગ્રહ, સંયમ, સત્ય અને અસ્તેય એ પાંચનો સમૂહ **નેમ** = નિયમ, ધર્મની પ્રતિજ્ઞા, વ્રત, બાધા **સાધન** = ઈશ્વરપ્રાપ્તિ માટે જરૂરી તપ સંયમ ઉપાસના, સિદ્ધિ પ્રાપ્ત કરવા કરાવવામાં આવતી ક્રિયા **પુનિ** = વળી **ભજન** = ઈશ્વર માટે ની સ્તુતિ પ્રાર્થના, નામ સ્મરણ, ભક્તિ **જપ** = ઈષ્ટ દેવના નામ મંત્ર વગેરેનુ મૌખિક યા મનથી માળા વડે કરવામાં આવતું આવર્તન, વારંવાર નું સ્મરણ રટણ **જેહી** = તે **ઓરુ** = અને **તપ** = તપસ્યા ઇંદ્રિય દમન, બાર વર્ષનો ગાળો કે સમય **તિરથ** = તીર્થ, પવિત્ર સ્થાન, પુણ્યભૂમિ, યાત્રાનું સ્થાન **વિદ્યા વિલોકન** = જ્ઞાનને તપાસવું, નિહાળવું, જોવું **નિત્ય** = દરરોજ, હમેશાંને માટે **નેમ** = નિયમ **જીનુ** = જેનો **જેહી** = જે, તે.

### અનુવાદ

**સર્વ પ્રકારના વ્રત, યમ, નિયમ, સાધન, ભજન, તપ, તીર્થ અને જ્ઞાન અવલોકન વગેરે જે નિત્યક્રમના સાધનો છે તે...**

### ભાવાર્થ

અગાઉના શાસ્ત્રકારોએ ધર્મમાર્ગમાં પ્રવૃત્તિમય રહેલા જીવનાં કલ્યાણ અર્થે તેમજ અંગત જીવનમાં કરવા યોગ્ય કાર્યો પ્રત્યે વિધિ અને નિષેધ અંગે ઘણી સમજૂતી આપેલી છે.

વળી જ્ઞાન, ભક્તિ અને વૈરાગના આધારે જીવન જીવવા માગતા મુમુક્ષુઓએ ભલે પછી તે સંસારી હોય કે સંન્યાસી હોય, પરંતુ તેમના જીવનમાં ધર્મનું બંધારણ અતિ મહત્ત્વનું છે. જેથી દરેક પ્રકારનાં વ્રત, યમ, નિયમ, ભજન, જપ, તપ, તીર્થ અને જ્ઞાનનું અવલોકન વગેરે ધાર્મિક પ્રવૃત્તિ દરરોજ કરવી જોઈએ. તેથી મનોરંજન અને આત્મ મંજનની આવી પ્રવૃત્તિઓ પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સંધ્યાકાળે કરવી તેમ નક્કી કરવામાં આવેલું છે. જો તે બધા જ નિયમો...

**તેહી સકલ સબ લોપ હવીત રિત, જીતતીત વીકલ વિચરહી;**
**આડ અટક બિનુ કેદ કબજ બિનું, યૌ જગ હોય ઈતરહી. ૧૫**

### શબ્દાર્થ

**તેહી** = તે **સકલ** = બધું જ **સબ** = બધાયમાં **લોપ** = લુપ્ત, નષ્ટ, અદૃશ્ય, ત્યજીને **હવીત** = હોવું, થવું **રિત** = પદ્ધતિ, નક્કી કરેલ આચરણ, રિવાજ, ધારો, શિરસ્તો, પ્રથા

**જીતતીત** = જ્યાં ને ત્યાં, જેમ ફાવે તેમ **વિકલ** = વ્યાકુળ, ભયભીત, ગભરું **વિચરહી** = વિચરણ કરે, વર્તમાન કરે, ભ્રમણ કરે, રખડ્યા કરે **આડ અટક** = રોક ટોક, અટકાયત, વાંધો કે વિરોધ **બિનુ** = વગર **કેદ કબજ** = બંધન મુક્ત, બંધારણ, કેદીનો જાપ્તો કરવો **યૌ** = આ પ્રમાણે **જગ** = જગત, વિશ્વ **હોય** = હોવું, થાય **ઈતરહી** = ફાલતું, ભિન્ન, બીજું, અન્ય, મિથ્યા, મોટાઈ.

## અનુવાદ

**તે બધું જ બધામાંથી લોપ થઈ જાય અને કોઈ પણ પ્રકારની રોકટોક, બંધન કે જાપ્તો ન હોય તો બધા વ્યાકુળ બનીને જ્યાં ને ત્યાં રખડ્યા કરે. આ પ્રમાણે થાય તો બધા જગતથી ભિન્ન થઈ જાય.**

## ભાવાર્થ

સંસારમાં પોતાના માનેલ ઈષ્ટ માટે આદર ભક્તિ ન રહે અને વ્રતો, યમ, નિયમ, જપ, તીર્થ, ભજન, તેમજ ધર્મ સ્થાપકો દ્વારા રજૂ કરેલ જ્ઞાનનું પઠન-પાઠન અને મનન, આ બધું જ બધાં ધર્મપરાયણ મુમુક્ષુઓમાંથી દૂર થઈ જાય તો માનવ, માનવ ન રહેતાં પશુ સમાન થઈ જાય. જો સમાજમાં ધર્મની રોકટોક ન રહે કે ધર્મનાં બંધનોનો પ્રભાવ દૂર થઈ જાય તો સંસારના સર્વ જીવ સ્વચ્છંદ બનીને મનસ્વી જિંદગી જીવતા, ધણી વગરના ઢોરની જેમ રખડતા થઈ જાય. આ પ્રમાણે થતાં વિશ્વ રૂઢિગત ચાલતી આવેલી સામાજિક વ્યવસ્થાથી ભિન્ન થઈ જાય. અધર્મનો ફેલાવો થતાં પર્યાવરણમાં પણ સંતુલન રહેવા પામે નહીં. અંદરો-અંદર દેહ વ્યવહાર રહે પણ આત્મીયતાનો સંબંધ નષ્ટ પામે.

**ઈતરૈ સો આપને મત વરતત, અધરમ ધરમ ન જાને;**
**વહિત વચન આચારજકે હોઈ, ભ્રમે સકલ અજ્ઞાને. ૧૬**

### શબ્દાર્થ

**ઈતરૈ** = આ બધાં **સો** = તો **આપને** = પોતાના **મત** = મંતવ્ય મુજબ ઈચ્છા મુજબ **વરતત** = વર્તન કરે તો **અધરમ** = નિષેધ **ધરમ** = વિધિ, કરવા યોગ્ય ફરજો **ન** = નહીં **જાને** = જાણે **વહિત** = વહિતળ, ઉદ્ધત, ઉન્મત, અહંકારી, અવિનયી **વચન** = વાણી **આચારજકે** = ધર્માચાર્યોના **હોઈ** = હોવાથી ભ્રમે = રખડે, રઝળે **સકલ** = બધા જ, સર્વ, તમામ **અજ્ઞાને** = અજ્ઞાન દશામાં, અજ્ઞાનતા વશ જ્ઞાન વગર.

## અનુવાદ

**આ બધા ધર્મ અધર્મને જાણ્યા સિવાય પોતાના મત પ્રમાણે વર્તે છે . ધર્માચાર્યોના વહિતળ વચનો હોવાથી સૌ અજ્ઞાન દશામાં જ રખડે છે.**

## ભાવાર્થ

જેઓના મનને વિશે ઈષ્ટપદ જેવું કશું છે જ નહીં તેવા જીવને ધર્મ શું જડી બુટ્ટી છે અને અધર્મમાં શું સમાયેલું છે તેની ખબર હોતી નથી. પોતાના જીવનમાં અવશ્ય કરવા યોગ્ય અને પાળવા યોગ્ય આચાર, વિચાર, કર્તવ્ય, આચરણ, શાસ્ત્રોક્ત વિધિ-નિષેધની સમજનો અભાવ હોય છે તથા અનીતિની જાગૃતતા પણ હોતી નથી. આમ, મનુષ્યમાત્રને માટે સામાન્ય ફરજો જે રીતે મનુસ્મૃતિમાં નક્કી કરેલી છે, તે સમાજના બધાએ ધારણ કરવી જોઈએ. તેના વિના સમાજની રક્ષા શક્ય નથી. રક્ષાયેલો ધર્મ જ બધાની રક્ષા કરે છે. જેમાં જાતિ કે વર્ણ જોવાતી નથી. ભલે પછી તે સંસારમાં ગૃહસ્થી, બ્રહ્મચારી, વાનપ્રસ્થી કે સંન્યાસી હોય, પરંતુ પોતાના ધર્મ પ્રમાણે દરેકે વર્તવાની ફરજ છે.

સમાજને ધર્મ અને અધર્મનું જ્ઞાન પૂરું પાડનાર ધર્મગુરુ સાત્ત્વિક લક્ષણવાળા હોય તો મનુષ્યને સત્યા-સત્યનો યથાવત્ બોધ થાય, પરંતુ જો ધર્માચાર્યોનાં વચનો ઉન્મત્તકારી અને અવિનયી હોય તો સમાજને ધર્મ-અધર્મની પહેચાન થતી નથી. જેથી અજ્ઞાનતા વશાત્ જીવ મનસ્વીપણે વર્તન કરી રખડ્યા કરે છે. તેમને આત્મકલ્યાણની કે અન્ય પ્રત્યે પરોપકારની વૃત્તિ સૂઝતી જ નથી.

**એહી વિધિ વિશ્વ સકલ અચરાચર, જડ પશુવત ગતિ હોઈ;**
**ઈષ્ટદેવ અનુકરમ વિના કુલ, ભવિત ઘોર અગ સોઈ. ૧૭**

## શબ્દાર્થ

**એહી વિધિ** = આ રીતે, આ પ્રમાણે **વિશ્વ** = જગત **સકલ** = બધું જ **અચરાચર** = જંગમ, જાતિના ચારો ન ચરતા સર્વ ઘાટ **જડ** = જાડી બુદ્ધિના મૂઢ, લાગણી કે અસર વિનાના **પશુવત** = પશુ સમાન **ગતિ** = સમજ, બુદ્ધિ **હોઈ** = હોય છે, હોવાથી **ઈષ્ટદેવ** = આરાધ્યદેવ **અનુકરમ** = પ્રત્યે કોઈ પણ કર્મો, ફરજ **વિના** = વગર, સિવાય **કુલ** = બધા જ **ભવિત** = થયા, બન્યા **ઘોર અગ** = ગાઢ અજ્ઞાની **સોઈ** = તેઓ.

## અનુવાદ

**આ પ્રમાણે વિશ્વના જંગમ જાતિના ચારો ન ચરતા ધાટો પશુની જેમ ગતિવાળા જડ થવાથી ઈષ્ટદેવને પામવાના કર્મો સિવાય સર્વ ઘોર અજ્ઞાની થઈ ગયા છે.**

## ભાવાર્થ

આવું મનસ્વી વર્તન કરીને જીવન જીવતા ચારો ન ચરનારા જંગમ ઘાટમાં મનુષ્ય જાતિના ઘાટ પશુ જાતિના ઘાટની જેમ વ્યવહાર કરતાં કરતાં જાડી બુદ્ધિના થઈ ગયા છે. તેઓ સ્વતંત્રપણે કોઈની રોકટોક સિવાય બંધન વગરનું સ્વચ્છંદી જીવન વિતાવીને રખડી ખાય છે. વળી, પોતાના આરાધ્યદેવ પ્રત્યે કે અન્ય ઈષ્ટ પદો પ્રત્યે આદર કે હૃદયનો પ્રેમભાવ દાખવતા નથી. વળી, પોતાના દ્વારા કરવા યોગ્ય કર્મો અને ફરજો બજાવ્યા સિવાય ઘોર અજ્ઞાન દશામાં પોતાના અમૂલ્ય તથા દુર્લભ માનવદેહને ફોગટ વેડફી રહેલા છે. પરલોકમાં જઈને દૈવી ધામોના નાશવંત સુખોવાળી ચાર પ્રકારની મુક્તિ અંગ કે પોતાના ચૈતનઅંશની અખંડ મુક્તિના શાશ્વત સુખ મેળવવાના સંદર્ભમાં ધર્માચરણની યોગ્ય પ્રવૃત્તિ કર્યા વિના જન્મમરણના ઘટક્રમમાં ભટક્યા કરે છે.

**જદીપ ઘોર અબ હોહુ સકલમે, આપનુ આપ વીતરહી;**
**પુની કરતારનકે ગમ ગતકી, જાવહી જાણ વિસરહી. ૧૮**

### શબ્દાર્થ

**જદીપ** = જ્યારે **ઘોર** = ઘોર અજ્ઞાન, અંધકાર **અબ** = હવે **હોહુ** = થઈ ગયો **સકલમે** = બધાયમાં, સૌમાં **આપનુ** = પોતાનું સ્વ-ચૈતનસ્વરૂપ, સર્જનહારની સજાણજાણ સ્વરૂપ, સર્જનહારના સજાતિ ચૈતનઅંશ સ્વરૂપ **આપ** = પોતે, સ્વયં **વીતરહી** = આસક્તિ નષ્ટ થઈ જવી, અનાસક્ત, વિતરાગી **પૂની** = વળી **કરતારનકે** = સર્જનહારની **ગમ ગતકી** = સમજ અને અગમજ્ઞાન ગતિ **જાવહી** = જાય છે, ગઈ છે **જાણ** = સમજ, ઓળખ, અંગેની માહિતી **વિસરહી** = વિસર્જન પામી, ભૂલી ગયા.

## અનુવાદ

**જ્યારે સર્વ જીવમાં ઘોર અજ્ઞાન વ્યાપ્યું ત્યારે સૌ પોતાના ચૈતન સ્વ-સ્વરૂપથી**

**વિત્તરાગી બન્યા. આથી કર્તાની અગમ ગતિની જાણ પણ વિસરાઈ ગઈ.**

## ભાવાર્થ

આ રીતે જ્યારે જગતના જીવ પશુ સમાન જાડી બુદ્ધિના બનીને ઘોર અંધકાર રૂપ અજ્ઞાન દશા ભોગવીને આપનપુ સ્વ-ચૈતનસ્વરૂપ પ્રત્યે અનાસક્ત થયા. વળી, પોતે જે લિંગ, જાતિ કે વર્ણમાં જન્મ્યા છે તે અંગે કે પોતાના સ્થૂળ દેહના અને પ્રાપ્ત કરેલા મોભાના અહંકારમાં રચ્યા-પચ્યા રહીને પોતાને દેહ સ્વરૂપે જ ઓળખવા લાગ્યા, પરંતુ પોતે એક ચૈતનઅંશ છે તથા આ શરીરમાં ગત જન્મોના સંચિત કર્મોના આધારે આવ્યા અને માત્ર મનુષ્યદેહ દ્વારા પોતાના ચેતન અંશની મુક્તિ માટે પ્રયત્ન કરીને જન્મમરણનું ભવસંકટ દૂર કરી શકાય તેમ છે. આવો વિચાર પણ ન આવતાં પોતાના સ્વ-સ્વરૂપ પ્રત્યે લગાવ રહેવા પામ્યો નહીં. વળી, પોતાનું જાણપણું ન હોવાથી ચેતન અંશ જેના વંશનો છે એવા સજાતિ વિશ્વના સર્જનહાર કૈવલકર્તાના અગાધ ગતિના અગમ જ્ઞાનને સંપૂર્ણપણે વીસરી જઈ કર્તાને મળવા માટેનો પ્રયત્ન પણ આદર્યો નહીં.

**જબ જાવહી નિજ જાણ્ય વિસરહી, સહિત પતિ આપનેકી;**
**તો કુણ રહી મતલબ સરજનકી, સરમે સ્ત્રષ્ટ રચેકી. ૧૯**

## શબ્દાર્થ

**જબ** = જ્યારે **જાવહી** = જાય **નિજ જાણ્ય** = મૂળ, આદિ, સ્વ-સ્વરૂપનું જ્ઞાન, પોતાના ચૈતન સ્વરૂપની સમજ **વિસરહી** = ભૂલીને **સહિત પતિ** = નિજપતિ સહિત **આપનેકી** = આપણા પોતાની **તો કુણ રહી** = તો પછી શું રહેશે **મતલબ** = ધ્યેય, હેતુ, અભિલાષા, ભાવના, તાત્પર્ય, ઉદ્દેશ **સરજનકી** = સૃષ્ટિનું સર્જન કરવાની, રચવાની **સરમે** = પરિશ્રમ, પ્રયત્નપૂર્વક **સ્ત્રષ્ટ** = સૃષ્ટિ, જગત, વિશ્વ, બ્રહ્માંડ **રચેકી** = રચવાની.

## અનુવાદ

**જ્યારે પતિ સહિત પોતાની નિજ જાણ્ય વીસરી જાય તો પરિશ્રમથી સૃષ્ટિ રચવાની સર્જનહારની મતલબ શું રહે ?**

## ભાવાર્થ

જો સૃષ્ટિના સર્વ મનુષ્યજાતિના જીવ પોતાના સ્વ-ચૈતન સ્વરૂપ અંગે અને સૃષ્ટિનું સર્જન જેમણે પોતાના શુદ્ધ સંકલ્પના પરિશ્રમથી કર્યું છે એવા અવિનાશી સર્જનહારને ભૂલી જાય તો આદિ સર્જનહારનો આ વિવિધતાવાળી અપરંપાર સૃષ્ટિ રચના કરવા પાછળનો મતલબ શું રહે ? પોતાના શાશ્વત સ્વરૂપને નાશવંત દેહ સ્વરૂપે માની બેઠા હોવાથી તેના બનાવનાર પણ આપણા જેવા જ દેહવાળા હોય, તેવું માનીને સૌએ ભળતા દેહધારી ભગવાનોમાં માન્યતા દૃઢ કરી છે.

# અંગ ૧૧
# સકર્તા મતલબ દેખાવનકો

**મતલબ ખુદકુ ખલક રચેકી, કહત સુનો સબ કોઈ;**
**મેરે અંશ લહે સોઈ મુજકુ, ઓરુ આપનુ આપ સોઈ. ૧**

### શબ્દાર્થ

**મતલબ** = આશય, ઉદ્દેશ, હેતુ **ખુદકુ** = પોતાનો **ખલક** = વિશ્વ, જગત, સૃષ્ટિ **રચેકી** = રચવાનો, બનાવવાનો **કહત** = કહુ છું **સુનો** = સાંભળો, શ્રવણ કરો **સબકોઈ** = સર્વ કોઈ, બધા જ **મેરે** = મારા **અંશ** = ચૈતનઅંશ, સર્જનહારના સજાતિ અલ્પ સ્વરૂપ, નિજ જાણ સ્વરૂપ **લહે** = જાણે, ઓળખે **સોઈ** = તે **મુજકુ** = મને **ઓરુ** = અંતે **આપનુ** = પોતાનું **આપ** = સ્વરૂપ, સ્વ ને **સોઈ** = તેનો.

### અનુવાદ

**સર્જનહારની આ જગત રચવા પાછળની મતલબ હું કહું છું. તેને સર્વ કોઈ શ્રવણ કરો. મારા અંશ મને ઓળખે અને પોતાના સ્વ-સ્વરૂપને પણ જાણે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને આ સૃષ્ટિના રચનાર સર્જનહાર કૈવલ કર્તાનો પોતાનો સૃષ્ટિ રચવા પાછળનો જે હેતુ છે તેને આપણને અહીં દર્શાવે છે. સર્જનહારે બ્રહ્મમાં મહાન વૈરાટની અને વિધ-વિધ પ્રકારની રંગબેરંગી સૃષ્ટિનું સર્જન કરીને તેમાં મૂકેલી અજબ-ગજબની વિભૂતિઓને માણવા માટે પોતાના નિજ જાણ સ્વરૂપ ચૈતનઅંશોને દરેક ઘાટમાં મૂક્યા. જેથી તેઓ દુનિયામાં અલગ-અલગ દેહમાં અલગ-અલગ તત્ત્વોના પ્રભાવને અનુભવી મોજ-મજા માણે. છેલ્લે જ્યારે અંશ સ્થૂળ દેહમાં સર્વ શ્રેષ્ઠ એવો માનવદેહ પ્રાપ્ત કરીને પાછા પોતાના સ્વ ચૈતન સ્વરૂપે હતા તેવા શુદ્ધ અણુ અંકુરિત હંસ સ્વરૂપે થઈ ને કૈવલધામમાં જઈ પાછા સર્જનહારને મળે.

**તબતે હુંસ કરતકી ખુદકુ, પહોંચે અંશ સમેતુ;**
**મે જાણુ ત્યૌ અંશ લહે મુજ, જબતે બઢે સહેતુ. ૨**

### શબ્દાર્થ

**તબતે** = તેથી ત્યારે **હુંસ** = હાસ્ય, આનંદ, ઉલ્લાસ, ઉમંગ **કરતકી** = રચવાનો **ખુદકુ** = પોતાને **પહોંચે** = પહોંચી શકે, જઈને મળી શકે **અંશ** = અંશ સજાણજાણ સ્વરૂપ **સમેતુ** = બધા સહીત **મેં** = હું **જાણુ** = જાણું **ત્યૌ** = કે, તેવી રીતે **અંશ** = સજાણજાણ સ્વરૂપ, ચૈતનઅંશ **લહે** = જાણે **મુજ** = મને **જબતે** = જેથી, જ્યારે **બઢે** = વધે **સહેતુ** = સમાન હેતુ, સપ્રેમ, અન્યોઅન્ય સ્નેહ.

### અનુવાદ

**તેથી પોતાને રચવાનો જે ઉમંગ હતો તે ઉમંગ બધા જ અંશોને પણ પહોંચે. જેવી રીતે હું જાણું છુ, તેવી રીતે અંશો મને જાણે, જેથી પરસ્પર હેત વધી શકે.**

### ભાવાર્થ

સૃષ્ટિના સર્જનહારને સૃષ્ટિ રચવાનો જેવી રીતે ઉમંગ થયો તે મુજબ સમગ્ર બ્રહ્માંડની રચના રચીને અંશોને આનંદ કરવા માટે મોકલ્યા હતા. તેવી જ રીતે અંશોને પણ પોતાના હૃદયમાં કર્તા પ્રત્યે ઉમંગ થાય અને પોતાને મળેલ દેહમાં રહીને આનંદ માણે. વળી જો માનવદેહ મળે તો પોતાના કલ્યાણનો ઉદ્દેશ રાખીને પાછા સર્જનહારને જઈને મળે. જેમ સર્જનહાર પોતાના અંશને જાણે છે તેવી જ રીતે અંશો પણ પોતાના સર્જનહારને જાણીને હંસ સ્વરૂપે થઈ પાછા કૈવલધામમાં જાય તો સર્જનહારને પણ પોતાના અંશો પાછા આવ્યાનો ઉમંગ થાય, આમ પરસ્પર, અંશ-અંશી બંને વચ્ચે હેત વધે.

**પુની પાલન પોક્ષણ કરનેકી, જાને અંશ સબેહી;**
**અહો ધન્ય અપને પતિ શિર પર, પોખે પરમ સનેહી. ૩**

### શબ્દાર્થ

**પુની** = વળી **પાલન પોક્ષણ** = પાલનપોષણ, ભરણપોષણ, ગુજરાન સંભાળ અને માવજત

**કરનેકી** = કર્યા અંગેની **જાને** = જાણે, ખબર પડે **અંશ** = કર્તાના સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **સબેહી** = બધાને **અહો** = હે **ધન્ય** = વાહ વાહ, શાબાશ, કૃતાર્થ, ભાગ્યશાળી, નસીબદાર **અપને** = પોતાના **પતિ** = માલિક **શિર પર** = મસ્તક ઉપર, માથે, ભરોસે, આધારે, અધિકતા, વડીલ, ઉપરી, પાલક **પોખે** = આપે, કરે **પરમ સનેહી** = અધિક સ્નેહ.

## અનુવાદ

**વળી, સર્વ અંશો જાણે છે કે પાલનપોષણ કરનાર અને અધિક સ્નેહ કરનાર અધિષ્ઠાતા માલિક છે. કે જે પોતાના શિર પર રહેલા છે માટે તેમણે ધન્ય છે.**

## ભાવાર્થ

વળી, વિશ્વના બધા જ અંશોને જ્યાં જેવો ખોરાક જોઈએ છે ત્યાં તેવો ખોરાક મળે તેવી સુયોગ્ય વ્યવસ્થા કરેલી છે. સ્વામી સર્વના ભરણ પોષણ માટેની સંભાળ અને માવજત રાખનારા છે. તેમણે જ બધા માટે હવા, પાણી અને ખોરાકની સુંદર જોગવાઈ કરેલી છે. એવા સર્વના શિર ઉપર રહેલા માલિકે પોતાના સજાતીય અંશો ઉપર અધિક સ્નેહ ધારણ કરીને જ સૃષ્ટિમાં ભૌતિક સમૃદ્ધિ અને વિભૂતિનો ખજાનો ભરપૂર ભર્યો છે. એ પ્રમાણે આપણને અહોભાવ પ્રગટ થાય તો આપોઆપ એવા સમર્થ પિતા પ્રત્યે ધન્યવાદની લાગણી હૃદયમાં ઊભી થયા વગર રહેતી નથી.

**એહી પ્રકાર અન્યોઅન્ય ઉભયે, ઉપજે હેત જબીતે;**
**મહેરબાન મહેરનકી દ્રષ્ટે, હેરે હમેશ તબીતે. ૪**

### શબ્દાર્થ

**એહી પ્રકાર** = એ પ્રકારે **અન્યો અન્ય** = એક બીજા પ્રત્યે, પરસ્પર **ઉભયે** = બંને વને **ઉપજે** = ઉત્પન્ન થાય, પેદા થાય **હેત** = પ્રેમ, લાગણી સ્નેહ **જબીતે** = જ્યારે **મહેરબાન** = કૃપાવંત, કૃપાળુ, દયાળુ **મહેરનકી** = કૃપા, દયાભાવ **દ્રષ્ટે** = નજરે **હેરે** = નિહાળે, જુએ **હમેશ** = હમેશાંને માટે, સતત હમેશાં **તબીતે** = ત્યારે.

## અનુવાદ

**એ પ્રકારે જ્યારે પરસ્પર બંનેને સ્નેહ ઊપજે ત્યારે જ કૃપાળુ કૃપાની નજરે હમેશાંને માટે નિહાળે.**

### ભાવાર્થ

એ પ્રમાણે જ્યારે અંશને અંશી પ્રત્યે અહોભાવ જાગ્રત થાય તો અંશને સર્જનહાર પ્રત્યે પોતાનું ઋણ અદા કરવાનો ભાવ જાગે. પછી તે સંસારના મોહ, ભોગ, વૈભવ અને ઈંદ્રિયોનાં સુખોને ત્યજી સર્વને ચૈતનની દષ્ટિએ નિહાળે અને નાશવંત શરીરનો મોહ છોડી દે. અંશ પોતે પોતાની સજાણજાણ દષ્ટિ નિજ સર્કતાના મહદ્ સજાણજાણ સાથે જોડે ત્યારે કર્તાનું મહદહંગ, અંશના અલ્પહંગ સાથે એક-મેક (કેન્દ્રિત) થાય. જો અંશની આવી સ્થિતિ થાય તો જ કૈવલધામમાં બિરાજમાન પરમ દયાળુ કૈવલકર્તા દયા કરીને અંશને પોતાની કરુણા ભરી અમીદષ્ટિએ અંશને હમેશાંને માટે નિહાળે. આવી સ્થિતિ બને તો અંશ અને અંશી એમ બંનેનો એકબીજા પ્રત્યેનો પવિત્ર નાતો હંમેશને માટે અતૂટપણે જળવાઈ રહે.

**તેહી મહેરનકી દષ્ટ અરસતે, અમી ચુવત ઘન જેહી;**
**તેહી ઘનકી અમીસે અચરાચર, હરિ હોય સૃષ્ટ સબેહી. ૫**

#### શબ્દાર્થ

**તેહી** = તે, એવી **મહેરનકી** = કૃપાથી, કરુણાથી **દષ્ટ** = દષ્ટિ, નજર **અરસતે** = અંતરિક્ષમાંથી **અમી** = અમૃત, સુધા, પીયૂષ, દયા, કૃપા, સ્નેહ **ચુવત** = ઝરે, ચૂવે, વહે, ઝમે, ગળે ટપકે **ઘન** = આકાશમાંથી, વાદળમાંથી **જેહી** = જે રીતે **તેહી** = તે **ઘનકી** = વાદળોની **અમીસે** = ઝરવાથી, વરસવાથી **અચરાચર** = સ્થાવર જાતિ, સર્વત્ર **હરિ** = લીલી, રસાળ **હોય** = હોય **સૃષ્ટ** = પૃથ્વી **સબેહી** = સર્વત્ર, સમસ્ત.

### અનુવાદ

**કૃપાળુની તેવી અમી દષ્ટિ થાય તો અંતરિક્ષમાંથી અમૃત સમાન વરસાદ વર્ષે અને સૃષ્ટિ સર્વત્ર લીલી થાય.**

### ભાવાર્થ

નિજ કૈવલકર્તાની કૃપા દષ્ટિ થાય તો જ અંતરિક્ષથી અમૃત સમાન વર્ષા વર્ષે. અમીવાળી વર્ષાથી જ સ્થાવર તેમજ જંગમ જાતિના ઘાટ આનંદિત રહે અને સૃષ્ટિ સર્વત્ર લીલીછમ થાય.

એ જ રીતે બ્રહ્મથી પરે રહેલા મહદ્ચૈતન સજાણજાણ સ્વરૂપ કૈવલકર્તાની અમી દૃષ્ટિ જડ શરીરમાં રહેલા અંકુર રૂપી અંશ ઉપર ચૂએ તો અંશ પણ ઘાટમાં રહી ચાસ્મી મેળવે.

**હરિયા સો ચૈતન સંજુક્તા, સહિત પદારથ સોઈ;**
**સ્થાવર જંગમ, વિશ્વ ચરાચર, કરત કેલ સબ કોઈ. ૬**

### શબ્દાર્થ

**હરિયા** = લીલુંછમ **સો** = તો, તે **ચૈતન** = ચૈતનઅંશ **સંજુક્તા** = ભેગા મળેલા, દેહમાં જોડાયેલાં, ગુંથાયેલાં, સળંગ સંધાયેલું **સહિત** = સાથે **પદારથ** = પદાર્થ, નાશવંત દેહ **સોઈ** = તેજ **સ્થાવર** = સ્થિર જાતિના ઘાટ **જંગમ** = અસ્થિર જાતિનો ઘાટ **વિશ્વ** = વિશ્વમાં **ચરાચર** = સર્વત્ર **કરત** = કરે છે **કેલ** = આનંદ **સબ કોઈ** = સર્વ કોઈ, તમામ.

### અનુવાદ

**લીલાછમ એટલે જે પદાર્થ રૂપ ઘાટો છે, તેમાં જોડાયેલા ચૈતનઅંશ વિશ્વના સ્થાવર-જંગમ સહિત સર્વ ઘાટમાં આનંદ કરે.**

### ભાવાર્થ

અમીમય વરસાદથી પૃથ્વી સર્વત્ર લીલીછમ થઈ જાય. તેવી જ રીતે સર્જનહાર કૈવલકર્તાની અમીમય કૃપાદૃષ્ટિના પ્રતાપે, સમગ્ર બ્રહ્માંડમાં રહેલા પદાર્થરૂપ નાશવંત ઘાટ સર્જનહારના સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશની ચૈતનતાથી કાર્યવંત અને જીવંત રહેવા પામે. આ સૃષ્ટિની વિભૂતિને માણીને આનંદ કિલ્લોલ કરે. વળી, સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરાયેલી સર્વ પદાર્થ રૂપ સંપત્તિ અને સમૃદ્ધિનો ઉપભોગ કરીને પોતાની સર્વોપરીતાનો અહેસાસ કરે અને આનંદપૂર્વક જીવીને મોજ મઝા માણે.

**તેહી કેલ અંશનકી દેખીત, નિજ કરતાર હુલ્લાસે;**
**કુદરત ખેલ ખલક રચનેકુ, એહી પતિનકે આસે. ૭**

### શબ્દાર્થ

**તેહી** = તે મુજબનો **કેલ** = વિલાસ, કિલોલ્લ, આનંદ, મજા **અંશનકી** = અંશોની **દેખીત** = જોઈને નિહાળીને **નિજ કરતાર** = મૂળ આદિ સર્જનહાર, પરમપિતા **હુલ્લાસે** = આનંદ વિભોર, ખુશી, હરખાવું પ્રફુલ્લિત થવું આનંદ પામવો **કુદરત** = સર્જનહારનો **ખેલ** = રચના, ઉત્પત્તિ **ખલક રચનેકુ** = વિશ્વને બનાવવાનું **એહી** = એ, તે **પતિનકે** = માલિકની **આસે** = આશા, ઈરાદો, મતલબ.

## અનુવાદ

**અંશોનો તેવો આનંદ જોઈને નિજ કર્તાને પણ હરખ થાય. સૃષ્ટિનો ખેલ રચવા પાછળનો સર્જનહારનો એ જ આશય હતો.**

## ભાવાર્થ

સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પથી આવી વિશાળ અને વિવિધતાવાળી સૃષ્ટિનું સર્જન કર્યા પછી પણ પોતે તો કૈવલધામમાં સદાને માટે બિરાજમાન રહે છે, પરંતુ આ સૃષ્ટિને માણવા માટે અને આનંદ કિલ્લોલ કરવા માટે પોતાના સજાતીય ચૈતનઅંશોને ૮૪ લાખ પ્રકારના વિધ-વિધ ઘાટ બનાવીને તેમાં રમણ કરવા મોકલ્યા છે. વળી, તેમાં સૌથી શ્રેષ્ઠ માનવદેહ બનાવ્યો છે. જેથી અંશ તે દેહમાં રહીને પોતાનું કલ્યાણ કરવાની વૃત્તિ, પ્રવૃત્તિ કરી શકે. માનવ દ્વારા જો આવા ઉમદા અને પરોપકારી કલ્યાણનાં કાર્યો થાય તો અંશોને આનંદ અને કિલ્લોલ કરતા જોઈને સર્જનહાર પણ પ્રફુલ્લિત થઈને હરખાય. આ પ્રમાણે સર્જનહારનો સૃષ્ટિ બનાવવા પાછળનો મતલબ હતો.

**કહી સકલ મતલબ કરતાકી, અંતર અખિલ રચેકી;**
**આદ્ય અંત મધ્ય ખાવનકી ખચ, નીસે વદિત સચેકી. ૮**

### શબ્દાર્થ

**કહી** = દર્શાવી, જણાવી **સકલ** = સર્વ, બધી **મતલબ** = રહસ્ય, ઉદ્દેશ, આશય **કરતાકી** = સર્જનહારની **અંતર** = હૃદયમાં **અખિલ** = વિશ્વ, સમગ્ર રચના **રચેકી** = રચવા પાછળની રચવા અંગેની **આદ્ય** = શરૂઆત, પ્રારંભ કાળ **અંત** = છેવટનો અંતકાળ **મધ્ય** = વચ્ચેનો ઉત્પત્તિ રચના કાળ **ખાવનકી** = સર્જનહારની, ધણી, સ્વામીની **ખચ** = ખરેખર, યથાર્થ, યોગ્ય **નીસે** = નિર્ણય કરીને **વદિત** = જણાવી, કહી **સચેકી** = સત્યાસત્ય સાથે, સાચી, યથાર્થ.

### અનુવાદ

**સમગ્ર વિશ્વ રચવાની કર્તાના હૃદયમાં રહેલી મતલબ કહી. આદ્ય, અંત અને મધ્યનો નિર્ણય યથાર્થ રીતે કરીને સર્જનહારની સાચી હકીકત જણાવી.**

### ભાવાર્થ

પ્રારંભથી માંડીને વર્તમાન પ્રસારાની અને છેવટના અંત સુધીની સર્વ રચના સર્જનહાર કૈવલકર્તાએ રચી છે. તે રચના પાછળનો જે ઈરાદો હતો તે અંગે નિશ્ચયપૂર્વક નિર્ણય કરીને સાચેસાચી માહિતી જે હતી તે, પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આપણને જણાવી છે.

**અબ કોઈ મત જાનો મમ ઉચરન, મે તો અલખ કે અંશુ;**
**અપરમપાર પરમ પતકી ગત, ક્યૌ કરી લહુ આકંશુ. ૯**

### શબ્દાર્થ

**અબ** = હવે **કોઈ** = કોઈ **મત** = નહીં, ન **જાનો** = જાનો, જાણતા, માનતા **મમ** = મારા **ઉચરન** = ઉચ્ચારેલા વચનો, બોલેલી વાણી **મેં તો** = હું તો **અલખકે** = માલિકનો, સર્જનહારનો **અંશુ** = સજાતિ અંશ, સજાણજાણ સ્વરૂપ **અપરમપાર** = અપાર, અદ્‌ભુત, પુષ્કળ, બેહદ, અનહદ **પરમ પતકી** = પરમપતિની, શ્રેષ્ઠ માલિકની **ગત** = ગતિ, સમજ, જાણ **ક્યૌ કરી** = કેમ કરીને, કેવી રીતે **લહુ** = જાણી શકું, સમજી શકું **આકંશુ** = આકાંક્ષા, આશય, હેતુ, ગતિ.

### અનુવાદ

**હવે કોઈ મારાં વચનો એવાં ન માનશો કે હું તો માલિકનો અંશ છું, જેથી સર્જનહાર પ્રત્યેની અપરમપાર ગતિ અને તેમના આશયને કેવી રીતે જાણી શકું ?**

### ભાવાર્થ

કોઈ પ્રતિવાદીના મનમાં આ પ્રમાણેની શંકા થાય કે પરમગુરુ પણ એક અંશ છે અને અપરંપાર નિજ કર્તાની ગતિ તે કેવી રીતે જાણી શકે ? તેનો ખુલાસો કરતાં તેઓ કહે છે કે....

**પણ એ તો આપે કર્તા કુલ, મોહી મુખન ફુરમાયે;**
**અકલ કલા અવિગત રચનારન, પોતે પ્રગટ જનાયે. ૧૦**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **એતો** = એ તો **આપે** = પોતે જ, સ્વયં **કર્તાકુલ** = સર્વના સકર્તા માલિકે, સર્વના સર્જનહારે **મોહી** = મારા **મુખન** = મુખેથી, મુખ દ્વારા **ફુરમાયે** = અજ્ઞાથી કે હુકમથી બોલાવડાવ્યા છે **અકલ કલા** = અકળ કળા, જે કળ્યામાં ન આવે તેવી કળા **અવિગત** = જેની વિગત અપ્રાપ્ય છે તેવી **રચનારન** = રચનારની, સર્જનહારની **પોતે** = જાતે, સ્વયં, ખુદ **પ્રગટ** = જાહેર, પ્રત્યક્ષ **જનાયે** = જણાવી છે.

### અનુવાદ

**પરંતુ આ તો સર્વના સકર્તા માલિકે, પોતે મારા મુખથી બોલાવડાવ્યું છે. તેથી અકલ અને અવિગત સર્જનહારની કલા પોતે પ્રત્યક્ષ કરીને જણાવે છે.**

### ભાવાર્થ

સર્જનહાર તો પોતાની બનાવેલી રચનામાં કદી આવતા જ નથી, પરંતુ કલ્પમાં એક વખત પોતાના સાંનિધ્યમાં રાખેલા પરમ વિશેષ પાટવી અંશને હુકમ કરીને અંશ-અંશીના જ્ઞાનની સમજ આપવા માટે વિશ્વમાં મોકલે છે. સર્જનહારે કળ્યામાં ન આવે તેવી અને વિગતમાં ન આવે તેવી અકળ અને અવિગત રચના રચેલી છે. તેઓ પોતે પણ અવિનાશી, અકળ, અવિગત, અજન્મા, મહદ્ સજાણ અને મહદ્ ચૈતન સ્વરૂપે છે. એવા ગુપ્ત રહેલા પરમપદની માહિતી વિશ્વમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના મુખેથી ઉચ્ચારાયેલી છે, જે માત્ર સર્જનહારની આજ્ઞા થકી જ શક્ય બનેલું છે.

**મેરે શિરપર બોજ ધરનકુ, અનુભવ કોઈ ઈશ્વરીયે;**
**તિનકો માન નહીં મેરે મન, એ તો આપ ઉચરીયે. ૧૧**

### શબ્દાર્થ

**મેરે** = મારા **શિરપર** = મસ્તક ઉપર, માથે **બોજ** = જવાબદારી **ધરનકુ** = ધારણ કરવાની સોંપવાની

**અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, જાતે જાણેલું અને માણેલું જ્ઞાન **કોઈ** = કોઈક **ઈશ્વરીયે** = ઈશ્વરપણુ, સર્વોપરી પણુ, ઐશ્વર્ય **તિનકો** = તેનું **માન** = આદર, સન્માન, પ્રતિષ્ઠા, અભિમાન **નહીં** = નહીં, નથી **મેરે મન** = મારા મનમાં, મને **એ તો** = એ તો **આપ** = પોતે, સ્વયં **ઉચરીયે** = ઉચ્ચારેલા છે, બોલેલા છે.

## અનુવાદ

**અનુભવ રૂપ ઐશ્વર્યનો બોજો તમે મારા શિર ઉપર ધારણ કરાવ્યો છે, તેનું મારા મનમાં કોઈ અભિમાન નથી. કારણ કે, એ વચનો તો સ્વયં આપે જ ઉચ્ચારેલાં છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના મુખથી નિજ કર્તાના અનુભવયુક્ત અને અગમ્ય પદને દર્શાવતાં વચનો સાંભળીને તેમની ઐશ્વર્યતા અંગે સહજ રીતે આપણને અહોભાવ જાગે, પરંતુ જે કાંઈ ઐશ્વર્યતા છે, તે તો સર્જનહારની છે. જે અંગે પરમગુરુ પોતે પોતાના મનમાં કોઈ અભિમાન ધારણ કરતા નથી. કારણ કે તેઓ જાણે છે, કે જે કોઈ જ્ઞાનયુક્ત વચનો તેમના મુખેથી ઉચ્ચારાય છે, તે સર્જનહારની પ્રેરણા થકી માત્ર તેમના મુખને નિમિત્ત બનાવીને જગતને કહેવામાં આવ્યા છે.

**પુની કર્તા ઉચરનકી અંતર, કુણ કજ ધરે ઉછાહુ;**
**અહો નહીં જાનત કોઈ મુજકુ, રચના આદ્ય અદ્યાહુ. ૧૨**

### શબ્દાર્થ

**પુની** = વળી, ફરીથી, પુનઃ **કર્તા** = સર્જનહાર **ઉચરનકી** = બોલવાની, ઉચ્ચાર કરવાની **અંતર** = માં, હૃદયમાં **કુણ કજ** = શા માટે, કયા કારણોસર, કયું કારણ, કોણ કાજે, કયુ કામ માટે, શા માટે **ધરે** = ધારણ કરે **ઉછાહુ** = ઉત્સાહ, હોંશ, ઉમંગ, ઉન્માદ **અહો** = અરે **નહીં જાનત** = જાનતા નથી **કોઈ** = કોઈ **મુજકુ** = મને **રચના** = રચના, ઉત્પત્તિ **આદ્ય** = થી માંડીને **અદ્યાહુ** = અનાદિથી, અત્યાર સુધી.

## અનુવાદ

**વળી, કર્તાના આવા ઉચ્ચારોથી મને (પરમગુરુને) કયા કારણે આનંદ થાય ? અરે ! રચનાની આદિ અનાદિથી મને કોઈ જાણતું જ નથી.**

## ભાવાર્થ

વળી, પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર એ જ વાતની ફરીથી સ્પષ્ટતા કરતાં જણાવે કે છે સર્જનહારે જ તેમને પ્રેરણા કરી છે. કર્તાની ઈચ્છા અનુસાર જીવના કલ્યાણ માટે પરમપદના જ્ઞાનયુક્ત વચનો તેમના મુખે નીકળ્યા છે. તેમ છતાં પરમગુરુને પોતાના હૃદયમાં આ બાબતનો ઉન્માદ ધારણ કરતા નથી. કારણ કે, તેઓ પરમ વિશેષ અંશ સ્વરૂપે હોઈ બધા જ અંશોને બંધુત્વની ભાવનાથી જુએ છે અને પોતાની ફરજના સંદર્ભમાં આ પરોપકારી કાર્યને ગણે છે. જ્યારથી સૃષ્ટિ સર્જન થઈ છે ત્યારથી અત્યારસુધીમાં સૃષ્ટિના રચનારને કોઈ જ જાણતું નથી. કર્તાને ન જાણવાને કારણે બધા જ અંશો આદિથી જન્મમરણના બંધન રૂપ દુઃખમાં દુઃખી થઈને રખડ્યા કરે છે. દરેક અંશોની આવી કંગાળ પરિસ્થિતિ જોઈને તેમના હૃદયમાં કેવી રીતે ઉમંગ પ્રગટે ? સર્જનહારને પણ આ જ રીતે પોતાની દિવ્ય દૃષ્ટિથી પોતાના અંશોને દુઃખી થતા નિહાળીને દયા આવી, તેથી જ પોતાની સાંનિધ્યમાં રહેલા પરમ વિશેષ અંશને અંશ-અંશીનો લક્ષ સમજાવવા માટે વિશ્વમાં દિવ્યદેહ ધારણ કરાવીને મોકલ્યા છે.

**વેદ પુરાણ શાસ્ત્ર કે વગતા, આચારજ વ્યાકરણી;**
**નિજ પદ રહિત પદારથકે જેહી, ગયે સકલ સબ વરણી. ૧૩**

### શબ્દાર્થ

**વેદ** = બ્રહ્માજી દ્વારા ઉચ્ચારેલ વાણીથી બનેલા ચાર ધર્મ પુસ્તક **પુરાણ** = વ્યાસજી દ્વારા નિર્માણ થયેલા ધર્મવાર્તા **શાસ્ત્ર** = વેદના અભ્યાસી વિદ્વાન પુરુષો દ્વારા બનાવેલ છ શાસ્ત્રો **કે** = ના **વગતા** = રચનારા, વાગોળનારા, વર્ણન કરનારા, કથાકારો, વક્તાઓ **આચારજ** = આચાર્યો **વ્યાકરણી** = વ્યાકરણના જાણકાર **નિજ પદ** = પરમપદ, કર્તાપદ **રહિત** = સિવાય, વગરના **પદારથકે** = પદાર્થોના રચનાના, ઉત્પત્તિના **જેહી** = જેઓ **ગયે** = ગયા **સકલ** = બધુ જ **સબ** = સૌ, તમામ **વરણી** = વર્ણન કરીને.

## અનુવાદ

**વેદ, પુરાણ અને શાસ્ત્રોના વક્તાઓ તેમજ વ્યાકરણ જાણનાર આચાર્યો સહિત સર્વ કોઈ નિજ કર્તા પદ સિવાય માત્ર પદાર્થોનું જ વર્ણન કરી ગયા છે.**

### ભાવાર્થ

ચાર વેદના વક્તા બ્રહ્માજી, અઢાર પુરાણોના બનાવનાર વ્યાસજી અને ન્યાયશાસ્ત્રના રચયિતા ગૌતમ ઋષિ, મીમાંસાશાસ્ત્રના રચયિતા જયમુનિ, વેદાંત શાસ્ત્રના રચયિતા વ્યાસજી, પતંજલિ શાસ્ત્રના રચયિતા શેષજી, વૈશેષિક શાસ્ત્રના રચયિતા જ્ઞાનાદિક ઋષિ અને સાંખ્યશાસ્ત્ર રચનાર કપિલમુનિ સહિતના અન્ય વ્યાકરણના જાણકાર આચાર્યો અને કથાકારોએ સર્જનહાર દ્વારા નિર્માણ કરેલ રચનાનું વર્ણન કર્યું છે. જેમાં સમગ્ર વૈરાટની રચના હોય કે પછી આદિ મહાન દેવતાઓનાં પરાક્રમો હોય, અવતારાદિક મહાપુરુષોની લીલા હોય કે પછી ૮૪ લાખ પ્રકારના વિધવિધ સ્થાવર-જંગમ જાતિના શરીર હોય. વળી સર્વ રચનાને ચૈતનતા આપનાર ચૈતન શક્તિ રૂપી અંશ હોય, પરંતુ આ બધું જ સર્જનહાર દ્વારા ૮૪ તત્ત્વોના પ્રસારા પૈકીની જ રચના છે. તે સઘળી રચનાનું અવલોકન કરીને બધા જ ધર્મગ્રંથો અને ધર્મ વાર્તાનાં પુસ્તકોમાં સૃષ્ટિના રચનાર અંગેની માહિતી નથી, પરંતુ માત્ર તેમની રચનાનું જ વર્ણન છે.

**સો બરનનકે ભયે અખિલ કુલ, અંશ સકલ અભ્યાસી;**
**તબતે રહે અજાણ આદ્ય અજ, ભવકે ભયે વિલાસી. ૧૪**

#### શબ્દાર્થ

**સો** = તે, તેવા, તેથી **બરનનકે** = વર્ણનને લીધે **ભયે** = થયા **અખિલ કુલ** = સમસ્ત વિશ્વના **અંશ સકલ** = બધા જ અંશો **અભ્યાસી** = તલબી, જાણકાર, ટેવાઈ જવું, આદતી, વ્યસની, બંધાણી **તબતે** = તેથી **રહે** = રહ્યા **અજાણ** = અજાણ્યા, અજ્ઞાની, વાકેફ વગરના, અબુધ **આદ્ય** = થી માંડીને **અજ** = બ્રહ્મા **ભવકે** = વિશ્વની રચનામાં, માયામાં, પદાર્થોમાં **ભયે** = બન્યા, થયા **વિલાસી** = વિષયી, કામાસક્ત, ભોગી.

### અનુવાદ

**તેથી સમગ્ર વિશ્વના બધા જ અંશો વર્ણનના બંધાણી બન્યા. એટલે પ્રારંભથી અજાણ્યા રહેવાથી બ્રહ્માની આદ્ય લઈને સર્વ કોઈ પદાર્થોના ભોગી બન્યા.**

### ભાવાર્થ

વિશ્વની રચના અંગે નાશવંત તત્ત્વોની બનેલી સર્વ ઉત્પત્તિની અને દેવો

તથા મહાપુરુષોની લીલાઓના વર્ણનમાં હજારો વર્ષોથી ચાલી આવેલી રૂઢિગત ઐશ્વર્યતાથી ભરપૂર ઇતિહાસની વાતોથી બધા અંશો બંધાણી બની ગયા છે. અવતારો અંગેની વાતો અલગ-અલગ સ્વરૂપે વારંવાર રજૂ કરવાથી મુમુક્ષુ વર્ગ પણ લીલામાં એટલા બધા ગરકાવ થઈ ગયા છે કે તેમને અલકમલકની રોચક વાતો સાંભળવાનું જ ગમવા લાગ્યું, પરંતુ તે સઘળી રચનાના રચનાર તત્ત્વાતીત સર્જનહાર અંગેની વાતો અજ્ઞાત અને અજાણી રહી. આમ સર્જનહારની ઓળખ વગર ભવસાગરની રચનામાં ભૂલા પડેલા બધા જ અંશો મહાપુરુષોની લીલાઓની માફક વ્યવહાર કરવા લાગ્યા તેમજ સંસારમાં માયા અને તત્ત્વોના પદાર્થોના ભોગવિલાસ ભોગવવામાં વિષયી બનીને જિંદગી જીવવા લાગ્યા.

**કરત વિલાસીક હુએ વિસરજન, સર્જનહારકુ સબહી;**
**કહે કુવેર અલખ એહી કારણ, મો મુખ ઉચરે તબહી. ૧૫**

### શબ્દાર્થ

**કરત** = થતાં, કાર્યોમાં, વ્યવહારમાં **વિલાસીક** = માયાના આશિક, કામાતુર વૃત્તિવાળા **હુએ** = થયા, બન્યા **વિસરજન** = વિસ્મૃત, ભુલાઈ જવું, યાદ જ ન આવ્યું **સર્જનહારકુ** = સર્જનહારને માલિકને **સબહી** = બધા જ, તમામ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અલખ** = અજાણ કર્તાએ, માલિક **એહી કારણ** = તે કારણને લઈને, તે કારણસર **મો મુખ** = મારા મુખ દ્વારા **ઉચરે** = ઉચ્ચાર કર્યો, વાણીનો પ્રવાહ વહેવડાવ્યો **તબહી** = ત્યારે, તેથી.

### અનુવાદ

**વ્યવહારમાં વિલાસિકતા આવવાથી સૌ સર્જનહારને (વિસ્મૃતિ પામ્યા) વીસરી ગયા. કુવેરસ્વામી કહે છે કે એ કારણને લીધે જ માલિકે મારા મુખેથી ઉચ્ચાર કર્યો છે.**

### ભાવાર્થ

સંસારમાં બધા જ જીવ સૃષ્ટિની રચનાના પદાર્થને માણવાને બદલે સ્વચ્છંદીપણે ભોગવવા લાગ્યા. પોતાના સ્વરૂપને ભૂલી માયાના અને ઇંદ્રિયના ભોગવિલાસ ભોગવવામાં કામાતુર બની ગયા. તેઓ માત્ર નાશવંત પદાર્થોના મોહમાં મોહિત

બનીને વિલાસી જિંદગી જીવવા લાગ્યા. પોતે તત્ત્વોવાળા છે તેમ સમજીને પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપનું ભાન ભૂલ્યા. જેથી જન્મમરણનાં દુ:ખો સહન કરી ત્રિવિધિના તાપમાં તપવા લાગ્યા અને વિશ્વના સર્જનહાર અંગેની સાચી માહિતીથી અજાણ્યા રહ્યા. કુવેરસ્વામી કહે છે કે, આવી અંશોની સ્થિતિને લીધે જ બ્રહ્માંડથી પરે રહેલા માલિકે પોતાના અંશો પર દયા લાવીને કલ્યાણના કાર્ય માટે પરમગુરુને અહીં આ વિશ્વમાં મોકલ્યા અને તેમના મુખ દ્વારા અંશ-અંશીનો લક્ષ દર્શાવતા સકર્તા સિદ્ધાંતના જ્ઞાનનું ઉચ્ચારણ કરાવડાવીને જગતમાં કર્તાપદનું જ્ઞાન (પ્રગટ કર્યું,) સ્થાપિત કર્યું.

# અંગ ૧૨
# કર્તા લક્ષ દેખાવન અંશ અનુભવકો

**સોહી અલખ જીનું કરત ઉપાસન, જેહી સમરણ જપ ધ્યાનું;**
**નરખ પરખ બિનું અગમ અગોચર, ક્યૌ કરી હોય અવિલાનું. ૧**

### શબ્દાર્થ

**સોહી** = તે **અલખ** = ન લખી શકાય તેવા માલિક **જીનું** = જેમનું, જેની **કરત** = રચનાનું **ઉપાસન** = ઉપાસના **જેહી** = જેનું **સમરણ** = સ્મરણ, નામનું વારંવાર યાદ કરવું **જપ** = નામ કે મંત્રનું રટણ **ધ્યાનું** = ધ્યાન, એકાગ્ર ચિંતન કરવું **નરખ** = નીરખન **પરખ** = સમજવું, પરીક્ષા કરવી, ઓળખવું, પારખવું **બિનું** = વગર **અગમ** = અગમ્ય **અગોચર** = ઇંદ્રિયાતીત **ક્યૌ કરી** = કેવી રીતે, કેમ કરીને **હોય** = થાય, કરી શકે **અવિલાનું** = સ્પષ્ટિકરણ, વિવેચન, સમાલોચના, નિરીક્ષણ.

### અનુવાદ

**અલખના કતની ઉપાસના, જપ, સ્મરણ અને ધ્યાન કરે છે, પરંતુ નિરીક્ષણ અને પરીક્ષણ વિના તે અગમ અને અગોચર પદનું કેવી રીતે અવિલાન થાય ?**

### ભાવાર્થ

સંસારમાં સમગ્ર જીવ સર્જનહારની રચના પૈકીના બ્રહ્મની આદ્ય લઈ દેવ-દેવી, અવતારાદિક મહાપુરુષો તથા ઐશ્વર્યવાન માનવોને ભગવાન માનીને તેમનું જપ, સ્મરણ, ધ્યાન, ભજન અને ધાર્મિક વિધિ મુજબની ઉપાસના વગેરે કરે છે.

જ્યારે સર્જનહાર તો લખી ન શકાય તેવા બાવન અક્ષરોથી પર રહેલા છે. જેમને ચર્મચક્ષુ દ્વારા પ્રત્યક્ષ સ્વરૂપે નિહાળી શકાય તેમ નથી, જેથી તેમને પારખવા મુશ્કેલ છે. વળી તેઓ અગમ અને ઇંદ્રિયાતીત હોઈ તેમને તત્ત્વોવાળા દેહ થકી કે અંતઃકરણ દ્વારા જાણી શકાય તેમ નથી. માટે એવા પરમપદના સ્વામીનું દેહ દ્વારા સમાલોચના કરવી મુશ્કેલ છે.

**જેહી પરકારન કે નિજ આપન, અનિત પદારથ રહિતા;**
**સસ્વરૂપ શુદ્ધ સાધ સબનતે, હિરણજ્ઞાન ગમ સહિતા. ૨**

### શબ્દાર્થ

**જેહી** = જેમ, જે **પરકારન** = પ્રકારે, રીતે, તરેહ, વિધિ **કે** = થી **નિજ આપન** = પોતાનું મૂળ ચૈતન સ્વરૂપ **અનિત** = નાશવંત **પદારથ** = પદાર્થ, તત્ત્વો **રહિતા** = વગરનું છે, ભિન્ન છે **સ્વસ્વરૂપ** = પોતાનું મુળ ચૈતન સ્વરૂપ **શુદ્ધ** = નિર્મળ, નિર્વિકારી **સાધ** = સ્વાધીન **સબનતે** = બધા, સર્વ **હિરણ જ્ઞાન** = હિરણ્યગર્ભિત જ્ઞાનની, ઉપલક્ષણાત્મક સમાન **ગમ** = સમજ, જાણ્ય **સહિતા** = સાથે સંકળાયેલું, સંબંધિત.

### અનુવાદ

**જેવી રીતે પોતાનું મૂળ સ્વરૂપ નાશવંત તત્ત્વોથી ભિન્ન છે, તેમ છતાં તે નિર્મળ સ્વ-સ્વરૂપ સર્વ તત્ત્વોને સ્વાધીન હોઈ તેની જાણ્ય હિરણ્યગર્ભિત જ્ઞાનથી સંકળાયેલી છે.**

### ભાવાર્થ

આપણા પંચભૌતિક દેહમાં ત્રણ ઘટકોનો સમાવેશ થયેલો છે, જેમાં પ્રથમ નાશવંત તત્ત્વોના બનેલા સ્થૂળ શરીરનો ભાગ છે. બીજું તે ગુણ, ઘણ, ઇંદ્રિયોને ક્રમાનુસાર ચેતનના માધ્યમ તરીકે બ્રહ્મના અંશો સ્વરૂપે રહેલાં અવિકાસ, વિકાસ અને કુંભસ્થ મહાતત્ત્વો છે. જેને આપણે પ્રણવ કે પ્રાણાયામ તરીકે સંબોધીએ છીએ, જે સમ ચૈતન સ્વરૂપે ઓહંગ અને સોહંગના માધ્યમથી ચોવીસે કલાક કાર્યરત રહે છે. ત્રીજું અગત્યનું માધ્યમ તે ચૈતનઅંશ કે જે સર્જનહારની સજાતિનો અને વંશનો છે. જે શાશ્વત શુદ્ધ ચૈતન સ્વરૂપે રહેલો હોઈ તેના આભાસથી ઓહંગ અને સોહંગની ચેતના થવાથી પ્રથમ જડ પ્રણવ ચેતનવંત બને છે. તે પ્રણવથી ક્રમશઃ ત્રણ ગુણ અને ઇંદ્રિયોનાં બધા જ તત્ત્વો ચેતનવંત બનીને સમગ્ર શરીર જીવંત બની સજીવન રહે છે. અંશનું સ્વરૂપ હિરણ્યગર્ભિત એટલે કે ઉપલક્ષણાત્મક રીતે હોઈ ચર્મ ચક્ષુથી નિહાળી શકાય તેમ નથી. તેનો કોઈ રૂપ રંગ કે કોઈ નિશ્ચિત આકાર નથી. વળી, તે સ્થૂળ પદાર્થની જેમ હાથમાં પકડીને કે આંગળી નિર્દેશ કરીને કોઈને દર્શાવી શકાય તેમ નથી, તેમ છતાં તેની હાજરીને સહજ રીતે અનુભવી શકાય છે. વળી, સમર્થ ગુરુના જ્ઞાન થકી સમજ કેળવીને તેની જાણ્ય મેળવી શકાય છે.

**તેહી પરકારનકે નિજ કરતા, અલગ અનુક્રમ જેહી;**
**બાજીગરવત્ શુદ્ધ સંકલ્પસે, કરનહાર સબ તેહી. ૩**

### શબ્દાર્થ

**તેહી પરકારનકે** = તેજ પ્રકારે, તેવી જ રીતે **નિજ કરતા** = મુળ સર્જનહાર, આદિ પરમ પિતા **અલગ** = જુદા, ભિન્ન **અનુક્રમ** = પદ્ધતિ, ક્રમ, રચના **જેહી** = જે, જેમની, જેઓની **બાજીગરવત્** = બાજીગરની જેમ યુક્તિથી રમાડી જાણનારની જેમ, અપ્રત્યક્ષ રહીને ખેલના ખેલાડી ની જેમ **શુદ્ધ સંકલ્પસે** = પોતાના શુદ્ધ સંકલ્પથી **કરનહાર** = કર્તાહર્તા, બનાવનાર, ઉપજાવનાર, ખેલાવનાર **સબ** = સર્વનો **તેહી** = તે.

### અનુવાદ

**તેવી જ રીતે નિજ કર્તા પોતાના શુદ્ધ સંકલ્પથી સર્વ રચનાને રચનાર હોઈ બાજીગરની માફક રચનાથી ભિન્ન રહે છે.**

### ભાવાર્થ

જેમ શરીરમાં સર્વોપરી ચૈતનઅંશ છે. તેમ વિશ્વમાં સર્વોપરી મહદ્ ચૈતનઅંશી છે. એવા સમસ્ત વિશ્વના રચનારા મૂળ આદિ સર્જનહાર અવિગત, અલખ, અવર્ણનીય, અજન્મા, અવિનાશી અને તત્ત્વાતીત છે. જેમણે આ સમગ્ર રચના પોતાના શુદ્ધ સંકલ્પથી કોઈની પણ મદદ લીધા વગર ક્રમશઃ પોતાની છ વૃત્તિઓનો વિકાસ કરીને બનાવી છે. જેમ કોઈ યુક્તિથી રમત રમાડી જાણનાર બાજીગર પોતાની મરજી મુજબ ખેલના પાત્રોને નચાવે અને ખેલને ખેલી જાણે, પરંતુ પોતે તો તે ખેલથી ભિન્ન રહીને પ્રત્યક્ષ ખેલમાં હોતો નથી. તેવી જ રીતે સર્જનહાર પણ પોતાની સમગ્ર રચનાથી ભિન્ન એટલે કે, બ્રહ્માંડથી પરે રહીને સર્વ રચનાનું નિયમન અને સંતુલન કરે છે. તેઓ કદી પણ પોતાની નાશવંત રચનામાં આવતા નથી. જેના સંકલ્પમાત્રથી આવી અદ્ભુત રચના બની હોય તેને વળી અહીં પ્રત્યક્ષ આવવાની જરૂર રહેતી નથી (શરીરમાં જેમ ત્રણ ઘટકો છે તેમ વિશ્વમાં પણ ત્રણ ઘટકો છે એક જે વિશ્વની સર્વ નાશવંત રચના, બીજી સચરાચર વ્યાપક સર્જનહારનો પ્રકાશ જેને બ્રહ્મ કહેવામાં આવે છે તે કે જેમાં સમસ્ત રચના પોષણ પામીને વૃદ્ધિ થઈ છે અને ત્રીજી મહદ્ ચૈતન સર્જનહાર પોતે જે બ્રહ્મથી પરે રહેલા છે.)

**તેહી કરનનકી ક્રિયા અલૌકિક, લૌકિક બરની ન જાઈ;**
**આપને સાક્ષી સુપન રચત જ્યૌ, કોહો કિસ ઠામ રહાઈ. ૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **કરનનકી** = રચનારની, ઉત્પત્તિ કરનારની **ક્રિયા** = ક્રિયા, રીત, પદ્ધતિ **અલૌકિક** = અદ્‌ભુત, દિવ્ય **લૌકિક** = દુન્યવી, આ લોકની જેમ **બરની ન જાઈ** = વર્ણન થઈ શકે તેમ નથી **આપને** = પોતાનું શરીર, પોતાનો **શાક્ષી** = સાક્ષી, અંશ **સુપન** = સ્વપ્ન **રચત** = રચે છે **જ્યૌ** = જેમ, માફક **કોહો** = કહો, બોલો, જણાવો **કિસ ઠામ** = કઈ જગ્યાએ **રહાઈ** = રહેલાં છે, રહીને.

### અનુવાદ

**તે રચનારની ક્રિયા અદ્‌ભુત છે. લૌકિક વાણી વડે તેનું વર્ણન થઈ શકે તેમ નથી, જેમ આપણો સાક્ષી (અંશ) સ્વપ્નમાં રચના રચે છે, તે કયા સ્થાને રહીને રચે છે ? તે કહો.**

### ભાવાર્થ

સર્જનહાર દ્વારા રચાયેલી સૃષ્ટિની રચનાની પદ્ધતિ અને તેની કરાયેલી ક્રમાનુસાર ક્રિયા એવી અદ્‌ભુત છે કે જેને દુન્યવી કાર્યપદ્ધતિથી વર્ણવી (સમજાવી) શકાય તેમ નથી. તેમ છતાં આવી રચનાની કરામત જોઈને સર્જનહાર પ્રત્યે અહોભાવ જાગ્યા સિવાય રહેતો નથી.

જેમ આપણા શરીરમાં રહેલ ચૈતનઅંશ પોતાની આભાસ વૃત્તિથી શરીરની ચેતનતાની અસ્મી ગ્રહણ કરે છે. આપણને જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમૂની અવસ્થામાં જુદી-જુદી ક્રિયાઓનો અનુભવ થાય છે. જેમાં સ્વપ્ન અવસ્થામાં આપણે અદ્‌ભુત અને અલૌકિક સ્વપ્ન સૃષ્ટિની રચના રચીએ છીએ. તેને નિહાળીને ઘણી વખત આપણને પણ કુતૂહલ થાય છે. આપણે પોતે પણ ક્યાં બેસીને કેવી રીતે આવી સ્વપ્ન સૃષ્ટિ રચતા હોઈશું ? જેનો સાચો ચિતાર પામવો બહુ જ કઠિન છે.

**પુનિ જીનકી નહીં જનીત કોહુનકુ, માલમ ભેદ રચનકી;**
**હયે હસ્તી નૃપ મનુષ વ્યાઘ્ર ખગ, ભિન્ન ભિન્ન તન તનકી. ૫**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **જીનકી** = તેની, જેની **નહીં** = નહીં **જનીત** = જાણ, જાણકારી, માહિતી **કોહુનકુ** = કોઈને પણ **માલમ** = ખબર **ભેદ** = સૂક્ષ્મ ભેદ, સાર, સત્ય **રચનકી** = રચનાની **હયે** = ઘોડા **હસ્તી** = હાથી **નૃપ** = રાજા **મનુષ** = માનવી **વાઘ્ર** = વાઘ **ખગ** = પક્ષી **ભિન્ન ભિન્ન** = જુદા-જુદા **તન તનકી** = શરીર, ઘાટ, દેહની.

### અનુવાદ

**વળી ઘોડા, હાથી, રાજા, મનુષ્ય, વાઘ અને પક્ષી એમ જુદાજુદા શરીરની રચનાની માહિતી રહસ્યમય છે, જેની જાણ કોઈને પણ નથી.**

### ભાવાર્થ

વળી, આપણે સ્વપ્ન અવસ્થામાં ઘોડા, હાથી, રાજા, મનુષ્ય, વાઘ અને પક્ષી એમ જુદાં જુદાં શરીરની રચના કરીને સમગ્ર સ્વપ્ન સૃષ્ટિ બનાવીને તેનો કારોબાર સંભાળીએ છીએ, એટલું જ નહીં, પરંતુ આ સર્વ રચનાને માણીને ઘણી વખત આનંદ અને ભય વગેરે સ્થિતિને અનુભવીએ છીએ. તેમ છતાં પણ તે સ્વપ્ન અવસ્થાના ભેદ કે તેની ઉત્પત્તિની જાણકારી આપણને હોતી નથી. તેમજ આવી રચના કેવી રીતે બની અને કયા પ્રકારની આંતરિક શક્તિથી આપણે કરી શકયા ? તેની સામર્થ્યતાની પણ આપણને પ્રત્યક્ષ જાણ્ય નથી. વળી આવી વિશાળ રચનામાં જરૂરી માલસામાન અને અન્ય પદાર્થો ક્યાંથી લાવ્યા અને ઘણા લાંબા સમયને અંતે સ્વપ્ન સૃષ્ટિ પુરી થતાં બધી રચનાનો માલસામાન અને પદાર્થ કયાં નાંખ્યો તેની રહસ્યમય ઘટનાની આપણને ખબર નથી.

**ઓરુ વિચિત્ર ભાત્ય ભવ ભરકી, ઉપજ્યા પીછે દરસહી;**
**પણ નિપજકી પ્રથમ આદ્ય કલ, તેહેકીત ક્યો ન કરસહી. ૬**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **વિચિત્ર** = નવાઈ પમાડે તેવી, વિલક્ષણ, અજાયબી ભરેલું, અદ્‌ભુત **ભાત્ય** = પ્રકાર, ભેદ, વર્ગ, તરેહ **ભવભરકી** = જગતભરની, દુનિયાભરની **ઉપજ્યા પીછે** = ઉત્પન્ન થયા પછી, બન્યા પછી, આકાર ઘડાયા પછી **દરસહી** = દૃશ્યમાન થાય છે, દેખાય છે, નિહાળી શકાય છે

**પણ** = પરંતુ **નિપજકી** = ઉત્પત્તિની, બનાવટની, રચનાની **પ્રથમ આદ્ય** = શરૂઆત, પહેલી શરૂઆત, પ્રારંભ પહેલાનું **કલ** = કળ, ગુપ્ત, સૂક્ષ્મ, કળા, જ્ઞાન, સમજ **તેહેકીત** = તે અંગેની, તે બાબતની **કયૌ** = શા માટે **ન** = નહીં **કરસહી** = કરી શકતા, કરતા.

## અનુવાદ

**વળી જગતભરની વિચિત્ર ભાતની રચના ઉપજ્યા બાદ જ દેખાય છે, પરંતુ ઉત્પત્તિના પ્રારંભ પહેલાંની કળા જાણવા કેમ પ્રયત્ન કરતા નથી?**

## ભાવાર્થ

વળી સ્વપ્નમાં પોતે ન ધારેલું અને ન ઈચ્છેલું તેમજ પોતાના અચેત મનની કોઈ ઊંડી ઈચ્છા કે વાંછનાના પ્રભાવને દર્શાવતી સ્વપ્ન સૃષ્ટિની રચના આપણે અનુભવીએ છીએ. વળી આ બધી ચિત્ર-વિચિત્ર અદ્‌ભુત જગતભરના પદાર્થોને સંબંધિત ભાત-ભાતની દુનિયા આપણે બનાવીએ છીએ અને તે રચનાના બન્યા પછી તે પૂર્ણ આકારે ઘડાય ત્યારે જ આપણને દેખાય છે. તેનો અનુભવ રચના બન્યા પછી આપણે સ્વપ્ન અવસ્થામાં કરીયે છીએ. આમાંની ઘણી ઉત્પત્તિ તો આપણામાં દબાયેલી વાસનાઓ અને આપણા જાતિય જીવન સાથે સંબંધ ધરાવતી હોય છે આપણી અતૃપ્ત વાંછનાઓને તૃપ્તિ મળે તેવી પરિસ્થિતિનું સર્જન જોવા મળે છે.

પરંતુ આવી સ્વપ્ન સૃષ્ટિની રચનાના પ્રારંભે કે પ્રારંભ પહેલાંના રહસ્ય અંગેની જાણ આપણે પ્રાપ્ત કરી શક્યા નથી કે જાણવા માટે કોઈએ સહેજ પણ પુરુષાર્થ કર્યો નથી.

**કવન જાગ રહી રચે સકલ કુલ, અકલીત અકલ છપાઈ;**
**સકલ બનાવ બનાયનકે પુનિ, મનકુ દિયે દેખાઈ. ૭**

### શબ્દાર્થ

**કવન** = કઈ **જાગ** = જગ્યાએ, સ્થાને **રહી** = રહીને **રચે** = રચના કરે, બનાવે **સકલ કુલ** = બધી જ રચના, સઘળી, તમામ **અકલીત** = કળ્યામાં ન આવે તેવી, અકલ્પિત **અકલ** = અકળ, અગમ્ય **છપાઈ** = છૂપી રીતે, છૂપી, છૂપા રહીને **સકલ** = બધાં જ **બનાવ** = ઉત્પત્તિ, બનાવટ

**બનાયન કે** = બનાવ્યા **પુનિ** = પછી **મનકુ** = મન અંતઃકરણને **દિયે** = દીધી **દેખાઈ** = દેખાડી, બતાવી, દર્શાવી.

## અનુવાદ

**કઈ જગ્યાએ છૂપા રહીને આ તમામ અકળ અને અગમ રચના રચી હશે? વળી બધું બનાવ્યા પછી મનને દેખાડે છે.**

## ભાવાર્થ

આ શરીરમાં રહેલ ચૈતનઅંશ સ્વરૂપ છે તેનું ભૌતિક દષ્ટિથી રહેવાનું સ્થાન દર્શાવવું અતિ કઠિન છે. જે અંગે સામાન્ય દષ્ટિકોણ ધરાવતા માનવીને તે સ્થાનની ગુપ્તતા અંગે ખબર નથી. વળી સ્વપ્ન અવસ્થામાં આવી અદ્ભુત અને કળી ન શકાય તેવી અકળ સ્વપ્નસૃષ્ટિની રચના ચૈતનઅંશે કઈ જગ્યાએ રહીને તથા કેવી રીતે બનાવી હશે તેની પણ માહિતી પ્રાપ્ત કરવી એક રહસ્યમય અને ભેદ ભરેલી બાબત છે, પરંતુ આ રચના સ્વપ્નમાં બનીને તૈયાર થાય પછી જ માનવીને પોતાના મન અંતઃકરણ દ્વારા દેખાય છે. મન આવી બનાવેલી સ્વપ્ન સૃષ્ટિને જોઈ શકે છે અર્થાત્ છેવટે અંશ મનને દેખાડે છે.

**પણ નિજકી નિપજકી મનકુ, જાણ ન કિંચિત ભરકી;**
**અંતસકરણ કરતકુ સરાયત, ગમ નહીં નિપજ ઘરકી. ૮**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **નિજકી** = અંશની પોતાની **નિપજકી** = ઉત્પત્તિની, રચનાની **મનકુ** = મન અંતઃકરણને **જાણ** = જાણ, માહિતી **ન** = નહીં **કિંચિત** = સહેજ, જરાક, અલ્પ **ભરકી** = પ્રમાણ, પણ, માત્ર **અંતસકરણ** = અંતઃકરણને **કરતકુ** = કરે છે, કાર્યની **સરાયત** = સરાહના, ચાહના, શરારત **ગમ** = જાણ, જ્ઞાન, સમજ **નહીં** = નથી **નિપજ** = ઉત્પત્તિની **ઘરકી** = ઉત્પત્તિના ઠામની, પ્રારંભની.

## અનુવાદ

**પરંતુ મનને અંશની આ ઉત્પત્તિની સહેજ પણ માત્રામાં જાણ હોતી નથી. અંતઃકરણ કાર્યની સહાયતા કરે છે પરંતુ ઉત્પત્તિના ઠામની જાણ હોતી નથી.**

## ભાવાર્થ

શરીરમાં રહેલ સર્વોપરી ચૈતનઅંશ પોતાની ચૈતનશક્તિની સત્તાના આભાસથી સર્જનહાર દ્વારા શરીરમાં પોખાયેલા તત્ત્વોના પ્રભાવને ચેતનવંત કરીને નિશ્ચિત મેળવણી દ્વારા સ્વપ્નાવસ્થા સાકાર કરે છે. આમ અંશ દ્વારા ઉત્પન્ન કરાયેલી આવી સ્વપ્નસૃષ્ટિનું મન અંતઃ કરણને બિલકુલ જ્ઞાન હોતું નથી. મન અંતઃકરણ તો સાકાર થયેલી ઉત્પત્તિના દૃશ્યની ચાહના કરીને આનંદ અથવા દુઃખની લાગણીનો અનુભવ કરે છે, પરંતુ તે જ ઉત્પત્તિ અંશ દ્વારા કેવી રીતે નિર્માણ થઈ છે ? તે અંગેની સહેજ પણ સમજ હોતી નથી. કારણ કે મન જે સંકલ્પ કરે છે અને પોતાના પુરુષાર્થના કાર્યમાં જો પોતે પહેલ કરે તો તેના પોતાના સંકલ્પોને અન્ય અંતઃકરણોનો સાથ મળતા કાર્યરત થઈને ઇંદ્રિયો દ્વારા તે પુરુષાર્થને અમલમાં મૂકે છે, પરંતુ આ સઘળી ક્રિયાનો ક્રમ કઈ રીતે નક્કી થયો, કયા ઠેકાણેથી થયો અને કોના પ્રભાવથી થયો ? તેની જાણ નથી.

**અપને અલ્પજ્ઞે સાક્ષીનકી, એહી વિધિ અકલ કલાઈ;**
**તો ખુદ ખલક સાક્ષીયનકે પત, જીનું કરત કુન પાઈ. ૯**

### શબ્દાર્થ

**અપને** = પોતાના **અલ્પજ્ઞે** = અલ્પજ્ઞ **સાક્ષીનકી** = દૃષ્ટાની **એહી વિધિ** = આ પ્રમાણે **અકલ** = અકળ, કળી ન શકાય તેવી **કલાઈ** =કાર્યશક્તિ **તો** = તો પછી **ખુદ** = પોતે, સ્વયં **ખલક** = વિશ્વની **સાક્ષીયનકે** = સાક્ષીની **પત** = પિતા, માલિક, સ્વામીની **જીનુ** = જેમના અંગે **કરત** = કાર્યની સમજ રચાને **કુન** = કોણ **પાઈ** = પ્રાપ્ત કરી શકે ?, જાણી શકે ? પાર પામી શકે ?

## અનુવાદ

**આપણા અલ્પજ્ઞ સાક્ષીની આ પ્રમાણે અકળ કળા છે, તો પછી સૃષ્ટિના સ્વયં સાક્ષીરૂપે રહેલા પિતાની રચનાને કોણ જાણી શકે ?**

## ભાવાર્થ

પોતાના શરીરમાં રહેલો અલ્પજ્ઞ ચૈતનઅંશ કે જે સાક્ષીરૂપે દેહનો સ્વામી છે

તેની આ પ્રમાણેની અકળ કળા છે. એવા અંશ દ્વારા રચાયેલ સ્વપ્ન સૃષ્ટિની રચનાના પ્રારંભને (સ્વપ્ન સૃષ્ટિ શરૂઆતથી) અંશે કેવી રીતે બનાવી છે ? તે માહિતી મન અંતઃકરણ જાણી શકતું નથી. એવી ગુપ્ત અને અદ્‌ભુત રચના રચવાની કાર્યશક્તિ અંશની છે. તેવી જ રીતે સમગ્ર બ્રહ્માંડના સર્જક સ્વયં સર્વજ્ઞ છે, પરમ પિતા છે. વળી પોતાની બનાવેલી આ સમગ્ર સૃષ્ટિના કારણરૂપે છે. તેમની રચનાને આપણે બધા અંતઃકરણથી નિહાળી શકીએ છીએ અને માણીને તે કર્તાની વિભૂતિનો ઉપભોગ કરીએ છીએ, પરંતુ સર્જનહારે રચના કેવી રીતે બનાવી તેની ગુપ્ત હકીકત મન અંતઃકરણ જાણી તેમજ ઓળખી પણ શકતું નથી. અંશ દ્વારા બનાવેલ સ્વપ્નસૃષ્ટિની રચનાને જો મન જાણી ન શકતું હોય તો પછી અંશી દ્વારા બનાવેલ વિશાળ સૃષ્ટિની રચનાને આપણે કેવી રીતે જાણી શકીએ ?

વળી અંશ સ્વપ્નમાં જે રચના રચે છે તે સર્વ રચના અને તે રચનામાં રહેલા સર્વ પદાર્થો અને શરીર એમ બધુ જ અંશની જેમ અલ્પજ્ઞ ગતિવાળું હોય છે. જ્યારે સ્વપ્ન અવસ્થા પુરી થઈને જાગ્રત અવસ્થા સ્ફુરાય ત્યારે સ્વપ્નના બધા જ ઘાટ અને સર્વ રચના વિલય પામતા અંશની વૃત્તિમાં મળે છે. અંશની એકતા તે સ્વપ્ન સૃષ્ટિની સાથે હોવાથી જાગ્રત અવસ્થા સ્ફુરતાં અંશની એકતા વૃત્તિમાં હોવાથી તે જે વૃત્તિથી ઉત્પન્ન થયું તે જ વૃત્તિમાં પાછું સમાઈ જાય છે.

તેવી જ રીતે સર્જનહાર પણ પોતાના શુદ્ધ સંકલ્પથી બનાવેલી સર્વ રચના તેમજ બધા જ અંશો સંકલ્પ પૂરો થતાં પોતાની વૃત્તિઓમાં સમાવી દે છે. છેવટે સર્જનહાર દરેક વૃત્તિઓને પોતાનામાં સમાવી દે છે. આ પ્રમાણેની અંશની અને કર્તાની અકળ ગતિને કોણ જાણી શકે ?

**ઓરુ આપને તનકે સાક્ષી નિજ, રુપ રંગ ગુણ રહિતુ;**
**અંતસકરણ ઈંદ્રિદશ પુની તત, અલગ સદા તેહી સહિતુ. ૧૦**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **આપને** = પોતાના **તનકે** = શરીરના **સાક્ષી** = સાક્ષી **નિજ** = પોતે, સ્વયં આદિ **રુપ** = આકાર, આકૃતિ, દેખાવ **રંગ** = વર્ણ, રંગ **ગુણ** = જાતિ, સ્વભાવ, મૂળ લક્ષણ **રહિતુ** = વગરનું, સિવાય **અંતસ કરણ** = અંતઃકરણ મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત અને નચિત કે જે આંતરિક

ઈંદ્રિયો ગણાય છે **ઈંદ્રિદશ** = બાહ્ય પદાર્થનું જ્ઞાન અંગે માત્રાઓના વિષયને ગ્રહણ કરતા અવયવો જેમાં પાંચ જ્ઞાનેદ્રિય અને પાંચ કર્મેદ્રિયનો સમાવેશ થાય છે **પુની** = વળી **તત** = તત્ત્વો **અલગ** = જુદા, ભિન્ન **સદા** = સદા, હમેશાં **તેહી** = તે **સહિતુ** = સાથે જ મળીને.

## અનુવાદ

**વળી આપણા શરીરનો સાક્ષી પોતે રૂપ, રંગ, ગુણ રહિત હોઈ અંતઃકરણ અને દશ ઈંદ્રિયો તથા તત્ત્વો વગેરે સાથે હમેશાં રહેવા લાગતો હોવા છતાં બધાથી અલગ રહેલો છે.**

## ભાવાર્થ

આપણા ચૈતન અંશને કોઈ રંગ કે રૂપ નથી. વળી તે નાશવંત પદાર્થોની જેમ જાતિ, સ્વભાવ તથા રજો, તમો કે સતો ગુણોના લક્ષણોથી રહિત છે. શરીરના આંતરિક જ્ઞાનને સ્પર્શતી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચાર અંતઃકરણો રૂપ ચાર ઈંદ્રિય છે. શરીરના બાહ્ય પદાર્થોની માત્રાઓ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધના વિષયને ગ્રહણ કરનારી પાંચ કર્મેદ્રિયઃ હાથ, પગ, મુખ, ઉપસ્થ અને ગુદા છે તેમજ પાંચ જ્ઞાનેદ્રિયઃ કાન, નાસિકા, ત્વચા, નેત્ર અને જીભ છે. તેમજ શરીરના બંધારણમાં મુખ્ય પાંચ તત્ત્વ પૃથ્વી, જળ, આકાશ, તેજ અને વાયુ છે. આ બધી જ તત્ત્વસામગ્રી પ્રકૃતિના તત્ત્વો કહેવાય છે. આ બધાની સાથે રહીને દરેકને ચેતન કરનાર સર્જનહારની સજાતિના નિજ જાણ રૂપ અંશ નાશવંત પદાર્થો સાથે રહેવા છતાં તેમાં ભળતો નથી, પરંતુ પોતે તો સ્વયં બધાથી હમેશાંને માટે અલગ રહે છે.

**તિનકી બુજ બુજાવત કોહુ જન, હમકુ, આપ લખાવો;**
**સાંગોપાંગ સકલ નિખ શિખહી, કહો કયો કરી દરશાવો. ૧૧**

### શબ્દાર્થ

**તિનકી** = તેની **બુજ** = જ્ઞાન, સમજ, માહિતી **બુજાવત** = જણાવવું, દર્શાવવું, જાણવું **કોહુ** = કોઈ **જન** = માનવી **હમકુ** = મને, અમને **આપ** = પોતે, તમે **લખાવો** = જણાવો, બતાવો, દર્શાવો **સાંગોપાંગ** = સમસ્ત, બધું જ, સમસ્ત, અંગો અને ઉપાંગો સહિત **સકલ** = બધુ જ **નિખ શિખહી** = પગના નખથી માંડીને માથાની શિખા સુધી, નખશિખ **કહો** = કહો **કયો** = કેમ **કરી** = કરીને, કેવી રીતે **દરશાવો** = દર્શાવો, બતાવો, જણાવો.

### અનુવાદ

**તેની માહિતી કોઈ માનવ જાણતા હોય તો તમો મને જણાવો અને નખથી શિખા પર્યંત સાંગોપાંગ બધું જ કેમ કરીને દર્શાવી શકશો ? તે કહો.**

### ભાવાર્થ

દુનિયામાં જે પદાર્થ દશ્ય છે અને જે સ્થૂળ તત્ત્વોથી બનેલો છે તેને માટે વિવરણ કરવું શક્ય છે. તે પદાર્થ માટે તેને લગતી બધી જ બાબતો આવરી લઈને તેના ગુણધર્મો સહિત રૂપ, રંગ, સ્વાદ, આદિ, અંત અને મધ્ય એમ સર્વ બાબતોની જાણકારી મેળવવી સુલભ છે, પરંતુ જેનો કોઈ આકાર કે રંગ નથી, ચર્મચક્ષુથી નિહાળી શકાય તેમ નથી અને તત્ત્વાતીત છે, એવા પોતાના શરીરના સાક્ષી સ્વરૂપે રહેલા ચૈતનઅંશ વિશે કહેવું અશક્ય છે. તેનું નખશિખ વર્ણન કરવું કોઈ પણ માનવી માટે દુર્લભ છે. આપણી ઇચ્છા હોય તેમ છતાં કેમ કરીને તેને દર્શાવી શકાય ? કે વર્ણન કરી શકાય ?

**દરસ પરસ કરનન કે જેહી તત, આગે અનિત્ય દેખાઈ;**
**નિત્ય નિરંતર આપનું આપતે, જીનતે અતીત રહાઈ. ૧૨**

#### શબ્દાર્થ

**દરસ** = દેખી શકાય, દશ્યમાન હોય **પરસ** = સ્પર્શી શકાય, કર્મેન્દ્રિયોથી તેનો પ્રત્યક્ષ અનુભવ કરી શકાય **કરનનકે** = કરી શકાય **જેહી** = તેવા **તત** = તત્ત્વો, પદાર્થ **આગે** = આગળ, અગાઉ **અનિત્ય** = નાશવંત, વિનાશી **દેખાઈ** = દર્શાવ્યા, બતાવ્યા **નિત્ય** = શાશ્વત, સત્ય, અવિનાશી **નિરંતર** = હરહમેશ, સદાને માટે, સદા **આપનું** = પોતાનું **આપતે** = સ્વ-સ્વરૂપ, આપનપુ અંશ સ્વરૂપ **જીનતે** = જેનાથી **અતીત** = અલગ, પરે, ભિન્ન **રહાઈ** = રહેલું છે.

### અનુવાદ

**જોઈ અને સ્પર્શી શકાય તેવા જે પદાર્થો છે, તે નાશવંત તત્ત્વોને આગળ દર્શાવ્યા એવા તત્ત્વોથી સદાને માટે ભિન્ન રહેલ પોતાનું શાશ્વત આપનપુ સ્વરૂપ છે.**

### ભાવાર્થ

આપણુ શરીર નાશવંત તત્ત્વોનું બનેલું છે. આ નાશવંત તત્ત્વોનું શરીર

ચૈતનઅંશના આભાસ થકી હાલતું ચાલતું બન્યું છે. આપણે દેખી શકાય અને સ્પર્શી શકાય તેવા નાશવંત પદાર્થો (તત્ત્વો) વિષે તો અગાઉ સમજણ પ્રાપ્ત કરી છે, પરંતુ તે નાશવંત તત્ત્વો સાથે હાજર રહેલો સર્જનહારની સજાતિનો ચૈતનઅંશ શાશ્વત છે અને મહાપ્રલયકાળ પર્યંત તેનું આરબલ છે. એટલે તે અંશ મહાપ્રલયકાળ સુધી શરીરની અવધિ પર્યંત જે તે શરીરમાં હાજર રહીને અલગ-અલગ શરીરમાં ભ્રમણ કરે છે અને અંતે કર્તાની અંશ વૃત્તિમાં પાછો સમાઈ જાય છે. એમ ૮૪ લાખ પ્રકારના સ્થૂળ દેહ સહિત સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને છેલ્લે પરમકારણ દેહમાં રહે છે. જે પોતે અલગનો અલગ છતાં સલંગ રહીને પોતાની ચૈતન શક્તિથી દેહને ચેતનવંત કરી સજીવન રાખે છે.

આમ નાશવંત તત્ત્વોથી ભિન્ન આપનપુ ચૈતન સ્વ-સ્વરૂપ રહેલું છે. જે કરોડો કલ્પો સુધી જન્મમરણના ક્રમમાં ભટક્યા કરે છે.

**જેહી હજરત નિજ હાલ હજુરા, આપોઆપ આપનહી;**
**જીનકી ગમ નહીં અહંગ એહી મમ, તો કર્તા કુન જનહી. ૧૩**

### શબ્દાર્થ

**જેહી** = જેનું **હજરત** = અસ્તિત્ત્વ, હયાતી, હાજરી, સ્વામી, માલિક **નિજ** = પોતે **હાલ હજુરા** = પ્રત્યક્ષ હાજર છે, અત્યારે , હમણાં, તત્ક્ષણ, મોજૂદ હોવું, ઉપસ્થિત, વિદ્યમાન હોવું **આપોઆપ** = ખુદ જાતે, પોતે, સહજ **આપનહી** = પોતાના સ્વ-સ્વરૂપે **જીનકી** = જેની **ગમ** = જાણ, સમજ **નહીં** = નહીં **અહંગ** = અહંતા, હું પણુ **એહી** = એ પ્રમાણેનું **મમ** = મને, પોતાની, જાતને **તો** = તો પછી **કર્તા** = સર્જનહારને **કુન** = કોણ **જનહી** = જાણી શકે ?

### અનુવાદ

**જે પોતે અત્યારે પ્રત્યક્ષ રીતે પોતાના સ્વ-સ્વરૂપે ઉપસ્થિત છે તેમ છતાં પોતાના નિજ સ્વરૂપની અહંતાનું જ્ઞાન નથી, તો પછી કર્તાને કોણ જાણી શકે?**

### ભાવાર્થ

પોતાના દેહમાં રહેલ ચૈતનઅંશ કે જે પોતે શરીરનો સ્વામી છે તે હાલમાં પોતાની

પ્રત્યક્ષ હાજરીથી હાલ હજૂર રીતે હોવા છતાં આપણને આપણા સ્વ-સ્વરૂપની જાણ નથી. પોતાના હું પણાની એટલે કે પોતાના અહંતાપણાનું જ્ઞાન ખુદ પોતાને જ રહેવા પામ્યું નથી. આપણે પોતે નાશવંત દેહના આભૂષણોથી પોતાની જાતને ઓળખીએ છીએ, તો પછી અંશ જેના વંશનો છે એવા સજાતિ મહદ્ ચૈતન સર્જનહારના સ્વરૂપને અને તેમના અસ્તિત્ત્વને કેવી રીતે જાણી શકાય ?

**પુની આપને તો પ્રગટ હાલ હમ, દ્દષ્ટા પણે દેખાઈ;**
**ઓરુ કર્તા તો ફરક આપનસે, તીનકી ગત કુણ પાઈ. ૧૪**

### શબ્દાર્થ

**પુની** = વળી **આપને** = પોતે, પોતાના સ્વ-સ્વરૂપે **તો** = તો **પ્રગટ** = પ્રત્યક્ષ જાહેર, સ્પષ્ટ, સાક્ષાત, હયાત **હાલ** = હમણાં, અત્યારે **હમ** = પોતે, આપણું, પોતાનું **દ્દષ્ટા** = દર્શક, સાક્ષાત્કાર કરનાર, જોનાર, નિરીક્ષક **પણે** = રૂપે, રીતે **દેખાઈ** = દેખાવું, નિહાળવું **ઓરુ** = અને, પરંતુ **કર્તાતો** = સર્જનહારનો **ફરક** = ભિન્ન, જુદા પણુ, ફેર, પૃથક્, અંતરે, દૂર હોવાપણું **આપનસે** = પોતાનાથી **તીનકી** = તેમની **ગત** = જ્ઞાન, માહિતી **કુણ** = કોણ **પાઈ** = જાણી શકે ?

### અનુવાદ

**વળી આપણું સ્વ-સ્વરૂપ તો હાલ સાક્ષાતરૂપ મોજુદ હોઈ દ્દષ્ટારૂપે દેખાય છે, પરંતુ કર્તા તો આપણાથી ઘણા ભિન્ન છે તો પછી તેમની ગતિને કોણ જાણી શકે ?**

### ભાવાર્થ

સ્થૂળ શરીર જ્યારે જીવંત હોય ત્યારે તેમાં તેના સ્વ-સ્વરૂપે રહેલા ચૈતનઅંશની હાજરીનું પ્રત્યક્ષ રીતે પ્રમાણ નક્કી કરી શકાય છે. તેની શરીરમાં પ્રત્યક્ષ હાજરી છે તે અંગે દર્શક તરીકે આપણને પણ દેખાય છે. શરીરનું જીવંતપણુ એ ચૈતનઅંશની હાજરીનું પ્રત્યક્ષ પ્રમાણ છે. જ્યારે સૃષ્ટિના સર્જનહાર કૈવલકર્તા તો પોતાની બનાવેલી સૃષ્ટિથી પરે રહેલા છે. જે કદી પોતાની બનાવેલી સૃષ્ટિમાં આવતા જ નથી. બ્રહ્માંડમાં ચૈતનઅંશની હાજરી અને કૈવલધામમાં બિરાજમાન અંશી, સર્જનહારની હાજરી વચ્ચે ઘણી જ ભિન્નતા છે. જેથી આપણી સુરતા કે નૂરતા પહોંચી શકે તેમ નથી. અંશ તો

અલ્પજ્ઞ ચૈતન છે. જ્યારે સર્જનહાર મહદ્ ચૈતન હોઈ બંને વચ્ચે અકલ્પ્ય તફાવત રહેલો છે, પરંતુ આપણી અલ્પ મતિ અને ગતિથી એવા સર્જનહારનો કોઈ પણ રીતે પાર પામી શકાય તેમ નથી. સૃષ્ટિની અદ્ભુત રચનાને નિહાળતાં તેના રચનાર સર્જનહાર અંગે તેમની વિશેષતાની કલ્પના કરી શકાય કે તે કેવા શક્તિમાન હશે ?

**પણ જેહી તેહી પરકાર સકર્તા, આપનું આપ અનુસારે;**
**ઓર નહીં અનુભવ સરભરકો, જીનહી સજાત સકારે. ૧૫**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **જેહી તેહી પરકાર** = જે તે પ્રકારે, પ્રમાણની સરખામણીના આધારે, સર્વનામ વસ્તુને દેખાડી તેનો બીજા સાથે સંબંધ બતાવવો તે **સકર્તા** = સર્વના સર્જનહાર, સૃષ્ટિના કર્તા **આપનું** = પોતાના સ્વ-સ્વરૂપ **આપ** = પોત, સ્વરૂપ **અનુસારે** = અનુસાર, પ્રમાણે, ના જેવું, તે મુજબનું **ઓર** = બીજું **નહીં** = નહીં **અનુભવ** = પ્રત્યક્ષ પ્રમાણ **સરભરકો** = સરખાવવા માટે સમાનતા દર્શાવતું, સરખામણી માટે **જીનહી** = જેમની **સજાત** = સજાતીય, વંશજ **સકારે** = સ્વીકારવા યોગ્ય, તેમના જેવા જ, ગુણધર્મયુક્ત.

### અનુવાદ

**પરંતુ જે પ્રકારે સકર્તા છે તે જ પ્રકારે આપનું પોતાનું ચૈતન સ્વ-સ્વરૂપ છે. તેમની સજાતિનું સ્વીકારવા યોગ્ય બીજું કોઈ પ્રત્યક્ષ પ્રમાણ સરખાવવા માટે નથી.**

### ભાવાર્થ

સૃષ્ટિના સર્જનહાર મહદ્ ચૈતન અને તત્ત્વાતીત છે અને તેમની જ સજાતિના વંશજ સ્વરૂપે આપણામાં રહેલ ચૈતનઅંશ પણ છે. સર્જનહારે જ પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશોને ઉત્પન્ન કર્યા છે. તેમ છતાં અંશોમાં પૂર્ણ ચૈતનપણું છે તેમજ બ્રહ્મના તત્ત્વોમાં સમચૈતનપણું છે. બાકીના બધા નાશવંત જડ તત્ત્વો છે. સર્જનહાર તો અગાધ અને સર્વજ્ઞ અપરંપાર ગતિવાળા છે. જ્યારે અંશ મર્યાદિત અને અલ્પગતિવાળો છે. જેમ સર્જનહાર અજર, અમર, અવિનાશી અને ચર્મચક્ષુથી નિહાળી શકાય તેમ નથી તે જ રીતે અંશ પણ મહાકલ્પ સુધી આરબલ ધરાવે છે. તેને પણ ચર્મ ચક્ષુથી નિહાળી શકાય તેમ નથી. આ રીતે વિચારતાં અંશને સર્જનહારની સજાતિનો તેમજ કર્તાની વંશનો જ કહી શકાય.

સર્જનહારની મહાન ગતિને અને સજાતિપણાને સ્વીકારવા અને ઓળખવા માટે બ્રહ્માંડમાં એકમાત્ર ચૈતનઅંશ સ્વરૂપને ઓળખવું જરૂરી છે. અંશ સિવાય અન્ય કોઈ પણ પ્રત્યક્ષ પ્રમાણથી કર્તાને સમજી શકાય તેમ નથી.

આમ, કર્તાને જાણવા હોય તો પ્રથમ પોતાના અંશ સ્વરૂપની પૂર્ણ સમજ પ્રાપ્ત થાય તો જ તે જેના સજાતિનો છે એવા સર્જનહારને સમજવામાં વાર લાગતી નથી. કારણ કે સજાતિ સજાતિને જ સ્વીકારે છે. તે ન્યાયે અંશ થકી જ અંશીને જાણી શકાય છે.

**જબતે પ્રથમ આપકુ ખોજીત, ગુરુ પરમપે જાઈ;**
**તેહી કહેતેહી પરકાર સકર્તા, ન્યાવ સહિત લખપાઈ. ૧૬**

### શબ્દાર્થ

**જબતે** = તેટલા માટે જ, જેથી **પ્રથમ** = પ્રારંભે, શરૂઆતમાં, પહેલાં, સૌ પ્રથમ **આપકુ** = પોતાનું સ્વ ચૈતન સ્વરૂપને, **ખોજીત** = ખોળીને, શોધ કરવા **ગુરુ પરમપે** = પરમગુરુ પાસે **જાઈ** = જઈને, જવું **તેહી** = તેઓ **કહે તહી** = કહે છે, જણાવે છે દર્શાવે છે **પરકાર** = પ્રમાણ દ્વારા, નિશ્ચિત પ્રકારે **સકર્તા** = નિજ કર્તા સર્જનહાર **ન્યાવ સહિત** = ન્યાય પૂર્ણ, ન્યાય સહિત **લખપાઈ** = લક્ષ પ્રાપ્ત થશે, લક્ષ થકી ઓળખી શકાશે.

### અનુવાદ

**તેટલા માટે જ પ્રથમ પરમગુરુ પાસે જઈને પોતાના ચૈતન સ્વરૂપની શોધ કરો અને તેમના જણાવ્યા પ્રમાણે ન્યાય દ્વારા જ કર્તાનો લક્ષ પ્રાપ્ત કરી શકાશે.**

### ભાવાર્થ

વિશ્વમાં ગુરુપદ ધારણ કર્યા સિવાય જ્ઞાનની પ્રાપ્તિ અશક્ય છે. જગતપક્ષના જ્ઞાનની અભિલાષા ન રાખતાં જગતકર્તાના જ્ઞાન અંગેની ઉત્કંઠા, માનવીને ભવ દુઃખમાંથી મુક્તિ અપાવવા સહાયરૂપ થાય છે. પોતાના ચૈતન સ્વરૂપને ઓળખાવી તેના સજાતિ સર્જનહાર સાથે મેળાપ કરાવી આપવા માટે માત્ર પરમગુરુ જ વિશ્વમાં સમર્થ છે. એટલા માટે જ સૌ પ્રથમ તો માનવદેહના કર્તવ્યને પૂર્ણ કરવા પરમગુરુના ચરણોમાં સમર્પિત થઈને તેમનું ગુરુપદ ધારણ કરીને રહેવું જોઈએ. તેઓ તેમના

અગાધ કૈવલજ્ઞાનના પ્રતાપે પ્રમાણયુક્ત સમજ આપી અંશને ચૈતન હંસ સ્વરૂપે કરી ને સર્જનહારનો લક્ષ પ્રાપ્ત કરાવે છે. જેથી સૃષ્ટિના સાચા સર્જનહારની ન્યાયિક રીતે ઓળખાણ થતાં વાર લાગશે નહીં.

**આપન તો નિજ અલ્પજ્ઞે ગત, કરતા સર્વજ્ઞેહી;**
**સકલ જહાન જન જીવ અંશકી, રજ તજ જાણ સબેહી. ૧૭**

### શબ્દાર્થ

**આપન તો** = આપણે તો **નિજ** = સ્વયં, પોતે, મૂળ, આદિ **અલપજ્ઞે** = અલ્પજ્ઞ, સામાન્ય, થોડી **ગત** = ગતિવાળા, જ્ઞાનવાળા, સમજવાળા **કરતા** = કર્તા, સર્જનહાર **સર્વજ્ઞેહી** = સર્વજ્ઞ, બધું જાણનાર, સર્વ પદાર્થો અને તત્ત્વોના સંપૂર્ણ જ્ઞાતા **સકલ જહાન** = સમસ્ત વિશ્વના, અખિલ બ્રહ્માંડના **જનજીવ** = જન્મ ધારણ કરેલ જીવ **અંશકી** = અંશોની **રજતજ** = દરેક દરેક કર્મોની ગતિ, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ કર્મોની **જાણ સબેહી** = બધું જ જાણે છે, સર્વ, તમામ.

### અનુવાદ

**આપણે સ્વયં તો અલ્પજ્ઞ ગતિવાળા છીએ, પરંતુ કર્તા સર્વજ્ઞ છે. અખિલ બ્રહ્માંડના સર્વ જીવના અંશોની રજેરજની બધી જ ગતિને જાણે છે.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની શુદ્ધ સંકલ્પશક્તિથી પોતાની અંશ વૃત્તિ દ્વારા અખિલ બ્રહ્માંડના સર્વ સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોને બનાવ્યા છે અને તેમની સંપૂર્ણ સંભાળ પણ લે છે. અંશો અને કર્તા વચ્ચે એકત્વપણું નથી, પરંતુ કર્તા પોતાની અલૌકિક બાજ દૃષ્ટિથી પોતાના અંશો સાથે એકતા રાખે છે. જ્યારે અંશો કર્તાના સ્વરૂપ સાથે એકતા રાખી શકતા નથી. જેથી નિશ્ચિત થાય કે સર્જનહારની ગતિ સર્વજ્ઞ છે અને અંશોની ગતિ અલ્પજ્ઞ છે. જ્યારે સર્જનહારની જાણમાં સર્વજ્ઞપણું સમાયેલું છે. સર્જનહારની પોતાની પ્રકાશ બ્રહ્મવૃત્તિની જે વ્યાપક વિભૂતિ છે તેની સાથે બધા જ અંશોની વૃત્તિઓની એકતા સોહંગ પ્રાણાયામ થકી રહેલી છે. કર્તાની આ પ્રકાશ બ્રહ્મવૃત્તિની એકતા એ કર્તાની અલૌકિક બાજવૃત્તિના દિવ્યચક્ષુને વિષે છે. જેથી કરીને સર્વ અંશોના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ કર્મોને સકર્તા પતિ તાદશ્ય જુએ છે.

આ ન્યાયે અનંત બ્રહ્માંડના સર્વ અંશોની ક્રિયાઓ સર્જનહારથી અજાણી રહેતી નથી.

**પુની જેહુનકે શુદ્ધ સંકલ્પતે, પલમે ખલક બનાવે;**
**આપને તો આપને નિજ તનકી, જીનકી ગત નહીં પાવે. ૧૮**

### શબ્દાર્થ

**પુની** = વળી **જેહુનકે** = જેમના **શુદ્ધ સંકલ્પતે** = શુદ્ધ સંકલ્પથી આંતરવૃત્તિથી **પલમે** = પળવારમાં **ખલક** = સૃષ્ટિ, વિશ્વ, બ્રહ્માંડ **બનાવે** = બનાવેલું છે આપને **તો** = આપણને તો **આપને** = આપણા **નિજ** = સ્વયં, પોતાના **તનકી** = શરીરની **જીનકી** = જેની, જેના અંગે **ગત** = જાણ **નહીં** = નથી **પાવે** = પ્રાપ્ત કરી શકતા.

### અનુવાદ

**વળી આપણને જેમના શુદ્ધ સંકલ્પથી પળવારમાં સૃષ્ટિની રચના રચાઈ છે તેમની અને આપણા પોતાના શરીર અંગેની પણ જાણ્ય નથી.**

### ભાવાર્થ

આપણુ પોતાનું ચૈતન સ્વરૂપ કેટલું અલ્પજ્ઞ છે, તેની સાચી હકીકત આપણને નથી. કારણ કે, આપણા પોતાના શરીરમાં રહેલા ગુણ, ઘણ, અંતઃકરણ અને ઇંદ્રિયો દ્વારા થતાં કર્મોને સ્વાધીન બનીને આપણે જીવન જીવીએ છીએ. પોતાના શરીરમાં થતા તત્ત્વોની વધઘટને લીધે થતાં શારીરિક દુઃખો અંગે પણ આપણને માહિતી હોતી નથી. જેનાં શુદ્ધ સંકલ્પથી પોતાની છ વૃત્તિઓ દ્વારા એક પળવારમાં આવી અદ્‌ભુત સૃષ્ટિની રચના બનાવી છે. એવા સર્જનહારના પરમ ચૈતન અને તત્ત્વાતીત સ્વરૂપને પણ આપણે જાણતા નથી

વળી ચૈતનઅંશ દેહના નેત્રોની બાજવૃત્તિથી જે કંઈ નિહાળી શકે તે એકદેશી પદાર્થ અને રચનાને નિહાળી શકે છે. તથા આંતરવૃત્તિથી ધ્યાને કરીને જે દેખાય તે ગુણ, ઘણની એકતાથી ઇંદ્રિયોના કાર્યોને દોરે છે. તેમજ પોતાના આભાસથી ઓહંગ અને સોહંગના માધ્યમ દ્વારા પ્રણવ અને સમગ્ર શરીરનાં ગુણ ઘણ ઇંદ્રિયોને ચેતન કરવાની શક્તિ તે ધરાવે છે. તેનાથી વિશેષ ગતિ અંશની નથી. આ પ્રમાણે આપણે પોતાના અલ્પજ્ઞ ચૈતનઅંશની અને સર્વજ્ઞ પરમ ચૈતનઅંશીની પણ જાણ્ય મેળવી શક્યા નથી.

વળી આપણને વિશ્વમાં જે કોઈ ભિન્નતા દેખાય છે તે તો સર્જનહારની કરામત છે. તેમણે બીજ અને બિંદુમાં પોખેલાં તત્ત્વોનો પ્રભાવ છે. વળી દેહમાં રહેલી વિભૂતિઓ અને દેહની શક્તિ, આકાર, ચાતુર્યતા, રૂપ, રંગ, તત્ત્વોની વધઘટ સર્વ દેહને આધારિત છે. કીડીમાં હોય કે હાથીમાં હોય, બિલાડીમાં હોય કે ઉંદરમાં હોય, હિંસક પ્રાણીમાં હોય કે સામાન્ય વનનાં પશુપંખીમાં હોય, માનવ-માનવની ભિન્નતા હોય કે પછી સ્થાવર જાતિના વૃક્ષવેલીમાં હોય, પરંતુ સર્વમાં એકસરખો જ અંશ રહેલા હોય છે. અંશનું કાર્યમાત્ર દેહને ચેતનવંત કરીને જે કોઈ કર્મોને આધીન સુખ દુઃખ ભોગવવાનું સિવાય તેનામાં વિશેષ શક્તિ કંઈ જ નથી. હા, માનવમાં એક વિશેષ છે કે તે પોતાનામાં રહેલી સુષુપ્ત તત્ત્વોની શક્તિને જો જાગ્રત કરે તો તેનો વિશેષ પ્રમાણમાં લાભ લઈ શકે અને તે શક્તિ સુષુપ્ત અવસ્થામાં રહે તો તે પશુ હિન જિંદગી જીવીને પોતાની આયુષ્ય મર્યાદા મુજબ જીવીને બીજો જન્મધારણ કરે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, જે કોઈ વિવિધતા છે તે સર્જનહારની ઉત્પન્ન કરેલી પોતાની અંગત સૂઝથી બનાવેલા તત્ત્વોની વધતા ઓછા પ્રમાણમાં મેળવણીને આભારી છે. એટલે કે, અંશની મહત્તા નથી, પરંતુ સર્જનહાર દ્વારા કરવામાં આવેલા વિવિધ તત્વોના મેળવણીવાળા પાંચ પ્રકારના દેહની મહત્તાને જ આભારી છે. કારણ કે, તેમણે તે પ્રમાણેનું નિર્માણ કર્યું છે.

**તેહુતે ફરક આપન કર્તા બીચ, અગણિતકે ફેરફારી;**
**જ્યો ઘટકે નભ ઓરુ અપરમ શુન્ય, યા વિધિ કર્તા અપારી. ૧૯**

### શબ્દાર્થ

**તહુતે** = તેટલો **ફરક** = તફાવત **આપન** = પોતાના **કર્તા** = સર્જનહાર **બીચ** = વચ્ચે **અગણિતકે** = અસંખ્ય ગણતરીમાં ન થાય તેવો વિશાળ, મહાન **ફેરફારી** = તફાવત, ભિન્નતા છે **જ્યો** = જેમ કે, જેટલો **ઘટકે** = ઘડામાં રહેલું **નભ** = પોલાણ **ઓરુ** = અને **અપરમ શુન્ય** = અપરંપાર શૂન્ય, મહાશૂન્ય **યાવિધિ** = આ પ્રમાણેનો, એ રીતનો, એટલો **કર્તા** = સર્જનહાર **અપારી** = અપરંપાર છે.

### અનુવાદ

**જેટલો ઘડાના પોલાણ અને મહા શૂન્યની વચ્ચેનો તફાવત છે તેટલો જ મહાન તફાવત આપણા અને કર્તા વચ્ચે છે. આ પ્રમાણે જોતાં કર્તા અપરંપાર છે.**

## ભાવાર્થ

આપણા ચૈતન સ્વ-સ્વરૂપની અલ્પજ્ઞતા અને સર્જનહારની સર્વજ્ઞતાની બાબતે આપણે અગાઉના વૃત્તાંતથી સમજ્યા, તે ઉપરથી આપણે તારણ કાઢી શકીએ કે, આપણે ઉત્પત્તિ કરવા માટે અસમર્થ છીએ જ્યારે સર્જનહારમાં કર્તાપણાનું સામર્થ હોઈ આપણી અને કર્તાની સરખામણી થઈ શકે તેમ નથી. વળી તફાવતની દષ્ટિએ પણ જો માપીએ તો જેમ ઘડામાં રહેલું પોલાણ અને મહાશૂન્ય ના પોલાણ વચ્ચે જેટલો તફાવત છે, તેટલો મહાન તફાવત આપણા ચૈતનઅંશ અને સર્જનહારના મહદ્ ચૈતન સ્વરૂપ વચ્ચે રહેલો છે. આ તફાવતના પ્રમાણને સરખાવતાં સર્જનહારની સર્વજ્ઞતા અપરંપાર છે. જેનો કોઈ અંત નથી અને તેમનો કોઈ પાર પામી શકે તેમ નથી. વળી અંશ જેમ નાશવંત શરીરમાં સર્વોપરીતા ધરાવે છે તેમ સર્જનહારની સર્વોપરીતા અખિલ બ્રહ્માંડમાં રહેલી છે. માત્ર ચૈતનની દષ્ટિએ અલ્પજ્ઞ અને સર્વજ્ઞતા તેમજ અંશની અને અંશીની સર્વોપરીતા પુરતું જ સર્જનહારને સમજવા માટે અંશનું પ્રમાણ જાણવાનું છે. અન્ય રીતે સર્જનહારની સરખામણી અખિલ બ્રહ્માંડમાં કોઈ પણ રચના કે કોઈ પણ પ્રકારના અંશો સાથે થઈ શકે તેમ નથી. કારણ કે, અંશ પણ સર્જનહારની ઉત્પત્તિનું એક ચૈતન તત્ત્વ જ છે, જેની અવધિ મહાકલ્પ પર્યંત હોઈ, છેવટે તે કર્તાની અંશવૃત્તિમાં સમાઈ જાય છે.

**તેહી માટે આપને આપનકુ, જેહી સમજ તે પાવો;**
**તેહિ વિધકે અનુભવ કરતાસુ, ન્યાવ સહિત લક્ષ લાવો. ૨૦**

### શબ્દાર્થ

**તેહી માટે** = તે માટે, તેટલા, માટે **આપને** = પોતાના **આપનકુ** = ચૈતન સ્વ-સ્વરૂપની **જેહી** = જે, યથાર્થ **સમજ** = જાણ, માહિતી **તે** = તે **પાવો** = પ્રાપ્ત કરો, મેળવો **તેહી વિધિકે** = તે જ પ્રમાણે, તે જ ન્યાયે, તદઅનુસાર **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **કરતાસુ** = સર્જનહાર અંગે, સર્જનહારનું **ન્યાવ સહિત** = ન્યાય પૂર્ણ રીતે, ઈન્સાફની રીતે, ન્યાયિક રીતે, ઈન્સાફની દષ્ટિથી **લક્ષ લાવો** = ઉદ્દેશને ગ્રહણ કરો, જ્ઞાનને પ્રાપ્ત કરો.

## અનુવાદ

**તેટલા માટે પોતાના ચૈતન સ્વ-સ્વરૂપની યથાર્થ સમજ મેળવો અને તે જ પ્રમાણે**

**ન્યાયપૂર્વક અનુભવ દ્વારા સર્જનહારના જ્ઞાનને પ્રાપ્ત કરો.**

## ભાવાર્થ

માનવીને સર્જનહાર અંગેની માહિતી જાણવા સૌ પ્રથમ 'પિંડે સો બ્રહ્માંડે'ના ન્યાયે પોતાના શરીરની સર્વ રચનાને સમજવી પડશે. જેમકે શરીરમાં રહેલા નાશવંત તત્ત્વો, સમચૈતન પ્રણવની ગતિ અને પૂર્ણ ચૈતન સ્વરૂપે રહેલો કર્તાની સજાતીય અલ્પજ્ઞ ચૈતનઅંશ. આ રીતે તત્ત્વોના ભાગ ત્યાગ કરી જે શેષ બાકી રહે તે નિજ અંશને જુદો તારવવા પ્રયત્ન કરવો જોઈએ.

આ જ પ્રમાણે સૃષ્ટિની વિવિધતા પૂર્ણ રચના તેમજ ચોદ લોક, અન્ય દેવી અવતારો વગેરેની માહિતીની સમજ મેળવવી પડશે. આ પ્રમાણે પરમ ચૈતન કૈવલકર્તા અંગેની માહિતી ન્યાયપૂર્ણ રીતે પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ.

**પુનિ આપને આપનકો ધ્યાનુ, ધરત દરસ હોય જેસે;**
**વેસેહી કર્તા ધ્યાન અવિલાનું કરત દરસ પણ તેસે. ૨૧**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **આપને** = પોતાના **આપનકો** = સ્વ ચૈતન સ્વરૂપની **ધ્યાનુ** = ધ્યાન, ચિંતન **ધરત** = ધરવાથી, ધરતાં **દરસ** = દશ્યમાન થશે, દેખાશે **હોય** = હોય **જેસે** = જેવું, જેવી રીતે **વેસેહી** = તેવી જ રીતે, એવી જ રીતે **કર્તા** = સર્જનહારનું **ધ્યાન** = ધ્યાન, ચિંતન **અવિલાનું** = અવલોકન **કરત** = કરતાં **દરસ** = દેખાશે, દર્શાશે, જ્ઞાન, પ્રાપ્ત થશે **પણ** = પણ **તેસે** = તે જ રીતે, તે જ પ્રમાણે.

## અનુવાદ

**વળી પોતાના સ્વ-સ્વરૂપનું ચિંતન કરતાં જેવી અનુભૂતિ થાય છે તેવી જ કર્તાનું ચિંતન કરતાં તેમના સ્વરૂપની પણ અનુભૂતિ થશે.**

## ભાવાર્થ

પોતાનું ચૈતન સ્વ-સ્વરૂપ આ નાશવંત દેહથી તીત છે. જેમ અંશ દેહમાં સર્વોપરી

છે તેમ વિશ્વના સર્જનહાર પણ અખિલ બ્રહ્માંડના સર્વોપરી છે. આવી સમજ પ્રાપ્ત કર્યા પછી માનવીએ પોતાના સ્વ ચૈતન અંગે ચિંતવન કરવું. તેમજ ધ્યાન ધરવું. જેથી પોતાના સ્વ-સ્વરૂપનો અહેસાસ અને અનુભવ થશે. ત્યારબાદ તેણે નાશવંત તત્ત્વોનાં સુખોમાં કે ઇંદ્રિયોના ભોગ વૈભવમાંથી પોતાની વૃત્તિ, ઊલટાવાથી અંશીને (નિજ કૈવલકર્તાને) મળવા માટે વ્રેહ જાગે છે. વળી કર્તાની અદ્ભુત રચના નિહાળીને કર્તા પ્રત્યે અહોભાવ પ્રગટ થાય છે. ત્યારબાદ માનવે કર્તાના ચિંતવનથી તેમની સાથેનો નાતો ચૈતન વૃત્તિથી જોડીને આઠે પહોર તેમના રટણમાં મગ્ન રહેવું. આમ પોતાના ચૈતન્ય સ્વરૂપનું ધ્યાન ધરવાથી જેવું દૃશ્યમાન (અનુભવ) થાય તેવું જ તે પ્રમાણે કૈવલકર્તાનું (અંશીનું) ધ્યાન ધરવાથી તેમનાં સ્વરૂપની અનુભૂતિ થશે.

**ઓરુ આપન તો પ્રગટ પાસકે, કર્તા પ્રોક્ષ પરમહી;**
**પણ ચિનૈમે ચકિતપણાનો, ઉભયે એક મરમહી. ૨૨**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **આપન** = પોતે **તો પ્રગટ** = પ્રત્યક્ષ હાલ હજૂર, સ્પષ્ટ, હયાત **પાસકે** = નજીક **કર્તા** = સર્જનહાર **પ્રોક્ષ** = અદૃશ્ય, નજરની બહાર **પરમહી** = મહાન, શ્રેષ્ઠ, ઉત્તમ, આદ્ય **પણ** = પરંતુ **ચિનૈમે** = ઓળખવામાં, પારખવામાં **ચકિતપણાનો** = આશ્ચર્ય પમાડનારું, નવાઈ પમાડે તેવું **ઉભયે** = બંનેના **એક** = એક જ **મરમહી** = મર્મ, હાર્દ, રહસ્ય, ભેદ.

### અનુવાદ

**આપણા પ્રત્યક્ષ ચૈતન સ્વ-સ્વરૂપથી આપણે પ્રત્યક્ષ છીએ જ્યારે કર્તા તો મહાન અને પરોક્ષ છે, પરંતુ બંનેને ઓળખવામાં આશ્ચર્ય પમાડે તેવો એક સરખો ભેદ છે.**

### ભાવાર્થ

શરીરમાં આપણું ચૈતન સ્વ-સ્વરૂપ દેખી શકાય કે તેના સ્થાન અંગે ભૌતિક પદાર્થોની જેમ હાથમાં પકડીને બતાવી શકાય તેમ નથી, પરંતુ શરીરના જીવંતપણાથી આપણે જણાય છે કે તે પ્રત્યક્ષપણે શરીરમાં હાજર છે. તેની હાજરીના આધારે જ શરીર હલનચલન કે જીવંત રહી શકે છે. તેથી તેની હાજરીનું પ્રમાણ નિશ્ચિત કરી

શકાય છે. જ્યારે સર્જનહાર તો અચળ અવિનાશી અને તત્ત્વાતીત છે. આમ અંશ અને અંશી બંનેનો ભેદ એક સમાન આશ્ચર્ય પમાડે તેવો છે. વળી બંનેના લક્ષણોની એકતા સરખી જ માલૂમ પડે છે. અંશ અલ્પજ્ઞ અને અંશી સર્વજ્ઞ છે. તે બંનેને ચર્મચક્ષુથી નિહાળી શકાય નહીં. વળી બંનેમાં ચૈતનતાના ગુણ સમાયેલો છે. અંશ અલ્પ ચૈતન સ્વરૂપે છે તો કર્તા મહદ્ ચૈતન સ્વરૂપે રહેલા છે. અંશ પોતાની વૃત્તિઓ દ્વારા અંતઃકરણો અને અવસ્થાને આધારે સ્વપ્નસૃષ્ટિ પ્રસારીને પોતાનામાં સમાવી દે છે. જ્યારે સર્જનહાર પોતાની વૃત્તિમાંથી સઘળો ખેલ પ્રસારિત કરી મહાપ્રલયકાળે પોતાનામાં સમાવી દે છે.

**જદપી સકર્તા પ્રોક્ષ ન હોય તો, આગલે ક્યોં આરાધે;**
**સનકાદિક શિવ શેષ સહિત દરુ, પ્રોક્ષ વિના કુન સાધે. ૨૩**

### શબ્દાર્થ

**જદપી** = જો કદાચ **સકર્તા** = સર્જનહાર **પ્રોક્ષ** = પરોક્ષ, તીત, પરે, અલગ **ન હોય તો** = ના હોય તો **આગલે** = આગળ થઈ ગયેલા, ભૂતકાળમાં થઈ ગયેલા **ક્યોં** = શા માટે **આરાધે** = આરાધના કરે, ભક્તિ કરે, ધ્યાન કરે **સનકાદિક** = સનકાદિકો, બ્રહ્મપુત્રો **શિવ** = શિવજી **શેષ** = શેષનારાયણ **સહિત** = સહિત, મળીને **દરુ** = ધ્રુવ, **પ્રોક્ષ** = પરોક્ષ, તીત, પરે **વિના** = વગર **કુન** = કેમ, કોણ **સાધે** = સાધના કરે.

### અનુવાદ

**જો સર્જનહાર પ્રોક્ષ ન હોય તો આગળ થઈ ગયેલા સનકાદિકો, શિવ, શેષ સહિત ધ્રુવ વગેરે શા માટે આરાધના કરે ? અને કેમ સાધના કરે ?**

### ભાવાર્થ

આપણે ઈતિહાસને તપાસીએ તો માલૂમ પડે કે પહેલાંના મહાપુરુષો અને ભક્તો સંસારના સઘળા સાંસારિક સુખોને ત્યજીને એકાંતમાં અંતરિક્ષના મોક્ષપદની પ્રાપ્તિ અર્થે તપ કે સાધના દ્વારા તેમાં સફળતા પ્રાપ્ત કરી છે.

બ્રહ્માના બ્રહ્મપુત્રો (સનકાદિક) પોતાના દાદા નિરંજનના પગલે ચાલીને સર્જનહારને મેળવવા કઠોર તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા. શિવજી પણ સ્મશાનમાં

જઈને કઠોર તપશ્ચર્યા કરે છે. શેષજી અને ધ્રુવે પણ મોક્ષ પદને મેળવવા માટે આરાધના કરતાં હતાં.

આમ જો પરમેશ્વરનું પરમપદ પરોક્ષ ન હોય તો આવા મહાન પુરુષોએ શા માટે આરાધના કરી હશે ? તેમણે કેમ સાધનાનો માર્ગ અપનાવ્યો હશે ?

**ઓરુ સુકદેવ ઋષભ સુત જોગી, દત્ત અજગર ઘર ત્યાગી;**
**પ્રગટ પાસ પરમેશ હોયજો, તો કયૌ ભયે વૈરાગી. ૨૪**

### શબ્દાર્થ

**ઓરુ** = અને વળી **સુકદેવ** = શુકદેવજી **ઋષભ સુતજોગી** = ઋષભદેવના પુત્ર, નવ યોગેશ્વર **દત્ત** = દત્તાત્રેય **અજગર** = અજગર મુનિ **ઘર** = ગુહસ્થજીવન **ત્યાગી** = ત્યાગીને, ત્યજીને, છોડીને **પ્રગટ** = પ્રત્યક્ષ **પાસ** = નજીક, પાસે **પરમેશ** = પરમેશ્વર, હરિ **હોયજો** = જો હોય તો **તો** = તો **ક્યૌ** = શા માટે **ભયે** = થયા **વૈરાગી** = વૈરાગી, સંસાર અસાર છે એવું માની મમતાને ત્યાગ કરનાર ત્યાગી, સંસાર પ્રત્યે આસક્તિ હોય તેવા ત્યાગી.

### અનુવાદ

**વળી શુકેદવજી, ઋષભદેવના પુત્ર નવ યોગેશ્વર, દત્તાત્રેય અને અજગર મુનિએ પોતાના ગૃહસ્થજીવનનો ત્યાગ કર્યો હતો. જો પરમેશ્વર પ્રગટ સ્વરૂપે પાસે જ હોય તો તેઓ શા માટે વૈરાગી બન્યા ?**

### ભાવાર્થ

વળી શુકદેવજી, ઋષભદેવના પુત્ર નવ યોગેશ્વર, દત્તાત્રેય અને અજગર મુનિ જેવા વિદ્વાન અને જ્ઞાનીજનોએ પણ પોતાના ગૃહસ્થ જીવનનો ત્યાગ કર્યો હતો. સંસારના સઘળા ભોગ-વૈભવને ત્યજી તેમજ પોતાની ઇંદ્રિયોના ભોગ વૈભવનો ત્યાગ કર્યો હતો. સંસારના સઘળા ભોગ-વૈભવને ત્યજી પરમપદને પ્રાપ્ત કરવા વૈરાગી બન્યા હતા. જો પરમેશ્વરનું પદ પ્રત્યક્ષ અને જાતે ગ્રહણ કરી શકાય તેવું નજીક હોય તો તેઓએ આવી કઠોર તપશ્ચર્યા કરીને તથા વૈરાગી જીવન જીવીને શા માટે સ્વીકાર્યું ? ગૃહસ્થી જીવનનો ત્યાગ શા માટે કર્યો હશે ?

**પુનિ તિનકુ અજ્ઞાન કહો તો, તીનસે તુમ નહીં મોટે;**
**ભુલે સકલ બ્રહ્મ અસમીમે, પણ ન ભયે તિનુ જોટે. ૨૫**

### શબ્દાર્થ

**પુનિ** = વળી, અને **તિનકુ** = તેમને **અજ્ઞાન** = અબુધપણું, અવિધા, અજાણપણું **કહો તો** = કહેશો તો, કહો તો **તીનસે** = તેમનાથી, તેઓનાથી **તુમ** = તમે **નહીં** = નહીં **મોટે** = મહાન, વિશેષ જ્ઞાન ધરાવતા, મોટા **ભુલે** = ભુલા પડ્યા છો, ખોટે રસ્તે ચડ્યા છો **સકલ** = બધા, સર્વ **બ્રહ્મ અસમીમે** = અહં બ્રહ્માસ્મિની માન્યતામાં **પણ** = પરંતુ **ન ભયે** = ન બની શક્યા, ન થયા **તિનુ** = તેઓના **જોટે** = સમોવડિયા, બરાબર, સરખા.

### અનુવાદ

**વળી તમે તેઓને અજ્ઞાની કહો તો તેઓનાથી તમે મોટા નથી. અહં બ્રહ્માસ્મિમાં ભુલા પડ્યા હોવાથી તેમના સમોવડિયા પણ ન બની શક્યા.**

### ભાવાર્થ

વિશ્વમાં બ્રહ્મદર્શી, બ્રહ્મવેતા અને બ્રહ્મજ્ઞાની પુરુષો પોતે બ્રહ્મસ્વરૂપે છે તેવું માને છે. સમદર્શીપણામાં રાચતા હોઈ તેમને મન કોઈ પણ પદ મોટું કે નાનું નથી. વળી દુનિયામાં કોઈ ભક્ત કે ભક્તવત્સલ જેવું પદ નથી તેવો મત સ્વીકારીને પોતાની વિચારધારાને શ્રેષ્ઠ વિચારધારા માનતા હતા.

વિશ્વમાં ઘણા જ્ઞાની પુરુષોએ ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને વૈરાગી બની પરોક્ષ રહેલા પરમેશ્વરના પદ માટે કઠિન તપશ્ચર્યા કરી તથા સાધના દ્વારા તે પદને પ્રાપ્ત કરવા પ્રયત્નો કર્યો છે. ‘અહં બ્રહ્માસ્મિ’માં માનનારાઓ જો એમ માનતા હોય છે કે અગાઉ થઈ ગયેલા એવા મહાપુરુષો અબૂધ હતા અને જ્ઞાનના અભાવે તેઓ પરમપદને પામવાની ઈચ્છા ધરાવતા હતા. તો તેમાં બ્રહ્મ સિદ્ધાંતિયોની ભૂલ છે. વળી વૈરાગી પુરુષોની જ્ઞાનની વિશેષતા આગળ બ્રહ્મજ્ઞાનીઓની તુલના કરવી કે કહેવું ખોટું છે. આમ, બ્રહ્મજ્ઞાનમાં ભ્રમણાયુક્ત ભુલા પડેલા વૈરાગી મહાપુરુષોની તુલનામાં કદી પણ આવી શકે તેમ નથી.

**જીનકી કીરત વદિત જુગ જાહેર, અતિ અદ્‌ભુત ઈશ્વરીયે;**
**તુમ તો અલ્પજ્ઞે ઉચરનકે, નહીંન તાય સરભરીયે. ૨૬**

### શબ્દાર્થ

**જીનકી** = જેઓની **કીરત** = કીર્તિ **વદિત** = ગવાય છે, વખણાય છે **જુગ જાહેર** = જગતમાં જગજાહેર, જગતમાં જાણીતી **અતિ** = વિશેષ, ખૂબ જ **અદ્‌ભુત** = આશ્ચર્યજનક, અલૌકિક, નવાઈ ઉપજાવનાર **ઈશ્વરીયે** = ઐશ્વર્યવાન **તુમતો** = તમે તો **અલ્પજ્ઞે** = જ્ઞાનમાં અલ્પ હોઈ ઓછા જ્ઞાની હોઈ **ઉચરનકે** = બોલનારા, ઉચ્ચાર કરનારા **નહીંન** = નથી **તાય** = તેમની **સરભરીયે** = સરખા, સમોવડિયા, તુલના કરવા, યોગ્ય.

### અનુવાદ

**જેઓની કીર્તિ જગ જાહેર છે. તેઓ મહાન અને અલૌકિક ઐશ્વર્યવાન છે. જ્યારે તમે તો તમારી અલ્પ મતિથી બોલનારા છો. તેથી તમે તેમની સરખામણીમાં આવી શકો તેમ નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં વૈરાગી જીવન જીવીને પરોક્ષ પદે રહેલા પરમેશ્વરને પામવા માટે પ્રયત્ન કરનાર મહાન પુરુષોની યશકીર્તિ જગતમાં જાહેર છે તેમની કઠિન તપશ્ચર્યા અને ત્યાગના વખાણ આજે પણ દુનિયા કરે છે અને વખાણે છે. વળી એવા મહાપુરુષોની અદ્‌ભુત અને ઐશ્વર્યપણાની વિશેષતાની સરખામણીમાં બ્રહ્મસિદ્ધાંતમાં માનનારા પુરુષો આવી શકે તેમ નથી. વળી તેમના ઉચ્ચારણો પણ મિથ્યા અને ભ્રમણા ભરેલાં છે. બુદ્ધિ જીવી, જ્ઞાની પુરુષોની સરખામણીમાં તેઓની વાતો અજ્ઞાનતા ભરેલી અને અલ્પ સાબિત થાય છે. તેથી બ્રહ્મજ્ઞાની પુરુષો વિશ્વના વૈરાગી પુરુષોની સરખામણીમાં આવી શકે તેમ નથી.

**ક્યૌ કરી સરભર હોય તેહુનકી, વિનુ સાધન જપ ધ્યાને;**
**તુમ તો ભુલે બ્રહ્મ ભરુસે, તો જગ જીવ સમાને. ૨૭**

### શબ્દાર્થ

**ક્યૌ કરી** = કેવી રીતે, કેમ કરીને **સરભર** = સરખા, બરાબર, સક્ષમ **હોય** = હોય, થઈ શકો

**તેહુનકી** = તેમનાથી **વિનુ** = વગર **સાધન** = સાધના, તપશ્ચર્યા **જપ** = મંત્ર રટણ **ધ્યાને** = ધ્યાન, ચિંતન, લક્ષ, એકાગ્રતા **તુમતો** = તમે તો **ભુલે** = ભુલા પડ્યા છો **બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મ **ભરુસે** = વિશ્વાસે **તો** = તો **જગ** = જગતના, વિશ્વના **જીવ** = જીવ **સમાને** = સમાન, જેવા જ.

## અનુવાદ

**સાધના, જપ અને ધ્યાન સિવાય તેઓની સરખામણી કેવી રીતે કરશો ? તમે તો બ્રહ્મના વિશ્વાસે ભૂલા પડેલા હોવાથી જગતના જીવ જેવા જ છો.**

## ભાવાર્થ

જેમણે પોતાની જિંદગીમાં કઠોર તપશ્ચર્યા કરી નથી, કોઈ પણ નામ કે મંત્રનું રટણ નથી કર્યું અને પરોક્ષ રહેલા પરમેશ્વરના પદની ઉપાસના કે ધ્યાન ભજન કર્યું નથી, તેવા અહં બ્રહ્માસ્મિ કહેનારા પુરુષો વૈરાગી અને જ્ઞાન પુરુષોની બરાબરી કે સરખામણી કરી શકે તેમ નથી. વળી સચરાચર વ્યાપક બ્રહ્મ તો નિર્ગુણ છે અને તેમાં કોઈ કર્તુત્વશક્તિ જ નથી. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા કહેનારા પોતે જ પોતાનો મિથ્યા બકવાસ કરતા હોય તેમ લાગે છે. તેઓને બ્રહ્મથી પરે રહેલા સર્જનહારના પદ અંગે કોઈ સૂઝ નથી. તેવા બ્રહ્મમાં વિશ્વાસ રાખીને જીવનારા પુરુષો જગતમાં સામાન્ય જિંદગી જીવતા જીવ સમાન છે.

**જો અલ્પજ્ઞે જીવ ચરાચર, વિનુ પતસે ભવભરમે;**
**ત્યો તુમહી બ્રહ્મજ્ઞાન વહિતમેં, રહે જીવ વિનું કરમે. ૨૮**

### શબ્દાર્થ

**જો** = જેમ **અલ્પજ્ઞે** = અલ્પ જ્ઞાન ધરાવતા **જીવ** = જીવ **ચરાચર** = જંગમ જાતિના, સર્વત્ર **વિનું** = વગર, સિવાય **પતસે** = માલિક, પતિ, સર્જનહાર **ભવ** = વિશ્વમાં **ભરમે** = ભ્રમણાયુક્ત ભમ્યા કરે છે, ભટક્યા કરે છે **ત્યો** = તેમ **તુમહી** = તમો પણ **બ્રહ્મજ્ઞાન** = બ્રહ્મજ્ઞાનમાં **વહિતમેં** = વ્યર્થ વહ્યા જાય છે, ખેંચાઈ જાય છે **રહે** = રહેલા, રહેતા **જીવ** = જીવ **વિનું** = વગર, **કરમે** = કર્મો વગર, જપ, તપ અને સાધના વગર.

## અનુવાદ

**જેમ અલ્પજ્ઞાન ધરાવતા જીવ સર્જનહારના જ્ઞાન સિવાય ભવમાં સર્વત્ર**

**ભટક્યા કરે છે. તેમ તમો પણ બ્રહ્મજ્ઞાનમાં વહ્યા જાવ છો અને કર્મો કર્યા વગર જીવી રહ્યા છો.**

### ભાવાર્થ

વિશ્વમાં અલ્પજ્ઞાન ધરાવતા જંગમ જાતિમાં માનવશરીરને ધારણ કરેલ અજ્ઞાની જીવ પોતાના સ્વ ચૈતન સ્વરૂપ કે જગતના કારણરૂપ રહેલા સર્વના માલિકની ઓળખ સિવાય ભવમાં ભ્રમણાયુક્ત ઉપાસનામાં ભટક્યા કરે છે. તેમ જ્ઞાની કહેવાતા બ્રહ્મસિદ્ધાંતમાં માનનારા અહં બ્રહ્માસ્મિ પદને ધારણ કરી સંસારસાગરમાં ફોગટ વહ્યા જાય છે વળી માનવદેહે કરવા યોગ્ય પોતાના કલ્યાણ માટે ધ્યાન, ભજન, સ્મરણ, પૂજા, ભક્તિ, તપ, યોગ, સાધના વગેરે ધાર્મિક ઉત્તમ કાર્યો પણ કરતા નથી.

**ઉત્તમ કર્મ સકલ જેતને ભર, અહં બ્રહ્મસે ત્યાગે;**
**મધ્યમ કરમ કરત નહીં ડરહો, જબતે રહે અભાગે. ૨૯**

#### શબ્દાર્થ

**ઉતમ** = મહાન, શ્રેષ્ઠ, **કર્મ** = કાર્યો, પ્રવૃત્તિઓ, કર્મ **સકલ** = તમામ, સર્વ **જેતેને ભર** = જેટલા છે, તે **અહં બ્રહ્મસે** = અહં બ્રહ્માસ્મિ કરીને, માનીને **ત્યાગે** = ત્યજી દીધા, ત્યાગ કર્યો **મધ્યમ કરમ** = મધ્યમ કર્મો **કરત** = કરતાં **નહીં ડરહો** = ડરતા નથી, ગભરાતા નથી **જબતે** = જેથી, તેના કારણે જ **રહે** = રહ્યા **અભાગે** = ભાગ્યહીન, અભાગી, કમનસીબ.

### અનુવાદ

**જેટલાં ઉત્તમ કર્મો છે તે અહં બ્રહ્માસ્મિના મતે ત્યાગી દીધા છે અને મધ્યમ કર્મો કરતાં ડરતા નથી, તેના કારણે ભાગ્યહીન રહ્યા છો.**

### ભાવાર્થ

શાસ્ત્રોમાં માનવી તરીકે આચરણમાં મુકવા યોગ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ જણાવેલા છે. જેમાં ધર્મ અને મોક્ષનો સંબંધ ઉત્તમ કર્મો સાથે સંકળાયેલ છે જ્યારે કામ અને અર્થનો સંબંધ ગૌણ કર્મો સાથે જોડાયેલ છે. જ્ઞાનને

પ્રાધાન્ય આપી મુક્તિ મેળવવાના ઈરાદાથી કર્મો કરવામાં આવે છે અને અર્થને પ્રાધાન્ય આપી ઉત્પત્તિ, આપ્તિ, વિક્રંતિ અને સંસ્કૃતિને લક્ષમાં રાખીને કર્મો કરવામાં આવે છે. માનવે કેવાં સત્કર્મો કરવા અને કેવાં દુષ્કર્મોનો ત્યાગ કરવો એ પોતાની માન્યતા અને વિચારસરણીને આભારી છે.

વિશ્વમાં કહેવાતા જેટલા ઉતમ કર્મો છે. તે સર્વનો અહં બ્રહ્માસ્મિની વિચારધારામાં માનતા સર્વ બ્રહ્મજ્ઞાનીઓ ત્યાગ કરે છે. વળી જેને મધ્યમ કર્મો કહેવાય તેવા કર્મો કરતા બિલકુલ ડરતા નથી. માટે કમનસીબ માનવોની ગણતરીમાં આવા બ્રહ્મસિદ્ધાંતના બ્રહ્મજ્ઞાનમાં રાચેલા પુરુષોનો સમાવેશ થાય છે.

**તબતે જેતને જ્ઞાની સકલ ભર, અસ્મી બ્રહ્મ કહાવે;**
**નિજપતિ પરમ સકર્તા સરજન, સુપનંતર નહીં પાવે. ૩૦**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે **જેતને** = જેટલા **જ્ઞાની** = બ્રહ્મસિદ્ધાંતમાં નિપુણ, બ્રહ્મની સમજમાં પરિપૂર્ણ જ્ઞાન ધરાવતા **સકલભર** = બધા જ, તમામ, જેટલા છે તેટલા **અસ્મીબ્રહ્મ** = અહં બ્રહ્માસ્મિ, પોતે સદ્, ચિદ્ અને આનંદ સ્વભાવવાળા, બ્રહ્મની સમાન અસ્મિતા (લક્ષણો) ધારણ કરનાર વ્યક્તિ **કહાવે** = કહાવે છે, જણાવે છે, માને છે, કહેવાવાળા **નિજપતિ** = આદ્ય, માલિક, આદિ **પરમ** = શ્રેષ્ઠ, મહાન **સકર્તા** = સર્જનહાર, સાચા પિતા **સરજન** = બનાવનાર **સુપનંતર** = સ્વપ્નાંતર અવસ્થા પર્યંત, સ્વપ્ન અવસ્થામાં પણ **નહીં** = નહીં **પાવે** = પ્રાપ્ત કરે, મેળવે.

### અનુવાદ

**તેટલા માટે જ અહં બ્રહ્માસ્મિ કહેવાવાળા જેટલા જ્ઞાની છે તેટલા સ્વપ્નાંતરે પણ નિજપતિ પરમ સકર્તા સર્જનહારને પ્રાપ્ત કરી શકશે નહી.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં સચરાચર વ્યાપક બ્રહ્મ જગતની ઉત્પત્તિના માધ્યમ સ્વરૂપે છે. સત્, ચિદ્ અને આનંદ નામના સ્વભાવવાળુ ગુણો અને માયાથી રહિત રૂપ, રંગ અને કર્મથી ભિન્ન કોઈ પણ પ્રકારની કાર્યશક્તિ વગરનું બ્રહ્મપદ છે. તેવા બ્રહ્મને માનનારા પોતાની જાતને પણ આવા જ લક્ષણો ધરાવતા હોય તેમ જ્ઞાની માને છે. તેથી જ

તેઓ પોતાની જાતને 'અહં બ્રહ્માસ્મિ' તરીકે દર્શાવે છે. આવા બ્રહ્મનું નિરંતર ચિંતન કરનાર પુરુષો બ્રહ્મનો સાક્ષાત્કાર થયાનું જગતને જણાવે છે.

પરંતુ બ્રહ્મભૂમિકામાં જેણે આ સઘળી રચના રચી છે તેવા બ્રહ્મથી પરે રહેલા સર્વના પિતા સકર્તા સર્જનહાર અંગે તેઓ ઉપેક્ષા સેવે છે, જેથી એવા પિતાને સ્વપ્નાંતરે પણ તેઓ પ્રાપ્ત કરી શકશે નહીં.

**જ્ઞાનીકી ગત આપને આપ લ્યૌ, નિજ આત્મકે દરશી;**
**પણ ન લહે કરતાર પરમકુ, તો કયૌ કરી ઉધરસી. ૩૧**

**શબ્દાર્થ**

**જ્ઞાનીકી** = જ્ઞાનની **ગત** = સમજ, ગતિ **આપને આપ** = પોતાના સ્વરૂપ, આપના પોતાના **લ્યૌ** = સુધી, ની **નિજ** = પોતાના **આત્મકે** = આત્માને **દરશી** = ઓળખી, જોઈ, દેખી **પણ** = પરંતુ **ન લહે** = જાણે નહીં, ઓળખે નહીં **કરતાર** = સર્જનહાર, સઘળું ઉત્પન્ન કરનાર **પરમકુ** = મહાન, શ્રેષ્ઠ **તો** = તો પછી **કયૌ** = કેવી રીતે **કરી** = કરીને **ઉધરસી** = ઉદ્ધાર થાય ? ઊગરે ?

## અનુવાદ

**જ્ઞાનની સમજ આત્મદર્શી હોવાથી પોતાના આત્માને જ ઓળખે છે. પણ શ્રેષ્ઠ સર્જનહારને ઓળખતા ન હોવાથી તેમનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે?**

## ભાવાર્થ

બ્રહ્મસિદ્ધાંતના જ્ઞાનની સમજ કેળવીને તેમનામાં પોતાના આત્માને જ ઓળખવાની વૃત્તિ કેળવાય છે. પોતે આત્મદર્શી હોવાથી તેઓ માને છે કે આત્માની સત્તા દેહમાત્રમાં રુંધાયેલી નથી, પરંતુ એની સત્તા સચરાચરમાં વ્યાપ્ત છે. જેમ બ્રહ્માંડની અંદર અને બહાર રહેલું મહદ્ આકાશ, શૂન્યમાં સમાયેલું છે તેમ માયાની અંદર અને બહાર વ્યાપી રહેલું ચેતન બ્રહ્મ છે તેવું માને છે. તે જ ન્યાયે દેહમાં રહેલ પ્રાદેશિક આત્માનું દર્શન એ બ્રહ્મ દર્શન નથી, પરંતુ અલ્પ દર્શન છે. જ્યારે વિશ્વમાં પથરાયેલ બ્રહ્મનું દર્શન જ બ્રહ્મદર્શન છે તેમ ગણે છે, પરંતુ બ્રહ્મ જેનો પ્રકાશ છે તેવા પ્રકાશક અને સર્વ રચનાને બનાવનાર સકર્તા પતિ સર્જનહારના પરમપદને

તેઓ જાણતા નથી. તો પછી કર્તાના જ્ઞાન સિવાય જન્મમરણના ત્રાસમાંથી મુક્તિ કેવી રીતે મેળવી શકે ? જો મુક્તિ ન થાય તો આ સંસારમાંથી તેઓનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકશે ?

**જો કહેશો આપનકુ દરસે, મોક્ષ પરમપદ પાઈ;**
**જબતો આપોઆપ તરે સબ, કર્તા શરન કુન જાઈ. ૩૨**

### શબ્દાર્થ

**જો** = જો, તમો, એવું **કહેશો** = કહેશો કે **આપનકુ** = પોતાના સ્વરૂપને **દરસે** = દેખે, નિહાળે **મોક્ષ** = મુક્તિ **પરમપદ** = શ્રેષ્ઠ પદ, મહાપદ **પાઈ** = મેળવે, પ્રાપ્ત કરે **જબતો** = ત્યારે તો, જેથી, આમ તો **આપોઆપ** = પોતપોતાની મેળે, સ્વયં પોતે, જાતે જ તરે ભવસાગર **તરે** = ભાવપાર થઈ શકે **સબ** = બધા જ, સર્વ, તમામ **કર્તા** = સર્જનહાર,સૃષ્ટિના બનાવનારના **શરણ** = શરણમાં **કુન** = કોણ **જાઈ** = જાય.

### અનુવાદ

**જો એવું કહેશો કે પોતાના સ્વરૂપને ઓળખવાથી પરમ મોક્ષ પદ મળશે ત્યારે તો સર્વ કોઈ પોતપોતાની મેળે જ ભવપાર થઈ જાય તો પછી કર્તાના શરણમાં કોણ જાય ?**

### ભાવાર્થ

જો કોઈ કારણસર એવી માન્યતા સિદ્ધ થાય કે જે માનવી પોતાના સ્વ-સ્વરૂપને ઓળખે એટલે તેનો આપોઆપ ભવસાગરમાંથી મુક્ત થઈ જાય. એટલે કે, બધું જ આપોઆપ થાય તેવી જે ભ્રમણાયુકત માન્યતા છે, તે ભૂલ ભરેલી છે. કોઈના કર્યા સિવાય કશું જ થતું નથી. માટે જો પોતપોતાની મેળે જ આત્માને ઓળખીને તેનો સાક્ષાત્કાર થવાથી બધા જ બ્રહ્મમાં ભળી જઈને મુક્તિને પામે તો પછી નિજકર્તાના શરણમાં જવાની કોણ મહેચ્છા રાખે ? જ્યાં સુધી સર્જનહારના પરમપદમાં ન જવાય ત્યાં સુધી અંશના જન્મમરણનું દુઃખ સદાને માટે દૂર થતું નથી.

**પુનિ સતગુરુકે કામ પરે કયા, આપોઆપ હરિમે;**
**દેવનકુ દીપક કયા કરહી, તિમિર ન સુર પુરીમે. ૩૩**

### શબ્દાર્થ

**પુનિ** = વળી, જો, અને **સતગુરુકે** = સતગુરુનું **કામ** = કામ, જરૂર **પરે** = પડે **કયા** = કેમ, શા માટે, શી **આપોઆપ** = પોતાની જ, સ્વયં **હરિમે** = હરિના પદમાં, પરમાત્મા, હરિ રૂપ **દેવનકુ** = દેવોને **દીપક** = દીવો પ્રકાશ **કયા** = શી જરૂર, કેમ **કરહી** = કરે **તિમિર** = અંધકાર **ન** = નહીં **સુર પુરીમે** = સુરધામમાં, દૈવીધામમાં.

### અનુવાદ

**દૈવીધામમાં અંધારું હોતું નથી તો પછી દેવોને દીપકની શા માટે જરૂર પડે? તેમ જ આપોઆપ હરિ રૂપમાં ભળી જવાતું હોય તો સતગુરુની શી જરૂર છે?**

### ભાવાર્થ

બ્રહ્મસિદ્ધાંતના મત મુજબ એવો મત સ્થાપિત કરેલો છે કે બધું જ આપોઆપ થતું હોય છે. જેથી સમદર્શી વાદ મુજબ બધામાં એક સમાનતા વ્યાપેલી છે. જેથી વિશ્વમાં આદર કે સન્માન, મોટા કે નાના, ભક્ત કે ભગવંત જેવો ભેદ નથી. તેઓની એ પણ માન્યતા છે કે જેમ અંતરિક્ષનાં દૈવીધામોમાં કદી અંધકાર હોતો જ નથી, સદાને માટે પ્રકાશની ઉપસ્થિત હોય છે, જેથી દેવોને દીપકના અજવાળાની જરૂર રહેતી નથી. એ જ ન્યાયે દરેક આત્મા અંતે પરમાત્મામાં આપોઆપ ભળી જતો હોવાથી માનવીને સદ્‌ગુરુની જરૂર શી છે? એટલે કે, પોતાના કલ્યાણ માટે સતગુરુ રૂપ માધ્યમની કોઈ જરૂર જ નથી.

**જો કહેશો અજ્ઞાન મીટાવન, ગુરુ કીના હમ સોઈ;**
**એક બ્રહ્મમે કુન ગુરુ હે, અગ્ય કહુનકુ હોઈ. ૩૪**

### શબ્દાર્થ

જો **કહેશો** = કદાચ તમે એમ કહેશો કે **અજ્ઞાન** = જ્ઞાનનો અભાવ **મીટાવન** = દૂર કરવા, નષ્ટ કરવા **ગુરુ** = ગુરુ પદ **કીના** = ધારણ કર્યું **હમ** = મેં, અમોએ **સોઈ** = તેથી **એક બ્રહ્મમે** = એક સચરાચર વ્યાપક બ્રહ્મમાં **કુન** = કોણ **ગુરુ** = ગુરુનું સ્થાન **હે** = હોય **અગ્ય** = અજ્ઞાન **કહુનકુ હોઈ** = કોને? થાય, થયું.

### અનુવાદ

**કદાચ તમે એમ કહેશો કે અજ્ઞાન દૂર કરવા માટે અમોએ ગુરુ કર્યા છે તો એક બ્રહ્મમાં ગુરુ કોણ ? અને અજ્ઞાન કોને થયું ?**

### ભાવાર્થ

પ્રતિવાદીને સંતોષ આપવા માટે બ્રહ્મજ્ઞાની કદાચ એમ કહે કે અજ્ઞાન દૂર કરવા માટે અમોએ અમારા શિર ઉપર ગુરુપદ ધારણ કર્યું છે અને તેથી જ ગુરુના શરણની સરાહના કરીએ છીએ. તો સવાલ એ ઊભો થાય કે બ્રહ્મસિદ્ધાંતના ન્યાયે બ્રહ્મસ્વરૂપે બધું એક જ હોઈ સર્વ એક સમાન છે. કોઈ સ્થાન કે પદનો ભેદ છે જ નહીં. તો પછી ગુરુ અને સેવકના ભેદ ઊભા થયા ક્યાંથી ? વળી બ્રહ્મને જો અજ્ઞાન વ્યાપે તો બધાય ને અજ્ઞાનનો અનુભવ થાય, તો પછી અજ્ઞાન દશા કોને થઈ ? તે પણ એક વિચારવા યોગ્ય બાબત બને છે.

**જો આગે અજ્ઞાન હુતા તો, જબ પીછે તે હોઈ;**
**એસે અલ્પજ્ઞે આતમસે, કાજ ન હોવત કોઈ. ૩૫**

#### શબ્દાર્થ

**જો** = જો **આગે** = અગાઉ કહ્યા મુજબ **અજ્ઞાન** = જ્ઞાનનો અભાવ **હુતા** = હતો **તો** = તો **જબ** = ત્યારે, જ્યારે **પીછે** = હવે પછી, પણ **તે** = તે **હોઈ** = હોઈ શકે **એસે** = એવા **અલ્પજ્ઞે** = અલ્પજ્ઞાની **આતમસે** = આત્માથી **કાજ** = કાર્ય, મોક્ષ **ન** = નહીં **હોવત** = હોય, થાય **કોઈ** = કોઈનાય.

### અનુવાદ

**જો અગાઉ કહ્યા મુજબ અજ્ઞાન હતું તો હવે પછી પણ તે થવાનું જ. તો પછી એવા અલ્પજ્ઞ જ્ઞાની આત્માથી કોઈનોય મોક્ષ થાય નહીં.**

### ભવાર્થ

બ્રહ્મજ્ઞાનીઓની વિચારધારાનું ખંડન કરતાં કહી શકાય કે તેમના મત મુજબ અજ્ઞાનને કારણે ગુરુપદ ધારણ કર્યું છે. જો અજ્ઞાન વ્યાપ્યું હતું તો હવે પછીના

માનવીને પણ અજ્ઞાન વ્યાપવાનું; તો પછી તેવા અલ્પજ્ઞાન કે જ્ઞાન વગરના આત્માનું કલ્યાણ થઈ શકે નહીં. એટલે કે, બધા જ આત્માઓ અંતે પરમાત્મામાં ભળીને તેમના સ્વરૂપે થાય છે તે માન્યતા અહીં બંધ બેસતી નથી.

**તબ જેતને કુલ જ્ઞાની જેહુનને, મોક્ષ આતમસે માને;**
**આપો આપ હવિત પરમેશ્વર, નિજ કરતાર ન જાને. ૩૬**

### શબ્દાર્થ

**તબ** = તેથી, તેવી જ રીતે **જેતને** = જેટલા છે તે **કુલ** = બધા જ, **જ્ઞાની** = જ્ઞાની પુરુષો **જહુનને** = જેમણે, જેઓએ **મોક્ષ** = મોક્ષ, કલ્યાણ **આતમસે** = આત્મા થકી જ **માને** = માને છે **આપો આપ** = પોતાની જાતે, સ્વયં **હવિત** = થઈ જવાય, થવાતું હોય **પરમેશ્વર** = પરમેશ્વર, ભગવાન, પરમાત્મા સ્વરૂપે **નિજ** = પોતે મૂળ, આદિ **કરતાર** = સર્વ રચના કરનારા, સર્જનહાર **ન** = નહીં **જાને** = જાણે, જાણ્યા.

### અનુવાદ

**તેથી જેટલા જ્ઞાની છે તે બધા આત્મા થકી જ આપોઆપ મોક્ષ પ્રાપ્ત કરીને પરમાત્મા સ્વરૂપે થવાય છે તેમ માને છે. તેથી તેઓ સાચા સર્જનહારને જાણી શક્યા નથી.**

### ભાવાર્થ

બ્રહ્મસિદ્ધાંતને વરેલા બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મવેત્તા એમ બધા જ જ્ઞાની પુરુષો માને છે કે આત્મા આપોઆપ પરમાત્મા સ્વરૂપે થઈને મોક્ષની ગતિ પ્રાપ્ત કરે છે આવી માન્યતા સ્થાપિત કરેલી હોવાથી જગત જેણે બ્રહ્મભૂમિકામાં વિકસાવ્યું છે અને પોતે બ્રહ્મથી પરે રહેલા છે એવા નિજ સકર્તા સર્જનહારને તેઓ જાણી શક્યા નથી.

**જબલગી આપને પરમ પતિકુ, ન્યાય સહિત નહીં ખોજે;**
**આતમ લક્ષ લહે પણ તીનસે, મીટે ન ભવજલ મોજે. ૩૭**

### શબ્દાર્થ

**જબલગી** = જ્યાં સુધી **આપને** = પોતાના **પરમ** = શ્રેષ્ઠ, મહાન, આદ્ય **પતિકુ** = માલિકને **ન્યાય સહિત** = ન્યાયપૂર્વક, ન્યાયના આધારે, ન્યાયના ધોરણે **નહીં ખોજે** = શોધ કરે નહીં, ઓળખે નહીં **આતમ લક્ષ** = આત્માની જાણ, આત્મા અંગેનું જ્ઞાન **લહે** = જાણે **પણ** = પરંતુ **તીનસે** = તેનાથી **મીટે** = મટી ન શકે, દૂર **ન** = થાય **ભવજલ** = ભવસાગરમાં **મોજે** = મોજાની જેમ, આવનજાવન, જન્મમરણ.

## અનુવાદ

**જ્યાં સુધી આપણે પરમ પિતાને ન્યાયપૂર્વક ન ઓળખીયે ત્યાં સુધી આત્મલક્ષ જાણવા છતાં ભવસાગરમાં મોજાની માફક આવનજાવન મટે નહીં.**

## ભાવાર્થ

અખિલ બ્રહ્માંડમાં વિવિધ પ્રકારના ઘાટ અને સૃષ્ટિની અદ્ભુત રચના આપોઆપ થઈ નથી. કોઈ પણ રચના તેના રચનાર સિવાય થઈ શકતી નથી, પરંતુ આવી વિશાળ રચનાનો કોઈ નિશ્ચિત બનાવનાર છે અને તેનું યોગ્ય નિયમન અને પાલન-પોષણ કરનાર પણ છે.

જેમ શરીરમાં રહેલાં ગુણ, ઘણ, ઇંદ્રિયો વગેરે ચેતનવંત કરનાર દેહના સ્વામી રૂપે અંશ છે આવું આત્મજ્ઞાન થાય તેમ છતાં અંશ જેના વંશનો છે, તેવા મહાન પરમપિતા જે સમગ્ર રચનાના કારણરૂપે બ્રહ્મથી પરે રહેલા છે, તેવી સમજ ન્યાયપૂર્વક જો ન મેળવવામાં આવે અને સર્જનહારને પણ ન્યાયપૂર્વક ઓળખવામાં ન આવે ત્યાં સુધી સાગરમાં જેમ મોજાનું આવનજાવન ચાલુ જ રહે છે તેમ સંસારસાગરમાં અંશનું જન્મમરણનું દુઃખ દૂર થતું નથી.

**ભવજલમાં જે જનમ મરણ દુઃખ, પતિ વિના કોણ પતાવે;**
**આન્ય દેવનસે એહી દરદકી, કોહુ ન પીર મીટાવે. ૩૮**

### શબ્દાર્થ

**ભવજલમાં** = સંસાર સાગરમાં **જે** = જે **જનમ મરણ દુઃખ** = જન્મ અને મરણનું દુઃખ **પતિ વિના** = પરમેશ્વરને પ્રાપ્ત કર્યા વિના **કોણ** = કોણ **પતાવે** = દૂર કરે, અંતે લાવે **આન્ય** = બીજા, અન્ય

**દેવન સે** = દેવથી, દેવ પાસે **એહી દરદકી** = આ દર્દની, આ દુઃખની **કોહુ** = કોઈ પણ, કદી પણ **ન** = નહીં **પીર** = દુઃખ, પીડા **મીટાવે** = દૂર કરે, મટાડે.

## અનુવાદ

**સંસારસાગરમાં જન્મમરણનાં દુઃખને પતિ સિવાય કોણ દૂર કરે ? બીજા દેવોથી તે દર્દની પીડા કદી પણ દૂર થાય તેમ નથી.**

## ભાવાર્થ

સંસારમાં માનવીને ઘણા-ઘણા પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિ હોય છે. જેના શારીરિક દુઃખ તો નિષ્ણાંત ડૉક્ટરો અને અનુભવી વૈદ્ય પાસે જવાથી તેઓ દૂર કરતા હોય છે. અન્ય ભૌતિક અને સાંસારિક તકલીફો જે તે વિભૂતિવાન દેવો પાસે તેમના શરણમાં જવાથી તે તે દેવો સર્જનહાર દ્વારા મળેલી વિભૂતિના પ્રતાપે દૂર કરે છે. વળી શરીરમાં રહેલ સાત કુંડળીઓને કુંડળીના બીજક મંત્રો દ્વારા જાગ્રત કરીને સાધના દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. એક જ જગ્યાએ બાર વર્ષ તપ કરીને વિધિપૂર્વક જાપ જપવાથી અલગ-અલગ મુદ્રાઓ પણ સિદ્ધ કરીને સંસારની ઘણી વ્યાધિઓ દૂર કરી શકાય છે. આમ સાંસારિક દુઃખોને દૂર કરી લૌકિક સુખાકારી અને સંપત્તિ મેળવ્યા પછી પણ દેહનો ત્યાગ કરતાં બધું જ અહીં પડી રહે છે. કશું જ જોડે લઈને જવાનું નથી. મોટામાં મોટું દુઃખ તો માત્ર કર્મોના પોટલાં સાથે લઈને દેહ રૂપી આ ભાડૂતી મકાન ખાલી કરી બીજા મકાનમાં જવું પડે છે. આ પ્રમાણેના જન્મમરણ રૂપી દુઃખને તો દેવો પણ કદી મટાડી શકતા નથી. તો પછી સવાલ ઊભો થાય કે સર્જનહાર સિવાય આવા દર્દની પીડા કોણ મટાડે?

**જીનકી પીર ન મીટે દેવનસે, જીવ ચીને કો તરહી;**
**તીનતે સુર સરસ ગતિકે પણ, પતિ વિનુ કાજ ન સરહી. ૩૯**

### શબ્દાર્થ

**જીનકી** = જેની **પીર** = પીડા, દુઃખ **ન મીટે** = મીટે નહીં, દૂર થાય નહીં, મટતી નથી **દેવનસે** = દેવોથી **જીવ** = આત્મ, અંશ **ચીને** = જાણવાથી, ઓળખવાથી **કો** = ક્યાંથી **તરહી** = તરી શકાય **તીનતે** = તેના

કરતાં **સુર** = દેવોની **સરસ** = શ્રેષ્ઠ, મહાન **ગતિકે** = ગતિવાળા **પણ** = પરંતુ **પતિવિનું** = પરમપિતા વગર **કાજ** = કાર્ય, મુક્તિ, કલ્યાણ **ન સરહી** = સરતું નથી, થતું નથી.

## અનુવાદ

**દેવોથી પણ જે પીડા મટતી નથી તો પછી આત્માને ઓળખીને ક્યાંથી તરી શકાય. વળી દેવોની ગતિ મહાન છે, પરંતુ માલિક વગર મુક્તિનું કાર્ય થતું નથી.**

## ભાવાર્થ

બ્રહ્મજ્ઞાનીઓનાં મતે અલ્પ આયુષ્યવાળા સ્થૂળ દેહને અંતે આત્મા પરમાત્મા આપોઆપ ભળી જાય છે. આ ભ્રમણાયુક્ત માન્યતાને ન્યાયપૂર્વક વિચારતાં તે ભૂલ ભરેલી જણાય છે. જીવને ઓળખવાથી આપણી વૃત્તિ અને પ્રવૃત્તિમાં ફેરફાર લાવી શકાય છે. જીવન જીવવાની કળામાં વિશેષતા લાવીને અનિત્યને ત્યાગી નિત્ય માટેની પ્રવૃત્તિ તરફ પ્રયત્ન વધે છે, પરંતુ જીવનું જન્મમરણનું મહાન દુઃખ દૂર થતું નથી. વળી આપણે સામાન્ય અંશ છીએ, જ્યારે બ્રહ્માંડના અંતરિક્ષમાં બિરાજમાન દેવો વિશેષ અને પરમવિશેષ અંશો છે. તેમની શક્તિ અને ગતિ આપણા કરતા મહાન છે. સર્જનહારે તેમને વિશેષ વિભૂતિવાન સૂક્ષ્મ, કારણ, મહાકારણદેહ આપેલા છે. જેમની અપાર શક્તિ હોવા છતાં પણ જન્મમરણનું દુઃખ તેઓ પણ મિટાવી શકતા નથી. કારણ કે, સર્જનહારે તેમને આ પ્રકારના કાર્ય માટેની સત્તા આપેલી નથી. જીવ સત્‌કર્મ પ્રમાણે ચાર પ્રકારની મુક્તિ મેળવીને દૈવીધામોમાં નિવાસ કરી શકે, પરંતુ પુણ્યનો ક્ષય થતાં પાછા મૃત્યુલોકમાં આવવું જ પડે છે. જન્મમરણનું દુઃખ સંપૂર્ણ પણે મટતું નથી. માત્ર સૃષ્ટિના સર્જનહાર કે જે સર્વના માલિક છે તેમની ભક્તિ સિવાય પંચમી અખંડ કૈવલમુક્તિનું કાર્ય સાર્થક થતું નથી.

**તબતે સોજ કરહી નિજપતિકી, સુર સબનતે વંટી;**
**ન્યાય સહિત છેવટકે સદની, જેહી એકલ ન્હેઃકંટી. ૪૦**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે જ, તેથી **સોજ** = ખોજ, શોધ **કરહી** = કરીને **નિજપતિકી** = આદિ સર્જનહારની

નિજપતિની સુર **સબનતે** = સર્વ દૈવીધામોની, દરેક દેવોથી **વંટી** = વટાવીને, ઓળંગીને, થી પર રહેલાં ન્યાય **સહિત** = ન્યાયપૂર્વક, ન્યાયને આધીન **છેવટકે** = છેવટનું, અંતનું, છેલ્લું **સદની** = ધામી, સદની, ઠેકાણું, રહેઠાણી, મુકામી **જેહી** = જે **એકલ** = એકલું **ન્હેઃકંટી** = મુશ્કેલી, રહિત, નિષ્કલંક, બંધનથી રહિત.

## અનુવાદ

**તેટલા માટે સર્વ દેવોથી પરે રહેલા નિજપતિ કે જે અંતપદના ધામી છે અને એકલમલ નિષ્કલંક છે, તેમની ન્યાયપૂર્વક શોધ કરો.**

## ભાવાર્થ

સર્વ દેવોના ધામોથી પણ પરે એટલે કે, બ્રહ્માંડથી પણ પરે સર્જનહાર રહેલા છે. જેમનું સ્થાન દરેક અંશોના માટે અંતિમ રહેઠાણ તરીકે ગણાય છે. સૃષ્ટિ મહાકલ્પ પર્યંત ચાલે તેવી કળ ભરીને બનાવી છે. જેથી મહાકલ્પ પુરો થતાં જેવી રીતે રચનાનો જે ક્રમ હતો તેનાથી ઊલટ ક્રમે એકબીજામાં સમાઈને અંતે સર્જનહાર છયે વૃત્તિઓને પોતાનામાં સમાવીને અદ્વૈત ભાવે એકલા પોતાના કૈવલધામમાં રહે છે. જે સર્વ પ્રકારના બંધનોથી મુક્ત છે.

આવી અપરંપાર સૃષ્ટિના સર્જનહાર બધી જ પ્રકારની રચનાથી પરે રહેલા છે. પછી તે દૈવીધામો હોય કે અન્ય ઈંડો અને શૂન્યનો મુકામ હોય, એવા કૈવલધામમાં બિરાજમાન એકલમલ અને નિષ્કલંક સર્જનહારને ન્યાયપૂર્વક શોધવા પ્રયત્ન કરવો જોઈએ તેમની અનુભૂતિ દેહમાં તેમની સજાતિના અંશો રહેલા છે તે થકી જ શક્ય બને છે.

**કંટક સો દુતિયે અમલીનકે, દાવે કરન વિરોધુ;**
**તેહી સકલકે શિર પર સરજન, જેહી અદ્વૈત અરોધુ. ૪૧**

### શબ્દાર્થ

**કટંક** = કાંટારૂપ, અવરોધ રૂપે, વિઘ્ન આપનાર, બાધા રૂપ **સો** = તે **દુતિયે** = બીજી કક્ષાના, અલ્પ, નીચલી કક્ષાના **અમલીનકે** = અમલદાર, વહીવટ કરનાર **દાવે** = દાવા સાથે, નિશ્ચિત **કરન** = કરવાવાળા **વિરોધુ** = રુકાવટ, અવરોધક **તેહી** = તે **સકલકે** = બધાયના **શિર પર** = શિર ઉપર,

માથે ઉપરી, મુખ્ય, અમલી **સરજન** = સર્જનહાર, કર્તા, માલિક **જેહી** = જેઓ **અદ્વૈત** = અભિમાન **અરોધુ** = આરાધના કરો.

## અનુવાદ

**નીચલી કક્ષાના અમલદારો નિશ્ચિત રૂપે કાંટા રૂપ બનીને રુકાવટ કરે છે, પરંતુ તે સર્વના શિર ઉપર જે અદ્વૈત સર્જનહાર હોઈ તેમનું આરાધન કરવું જોઈએ.**

## ભાવાર્થ

સમાન્ય જીવનું પાલન, પોષણ અને ભક્ષણની જવાબદારી સંભાળતા અને ભૌતિક પદાર્થોની બક્ષિશ કરવાવાળા દેવો તો નીચલી કક્ષાના અમલદારો સમાન છે કારણ કે, સર્જનહારે તેમને તે કાર્યો માટેની જવાબદારી સોંપીને અંતરિક્ષમાં અલગ-અલગ ધામો રચીને તેમને બેસાડ્યા છે. પરમપદના પંથે ગમન કરવું હોય તો નિશ્ચિત સ્વરૂપે આવા નીચલી કક્ષાના અમલદારો અને તેમના અમલનો પ્રભાવ મોક્ષના માર્ગમાં અવરોધક બનીને રુકાવટ કરવાવાળો છે. દેવો સહિત આપણે બધા જ અંશ સ્વરૂપે સર્જનહારની સજાતિના અને તેમની વંશના છીએ. સર્વના ઉપરી અમલદાર રૂપે રહેલા અદ્વૈત સકર્તા પતિ કૈવલકર્તાનું માત્ર ચૈતનઅંશ સ્વરૂપે આરાધન કરવું જોઈએ. અમલી પદે અન્ય નીચલી કક્ષાના અમલદારોના અમલમાં ન અટકતાં સર્વોચ્ચ રહેલા પરમપદને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

## ઓરુ વંટીકકે દેવ સકલ સબ, અવધકાલ જેહી જાઈ;
## ત્રિગુણ શક્ત ઓરુ પુરુષ સહિત ઈત, આદ્ય લહીત પરલાઈ. ૪૨

### શબ્દાર્થ

**ઓરુ** = વળી, અને **વંટીકકે** = વાટમાં આવતા, પંથમાં આગળ ઓળંગીને જવાવાળા **દેવ** = દેવો **સકલ સબ** = બધા સર્વ, જેટલા છે તેટલા **અવધકાલ** = અંતકાળે, અવધિકાળે, આયુષ્ય પૂરું થવાને અંતે **જેહી** = તેઓ **જાઈ** = જવાના, નષ્ટ થવાના, નાશ થાય છે **ત્રિગુણ** = ત્રણગુણો બ્રહ્મા, વિષ્ણુ અને શંકર **શક્ત** = આદ્યશક્તિ **ઓરુ** = અને **પુરુષ** = નિરંજન પુરુષ **સહિત** = મળીને, બધા જ **ઈત** = એ **આદ્ય** = આદિ, મોટા **લહીત** = ગણવું, સમજવું, માનવું **પરલાઈ** = પ્રલયકાળે, નાશવંત હોઈ.

## અનુવાદ

**ત્રણગુણ, શક્તિ અને પુરુષ એ મોટા દેવો સહિત બધા જ વાટમાં આવનાર નાશવંત હોઈ આયુષ્ય પૂરું થતાં નાશ થવાના છે.**

## ભાવાર્થ

પરમપદના પંથે જવામાં વચ્ચે આવનાર ધામો અને તેના ધામી દેવતાઓને ઓળંગીને આગળ જવાનું છે. ઓળંગીને જવાવાળા જે મોટા દેવો બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, આદ્યશક્તિ અને નિરંજન પુરુષ છે તે બધા જ દૈવીધામો અને દેવી-દેવતાઓ નાશવંત છે.

સ્થૂળદેહનું આયુષ્ય પણ એકસરખા પ્રમાણવાળું નથી. આ શરીર રૂપી ભાડૂતી મકાન ક્યારે મૂકીને જઈશું એનું પ્રમાણ કહી શકાય નહીં. કોઈ મુકાવે તો મૂકીને જવાય અથવા પોતે મૂકીને જવું હોય તો પણ જવાય છે. સ્થૂળદેહ કરતાં સૂક્ષ્મદેહનું હજારગણું વધારે આયુષ્ય છે, સૂક્ષ્મદેહથી હજારગણું કારણદેહનું આયુષ્ય છે કારણદેહથી હજારગણું મહાકારણદેહનું આયુષ્ય છે અને મહાકારણદેહથી હજારગણું પરમકારણદેહનું આયુષ્ય છે પરમકારણદેહનું આયુષ્ય કલ્પના અંતકાળ સુધી પહોંચતું હોઈ સૌથી લાંબું આયુષ્ય ભોગવે છે, પરંતુ બધા જ નાશવંત છે.

**અવધકાલ પરલે કે જેહી પદ, સો નહીં કર્તા કહાઈ;**
**નિજપતિ અમર રહાય વિના ફેરી, રચના કુણ રચાઈ. ૪૩**

### શબ્દાર્થ

**અવધકાલ** = અવધિકાળે, આયુષ્ય પુરું થતાં **પરલે કે** = નાશવંત, નષ્ટ થનારા **જેહી** = તે, જે **પદ** = પદ **સો** = તે **નહીં** = નહીં **કર્તા** = સર્જનહાર, માલિક, કર્તા **કહાઈ** = કહેવાય **નિજપતિ** = સર્જનહાર, મૂળ માલિક, સ્વયં, પરમપિતા **અમર** = નાશ વગરના, સદાને માટે જીવિત **રહાય વિના** = રહ્યા વિના **ફેરી** = ફરીથી **રચના** = રચના, ઉત્પત્તિ **કુણ** = કોણ **રચાઈ** = રચે, ઉત્પન્ન કરે, બનાવે.

## અનુવાદ

**અવધિકાળે જે પદનો નાશ થાય છે તેને નિજ કર્તા કહી શકાય નહીં નિજ**

**પરમપતિ જો અમર ન રહે તો ફરીથી આ સૃષ્ટિની રચના કોણ રચે?**

## ભાવાર્થ

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ એમ પાંચેય દેહનું જે આયુષ્ય નક્કી કરવામાં આવ્યું છે તે મુજબ બધા નાશ પામવાના છે. વળી સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશો સર્જનહારની અંશવૃત્તિમાં ભળી જવાના. આમ જે નાશવંત છે તેવા પદને સર્જનહાર કહી શકાય નહીં.

સર્જનહારનો નાશ કદી થતો જ નથી. તે તો સદા સર્વદા અજર, અવિનાશી, અખંડ, અચ્યુત, અનાદિ, સિદ્ધ, અક્ષય, એકદેશી, નિર્મળ, દિવ્ય, હ્રીંગરૂપ છે. પોતાની શુદ્ધ સંકલ્પથી વૃત્તિઓ દ્વારા સર્વ રચનાને રચીને મહાપ્રલય કાળે સંકલ્પને સમાપ્ત કરી બધી રચનાને પોતાની વૃત્તિઓમાં સમાવી દે છે. છેલ્લે પોતાની વૃત્તિઓને પોતાનામાં સમાવી દઈને અદ્વૈત સ્વરૂપે રહે છે. ફરી જ્યારે તેમને સંકલ્પ થાય ત્યારે નવેસરથી બધી જ રચના રચે છે. જો સર્જનહાર પોતે આવા અમર ન હોય તો ફરીથી આ સૃષ્ટિની રચના કોણ રચે ?

**કોઈક સિદ્ધાંતે સદાકાલ ભવ, જીનકે નાશ ન હોઈ;**
**તો કરતાર પુનિ ક્યા કરહી, અંત વિના કીનું કોઈ. ૪૪**

### શબ્દાર્થ

**કોઈક** = કોઈના **સિદ્ધાંતે** = મતે, નિશ્ચયે, મંતવ્ય, વિચારણા, તર્ક **સદાકાલ** = સદાને માટે, અંત રહિત, હમેશાં **ભવ** = સૃષ્ટિ, વિશ્વ, સંસાર **જીનકે** = જેનો **નાશ** = અંત, વિલય, **ન હોઈ** = હોતો નથી, થતો નથી **તો** = તો પછી, તો **કરતાર** = રચનાર, સર્જનહાર **પુનિ** = વળી, ફરીથી **કયા** = શું **કરહી** = કરે, રચે **અંત વિના** = અંત વિના, નાશ વિના **કીનું કોઈ** = કંઈ પણ, ઉત્પત્તિ.

## અનુવાદ

**કોઈક સિદ્ધાંતની માન્યતા મુજબ આ વિશ્વ સદાને માટે અંત રહિત છે, જેનો કોઈ કાળે નાશ થતો જ નથી. જો કોઈ પણ ઉત્પત્તિ અંત વિનાની હોય તો સર્જનહાર ફરીથી શું રચે ?**

### ભાવાર્થ

કોઈ નાસ્તિકવાદીના મત મુજબ આ વિશ્વ સદાને માટે જીવંત રહે છે. જેનો કદી પણ નાશ થતો જ નથી. આપણે ચર્મચક્ષુથી પણ આપણા આયુષ્ય દરમિયાન ઘણું બધું નાશ થતું નિહાળીએ છીએ અને આપણા પોતાનો પણ નાશ નિશ્ચિત છે. એમ ન હોય તો પછી સ્વચ્છંદતા વધી જાય. કોઈ પણ વ્યક્તિ ધર્મમાર્ગમાં પ્રવેશ જ ન કરે. પોતાના કલ્યાણ અંગે કે જન્મમરણનાં દુઃખ અંગે પણ ઉત્તમ કરણી કરવાનું વિચારે નહીં.

વળી જો અંત વિનાની સર્વ ઉત્પત્તિ હોય તો સર્જનહાર શા માટે તેવી રચના રચે કે જેથી આદ્ય, મધ્ય અને અંત સમયનું બંધારણ વ્યર્થ જાય ? ફરીથી જો સર્જનહાર રચના રચતા ન હોય તો પછી અંશોને કોઈના શરણે જવાની જરૂર પણ ન રહે, માટે તે વિચારસરણી વાળો સિદ્ધાંત ખામી ભરેલો અને અયોગ્ય કહી શકાય.

**એહી પરકાર કહો તો સૂનહો, જીનકે નયાવ લખાવું;**
**આદ્ય અંત મધ્યકી ગમ ગતિયાં, સબ વિધિ સમજ પખાવું. ૪૫**

#### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રકારે, એ પ્રમાણે **કહોતો** = કહો છો તો **સુનહો** = સાંભળો **જીનકે** = તેનો જે અંગે **નયાવ** = ન્યાય સહિત **લખાવું** = જણાવું છું, દર્શાવું છું **આદ્ય** = શરૂઆત, પ્રારંભ **અંત** = અંત **મધ્ય** = પસારો, વચલોગાળો, દરમિયાન **કી** = ની **ગમ ગતિયા** = સમજ અને જ્ઞાનની **સબ** = બધી જ **વિધિ** = રીતેથી **સમજ** = સમજ, સમજાય, તેમ **પખાવું** = પરખાવું, દેખાડું, સમજાવું.

### અનુવાદ

**એ પ્રમાણે જો કહેતા હોય તો આદ્ય, અંત અને મધ્યની ગમગતિને ન્યાયપૂર્વક સર્વને સમજ પડે તે રીતે જણાવું છું તે તમે શ્રવણ કરો.**

### ભાવાર્થ

આ સૃષ્ટિ સદાને માટે કાયમ જ છે અને તેનો કોઈ કાળે નાશ થતો નથી. તેવું કહેનારાઓને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર યોગ્ય અને ન્યાયપૂર્ણ સમજ આપીને

સમજાવે છે. આદ્ય, મધ્ય અને અંત એમ ત્રણેય કાળની સર્વ બાબતની સમજ અને તે અંગેની માહિતી આપણને સમજણ પડે તે રીતે હવે પછી જણાવે છે.

**આદ્ય કહે સબયનકી ઉતપન, મધ્યમે સકલ પસારા;**
**અંત કહે ઉતપનકી અવધિ, બિન એક સર્જનહારા. ૪૬**

### શબ્દાર્થ

**આદ્ય કહે** = આદ્ય કહેતાં, પ્રારંભને કહેતાં **સબયનકી** = સર્વની **ઉતપન** = ઉત્પત્તિ, રચના **મધ્યમે** = મધ્યમાં **સકલ** = બધો જ **પસારા** = વૃદ્ધિ, વિસ્તાર **અંત કહે** = અંત કહેતાં **ઉતપનકી** = ઉત્પત્તિની **અવધિ** = નાશ, અંત, સમાપ્તિ **બિન** = વગર, સિવાય **એક** = એક **સર્જનહારા** = સર્જનહાર, બનાવનાર, કર્તા, રચનારા.

### અનુવાદ

**આદ્ય કહેતાં સર્વની ઉત્પત્તિ, મધ્યમાં સર્વનો વિસ્તાર અને અંત કહેતાં એક સર્જનહાર સિવાયની સર્વ ઉત્પત્તિનો વિનાશ.**

### ભાવાર્થ

નિજ સકર્તાપતિએ જ્યારે અહંપણું ધારણ કરીને પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા રચનાનો પ્રારંભ કર્યો તે પ્રારંભના સમયને આદ્ય કહેવામાં આવે છે. એટલે કે, ઉત્પત્તિના સમયગાળાને આદ્ય કહેવાય. વૃદ્ધિ થાય અને જે તે અંકુરોમાં પોખાયેલાં તત્ત્વો મુજબ તેનો વિસ્તાર થાય તેમજ તેમાં પોખવામાં આવેલ અવધિના સમય સુધી તેના જેવા જ ઘાટ સદંતર નીકળ્યા જ કરે, તેવા સમયના ગાળાને મધ્ય કહેવામાં આવે છે. જ્યારે સર્જનહારનો સંકલ્પ સમાઈ જાય એટલે કે, બધી રચનામાં ભરેલો સંચ પૂરો થાય તેવા મહાકલ્પના સમયગાળાને અંત કહેવામાં આવે છે.

આમ સૃષ્ટિની રચના પહેલાં સર્જનહાર અદ્વૈત સ્વરૂપે હતા. રચના દરમિયાન દ્વૈત સ્વરૂપે સર્જનહારની હયાતિ છે અને મહાપ્રલયકાળે બધું જ નાશ થશે ત્યારે પણ અદ્વૈત સ્વરૂપે રહેવાના. આમ, સર્જનહારનો કદી પણ નાશ થતો નથી. તેથી તો તેમને અવિનાશી, અજન્મા અને અક્ષય કહેવામાં આવે છે.

**સો તો તુમહી સકલ કહત હો, આદ્ય અંત મધ્ય સોઈ;**
**જો જગ ઉત્પન્ન નાશ ન હોય તો, આદ્ય અંત કીનું કોઈ. ૪૭**

### શબ્દાર્થ

**સોતો** = જેથી તો **તુમહી** = તમો **સકલ** = બધા જ **કહત હો** = કહો છો **આદ્ય** = આદ્ય, પ્રારંભ, શરૂઆત **અંત** = નાશ, અંતિમ ભાગ, વિનાશ **મધ્ય** = મધ્ય, પ્રસારોના સમય **સોઈ** = તે, છે, જ **જો** = જો **જગ** = સૃષ્ટિ, જગત, વિશ્વ **ઉત્પન્ન** = ઉત્પત્તિ, રચના **નાશ** = વિનાશ, અંત **ન હોય તો** = ના હોય તો **આદ્ય** = આદ્ય શરૂઆત **અંત** = વિનાશ, અંત **કીનું કોઈ** = કોને કહી શકાય ?કોનું કહી શકાય?

### અનુવાદ

**તેથી તો તમો બધા જ કહો છો કે આદ્ય, અંત અને મધ્ય છે. જો જગતની ઉત્પત્તિ અને નાશ ન હોય તો આદ્ય અને અંત કોને કહી શકાય ?**

### ભાવાર્થ

આપણે બધા જ કહીયે છીએ કે દરેકનો આદ્ય, મધ્ય અને અંત એમ ત્રણ કાળ છે. અર્થાત્ કોઈ પણ રચનાની ઉત્પત્તિ, વૃદ્ધિ અને વિનાશ થતી જ હોય છે. જો સૃષ્ટિ સદાને માટે કાયમ એવીને એવી જ રહે તો પછી ઉત્પત્તિ અને વિનાશ કોનો થાય ? વળી આદ્ય, અંત અને મધ્યના સમયગાળાને કેવી રીતે દર્શાવી શકાય ?

**ઓરુ દેખત તુમ હાલ નૈન સે, સ્થૂળ સુક્ષમકે તનહી;**
**જેહી જીનકી અવધિ પરમાનહી, બિનસી જાય સબ જનહી. ૪૮**

### શબ્દાર્થ

**ઓરુ** = અને વળી **દેખત** = જોતાં, દેખતાં **તુમ** = તમો **હાલ** = પ્રત્યક્ષ, હાલમાં **નૈન સે** = નેત્રો દ્વારા, આંખોથી **સ્થૂળ** = પંચભૌતિક શરીર **સૂક્ષ્મકે** = અદષ્ય શરીર, સ્થૂળદેહને ત્યજી અંશનું રહેવાનું ઈંદ્રિયોથી તીત અદશ્ય શરીર કે ના **તનહી** = શરીર, દેહ **જેહી** = જેવી **જીનકી** = જેની **અવધિ** = વિનાશ, અંત **પરમાનહી** = પ્રમાણે **બિનસી જાય** = વિલાઈ જાય, નાશ પામે **સબ** = બધા જ **જનહી** = માનવ, લોકો, શરીર, દેહ.

## અનુવાદ

**વળી તમે તમારા પ્રત્યક્ષ નેત્રોથી જુઓ કે સ્થૂળ અને સૂક્ષ્મ દેહવાળા સર્વ જનોની જેની જેવી અવધિ પ્રમાણે નાશ પામે છે.**

## ભાવાર્થ

સૃષ્ટિમાં આપણે આંખો દ્વારા પ્રત્યક્ષ રીતે જોઈએ છીએ કે પંચભૂતનો બનેલો સ્થૂળ દેહ નાશ પામે છે. જેટલા પ્રાણાયામની ગણતરી નક્કી કરેલા હોય તેટલો સમય અંશ તેમાં રહે છે અને પ્રણવ પૂરો થતાં જેમ મકાન ખાલી કરીને બીજા મકાનમાં વ્યક્તિ જાય તેમ આ દેહ ત્યજીને અંશને ઈંદ્રિયોની ચાસમી મળતી બંધ થતાં બીજા દેહમાં જતો હોય છે. એટલે કે, આપણે પ્રત્યક્ષ સ્થૂળદેહના વિનાશ ને રોજબરોજની જિંદગીમાં જોઈએ છીએ.

વળી ઘણા ભૂવાઓ અથવા તો અમુક પ્રકારની સાધનાથી સિદ્ધિ પ્રાપ્ત કરેલ સાધકો સ્થૂળદેહમાંથી અંશ બીજી સૂક્ષ્મ યોનિમાં ગયો હોય છે. તેની સાથે સાધકો વાર્તાલાપ કરે છે અને ઘણાં પ્રકારના કામો પણ તેની પાસે કરાવડાવે છે. તેવા સૂક્ષ્મદેહનો પણ નાશ થાય છે. સ્થૂળદેહ કરતાં સૂક્ષ્મ દેહનું આયુષ્ય હજારગણું લાંબું હોય છે, પરંતુ નાશ નિશ્ચિત છે.

**સ્થાવરકી થાવર સમ સરજીત, જંગમકી જમ જેહી;**
**તીનકી આદ્ય સકલ અચરાચર, કોહુ ન અમર સદેહી. ૪૯**

### શબ્દાર્થ

**સ્થાવરકી** = સ્થિર જાતિના ઘાટ, સ્થિર શરીરધારી, વનસ્પતિ, વૃક્ષ, વેલી, પાંદડી, વગેરે **થાવર સમ** = સ્થાવર જાતિને સમાનતા જેવી **સરજીત** = સર્જન, બનાવી છે, રચના કરેલી છે **જંગમકી** = હલનચલન કરનાર, શરીરની હાલતાં ચાલતાં ઘાટની **જમ** = જેમ, તેવી જ રીતે **જેહી** = જેની પ્રમાણે **તીનકી** = તેઓની **આદ્ય** = માંડીને, લઈને **સકલ** = બધા જ, સર્વ **અચરાચર** = ચારો ચરી શકે તેવા અને ચારો ન ચરી શકે તેવા **કોહુ ન** = કોઈ પણ નથી **અમર** = અમર, વિનાશ વગરના **સદેહી** = દેહ સહિત, દેહવાળા શરીરધારી.

## અનુવાદ

**સ્થાવર જાતિનું સ્થાવરના જેવું અને જંગમ જાતિનું તે મુજબ સર્જન થયેલું છે. તે**

**સર્વની આદ્ય લઈ સર્વ ચર અને અચર ઘાટ પૈકી કોઈ અમર દેહવાળા નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં ૧૮ લાખ પ્રકારના સ્થાવર જાતિના તૃણ જાતિ, પનડી જાતિ, વેલી જાતિ, જળજાતિ અને વૃક્ષ જાતિના ઘાટ છે. જેની ઉત્પત્તિની રચના, તેનો રૂપ, રંગ, આકાર, સ્વાદ, આયુષ્ય વગેરેને જે તે જાતિના અંકુરોમાં સર્જનહારે પોંખી દીધેલું છે અને તે મુજબ તેઓની ઉત્પત્તિ થયે જ જાય છે.

વળી જંગમ જાતિમાં ૧૩ લાખ મનુષ્ય, ૭ લાખ પશુ, ૧૦ લાખ કીટ, ૧૪ લાખ જળચર અને ૩ લાખ જળ-પૃથ્વી મિશ્રિત ઘાટ છે. આ ૬૬ લાખ પ્રકારના ઘાટની ઉત્પત્તિ પણ સર્જનહારે જે તે બીજ અંકુરમાં પોખેલી છે અને તેવા જ ઘાટ ઉત્પન્ન થાય છે અને આરબલ મુજબ નાશ પામે છે. આ પ્રમાણેનો ક્રમ ચાલુ જ રહેલો જણાય છે.

આમ જગતના ૮૪ લાખ પ્રકારના બધા જ ઘાટ પૈકી કોઈ અમર દેહ ધરાવતા નથી, પરંતુ તે અવધિ કાળે જરૂર નાશ થાય છે.

**મરતલોકમાં કીટ મરે તો, હય હસ્તી મર જાઈ;**
**દેવ લોક ઉડઘણ અલ્પીતસે, ચંદ સુર પણ જાઈ. ૫૦**

### શબ્દાર્થ

**મરતલોકમાં** = મૃત્યુલોકમાં, પૃથ્વીના વિસ્તારમાં **કીટ** = કીટાણુ, સૂક્ષ્મ ઘાટધારી જંતુ **મરે તો** = મૃત્યુ પામે તો **હય** = ઘોડા **હસ્તી** = હાથી **મર જાઈ** = મરી જાય છે, મૃત્યુ પામે છે **દેવલોક** = અંતરિક્ષમાં રહેલા **ઉડઘણ** = તારાઓ **અલ્પીતસે** = લુપ્ત થાય, નાશ પામે **ચંદ** = ચંદ્ર **સુર** = સૂર્ય **પણ** = પણ **જાઈ** = નષ્ટ થઈ જવાના.

### અનુવાદ

**જો મૃત્યુલોકમાં કીટ મરે છે તો ઘોડા અને હાથી પણ મરી જતા હોય છે. દેવલોકમાં તારાઓ નાશ પામે છે ચંદ્ર અને સૂર્ય પણ નાશ થવાના.**

### ભાવાર્થ

આપણે પૃથ્વી પર રહેલાં કીટાણુ અને સૂક્ષ્મ ઘાટને મૃત્યુ પામતા જોઈએ છીએ.

વળી નાના ઘાટ સિવાયના વિશાળકાય હાથી અને ઘોડા પણ મૃત્યુ પામતા હોય છે.

તે જ પ્રમાણે રાત્રિના સમયે આકાશમાં ઝબૂકતા તારલાઓને પણ ખરતાં આપણે જોઈએ છીએ. એક સમય એવો પણ આવશે કે ચંદ્ર અને સૂર્યનો પણ નાશ થશે. કહેવાનું તાત્પર્ય એ છે કે ઘાટનો વહેલા કે મોડા પણ નિશ્ચિત પણે નાશ થવાનો છે.

**એહી દોહુનકી આદ્ય સહિત ગુન, શક્તિ પુરુષ પરલાઈ;**
**જબ તો આદ્ય અંત ઉતઈતમે, પીછે કુન રહાઈ. ૫૧**

**શબ્દાર્થ**

**એહી** = એ **દોહુનકી** = બંનેની **આદ્ય સહિત** = થી માંડીને, બધા જ **ગુન** = ત્રણ ગુણના, અવતાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **શક્તિ** = આદ્યશક્તિ, મહંમાયા **પુરુષ** = નિરંજન પુરુષ **પરલાઈ** = નાશ પમાવાના, પ્રલયકાળે અંત થવાના **જબ તો** = ત્યારે તો, તે વખતે તો **આદ્ય** = શરૂથી, માંડીને **અંત** = અંત સુધી **ઉતઈતમે** = મૃત્યુલોક અને અંતરિક્ષમાં **પીછે** = પાછળ, બાકી **કુન** = કોણ **રહાઈ** = રહેવાનું ? રહી શકે ?

**અનુવાદ**

**એ બંનેની આદ્ય લઈ ગુણ, શક્તિ, પુરુષ સહિત પ્રલયકાળે નાશ થવાના. ત્યારે તો મૃત્યુલોક અને અંતરિક્ષમાં આદિથી અંત સુધીમાં બાકી કોણ રહેશે !?**

**ભાવાર્થ**

પૃથ્વી પરના ૮૪ લાખ પ્રકારના ઘાટ અને અંતરિક્ષના ૩૩ કરોડ દેવતાઓ અને નવ કરોડ દેવીઓની આદ્ય લઈ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આદ્યશક્તિ અને નિરંજન પુરુષ જેવા મહાદેવો સહિત અખિલ બ્રહ્માંડમાં રચાયેલી સર્વ રચના મહાપ્રલય વખતે નાશ થવાની છે. ત્યારે સૃષ્ટિની શરૂઆતથી માંડીને અંત સુધીના મૃત્યુલોકના અને અંતરિક્ષમાં રહેલા સર્વ ઘાટ સહિતની બધી જ રચનામાં કશું જ ઊગરતું નથી. અર્થાત્ સર્જનહારની સર્વ ઉત્પત્તિનો નાશ થાય છે.

**જદપી રહત નહીં કોઉ ઉતઈ તમેં, હવિત સકલ સબ નાશા;**
**રહે એક કિરતાર સનાતન, પુનહી શૂન્ય અવિકાશા. ૫૨**

### શબ્દાર્થ

**જદપી** = જ્યારે **રહત નહીં** = રહે નહીં, રહેવા પામે નહીં **કોઉ** = કોઈ પણ, કશું પણ **ઉતઈ તમેં** = મૃત્યુલોક અને અંતરિક્ષમાં **હવિત** = હયાતીમાં રહેલું, ઉત્પત્તિમાં અસ્તિવ ધરાવતું **સકલ સબ** = બધું જ, સર્વસ્વ **નાશા** = નાશ થવાનું, વિનાશ પામવાનું **રહે** = બાકી રહે **એક** = એક **કિરતાર** = કર્તા, સર્જનહાર **સનાતન** = સનાતન, શાશ્વત, અવિનાશી **પુનહી** = વળી **શૂન્ય અવિકાશા** = અવિકાશમાં રહેલું શૂન્ય, શૂન્યાવકાશ.

### અનુવાદ

**જ્યારે અંતરિક્ષમાં અને પૃથ્વી પર અસ્તિત્ત્વ ધરાવતું બધુ જ નાશ પામશે ત્યારે એક સનાતન કર્તા અને અવિકાશ રૂપ શૂન્ય રહે છે.**

### ભાવાર્થ

સર્જનહારે ઉત્પન્ન કરેલી અખિલ બ્રહ્માંડની બ્રહ્મસહિતની સર્વ રચના અને સામાન્ય, વિશેષ તથા પરમવિશેષ અંશો સહિત બધુ જ મહાકલ્પ પૂરો થતાં નાશ પામશે. છેલ્લે કર્તા પોતે અવિકાશ રૂપ મહાશૂન્યમાં એકલા જ રહે છે.

**દ્વૈત વિલાસ રહે જેતને દિન, કલ્પો કલ્પ યુગનહી;**
**તેતને ભર અવિનાશ સકર્તા, રહે અકેલ ગગનહી. ૫૩**

### શબ્દાર્થ

**દ્વૈત** = ભિન્ન, અલગ **વિલાસ** = રચના, ઉત્પત્તિ **રહે** = રહે **જેતને દિન** = જેટલા દિવસ **કલ્પો કલ્પ** = કલ્પોના કલ્પો **યુગનહી** = યુગો પર્યંત **તેતને ભર** = તેટલા સમય પર્યંત, તેટલા જ સમય સુધી **અવિનાશ** = અવિનાશી **સકર્તા** = કેવલ **રહે** = રહે છે **અકેલ** = એકલા **ગગનહી** = મહાશૂન્યમાં.

### અનુવાદ

**જેટલા યુગો અને કલ્પોના સમયગાળા સુધી દ્વૈત રૂપ જગતનો વિલાસ રહે છે તેટલા સમય સુધી અવિનાશી સકર્તા એકલા મહાશૂન્યમાં રહે છે.**

### ભાવાર્થ

સર્જનહારની કળા અપરંપાર છે તેને સમજવી અતિ વિચક્ષણ છે. સૃષ્ટિની રચના રચવાનો તેમને સંકલ્પ થયો તે પહેલાં કૈવલ પોતે અદ્વૈત સ્વરૂપે મહાશૂન્યમાં જ રહેતા હતા. પોતાને અહંગ ભાવ થયા પછી પોતાની છ વૃત્તિઓથી સર્વ રચનાને બનાવીને પોતે અદ્વૈતમાંથી દ્વૈત રૂપ રચનાના સાક્ષી અને કારણરૂપે રહ્યા. જેટલો સમય પોતાના શુદ્ધ સંકલ્પની અવધિ રહી એટલે કે, જેટલા યુગો અને કલ્પોના સમય પર્યંત પોતાની રચના સાકાર રહી તેટલા જ બીજા સમયગાળા પર્યંત તેઓ એકલા જ પાછા અદ્વૈત સ્વરૂપે મહાશૂન્યમાં અભિરામ કરે છે.

**તાર પીછે ફેરી કરહી સકર્તા, ઉર રચના કે ભાવું;**
**પુરુષ આદ્ય ઓરુ શક્તિ સહિત ગુન, ઉપજાવત સબકાવું. ૫૪**

### શબ્દાર્થ

**તાર પીછે** = ત્યાર પછી **ફેરી** = ફરીથી **કરહી** = કરે છે **સકર્તા** = કૈવલ **ઉર** = પોતાનામાં, હૃદયમાં **રચના કે** = રચવાનો **ભાવું** = ભાવ, અહંમ **પુરુષ આદ્ય** = આદિ, નિરંજન પુરુષ **ઓરુ** = અને **શક્તિ** = આદ્યશક્તિ **સહિત** = સહિત **ગુન** = ત્રણ ગુણ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **ઉપજાવત** = ઉત્પન્ન કરે **સબકાવું** = બધી જ ઉત્પત્તિ, સર્વ કાંઈ.

### અનુવાદ

**ત્યાર પછી ફરીથી સકર્તા પોતાનામાં રચવાનો ભાવ ધારણ કરીને નિરંજનપુરુષની આદ્ય લઈને શક્તિ અને ત્રણ ગુણ સહિત સર્વને ઉપજાવે છે.**

### ભાવાર્થ

બીજી એટલા લાંબા સમય પર્યંત પોતે અદ્વૈત ભાવે એકલા મહાશૂન્યમાં રહ્યા પછી ફરીથી તેમને પોતાનામાં કંઈક કરવા માટેનો અહંભાવ ધારણ થાય ત્યારે પોતાના શુદ્ધ સંકલ્પથી રચના રચે છે. નિરંજનપુરુષની આદ્ય લઈને આદ્યશક્તિ અને બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ સહિત સમગ્ર બ્રહ્માંડની રચના રચે છે.

**એહી વિધિ ઉતપત પરલાયત, પુનિ પુનિ ફેર સમરતા;**
**આદ્ય અંત મધ્ય અચલ અનાદિક, રહે સો બજે સકરતા. ૫૫**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે **ઉતપત** = ઉત્પત્તિ **પરલાયત** = પ્રલય કરીને **પુનિપુનિ** = ફરી ફરી, વારંવાર **ફેર** = ફરીથી **સમરતા** = રચતા **આદ્ય** = આદ્યમાં **અંત** = અંતમાં **મધ્ય** = વિસ્તારના સમયે **અચલ** = ચલિત થયા સિવાય **અનાદિક** = સનાતન, આદ્ય-અંત વગરના **રહે** = રહે છે **સો** = તે પોતે સ્વયં **બજે** = બિરાજમાન **સકરતા** = સર્વના કરનારા.

### અનુવાદ

**એ પ્રમાણે ઉત્પત્તિ અને પ્રલય કરીને વારંવાર રચના રચે છે. આદ્ય, મધ્ય અને અંતમાં કર્તા સનાતન રૂપે અચળ પણે બિરાજમાન રહે છે.**

### ભાવાર્થ

આ પ્રમાણેના ક્રમાનુસાર સમગ્ર રચનાની ઉત્પત્તિ અને પ્રલય કરીને પોતાના સ્વયં શુદ્ધ સંકલ્પથી કોઈનો પણ સાથ કે સલાહ લીધા વગર વારંવાર આજ પ્રમાણેની નિયમિત રૂપે રચના રચે છે. આદ્ય, મધ્ય અને અંત એમ ત્રણેય કાળમાં પોતે અચળ પણે પોતાના કૈવલધામમાં બિરાજમાન રહે છે.

**અબ દેખો નિજ નૈન ન્યાયસે, કહો કુન અચલ રહાઈ;**
**બ્રહ્મા વિષ્ણુ મહેશ શક્તિ લ્યૌ, પુરુષ સહિત પરલાઈ. ૫૬**

### શબ્દાર્થ

**અબ** = હવે **દેખો** = જુઓ, તપાસો, વિચારો **નિજ** = પોતાની **નૈન** = દૃષ્ટિથી, આંખોથી **ન્યાયસે** = ન્યાયપૂર્વક **કહો** = કહો કે **કુન** = કોણ **અચલ** = અવિનાશી, અજન્મા **રહાઈ** = રહેલા છે **બ્રહ્મા** = બ્રહ્માજી **વિષ્ણુ** = વિષ્ણુજી **મહેશ** = શંકર **શક્તિ** = આદ્યશક્તિ **લ્યૌ** = સહિત **પુરુષ સહિત** = નિરંજનપુરુષ સહિત, બધા જ **પરલાઈ** = નાશવંત છે પ્રલય વખતે નાશ પામનારા છે.

## અનુવાદ

**હવે ન્યાયપૂર્વક નિજ દૃષ્ટિથી વિચારો કે કોણ અવિનાશી છે ? બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ અને નિરંજન પુરુષ સહિત બધાં તો પ્રલય વખતે નાશ પામનારા છે.**

## ભાવાર્થ

આપણા નેત્રો દ્વારા નિહાળીને ન્યાયપૂર્વક વિચાર કરીએ તો પણ સ્પષ્ટપણે જણાશે કે અખિલ બ્રહ્માંડમાં માત્ર વિશ્વનિયંતા સિવાય બીજું કોઈ અવિનાશી નથી. માત્રને માત્ર સૃષ્ટિના રચનાર કૈવલકર્તા સિવાય બધું જ નાશવંત છે. આમ પોતપોતાના આયુષ્ય મુજબ બધા જ કાળને વશ થવાના છે.

ચાર યુગની ચોકડીમાં ૩૨ લાખ વર્ષ થાય છે, એવા બસોને અઠ્ઠાસી યુગે એક મનુ થાય. એવા મનુ ચૌદ થાય ત્યારે વિષ્ણુની ઘટિકા થાય. એવા હજાર વિષ્ણુ જાય ત્યારે શિવની એક રંચ થાય. એવા શિવ હજાર જાય ત્યારે મહાવિષ્ણુની એક નિમિષ કહેવાય. એવા હજાર ઈશ્વર ચાલ્યા જાય ત્યારે શક્તિ શણગાર સજી રહે. એવી હજાર શક્તિ ચાલ્યા જાય ત્યારે એક કલ્પ થાય એવા હજાર કલ્પ ચાલ્યા જાય ત્યારે નિરંજન પુરુષની એક નિમિષ કહેવાય. આ નિમિષ પ્રમાણે નિરંજન સો વર્ષનું આયુષ્ય ભોગવીને લીન પામે, ત્યારે નિજકર્તાના સંકલ્પનો વેગ લીન પામે અને ત્યારે તો સર્વ અંશો પરમ કારણદેહે શુદ્ધ નિર્મળ થઈ ગયા હોય છે. ત્યાર પછી તે સર્વ અંશો કૈવલધામમાં જઈ કર્તાની અંશવૃત્તિમાં મળી જઈને અંશવૃત્તિને સંગે નિજ કૈવલકર્તાને વિષે લીન થયા પછી એક અખંડાકાર અદ્વૈત કૈવલરૂપ જ રહે છે.

**જબતો રહે અકેલ સકર્તા, સહેજ શુન્યમે સોઈ;**
**કીટ પતંગ આદ્ય અજભવ લ્યૌ, જીનું અંશ સબ કોઈ. ૫૭**

### શબ્દાર્થ

**જબતો** = જેથી **રહે** = રહે છે **અકેલ** = એકલા **સકર્તા** = કૈવલ **સહેજ** = સહેજ સ્થિતિમાં **શૂન્યમે** = શૂન્યમાં **સોઈ** = સ્વયં, પોતે **કીટ** = કિટાણુ **પતંગ** = પતંગિયાં **આદ્ય** = આદ્ય લઈ **અજભવ** = વિષ્ણુ અને શંકર **લ્યૌ** = સુધીના **જીનું** = જેમના **અંશ** = અંશો **સબકોઈ** = સર્વ, બધા.

## અનુવાદ

**જેથી કેવલ એકલા જ સહજ સ્થિતિએ શૂન્યમાં રહે છે. કીટ પતંગની આદ્ય લઈ બ્રહ્મા અને શંકર સુધી સર્વ કોઈ તે નિજકર્તાના અંશો છે.**

## ભાવાર્થ

આ પ્રમાણે જ્યારે મહાપ્રલય વખતે સર્જનહાર પોતેપોતાનો સંકલ્પ સમાવી દે છે ત્યારે સર્વ રચના પોતાનામાં ભેળવીને એક અદ્વૈત સ્વરૂપે સહજાસહેજ સ્થિતિમાં પોતે કૈવલધામમાં બિરાજમાન રહે છે.

એવા સર્જનહારના જ કીટ પતંગથી માંડીએ મહાનમાં મહાન બ્રહ્મા અને શંકરથી માંડી મહાન દેવતાઓ સહિતના સર્વ સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશો નિજકર્તાના જ વંશના છે અને તેમની સજાતિના છે. જે અંગે હવે પછીના અંગમાં વિસ્તૃત સમજ દર્શાવવામાં આવેલ છે.

# અંગ ૧૩
# ત્રધા પ્રકાર અંશ લક્ષ દેખાવનકો

**ત્રધા પ્રકાર અંશ ઉત્પન્નકી, જીનકી ગનીત જનાવું;**
**જીવ સામાન્ય વિશેષ પરમ પુનિ, લઘુ દીરઘ દરશાવું. ૧**

### શબ્દાર્થ

**ત્રધા** = ત્રણ **પ્રકાર** = પ્રકાર, જાત, વર્ગ **અંશ** = કર્તાની સજાણજાણ, સજાતિ **ઉત્પન્નકી** = ઉત્પન્નની, બનાવ્યાની **જીનકી** = તેની **ગનીત** = ગણતરી **જનાવું** = દર્શાવું છું **જીવ** = જીવદશાવાળા **સામાન્ય** = સામાન્ય **વિશેષ** = વિશેષ **પરમ** = પરમ વિશેષ **પુનિ** = વળી **લઘુ** = નાના **દીરઘ** = મોટા **દરશાવું** = જણાવું છું

### અનુવાદ

**ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા છે તેની ગણતરી જણાવું છું. વળી જીવદશા ભોગવતા સામાન્ય તેમજ વિશેષ અને પરમ વિશેષ પૈકી નાના અને મોટાનો ભેદ દર્શાવું છું.**

### ભાવાર્થ

આ અંગમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને સર્જનહારે છઠ્ઠી અંશવૃત્તિથી ઉત્પન્ન કરેલા ત્રણ પ્રકારના અંશો અંગે વિગતવાર સમજ આપે છે. આ ત્રણેય પ્રકારના સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોમાં દરેકની માહિતી દર્શાવીને જેમનામાં વિશેષ વિભૂતિ અને સામર્થ્ય છે તેવા તેમજ જીવદશા ભોગવતા સામાન્ય અંશો અને વિશેષ તથા પરમ વિશેષ અંશોમાં મોટા અને નાનાનો ભેદ બતાવે છે.

**જેહી સામાન્ય અંશ અચરાચર, અલ્પજ્ઞે અઘ સેતી;**
**વિશેષ ઈશ અવતાર આદ્ય લ્યૌ, ધરમ અનિત હનેતી. ૨**

### શબ્દાર્થ

**જેહી** = જે પૈકી **સામાન્ય અંશ** = સામાન્ય અંશો **અચરાચર** = સ્થાવર અને જંગમ, સ્થિર અને અસ્થિર **અલ્પજ્ઞે** = અણસમજ, ઓછી બુદ્ધિવાળા **અઘ** = અજ્ઞાન **સેતી** = ભરેલા, યુક્ત **વિશેષ** = મહાન **ઈશ** = ઈશ્વરીય, ઐશ્વર્યવાન **અવતાર** = અવતાર, વિષ્ણુના અવતારોની **આદ્ય લ્યૌ** = સુધીના, સહિતથી, માંડીને **ધરમ** = ધર્મ **અનિત** = અધર્મ **હનેતી** = ઉત્થાપન કરવું, નાશ કરવો.

### અનુવાદ

**જે પૈકી સામાન્ય અંશો સ્થાવર અને જંગમ જાતિમાં અલ્પજ્ઞ અને અજ્ઞાની રહેલા છે જ્યારે અવતારાદિક ઐશ્વર્યવાનની આદ્ય લઈ વિશેષ અવતારો ધર્મનું સ્થાપન કરી અધર્મનું ઉત્થાપન કરે છે.**

### ભાવાર્થ

સર્જનહારે ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા. તે પૈકીના ૮૪ લાખ પ્રકારના ઘાટમાં સામાન્ય અંશોને વસાવ્યા છે, જેમાં ૧૮ લાખના સ્થિર જાતિના વૃક્ષ, વેલી, તૃણ, પનડી, જાતિના અને ૬૬ લાખ અસ્થિર જાતિના માનવ, કીટ, પતંગ, પશુ, પક્ષી વગેરે (જાતિના) બનાવ્યા છે. જેઓ અલ્પ બુદ્ધિના અને જ્ઞાનની બાબતમાં અંધ સરખા હોવાથી તેમની ગતિ અને મતિ મંદ છે. જ્યારે વિષ્ણુના અવતારોની આદ્ય લઈને સર્વ છ મહાન દેવો સહિતના ૩૩ કરોડ દેવ અને ૯ કરોડ દેવીઓના અંશો, વિશેષ ઐશ્વર્યવાન અને વિશેષ વિભૂતિવાન બનાવ્યા છે. જ્યારે અધર્મનો ઉપદ્રવ વધી જાય અને ધર્મમાર્ગથી ચલિત થઈને અનીતિના માર્ગે વિશેષ પ્રમાણમાં જીવની ગતિ પ્રયાણ કરે છે ત્યારે આવા અધર્મીઓના ત્રાસમાંથી (ધર્મ પરાયણ) પ્રજાને મુક્ત કરવા માટે અવતાર ધારણ કરીને અધર્મનું ઉત્પાપન કરી તેનો નાશ કરવાનું અને ધર્મનું પુનઃ સ્થાપન કરવાનું કાર્ય વિશેષ અંશો કરે છે.

**પરમ વિશેષ પરમ પતિકે નિજ, હુકમી હાલ હજુરા;**
**કલ્પ કલ્પ જુગમાંહી પઠાવત, દેખન વિશ્વ સફુરા. ૬**

### શબ્દાર્થ

**પરમ વિશેષ** =પરમ વિશેષ અંશો, **પરમ** = મોટા પાટવી **પતિકે** = સર્જનહારના **નિજ** = પોતાના, **હુકમી** = હુકમની **હાલ હજુરા** = સાંનિધ્યમાં, આદેશ, પાલન કરવા, તત્પર **કલ્પ કલ્પ** = કલ્પે કલ્પે **જુગમાંહી** = જગતમાં **પઠાવત** = મોકલે છે **દેખન** = જોવા, **વિશ્વ** = દુનિયા **સફુરા** = સ્ફુરણ પામેલી, વિકાસની ગતિને પામેલી, પરિસ્થિતિનો તાગ મેળવવા.

### અનુવાદ

**જ્યારે પરમવિશેષ પાટવી અંશ નિજ પતિની આજ્ઞાનું પાલન કરવા કર્તાના સાંનિધ્યમાં રહે છે અને કર્તા દ્વારા તેમને વિશ્વની સ્ફુરણા જોવા કલ્પે કલ્પે જગતમાં મોકલવામાં આવે છે.**

### ભાવાર્થ

સર્જનહારે પરમ વિશેષ અંશો બનાવ્યા છે તે પૈકીના પુરુષોને દરેક ઈંડોમાં અધિપતિ તરીકે બિરાજમાન કરાવ્યા છે અને પરમવિશેષ પાટવી અંશને પોતાના સાંનિધ્યમાં સદાય માટે કૈવલધામમાં જ રાખે છે. જ્યારે અંશોની ધર્મમાર્ગે કથળેલી પરિસ્થિતિ નિહાળી દુ:ખી થતાં જોઈને દયાળુ સર્જનહાર સર્વ અંશો પર દયા લાવીને અંશ-અંશીની ઓળખ અપાવવા કલ્પમાં એક વખત તેમને મોકલે છે. આમ પરમવિશેષ અંશોમાં જે પાટવી અંશ છે, તેઓ કર્તા દ્વારા આપેલ સોળ વિભૂતિ અને સઘળી કરુણાઓ તેમજ નવ બુદ્ધિના પ્રતાપે સમગ્ર અંશોને જ્ઞાન બોધ કરે છે.

**ભોમંડલ ભવ ભોવન આયકે, દષ્ટ પસાર પરમકી;**
**જેહી જીનુ ઈષ્ટ ઉપાસનકી નિજ, નરણીત સકલ ધરમકી. ૪**

### શબ્દાર્થ

**ભોમંડલ** = બ્રહ્માંડના **ભવ** = પૃથ્વી **ભોવન** = અંતરિક્ષના ધામ **આયકે** = આવીને **દષ્ટ** = દષ્ટિ નજર **પસાર** = પસારીને **પરમકી** = દિવ્ય **જેહી** = જેઓ **જીનું** = જેમના **ઈષ્ટ** = આરાધ્યદેવ **ઉપાસનકી** = ભક્તિ, ઉપાસનાની **નિજ** = મૂળ, આદિ, પોતે **નરણીત** = નિર્ણય કરે છે **સકલ** = બધા જ **ધરમકી** = મતપંથોની.

## અનુવાદ

**બ્રહ્માંડમાં આવીને અંતરિક્ષના રહેલા વિવિધ ધામ અને પૃથ્વી પર પોતાની દિવ્ય દૃષ્ટિ પ્રસારીને જુએ છે. સકલ ધર્મોમાં જે તે આરાધ્યદેવની ઉપાસના થાય છે તેનો નિર્ણય કરે છે.**

## ભાવાર્થ

કૈવલધામમાંથી નીકળીને જ્યારે પરમગુરુ બ્રહ્માંડમાં પ્રવેશ કરે છે ત્યારે તેઓ પોતાની દિવ્ય દૃષ્ટિ પ્રસારીને સમગ્ર બ્રહ્માંડના અંતરિક્ષમાં આવેલા ધામ અને પૃથ્વીના સાતેય દ્વિપમાં નિહાળે છે. માર્ગમાં આવતા ધામ પૈકીના અંશોને ચેતાવવાની જરૂર જણાય ત્યાં મુકામ કરીને કૈવલકર્તાનો જ્ઞાનબોધ આપે છે. ત્યાર પછી પૃથ્વી પરના દ્વિપમાં પધાર્યા પહેલાં પોતપોતાની દિવ્ય દૃષ્ટિ દ્વારા નિહાળે છે. ત્યારે માનવોને પોતપોતાના અલગ-અલગ ઈષ્ટ દેવોની ઉપાસના કરતા જુએ છે. તેથી જ વિશ્વમાં આવીને તેઓએ દરેક ઉપાસનાનો પોતાની રીતે યોગ્ય નિર્ણય કરી દરેક સંપ્રદાયોના સિદ્ધાંતોની હદ દર્શાવી છે.

**ઓરુ તેહી ધરમ સિદ્ધાંત સકલકે, ન્યાય સહિત લખ દેખી;**
**બિન કિરતાર થાપ નહીં થપહી, જીનકુ રખે ઉવેખી. ૫**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **તેહી** = તે **ધરમ** = ધર્મ, મત, સંપ્રદાયના **સિદ્ધાંત** = માન્યતા, વિચારધારા **સકલકે** = બધાની **ન્યાય સહિત** = ન્યાયપૂર્વક **લખ** = લક્ષ, ધ્યેય, છેવટનો ઉદ્દેશ **દેખી** = જોઈને, નિહાળીને **બિન કિરતાર** = સર્જનહાર વગરના **થાપ** = સ્થપાયેલા **નહીં** = નહીં **થપહી** = સ્થાપતા **જીનકુ** = જેઓને, તેઓને, **રખે** = રાખે, દે, કરે છે **ઉવેખી** = ઉખાડી , ઉત્થાપન, ઉપેક્ષા, અવગણના.

## અનુવાદ

**અને તે ધર્મોના સિદ્ધાંતોનો લક્ષ ન્યાયપૂર્વક જોઈને કર્તાપદ સિવાયના સર્વ સ્થપાયેલાનું સ્થાપન નહીં રાખતાં તેનું ઉત્થાપન કરે છે.**

## ભાવાર્થ

જ્યારે પરમગુરુ પોતાની દિવ્ય દૃષ્ટિથી જગતમાં સ્થપાયેલા બધા જ ધર્મોની માન્યતાને તપાસે છે. જેઓ પોતપોતાની ઈચ્છા મુજબના દેવી-દેવતાઓ અથવા તો ઐશ્વર્યવાન મહાપુરુષોને તેમજ જેનામાં થોડી પણ અધિકતા જણાય તેવા ધર્માચાર્યોને ભગવાનની ઉપમા આપીને ઉપાસના કરતા નિહાળે છે. વળી બ્રહ્મસિદ્ધાંતને માનવાવાળા સચરાચર વ્યાપક બ્રહ્મને સર્વોપરી માનીને બધું જ આપોઆપ બન્યું છે અને સમદર્શીવાદમાં માન્યતા દૃઢ કરી 'અહં બ્રહ્માસ્મિ' તરીકે પોતાને સમજે છે. આત્માના ત્યાગ પછી પરમાત્મા સાથે ભળીને પરમેશ્વર રૂપ થઈ જવાય તેવી માન્યતા ધરાવતા જણાયા. તો કેટલાક પ્રત્યક્ષ હાજર રહેલા ધર્મગુરુઓને જ પરમેશ્વર માનીને કર્મકાંડ અને બ્રહ્મણાયુક્ત ઉપાસનાઓ કરતા દેખાયા. વળી ઘણા પરોક્ષ સૂક્ષ્મ આત્માઓ જેવા કે ભૂત-પ્રેત અથવા અન્ય મલીન દેવતાઓની પાછળ ગાડરિયા પ્રવાહની જેમ ભટકતા દેખાયા.

અજ્ઞાનતાવશાત્ કોઈ સગુણમાં તો કોઈ નિર્ગુણમાં માન્યતા દૃઢ કરીને સર્જનહારની રચનાના ભાગરૂપે રહેલાઓની ઉપાસના કરતા માલુમ પડ્યા, પરંતુ કોઈ પણ ધર્મ આ સઘળી રચનાના કારણ રૂપ રહેલા પરમપિતાને સ્થાપિત કરેલા હોય તેમ દેખાયું નહીં.

તેથી ન્યાયપૂર્વક બધા જ સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરીને નાશવંત અને શાશ્વતનો ભેદ દર્શાવી દરેક માન્યતાઓની હદ બતાવે છે. જેથી કર્તાપદનું જેઓએ સ્થાપન કર્યું જ નથી. તેવી માન્યતા ધરાવતા બધા જ ધર્મપંથોને ખુલ્લા પાડીને ઉત્થાપન કરે છે.

**થપે એક કિરતાર સનાતન, આદ્ય અંત મધ્ય સોઈ;**
**ઉતપત પરલે પુનિ જેહુનકે, અવધકાલ નહીં કોઈ. ૬**

### શબ્દાર્થ

**થપે** = સ્થાપના કરે **એક** = એક **કિરતાર** = સર્જનહાર, કર્તા **સનાતન** = શાશ્વત, અવિનાશી **આદ્ય** = પ્રારંભ **અંત** = અંત, **મધ્ય** = પ્રસારો, વિસ્તાર **સોઈ** = સહિતમાં **ઉતપત** = ઉત્પત્તિ **પરલે** = પ્રલયકાળ વખતે, **પુનિ** = વળી **જેહુનકે** = જેમને **અવધકાલ** = વિનાશ, અવધિકાળ, આરબલ, અંત **નહીં** = નથી **કોઈ** = કાંઈ પણ.

### અનુવાદ.

**જેનો આદ્ય, મધ્ય કે અંતકાળ નથી કે જેની ઉત્પત્તિ કે પ્રલયકાળે વિનાશ નથી એવા સનાતન કર્તાનું સ્થાપન કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં ઈષ્ટ પદ માટે ભ્રમણાયુક્ત વિચારસરણી અને મત-મતાંતરોનો વ્યાપ બહોળા પ્રમાણમાં ફુલ્યો ફાલ્યો છે. કર્તાપદ વિનાની વિચારધારાઓમાં ફસાયેલાં જીવને ભવપાર કરવાના આશય માત્રથી પરમગુરુ અહીં પધાર્યા છે. તેમણે અખિલ બ્રહ્માંડની હયાતીના ત્રણ ઘટકો આદ્ય, મધ્ય અને અંતકાળ દરમિયાન જેની ઉત્પત્તિ થતી નથી કે પ્રલયકાળ વખતે જેનો વિનાશ થતો નથી. જેમણે પોતાના શુદ્ધ સંકલ્પથી સૃષ્ટિ નિર્માણ કર્યું છે, અને સમગ્ર પસારા દરમિયાન સૃષ્ટિનું નિયમન તથા નિયંત્રણ કરે છે તેમજ મહાપ્રલયકાળ બાદ બધી રચના પોતાનામાં પાછી સમાવી લઈને એકલા રહે છે, તેવા સનાતન અજર અને અમર સર્જનહારના પરમપદનું તેમણે સ્થાપન કરે છે.

**અવધકાલ વિનું રહે અખંડિત, સામ્રથ સોહી કહાવે;**
**કલ્પ કલ્પ પરજંત પાય પુનિ, નવિન નવિન ઉપજાવે. ૭**

### શબ્દાર્થ

**અવધકાલ** = અંતકાળ, વિનાશ, અવધિનો સમય સમાપ્તિ **વિનું** = વિના, સિવાય, વગર **રહે** = રહે છે **અખંડિત** = અખંડ, ખંડિત ન થાય એવા, અજર, અમર **સામ્રથ** = સામર્થ્યવાન, સમર્થ **સોહી** = તે જ, તેમને જ **કહાવે** = કહી શકાય કહેવાય **કલ્પ કલ્પ** = કલ્પે કલ્પે **પરજંત** = પર્યંત, સુધી **પાય** = ચાલે, પહોંચે **પુનિ** = વળી **નવીન નવીન** = નવું નવું, **ઉપજાવે** = ઉત્પન્ન કરે, રચના કરે.

### અનુવાદ

**જે અવધિકાળ સિવાયના અખંડિત રહે અને કલ્પ પર્યંત ચાલે તેવી નવીન નવીન સૃષ્ટિની ઉત્પત્તિ કર્યા કરે તેને જ સમર્થ સર્જનહાર કહેવાય.**

### ભાવાર્થ

વિશ્વમાં ઘણા પુરાતત્ત્વ શાસ્ત્રીઓ પ્રાચીન અવશેષો સંબંધી માહિતી આપે છે.

તેઓ સંશોધનના અંતે તેમજ ભૂસ્તર શાસ્ત્રીઓની મદદથી ખોદકામ દરમિયાન મળેલા પુરાવાઓને આધારે કરોડો વર્ષ જૂની સંસ્કૃતિનો ઉલ્લેખ કરે છે. આનો અર્થ એમ જણાય કે જૂની રચના યુગોના અંતે દટાઈ ગઈ હશે અને ફરી પાછી નવીન રચના આપણે અનુભવીએ છીએ. આમ રચનાર રચનાના નિશ્ચિત ક્રમ પ્રમાણે ઉત્પત્તિનો પસારો અને વિનાશ કર્યા કરે છે અને છેલ્લે મહાપ્રલયકાળ વખતે સર્વ ઉત્પત્તિને ઊલટ ક્રમે સમાવી દે છે. આવું અદ્‌ભુત સર્જન અને વિસર્જન કરનાર સર્જનહાર પોતે તો અવધિકાળ સિવાયના અજર, અમર અને અવિનાશી છે. જે સદાને માટે અચળ અને અખંડિત રહે છે. એવા સામર્થ્યવાનને જ કર્તા તરીકે નવાજી શકાય, પરંતુ જે ઉત્પત્તિ, પસારો અને વિનાશના ઘટનાક્રમમાં આવતા હોય તેવા વિશેષ અને પરમવિશેષ અંશોને કે રચનાના ભાગરૂપે રહેલ કોઈ વ્યક્તિને તેમની ઐશ્વર્યતા અને વિભૂતિના પ્રતાપે કદી પણ સમર્થ સર્જનહારની હરોળમાં મૂકી શકાય નહીં.

**યાતે કોહુ નહીં નિજ કર્તા, એક પતિ વિનું દૂજે;**
**ઉતપત પરલે તેહી જેહુનસે, અગમ નિગમ સબ બુજે. ૮**

### શબ્દાર્થ

**યાતે** = તેમજ, તેટલા માટે **કોહુ** = કોઈ, અન્ય **નહીં** = નથી, **નિજકર્તા** = સ્વયં સર્જનહાર **એક** = એક **પતિ** = માલિક **વિનું** = વિના, સિવાય **દૂજે** = બીજો, અન્ય **ઉતપત** = ઉત્પત્તિ અંગે **પરલે** = પ્રલય અંગે, વિનાશનો માહિતી અંગે **તેહી** = તેઓ **જેહુનસે** = જેથી – તે કારણે, **અગમ** = આગળની, ભવિષ્યની **નિગમ** = પુરાણું, થઈ ગયેલી **સબ** = બધી જ, સર્વ માહિતી **બુજે** = જાણે છે.

### અનુવાદ

**તેથી એક સ્વયં સર્જનહાર સિવાય અન્ય કોઈ કર્તા જ નથી. કારણ કે ઉત્પત્તિ તથા પ્રલય તેમના દ્વારા જ થતો હોવાથી ભૂતકાળ અને ભવિષ્યકાળ સર્વ જાણનારા છે.**

### ભાવાર્થ

તેથી ઉત્પત્તિના ક્રમને નિહાળ્યા પછી નિશ્ચિતપણે નિર્ણય થઈ શકે છે કે આવી અદ્‌ભુત રચનાઓ અને તેના સુવ્યવસ્થિત ક્રમ કોઈ સમર્થ સર્જનહારના કર્યા સિવાય

અન્ય થકી કશું પણ બની શકે તેમ નથી. માટે અન્ય કોઈ કર્તાપદનું સામર્થ્ય ધારણ કરી શકે તેમ નથી અથવા કોઈ અન્યને કર્તા કહી શકાય પણ નહીં. કારણ કે, ઉત્પત્તિ અને પ્રલય તેઓ દ્વારા જ તેમની સંકલ્પશક્તિથી કરતા હોવાથી તેઓ પોતે સમસ્ત રચનાના પ્રારંભને અને પ્રલયની ઉત્પત્તિને જાણે છે.

**એહી વિધિ ન્યાય સહિત નરણિતકે, સો નિજ અંશ પરમહી;**
**કલ્પ કલ્પ અવનિ પર આવત, કહેન કર્તા મરમહી. ૯**

### શબ્દાર્થ

**એહી વિધિ** = એ પ્રમાણે, આના કારણે, **ન્યાયસહિત** = ન્યાયપૂર્વક, ન્યાયના આધારે **નરણિતકે** = નિર્ણયના આધારે નિર્ણાયક સ્વરૂપે **સો** = તે, તેથી, **નિજ** = પોતે **અંશ પરમહી** = પરમ વિશેષ પાટવી અંશ **કલ્પ કલ્પ** = કલ્પે કલ્પે, દરેક કલ્પે **અવનિ** = પૃથ્વી, **વિશ્વ પર** = માં **આવત** = આવે છે **કહેન** = કહેવા માટે **કર્તા** = સર્જનહારની **મરમહી** = મતલબ, જાણ, ઓળખ, રહસ્ય, ભેદ.

### અનુવાદ

**આ પ્રમાણે ન્યાયપૂર્વક નિર્ણય કરવાવાળા પરમવિશેષ પાટવી અંશ, કલ્પે કલ્પે બ્રહ્માંડમાં આવીને કર્તાની ઓળખાણ કરાવે છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે ન્યાયપૂર્વકનો નિર્ણય કરીને જે નિર્ણાયક છે તેને જ પરમવિશેષ પાટવી અંશ કહેવાય. જેઓ કલ્પમાં એક વખત બ્રહ્માંડમાં આવે છે. જેઓની પોતાની હાજરીમાં આ વિશ્વની ઉત્પત્તિ અને વિનાશ દરેક કલ્પે કલ્પે થતો હોવાથી સર્જનહાર દ્વારા થતી ઉત્પત્તિ અને વિનાશની માહિતીના પોતે સાક્ષી છે. પોતે પરમવિશેષ અંશ સ્વરૂપે રહેતા હોવાથી પોતાની સજાણજાણ વૃત્તિની વિસ્મૃતિ ન થતાં બધી જ માહિતીને પોતાની જાણમાં રાખે છે. બ્રહ્માંડમાં દિવ્યદેહ ધારણ કરાવીને સર્જનહાર તેમને જ્યારે મોકલે છે, ત્યારે તે અહીં આવીને અંશોને સર્જનહારની સર્વ મતલબ દર્શાવી સર્જનહારની અને અંશોની ઓળખ કરાવે છે.

**સોહી મરમ ટહુંકારનકી જગ, રહહી કલપ પરજંતુ;**
**જદપી જાય વિસરન કર્તા નિજ, તદપી આય ધર તંતુ. ૧૦**

### શબ્દાર્થ

**સોહી** = તે જ **મરમ** = મતલબ, કારણ, રહસ્ય, ભેદ **ટહુંકારનકી** = જ્ઞાનનું ઉચ્ચારણ કરવાની **જગ** = વિશ્વમાં, **રહહી** = રહે છે **કલપ** = કલ્પ **પરજંતુ** = પર્યંત, પત્યા સુધી **જદપી** = જ્યારે **જાય** = જાય **વિસરન** = વિસ્મૃત, ભુલાઈ, **કર્તા** = સર્જનહાર **નિજ** = પોતે **તદપી** = ત્યારે **આય** = આવે છે **ધર** = ધારણ કરીને = **તંતુ** = શરીર.

### અનુવાદ

**જ્યારે નિજકર્તા ભુલાઈ જાય છે ત્યારે દેહ ધારણ કરીને આવે છે અને તેઓના જ્ઞાનની મતલબનો જે ટંકાર છે, તે જગતમાં કલ્પ પર્યંત રહે છે.**

### ભાવાર્થ

જ્યારે નવા કલ્પનો પ્રારંભ થાય અને સર્વ ઉત્પત્તિની નવીન રચના થયા પછી જીવ (જુદા જુદા) ભળતા ભગવાનોની ઉપાસના કરવામાં સાચા સર્જનહારને ભૂલી ગયા હોય અને અંશો જન્મમરણના દુઃખમાં પીસાતા હોય છે. તેવી કંગાળ સ્થિતિ જ્યારે બને ત્યારે સર્જનહાર પોતાના અંશો ઉપર દયા લાવીને પોતે ન આવતાં પોતાના સાંનિધ્યમાં રહેતા પરમવિશેષ પાટવી અંશને દિવ્યદેહ ધારણ કરાવીને બ્રહ્માંડમાં મોકલે છે.

યોગ્ય પ્રતિનિધિ તરીકે પોતે પણ પોતાની જવાબદારી પૂર્ણ કરવા તેમને યોગ્ય લાગે તેવા અંતરિક્ષના ધામોમાં સર્જનહાર કૈવલકર્તાનો લક્ષ આપતા આપતા અંતે પૃથ્વીના સાત દ્વીપોમાં વારાફરતી કૈવલજ્ઞાનનો ટંકાર કરે છે. તેમના દ્વારા થતા સર્જનહારની મતલબના જ્ઞાનયુક્ત ટંકારની અસર કલ્પ પૂરો થતા સુધી રહે છે.

**પણ ફુરમાયલ પરમ પુરુષકે, હુકમે કરહી પીયાના;**
**એહી પરકારન કલ્પ કલ્પમે, પરમ પુરુષ આઈ જાના. ૧૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **ફુરમાયલ** = હુકમ થતાં, આજ્ઞા થતાં, આદેશ થતાં, **પરમ પુરુષકે** = પરમ પુરુષને, **હુકમે** = હુકમ મળતાં જ **કરહી** = કરે છે **પીયાના** = પ્રયાણ, પ્રસ્થાન, **એહી** = એ **પરકારન** = પ્રકારે, **કલ્પ કલ્પમે** = કલ્પે કલ્પે **પરમપુરુષ** = પરમપુરુષ **આઈજાના** = આવી જાય છે, આવે છે

## અનુવાદ

**પણ જ્યારે પરમપુરુષને આદેશ થાય ત્યારે આદેશને માન્ય રાખી પ્રસ્થાન કરે છે. આ પ્રકારે દરેક કલ્પે પરમપુરુષ આવે છે.**

## ભાવાર્થ

સર્જનહાર પોતાની બનાવેલી રચનામાં પોતે કદી પણ આવતા નથી, પરંતુ અંશોના અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરવા માટે કર્તાપદના જ્ઞાનનો સંદેશો પહોંચાડવા પોતાના દૂતને મોકલે છે.

આ પ્રમાણે જ્યારે સર્જનહાર દ્વારા પોતાના પરમવિશેષ અંશને હુકમ કરે છે ત્યારે તેમના સાંનિધ્યમાં રહેલા પરમવિશેષ પાટવી અંશ આદેશનો અમલ કરીને કૈવલધામમાંથી પ્રસ્થાન કરે છે. આ પ્રમાણે દરેક કલ્પમાં દિવ્યદેહે પરમવિશેષ પાટવી અંશ બ્રહ્માંડમાં આવી મહીમંડ ઈંજમાં દૈવીધામોને ચેતાવી પૃથ્વી પર આવે છે. તેઓ પોતાને સોંપેલું કાર્ય પૂર્ણ કરીને આ નાશવંત બ્રહ્માંડને છોડીને બ્રહ્મથી પરે રહેલા પોતાના વતન કૈવલધામમાં પાછા જાય છે.

**ઓર સકલ સબ યુગન યુગનમે, વિશેષ અંશ વિચરહી;**
**તેહી સબ નિજ કરતારનકી ગત, શકે નહીં ભવ કરહી. ૧૨**

### શબ્દાર્થ

**ઓર** = અને **સકલ સબ** = બીજા બધા **યુગન યુગનમે** = યુગે યુગે **વિશેષ અંશ** = વિશેષ અંશો **વિચરહી** = વિચરણ કરે છે ભ્રમણ કરે છે, પધારે છે **તેહી સબ** = તે બધા **નિજ કરતારનકી** = આદિ સર્જનહારની, મૂળ સર્જનહાર અંગેની, **ગત** = ગતિ, જ્ઞાન, સમજ, **શકે નહીં** = શકે નહીં, શકતા નથી **ભવ** = ભવમાં **કરહી** = બતાવી, જણાવી, કહી.

## અનુવાદ

**બીજા વિશેષ અંશો જે યુગે યુગે ભ્રમણ કરે છે, તે બધા સર્જનહારની ગતિ જાણી ન શકવાથી જગતમાં જણાવી શકતા નથી.**

## ભાવાર્થ

પરમવિશેષ અંશોથી ઓછી વિભૂતિવાળા ઐશ્વર્યવાન વિશેષ કોટીના અંશો પૈકી જેને પાલનપોષણનું કાર્ય સોંપવામાં આવ્યું છે તેવા શ્રીવિષ્ણુ અવતાર ધારણ કરીને દરેક યુગે યુગે અંતરિક્ષમાં આવેલા (પોતાનું ધામ છોડીને) મૃત્યુલોકમાં આવે છે અને સર્જનહારે સોંપેલા કાર્યો મુજબ પોતાની ફરજ બજાવે છે, પરંતુ નિજ સર્જનહારનું જ્ઞાન જણાવી શકતા નથી.

**કયૌ ન શકે કરીતવ કર્તા ગત, કહત સૂનો મેં ઉનકી;**
**નિજ કિરતાર પરકાશ બ્રહ્મ જે, તાંહાં લગ જાણ જેહુનકી. ૧૩**

### શબ્દાર્થ

**કયૌ** = કેમ **ન શકે કરીતવ** = ન કરી શકે, **કર્તા** = સર્જનહારની **ગત** = જ્ઞાન, સમજ, ગતિ, લક્ષ **કહત** = કહુ છું **સૂનો** = સાંભળો **મેં** = હું **ઉનકી** = તે અંગેની, તે બાબતની, તેની **નિજ કિરતાર** = આદિ સર્જનહાર, સર્જનહાર પોતાનો, **પરકાશ** = પ્રકાશ, **બ્રહ્મ** = બ્રહ્મ **જે** = છે **તાંહાં લગ** = ત્યાં સુધી **જાણ** = સમજ, જ્ઞાન **જેહુનકી** = જેમની, જેઓની.

## અનુવાદ

**કર્તાની ગતિ તેઓ શા માટે ન જણાવી શકે ? તે અંગે હું કહું છું તે સાંભળો, બ્રહ્મ જે આદિ સર્જનહારનો પ્રકાશ છે ત્યાં સુધી જ તેઓની સમજ છે.**

## ભાવાર્થ

યુગેયુગે આવનાર અવતારાદિક વિશેષ અંશો સર્જનહારની ગતિને જાણી શકતા નથી. આમ બ્રહ્માંડની રચના જેમાં વિકાસ પામી છે તેવા હિરણ્યગર્ભ રૂપે રહેલ સર્જનહારના પ્રકાશ રૂપ બ્રહ્મ સુધી તેમની ગતિ પહોંચી અને ત્યાં સુધીના જ્ઞાન અંગે

સ્ફુરણા થઈ. જેથી તેઓ જેટલું જાણતા હોય તેટલી જ માહિતી અન્યને આપી શકે, પરંતુ પરમપદ માટે પોતે જ અજાણ હોવાથી સંસારના જીવને તે અંગેનું જ્ઞાન ક્યાંથી આપી શકવાના હતા ?

**સુનકાદિક શુકદેવ કપિલ દત્ત, ઓરુ અવતાર સમેતી;**
**અદ્વૈત બ્રહ્મસિદ્ધાંત સકલકે, નિગમ સહિત કીયે નેતી. ૧૪**

### શબ્દાર્થ

**સુનકાદિક** = બ્રહ્મના બ્રહ્મપુત્રો, **શુકદેવ** = શુકદેવજી **કપિલ** = કપિલમુનિ **દત્ત** = દત્તાત્રેય **ઓરુ** = અને **અવતાર** = શ્રીવિષ્ણુના અવતારો **સમેતી** = સમેત, સહિત, બધા **અદ્વૈત બ્રહ્મસિદ્ધાંત** = અદ્વૈત બ્રહ્મસિદ્ધાંતની **સકલકે** = બધાનો, તમામનો **નિગમ** = વેદ, બ્રહ્માજીના રચેલા ચાર વેદ **સહિત** = સહિત મળીને **કીયે** = કર્યા છે **નેતિ** = ન ઈતિનો પોકાર, જેનો કોઈ અંત નથી, પાર પામી શકાય તેમ નથી તેવું મંતવ્ય.

### અનુવાદ

**સનકાદિક, શુકદેવ, કપિલમુનિ, દત્તાત્રેય અને શ્રીવિષ્ણુના અવતારો સહિત બધાનો એક અદ્વૈત બ્રહ્મસિદ્ધાંત છે અને વેદ સહિત સર્વએ નેતિનો પોકાર કર્યો છે.**

### ભાવાર્થ

સૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્માજીએ પોતાના પાંચમા મુખના છેદન બાદ ચાર મુખો દ્વારા ઉચ્ચારાયેલા ચાર વેદમાં મુખ્યત્વે સર્વોપરી તરીકે સચરાચર વ્યાપક બ્રહ્મને સર્વના કારણરૂપ ગણેલું છે. બ્રહ્મમાં સર્વ ઉત્પત્તિ આપોઆપ થયેલી છે તેવો નિર્ણય કરીને એક અદ્વૈત બ્રહ્મસિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. ‘નેતિ’ શબ્દનું ઉચ્ચારણ કરીને બ્રહ્મપદ અપરંપાર છે જેનો કોઈ અંત નથી. તેમ દર્શાવીને પોતાને સોંપેલ જવાબદારી મુજબ સૃષ્ટિનું સંવર્ધન કરવાનું કાર્ય હતું તે આગળ ધપાવ્યું. વેદ આદિ ધર્મગ્રંથ હોવાથી તેના જ્ઞાનના આધારે ત્યારપછીના થયેલા જ્ઞાની પુરુષો જેવા કે સનકાદિકો, શુકદેવજી, કપિલમુનિ, દત્તાત્રેય અને શ્રીવિષ્ણુના યુગે યુગે થયેલા બધાયે અવતારો અદ્વૈત બ્રહ્મસિદ્ધાંતને માને છે અને જગતને પણ તે પદનો જ બોધ આપ્યો. પરિણામે નેતિ શબ્દનું સંબોધન કરવાથી નેતિ પદથી પર રહેલા પરમપદની શોધ કોઈએ કરી

નહીં, જેથી તે પદ ગુપ્ત અને અજાણ રહ્યું.

**નેતિ નેતિ સોઈ નહીન લહત હમ, અથાહ કે ઉચરનકી;**
**તો કરતાર પરમ નિજકે જેહી, કયૌ કરી લહે સદનકી. ૧૫**

### શબ્દાર્થ

**નેતિનેતિ** = નેતિ નેતિ **સોઈ** = તે **નહીન લહત** = જાણતા નથી **હમ** = અમે, **અથાહકે** = અપરંપરાની **ઉચરનકી** = ઉચ્ચાર કર્યો **તો** = તો પછી, તો **કરતાર** = સર્જનહાર, **પરમ** = મહાન **નિજકે** = આદિ, પોતે, સ્વયં, **જેહી** = જેમના અંગે, **કયૌ કરી** = કેવી રીતે, કેમ કરીને **લહે** = જાણે, ઓળખે **સદનકી** = પરમપદને.

### અનુવાદ

**નેતિ નેતિ એટલે તે અથાહ પદને અમે જાણતા નથી તેવું ઉચ્ચારણ કર્યું. તો પછી તેઓ નિજ સર્જનહારનાં પદને કેવી રીતે જાણી શકે ?**

### ભાવાર્થ

બ્રહ્માજી દ્વારા વેદમાં ઉચ્ચારાયેલા 'નેતિ' 'નેતિ' એ શબ્દ નિશ્ચિત દર્શાવી આપે છે કે રચના અને રચનારનો કોઈ અંત નથી. જેનો પાર પામી શકાય તેમ નથી. જેના અંગે આપણને જાણ ન હોય તેવી વસ્તુ માટે સામાન્ય રીતે આપણે પણ આવું જ કાંઈક ઉદ્બોધન કરતા હોઈએ છીએ. બ્રહ્માજીએ વાણીનો વિસ્તાર તો ઘણો કર્યો છે. બ્રહ્મનું વર્ણન કરતાં કરતાં તેનો કોઈ પાર પામી શક્યા નહીં અને નેતિને ઉચ્ચાર કર્યો. તો પછી બ્રહ્મ જેનો પ્રકાશ છે એવા સર્જનહારના પદને તો જાણવું અસંભવ છે. એમ આદિ સર્જનહાર કે જેમણે આ સઘળી ઉત્પત્તિ બ્રહ્મભૂમિકામાં ઉત્પન્ન કરીને પોષણ પમાડી છે, એવી સર્વ રચનાના કારણરૂપે સ્વયં કર્તા અંગે બ્રહ્માજી પણ પાંચમા મુખના છેદન પછી પોતે વિસ્મૃતિ પામવાથી અજાણ રહ્યા. છેલ્લે તેમણે પણ એવા અથાહ પરમપદ માટે જાણતા ન હોવાનો એકરાર કરીને 'નેતિ' શબ્દનો પોકાર કર્યો છે.

**પુનહી એક અદ્વૈત કહેણમે, ઈશ્વર પણ કાંહાં રહીયે;**
**જબ તો જીવ અચેત સકલ સબ, તીનકી સરભર ભઈએ. ૧૬**

### શબ્દાર્થ

**પુનહી** = વળી **એક** = એક **અદ્વૈત** = જુદાપણું નથી તેવું **કહેણમે** = કહેવામાં, દર્શાવવામાં, કહેવા પાછળના આશયમાં **ઈશ્વર** = પરમેશ્વર **પણ** = પણ **કાંહાં** = કયાં **રહીયે** = રહેવા પામે, રહી શકે, **જબતો** = ત્યારે તો, તેથી તો **જીવ** = જીવ **અચેત** = અજ્ઞાત **સકલ સબ** = બધા જ સર્વ, તમામ, **તીનકી** = તેમની **સરભર** = સરખેસરખા, સરખામણી કરવા યોગ્ય **ભઈએ** = થયા, રહ્યા.

### અનુવાદ

**વળી એક અદ્વૈત કહેવામાં ઈશ્વર પદ પણ ક્યાં રહી શકે ? તેથી તો સર્વ જીવ પણ તેમની જેમ અજ્ઞાની રહ્યા છે.**

### ભાવાર્થ

વળી એક અદ્વૈત બ્રહ્મપદ સ્થાપિત કરવામાં આવ્યું હોવાથી એવી માન્યતામાં સમદર્શીત્વનો ભાવ અને એક સમાનતાનો ભાવ પ્રગટ થાય છે. જેથી કોઈ નાનું કે મોટું, કોઈ જ્ઞાની કે અજ્ઞાની, ભક્ત કે ભગવંત અને ગરીબ કે શ્રીમંત એવા ભેદ રહેવા પામતા નથી. જો ભેદ જ ન રહે તો પછી ઈશ્વરનું પદ પણ રહેવા પામે નહીં. આ પ્રમાણે બ્રહ્મસિદ્ધાંતના અનુસરનારાઓની સમાનતાવાળી વિચારસરણી હોવાથી તેમની કહેલી અને દર્શાવેલી વાતો પણ તેમની વિચારધારા જેવી જ રહી. તેથી જગતના જીવ પણ તેમના જેવી જ વિચારસરણી ધરાવતા બનીને અજ્ઞાન દશામાં રહ્યા.

**જો હોય જીવ સકલ સરભરહી, તો કુણ ઈશ અદકાઈ;**
**તીનકે જબાપનકી જુગતૈકે, દો મોઈ અર્થ બતાઈ. ૧૭**

### શબ્દાર્થ

**જો હોય** = જો હોય **જીવ** = જીવ **સકલ** = બધા જ **સરભરહી** = સરખેસરખા, સમાન **તો** = તો **કુણ** = કોણ, **ઈશ** = મોટાં, **અદકાઈ** = અધિક, વિશેષ **તીનકે** = તેનાં **જબાપનકી** = જવાબ અંગે **જુગતૈકે** = જગતની રીતે, વ્યવહારિતાપૂર્વક, તર્કબદ્ધ **દો મોઈ** = મને આપો **અર્થ** = અર્થ, તારણ **બતાઈ** = બતાવીને, સમજાવીને.

### અનુવાદ

**જો સર્વ જીવ એકસરખા જ હોય તો પછી મોટાપણાની અધિકતા ક્યાં રહી ? તેના વ્યવહારિકપૂર્વક જવાબ આપી મને અર્થ સમજાવો.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર બ્રહ્મજ્ઞાનમાં ગરકાવ થયેલાઓને વ્યવહારિક રીતે અર્થપૂર્ણ ખુલાસો દર્શાવવા માટે કહે છે. વળી જગતમાં સમાનતાના અદ્વૈત બ્રહ્મસિદ્ધાંત મુજબ બધા જ જીવ એકસરખા જ હોય તો પછી ઐશ્વર્યવાન અવતારાદિક પુરુષો અને સામાન્ય જીવમાં કોની અધિકતા માની શકાય ? જો અધિકતા ના હોય અને બધા જ જીવ તથા ઈશ્વર સરખા જ હોય તો જીવ શા માટે ઈશ્વરની આરાધના કરે ?

**પુનિ સામાન્ય વિશેષ વિના તો, આ ભવ સર્વ સરીખે;**
**નરક સરગકે ડંડ કેહુનકુ, કુન રાય કુન ભીખે. ૧૮**

#### શબ્દાર્થ

**પુનિ** = વળી **સામાન્ય** = સામાન્ય, અલ્પજ્ઞ **વિશેષ** = મોટા, મહાન **વિના** = વગર, સિવાય, **તો** = તો **આ ભવ** = આ વિશ્વમાં, આ સંસારમાં, **સર્વ** = બધા જ, તમામ **સરીખે** = સરખા, સમાન, **નરક** = નર્ક, પાપને ભોગવવાની જગ્યા, **સરગ કે** = સ્વર્ગનું, અપ્સરાઓ સાથેના સુખનું **ડંડ** = શિક્ષા, સજા, દંડ **કેહુનકુ** = કોને **કુન** = કોણ **રાય** = રાજા, રાજ્યનો અધિપતિ **કુન** = કોણ **ભીખે** = ભિખારી, ગરીબ.

### અનુવાદ

**વળી સામાન્ય અને વિશેષ સિવાય તો આ વિશ્વમાં સર્વ સરખા જ ગણાય. તો પછી સ્વર્ગ અને નરકની સજા કોને ? કોણ રાજા અને કોણ ભિખારી ?**

### ભાવાર્થ

જો અદ્વૈત બ્રહ્મસિદ્ધાંતના ન્યાયે બધા જ એક સમાન હોય તો સમદર્શીપણાને લીધે સંસારમાં પછી તો સામાન્ય અંશો અને વિશેષ કોટિના અંશોમાં ભિન્નતા રહેવા પામે નહીં અને એકસરખી જ ગણના થાય. વળી કર્મોના આધારે સત્કર્મીઓને દેવલોક

અને પોતાની જાતને યુદ્ધ ભૂમિમાં બલિદાન દેનારાઓને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે તેમજ દુષ્કૃત અને આત્મહત્યાના ગુનાવાળાઓને નર્કની યાતના ભોગવવાની હોય છે, તો આવો ભેદ રહેવા પામે જ નહીં. વળી સંસારમાં આપણા જે સ્થાન અને પરિસ્થિતિની ભિન્નતા દેખાય છે જેમ કે, કોઈ સુખી-સંપન્ન, ભોગ- વૈભવ ભોગવતા રાજા અને રાજ્યના અધિકારી હોય છે તો ઘણાને પેટનો ખાડો પૂરવા પૂરતું અન્ન કે રહેવા માટે ઘર પણ નથી. તેઓ ભિક્ષાવૃત્તિ કરીને જીવન જીવવાવાળા ભિખારી હોય છે.

**જદપી કહો જો પાપ પુન્યસે, ઉંચ નીચ સબ હોઈ;**
**તબતો દ્વૈત ભયે તન તનપે, ભિન્ન ભિન્ન સબ કોઈ. ૧૯**

### શબ્દાર્થ

**જદપી** = જો કદાચ **કહો** = કહો કે **જો** = જો **પાપ** = દુષ્કર્મોના દંડે **પુણ્ય** = સત્કર્મોના ફળે **સે** = થી **ઊંચ** = મહાન **નીચ** = અલ્પજ્ઞ, સામાન્ય **સબ** = બધા **હોઈ** = હોય છે **તબતો** = ત્યારે તો, તેથી તો **દ્વૈત** = જુદો, ભિન્ન **ભયે** = થયા, બન્યા **તનતનપે** = શરીરે શરીર પ્રત્યે **ભિન્ન ભિન્ન** = અલગ અલગ **સબકોઈ** = સર્વ કોઈ, દરેક.

### અનુવાદ

**જો કદાચ એમ કહો કે સર્વ કોઈ પાપથી નીચા અને પુણ્યથી ઊંચા થાય છે. તેથી તો શરીરે શરીરમાં ભિન્નતા અને દરેકમાં જુદા પણુ માલૂમ પડે છે.**

### ભાવાર્થ

જો એમ કહો કે સંસારમાં અશુભ કર્મ, અનીતિભર્યું આચરણ, જીવહિંસા, જૂઠ, ચોરી, હેરાફેરી વગેરે કૃત્યો આચરવાથી પાપના ભાગીદાર બને છે. તેઓને તેનો ગુનો ભોગવવા નીચી કોટિમાં જન્મધારણ કરીને યાતનાઓ અને દુઃખો જ ભોગવવાનો વારો આવે છે.

શુભકર્મ, સદાચાર અને સત્ય તેમજ નીતિના ધોરણે જીવન જીવી, ધર્મપરાયણ, પરોપકારી વૃત્તિવાળા સદ્ગુણોને આધારે પુણ્ય કમાઈને ઊંચી કોટીમાં જન્મધારણ કરે છે; તેમને સુખ, સંપત્તિ અને વૈભવી જીવન જીવવાની

સ્થિતિ પ્રાપ્ત થાય છે. આમ પાપ અને પુણ્યના આધારે જ દરેક શરીર અને ઘાટની ભિન્નતા જોવા મળે છે તેથી દરેકે દરેક ઘાટમાં પણ અલગ-અલગ સ્થિતિ અને વિવિધતા હોય છે.

**બહોરુ કહો જો પુણ્ય પાપ કાંહાં, સુખમ દુઃખમ કીનું કોઈ;**
**સો તો દેખત પ્રગટ નેંનસે, ભુગતત હે સબ કોઈ. ૨૦**

**શબ્દાર્થ**

**બહોરુ** = વળી પાછા **કહો** = કહો કે **જો** = જો **પુણ્ય પાપ** = પુણ્ય અને પાપ **કાંહાં** = ક્યાં છે ? **સુખમ** = સુખ **દુઃખમ** = દુઃખ **કીનકોઈ** = કોઈને ક્યાં છે ? **સો તો** = તે તો **દેખત** = દેખાય છે **પ્રગટ** = સાક્ષાત્, પ્રત્યક્ષ **નેંનસે** = નેત્રોથી **ભુગતત હે** = ભોગવે છે **સબ કોઈ** = બધા જ, સર્વ કોઈ.

**અનુવાદ**

**વળી પાછા કહેશો કે પાપ પુણ્ય ક્યાં છે ? અને સુખ-દુઃખ કોઈને ક્યાં છે ? પરંતુ પ્રત્યક્ષ નેત્રોથી સર્વ કોઈને ભૂક્તમાન કરતા જોઈ શકો છો.**

**ભાવાર્થ**

પ્રતિવાદીના જવાબમાં બ્રહ્મસિદ્ધાંતને માનવાવાળા પાછા કહે કે સંસારમાં પાપ અને પુણ્ય જેવું કંઈ હોતું જ નથી. કોઈ પણ વ્યક્તિ તેના આધારે સુખ કે દુઃખ ભોગવતાં જ નથી. કારણ કે, બ્રહ્મસિદ્ધાંતના આધારે તો અહં બ્રહ્માસ્મિમાં બધા જ બ્રહ્મસ્વરૂપે જ હોઈ સર્વને સમાન ભાવના હોય છે. કોઈ પણ પ્રકારની ભિન્નતા સંસારમાં વ્યાપતી જ નથી.

બ્રહ્મસિદ્ધાંતની જે વિચારધારા છે તે વ્યવહારમાં યોગ્ય અને ન્યાયપૂર્ણ જણાતી નથી. કારણ કે આપણે પણ આપણા ચર્મ ચક્ષુથી પ્રત્યક્ષ રીતે સંસારમાં સુખ અને દુઃખને ભોગવતા જોઈ શકીએ છીએ. આવી પરિસ્થિતિ ઊભી થવા પાછળનું કારણમાત્ર પોતાના દ્વારા કરાયેલાં સત્કર્મ અને દુષ્કર્મો જ છે. તે સિવાય આવી તફાવતવાળી પરિસ્થિતિ શક્ય જ નથી.

**લક્ષ ચોરાસી જીવ જંતહી, અણુની આદ્ય તન ધારી;**
**રોમ રોમ રગ દુઃખીત સકલ સબ, કોઈક વીરલ સુખકારી. ૨૧**

### શબ્દાર્થ

**લક્ષચોરાસી** = ચોરાસી લાખ પ્રકારના **જીવ જંતહી** = જીવ અને કીટાણુઓ, જીવની સર્વ જાતિ **અણુની** = નાનામાં નાના ઘાટ **આદ્ય** = થી માંડીને, સુધીના, સહિત **તન ધારી** = શરીર ધારણ કરેલ, ઘાટવાળા, **રોમ રોમ રગ** = બધા જ પ્રકારે, સંપૂર્ણ રીતે, **દુઃખીત** = દુઃખી **સકલ સબ** = સર્વ કોઈ, બધા જ, તમામ **કોઈક** = કોઈક **વીરલ** = વિરલા, ભાગ્યવંત, **સુખકારી** = સુખી.

### અનુવાદ

**ચોરાસી લાખ પ્રકારના ઘાટ પૈકી - નાનાથી માંડીને સર્વ દેહધારી રોમે રોમ અને રગે રગ દુઃખી છે. કોઈક વિરલા જ સુખી હોય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં ચોરાસી લાખ પ્રકારના ઘાટ સર્જનહારે ઉત્પન્ન કરેલા છે. તે પૈકીના સ્થાવર જાતિના સ્થિર રહેતા હોય છે. જેઓમાં સષોપતિ અવસ્થાનું પ્રાધાન્ય હોવાથી તેઓ દુઃખ કે સુખની અનુભૂતિ કરી શકતા નથી. હવે બાકી રહેલા જંગમજાતિના ઘાટમાં કીટ, પતંગ, જળચર, જાતિના પશુ-પક્ષી વગેરે પણ સુખ કે દુઃખનો અનુભવ રજૂ કરી શકતા નથી. તેમ છતાં તેમની આવી પરિસ્થિતિને નિહાળતાં એમ થાય કે તેઓ દુઃખી જ છે. જ્યારે મનુષ્ય જાતિના ઘાટ છે જે અંતઃકરણ અને અવસ્થા ભોગવી શકે તેવા અનોમય કોષવાળા શરીર છે. વળી કર્મ પ્રાધાન્ય શરીર હોવાથી તેમના કરેલા કર્મોને તેઓએ જ ભોગવવાના છે. વળી તેમની ઇંદ્રિયોની ગતિ પણ નિરાળી છે. જે પારસચિંતક હોવાથી બધી જ પરિસ્થિતિમાં કર્મ કરવા માટે ઉત્સુક રહે છે. જેના કારણે મહદ્ પ્રમાણમાં ઇંદ્રિયોનો ભોગવૈભવ અને માયાના બંધનોવાળી વાસનાયુક્ત જિંદગી વધુ પસંદ કરતા હોવાથી સંપૂર્ણ રીતે દુઃખી થતા હોય છે.

મોટા ભાગે માનવી પોતાની આશા અને તૃષ્ણાઓને સંતોષવામાં જ ચોવીસે કલાક મથામણ કરતો હોય છે અને ત્રિવિધના તાપમાં તપીને દુઃખી થતો હોય છે. વળી આશા-તૃષ્ણાને સંતોષી શકાય તેમ નથી. કારણ કે તેની કોઈ અવધિ નથી.

કોઈ પૂર્ણ વિરામ મૂકી શકે તેમ નથી.

તેમ છતાં જ્ઞાન એક એવી સ્થિતિ છે જે સંતોષ પર લગામ લાવી શકે છે. માનવીએ એવી જ્ઞાન ભૂમિકામાં જીવવું જોઈએ કે સંસારની કોઈ પણ પરિસ્થિતિ પોતાના મનની સંતુલન માટે ખતરો ઊભો ન કરે. આ માટે માનવીએ આધ્યાત્મિક માર્ગે ગમન કરીને દિવ્ય અનુભૂતિ દ્વારા માત્ર સદા-સર્વદા જ્ઞાનદશાને માણવી જોઈએ. આવી સ્થિતિ કોઈ વિરલા માનવી જ અનુભવી શકે છે અને તેઓ જ સાચા સુખની સ્થિતિમાં જીવન વિતાવી જાણે છે.

**એક સુખીત એક દુઃખીત દરદકે, ઘટે નહીં અદ્વૈતમેં;**
**એક અંગકી પીર સકલ તન, દેખી પરત જીત તીતમે. ૨૨**

### શબ્દાર્થ

**એક સુખીત** = એક સુખી **એક દુઃખીત** = એક દુઃખી **દરદકે** = દર્દોથી દુઃખી **ઘટે** = ઘટી શકે, બની શકે, શક્ય થઈ શકે **નહીં** = નહીં **અદ્વૈતમે** = અભિન્ન, બ્રહ્મમાં, એકાકાર બ્રહ્મમાં, **એક અંગકી** = એક ઇંદ્રિયની, અવયવની **પીર** = પીડા, દુઃખ, વેદના, **સકલતન** = આખાયે શરીરને **દેખી** = દેખી શકાય, નિહાળી શકાય **પરત** = સમજ પડે, પ્રત્યક્ષ રીતે, ખબર પડે **જીત તીતમે** = જ્યાં ને ત્યાં, બધું જ, બધે જ, સર્વમાં.

### અનુવાદ

**એક સુખી તો એક દર્દની પીડાથી દુઃખી હોય છે. જે અદ્વૈત બ્રહ્મસિદ્ધાંતમાં શક્ય નથી. જેમ એક અવયવની પીડાથી આખું શરીર દુઃખી થાય છે, પરંતુ તે દુઃખની પીડા જ્યાં ત્યાં સર્વમાં દેખાતી નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે કોઈ એક વ્યક્તિના પોતાના એક અંગમાં કોઈ પણ પ્રકારની પીડા થાય તો તે પોતે જ સમગ્ર શરીર થકી પીડાનો અનુભવ કરીને દુઃખી થતો હોય છે, પરંતુ વિશ્વમાં બધી જ વ્યક્તિઓ તે દુઃખની પીડાનો અનુભવ કરતા નથી. વળી સંસારમાં કોઈ વિરલો સુખી હોય છે તો કોઈ પોતાના દર્દ થકી પીડા અનુભવીને દુઃખી દુઃખી થતો હોય છે, પરંતુ એક દુઃખી તો

બધા જ દુઃખી અને એક સુખી તો બધા જ સુખી તેવી પરિસ્થિતિ બનતી નથી. આમ એક અદ્વૈત બ્રહ્મસિદ્ધાંતની આવી સમાનતાની માન્યતા છે જે વાસ્તવિકતા સાથે સુમેળ ધરાવતી નથી.

**તેહી પરકારન એક બ્રહ્મ કે, અંગ સકલ જો હોઈ;**
**એક દુઃખીત તે દુઃખીત સકલકો, સુખીત્યે સુખીત સકોઈ. ૨૩**

### શબ્દાર્થ

**તેહી** = તે **પરકારન** = પ્રકારે **એક બ્રહ્મકે** = એક બ્રહ્મના **અંગ** = ભાગ, અંગ **સકલ** = સર્વ **જો** = જો **હોઈ** = હોય તો **એક** = એક **દુખીત** = દુઃખી **તે** = તો **દુઃખીત** = દુઃખી **સકલકો** = બધા જ **સુખીત્યે** = સુખીથી **સુખીત** = સુખી **સકોઈ** = સર્વ, સર્વ કોઈ.

### અનુવાદ

**તે પ્રકારે એક બ્રહ્મનાં જ સર્વ અંગો હોય તો એક જીવ દુઃખી થતાં સર્વ દુઃખી અને એક સુખી હોય તો બધા જ સુખી હોવા જોઈએ.**

### ભાવાર્થ

તે પ્રકારે એક બ્રહ્મસિદ્ધાંતના આધારે અદ્વૈત બ્રહ્મમાં જેટલા ઘાટ છે; પછી તે સ્થૂળ ઘાટના ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમના હોય કે સૂક્ષ્મ, કારણ, મહાકારણ કે પરમકારણના ઘાટ હોય તે બધા જ બ્રહ્મના અંગ સમાન જો હોય તો તો દુનિયામાં એક દુઃખી થાય તો બધા જ દુઃખી થાય અથવા દુઃખની પીડા અનુભવે. જો કોઈ એક વ્યક્તિ સુખી હોય તો બાકીના સર્વ સુખનો અનુભવ કરે અને સુખી હોય. આવી સમદર્શી વિચારસરણી મુજબ બધાને એક જ સરખી અનુભૂતિ થવી જોઈએ. કોઈ પણ પ્રકારની ભિન્નતાની શક્યતા રહેવી જોઈએ નહીં.

**પણ તે તો ઈત અખિલ ખલકમેં, દષ્ટ પરત હે નાંહી;**
**જીનકે સુખ દુઃખ જેહી ભુગતત, કીનકે કીનું ન કાંઈ. ૨૪**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **તે તો** = તે તો **ઈત** = આ **અખિલ ખલકમેં** = સમસ્ત બ્રહ્માંડમાં **દષ્ટ** = નજરે **પરત** = પડતું **હે નાંહી** = નથી **જીનકે** = જેના **સુખ દુઃખ** = સુખને દુઃખ **જેહી** = તે જ, એ જ **ભુગતત** = ભોગવે છે **કીનકે** = કોઈનાં **કીનું** = કોઈને **ન કાંઈ** = કાંઈ નહીં, કંઈ પણ નહીં.

### અનુવાદ

**પરંતુ તે તો આ સમસ્ત બ્રહ્માંડમાં જોવા મળતું નથી. જેનાં સુખ-દુઃખ જે તે અંશ ભોગવે છે. કોઈનાં સુખ-દુઃખ અન્ય કોઈએ ભોગવવાં પડતાં નથી.**

### ભાવાર્થ

એક સુખી તો બધા જ સુખી અને એક દુઃખી તો બધા જ દુઃખી. એ પ્રમાણેની પરિસ્થિતિ સમસ્ત બ્રહ્માંડમાં જોવા મળતી નથી, પરંતુ દરેક પોતપોતાના કર્મોનાં ફળ પ્રમાણે સુખ અને દુઃખ અલગ-અલગ રીતે ભોગવ્યા કરે છે. કોઈ જન્મતાં જ અપાર સુખો વચ્ચે ઊછરીને સદા માટે સુખની જ અનુભૂતિ કરતો હોય છે, તો કોઈ જન્મતાની સાથે જ અપાર દુઃખની સ્થિતિ અનુભવતો હોય છે. આવી વિષમતા સમસ્ત બ્રહ્માંડની વ્યક્તિ-વ્યક્તિ અને દેહ-દેહ પ્રત્યે જોવા મળતી હોય છે. વ્યક્તિ પોતાનાં સંચિત કર્મો પ્રમાણે તેનાં પાપ કે પુણ્ય ભોગવીને પોતે સુખી કે દુઃખી થતો હોય છે, પરંતુ કોઈ એક વ્યક્તિ કુકર્મો કે સત્‌કર્મો કરે અને બીજી વ્યક્તિ તે કર્મોનાં દુઃખ કે સુખ ભોગવે તેવું શક્ય નથી.

**જબ તુમેરે બોલન નરણિતમે, ન્યાય લગ્યો નહીં એકી;**
**સૃષ્ટ રચી જબતે અબલગ લ્યૌ, કર્તા રખે ઉવેકી. ૨૫**

### શબ્દાર્થ

**જબ** = જેથી **તુમેરે** = તમારા **બોલન** = બોલવામાં, વાણીમાં, **નરણિતમે** = નિર્ણયપૂર્વક જોતાં, નિર્ણાયક સ્વરૂપે **ન્યાય** = ન્યાય **લગ્યો** = લાગ્યો **નહીં** = નથી **એકી** = એક પણ, જરા પણ, જરાયે **સૃષ્ટિ રચી** = સૃષ્ટિની રચના રચાઈ **જબતે** = જ્યારથી, ત્યારથી **અબલગ લ્યૌ** = અત્યાર સુધી **કર્તા** = સર્જનહારને **રખે** = રાખ્યા **ઉવેકી** = ઉપેક્ષા, અવગણના, ઉચ્છેદ, બાદબાકી.

## અનુવાદ

**જેથી તમારા બોલનો નિર્ણય કરતાં જરાપણ ન્યાય લાગ્યો નથી. જ્યારથી સૃષ્ટિ રચી ત્યારથી અત્યાર સુધી કર્તાની ઉપેક્ષા જ કરવામાં આવી છે.**

## ભાવાર્થ

વિશ્વમાં બ્રહ્મસિદ્ધાંતના મતને પુરવાર કરવા માટે એક અદ્વૈત બ્રહ્મને માનનારા બ્રહ્મજ્ઞાનીઓ દ્વારા જે જે ઉચ્ચારણો કર્યા છે તે તે બધાં જ પાયાવિહીન અને વાસ્તવિક દુનિયાની દૃષ્ટિએ કોઈ પણ રીતે ન્યાયી જણાતાં નથી. વળી આત્માનો ક્ષય થતાં અંતે તે આત્મા પરમાત્મામાં ભળી જઈને પરમેશ્વર સ્વરૂપે બને છે તેવા વચનો દ્વારા તેમણે સમગ્ર સૃષ્ટિને નાસ્તિકવાદના માર્ગે વાળીને અધમ કૃત્ય કર્યા સિવાય બીજું કાંઈ કર્યું નથી. આમ કરીને આત્માની હત્યાનું પાપ વહોર્યું છે.

તેમના વચનોનો નિર્ણય કરતાં તેમાં જરા પણ ન્યાય જણાતો નથી. સૃષ્ટિની રચના થઈ ત્યારથી અત્યાર સુધી આ પ્રમાણેના જૂઠાં અને અન્યાયી વચનોથી ભોળા જીવને ભરમાવ્યા છે. જગત જેણે ઉત્પન્ન કર્યું છે તેમજ બ્રહ્મ જેનો પ્રકાશ છે તેવા સૃષ્ટિના કારણરૂપે રહેલા સર્વજ્ઞ સર્જનહારની ઉપેક્ષા કરવામાં આવેલી છે.

**આચારજ જેહી ભયે અવન પર, કોઉ કીનું ખોજ ન કરીએ;**
**દુર્ઘટ શબ્દ સાધ ડહાપણકે, ચિતકી ચકીત ઉચરીએ. ૨૬**

### શબ્દાર્થ

**આચારજ** = ધર્મોચાર્યો **જેહી** = જે **ભયે** = થયા, થઈ ગયા **અવનપર** = પૃથ્વી ઉપર **કોઉ કીનું** = કોઈએ પણ **ખોજ** = શોધ, ઓળખ, ખોજ **ન કરીયે** = કરી નથી, કરવા પ્રયત્ન પણ કર્યો નથી **દુર્ઘટ** = અટપટી, અઘરી, વાંકીચૂંકી **શબ્દ** = ભાષા, વાણી, **સાધ** = સાધી, અભ્યાસ કરવો, સમજી **ડહાપણકે** = ડહાપણભર્યા, ડહાપણપૂર્વક **ચિતકી** = ચિત્ત અંતઃકરણને **ચકીત** = ચકિત કરે, આશ્ચર્ય પમાડે તેવું **ઊચરીયે** = ઉચ્ચાર કર્યા છે બોલ્યા છે.

## અનુવાદ

**પૃથ્વી ઉપર જે જે આચાર્યો થયા તેમાંના કોઈએ પણ શોધ કરી જ નથી. માત્ર અટપટી ભાષાને અભ્યાસ કરીને ડહાપણપૂર્વક ચિત્તને આશ્ચર્ય પમાડે તેવી વાણી ઉચ્ચારેલી છે.**

### ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધીમાં થયેલા ધર્માચાર્યોએ પોતાની અંગત સૂઝથી અગાઉથી ચાલી આવેલી વિચારસરણીને પોતાની રીતે પોતાની નવી વિચારધારાને પ્રોત્સાહિત કરી છે. તેમણે જગતના અલ્પ બુદ્ધિવાળા જીવ દશામાં જીવતા સામાન્ય અંશોને દેવવાણીના બહાને અટપટી સંસ્કૃત ભાષા શીખવીને સંસારમાં પોતાનું પ્રભુત્વ બતાવ્યું છે. વળી, ભોળી પ્રજા આગળ ચિત્તને આશ્ચર્ય પમાડે તેવી રોચક વાતો કરી તથા પોતે ડાહ્યા અને વિદ્વાન છે તેવો મત ઠેરવીને જ્ઞાનોપદેશ કરેલો છે. આમ સંસારને વાણીના પ્રભાવથી અંજાવી દઈને ભાષાની અને પોતાની વિશેષતા દર્શાવવા પ્રયત્નો કર્યા છે.

**ઓરુ વ્યાકરણ વહીવટ વેદનકે, કહત દેવકી ભાષા;**
**દેશ દેશકી વાણી સમજકુ, કરત સકલ અભ્યાસા. ૨૭**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **વ્યાકરણ** = શબ્દશાસ્ત્ર, ભાષાના નિયમોને દર્શાવી શબ્દોના સ્પષ્ટીકરણ અને શબ્દોની અશુદ્ધિને દૂર કરી તેની શુદ્ધી કરનારું શાસ્ત્ર **વહીવટ** = અનુશાસન, ગોઠવણી, પદ્ધતિ, કારભાર, નિયમન **વેદનકે** = વેદની **કહત** = કહેવામાં આવે છે **દેવકી** = દેવોની **ભાષા** = ભાષા, વાણી **દેશ દેશકી** = જુદાજુદા દેશોની, અલગ-અલગ મૂલકની **વાણી** = ભાષા **સમજકુ** = સમજવા માટે **કરત** = કરે છે **સકલ** = બધા જ **અભ્યાસા** = અભ્યાસ.

### અનુવાદ

**વળી વેદમાં વ્યાકરણયુક્ત (સંસ્કૃત) ભાષા હોવાથી દેવોની ભાષા કહેવાય છે. ત્યારે અલગ-અલગ દેશોની ભાષા સમજવી હોય તો બધા શબ્દશાસ્ત્રોનો અભ્યાસ કરતા હોય છે.**

### ભાવાર્થ

કોઈ પણ ભાષાનું શુદ્ધિકરણ કરવું હોય તો તે ભાષાના શબ્દોના જોડાણનું સ્પષ્ટીકરણ જરૂરી છે. તેને વિકાર પામતી અટકાવવા માટે તેમજ નિયમમાં રાખવા

માટે શબ્દોના શાસન માટે વ્યાકરણ ભણવું જરૂરી છે. જેથી ખોટી જોડણીથી વિપરીત પરિણામ ટાળી શકાય.

હિંદુઓનું પૌરાણિક ધર્મપુસ્તક વેદ ગણાય છે. સૃષ્ટિના પ્રારંભમાં છાપવાની કળાનું સંશોધન થયું ન હતું. તે સમયે ગુરુકુળમાં શિષ્યો ગુરુમુખે ઉચ્ચારેલા મંત્રોનું શ્રવણ કરી વેદનું અધ્યયન કરતા. વ્યાકરણના અધ્યયન વગર વેદના મંત્રોનો શુદ્ધ ઉચ્ચાર કે અર્થ સમજાય તેમ નથી. વળી, સ્વરમાં ફેરફાર થાય તો અર્થનો અનર્થ થાય. સંસ્કૃત ભાષા વિશેષ રૂપમાં વ્યાકરણલક્ષી ભાષા છે તેથી તે ઘણી અટપટી અને અઘરી હોવાથી વિશેષ અભ્યાસ માંગી લે તેવી છે, જેથી દેવોની ભાષા તરીકે તેને ગણવામાં આવી છે.

કોઈ પણ દેશ અથવા મૂલકની ભાષા સમજવી હોય તો તેના વ્યાકરણનો અભ્યાસ જરૂરી છે. તેથી જ ભાષાના સાક્ષર વ્યાકરણમાં નિપુણતા મેળવીને પછી જ ભાષા ઉપર પ્રભુત્વ પામી શક્યા છે.

**વ્યાકરણ સોઈ કરણ પવનકી, આપને શ્વાસ પ્રણવકી;**
**ચુર ચુર ચતુરઈ ઉચરનકી, ઈત ભવકે અરણવકી. ૨૮**

### શબ્દાર્થ

**વ્યાકરણ** = શબ્દશાસ્ત્ર **સોઈ** = તે **કરણ** = કરે છે કરનારું છે **પવનકી** = પવન, હવા, **અપને** = પોતાના **શ્વાસ** = શ્વાસોશ્વાસ, **પ્રણવકી** = પ્રાણાયામની **ચૂર ચૂર** = ચુરેચૂરા, ટૂકડે ટૂકડા, **ચતુરઈ** = ચતુરાઈથી, હોશિયારીથી **ઉચરનકી** = બોલવાથી, વાણીનો ઉચ્ચાર કરતાં **ઈત** = આ **ભવકે** = વિશ્વમાં , સંસારમાં **અરણવકી** = સમુદ્ર, સાગરમાં.

### અનુવાદ

**આ સંસાર સાગરમાં આપણા પ્રાણાયામ રૂપ શ્વાસોચ્છ્વાસમાં વહેતા પવનના ટૂકડે ટૂકડા કરીને ઉચ્ચારાયેલ વ્યાકરણ યુક્ત વાણી ચતુરાઈ ભરેલી ગણવામાં આવે છે.**

### ભાવાર્થ

સંસારમાં કોઈ પણ વ્યક્તિની પોતાની વાણીના ઉચ્ચારમાં વપરાતા વર્ણ પરા,

પશ્યંતી, મધ્યમા અને વૈખરી એમ ચાર ઉદ્ભવસ્થાનથી નીકળતા હોય છે. વળી મંદ, મધ્યમ, તાર અને પ્રત્યાઘાત એમ પ્રાણાયામમાં રહેલા વાયુ શ્વાચ્છોશ્વાસ દ્વારા શરીરમાં ફરતો-ફરતો તેના ટૂકડે-ટૂકડા થયા પછીનો સ્વર મુખ દ્વારા વર્ણને ઉત્પન્ન કરે છે. વર્ણમાળાના મૂળ અક્ષર બોલવા તથા લખવાનો આધાર અક્ષરોના સ્વર અને વ્યંજનની જોડણી ઉપર રહેલો છે. જેમાં તાલુસ્થાની, કંઠસ્થાની, ઓષ્ઠસ્થાની, મૂર્ધન્યસ્થાની, દંતસ્થાની વગેરે પ્રકારો હોય છે. કોઈ પણ ભાષાના મૂળાક્ષરોનો ઉચ્ચાર ધ્વનિ ઘટકો અને સંકેતોની હારમાળા ઉપર અવલંબિત છે. વળી શ્વાસનો પ્રવાહ નાક વાટે ડાબે નસકોરે ચાલે તો ચંદ્ર(ઇંગલા) સ્વર (સ્ત્રીલિંગ) અને જમણે નસકોરે ચાલે તો સૂર્ય (પિંગલા) સ્વર (પુલિંગ) તેમજ બંને એક સાથે ચાલે તો સૂક્ષ્મણાનો (નપુંશક) પ્રવાહ કહે છે. જેમાં ષડજ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એમ સાત પ્રકારના ધ્વનિ કે અવાજનું પૃથ્થકરણ થયેલું છે. તેમાં ઉંમરના ધોરણે તેનો પૂર્ણ ધ્વનિ નીકળતો હોય છે.

આમ રેચક અને પ્રેરક શ્વાસ દ્વારા નીકળતા વર્ણને વ્યાકરણ યુક્ત શબ્દના જોડાણને છૂટા પાડીને બોલવામાં વાણી ચાતુર્યતા જણાઈ આવે છે. તેમાં પણ સંસ્કૃત ભાષા વ્યાકરણના અધ્યયન વગર શુદ્ધ ઉચ્ચાર કે અર્થ સમજાય તેમ નથી. જો સ્વરમાં ફેરફાર થાય તો અર્થનો અનર્થ થાય છે. એ વિષે આખ્યાયિકા એમ છે કે — એક સમયે વૃત્રે ઇંદ્રનો નાશ કરવા મારણમંત્રનો આરંભ કર્યો હતો. તેમાં 'ઇંદ્રશત્રુ વર્ધસ્વ' એટલે કે, 'ઇંદ્રનો શત્રુ છેદનાર થા' એવો અર્થ પ્રતિપાદન કરવાનો હતો માટે ઇંદ્ર શત્રુ શબ્દમાંનો છેલ્લો સ્વર ઉદાત્ત પઠવો જોઈએ. કેમકે તત્પુરુષ સમાસ અંતોદત્ત છે. અર્થાત્ એમાં છેલ્લો સ્વર ઉદાત્ત છે, પરંતુ ઋત્વિજે શબ્દનો પહેલો સ્વર ઉદતી ઉચ્ચાર્યો આથી સમાસ બહુવ્રીહિ થઈ ગયો અને એનો અર્થ 'ઇંદ્ર છે શુભ કાપનાર જેનો' એવો વિપરિત અર્થ થયો. આ પ્રમાણેના સ્વરના દોષથી યજમાન જે વૃત હતો તેનો જ નાશ થયો.

આમ દુષ્ટ(ખોટા) શબ્દ પ્રયોગ ના થાય તે માટે વ્યાકરણ શીખવું જરૂરી છે. ભાષાનું શુદ્ધ રક્ષણ, સંક્ષેપે જ્ઞાન, શુદ્ધ રૂપનો તર્ક અને તે વિષે અસંદેહ એમ ચાર પ્રયોજનો વ્યાકરણ શીખવાનાં છે. માટે જ કહી શકાય કે, વ્યાકરણ સાહિત્યની કબર છે. ઘણી વખત વ્યાકરણ શીખવાની જંજાળમાં માણસ સાહિત્યનો રસ સમજવાનું ચૂકી જાય છે. તેમજ સામાન્ય માનવી માટે તે અશક્ય બને છે.

**ભવસોઈ ભવીત આદ્ય પ્રકૃતિ ગુન, સહિત સકલ રજતજહી;**
**એહી દેવનકી વાણ વરનીતમે, અદકૈ કુણ સમજહી. ૨૯**

### શબ્દાર્થ

**ભવ** = વિશ્વ, દુનિયા **સોઈ** = તે **ભવીત** = બની છે રચના રચાઈ છે, ભૂતકાળમાં થઈ ચૂકેલા છે **આદ્ય** = આદિ **પ્રકૃતિ** = માયા, પ્રાકૃતિક રચનાના **ગુન** = ત્રણ ગુણો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **સહિત** = સાથે મળીને, સહિત **સકલ** = બધા, વગેરે **રજતજહી** = રજથી માંડીને તજ સુધી, નાનામાં નાના પરમાણુથી માંડી અણુ સુધીના **એહી** = એવા, એ **દેવનકી** = દેવોની **વાણ** = વાણી **વરનીતમે** = વર્ણનમાં, વર્ણન કરવામાં, **અદકૈ** = મોટાપણું, વિશેષતા, અધિકતા **કુણ** = કોણ **સમજહી** = સમજશે, સમજી શકશે.

### અનુવાદ

**રજ-તજની આદ્ય લઈને ત્રણ ગુણ, પ્રકૃતિ, પુરુષ સહિત ભવમાં થઈ ગયેલા બધાનું વર્ણન આ દેવ વાણીમાં થયેલું હોઈ તેમની વિશેષતા કોણ સમજી શકશે?**

### ભાવાર્થ

સૃષ્ટિની આદ્યમાં થઈ ગયેલા નિરંજન પુરુષ, આદ્યશક્તિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સહિતના દેવોનું, તેમજ બ્રહ્મભૂમિકામાં વૃદ્ધિ પામેલી પરમાણુથી માંડીને અણુએ અણુની ભાત-ભાતની અદ્‌ભુત રચનાનું વર્ણન વેદમાં દેવવાણી એટલે કે, સંસ્કૃત ભાષામાં થયેલું છે. જે વાણી ઘણી જ અટપટી અને વ્યાકરણયુક્ત હોવાથી તેઓની વિશેષતાને કોણ સમજી શકશે? અર્થાત્ આવી અદ્‌ભુત રચના અને આદિ દેવતાઓની વિશેષતા અંગે સામાન્ય માનવી સમજી શકે તેમ નથી. વળી ભાષાની દૃષ્ટિએ જો વિશેષ છે એમ ઘટાવવામાં આવ્યું હોય તો પણ તેવા દૃષ્ટિકોણને સંસારમાં તે કેવી રીતે અને કોણ સમજી શકશે ? અર્થાત્ તેવી ભાષાની ભાંજગડમાં પડ્યા સિવાય વસ્તુની સાચી પરખ તેના જ્ઞાન થકી સમજીને ન્યાયપૂર્વક તે વસ્તુ અલ્પ છે કે વિશેષ છે તેની તુલના કરવી જોઈએ.

**જબતે દેવ મનુષકી ગતિયાં, અધિક નહીં કોઉ કીનકી;**
**તત્ત્વ વિચારતાં સરભરહી, બોલીનમે ભિન્ન ભિન્નકી. ૩૦**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, એટલા માટે **દેવ** = દેવો **મનુષકી** = માનવોની **ગતિયાં** = સમજ, જાણ **અધિક નહીં** = વધુ નથી, વિશેષ નથી **કોઉકીનકી** = કોઈની પણ, કોઈ કોઈનાથી **તત્ત્વ** = પદાર્થ દૃષ્ટિએ **વિચારતાં** = વિચારતાં **સરભરહી** = સરખેસરખી જ, સમાન **બોલીનમે** = બોલવામાં, બોલીમાં, ભાષામાં **ભિન્ન ભિન્ન કી** = ભિન્ન ભિન્ન, અલગ અલગ, જુદી જુદી છે.

### અનુવાદ

**એટલા જ માટે દેવ અને મનુષ્યની સમજ કોઈ કોઈનાથી અધિક નથી. તત્ત્વોની દૃષ્ટિએ વિચારતાં સરખી જ છે. માત્ર બોલવાની ભાષા ભિન્ન ભિન્ન છે.**

### ભાવાર્થ

વેદમાં સૃષ્ટિની સમગ્ર રચના અંગેની તેમજ વિશ્વના પ્રારંભિક દેવી-દેવતાઓની માહિતી સંપૂર્ણ રીતે દર્શાવેલી હોવાથી તેમાં દર્શાવ્યા મુજબની જ માહિતી દેવોને છે. તે જ માહિતી જગતમાં જાહેર થયેલી હોવાથી માનવોને પણ રચના અંગે તેમજ અંતરિક્ષમાં બિરાજમાન દેવી-દેવતાઓની માહિતી છે. કારણ, મહાકારણ, પરમકારણ દેહને લીધે તેમની ઐશ્વર્યતા અને વિભૂતિ વિશેષ હોવાને લીધે માનવો તેમની આરાધના કરે છે, પરંતુ સૃષ્ટિના તત્ત્વોની રચનાના સંદર્ભમાં દેવો હોય કે માનવો હોય, પરંતુ બંનેને માત્ર અખિલ બ્રહ્માંડની સર્વ નાશવંત પદાર્થોની માહિતી છે. જ્યારે ભાષાની વાત કરીએ તો દેવોની વાણી તરીકે ઉપમા પામેલી સંસ્કૃત ભાષા વેદની છે, જે વ્યાકરણયુક્ત હોવાથી સામાન્ય માનવીના વ્યવહાર માટે અમલી બની નથી, પરંતુ માનવો પોતાના દેશ-દેશ તથા મુલકે-મુલકે અલગ અલગ ભાષાનો ઉપયોગ કરે છે. આમ, દેવ અને માનવોની ભાષામાં ભિન્નતા જોવા મળે છે. તેમજ માનવ-માનવ વચ્ચે પણ ભાષાની ભિન્નતા છે.

**નામ રુપ ગુણ સહિત પદારથ, તાંહાં લગ ગત દોહુનકી;**
**પણ નિજકર્તા રહે અકલ અજ, જાંહાં લગ જાણ ન કુનકી. ૩૧**

### શબ્દાર્થ

**નામ** = નામ **રૂપ** = સ્વરૂપ, આકાર **ગુણ** = રજો, તમો અને સતો ત્રણેય **સહિત** = વગેરેની આદ્ય લઈને **પદારથ** = રચના, સ્થૂળ તત્ત્વોની રચના, **તહાંલગ** = ત્યાં સુધી **ગત** = જાણ, જ્ઞાન, સમજ **દોહુનકી** = બંનેની **પણ** = પરંતુ **નિજકર્તા** = મૂળ આદિ સર્જનહાર, સ્વયં બનાવનાર **રહે** = રહ્યા **અકલ** = કહ્યામાં ન આવ્યા **અજ** = આજ સુધી, અજાણ્યા **જાંહાં** = ત્યાં **લગ** = સુધી **જાણ** = માહિતી, જ્ઞાન, સમજ **ન** = નહીં **કુનકી** = કોઈની, કોઈને.

## અનુવાદ

**જ્યાં સુધી નામ, રૂપ, અને ગુણવાળા પદાર્થો છે ત્યાં સુધી બંનેની જાણ છે, પરંતુ નિજકર્તા કળ્યા વિનાના અજાણ રહ્યા હોઈ ત્યાં સુધીની કોઈને જાણ નથી.**

## ભાવાર્થ

બ્રહ્મનો પ્રસારો જ્યાં સુધી છે તેવા સંપૂર્ણ ઘટકને બ્રહ્માંડ કહેવામાં આવે છે. આ બ્રહ્માંડમાં નામ, રૂપ અને રજો, તમો તથા સતો એમ ત્રણ ગુણવાળા સર્વ નાશવંત પદાર્થોવાળી સર્વ રચના વિકાસ પામી છે, જેમાં બ્રહ્માંડના અલગ અલગ ઈંડો, ૧૪ અંતરિક્ષના લોક, ૧૪ ભૂગર્ભ લોક, અંતરિક્ષના ધામોના અધિપતિ દેવી-દેવતાઓ, નવખંડ અને સપ્તદ્વીપમાં રહેનારા સર્વ ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમના ઘાટ વગેરેનો સમાવેશ થાય છે. આ બધી જ રચના સર્જનહાર દ્વારા પોતાના બ્રહ્મરૂપી પ્રકાશમાં સર્જનહારે પોતે જ ઉત્પન્ન કરીને વૃદ્ધિ પમાડી છે, પરંતુ તેઓ બ્રહ્મથી પરે રહેલા હોઈ કળ્યામાં આવ્યા નહીં. દેવો પણ તે પરમપદથી અજાણ રહ્યા છે, તે જ રીતે માનવો પણ તે પરમપદની જાણથી અજાણ્યા રહ્યા છે. આમ એવા અજાણ્યા રહેલ સર્જનહાર અંગે દેવો અને માનવો બંને પૈકી કોઈને જાણ નથી.

**એહી પરકાર અજાણ અખિલ કુલ, નિજ કરતાર ગતિકે;**
**સો ક્યૌ લહહી ન્યાય નરણીત મમ, અવિગત અકલ અતિકે. ૩૨**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રમાણે, આ પ્રકારે **અજાણ** = જાણ્યા વિનાના, અજાણ્યા **અખિલ કુલ** = સમગ્ર બ્રહ્માંડના બધા જ **નિજ** = આદિ, મૂળ, સ્વયં **કરતાર** = કરનાર, સર્જનહાર, બનાવનાર

**ગતિકે** = જ્ઞાનના, સમજના **સો** = તો **કયૌ** = કેમ કરીને, કેવી રીતે **લહહી** = જાણી શકે **ન્યાય** = ન્યાયપૂર્વકના **નરણીત** = નિર્ણયને **મમ** = મારા **અવિગત** = ગતિમાં ન આવે તેવા, નિત્ય, શાશ્વત **અકલ** = કળી ન શકાય તેવા અગમ્ય, **અતિકે** = અત્યંત, વિશેષ, મહાન.

## અનુવાદ

**એ પ્રમાણે અખિલ બ્રહ્મમાં કર્તાની ગતિથી બધા જ અજાણ રહેલા છે; તો એવા અવિગત, અકળ અને મહાન કર્તા વિષે મેં ન્યાયપૂર્વક નિર્ણય કર્યો છે તેને કેવી રીતે જાણી શકે ?**

## ભાવાર્થ

આ પ્રમાણે અખિલ બ્રહ્માંડના બધા જ અંશો, પછી તે સામાન્ય, વિશેષ કે પરમવિશેષ હોય, વળી સ્થૂળ દેહમાં હોય કે પછી સૂક્ષ્મ, કારણ કે મહાકારણ દેહમાં હોય, પરંતુ તમામ અંશો જેણે આ સૃષ્ટિનું સર્જન કર્યું છે અને ચૈતન સ્વરૂપે બધા જ જેના વંશના છે એવા સર્વજ્ઞ સમગ્ર રચનાના ઉત્પન્ન કરનારાને કોઈ જ જાણતું નથી. બધા જ એ પરમપદથી અજાણ રહેલા છે.

તેથી તો જેની વિગત કોઈ જાણી શક્યું નથી અને જે કળ્યામાં આવી શકે તેમ નથી, તેવા સર્જનહાર અંગે ન્યાયપૂર્વક નિર્ણય કરીને વિશ્વમાં માત્ર પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા દર્શાવવામાં આવેલું છે. એટલા માટે જ તો તેવા અગાધ જ્ઞાનના ઉચ્ચારણોને વિશ્વના સર્વ અંશોએ જાણવા જોઈએ. ત્યારબાદ વિશ્વની નાશવંત અદ્‌ભુત રચનામાં અને ઐશ્વર્યવાન પુરુષોના પ્રભુત્વમાંથી મન પાછું વાળીને શાશ્વત સુખનો વિચાર કરી યથાર્થ અને ન્યાયપૂર્ણ જ્ઞાનને અપનાવવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

**પ્રથમ વેદ ઉચરન ચતુરાનન, જીનને નિગમ પોકારે;**
**તીનકી આદ્ય સકલ ઈત ભવકે, આચારજહી બચારે. ૩૩**

### શબ્દાર્થ

**પ્રથમ** = સૌ પહેલાં, આદિ, પ્રારંભ **વેદ** = વેદનો **ઉચરન** = ઉચ્ચાર કર્યો, જાહેર કર્યા, બોલ્યા, **ચતુરાનન** = ચતુર્મુખી બ્રહ્માજીએ **જીનને** = જેમને **નિગમ** = વેદમાં, જેના અંગે સમજ નથી

**પોકારે** = તેમ પોકાર કર્યો **તીનકી આદ્ય** = તેમની આદ્ય લઈ તેમનાથી માંડીને **સકલ** = બધા જ **ઈત** = આ **ભવકે** = ભવના, સંસારના, વિશ્વના **આચારજહી** = ધર્માચાર્યો **બચારે** = વિચારે છે વિચારસરણીને વળગી રહ્યા છે.

## અનુવાદ

**પહેલાં ચતુર્મુખી બ્રહ્માજીએ વેદનો ઉચ્ચાર કર્યો અને જેમાં 'સમજ નથી' તે રીતનો પોકાર કર્યો છે. તેમની આદ્ય લઈને આ વિશ્વના સર્વ ધર્માચાર્યો પણ તે જ વિચારોને વળગી રહ્યા છે.**

## ભાવાર્થ

પૌરાણિક ઈતિહાસ અને હિન્દુ સંસ્કૃતિનાં ધર્મગ્રંથોના જણાવ્યા મુજબ બ્રહ્માજીના પાંચમા મુખનું શિવજી દ્વારા છેદન કરવામાં આવેલું. તેથી કર્તાપદની વાણીનો લોપ થયેલો. ત્યારથી બ્રહ્માજી ચતુર્મુખી કહેવાયા. તેઓએ પોતાના ચાર મુખોથી અલગ-અલગ વાણી ઉચ્ચારીને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચાર વેદનું નિર્માણ કર્યું, જેમાં બ્રહ્માજીએ જેના અંગે સમજ ન પડી તેવા અગમ્ય પદ માટે 'નેતિ' શબ્દનો ઉચ્ચાર કરીને 'અમોને ગમ નથી' જેનો કોઈ અંત નથી એવી રીતનો પોકાર કરીને પોતાના અજાણપણાની સંમતિ જાહેર કરી.

વેદને અનુસરી ત્યાર પછીના થઈ ગયેલા વિદ્વાન પુરુષોએ છ શાસ્ત્રોનું નિર્માણ કર્યું. ત્યારપછી ધર્માચાર્યોએ પોતાની સૂઝ મુજબ અલગ-અલગ ધર્મો, સંપ્રદાયો અને મતો સ્થાપીને આગવી પરંપરા ઊભી કરી. તેમ છતાં, બધા જ બ્રહ્માજીની વિચારસરણીને વળગી રહ્યા. બ્રહ્મથી પરેનું કાંઈ વિચાર્યા સિવાય બ્રહ્મમાં વિકાસ પામેલી સર્વ રચનાના ગુણગાન અને વિભૂતિવાન ઐશ્વર્યને વરેલા મહાપુરુષોનાં વખાણ કર્યાં છે.

**ભૂલે બ્રહ્મા ભવ રચનારન, નિજ કરતાર આપનકે;**
**તો આચારજ કુન ગનીતમે, અજ ઉચરન થાપનકે. ૩૪**

### શબ્દાર્થ

**ભૂલે** = ભૂલ્યા, વિસ્મૃતિ પામ્યા, **બ્રહ્મા** = બ્રહ્માજી **ભવ** = સૃષ્ટિની **રચનારન** = રચનારા

**નિજ** = ખુદ, **કરતાર** = કર્તા, સર્જનહાર, બનાવનાર **આપનકે** = પોતાને **તો** = તો પછી **આચારજ** = ધર્માચાર્યોની **કુન** = શી **ગનીતમે** = ગણતરીમાં મુકાય, ગણતરી ગણાય **અજ** = બ્રહ્માજી **ઉચરન** = ઉચ્ચારણ, બોલેલું જ્ઞાન **થાપનકે** = સ્થાપન કરીને, સ્થાપેલ.

## અનુવાદ

**જ્યારે બ્રહ્મા પોતે જ આ વિશ્વને રચનાર સર્જનહારને ભૂલ્યા છે, તો પછી બ્રહ્માજીનાં વચનોનું સ્થાપન કરનાર આચાર્યોની શી ગણતરી ?**

## ભાવાર્થ

અખિલ બ્રહ્માંડના રચનાર સર્જનહાર પોતે પોતાના શુદ્ધ સંકલ્પથી સઘળી રચના ઉત્પન્ન કરીને પોતે તે રચનાથી ભિન્ન રહ્યા છે અને સમગ્ર ઉત્પત્તિનો વહીવટ પરમવિશેષ અને વિશેષ અંશોને વિભૂતિવાન કારણ, મહાકારણ અને પરમકારણ દેહ દ્વારા વિશ્વમાં જવાબદારી સોંપી છે. તે પૈકીના બ્રહ્માજી કે જેમને સૃષ્ટિનું સંવર્ધન થાય અને ઉત્પત્તિનો ક્રમ કલ્પ પર્યંત ચાલે તેવી જવાબદારી સોંપેલી હોવાથી બ્રહ્માજી પોતાના કાર્યમાં વ્યસ્ત બન્યા. તેમણે આદ્યશક્તિની આજ્ઞા અનુસાર સાવિત્રી સાથેના જોડાણથી સૃષ્ટિના ક્રમને આગળ ધપાવવાનું કાર્ય કર્યું.

પોતાના પાંચમા મુખના છેદન પછી પોતેપોતાની જવાબદારી નિભાવવાના કાર્યમાં વ્યસ્ત રહેવાથી સૃષ્ટિ જેણે બનાવી છે અને જેણે વિભૂતિ અર્પીને પોતાને આ કાર્ય માટે યોગ્ય ગણ્યા છે એવા પોતાના માલિકની જાણ અંગે વિસ્મૃતિ પામ્યા. તો પછી બ્રહ્માજીના પગલે પગલે તેમની વિચારધારાને અનુસરનાર શાસ્ત્રકારોની આદ્ય લઈ અન્ય ધર્માચાર્યોનાં વચનોમાં કર્તાની ઓળખ પ્રત્યેના જ્ઞાનની શી ગણતરી મૂકી શકાય ? અર્થાત્ શી આશા રાખી શકાય ?

**અજ ઉચરન સોઈ નિગમ નિરાક્રણ, ઓરુ વ્યાક્રણ વરણેવું;**
**તીનકી ગત મત આદ્ય અંત મધ્ય, તુમકુ સકલ કહેવું. ૩૫**

### શબ્દાર્થ

**અજ** = બ્રહ્માજી દ્વારા **ઉચરન** = ઉચ્ચારાયેલ, વદેલ, બોલેલ **સોઈ** = તે **નિગમ** = વેદ, નેતિનું **નિરાક્રણ** = નિરાકરણ, ખુલાસો, ચોખવટ **ઓરુ** = અને **વ્યાકરણ** = ભાષાશાસ્ત્ર **વરણેવુ** = વર્ણવું

છું **તીનકી** = તેઓની, **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **મત** = સિદ્ધાંત, આશય, મતલબ **આદ્ય** = પ્રારંભ, **અંત** = અંત **મધ્ય** = પસારો **તુમકુ** = તમોને **સકલ** = બધું જ **કહેવું** = કહે છે, જણાવે છે, દર્શાવ્યું છે.

## અનુવાદ

**બ્રહ્માજીએ વ્યાકરણલક્ષી વેદમાં નેતિનું વર્ણન કર્યું છે. જેનું નિરાકરણ કરીને તેમની ગતિ તેમજ આદ્ય, મધ્ય અને અંતની સઘળી માહિતી તમોને કહી.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ પોતાની જવાબદારીને આધારે વિશ્વના પ્રારંભે પોતાના ચાર મુખ દ્વારા વિશ્વને જ્ઞાનબોધ કર્યો છે. જેમાં વ્યાકરણથી ભરપૂર સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરેલો છે. વળી બ્રહ્માંડ માટે કોઈ તાગ ન મેળવતાં જેનો કોઈ અંત નથી તેવું પોતાનું મંતવ્ય ‘નેતિ’ શબ્દના સંબોધન દ્વારા પોતાને બ્રહ્માંડની રચનાના રચનાર અંગે અજાણપણું છે તેવું સ્વીકાર્યું છે અને સૃષ્ટિની સર્વ રચના અંગેના બધા જ પ્રકારનું સુવ્યવસ્થિત રીતે અદ્‌ભુત વર્ણન કર્યું છે. આરંભ, અંત અને વિસ્તારના સમયગાળાની સર્વ હકીકત જે વેદમાં દર્શાવી હતી તેનું નિરાકરણ કરીને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આપણને માહિતી મળે તે હેતુથી વિગતવાર રીતે કહી જણાવ્યું.

**તીનમે કહો તુમ કરતા આદ્યકી ગત્ય કોહુનમે દેખી;**
**વેદ પુરાણ શાસ્ત્ર કે વગતા, લિયે સકલ સબ પેખી. ૩૬**

### શબ્દાર્થ

**તીનમે** = તેમાં, તેઓમાં **કહો** = કહો **તુમ** = તમે જ **કરતા આદ્યકી** = આદિ સનાતન, કર્તા અંગેની **ગત્ય** = ગતિ, જ્ઞાન, સમજ, **કોહુનમે** = કોનામાં **દેખી** = જણાઈ, દેખાઈ **વેદ** = વેદ, **પુરાણ** = પુરાણ **શાસ્ત્ર** = શાસ્ત્ર **કે** = ના **વગતા** = વક્તાઓ, રચનારાઓ, બોલનારાઓ, જણાવનારાઓ, **લીયે** = લીધા **સકલ** = તમામ, સઘળા, **સબ પેખી** = સર્વ જોઈને, સર્વને તપાસીને.

## અનુવાદ

**વેદો, પુરાણો અને શાસ્ત્રોના વક્તાઓમાં કોઈને પણ આદિ કર્તાની જાણ**

**કોઈનામાં દેખાઈ ? તે સર્વને તપાસીને તમે જ કહો ?**

## ભાવાર્થ

વિશ્વમાં જેને આદિ ધર્મગ્રંથ કહેવાય છે તેવા ચાર વેદમાં અને વેદના અધ્યયનથી બનાવવામાં આવેલા છ શાસ્ત્રના રચનારા શાસ્ત્રકાર કે પૌરાણિક વાર્તાઓના રચનાર વ્યાસજી પૈકી કોઈનામાં પણ આદિ સનાતન અને સર્વજ્ઞ સર્જનકારને જણાવવાની સૂઝ કે સમજ જોવા મળતી નથી. વળી, તેઓની બનાવેલી બધી જ રચનાઓને પણ તપાસીને જોયા પછી એમ કહી શકાય કે કોઈ પણ રચનામાં આદિ-અનાદિ વિશ્વના રચનાર અંગે સહેજ પણ માહિતી દર્શાવવામાં આવેલી નથી. આ પ્રમાણે દરેક રચનાઓને તપાસવાથી તેને રચનાના રચનારા વિદ્વાન મહાપુરુષો પણ સર્જનહારનાં જ્ઞાન અંગે અલ્પજ્ઞ સાબિત થાય છે.

**પુરુષ આદ્ય પ્રકૃતિ ગુણ સહિતમ, યાંહાં લગ સબ સંસારી;**
**કર્તા આદ્યકુ બુજ શકે કયૌ, એ સબ વિષય વિહારી. ૩૭**

### શબ્દાર્થ

**પુરુષ આદ્ય** = નિરંજન પુરુષ, આદ્ય પુરુષ, **પ્રકૃતિ** = આદ્યશક્તિ **ગુણ** = ગુણોના દેવતાઓ બ્રહ્માજી, વિષ્ણુ અને શંકર **સહિતમ** = સહિતના **યાંહાં લગ** = ત્યાં સુધી **સબ** = સર્વ **સંસારી** = સંસારમાં આસક્ત, **કર્તા આદ્યકુ** = આદિ કર્તાને, નિજ સર્જનહારને **બુજ શકે કયૌ** = કેવી રીતે જાણી શકે ? **એ સબ** = એ બધા તો **વિષય વિહારી** = વિષયોમાં આનંદ માણનારા, સ્ત્રી સાથે ભોગ ભોગવનારા માયામાં આસક્ત, ઇંદ્રિયોના ભોગવિલાસમાં મસ્ત બનેલા.

## અનુવાદ

**આદ્ય પુરુષ, પ્રકૃતિ અને ત્રણ ગુણો સહિત બધા સંસારી જ છે. ત્યાં સુધીના સર્વ વિષયોમાં જ વિહાર કરનારા હોવાથી અનાદિ કર્તાને કેવી રીતે જાણી શકે ?**

## ભાવાર્થ

સર્જનહારે જે અંશો બનાવ્યા છે તેમને પણ પોતાની અલગ વિભૂતિ પ્રદાન કરેલી છે. અક્કલ, આરત અને સુરતા એ ત્રણ અંશની પોતાની આંતરિક શક્તિ છે. જેનો

ક્ષય ત્યારે જ થાય છે કે જ્યારે દેહ ભંગ થાય છે. એટલે કે, જ્યારે પોતાના હીર રૂપી વીર્યને ગુમાવે છે. જ્યારે સ્ત્રી સાથેના જાતીય સંબંધો માણવાનો અવસર પ્રાપ્ત થાય છે ત્યારે અંશની શક્તિ હણાય છે. પછી તેની પોતાની નિજ જાણ વિસ્મૃતિ પામે છે.

આવું જ કાંઈક આદિ પુરુષ નિરંજન, આદ્યશક્તિ, બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવનું પણ બન્યું છે. નિરંજને આદ્યશક્તિનો સાથ લીધો તો બ્રહ્માજીએ સાવિત્રી, વિષ્ણુએ લક્ષ્મી અને શંકરે પાર્વતીનો સાથ લીધો. આ રીતે જીવન જીવીને પોતે સાંસારિક સંબંધોથી યુગલ બન્યા. જેથી તેઓ પણ વિષયોમાં જ વિહાર કરતા હોવાથી પોતાની નિજ જાણને વીસરી ગયા અને તેથી અનાદિ કર્તાની પણ જાણ રહેવા પામી નહીં.

**પરંપરા તીનકી એક એકસે, દેવ મનુષ અબ લગહી;**
**બિનું વૈરાગ જ્ઞાનકી ગતિયાં, અંધ સકલ સબ જગહી. ૩૮**

### શબ્દાર્થ

**પરંપરા** = અનુક્રમે, ઉત્તરોત્તર, પ્રણાલી **તીનકી** = તેઓની **એક એકસે** = એકને જોઈ બીજા કરે, બીજાનું અનુકરણ **દેવ** = દેવો **મનુષ** = મનુષ્યો **અબ લગહી** = અત્યાર સુધી **બિનું** = સિવાય, વગર **વૈરાગ** = સંસાર પ્રત્યે અનાસક્તિ, વાસનાનો ક્ષય, વિરક્તપણું **જ્ઞાનકી** = જ્ઞાનની **ગતિયાં** = ગતિ, સમજ **અંધ** = આંધળો, અજ્ઞાની, નેત્રહિન, **સકલ સબ** = બધા જ, તમામ, **જગહી** = જગતમાં, જગત.

### અનુવાદ

**તેઓની પરંપરા પ્રમાણે એકબીજાનું અનુકરણ કરી દેવો અને માનવો સર્વ અત્યાર સુધી વૈરાગ અને જ્ઞાનની સમજ વગરના અંધ રહેલા છે.**

### ભાવાર્થ

દુનિયાની વૃદ્ધિનો ક્રમ જ્યારથી ચાલુ થયો તે સૃષ્ટિના પ્રારંભના સમયથી ચાલી આવેલી સાંસારિક યુગલ પ્રથાનાં રિવાજ મુજબ એકનું જોઈને બીજો કરે તેવી ઉત્તરોત્તર ઘટમાળ ચાલુ રહી છે. જે અત્યાર સુધી વણથંભી ચાલ્યાં જ કરે છે. જેમાં માનવ, દેવ અને દાનવ કોઈ બાકાત રહેવા પામ્યું નથી. માયાનું વિકરાળ સ્વરૂપ ગમે તે બહાને કોઈને પણ પોતાના પંજામાંથી છોડતું નથી. દેવોને દેવીનાં સ્વરૂપે તો

યોગીને યોગિની સ્વરૂપે, ઋષિઓને ઋષિમાતાના સ્વરૂપે, રાજાને રાણીનાં સ્વરૂપે, ભિખારીને ભિખારણનાં સ્વરૂપે, લોભીને સંપત્તિનાં સ્વરૂપે એમ અલગ-અલગ સ્વરૂપો બદલી માયા તેનું કાર્ય કર્યા જ જાય છે.

વૈરાગનો અભાવ અર્થાત્ કામોત્તેજક વૃત્તિની આસક્તિ વધતાં દેવ અને માનવો સર્વની કલ્યાણની પ્રવૃત્તિમાં અવરોધ ઊભો થવા માંડ્યો. સર્વ અંશો પરમતત્ત્વની સમજથી દૂર થવા માંડ્યા. એટલે અજ્ઞાનતા અર્થાત્ સત્ય જ્ઞાનના અભાવે સંસારમાં આંધળું અનુકરણ ચાલું જ રહ્યું.

જગતમાં માનવો સહિત દેવતાઓ પણ ગૃહસ્થી જીવન જીવતા હોવાથી વિષય વાસનાઓમાં બંધન વશ થયા. પરિણામે માયાનો ત્યાગ કરી શક્યા નહીં. જ્યાં સુધી વૈરાગની વૃત્તિ હ્રદયમાં જાગે નહીં ત્યાં સુધી સત્ય જ્ઞાન સમજવાની સ્થિતિ ઊભી થઈ શકતી નથી. જ્ઞાન અને વૈરાગ બંને પૂરક સંબંધો ધરાવતા હોવાથી બંનેનો અભાવ જણાતાં, ઇંદ્રિયોના ભોગવૈભવમાંથી અનાસક્ત થયા સિવાયના જગતના સર્વ અજ્ઞાની જીવ અંધદશા ભોગવવા લાગ્યા.

**અંધે અંધ અનાદ્ય આદ્યકે, એ ભવ ભરમ ભૂલાંને;**
**જબત્યે તે અબલગ લ્યૌ કોઉને, નિજ કરતાર ન જાને. ૩૯**

### શબ્દાર્થ

**અંધે અંધ** = આંધળે આંધળા, જ્ઞાન વિનાના અજ્ઞાન, **અનાદ્ય આદ્યકે** = આદિ અનાદિથી **એ** = એ **ભવ** = વિશ્વમાં **ભરમ** = ભ્રમણાયુક્ત **ભુલાંને** = ભૂલા પડેલા છે **જબત્યે** = જ્યારથી **તે અબલગ લ્યૌ** = અત્યાર સુધી **કોઉને** = કોઈએ પણ **નિજ કરતાર** = ખુદ સર્જનહાર, સ્વયં કર્તા, **ન** = નહીં, નથી **જાને** = જાણ્યા.

### અનુવાદ

**આદિ અનાદિથી આંધળે આંધળું ચાલતાં આ જગત જ્યારથી ભ્રમણામાં ભૂલું પડેલું છે ત્યારથી અત્યાર સુધી કોઈએ નિજ કર્તાને જાણ્યા નથી.**

### ભાવાર્થ

સૃષ્ટિના પ્રારંભથી જ પાંચમા મુખના છેદન બાદ પ્રકૃતિની સાથેના સાંસારિક

સંબંધોને કારણે ખુદ બ્રહ્માજી પણ પરમપદના જ્ઞાનને વિસ્મૃતિ પામ્યા હતા, જેથી તેઓ પણ નિજ કર્તા અંગેના યોગ્ય જ્ઞાનને જગતમાં જણાવી ન શક્યા. તેથી જ ચાર મુખ દ્વારા ચાર વેદની વાણીનો વિલાસ કરીને જગતને બ્રહ્મની સર્વોપરીતામાં જ સર્વનું સુખ સમાયેલું છે તેમ અનુરોધ કર્યો હતો. વેદના અભ્યાસી શાસ્ત્રકારો, ધર્માચાર્યો, કથાકારો, પુરાણના વક્તા વગેરેએ પણ અગાઉથી ચાલી આવેલી પરંપરા અને પ્રણાલિકાને જ મહત્વ આપી પોતાની સૂઝ મુજબ આગવી વિચારધારાઓ તેમજ પંથોનું નિર્માણ કરીને જગતને પીરસ્યું છે.

આમ, પ્રથમથી જ ભ્રમણાયુક્ત જ્ઞાનને જગતમાં દર્શાવામાં આવ્યું અને આંધળે આંધળાં બધાએ સત્યાસત્યનો નિર્ણય કર્યા વિના અનુકરણ કરીને સમગ્ર જગતને ભૂલું પાડ્યું છે. આદિથી માંડીને અત્યાર સુધી બધા જ મહાપુરુષોએ સાચા સર્જનહારના પરમપદને ન જાણી શકવાથી પોતે અવળા માર્ગે ગમન કરીને સંસારને પણ ભૂલા પાડવાનું કાર્ય કર્યું છે. આમ અજ્ઞાનરૂપી અંધકારમાં ભૂલા પડેલા જીવ આંધળે આંધળો વ્યવહાર કરી રહ્યા છે.

**નિજ કરતાર લહનકી જેહી ગમ, પરમગુરુ બિન નાંહી;**
**વીતે કલ્પ જાય ભવ આવત, બહોરુ રહત ખુદ જાંહી. ૪૦**

### શબ્દાર્થ

**નિજ કરતાર** = ખુદ કર્તાને, સાચા સર્જનહારને, જેણે સ્વયં રચના કરી છે તેવા રચનારને **લહનકી** = ઓળખવાની ઓળખાવવાની **જેહી** = જે **ગમ** = જ્ઞાન, સમજ **પરમગુરુ** = પરમગુરુ, કર્તાના સાંનિધ્યમાં રહેનારા પરમ વિશેષ પાટવી અંશ, કૈવલવેત્તા, **બિન** = વગર, સિવાય **નાહી** = નથી **વીતે** = પસાર થાય, પૂર્ણ થાય **કલ્પ** = કલ્પ, સમયગાળો, બ્રહ્માના એક દિવસ, ૪૩,૨૦,૦૦,૦૦૦૦ વર્ષનો સમયગાળો **જાય** = પુરો થતાં **ભવ** = ભવમાં, વિશ્વમાં **આવત** = આવે છે **બહોરુ** = તે સિવાયના સમયે, ત્યારબાદ **રહત** = રહે છે **ખુદ** = માલિક નિજકર્તા **જાંહી** = જ્યાં રહે છે ત્યાં.

### અનુવાદ

**નિજકર્તા ને જાણવાની ગમ પરમગુરુ સિવાય મળે નહીં. કલ્પ વીતી જાય ત્યારે વિશ્વમાં આવે છે ત્યારબાદ નિજ કર્તા જ્યાં છે ત્યાં રહે છે.**

## ભાવાર્થ

જગતમાં જ્ઞાનનો ઠેકો લઈને બેઠેલા ગુરુઓનો કોઈ પાર નથી. અન્ય કરતાં થોડી પણ સમજ વિશેષ છે તેમ પોતાને જણાય એટલે ગુરુનું પદ ધારણ કરીને વિશ્વમાં પુજાવાનું ચાલુ કરી દે છે. જ્ઞાન વિનાની આંધળી પ્રજા તો અંધશ્રદ્ધા અને ભ્રમણાયુક્ત પદાર્થોની લાલચમાં સમર્પણ થવામાં જરાપણ વિચાર કરતી જ નથી. બાહ્ય આડંબરો અને શક્તિ પ્રદર્શનથી નહીં, પરંતુ સત્યજ્ઞાનના આધારે જો પરખ કરવામાં આવે તો પ્રોક્ષ, તાય, સત અને પરમગુરુ એમ ચાર પ્રકારના ગુરુ કહેવાય. જેમાં પ્રોક્ષ અને તાય ગુરુ ચાર પ્રકારની મુક્તિની વાતો દર્શાવીને કર્મકાંડ કરાવી જગતને બ્રહ્માંડની અંદરને અંદર જ રમાડે છે. સતગુરુ પોતાના ચૈતનઅંશની ઓળખ કરાવે છે. જ્યારે પરમગુરુ અંશને નિર્મળ કરી અંશી સાથે મેળાપ કરાવી આપવા સક્ષમ અને સમર્થ છે.

વિશ્વમાં પરમગુરુનું આગમન સર્જનહારની આજ્ઞાથી કલ્પમાં એક વખત થાય છે. પોતે પરમ વિશેષ પાટવી અંશ હોઈ સર્જનહાર તેમને સદાને માટે પોતાના સાંનિધ્યમાં જ રાખે છે. સર્જનહાર પોતાના બનાવેલા વિશ્વમાં કદી આવતા નથી, પરંતુ જ્યારે સર્જનહારને લાગે કે અજ્ઞાનવશ અંશો દુઃખી થઈને જન્મમરણનાં ભવ દુઃખમાં ભટક્યા કરે છે. ત્યારે પોતાના દૂતને પાઠવીને જગતમાં કૈવલજ્ઞાનનો લક્ષ આપી અંશોને જન્મમરણનાં દુઃખમાંથી મુક્ત કરીને પંચમી અખંડ કૈવલમુક્તિ આપવાના કાર્ય માટે કલ્પમાં એક વખત મોકલે છે. વિશ્વના સર્જનહારનો લક્ષ પ્રાપ્ત કરવો હોય તો વિશ્વમાં પરમગુરુનું શરણું સ્વીકારવું અનિવાર્ય છે. પોતાને સોંપેલાં કાર્યને વફાદારીપૂર્વક પૂર્ણ કરીને તેઓ પાછા સર્જનહાર જ્યાં સદાને માટે બિરાજમાન છે તેવા બ્રહ્મની મધ્યે રહેલા કૈવલધામમાં જાય છે અને સર્જનહારના સાંનિધ્યમાં જ રહે છે.

**જેહી ખુદકે નિજ અરસ પરસકે, પરમ અંશ પરમેતિ;**
**તેહી લહત હે ગતી અલખકી, ઓર સબનકી નેતિ. ૪૧**

### શબ્દાર્થ

**જેહી** = જે, તેઓ **ખુદકે** = માલિકની, કર્તાની સર્જનહારની **નિજ** = પોતે, સ્વયં, ખુદ **અરસ પરસકે** = અરસપરસ, એકમેક, **પરમ અંશ** = પરમ વિશેષ પાટવી અંશ **પરમેતિ** = શ્રેષ્ઠ

ગતિવાળા, **તેહી** = તેઓ **લહત હે** = જાણે છે **ગતી** = સમજ, જ્ઞાન **અલખકી** = સર્જનહારની, કર્તા પદની **ઓર** = વળી, અને **સબનકી** = બીજા બધાય, તમામ, સર્વ **નેતિ** = અપૂર્ણ, અધરું, જેનો કોઈ અંત નથી તેવી સમજ ધરાવતા.

## અનુવાદ

**પરમ વિશેષ પાટવી અંશ કે જેઓ ખુદ કર્તા સાથે એકમેક હોઈ શ્રેષ્ઠ ગતિવાળા છે. તેઓ અલખની (કર્તાપદની) ગતિને જાણે છે જ્યારે અન્ય સર્વ નેતિ પોકારે છે.**

## ભાવાર્થ

પરમગુરુ પરમવિશેષ અંશોમાં સૌથી મોટા હોઈ સર્જનહારે તેમને બધા કરતાં વિશેષ ગતિ પ્રદાન કરી છે. સોળ વિભૂતિ, નવ બુદ્ધિ અને જગતની બધી જ કરુણાઓ બક્ષીને અંશ-અંશીનો લક્ષ આપવા માટે આ વિશ્વમાં મોકલ્યા છે.

કર્તા તો પોતે સર્વજ્ઞ હોઈ તેમનું ઐશ્વર્ય સર્વદેશી છે. વળી, તેમનું સર્વજ્ઞ મહદ્ હંગ છે. સર્જનહારની સર્વજ્ઞ જે જાણ છે તેનું જ નામ હંગ છે. તે જ રીતે દરેક અંશોનું પણ વત્તાં ઓછી વિભૂતિના આધારે અલ્પજ્ઞ અકર્તા હંગ રહેલું છે. આમ, દરેક અંશની દૃષ્ટિ, અલ્પજ્ઞ જાણ, બાહ્યવૃત્તિ, બાહ્યગતિ એ બધું હંગને ઉદ્દેશીને રહેલું છે. અંશ હંગ વડે જ બ્રહ્માંડની સઘળી રચનામાં જે કાંઈ જાણવાનું છે તે જાણે છે. અંશની પોતાના ઓહંગની એકતા પ્રણવ સાથે રહેલી છે જ્યારે મહદ્ સર્વજ્ઞ જાણ ધરાવતા કર્તાના હંગની એકતા સોહંગ પ્રણવ સાથે જોડાયેલી છે. આ પ્રમાણે કર્તાથી જુદા હોવા છતાં અરસપરસ હંગની એકતા સાધીને ચૈતન સ્વરૂપે સર્જનહારની કરેલી ભજન, સ્મરણ, સ્તુતિ કૈવલકર્તાને અંગીકૃત થાય છે. અંશ જ્યારે પોતાના શુદ્ધ નિર્મળ હંગને કર્તાના હંગ સાથે જોડે ત્યારે જ આ બધું શક્ય બને છે.

જ્યારે પરમ વિશેષ પાટવી અંશ તો કદી માયામાં લુપ્ત થયા નથી. તે તો સદાને માટે પોતાની નિજ જાણને સર્જનહારની સર્વજ્ઞ જાણ સાથે જોડીને જ અલંગ-સલંગ રહેતા હોય છે. જેથી તેઓ કદી પણ પોતાની જાણ વિસ્મૃતિ પામતા નથી કે તેમને કોઈ ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરવા જવું પડતું નથી. તેથી તેઓ સર્જનહારના પરમલક્ષને દુનિયામાં કલ્પે-કલ્પે આવીને આપી શકે છે.

વળી, અગાઉ સૃષ્ટિના પ્રારંભના પરમવિશેષ અંશ એવા નિરંજન અને વિશેષ અંશો એવા મહાન દેવતાઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની આદ્ય લઈ સર્વએ પોતાની

જાણને સંસારી બનવાથી ગુમાવી દીધી, તેથી તો તેઓએ પરમપદ માટે 'નેતિ' પોકારી છે.

**સોહી પરમ નિજ અંશ અલખ કે, નવીન ચિન કયાહા લાવે;**
**પંચ તત્ત્વ કે શરીર સબનકુ, કવન લક્ષ લખ પાવે. ૪૨**

### શબ્દાર્થ

**સોહી** = તેઓ **પરમ** = પરમ, પાટવી, સૌથી મોટા **નિજ** = પોતે **અંશ** = અંશ કર્તાની સજાણજાણ **અલખકે** = અખિલ બ્રહ્માંડમાં સર્જનહારના **નવીન** = જુદું, નવું વિશેષ **ચિન** = ચિહ્ન, નિશાની **કયાહા** = કર્યું ? **લાવે** = લાવ્યા **પંચ તત્ત્વ કે** = પાંચ મહા તત્ત્વો : પુથ્વી, જળ, આકાશ, તેજ અને વાયુનું શરીર, દેહ **શરીર** = ઘાટ **સબનકુ** = બધાયનો, સર્વનો **કવન** = કયો, કોનો **લક્ષ** = લક્ષ, જ્ઞાન, સમજ, મર્મ, **લખપાવે** = લખાવી શકે, સમજાવી શકે, જણાવી શકે.

### અનુવાદ

**તે નિજ કર્તાના પરમ વિશેષ પાટવી અંશ તરીકે કયું નવીન ચિન્હ લાવ્યા છે ? સર્વનાં જેવો પંચ તત્ત્વનો દેહ છે તો કયો વિશેષ લક્ષ સમજાવી શકે ?**

### ભાવાર્થ

કોઈ પ્રતિવાદી વિચારધારા ધરાવતી વ્યક્તિ જો એમ કહે કે નિજ કૈવલકર્તાના તેઓ જો પરમવિશેષ પાટવી અંશ તો જગતથી ભિન્ન કોઈ નવીન નિશાની ધારણ કરીને કે લઈને કેમ આવ્યા નથી ? વળી તેઓએ પ્રગટ દિવ્યદેહ ધારણ કરેલો છે તો પછી જોવામાં તો બધાયના સમાન પંચ ભૌતિક શરીરવાળા જ જણાય છે તો તેવા દેહે આ વિશ્વમાં તેઓએ કયો નવીન લક્ષ દર્શાવ્યો છે ?

**સુનો તેહુનકે ફરક લક્ષકી, પરમ અંશકે જેહી;**
**જીનકી ગતિ અથાહ થાહ બિન, કતા લખનકી તેહી. ૪૩**

### શબ્દાર્થ

**સુનો** = સાંભળો **તેહુનકે** = તેમની **ફરક** = તફાવત **લક્ષકી** = લક્ષનો, મતનો, **પરમ** = પરમગુરુના,

પરમવિશેષ **અંશ કે** = અંશનો **જેહી** = જે **જીનકી** = તેમની **ગતિ** = સમજ, જ્ઞાન, **અથાહ** = અપરંપાર, અનહદ, વારપાર **થાહ બિન** = હદ વગર, પાર ન પામી શકાય તેવી **કતા** = સર્જનહાર, રચનાર **લખનકી** = લક્ષની **તેહી** = તે જ, તેઓ જ.

## અનુવાદ

**પરમવિશેષ પાટવી અંશના લક્ષનો તફાવત કહું છું તે શ્રવણ કરો. તેમની ગતિ અપરંપાર હોઈ તેનો પાર પામી શકાય તેમ નથી. કારણ કે, તેઓ જ માત્ર કર્તાના લક્ષને જણાવે છે.**

## ભાવાર્થ

પરમવિશેષ અંશોમાં સૌથી મોટા એવા પરમગુરુ અને અખિલ બ્રહ્માંડના પરમ વિશેષ અંશો, વિશેષ અંશ અને સામાન્ય અંશોની ગતિ વચ્ચે ઝાકળ બિંદુ અને સમુદ્રનાં અગાધ જળ જેટલો તફાવત પણ કહેવું ભૂલ ભરેલું કહેવાય. કારણ કે, તેમની ગતિનો કોઈ પાર પામી શકે તેમ નથી એટલી અપરંપાર અને અગાધ ગતિ છે

મહામંડ ઈંડમાં સામાન્ય અંશો તો અલ્પજ્ઞ અને જ્ઞાનના અંધ છે. બે પરમવિશેષ અંશો પૈકીના નિરંજન પુરુષ અને નાભિ નારાયણ કર્તાના લક્ષથી અજાણ છે. જ્યારે વિશેષ અંશો પણ માયાનો સાથ મેળવ્યા પછી તેમની જાણ (વૃત્તિ) વિસ્મૃતિ પામતાં સૃષ્ટિના સર્જનહાર દ્વારા રચાયેલ અખિલ બ્રહ્માંડની રચનાની માહિતી આપી છે અને બ્રહ્મને સર્વોપરી સ્થાપીને પરમપદ માટે ‘નેતિ’ પોકારી છે. એવા પરમપદ માટે પોતે અજાણ છે તેવું સ્વીકારીને રચના અંગે જ જગતને જ્ઞાન બોધ આપ્યો છે જ્યારે તેમાં રચનાર અધ્યાહાર રહેલા છે.

વિશ્વમાં સર્જનહારની ઓળખ આપનાર અને દરેક પ્રકારના અંશોને કૈવલજ્ઞાનનો બોધ આપી સાચા સર્જનહાર સાથે મેળાપ કરાવી શકે તેવા સમર્થ એકમાત્ર દિવ્ય પરમગુરુ જ છે.

**સકલ સિદ્ધાંત ન્યાય કે નરણીત, જીનું અંત અવિલોકી;**
**નિજ કરતાર સાર બિનું સબહી, દેવનહાર ઉવેકી. ૪૪**

### શબ્દાર્થ

**સકલ** = બધા જ, સર્વ **સિદ્ધાંત** = મતો, માન્યતાના આધારે નક્કી કરેલ વિચારાધારા, ધર્મ, સંપ્રદાય **ન્યાય કે** = ન્યાયપૂર્વક **નરણીત** = નિર્ણય કરીને **જીનું** = જેનો, તેઓનો **અંત** = આખરનું પદ, છેવટનો સાર, **અવિલોકી** = અવલોકન કરીને **નિજ કરતાર** = આદિ સર્જનહાર, મૂળ માલિક **સાર બિનું** = વિત્ત વગરના, જાણ વગરના, **સબહી** = બધા જ **દેવનહાર** = જ્ઞાન આપવાવાળાને **ઉવેકી** = ઉત્થાપન કરે છે.

## અનુવાદ

**સર્વ સિદ્ધાંતના છેવટના સારનું અવલોકન કરીને નિર્ણય કર્યા બાદ સર્જનહારની જાણ સિવાય જ્ઞાન આપવાવાળા બધાયનું ઉત્થાપન કર્યું છે.**

## ભાવાર્થ

પરમગુરુ કૈવલધામમાંથી નીકળીને જે ઈંડોમાં સૃષ્ટિનો વિકાસ થયો નથી તેવા ઈંડોને છોડીને મહીમંડ ઈંડમાં આવ્યા. ત્યાં સૌ પ્રથમ નિરંજન ધામમાં પ્રવેશ કર્યા પછી અંતરિક્ષના અલગ-અલગ દૈવીઈધામોમાં વિચરણ કરીને કૈવલજ્ઞાનનો ઉપદેશ કર્યો છે. ત્યારબાદ પૃથ્વી પરના દ્વીપોમાં આવ્યા. પોતાની દિવ્ય દૃષ્ટિથી નિહાળ્યું કે સમગ્ર માનવો મુખ્યત્ત્વે સગુણ અને નિર્ગુણમાં અટકી રહ્યા છે છતાં વિશ્વમાં જેટલા પેટા મતપંથો હતા તે દરેકની અંતિમ હદ એટલે કે, આખરના પદનું અવિલોકન કર્યું. વળી, સર્વ સિદ્ધાંતોના છેવટના સારને ન્યાયપૂર્વક તપાસીને યોગ્ય અને તટસ્થ નિર્ણાયક તરીકે નિર્ણય લઈને જે જે સિદ્ધાંતો સર્જનહારના જ્ઞાન સિવાયના હતા તે બધા જ સિદ્ધાંતોનું ઉત્થાપન કરે છે.

**મહોબત રખે ન કિનું કોહુનકી, બ્રહ્માદિક ભવભરકી;**
**જીનકી પહોંચ ન પરમ નેતિપદ, ક્તા ચિન સરભરકી. ૪૫**

### શબ્દાર્થ

**મહોબત** = શરમ, અધિકતાઈ **રખે** = રાખી **ન** = નહીં **કિનુ** = કોઈ, જરાપણ **કોહુનકી** = કોઈની **બ્રહ્માદિક** = બ્રહ્મા વગેરે **ભવભરકી** = જગતભરની **જીનકી** = જેઓની **પહોંચ** = ગતિ, સમજ, જ્ઞાન **ન** = નહીં, ન હતી **પરમ** = શ્રેષ્ઠ, મહાન, પરે, પાર **નેતીપદ** = નેતિ પોકારાયેલ, પદ માટે **ક્તા** = સર્જનહાર

**ચિન** = ઓળખવા **સરભરકી** = સરખું, સહેજ, જરાપણ.

## અનુવાદ

**જેમને શ્રેષ્ઠ નેતિપદની જાણ નથી તેમજ જેમણે કર્તાને સહેજપણ ઓળખ્યા નથી તેવા બ્રહ્માજીથી લઈને જગતભરના કોઈની સહેજ પણ શરમ રાખી નથી.**

## ભાવાર્થ

સંસારમાં સૌ કોઈને મોટા થવું ગમે છે. પોતાની વાહ વાહ થાય અને સામાન્ય પ્રજામાં એક મહાન વ્યક્તિ તરીકેની પ્રશંસા થાય તે માટે નાનામોટા પદ ઉપર પોતાની સત્તા ભોગવતી મોટાભાગની વ્યક્તિ ચાહના રાખતી હોય છે. ભલે પછી તે રાજકીય વર્તુળમાં હોય કે ધર્મ જગતમાં હોય, આ તો માનવીમાં એક સર્વ સામાન્ય દુર્ગુણ ફૂલ્યો ફાલ્યો છે

વિશ્વના પ્રારંભે જ બ્રહ્માજીએ પોતાના ચાર વેદમાં જે પદની જાણ વિસ્મૃતિ પામ્યા પછી નેતિનો પોકાર કર્યો છે. એવા નેતિ પદ માટે અજાણપણું દર્શાવીને બ્રહ્મને સર્વોપરિતાના પદે સ્થાપીને જ્ઞાન બોધ કર્યો. ત્યાર પછીના થયેલા વિદ્વાન શાસ્ત્રકારો, ધર્માચાર્યો અને પૌરાણિક વાર્તાઓના લખનાર વ્યાસજી વગેરે પોતાની સમજ મુજબ વેદને આધારે અલગ-અલગ વિચારસરણી દર્શાવી છે. જેથી સંસારમાં સગુણ અવતારાદિક પુરુષોનું આકર્ષણ વધવા માંડ્યું. સમય જતાં સાધનાથી સિદ્ધિ પ્રાપ્ત કરેલ માનવોએ પોતાની આગવી પ્રતિભા દર્શાવીને સમાજમાં પરમેશ્વરનું સ્થાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો છે. બ્રહ્માજીએ જે પદ માટે નેતિ પોકારી છે તેવા સર્જનહારના પરમપદ માટે પોતે પણ દાવેદાર છે તેવું ખોટું ઠરાવીને પ્રજાને અવળે માર્ગે વાળી છે. આવા ઢોંગી ધર્મગુરુઓ અને ધર્માચાર્યો સહિત જુદા જુદા મતપંથોના સ્થાપકો દ્વારા સ્થાપિત વિવિધ સિદ્ધાંતોના અંતિમ રહસ્યને ખુલ્લું પાડી પરમગુરુએ બ્રહ્માજીની આદ્ય લઈ જગતભરના કોઈની પણ સહેજ શરમ રાખ્યા સિવાય તેવી વ્યક્તિઓનું અને તેમની ઉપાસનાઓનું ઉત્થાપન કર્યું છે. જે કાર્યમાં તેમણે કોઈ પણ પ્રકારની કોઈની પણ શરમ રાખ્યા સિવાય જે સાચુ અને યથાર્થ હતું તેને ન્યાયપૂર્વક એક તટસ્થ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવીને ખંડન કરી ખુલ્લા પાડ્યા છે.

**તેહી સબનકુ નિષ્ટ કરન જેહી, ક્તા ન્યાવ નરણાવે;**
**જીનકી પેજ ન પરે પીછોરી, પરમ અંશ તેહી કહાવે. ૪૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **સબનકુ** = બધાને **નિષ્ટ** = નષ્ટ, નાબૂદ, નાશ, પરાજિત **કરન જેહી** = કરવા માટે, કરીને **ક્તા** = સર્જનહારનો **ન્યાવ** = ન્યાયપૂર્વક **નરણાવે** = નિર્ણય કરીને દર્શાવે, નિર્ણય કરાવે **જીનકી** = તેઓની **પેજ** = યુક્ત, સમજ, જ્ઞાનને **ન પરે** = ન કરી શકે, ન પાડી શકે **પીછોરી** = પરાસ્ત, હરાવી, પાછુ **પરમ અંશ** = પરજવિશેષ અંશ રૂપ પરમગુરુ **તેહી** = તેઓ **કહાવે** = કહી શકાય, કહેવાય.

### અનુવાદ

**તે બધાને નષ્ટ કરીને કર્તાનો ન્યાયપૂર્વક નિર્ણય કરાવે છે અને જેમની જ્ઞાન યુક્ત સમજને કોઈ પરાસ્ત કરી ન શકે તેમને તો પરમ વિશેષ અંશ કહેવાય.**

### ભાવાર્થ

વિશ્વમાં પોતાની જાતે બનાવટી ભગવાન થઈને વર્ચસ્વ પામેલા હોય અથવા કોઈકે તેમને ભગવાન છે તેમ કહીને સ્થાપિત કરેલા હોય એવા બધા જ ધર્મો અને સિદ્ધાંતોની ભ્રમણાયુક્ત માન્યતાઓનું ખંડન કર્યું છે. વળી ન્યાયપૂર્વક નિર્ણય કરીને તેમની માન્યતા ભૂલ ભરેલી છે અને સર્જનહારના લક્ષ પ્રત્યે અધૂરી છે તેવી રજૂઆત કરી છે. વળી સર્જનહારનો ન્યાયપૂર્વક નિર્ણય કરાવવાવાળા કૈવલજ્ઞાનનો ગર્જનાયુક્ત ટહંકાર કર્યો છે. જેને વિશ્વમાં કોઈ પણ જ્ઞાની, પંડિત, ધર્માચાર્ય કે અવતારાદિક પુરુષો પરાજિત કરી શકે તેમ નથી. તેવા સમર્થ જ્ઞાનના દાતા જે હોય તેને જ પરમ વિશેષ અંશ રૂપ પરમગુરુ કહેવાય.

**પુનિ સબન પ્રાચીન પક્ષકી, ભિન્ન ભિન્ન કરતાઈ;**
**મહા ઉગ્ર અનુભવ ગતિ ગમસે, જીનું જેમ દેત દેખાઈ. ૪૭**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **સબન** = બધા **પ્રાચીન** = પુરાણા **પક્ષ કી** = માન્યતાઓની, પંથોની, ધર્મોની

**ભિન્ન ભિન્ન** = જુદી જુદી, અલગ અલગ **કરતાઈ** = કર્તાનું સ્થાપન કર્યું છે, પરમેશ્વર માન્યા છે, ભગવાનો ઊભા કર્યા છે **મહાઉગ્ર** = મહાન, તીવ્ર, અગાધ, ગાઢ **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, તારણ, સમજણ, શક્તિ, **ગતિ** = સમજ **ગમસે** = બુદ્ધિપૂર્વકની સૂઝથી **જીનું** = જેઓનું, તેઓનું **જેમ દેત** = જેમ છે તેમ, યથાર્થ, સાચે સાચું **દેત** = આપે છે, દે છે **દેખાઈ** = દેખાડીને, દેખાડે છે, બતાવે છે.

## અનુવાદ

**વળી સર્વ પ્રાચીન મતપક્ષોમાં જુદા-જુદા ભગવાનોને દર્શાવ્યા છે તેને મહા ઉગ્ર અનુભવ અને ગમ-ગતિથી જેમ છે તેમ દેખાડી દે છે.**

## ભાવાર્થ

વળી, સર્વ પ્રાચીન મતપંથોના સ્થાપિત આચાર્યોએ પોતાની વિચારસરણીમાં વેદનો આધાર લીધો છે. તેમ છતાં પોતાની અંગત બુદ્ધિ મુજબ જેટલી સૂઝ પડી તે મુજબનું અનુમાન કરીને પોતાને યોગ્ય લાગ્યા તેવા મહાપુરુષોને કે પદોને જગતના ઈષ્ટ સર્જનહાર તરીકેનું સ્થાપન કર્યું છે. આમ જગતમાં જુદા-જુદા ભગવાનોની લહાર ઊભી થઈ છે, જેમાં નેતિ પદથી પરે પરનેતિ સ્વરૂપે રહેલા સાચા સર્જનહારની ઉપેક્ષા કરીને બનાવટી ભગવાનને સ્થાપિત કર્યા છે.

પરમગુરુનું વિશ્વમાં આવવાનું આ જ કારણ છે, જેથી તેઓ પોતાના મહાન અતિ ઉગ્ર અનુભવ દ્વારા સર્જનહારે આપેલ સોળ વિભૂતિ, નવબુદ્ધિ તેમજ સઘળી કરુણાઓને પ્રતાપે દરેકે દરેક મત-પંથો અને ધર્મોની વિચારસરણીને તપાસીને અંતે જ્યાં અટક્યા છે તેની સમજને જગતમાં જેમ છે તેમ યથાર્થ ખુલ્લી પાડે છે. તેઓની માન્યતાઓનો ન્યાયપૂર્વક નિર્ણય કરીને નાશવંત અને શાશ્વતનો ભેદ દર્શાવીને જૂઠી અને પોકળ ભ્રમણા ભરેલી ભક્તિ અને ચાર પ્રકારની મુક્તિને પ્રાપ્ત કરવાની વાતોમાં કેટલી સચ્ચાઈ રહેલી છે. તેને ન્યાયપૂર્ણ રીતે જણાવે છે.

**આપ આપને સિદ્ધાંત સબનકુ, ન્યાય સહિત અરથાઈ;**
**જેહી જીનું મોક્ષ પદારથ કે પદ, તેહી તીનુ દેત પતાઈ. ૪૮**

### શબ્દાર્થ

**આપ આપને** = પોતપોતાના **સિદ્ધાંત** = મત, વિચારધારા, પંથ, સંપ્રદાય **સબનકુ** = સર્વ

જીવને **ન્યાય સહિત** = ન્યાયપૂર્વક **અરથાઈ** = ખરી પરિસ્થિતિ, સમજૂતી, ફળ, પરિણામ, અભિપ્રાય **જેહી** = જેઓ **જીનું** = પોતાનો **મોક્ષ** = મુક્તિ **પદારથ કે** = પદાર્થોના, રચનાના **પદ** = સ્થાન, ધામો, **તેહી** = તેને, તે **તીનું** = તેમને **દેત** = દે છે **પતાઈ** = યથાર્થ દર્શાવી.

## અનુવાદ

**પોતપોતાના સિદ્ધાંત મુજબ ન્યાયપૂર્વક ફળ બતાવી પોતપોતાની રચના પૈકીના ધામોમાં જવાથી મોક્ષ મળે છે તેમ દર્શાવે છે.**

## ભાવાર્થ

વિશ્વમાં દરેકે પોતપોતાનો સિદ્ધાંત પોતપોતાની વિચારધારાને દર્શાવીને પ્રસ્થાપિત કર્યો છે. દરેક ધર્મ, સંપ્રદાય કે મતપંથોના સ્થાપકો પોતાની ધાર્મિક માન્યતાઓ ન્યાયપૂર્વકની છે, તેવી સમજ દર્શાવીને પોતાના ધર્મના અનુયાયી વર્ગને અંતરિક્ષમાં રહેલા ધામો પૈકીના નિશ્ચિત કરેલા ધામમાં જવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે તેમ દર્શાવે છે. આ રીતે પોતે દર્શાવેલી ભક્તિ અને ઉપાસનાઓનું ફળ સાચુ જ, સાલોક, સામીપ્ય અને સાંનિધ્ય એમ ચાર પ્રકારની મુક્તિ પૈકીનો મોક્ષ પ્રાપ્ત કરીને જીવ દૈવી ધામોમાં પોતાના ઈષ્ટદેવને પ્રાપ્ત કરે છે તેવું દર્શાવીને જગતના જીવને પોતે પાથરેલી માયાજાળમાં અટકાવી રાખે છે.

**એહી પરકાર લખાવન જીનકુ, આચારજ ઉર હદકી;**
**તેહી સબનકી પાર લહન લખ, નિજ કરતાર હારદકી. ૪૯**

### શબ્દાર્થ

**અહી પરકાર** = એ પ્રકારે **લખાવન** = દર્શાવે છે **જીનકુ** = જેમને માનવીઓને **આચારજ** = ધર્માચાર્યો, ધર્મના સ્થાપકો, **ઉર** = હૃદયમાં **હદકી** = હદ અંગેની, હદવાળા, માપક **તેહી** = તેવા **સબનકી** = સર્વની **પાર** = પાર, આગળ, **લહન** = જાણે, જાણવું **લખ** = લક્ષ **નિજ કરતાર** = આદિ સર્જનહાર, સ્વયં કર્તા **હારદકી** = મર્મને, મતલબને, વિત્તને.

## અનુવાદ

**એ પ્રમાણે આચાર્યોના હૃદયમાં જે માપક હદવાળાની જાણ છે તે મુજબ માનવોને દર્શાવે છે. જ્યારે તે સર્વની પાર વિત્તરૂપે નિજકર્તાનો લક્ષ રહેલો છે તેમ જાણવું.**

## ભાવાર્થ

અગાઉના આચાર્યોએ અને વિધવિધ સંપ્રદાયોના આદ્ય સ્થાપકોએ જુદા જુદા સિદ્ધાંતો બતાવ્યા છે. તે તેઓના હૃદયમાં વેદના અભ્યાસ દ્વારા જેટલી સમજ પ્રાપ્ત કરી શક્યા તેટલી હદ સુધીનું જ્ઞાન જગતના જીવને આપવા પ્રયત્ન કર્યો છે, જેમાં અખિલ બ્રહ્માંડની અંદરની રચનાનું અને અંતરિક્ષના વિવિધ દૈવીધામો તથા તેના અધિપતિ દેવતાઓનું જ સ્થાપન કરેલું છે અને ચાર પ્રકારની મુક્તિનું ફળ દર્શાવેલું છે.

આ મુક્તિ તો જ્યાં સુધી પોતાના પુણ્યનું ફળ ભોગવીને પૂરું થઈ જાય ત્યાં સુધી જ ભોગવાતી હોય છે. પછીથી તે ધામોનું સુખ છોડીને અંશને પાછું મૃત્યુલોકમાં આવી જન્મમરણનો ક્રમ ભોગવવાનું ચાલુ થઈ જાય છે. તેથી અંશોને સંપૂર્ણ પણે અને કાયમને માટે મોક્ષની સ્થિતિ રહેવા પામતી નથી.

જ્યારે અખિલ બ્રહ્માંડ જેમાં વિકાસ પામ્યું છે તેવા સચરાચર વ્યાપક બ્રહ્મ જેનો પ્રકાશ છે, તેવા બ્રહ્મની મધ્યે રહેલા સમગ્ર રચના કારણરૂપ સર્જનહાર પોતાના કૈવલધામમાં સદાને માટે રહે છે. જેથી તેમનો પરમલક્ષ આપતા સકર્તા સિદ્ધાંતનું જ્ઞાન જગતના સર્વ સિદ્ધાંતોની હદથી પરે છે. કારણ કે, તે લક્ષને પ્રાપ્ત કર્યા પછી માનવનું જન્મમરણ રૂપ ભવસંકટ સદાને માટે ટળી જાય છે.

**જેહી હારદ કરતાર પરમકે, તુલ્ય નહીં કોઉ ઉનકી;**
**પોંચ શકે નહીં ગતિ જેહુનકી, પરમ અંશ બિનું કુનકી. ૫૦**

### શબ્દાર્થ

**જેહી** = તે જે **હારદ** = હાર્દ, સિદ્ધાંત, લક્ષ **કરતાર પરમ કે** = મહાન સર્જનહારની **તુલ્ય** = સરખામણી **નહીં** = નથી **કોઉ** = કોઈ પણ **ઉનકી** = તેઓની **પોંચ શકે નહીં** = પહોંચી શકે નહીં ત્યાં સુધી જઈ શકે નહીં **ગતિ** = સમજ, શક્તિ, અક્કલ, ચતુરાઈ, જ્ઞાન **જેહુનકી** = તેઓની, જેઓની, **પરમ અંશ** = પરમવિશેષ અંશ રૂપ, પરમ ગુરુ **બિનુ** = વગર **કુનકી** = કોઈની પણ.

### અનુવાદ

**સર્જનહારનો લક્ષ મહાન છે. તેમની તુલનામાં કોઈ લક્ષ આવી શકે તેમ નથી, વળી પરમગુરુ સિવાય કોઈની પણ સમજશક્તિ ત્યાં સુધી પહોંચી શકે તેમ નથી.**

## ભાવાર્થ

સર્જનહાર પોતાની રચનામાં કદી આવતા જ નથી. તેથી તેમની પ્રત્યક્ષ માહિતી કોઈ પ્રાપ્ત કરી શક્યું નથી. વળી તેઓ તો તત્ત્વાતીત, અજર અમર, અકળ, અવિનાશી, અજન્મા અને પરમ સર્વજ્ઞ સજાણજાણ સ્વરૂપે છે. તેઓ રૂપ અને અરૂપથી પણ પરે છે. એવા મહાન સર્જનહારનો લક્ષ અતિ ગૂઢ અને ગંભીર છે. તેમના લક્ષની તુલના સંસારની અન્ય કોઈ પણ વિચારધારા કે મતની સરખામણી સાથે કરી શકાય તેમ નથી. માટે જ અન્ય સિદ્ધાંતોના સ્થાપકો અને અન્ય આચાર્યોની સમજશક્તિ પરમપદ સુધી પહોંચી શકી નથી.

અખિલ બ્રહ્માંડમાં રહેલા સર્વ પરમ વિશેષ અંશોમાં જે મોટા છે તેવા પરમગુરુ સર્જનહારના સાંનિધ્યમાં રહેવાવાળા છે. જેમને સર્જનહાર પોતાના દૂત તરીકે કલ્પમાં એક વખત મોકલે છે. જેથી સર્જનહારનો લક્ષ અને તેમના પરમપદને જાણવું હોય તથા હૃદયમાં એવા પદને પામવા માટેનો વ્રેહ જાગ્યો હોય તો તેવા પરમ લક્ષને જણાવવાવાળા દિવ્ય પરમગુરુના શરણમાં જવું જોઈએ. કારણ કે, વિશ્વમાં એકમાત્ર પરમગુરુ જ પરમ લક્ષ જણાવી શકવા સમર્થ છે. તેમના સિવાય અન્ય કોઈ તે લક્ષને જણાવવા શક્તિમાન નથી.

**ઓરુ સકલ સબ જીવ જંતકે, પંચીકરણ લહનકે;**
**જેહી પરકાર ક્તાર રચે તન, તેહી પરકાર કહનકે. ૫૧**

### શબ્દાર્થ

**ઓરુ** = અને વળી **સકલ સબ** = બધા જ , તમામ , સર્વ મળીને **જીવ જંતકે** = જીવના દેહના **પંચીકરણ** = તત્ત્વોનું બંધારણ **લહનકે** = જાણી શકે છે **જેહી** = જે **પરકાર** = પ્રકારે **ક્તાર રચે** = કર્તાએ રચ્યા, સર્જનહારે બનાવ્યા **તન** = શરીર **તેહી પરકાર** = તે પ્રકારે **કહનકે** = કહે છે.

## અનુવાદ

**વળી સર્વ દેહના તત્ત્વોનું બંધારણ જાણતા હોવાથી જે પ્રમાણે કર્તાએ શરીરની રચના કરી છે તે પ્રકારે કહે છે.**

### ભાવાર્થ

પરમવિશેષ પાટવી અંશ સર્જનહારના સાંનિધ્યમાં રહેતા હોવાથી પ્રારંભમાં સર્જનહાર દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તિ સહિત ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટના બંધારણમાં તત્ત્વોનું મિશ્રણ કેવી રીતે કર્યું છે અને કયા કયા તત્ત્વો કેટલા પ્રમાણમાં ભેગા કરીને દરેક શરીર કેવી રીતે બનાવ્યા છે ? તેની સંપૂર્ણ માહિતી તેઓની જાણમાં છે. જ્યારે તેઓ બ્રહ્માંડમાં આવે છે ત્યારે તે પ્રકારની સઘળી માહિતી સંસારમાં દર્શાવે છે. આ નાશવંત તત્ત્વો કેવી રીતે ચૈતનવંત બને છે અને સર્જનહારનો સજાતિ ચૈતનઅંશ સમચૈતન પ્રણવના માધ્યમથી સર્વ જડ તત્ત્વોને કેવી રીતે ચૈતનવંત કરે છે ? જેથી સઘળા ગુણ - ઘણ ઇંદ્રિયો સહિત સમગ્ર શરીર ચેતનવંત બને છે. આ સઘળી માહિતી તેઓ જ જાણે છે. તેથી જ તેમણે સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરીને મૂળ ધર્મ પુસ્તક રૂપે 'પંચમ શ્વસમ વેદનું' નિરૂપણ કર્યું છે. તેમાં સર્વ રચનાના બંધારણની માહિતી સવિસ્તાર તેના ગુણધર્મો સહિત દર્શાવી છે.

**જો ન લહે ગત ક્રતા કરતકી, તો કરતાર ન બુઝે;**
**તેહી અંશ સબ અલ્પજ્ઞે ગત, આદ્ય અંત નવ સુઝે. ૫૨**

#### શબ્દાર્થ

**જો** = જે **ન લહે** = ન જાણે **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **ક્રતા કરતકી** = સર્જનહાર દ્વારા બનાવેલ સર્વ રચના અંગેની **તો** = તો **કરતાર** = સર્જનહારને પણ **ન** = નહીં **બુઝે** = સમજી શકે, ઓળખી શકે, **તેહી** = તેવા **અંશ** = અંશો **સબ** = બધા જ **અલ્પજ્ઞે ગત** = અલ્પજ્ઞ ગતિના, અજાણ, થોડી સમજ અને જ્ઞાન ધરાવતા **આદ્ય** = પ્રારંભની **અંત** = અંતની **નવ સુઝે** = માહિતી, જાણતા નથી સૂઝ પડતી નથી, ખબર પડતી નથી.

### અનુવાદ

**જેઓ સર્જનહારની રચેલી રચનાનું જ્ઞાન ધરાવતા નથી તેમજ કર્તાને પણ ઓળખી શકતા નથી, વળી જેમને આદ્ય અંતની માહિતી પણ નથી તેવા અંશો અલ્પજ્ઞ કહેવાય છે.**

### ભાવાર્થ

સર્જનહારે સમગ્ર બ્રહ્માંડમાં પોતાના શુદ્ધ સંકલ્પથી મહાન વિરાટની રચના કરીને

અંતરિક્ષમાં અલગ-અલગ ધામોની રચના કરી વહીવટ કરનારા દેવોને બેસાડ્યા છે. પૃથ્વીની રચના કરીને ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમના વિવિધતાવાળા અણુથી માંડી મહાઘાટ અને તેમાં પણ ચિત્રવિચિત્ર શરીર બનાવ્યા છે. વળી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહની ઉત્પત્તિ કરીને તેમાં સામાન્ય વિશેષ અને પરમ વિશેષ અંશોને મૂક્યાં છે. આવી અદ્‌ભુત અને કળ્યામાં ન આવી શકે તેવી રચનાને ન જાણવાથી તેના બનાવનાર પ્રત્યે પણ અહોભાવ પ્રગટ થતો નથી. તેના કારણે આવી મહાન સૃષ્ટિના રચનારને પણ ઓળખી શકતા નથી. વળી, સૃષ્ટિના પ્રારંભની અને સૃષ્ટિના અંતની તથા ઘાટની ઉત્પત્તિની અને ઘાટની અવધિની ગોઠવણ પણ જે ગુપ્ત રહેલી છે તેને પણ જાણી ન શકનાર સર્વ અંશો જ્ઞાન પક્ષે અલ્પજ્ઞ કહેવાય.

**આદ્ય અંત મધ્યકે અનુભવકી, પરમ અંશ પહેચાને;**
**નિજ કરતાર હજુરી હુકમકે, સો ક્યૌ હોય અયાને. ૫૩**

### શબ્દાર્થ

**આદ્ય** = પ્રારંભ, **અંત** = અંત, સમાપ્તિ **મધ્યકે** = વિસ્તાર, પ્રસારની **અનુભવકી** = અનુભવના પ્રત્યક્ષ જ્ઞાન અંગેની માહિતી **પરમ અંશ** = પરમ વિશેષ પાટવી અંશ, પરમગુરુ **પહેચાને** = જાણે છે, ઓળખી શકે છે, સમજે છે **નિજ કરતાર** = આદિ સર્જનહારના, સ્વયં રચનારના **હજુરી** = સાથમાં રહેતા, સન્મુખ રહેનારા **હુકમકે** = હુકમને આધીન, આજ્ઞાંકિત, **સો** = તે **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **હોય** = હોય **અયાને** = અજાણ, જ્ઞાન વગરના, અજ્ઞાન.

### અનુવાદ

**આદ્ય, અંત અને મધ્યની માહિતી પરમગુરુ જાણે છે કારણ કે, તેઓ નિજ કર્તાના સાંનિધ્યમાં રહેવાવાળા આજ્ઞાંકિત હોઈ અજાણ્યું તેમનાથી શું હોય?**

### ભાવાર્થ

સર્જનહારે પ્રારંભમાં કઈ રીતે તત્ત્વોની રચના કરીને સૃષ્ટિ બનાવવાનો પ્રારંભ કર્યો ? તેમજ તેમાં કેવા કેવા તત્ત્વોની ગોઠવણ કરીને તે રચના વૃદ્ધિ પામી છે અને દરેક રચના તેમાં ભરાયેલા સંચ મુજબ મહાપ્રલયકાળે કેવી રીતે વિનાશ થાય

છે? તે સર્વ રચનાની આદ્ય, અંત અને મધ્યની ગતિને જાણે છે. કારણ કે, તેઓ સર્જનહારના સાંનિધ્યમાં સદાને માટે સર્જનહારના આજ્ઞાંકિત તરીકે કૈવલધામમાં રહેતા હોય છે. સઘળી રચનાના સાક્ષી મોજૂદ હોઈ તેમની જાણમાં બધી જ રચનાની માહિતી સમાયેલી છે.

**કહત સુગમ અનુભવકી ગતિયાં, સુનો સકલ સબ જનહી;**
**કારણ સો કારજમે દરશીત, કારજસે કારણહી. ૫૪**

### શબ્દાર્થ

**કહત** = કહે છે **સુગમ** = સરળ રીતે **અનુભવકી ગતિયાં** = પ્રત્યક્ષ જ્ઞાનની સમજ **સુનો** = સાંભળો **સકલ સબ જનહી** = બધી જ જાતિના માનવો **કારણ** = કારણરૂપે રહેલા કર્તા **સો** = તેતો **કારજમે** = કાર્યથી, રચનાથી **દરશીત** = દેખાઈ આવે, ઓળખી શકાય, અનુમાનિત થઈ શકે, જોવા મળે **કારજસે** = કાર્ય ઉપરથી રચનાના, સંદર્ભે **કારણહી** = કારણરૂપ સર્જનહારને ઓળખી શકાય.

### અનુવાદ

**અનુભવરૂપી જ્ઞાનની સમજ સરળ પડે તે રીતે કહું છું. તે સર્વ જાતિના માનવો તમો શ્રવણ કરો. જે કારણપદ છે તે કાર્યમાં દેખાય અને કાર્યથી કારણ જાણી શકાય છે.**

### ભાવાર્થ

સર્જનહાર અંગેની ગૂઢાર્થ ભરેલી અને ગહન વિષય ધરાવતી માહિતીને સહજ રીતે સમજવી ઘણી જ મુશ્કેલી છે, પરંતુ પરમગુરુએ આપણને સરળતાથી સમજ પડે તે રીતે દર્શાવવા પ્રયત્ન કર્યો છે. જેને માટે કોઈ જાતિ કે વર્ણ તેમજ લિંગનો પણ ભેદભાવ રાખ્યા સિવાય દરેકે તેને પ્રાપ્ત કરવાની અને સાંભળવાની હિમાયત કરવામાં આવી છે.

વ્યાવહારિક દુનિયામાં પણ ઘણી વખત આપણે અદ્ભુત રચનાને કે કોઈ પદાર્થને બજારમાં કે જાહેર પ્રદર્શનોમાં નિહાળીએ છીએ ત્યારે તેને બનાવનારની ચતુરાઈ અને બુદ્ધિના વખાણ કરતાં થાકતા નથી. આ જ રીતે વિશ્વની સઘળી રચના જ્યારે

આપણે નિહાળીએ અને માનવના ઘાટે તેનો આનંદ માણીએ છીએ ત્યારે જરૂર તેનાં બનાવનારની વિશેષતા, ચતુરાઈ અને સર્વજ્ઞતાના વખાણ કરવાનું તથા હૃદયમાં એવા કર્તા માટે અહોભાવ ધારણ કરવાનું ચૂકતા નથી.

વળી 'પિંડે સો બ્રહ્માંડે'નાં ન્યાયે આપણે આપણા શરીરની રચનાને પણ ધ્યાનથી નિહાળીએ તો તેમાં ત્રણ ઘટકો રહેલા છે એક નાશવંત તત્ત્વોવાળો દેહ, બીજું મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવતું સમચૈતન પ્રણવનું સ્વરૂપ અને ત્રીજું સર્વ સત્તાધીશ પૂર્ણ ચૈતનઅંશ કે જેની ચૈતનશક્તિથી સમગ્ર શરીર ચેતનવંત અને જીવિત રહે છે.

એ જ રીતે બ્રહ્માંડની રચનાને નિહાળીએ તો શરીરમાં જેમ સર્વોપરી ચૈતનઅંશ છે તેમ સમગ્ર નાશવંત રચના અને જેમાં પોષણ પામી છે તેવા સમચૈતન હીર રૂપે બ્રહ્મ તેમજ બ્રહ્મ જેનો પ્રકાશ છે તે પ્રકાશક સર્વજ્ઞ અને મહદ્ ચૈતન સર્જનહાર છે.

પરંતુ આ બધું ત્યારે જ સરળ બન્યું છે કે જ્યારે પરમગુરુ આ વિશ્વમાં પ્રગટ થઈને ગુપ્તજ્ઞાન હતુ તે પ્રસિદ્ધ કરીને સમસ્ત જીવનાં કલ્યાણ અને પરમાર્થનાં કાર્ય માટે કૈવલજ્ઞાનનો ગર્જનાયુક્ત ટંકાર કર્યો છે.

**મધ્ય સકલ સબ વ્રતત દેખીતવ, પ્રગટ નેંનકે આગુ;**
**વિવિધ ભાત વિચરન અનુરાગીત, પાગીત અલપ ઉમાગુ. ૫૫**

### શબ્દાર્થ

**મધ્ય** = પ્રસારામાં, પ્રારંભ અને અંત સમયના વચ્ચેના ગાળામાં, જીવન દરમિયાન, **સકલ સબ** = બધા જ, સર્વ, **વ્રતત** = વિચરણ કરે છે, વર્તે છે, જીવન વ્યતીત કરે છે **દેખીતવ** = જોઈને, નિહાળીને, દેખીને **પ્રગટ નેંનકે** = પ્રત્યક્ષ આંખોથી, ચર્મચક્ષુથી **આગુ** = પ્રત્યક્ષ, સામે, હાજર, આગળ **વિવિધ ભાત** = જાતજાતના, અલગ અલગ રીતે **વિચરન** = વર્તમાન કરે છે, ભટક્યા કરે છે **અનુરાગીત** = અનુરક્ત બની, પ્રેમપૂર્વકનું આસક્તપણુ **પાગીત** = મેળવવું, પાગલ, ઘેલા, પ્રાપ્ત કરવું **અલપ** = અલ્પ, ક્ષણિક **ઉમાગુ** = આનંદ, સંતોષ, ઉમંગ.

### અનુભવ

**સર્વ કોઈ પ્રત્યક્ષ ચક્ષુથી પોતાના સમક્ષ રહેલા પદાર્થોને નિહાળીને વ્યવહાર કરે છે અને ક્ષણિક સુખના આનંદમાં આસક્ત બની જુદી જુદી રીતે આચરણ કરે છે.**

## ભાવાર્થ

વિશ્વમાં સર્વ જાતિના દેહ ધરાવતા અંશો, પોતપોતાના પ્રત્યક્ષ ચક્ષુઓથી નેત્રોની સમક્ષ રહેલા પદાર્થો અને નાશવંત રચનાને નિહાળીને જન્મથી તે મૃત્યુ સુધીના સમય દરમિયાન વર્તમાન કરે છે. આ વર્તન દરમિયાન ભાતભાતની વિવિધતાવાળા પદાર્થોનો ક્ષણિક આનંદ મેળવીને તેમાં અનુરકત બની ઘેલા બનેલા છે, જેથી રચનામાં જ આનંદ માણનારા પોતાની અક્કલ અને આરતને ગુમાવી દેતાં પરમપદ સુધીની દૃષ્ટિ પહોંચાડી શકતા ન હોવાથી તેમની જાણમાં રચનાર અજાણ રહ્યા છે અને જુદી જુદી રીતે આચરણ કરે છે.

**અલ્પ ઉમાગ મહી સબ વરતત, બ્રહ્મા કીટ પ્રજંતુ;**
**જેહી જીનકે આયુષ અવધિ લગ, પુરુષ શક્તિ લ્યૌ અંતુ. ૫૬**

### શબ્દાર્થ

**અલ્પ** = ક્ષણિક, થોડો **ઉમાગ** = ઉમંગ, આનંદ, **મહી** = માં, અંદર **સબ** = બધા જ, સર્વ **વરતત** = વર્તમાન કરે છે, આચરણ કરવું જીવન વ્યતીત કરે છે **બ્રહ્મા** = બ્રહ્માજી, **કીટ** = નાના જીવથી માંડીને **પ્રજંતુ** = સર્વ પ્રજા, સર્વ જીવ **જેહી** = જેઓ **જીનકે** = પોતાના **આયુષ્ય** = જીવન **અવધિ લગ** = અંત સુધી **પુરુષ** = નિરંજન પુરુષ, **શક્તિ** = આદ્યશક્તિ **લ્યૌ** = સુધી, તમામ **અંતુ** = છેવટના.

## અનુવાદ

**કીટ પતંગની આદ્ય લઈ બ્રહ્મા, શક્તિ અને નિરંજન સુધી સર્વ કોઈ પોતપોતાના આયુષ્યના અંત સુધી ક્ષણિક આનંદમાં વર્તમાન કરે છે.**

## ભાવાર્થ

કીટ મહુરથી લઈને તમામ નાનામોટા જંગમ ઘાટ ધરાવતા સર્વ પ્રાણીઓ અને મનુષ્યો તેમજ સૃષ્ટિના પ્રારંભના મહાદેવો નિરંજન પુરુષ, આદ્યશક્તિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સહિતના સર્વ દૈવી પુરુષો અને દેવીઓ મળી તમામ પોતપોતાના આયુષ્ય પ્રમાણે જુદી જુદી સમય મર્યાદા મુજબ જીવન જીવે છે. તે જીવન દરમિયાન ક્ષણિક આનંદ ભોગવે છે. આમ સૃષ્ટિની રચનાનો આનંદ માણીને તેમાં જ રચ્યા-પચ્યા

રહે છે અને પોતપોતાનું જીવન વ્યતીત કરે છે.

**જેતનેભર ઉમંગ અખિલ કુલ, અવધકાલ હોય ભંગુ;**
**નિજ કરતાર વિના અરહીતકે, તેહી સબ અલપ ઉમંગુ. ૫૭**

### શબ્દાર્થ

**જેતનેભર** = જેટલા, **ઉમંગ** = આનંદ, **અખિલ કુલ** = સમગ્ર સૃષ્ટિમાં, અખિલ બ્રહ્માંડમાં **અવધકાલ** = અવધિકાળે, દેહ છૂટ્યા પછી **હોય** = થાય છે **ભંગુ** = ભંગ, નાશ, પૂર્ણ, **નિજ કરતાર** = આદિ સર્જનહાર **વિના** = વગરના **અરહીતકે** = કાયમ ન રહેવા વાળા, આ બાજુના નાશવંત પદાર્થોના **તેહી** = તે **સબ** = બધા જ **અલપ** = અલ્પ, ક્ષણિક, થોડા સમય પૂરતા **ઉમંગુ** = આનંદ આપવાવાળા, ઉમંગ દેનારા.

### અનુવાદ

**અખિલ બ્રહ્માંડમાં જેટલા ઉમંગો છે તે અવધિકાળે નાશ પામે છે. કારણ કે, નિજ કર્તા સિવાયના જે કાયમ રહી ન શકે તેવા સર્વ અલ્પ ઉમંગો છે.**

### ભાવાર્થ

અખિલ બ્રહ્માંડમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, અને પરમકારણ દેહ ધરાવનાર સર્વ અંશો ભૌતિક સુખાકારી કે સર્જનહારની સર્જનાત્મક પદાર્થોનો વૈભવ અને વિભૂતિને ભોગવીને આનંદ માણે છે, પરંતુ આ આનંદ પૈકી ઘણો આનંદ પોતાના આયુષ્ય દરમિયાન નાશ થાય છે તો કેટલાંક આનંદ આયુષ્ય પુરું થતા સુધી ભોગવવા મળે છે. તેમ છતાં પોતાની ઇચ્છા હોય કે નહીં, પરંતુ દેહનો નાશ થતા બધી જ સિદ્ધિ, સંપત્તિ, ભૌતિક પદાર્થની પ્રાપ્તિ, વિભૂતિ વગેરે છોડવી જ પડે છે. દુન્યવી આનંદ કે ઉમંગ દેહના છેવટ સુધી ભોગવીને છોડવો જ પડતો હોય છે. એટલે કે, તે આનંદ નાશવંત હોઈ દેહ છોડ્યા પછી અંશ ભોગવી શકતો નથી. જ્યારે સર્જનહાર સાથેની ભક્તિનો શાશ્વત આનંદ ચિરંજીવી હોય છે જે દેહ છોડ્યા પછી અંશને સહાયભૂત થાય છે અને અંશને કલ્યાણના માર્ગે ગમન કરાવે છે. માટે શાશ્વત આનંદ સિવાયનો નાશવંત આનંદ અલ્પ આનંદ, જ કહેવાય છે.

**અરહીત સો તનુ નામ રુપ ગુણ, દેખીત ભવીત હુલાસા;**
**પુમ પરધાન આદ્ય અબલગ લ્યૌ, અરહીત સકલ વિલાસા. ૫૮**

### શબ્દાર્થ

**અરહીત** = કાયમ ન રહેનાર, નાશવંત, આ બાજુનો **સો** = તો **તનુ** = શરીર, દેહ, ઘાટ **નામ** = નામ **રુપ** = રૂપ, આકાર **ગુણ** = ગુણો-રજો ,તમો અને સતો અને તેના પેટા તત્ત્વોના પ્રભાવ **દેખીત** = જોઈને **ભવીત** = થાય છે **હુલાસા** = આનંદ, ઉલ્લાસ, ઉમંગ **પુમ પરધાન** = પુરુષ પ્રધાન, **આદ્ય** = થી માંડીને **અબલગ લ્યો** = અત્યાર સુધી **અરહિત** = નાશવંત **સકલ** = બધા જ **વિલાસા** = વિલાસ, આનંદ, ભોગવિલાસ.

### અનુવાદ

**નામ, રૂપ અને ગુણવાળા નાશવંત શરીરને જોઈને આનંદ થાય છે. તેથી તો પુરુષ પ્રકૃતિની આદ્ય લઈ અત્યાર સુધીના સર્વ નાશવંત ભોગવિલાસ ભોગવે છે.**

### ભાવાર્થ

નામ, રૂપ, રજોગુણ, સતોગુણ અને તમોગુણ સહિતના તેના પેટા તત્ત્વોવાળા શરીર કાયમ રહેનારા નથી. એટલે કે, જેણે દેહ ધારણ કરેલો છે એવા સર્વ દેહ પોતપોતાના આયુષ્યની મર્યાદા પ્રમાણે નાશ થવાના હોઈ સર્વ નાશવંત છે. આવા શરીર પુરુષ પ્રકૃતિના તત્ત્વોના બંધારણને આધારે અરસ-પરસ મોહ પામીને આકર્ષણ અનુભવે છે અને શરીરને જોઈ તેની સુંદરતાનો આનંદ બધા જ માનતા હોય છે. નિરંજન પુરુષની આદ્ય લઈને અત્યાર સુધીના સર્વ દેહધારીઓ જે કાયમને માટે નથી રહેવાના તેવા અલ્પ સુખ આપનારા ભોગવિલાસને માણે છે.

**અરહીતકે લખ આદ્ય અંત મધ્ય, કિન સકલ વિસ્તારા;**
**યાંહાં લ્યૌ સબન અનિત અલ્પજ્ઞે, બિનહુ અંશ કિરતારા. ૫૯**

### શબ્દાર્થ

**અરહીતકે** = નાશવંત નો **લખ** = લક્ષ **આદ્ય** = પ્રારંભ **અંત** = અંત, પ્રલય, વિનાશ **મધ્ય** = પ્રસારો, **કિન** = કરેલો છે, થયેલો છે, **સકલ** = બધાએ **વિસ્તારા** = જાહેર, પ્રગટ **યાંહાં લ્યો** = ત્યાં સુધી

**સબન** = બધા જ **અનિત** = નાશવંત **અલ્પજ્ઞે** = અલ્પજ્ઞ, સામાન્ય **બિનહુ** = વગર, સિવાય **અંશ** = ચૈતન સ્વ-સ્વરૂપ **કિરતારા** = સર્જનહાર, અંશી.

## અનુવાદ

**આદ્ય અંત અને મધ્યમાં નાશવંત લક્ષનો જ સર્વ કોઈએ વિસ્તાર કર્યો છે. અહીં સુધી અંશ અને અંશી સિવાય બધા જ નાશવંત અને અલ્પ ગતિના છે.**

## ભાવાર્થ

અખિલ બ્રહ્માંડમાં આદ્ય, મધ્ય અને અંત એમ ત્રણેય કાળ દરમિયાન ધર્માચાર્યોએ અને વિવિધ સંપ્રદાયના સ્થાપકોએ સમાજને જે કંઈ વિચારધારા આપી છે તે સર્વ નાશવંત રચના અંગેની છે. જેમાં નામ, રૂપ, ગુણવાળા દેહધારીઓનું ઈષ્ટ તરીકે સ્થાપન કર્યું છે. વળી નિર્ગુણ બ્રહ્મ અકર્તા છે તેનું કર્તા તરીકેનું આરોપણ કરવામાં આવેલું છે, પરંતુ આ સર્વે પોતાના અવધિકાળે નાશ થવાના છે. માત્ર ચૈતન સ્વરૂપે રહેલ અંશ મહાપ્રલયકાળ સુધી રહે છે. અંશી સદાને માટે શાશ્વત રહે છે, જ્યારે બાકીની સર્વ રચના અલ્પગતિવાળી હોઈ નાશવંત છે.

**એતને ભરકી અરજ પતિનકુ, પતે લગત નહીં કોઈ;**
**ઉત્તમ મધ્યમ કરની કરન ફલ, ભુગતત હે સબ સોઈ. ૬૦**

### શબ્દાર્થ

**એતને ભરકી** = એટલા બધાની, અહીં સુધીની **અરજ** = વિનંતી, પ્રાર્થના, સ્તુતિ **પતિનકુ** = પતિને, માલિકને **પતે લગત** = પહોંચતી, પહોંચી શકતી **નહી** = નથી **કોઈ** = કોઈ પણ **ઉત્તમ** = શ્રેષ્ઠ **મધ્યમ** = સામાન્ય **કરની** = કર્મ **કરન** = કર્યાના **ફલ** = ફળ **ભુગતત હે** = ભોગવે છે **સબ** = બધા જ **સોઈ** = તે મુજબ, તેઓ.

## અનુવાદ

**અહીં સુધીનાની કરેલી બંદગી પૈકી કોઈની પણ સર્જનહારને તો પહોંચી શકતી નથી, તેથી તેઓ સર્વ ઉત્તમ અને મધ્ય કર્મનાં ફળ ભોગવે છે.**

## ભાવાર્થ

સ્થૂળ દેહથી પ્રગટ ક્રિયાવાળા સુક્રિત અને દુક્રિત કર્મો થાય છે. સૂક્ષ્મ દેહે મનવાંછિત સુક્રિત-દુક્રિત થાય છે, કારણ દેહે અહંકાર ધરેલાં સુક્રિત-દુક્રિત થાય છે અને મહાકારણ દેહથી સુવૃત્તિ કે કુવૃત્તિ એ સુક્રિત-દુષ્ક્રિત થાય છે. આમ આ સુક્રિત-દુષ્ક્રિત, સુક્રિત-દુક્રિતનાં ફળ દેહ પહોંચતા સુધી ભૂક્તમાન કરવાના છે. જ્યારે પરમકારણ દેહે તે સુક્રિત-દુષ્ક્રિત રહિત નિરાલંબ નિર્લેપ કર્તાની જાણને લપટાઈને અંશવત્ અંશના આભૂષણ રૂપે રહે છે. જેનું આયુષ્ય અસંખ્ય કલ્પો સુધી ભોગવીને પરમાનંદ સુખ ભોગવ્યા કરે છે. એટલા માટે સર્વ અંશોએ સારાં જ કર્મો આચરવાં જોઈએ. કારણ કે, પોતાનાં કર્મો પોતાને જ ભૂક્તમાન કરવાનાં હોય છે.

અખિલ બ્રહ્માંડમાં સર્વ નામ, રૂપ ગુણવાળા નાશવંત ને ઈષ્ટ માનીને પોતાની શક્ય હોય તેટલી સ્તુતિ પ્રાર્થના, બંદગી, પ્રેમથી અને હૃદયના શુદ્ધ ભાવથી કરે છે જે તે અંતરિક્ષમાં રહેલા દેવી-દેવતાઓ પોતાની વિભૂતિ અને કરુણાની મર્યાદામાં રહીને જીવને નાશવંત અલ્પ પદાર્થો આપી જીવવામાં સહાયભૂત થાય છે. વળી, સર્જનહારના નિયમ મુજબ દરેક દેહધારી પોતાના કરેલા સત્કર્મો કે દુષ્કર્મોના આધારે પોતે પાપ-પુણ્ય કમાઈને તેનાં ફળ અહીંનાં અહીં જ સુખ કે દુઃખ રૂપે ભોગવે છે. વળી, દૈવી ધામોમાં જઈ તે પુણ્યનો ક્ષય થાય ત્યાં સુધી ચાર પ્રકારની સાયુજ, સાલોક, સામીપ્ય અને સાંનિધ્ય મુક્તિનું સુખ પ્રાપ્ત કરીને પાછા મૃત્યુલોકમાં આવે છે અને જન્મમરણનું ભવસંકટ ભોગવ્યા કરે છે.

આ મુખ્ય કારણ માનવો દ્વારા કરવામાં આવેલી ભક્તિ નાશવંત પદોની છે. જે ચૈતનને ધ્યાનમાં રાખીને ચૈતન દ્વારા સર્જનહારને પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતી ન હોવાથી તેવી ભક્તિ સર્જનહારને અર્પણ થતી નથી. તેથી કોઈને પણ અખંડ સુખની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ જન્મમરણનું દુઃખ દૂર થતું નથી.

**સો ભુગતનમે અંશ અખિલ કુલ, રહે સકલ વિલમાઈ;**
**તેહી પણ આપ અચેત વેત હોઈ, અદબદસે અનુરાઈ. ૬૧**

### શબ્દાર્થ

**સો** = તે **ભુગતન મે** = ભોગવવામાં **અંશ** = અંશો, **અખિલ કુલ** = અખિલ બ્રહ્માંડના સર્વ

**રહે** = રહે છે **સકલ** = બધા **વિલમાઈ** = અટકી પડેલા સમજ વિનાના **તેહી** = તે **પણ** = પણ **આપ** = પોતે, તમે **અચેત** = અજ્ઞાત, જડ, અણસમજ **વેત** = જ્ઞાન જાણનારા, માહિતગાર, વિદ્વાન **હોઈ** = થઈને **અદબદસે** = અનિશ્ચિતમાં, સંશય ગ્રસ્ત, અસ્પષ્ટ, **અનુરાઈ** = પ્રેમપૂર્વક, આસક્ત, અનુરક્ત, પ્રેમાસક્ત.

## અનુવાદ

**અખિલ બ્રહ્માંડના સર્વ અંશો પોતાના કરેલાં કર્મો ભોગવવામાં જ અટકી રહ્યા છે. તેઓ અજાણ હોવા છતાં અનુમાન દ્વારા જ્ઞાતા છે તેવું માનીને આશક્ત બની બેઠા છે.**

## ભાવાર્થ

અખિલ બ્રહ્માંડમાં સર્વ અંશો પાપ અને પુણ્યનાં ફળ સ્વરૂપે સુખ અને દુઃખ ભોગવ્યા કરે છે. તેઓ અગાઉથી ચાલી આવેલી જે રૂઢિગ્રસ્ત માન્યતાઓ છે તેમાં સંતોષ માનીને અટકી રહ્યા છે. એટલું જ નહીં, પરંતુ નાશવંત પદાર્થોનું જ્ઞાન ધરાવતા હોઈ પોતે તો અલ્પજ્ઞ અને અચેત હોવાં છતાં પોતાને સર્વજ્ઞ જ્ઞાન ધરાવતા જ્ઞાતા છે તેવો દાવો કરીને સંશયગ્રસ્ત પદોમાં આસક્ત બનીને પ્રેમપૂર્વક કર્મો કરે જ જાય છે.

**કોહુ ન આપના નિજ આપન હોઈ, ક્તા આદ્ય નહીં ચીન્યા;**
**તબતે સકલ પદારથ ક્તકે, ઈશ્વરીયે રંગ ભીન્યા. ૬૨**

### શબ્દાર્થ

**કોહુ** = કોઈ પણ **ન** = નહીં **આપના** = આપણા, પોતાના **નિજ આપ** = પોતે, સ્વયં **ન** = નહીં **હોઈ** = હોઈ **ક્તા** = સર્જનહાર **આદ્ય** = આદિ, પુરાણું **નહીં** = નહીં **ચિન્યા** = જાણ્યા **તબતે** = તેથી **સકલ** = સર્વ બધા **પદારથ** = પદાર્થના **ક્ત કે** = રચના, પૈકીના **ઈશ્વરીયે** = ઈશ્વરોમાં **રંગ ભીન્યા** = રચ્યા-પચ્યા રહ્યા છે, રંગે રંગાયેલા છે.

## અનુવાદ

**કોઈ પણ પોતે પોતાના સ્વ-સ્વરૂપે થયા ન હોઈ આદિ કર્તાને ઓળખી શક્યા નથી, પરંતુ સર્જનહારની રચના પૈકીના પદાર્થોમાં અને ઈશ્વરોમાં રચ્યા-પચ્યા રહે છે.**

### ભાવાર્થ

અખિલ બ્રહ્માંડના સર્વ અંશ પોતાના દેહનો સ્વામી છે અને દેહના જે કોઈ નાશવંત તત્ત્વો છે તેને સચેતન રાખીને સજીવન રાખનાર શક્તિ તરીકે પોતે શાશ્વતપદ ધારણ કરનારા છીએ. પોતાની જાતને દેહના આવરણો અને પ્રકૃતિના પાશથી બંધાઈને પોતાના સાચા શુદ્ધ ચૈતન સ્વરૂપને વીસરી ગયા. પરિણામે શરીરમાં જેમ ચૈતનઅંશ સર્વોપરી છે તેમ ન સમજતાં, અખિલ બ્રહ્માંડની સર્વ નાશવંત રચનાના રચનારા મહાચૈતન સર્વજ્ઞ શક્તિ રૂપ સર્જનહાર હશે તેવું પણ ન સમજતાં કર્તાને પણ ઓળખી શક્યા નથી. જેથી સર્જનહાર દ્વારા રચવામાં આવેલ સમસ્ત પદાર્થોની માયાજાળમાં અને ઐશ્વર્યવાન મહાપુરુષોની ઐશ્વર્યતાથી અંજાઈને તેમની લીલામાં મોહિત થઈને તેમની જ ભક્તિ અને ઉપાસનામાં રંગ ભીનાં બન્યા છે.

**ઓરુ બ્રહ્મ કે લક્ષ લહનકે, ક્રતવ ઈશ લ્યૌ ત્યાગી;**
**તેહી પણ વ્યાપક શૂન્ય સમોવડ, અક્રતપદ અનુરાગી. ૬૩**

#### શબ્દાર્થ

**ઓરુ** = અને **બ્રહ્મકે લક્ષ** = બ્રહ્મસિદ્ધાંતને **લહન કે** = જાણીને, માણીને, ઓળખીને **ક્રતવ** = કર્તાની રચના પૈકીના **ઈશ** = અવતારદિક પુરુષોને, ઈશપદની માન્યતાને **લ્યો ત્યાગી** = ત્યાગી દીધી છે, ત્યાગી દઈને **તેહીપણ** = તેઓ પણ **વ્યાપક** = સચરાચર વ્યાપક **શૂન્ય** = શૂન્ય, મહાશૂન્ય **સમોવડ** = સરખા, બરોબર **અક્રતપદ** = અકર્તા બ્રહ્મપદના **અનુરાગી** = અનુરાગી બન્યા, આસક્ત બન્યા.

### અનુવાદ

**વળી બ્રહ્મના લક્ષને જાણીને ક્રતવરૂપી ઈશ્વરોને ત્યાગી દીધા છે અને તેઓ શૂન્ય સમાન વ્યાપક અકર્તા બ્રહ્મપદના અનુરાગી બન્યા છે.**

### ભાવાર્થ

વળી જેઓ બ્રહ્મસિદ્ધાંતના લક્ષને માનવવાળા ક્રતવી દેવો તથા વિષ્ણુના અવતારોને માનતા નથી અને સમદર્શી મત દર્શાવીને કોઈ મોટું કે નાનું નથી તેવું 'અહં બ્રહ્માસ્મિ'ના ન્યાયે બધા જ બ્રહ્મ સ્વરૂપે છીએ, તેવી વિચારધારાને વળગી રહ્યા.

તેમજ સર્જનહારની રચના પૈકીના વિશેષ અને પરમ વિશેષ અંશોની વિભૂતિ અને ઐશ્વર્યતાનો ત્યાગ કરેલો છે. અન્ય સામાન્ય અંશો કરતાં તેમનામાં રહેલી મહાનતા અને ઐશ્વર્યતાના ગુણોની અવગણના કરીને શૂન્ય સરખું જે સચરાચર વ્યાપક અકર્તા બ્રહ્મપદ છે તેને કર્તા તરીકેનું સંબોધન કરીને તેમાં જ આસક્ત બનીને રહેલા છે.

**પ્રથમ આપને આપનકો નિજ, અનુભવ કરે વિનાઈ;**
**આન્ય અપર અનુભવ દુસરનસે, ક્રતા લહત નહીં તાઈ. ૬૪**

### શબ્દાર્થ

**પ્રથમ** = સૌ પ્રથમ, પહેલાં **આપને** = પોતે **આપનકો નિજ** = પોતાના નિજ સ્વરૂપને **અનુભવ** = અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન **કરે** = કર્યા **વિનાઈ** = વિના **આન્ય** = બીજા **અપર** = ફાલતું, ઉપલક **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, અનુભવ **દુસરનસે** = બીજાથી **ક્રતા** = સર્જનહાર **લહત નહીં** = ઓળખી શકાય નહીં **તાઈ** = તેમને, તેને.

### અનુવાદ

**પ્રથમ પોતે પોતાના નિજ સ્વરૂપનો અનુભવ કર્યા વિના અન્ય ઉપલક અનુભવોથી કર્તાને ઓળખી શકાય નહીં.**

### ભાવાર્થ

જ્યારે આપણને મહામુલ્યવાન માનવદેહ પ્રાપ્ત થયો છે ત્યારે માનવે ચાર પ્રકારના કર્તવ્યઃ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ પૈકીના ધર્મ અને મોક્ષ માટેના પુરુષાર્થ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. સંસારમાં અગાઉથી ચાલી આવેલી પરંપરાગત માન્યતાઓ અને અનુભવ દ્વારા સિદ્ધ કરેલા સિદ્ધાંતો તો ઘણા છે, જેમાં વિવિધતાવાળા પદોનું સ્થાપન કરેલું છે, પરંતુ તે સૌ સિદ્ધાંતની આખરી માન્યતામાં સામ્યતા કે સર્વ સામાન્યતાનો અભાવ જોવા મળે છે.

તેથી સૌ પ્રથમ આપણે આપણા પોતાના શરીરની રચના અંગેનું જ્ઞાન કેળવીને જાત અનુભવ કરવો જોઈએ. આ શરીરમાં બધું જ જીવંત અને સચેતન હોવા છતાં અવધિકાળે નાશવંત સાબિત થાય છે. માટે છેલ્લે દેહને ત્યજી ચાલ્યો જનારો શાશ્વત અંશ છે તેની પહેચાન થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. આમ, પોતાના નિજ

સ્વ-ચૈતન સ્વરૂપનો અનુભવ તે જ સાચો અનુભવ છે. તે અનુભવ થકી જ 'પિંડે સો બ્રહ્માંડે' ના ન્યાયે જેમ શરીરમાં સર્વોપરી અંશ છે તે જ ન્યાયે વિશ્વમાં પણ અંશ જેની સજાતિનો છે તેવા સર્વજ્ઞમહદ્ ચૈતનઅંશી છે. જેની ઓળખ કરવી જોઈએ. આમ, પોતાના અંદરના સ્વ-સ્વરૂપને ઓળખ્યા સિવાય બીજા ઉપલક ઇંદ્રિયોના નાશવંત અનુભવોથી સર્જનહારની ઓળખ શક્ય નથી.

**આપને આપ લહનકે મરમીત, પરમીત વેદ જીનેહુ;**
**કરીત સુરત કુસકે અગ્રન સમ, સુનીયો દુસર દીનેહુ. ૬૫**

### શબ્દાર્થ

**આપને આપ** = પોતાનાજ સ્વ-ચેતન સ્વરૂપને **લહનકે** = જાણીને **મરમીત** = મર્મ, મતલબ **પરમીત** = પર રહેલા રહસ્ય, ભેદ **વેદ** = વેદની **જીનેહુ** = જાણીને **કરીત** = કરીને **સુરત** = સુરતા **કુસકે અગ્રન સમ** = દર્ભની અણીની જેમ, એકાગ્રત **સુનીયો** = સાંભળો **દુસર** = બીજા **દીનેહુ** = સૂર્ય.

### અનુવાદ

**તમારી સુરતા દર્ભની જેમ એકાગ્રત કરીને પોતાના જ સ્વની મતલબને વેદથી પરે રહેલા છે તેવા બીજા સૂર્યના રહસ્યને સાંભળો.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ પોતાના ચાર વેદમાં સર્વોપરી તરીકે સચરાચર વ્યાપક બ્રહ્મને પ્રસ્થાપિત કર્યું છે અને વિશ્વમાં બ્રહ્મ જ છેવટનું પદ છે તેમ દર્શાવવામાં આવ્યું છે. તે જ ન્યાયે ઘણા બ્રહ્મજ્ઞાનીઓએ આપણા શરીરમાં તે બ્રહ્મના અંશ તરીકે રહેલા પ્રણવને સર્વોપરી સાબિત કર્યું છે.

આપણા શરીરમાં બધા નાશવંત તત્ત્વો છે તે બધાને ચેતન કરવાવાળા બ્રહ્મના જ અંશ સ્વરૂપે રહેલ પ્રણવરૂપ ઓહંગ અને સોહંગની સર્વોપરિતા દર્શાવી છે. તેને જ આત્માનું સ્વરૂપ દર્શાવેલું છે. જે શરીરનો નાશ થતાં તે આત્મા-પરમાત્મામાં ભળી જાય છે તેવું સ્થાપીત કર્યું છે.

પરંતુ આ માન્યતા અધૂરી છે. શરીરમાં પ્રણવ સમચૈતન હીર રૂપે તત્ત્વોને

સજીવન કરે છે તે સત્ય બાબત છે, પરંતુ તે પ્રણવને સચેતન કરવાવાળો સકર્તાપતિનો સજાતિ ચૈતનઅંશ છે જે મુદ્દો ગુપ્ત રહ્યો છે. તેવા સૂર્ય સમાન ચૈતનઅંશના આભાસ થકી જ પ્રણવ અને પ્રણવ થકી બધા જ તત્ત્વો સજીવન થાય છે. વેદ દ્વારા સ્થાપીત સર્વોપરી બ્રહ્મથી પર રહેલા પરમતત્ત્વરૂપ સૂર્ય એવા અંશના રહસ્યને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને હવે પછીના અંગમાં દર્શાવે છે, જેને સાંભળવવા અનુરોધ કરવામાં આવે છે.

# અંગ ૧૪
# કર્તા અંશ સંબોધન દેખાવનકો

**પણ આ તો દિનકે દિન કરનન, જીનું જાનો સરભરહી;**
**જીનું પરકાશ સકલ તન વિચરત, સુર કે તો થીર થરહી. ૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ, પણ **આતો** = આ તો **દિનકે** = પ્રકાશના **દિન કરનન** = પ્રકાશના કરનાર છે, પ્રકાશક છે **જીનું જાનો** = જાણો **સરભરહી** = તે પ્રમાણે સભર, ભરેલા, સર્વત્ર સપ્રમાણ ભરેલ, ઠસોઠસ ભરેલું, **જીનુ** = જેના **પરકાશ** = પ્રકાશ, કિરણ **સકલ તન** = સર્વ શરીરમાં, સમગ્ર શરીરમાં **વિચરત** = વિચરણ કરે છે, ફેલાયેલો છે **સુરકે તો** = સૂર્યનો તો **થીર થરહી** = અડગ, સ્થિર, અચળ.

### અનુવાદ

**પણ આ તો સરભર ભરેલ પ્રકાશના અચળ પ્રકાશક છે. સૂર્યનો પ્રકાશ તો સ્થિર છે જ્યારે આ પ્રકાશ બધા જ શરીરમાં વિચરણ કરે છે.**

### ભાવાર્થ

અખિલ બ્રહ્માંડમાં જે સર્વત્ર સચરાચર વ્યાપક બ્રહ્મરૂપ પ્રકાશ ઠસોઠસ ભરેલો છે તેના પ્રકાશક સદાને માટે સ્થિર - અચળ અને કૈવલધામમાં નિવાસ કરે છે. સકર્તા સર્જનહાર કૈવલકર્તાનું ક્રાંત રૂપ અંશનું સ્વરૂપ છે જેને આપણે કર્તાના સજાતીય અને સજાણજાણ રૂપ અંશ તરીકે સંબોધન કરીએ છીએ. વિશ્વમાં પ્રકાશિત સૂર્ય તો સ્થિર છે જ્યારે અંશ રૂપ સૂર્ય અસ્થિર છે જેનો પ્રકાશ રૂપ ચૈતનતા સર્વ શરીરમાં પ્રસરેલી છે અને તે પોતે એક દેહમાં તે દેહની અવધિ સુધી રહીને તેમાંથી બીજા દેહમાં એમ મહાપ્રલયકાળ સુધી વિધ-વિધ પ્રકારના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં વિચરણ કરે છે એટલે કે ફર્યા કરે છે.

**અબ આપનેકા આપ સૂરનકી, દેખો સચીત કલાકી;**
**કહત કુંચી કલ કૃપાવંત હોઈ, અતિ અપરમ ગત જાકી. ૨**

### શબ્દાર્થ

**અબ** = હવે **આપનકો** = પોતાના જ **આપ** = પોત રૂપ **સુરનકી** = સૂર્યની **દેખો** = જુઓ **સચીત** = ચિત ધારણા કરીને **કલાકી** = તેની કાર્યશક્તિ, કળા, **કહત** = કહું છું **કુંચી કલ** = કળા અંગેની કુંચી, કળ **કૃપાવંત હોઈ** = કૃપા કરીને **અતિ** = મહાન **અપરમ** = અપરંપાર **ગત** = ગતિ, સમજ, શક્તિ **જાકી** = જેની.

### અનુવાદ

**હવે સૂર્ય રૂપ આપનપુ સ્વ-સ્વરૂપની ગતિ અતિ અપરંપાર છે. જેની કળકુંચી વિષે કૃપા કરીને કહું છું, તેની કળાને ચિત ધારણ કરીને જુઓ.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણા ઉપર કૃપા કરીને, જે સૂર્ય રૂપ આપનપુ સ્વ-ચૈતન સ્વરૂપ છે, જેમાં ચૈતનતાવાળી પોતાની અપાર શક્તિથી દેહના દરેક પ્રકારનાં નાશવંત તત્ત્વોને કેવી રીતે સચેતન કરે છે? તે અંગેના રહસ્યને હવે પછી આ અંગમાં આપણને દર્શાવે છે. તે આપણે સૌએ ચિત્તની એકાગ્રતા ધારણ કરીને સાંભળવાની છે.

**જીનું પ્રતિબિંબ ચલીત પરમાતમ, પુરુષ શક્તિ ગુણ સેતુ;**
**અન્યો અન્ય હોય અરસ પરસત્યે, ભવીતવ સકલ સચેતુ. ૩**

### શબ્દાર્થ

**જીનું** = જેના **પ્રતિબિંબ** = આભાસથી **ચલીત** = ચાલે છે **પરમાતમ** = પરમાત્મા સોહંગ **પુરુષ** = નિરંજન તત્ત્વ **શક્તિ** = અવ્યાકૃત તત્ત્વ **ગુણ** = ગુણોઃ રજો, તમો અને સતો **સેતુ** = સહિત **અન્યોન્ય** = એકથી બીજા **હોય** = હોય છે **અરસ પરસત્યે** = પરસ્પર **ભવીતવ** = થાય છે **સકલ** = સર્વ **સચેતુ** = સચેતન.

## અનુવાદ

**જેના આભાસથી સોહંગ મહાતત્ત્વ, નિરંજનતત્ત્વ, અવ્યક્તતત્ત્વ અને ગુણ સહિત બધાં જ તત્ત્વો એકબીજાથી પરસ્પર સચેતન થાય છે.**

## ભાવાર્થ

વિશ્વમા વૈજ્ઞાનિકો દ્વારા આખા શરીરનાં સર્વ ભૌતિક તત્ત્વોની સમજ મેળવવા અને તે કઈ રીતે કાર્યો કરે છે ? વળી તેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ ફોટા પાડીને તે માટે બધી જ માહિતી મેળવવા પ્રયત્ન કરવામાં આવ્યા છે, પરંતુ આ સર્વે અંગો-ઉપાંગો, હાડ, લોહી અને માંસથી ચાલતા સર્વ અલગ-અલગ તંત્રો કોની ચેતનાથી અને કઈ રીતે કાર્યશીલ બને છે ? તેમાં કોઈની પણ બુદ્ધિ પહોંચી શકી નથી.

જેના આભાસથી સોહંગ, મહાતત્ત્વ, નિરંજન તત્ત્વ, અવ્યાક્રત તત્ત્વ અને ગુણ સહિત બધાં જ તત્ત્વો એકબીજાથી પરસ્પર સચેતન થાય છે. તે વાત આપણને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ખૂબ જ સ્પષ્ટ થાય તેમ દર્શાવે છે. સર્જનહારના નિજ જાણ સ્વરૂપ અંશના પ્રેરક થવાથી - પ્રથમ કર્તાની બ્રહ્મવૃત્તિનાં ૩ મહાતત્ત્વો : અવિકાસ, વિકાસ અને કુંભસ્થ ચેતન થાય છે. તે તત્ત્વોથી કર્તાની સંયમ ભોગવૃત્તિનાં ૩ ચક્ષસત્ત્વો : અનંગ, વિજ્ઞાન અને કાલ ચેતન થાય છે. તે તત્ત્વોથી કર્તાની ઈચ્છાવૃત્તિનાં વિભાગ પૈકી નિરંજન તત્ત્વ અને અવ્યાક્ત તત્ત્વ ચેતન થાય છે. આ બંને તત્ત્વોથી મહાતત્ત્વ કારણ, આનંદતત્ત્વ કારણ, ધનંજયેતત્ત્વ કારણ અને પ્રકૃતિતત્ત્વ કારણ ચેતન થાય છે. આ ચેતન થયેલાં ચાર તત્ત્વોના વિભાગ ત્રણ ગુણ અને ત્રણ ઘણનાં બધાં જ તત્ત્વો સહિત આખા શરીરનાં બધાં જ તત્ત્વો સચેતન થાય છે. આ પ્રમાણે શરીરમાં જેટલાં તત્ત્વો પોંખ્યાં હતાં તેટલા સર્વે તત્ત્વો અન્યોન્ય ચેતન થઈને પોતપોતાના લક્ષણો અનુસાર હલનચલન અથવા તો ચેષ્ટા કરવા લાગે છે.

નિજ જાણ સ્વરૂપના આભાસ વડે કરીને દેવ મનુષ્યની આદ્ય લઈ તે લીલા-વિલાસ કરતાં હોય છે. તે નિજ જાણ સ્વરૂપનો આભાસ પ્રથમ કયા તત્ત્વને વિષે મળીને સર્વ શરીરમાં પ્રવેશ કરીને પિંડને પ્રકાશીને ચેતન રાખે છે.

**અંશની જાણ સ્વરૂપનો આભાસ**

↓

**સામાન્ય આભાસ**

↓

કર્તાની પ્રકાશવૃત્તિના ત્રણ મહત્ત્વના પ્રાણાયામને ચેતન કરે છે.

↓

કર્તાની સંજમભોગવૃત્તિમાં ત્રણ ચક્ષસત્ત્વ ચેતન કરે

↓

નિરંજન અને અવ્યાક્તના વિભાગને વિશે જાય અને ચેતન કરે છે

↓

ચાર તત્ત્વ કરવાને વિશે જાય (ચેતન કરે છે)

↓

ગુણ — ઘણ

રજો — સતો — તમો — અહંકાર — સ્વકાશ — અચંત

દશ આકાક્ષા પાંચઅંતઃકરણ દશ કાળ પાંચ ભૂત પાંચ વિવસ્તા દશ

પાંચ અવસ્થા પાંચ માત્રા પાંચ સંભસક્રણ ભાવના

**વિશેષ આભાસ**

ઉનમુની અવસ્થાને વિશે રહ્યા છે. નચિત અંતઃકરણ જ્યાં સુધી સ્ફુરે ત્યાં સુધી અચળ સ્થિરપણે રહે છે. તેથી વિશેષ ભાષ્યમાં થાય છે. ઉનમુની અવસ્થા તો ઉપાધિ સિવાયની છે. પરંતુ તેની એકતા જાગ્રત અવસ્થાને વિશે થાય છે. તેથી જાગ્રત અવસ્થાને વિશે વિશેષ આભાસ થાય છે. તેથી જાગ્રત અવસ્થાને વિશે અનંત સમૃદ્ધિ ધારણ કરીને તે નિજ જાણ સ્વરૂપનો આભાસ ગાદીપતિ થઈને ત્યાં બિરાજમાન રહે છે.

આ પ્રમાણે પ્રાણાયામના સામાન્ય આભાસે કરીને અન્યો અન્ય આભાસ પોંખાઈને (પ્રવેશીને) સર્વ શરીરના સાજ સામાન્ય ચેતનવત્ રહેતો હોય છે, પરંતુ પ્રાણાયામને વિષે સ્થિરતાપણું નહીં હોવાથી તેના વિશે તો આભાષ સદાકાળ પણ સામાન્ય જ ભાષ્યમાન થાય. દા.ત., અસ્થિરજળમાં સૂર્ય પ્રતિબિંબની ઝલક માત્ર દેખાય છે પણ તેને વિશે મૂર્તિમાન સૂર્યનો આભાસ દશ્યમાન થતો નથી.

**ગુણતે અંતઃ કરણ ઈંદ્રિ દશ, પુનિ રગ અસ્ત અમીખહી;**
**રુદ્ર રોમ ઓરુ તુચા પંચતત, સકલ અંગ નીખ શીખહી. ૪**

### શબ્દાર્થ

**ગુણ તે** = ગુણ વડે **અંતઃકરણ** = પાંચ અંતઃકરણ મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત અને નચિંત **ઈંદ્રિદશ** = દશ ઈંદ્રિયો **પુનિ** = વળી **રગ** = નાડીઓ, નસો, **અસ્ત** = અસ્થિ, હાડકાં, **અમીખહી** = સાથ આપનારા, રસથી ભરપૂર, રસકસવાળા **રુદ્ર** = રુદ્ર, લોહી, રુધિર **રોમ** = રુંવાટા **ઓરુ** = અને **તુચા** = ચામડી, **પંચતત** = પાંચ મહાભૂત પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ **સકલ** = સર્વ, બધા જ **અંગ** = અંગો **નીખ શીખહી** = પગના નખથી માંડીને શિખા પર્યંત, નખશિખ.

### અનુવાદ

**તે ગુણ વડે અંત : કરણ, દશ ઈંદ્રિ અને વળી રસકસવાળી નાડીઓ, હાડકાં, લોહી, રુંવાટા, ત્વચા, પાંચ તત્ત્વો, વગેરે પગના નખથી તે શિખા પર્યંત સમસ્ત અંગો ચેતન થાય છે.**

### ભાવાર્થ

તે ત્રણ ગુણ પૈકી રજોગુણથી દશ આકાંક્ષાઓ, તમોગુણથી દશકાળ અને સતોગુણથી પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થા ચેતન થાય છે. ત્રણ ઘણ પૈકી અહંકાર ઘણથી પાંચ માત્રા અને પાંચ મહાભૂત, સ્વકાશ ઘણથી પાંચ સંભશકરણ અને પાંચ વિવસ્તા તથા અચંત ઘણથી દશ ભાવના ચેતન થાય છે. આમ ગુણ અને ઘણ મળી શરીરની પાંચ કર્મેઇંદ્રિયો અને પાંચ જ્ઞાનેઇંદ્રિયો તેને સાથ આપવાવાળી બોંતેર હજાર નાડીઓ, હાડકાં, લોહી, ત્વચા, પાંચ મહાતત્ત્વો મળી શરીરનાં સર્વ તત્ત્વો એકબીજાથી ચેતના પામીને પગના નખથી તે માથાની ચોટલી સુધીનું સંપૂર્ણ શરીર ચેતનવંત બનીને હલનચલન અને ચેષ્ટા કરતું થઈ જાય છે.

**નિજ પ્રતિબિંબ ગ્રહીત પરમાત્મ, જીનું તત સૂલટ સોહંગા;**
**તીનકી કિરણ પુરુષ પ્રકૃતિ પર, પ્રકૃતિ મિલી ઓહંગા. ૫**

### શબ્દાર્થ

**નિજ** = પોતાનું , ચેતન અંશ **પ્રતિબિંબ** = આભાસ **ગ્રહિત** = ગ્રહણ કરીને **પરમાત્મ** = પરમાત્મા જીનું **તત** = જેના તત્ત્વ **સૂલટ** = સીધું **સોહંગા** = સોહંગ તત્ત્વ વિકાસ મહાતત્ત્વ **તીનકી** = તેનું **કિરણ** = કિરણ, દૃષ્ટિ, ચેતનતાનો પ્રભાવ **પુરુષ** = નિરંજન પુરુષ, નિરંજન તત્ત્વ **પ્રકૃતિ** = આવ્યાકુત તત્ત્વ, આદ્યશક્તિ **પર** = ઉપર **પ્રકૃતિ** = અવ્યાકૃત તત્ત્વ **મિલી** = મળી **ઓહંગા** = ઓહંગ **તત્ત્વ** = અવિકાસ મહાતત્ત્વ.

## અનુવાદ

**અંશનો આભાસ પરમાત્મા રૂપ સોહંગ તત્ત્વ પર પડવાથી તે સૂલટ થાય છે. તેનું કિરણ પુરુષ અને પ્રકૃતિ પર પડે છે. જેથી પ્રકૃતિનું કિરણ ઓહંગ સાથે મળે છે.**

## ભાવાર્થ

સર્જનહારનો જે સજાતીય જાણ સ્વરૂપ ચૈતન અંશ છે તેનું સૌપ્રથમ કિરણ રૂપ આભાસ બ્રહ્મના મહાતત્ત્વો ઉપર પડે છે જે પૈકીનો વિકાસ મહાતત્ત્વ રૂપ સોહંગ પરમાત્મા, સૂલટ થઈ ગતિ કરીને પ્રાણાયામને ચલાયમાન કરે છે. જે પોતે પુરુષ લિંગનો હોવાથી તેનો ભાસ પ્રથમ નિરંજન તત્ત્વ જે પુરુષ તત્ત્વ છે તેના ઉપર પડે છે. પછી નિરંજન તત્ત્વનો પ્રભાવ અવ્યાકૃત તત્ત્વને ચેતન કરે છે. બ્રહ્મના અવિકાસ મહાતત્ત્વ રૂપ ઓહંગ તત્ત્વ આ સાથે ચેતન પામેલા અવ્યાકૃત તત્ત્વ સાથે ભળવાથી ઊલટ પ્રાણાયામ ને ચલાયમાન કરે છે. જે ઓહંગ અવ્યાકૃતના પ્રદેશનું હોવાથી તેને સ્ત્રીલિંગ તત્ત્વ સમજવું.

## ઓહંગ સોહંગ મેં ઉલટ પુલટ હોઈ, કીનેહુ પ્રણવ સજીવા;
## જીનકે ભાસ સકલ તન વ્યાપક, રોમ રોમ રગ જીવા. ૬

### શબ્દાર્થ

**ઓહંગ** = બ્રહ્મના અવિકાસ મહાતત્ત્વ **સોહંગ** = બ્રહ્મનું વિકાસ મહાતત્ત્વ **મેં** = અંદર, પોતે શરીરમાં **ઉલટ પુલટ** = ઊલટા સૂલટી **હોઈ** = હોવાથી **કીનેહુ** = કરે છે, થાય છે **પ્રણવ** = પ્રણવ રેચક પ્રેરકની ગતિ, **સજીવા** = સજીવન, **જીનકે** = જેના **ભાસ** = આભાસથી **સકલતન** = આખું શરીર **વ્યાપક** = પથરાઈને વ્યાપીને **રોમ રોમ** = અણુ અને પરમાણુ સહિત, રુંવાટે રુંવાટા **રગ** = રગેરગ, **જીવા** = સજીવન થાય છે, ચેતનવંત બને છે, સચેતન થાય છે.

### અનુવાદ

**ઓહંગ અને સોહંગ પોતે ઊલટ સૂલટ થવાથી પ્રાણાયામ સજીવન થાય છે. જેનો આભાસ આખા શરીરમાં પથરાઈને પ્રસરીને રોમેરોમ અને રગે રગને ચેતન કરે છે.**

### ભાવાર્થ

સર્જનહારની પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિના સચરાચર વ્યાપક બ્રહ્મનાં ત્રણ મહાતત્ત્વો છે. જેમાં અવિકાસ મહાતત્ત્વ જેનો ૐકાર પ્રાણાયામ થયો છે જે સ્ત્રીલિંગ ગણાય છે. તે લેતા પ્રાણાયામ ને કાર્યશીલ કરીને લેતા શ્વાસની ગતિનું વહન કરાવે છે. જ્યારે વિકાસ મહાતત્ત્વ જેનું સોહંગ તત્ત્વે કરી સોહંગ પ્રાણાયામ થયો છે. જે પોતે પુરુષ લિંગ ગણાય છે અને તે મુકતા પ્રાણાયામ ને કાર્યશીલ કરીને મુકતા શ્વાસની ગતિનું વહન કરાવે છે. જ્યારે ત્રીજા કુંભસ્થ મહાતત્ત્વ જેનો સ્થંભન પ્રાણાયામ થયો છે, જે પોતે બંને પ્રાણાયામની સંધિ મધ્યે સ્થંભન પ્રાણાયામને સ્થંભ કરીને કાર્યરત બની શ્વાસને શરીરમાં અટકાવે છે. જે નપુંસક નયંતા ગણાય છે. જેની ગતિ માનવ શરીરમાં ચોવીસ કલાકમાં કુલ ૨૧,૬૦૦ પ્રાણાયામની નિશ્ચિત કરેલ વેગથી ચાલે તેમ સર્જનહાર દ્વારા ગોઠવણ કરવામાં આવેલી છે.

**ઓરુ નિજ પ્રણવ સકલ જડ જીનસે, અહંગ સહંગ દોઉ ન્યારે;**
**શ્વાસોશ્વાસ શબ્દ ઉચરાવન, જીનકે ઓઈ અસવારે. ૭**

#### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **નિજ** = મૂળ પોતે **પ્રણવ** = પ્રણવ, પ્રાણાયામ **સકલ** = સર્વ **જડ** = જડ, નાશવંત સચેતન, આધારયુક્ત, જીવન કે ચૈતન વગરનું **જીનસે** = જેનાથી તેનાથી **અહંગ** = ઓહંગ **સહંગ** = સોહંગ **દોઉ** = બંને **ન્યારે** = ભિન્ન, જુદા, અલગ **શ્વાસો શ્વાસ** = શ્વાસ અને ઉચ્છ્વાસ, લેતો અને મુકાતા પવન, રેચક અને પ્રેરક શ્વાસ **શબ્દ** = શબ્દ, સ્વર, વાણી **ઉચરાવન** = ઉચ્ચાર કરાવડાવે **જીનકે** = તેના **ઓઈ** = આ **અસવારે** = સવાર, કાબૂ, તકાદો કરનાર.

### અનુવાદ

**વળી પ્રણવ પોતે સર્વ રીતે જડ છે અને તેનાથી ઓહંગ અને સોહંગ બંને જુદા**

**છે. સ્વાસોચ્છ્વાસની શ્વાસોશ્વાસની ક્રિયા દ્વારા શબ્દ ઉચ્ચારણ ત્યારે જ બને જ્યારે તે સવાર હોય.**

## ભાવાર્થ

શરીરમાં જે રેચક અને પ્રેરકની ગતિથી ચાલતો શ્વાસ જેને આપણે પ્રણવ શબ્દથી સંબોધન કરીએ છીએ તે સર્વ પ્રકારે જડ અને અચેત છે. તેને ચેતન થવા માટે બીજા ઉપર આધાર રાખવો પડે છે. એટલે કે, તે પોતે આપ મેળે કાર્યશીલ થઈ શકે તેમ નથી. જ્યારે ઓહંગની વૃત્તિ પડે ત્યારે લેતા પ્રાણાયામ સચેતન બને અને જ્યારે સોહંગની વૃત્તિ પડે ત્યારે મુકતો પ્રાણાયામ સચેતન બને છે. આમ શરીરમાં ચાલતા પ્રાણાયામથી ઓહંગ અને સોહંગ બંને તેનાથી ન્યારા છે, ભિન્ન છે. જેમ વાજિંત્રમાં નાદ, લાકડામાં અગ્નિ અને લુહારની ધમણમાં પવન હોય છે, પરંતુ તે જડવત્ રહેલા છે, પરંતુ કોઈ વિશેષ ચૈતનવંત ચૈતન મળે છે ત્યારે તે ત્રણેને ચેતનવંત-જાગ્રત કરે છે, પરંતુ તે આપોઆપ જાગ્રત થતા નથી. આમ ઓહંગ અને સોહંગની ચેતનતા ભળવાથી પ્રણવ જાગ્રત થાય છે. વળી, શબ્દનું ઉચ્ચારણ પણ ત્યારે જ શક્ય બને છે. પ્રણવ ઉપર ઓહંગ સોહંગના માધ્યમથી અંશની નિજ જાણ રહેલી છે એટલે કે, તે વિશેષ ચૈતન થકી સ્વરની ઉત્પત્તિ શકય બને છે. તત્ત્વોના આ ગહન વિષયને વિશેષ રૂપમાં સમજવા પ્રયત્ન કરીએ તો વળી પ્રાણાયામમાં પાંચ તત્ત્વોઃ પૃથ્વી, જળ, આકાશ, તેજ અને વાયુ વારા ફરતી વર્તમાન કરતાં હોય છે અને તે તત્ત્વ પલટાયે અવસ્થા - જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમુની પણ પલટાયા કરે છે.

વળી પાંચ તત્ત્વોના સામાન્ય પ્રાણાયામને વિષે મહદ્ પ્રાણાયામના આભાસ રહ્યા છે તે પંચત્વના સૂક્ષ્મને વિશે વારાફરતી વર્તમાન કરે છે જેમાં મુક્તા સામાન્ય પ્રાણાયામ - અપાન, પ્રાણ, ઉદાન, વાન અને સમાન છે અને લેતા સામાન્ય પ્રાણાયામમાં કોરમ, કલકલ, દેવદત, નાગ અને ધનંજે રહેલા છે. જે સર્જનહારની સંજમ ભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્ત્વ - અનંગ, વર્ગજ્ઞાન અને કાળની વિશેષ ચૈતનતા થકી જાગ્રત થઈને મહદ્ પ્રાણાયામને વિષે મળેલા છે

આ પ્રકારે પંચતત્ત્વો સૂક્ષ્મ પ્રાણાયામને વિષે અને મહદ્ પ્રાણાયામને વિષે ત્રણ ચક્ષસત્ત્વ વર્તમાન કરે છે તેણે કરીને પાંચ અવસ્થા પલટાય છે. જે જે અવસ્થા સ્ફુરણ

થાય છે તે તે અવસ્થાની ક્રિયા પણ ત્રણ ચક્ષસત્ત્વ કરે છે. વળી જે અવસ્થા સ્ફુરણ થાય છે તે સમયે તે અવસ્થાની સ્મૃતિ હોય અને અન્ય અવસ્થાની ક્રિયા વિસર્જન થાય છે. તેમાં વળી જાગ્રત અવસ્થાને વિશે સર્વ અવસ્થાનું જ્ઞાન સ્ફૂરણ થાય છે અને મન અંતઃકારણ થકી બાવન અક્ષરની આદ્ય લઈને શબ્દ ઉચ્ચાર પણ જાગ્રતને વિશે થાય છે.

જેમ સૂર્યનું પ્રતિબિંબ જળ ઉપર પડતું હોય છે પરંતુ જળ ઉપર કોઈ આવરણનો વિકાર આવી જાય તો જળમાં રહેલું સૂર્યનું પ્રતિબિંબ લીન પામી જાય છે, પરંતુ સૂર્ય તો તેમનો તેમજ રહે છે. તેજ ન્યાયે નિજ જાણરૂપ અંશનું પ્રતિબિંબ પ્રાણાયામને વિશે રહેલું છે, પરંતુ જો તે પ્રાણાયામમાં પંચતત્ત્વના વિકાર સંયુક્ત પ્રાણાયામ રૂપી આવરણ ચક્ષસત્ત્વોને આધારે આવી જાય તો તે પ્રાણાયામ ચક્ષસત્ત્વને આધારે જ જે જાણ હતી તે લીન પામે છે. જેથી અવસ્થાની જાણ નાશ પામે, પરંતુ આપણું શુદ્ધ ચૈતન સ્વરૂપનું નિજજાણપણું સદાય કાળ તેમનું તેમ જ રહે છે.

## સ્થૂળ-જંગમમાં ત્રણ ચક્ષસત્ત્વોની ગતિની સમજ

| ચક્ષસત્ત્વ | મૂળસ્થાન | સહેલસ્થાન | કાર્ય |
|---|---|---|---|
| અનંગ (ત્રણ ભાગ) | બંને શ્વાસની સંધિને વિશે રહેલો છે. (કુંભસ્થ મહાતત્ત્વ) | નેત્ર દ્વાર અને ઉપસ્થ દ્વાર | પ્રેરક અને રેચક બંને શ્વાસને અંદર ખેંચી રાખે છે. જેથી પ્રાણાયામ નિજ બળપૂર્વક રહે છે અને શરીરને વિશે જમાવ પણ કરે છે. જેથી શરીરને વિશે સામર્થ્યતા રહે છે. |
| વ્રગજ્ઞાન (ત્રણ ભાગ) | લેતા શ્વાસ (અવિકાસ મહાતત્ત્વ) | હૃદયસ્થાન અને કર્ણ દ્વાર | પ્રાણાયામ અતિશય બહાર નીકળી જતો નથી. |
| કાળ (ચાર ભાગ) | મૂકતો પ્રાણાયામ (વિકાસ મહાતત્ત્વ) | રસના અને મુખ | મૂકતા પ્રાણાયામ શ્વાસને બહાર રેચક કરી નાખે છે. |

**નોંધ :**

**અનંગ ચક્ષસત્ત્વઃ** જેટલું નિર્બળ પામે છે ત્યારે તેટલો પ્રાણાયામ કાળ ચક્ષસત્ત્વ બહાર વિશેષ રેચક કરી નાખે છે. તેને કરીને શરીર જલદી નાશ પામે છે. જેથી યોગીજનો અનંગ ચક્ષસત્ત્વની સામર્થ્યતાયે કરીને પ્રાણાયામને કુંભક કરી રાખે છે. તેણે કરીને સર્વ શરીર ઐશ્વર્યતાપણું તેમજ સામર્થ્યતા પામે છે. તે માટે યોગીનું વચન ફળીભૂત થાય છે. વળી અનંગ ચક્ષસત્ત્વ રૂપી કામદેવ તે પ્રાણાયામને ઘણા કાળ સુધી જતમત કરીને યોગીનું શરીર ટકાવી રાખે છે, તેમજ અનંગભર્યું રાખે છે.

**વગ્રજ્ઞાન યક્ષસત્ત્વઃ** જયારે અનંગ ચક્ષસત્ત્વ પ્રાણાયામને કુંભક કરી રાખે છે ત્યારે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ પણ વિશેષ સામર્થ્યવાન પામે છે. વળી વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ તે સર્વ દેહની ઇંદ્રિયોના જે વિષય હોય તે પોતે જાણે છે અને ઇંદ્રિયોના વિષયોને પોતપોતાની વગ પ્રમાણે ઇંદ્રિયોને જણાવે છે. તે માટે વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ વિશેષ સ્મૃતિ પામ્યાથી યોગીજન સર્વ પદાર્થ ભાવનાની ગતિ અને અગમ-નિગમ જાણે છે.

**કાળચક્ષસત્ત્વઃ** શરીરના જીવનરૂપ પ્રાણાયામને બહાર રેચક કરી નાંખે છે. કાળ ચક્ષસત્ત્વ એકલું જ રહે ત્યારે પ્રાણાયામ એકલો રેચક થઈ જાય પણ તે શ્વાસ પાછો ઊલટીને પિંડમાં પ્રેરક થાય નહીં. એ રીતે કાળ ચક્ષસત્ત્વ પ્રાણાયામનો નાશ કરવા સારુ પ્રણવને બહાર કાઢી નાખે છે. કાળચક્ષસત્ત્વનો એક ભાગ પહેલેથી જ વધારે હતો તેથી કાળ ચક્ષસત્ત્વ પાછળ વધારે વખત રહે છે. તે કાળચક્ષસત્ત્વનો વધારાનો એક વિભાગ પહોંચતાં સુધી પ્રાણાયામને બહાર ઉલેચી નાખ્યા કરે ત્યાર પછી તે વધારાનો એક વિભાગ પણ ખૂટી જાય ત્યારે કાળ ચક્ષસત્ત્વનો પણ નાશ થઈ જાય ત્યારે પ્રણવ બહાર રેચક થતો પણ અટકી જાય. આ રીતે જયારે રેચક પ્રાણાયામ ચાલતો બંધ થઈ જાય અને પ્રેરક પ્રણવ તો આગળથી નાશ પામ્યો છે. એ બંને પ્રાણાયામ શાંત થઈ જાય ત્યારે શરીર કાળવશ થઈ જાય છે.

**નિજ જાણ સ્વરૂપ કૈવલકર્તાના અંશને શબ્દ ઉચ્ચાર કરવાની ઈચ્છા થાય**

↓

**ત્રણ ચક્ષસત્ત્વઃ અનંગ, વગ્રજ્ઞાન અને કાળને હુકમ કરે છે.**

↓

| અવિકાસ મહાતત્ત્વ | વિકાસ મહાતત્ત્વ | કુંભસ્થ મહાતત્ત્વ |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| લેતો પ્રાણાયામ | મુક્તો પ્રાણાયામ | સ્થંભન પ્રાણાયામ |

↓

**ત્રણેયના આક્રંત સંયોગ થવાથી ઊલટા સૂલટી ક્રિયાથી શબ્દ ઉત્પન્ન થાય છે.**

આ પ્રકારે મન અંતઃકરણને ત્રણ ચક્ષસત્ત્વ ઉજાગ્રત થઈને જાગ્રત અવસ્થાને વિષે ચાર અવસ્થાઓનું જ્ઞાન જોડે છે અને બાવન અક્ષરવાળા શબ્દનું ઉચ્ચારણ થાય છે. તે પણ નિજ જાણ સ્વરૂપના વિશેષ આભાસને લીધે જાગ્રત અવસ્થામાં જ થાય છે.

| **વિશેષ આભાસ** | **સ્પર્શા-સ્પર્શ સામાન્ય આભાષ** |
|---|---|
| ↓ | ↓ |
| **મન અંતઃકરણ** | સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમુની અવસ્થાની બુદ્ધિ, અહંકાર અને ચિત્ત અંતઃકરણની એકતા રહી છે. |
| ↓ | ↓ |
| જાગ્રત અવસ્થાને વિષે ઉનમુનિ અવસ્થાની સજાણપણાની વિશેષ એકતા રહી છે. | અંધતમ નિદ્રા વર્તે છે. |
| ↓ | ↓ |
| ત્રણ ચક્ષસત્ત્વ વિશેષ ઉજાગ્રત પામે છે. | તેથી ચક્ષસત્ત્વ પણ અંધપણું પામે છે |
| ↓ | ↓ |
| પાંચેય અવસ્થા જાગ્રતના ઉદરને વિશે વર્તે છે. | અવસ્થાઓનું જ્ઞાન જે તે અવસ્થાને રહેતું નથી. |

**બિનુ અસવાર શ્વાસ સષોપતકે, શિર પર હંગ ન બોલે;**
**હંગ વિનાય હરેક પ્રકારન, બાબજ જાય અબોલે. ૮**

### શબ્દાર્થ

**બિનુ** = વગર, સિવાય **અસવાર** = સવારી, **શ્વાસ** = શ્વાસ રેચક પ્રેરકની ગતિ **સષોપતકે** = સષોપતિ અવસ્થામાં **શિરપર** = તેના ઉપર **હંગ** = જાણ **ન** = નહીં **બોલે** = બોલે, ઉચ્ચારે, વદે **હંગ વિનાય** = જાણ વગરનો, હુંકાર **હરેક પ્રકારન** = દરેક પ્રકારની **બાવજ** = બાબત, વિષય **જાય** = જતી રહે, લીન પામે **અબોલે** = બોલ્યા સિવાય, ઉચ્ચાર વગરની.

### અનુવાદ

**સષોપતિ અવસ્થામાં ચાલતો શ્વાસ સવારી (પ્રભાવ) સિવાયનો હોય છે. તેના શિર ઉપર અંશની જાણ્ય ન હોવાથી જાણ્ય વિના દરેક પ્રકારની બાબત લીન પામતાં ઉચ્ચાર વગરની રહે છે.**

### ભાવાર્થ

જ્યારે અગ્નિ તત્ત્વોનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ્ પ્રાણાયામને વિશે વર્તમાન કરે ત્યારે સષોપતિ અવસ્થા સ્ફુરણ થાય છે. આ સમયે અર્ધમાત્રિકા સ્વપ્ન દર્શી-દર્શીને વિલાઈ જાય છે. જેથી પૂર્ણ સ્વપ્નનું સ્વરૂપ બંધાતું નથી અને અન્ય પદાર્થ દેખાઈને વિલાઈ જાય છે. તેવું થાય ત્યારે આપણામાં સષોપતિ અવસ્થા વર્તમાન કરે છે તેમ સમજવું.

આ વખતે પોતાના નિજ ચૈતનઅંશની જાણ તે સમયના વિકારયુક્ત તત્ત્વોના આવરણને લીધે પ્રાણાયામની ઉપર રહેતી નથી. એટલે જાણ સિવાય તે સષોપતિ અવસ્થાનો પ્રાણાયામ જ્યારે તેની પેટા (અવસ્થા) જાગ્રત અવસ્થા ભોગવે ત્યારે કોઈક વખત બરલી ઊઠે છે, પરંતુ કોઈ પ્રકારના શબ્દનું ઉચ્ચાર કરતો નથી. વળી તેની જાણ પણ લીન પામી હોવાથી તેને તે અવસ્થાની કોઈ પણ જાણ રહેતી નથી. જ્યારે તે મૂળ જાગ્રત અવસ્થામાં આવે અને કોઈ તેને કહે કે તું તો બહુ બરલે છે. ત્યારે તે પુરુષ જાગ્રત હોવાથી કહે છે કે 'હું તો બરલ્યો જ નથી.' આમ અંશની જાણ લીન પામી હોવાથી તેને સષોપતિ અવસ્થાની માહિતી તે પુરુષને રહેતી ન હોવાથી તે આ મુજબ કહે છે.

**બિનું બાબજ કે સુસક સ્વરસે, અનુભવ ન હોય નવેરા;**
**જેસે ડંડ કુલાલ વિના ગત્ય, ફરત ચાક જ્યૌ ફેરા. ૯**

## શબ્દાર્થ

**બિનું** = વગર, સિવાય **બાબજ કે** = માહિતી, જાણ્ય **સુસક** = શુષ્ક, જડ, અચેત **સ્વરસે** = સ્વરથી, રેચક પ્રેરક ગતિથી, **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **ન હોય** = હોતું નથી, વિનાનો **નવેરા** = અનિર્ણાયક, નિર્ણાયક શક્તિ વગરનો, અજાણ **જેસે** = જેમ **ડંડ** = ડંડ ચાકડો ફેરવવા માટે ઉપયોગમાં લેવાતી લાકડી **કુલાલ** = પ્રજાપતિ, કુંભાર, વાસણ ઘડનાર વ્યક્તિ **વિના** = વગર સિવાય **ગત્ય** = ગતિની જેમ, માફક, **ફરત** = ફરે છે **ચાક** = ચાકડો, માટીના વાસણ બનાવવામાં ઉપયોગી ગોળ પૈડા જેવું કુંભારનું એક સાધન જે ચક્રની જેમ ધરી ઉપર ગોળ ગોળ ફેરવવામાં આવતું હોય છે **જ્યૌ** = જેમ **ફેરા** = ફરવું.

## અનુવાદ

**જેમ ડંડ વડે કુંભાર ચાકડાને ફેરવે પછી ફર્યા કરે છે. તેમ જાણ્ય સિવાયના શુષ્ક પ્રણવથી કોઈ પણ પ્રકારના પ્રત્યક્ષ જ્ઞાનનો નિર્ણય થઈ શકતો નથી.**

## ભાવાર્થ

જેમ માટીનાં વાસણો બનાવનાર કુંભાર વાસણો બનાવવા માટે માટીનો લોંદો ચાકડાની મધ્યે મૂકે છે. પછી તે પૈડા જેવા ગોળ આકારનો ચાકડો ડંડ દ્વારા ફેરવતાં ચાકડો ધરી ઉપર ફરતો હોય છે. પોતાના દંડને મૂકીને કુંભાર બેસી રહે તો પણ તેની હાજરીમાં પોતે ચાકડાને ફેરવતો ન હોવા છતાં પણ તે ચાકડો, ગોળ-ગોળ ચક્રાવની ગતિમાં ફર્યા જ કરે છે. પરંતુ કોઈ ઘાટ ઘડાતો નથી તે જ ન્યાયે પ્રારંભમાં અંશની હાજરીથી ચેતન થયેલો પ્રણવ અંશની જાણ્ય સિવાયનો પણ મહાતત્ત્વોના પ્રભાવથી રેચક પ્રેરકની ગતિ તો કરતો હોય છે. વળી, જેમ કુંભારની જાણવૃત્તિ સિવાયનો માટીનો લોંદો પોતે ચાકડો ફરતો હોવા છતાં વાસણોનો આકાર ઘડતો નથી. તેમ પ્રણવ પણ પોતાના પ્રત્યક્ષજ્ઞાનના નિર્ણય વગરનો નિર્ણાયક સ્થિતિમાં ન હોવાથી અંશની જાણ વગરના પ્રણવ પોતે શબ્દનો ઘાટ ઘડી શકતો નથી, પરંતુ ફોગટના શુષ્કપણે વહ્યા કરે છે અને રેચક પ્રેરકની ગતિ કર્યા કરે છે.

**તબતે શ્વાસ હંગ બિનુ શિર પર, મરીત ચરમવત્ પવના;**
**ભરીત કલા કબજે કલકી જ્યૌં, ત્યૌં દમ કરતહી ગવના. ૧૦**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે જ, તેટલે, તેથી **શ્વાસ** = રેચક પ્રેરક પવન **હંગ બિનુ** = જાણ વગર **શિરપર** = પોતાના શિર, પોતાના ઉપર **મરીત** = મરેલા **ચરમવત્** ચામડાની જેમ (ધમણની જેમ) **પવના** = પવનની ગતિ **ભરીત** = ભરે છે **કલા** = કળા યુક્ત **કબજે** = કબજે કરીને **કલકી** = કળાયુક્ત **જ્યૌં** = જેમ **ત્યૌં** = તેમ **દમ** = શ્વાસ **કરતહી** = કરે છે **ગવના** = ગતિ, રેચક પ્રેરક ચાલ.

### અનુવાદ

**તેટલા માટે જ અંશની જાણ્ય સિવાયનો શ્વાસ નિર્જીવ ચામડાની ધમણના પવન જેવો છે. જેમ લુહાર કળ દ્વારા પવનને કબજે કરી યુક્તિપૂર્વક ભરે છે અને બહાર કાઢે છે. તેમ શ્વાસ રેચક-પ્રેરક ગતિ કરે છે.**

### ભાવાર્થ

સષોપતિ અવસ્થામાં વહેતા પ્રણવના વધુ ખુલાસા માટે અહીં દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવ્યું છે કે જ્યારે સષોપતિ અવસ્થા હોય ત્યારે તે રેચક - પ્રેરકની ગતિ કરતો પ્રણવ ચાલતો હોય છે, પરંતુ તેની ઉપર અંશની જાણ્ય હોતી નથી. વિકાસ મહાતત્ત્વના પ્રભાવથી પ્રણવ પોતાની ગતિ કરે છે, પરંતુ અંશનું હંગ તેના શિર ઉપર સવાર થયેલું હોતું નથી તેથી તેની જાણ અંતઃકરણોને રહેતી નથી.

જેમ કે લુહાર લોખંડને ભઠ્ઠીમાં મૂકીને ગરમ કરવા માટે ધમણમાં કળપૂર્વક હવા ભરીને કબજે કરે છે. ત્યારબાદ તેની કળયુક્ત રચના દ્વારા પવનને બહાર કાઢીને અગ્નિને સતત પ્રજ્વલિત રાખે છે. આ ક્રિયામાં ધમણનો પવન જડ છે. જેમ લુહાર તેને સાંકળના માધ્યમથી ચલાયમાન કરે છે તેમ અંશ પણ અવિકાસ અને વિકાસ તેમજ કુંભસ્થ મહાતત્ત્વો (એટલે કે બ્રહ્મનાં મહાતત્ત્વો) ના માધ્યમથી ચલાયમાન થાય છે. એટલે કે, રેચક પ્રેરક અને કુંભસ્થ દશામાં વહેવડાવે છે. જેમ ધમણનો પવન પણ ધમણમાં ભરાય છે અને બહાર નીકળે છે, તેમ શ્વાસોચ્છ્વાસની ગતિ સતત ચાલુ જ રહે છે.

ધમણની જેમ શરીરમાં પણ રેચક - પ્રેરક ની ગતિ ચાલુ જ રહે છે, પરંતુ નિજ અંશની જાણ તેના શિર ઉપર ન હોવાથી મન અંતઃકરણ તેને સ્પર્શતુ નથી. જેથી કોઈ પણ પ્રકારના શબ્દનું ઉચ્ચારણ કરી શકતો નથી તેમજ તે અવસ્થાની તેને જાણ પણ હોતી નથી.

**હંગ સચેત હોત ગતિ રબસે, જેહી આપનપુ ઓઈ;**
**તેહી આપનપુ અહંગ હંગ મિલ, ક્તા હંગ લહે સોઈ. ૧૩**

### શબ્દાર્થ

**હંગ** = જાણ **સચેત** = ચૈતન **હોત** = થાય **ગતિ રબસે** = સર્જનહારની ગતિ **જેહી** = તેવી જ રીતે, તે પ્રમાણે, તેમ, જેમ **આપનપુ** = પોતનું ચૈતન અંશ સ્વરૂપ **ઓઈ** = હોય છે **તેહી** = તે **આપનપુ** = પોતાનું સ્વ-સ્વરૂપ, અંશ **હંગ** = પોતાનું હંગ, જાણ **મિલ** = મળીને, જાણીને **ક્તા** = સર્જનહારના **હંગ** = જાણ **લહે** = જાણે **સોઈ** = તે

### અનુવાદ

**કર્તાના હંગની સચેતન ગતિની જેમ જ આપણી (અંશની) ગતિ હોય છે તેથી અંશ જો પોતાના હંગને જાણે તો જ કર્તાના હંગને તે જાણી શકે છે.**

### ભાવાર્થ

અખિલ બ્રહ્માંડના અનંત વિસ્તારમાં કર્તા સહિત બે હંગ રહેલા છે. આ બે હંગે પૈકી પુરુષ પ્રકૃતિની આદ્ય લઈને રહેલું સર્વ અંશોનું એક હંગ છે. બીજું સર્વજ્ઞ મહદ્ હંગ નિજકર્તાને વિષે રહ્યું છે. ચૈતનઅંશની જે જાણ્ય છે તેનું જ નામ હંગ છે. અંશનું હંગ અલ્પજ્ઞ અને અકર્તા છે, જ્યારે સર્જનહારનું હંગ સર્વજ્ઞ અને સકર્તા છે.

જેમ ભ્રમર કમળની સુગંધી પાછળ તલ્લીન થાય છે તેમ આ દેહ દ્વારા તત્ત્વ પદાર્થોની ઉત્પન્ન થતી ચાસમી જે ઇંદ્રિયોથી લઈ સોહંગ પ્રદેશ સુધી ઉત્તરોત્તર પહોંચે છે. અંશ આ ચાસમી ઉપર છલ્લો લે છે. આ ચાસમીનું લેવાપણું તે જ હંગ છે. આ હંગની મતલબ વાણીનો વિસ્તાર કરવાનું છે. એથી જ એને વેદ શિર હંગ પણ કહેવાય છે. જે તે ઘાટમાં જે જે ક્રિયા થાય છે તે તે ક્રિયા હંગની મતલબે થાય છે. આમ સર્વ ક્રિયા જેના વડે થાય છે તે હંગ હોઈ તે નિજ ચૈતનના હથિયાર રૂપ

છે. જ્યારે કોઈ માણસ નિંદ્રાવશ હોય અને કોઈ જાગ્રત માણસ તે સૂતેલાને જગાડે ત્યારે હંગ પ્રણવને ટકોરો મારે છે ત્યારે સૂતેલો માણસ 'હું' કહીને જાગ્રત થાય છે. આ વખતે તેનામાં કોઈ પણ પ્રકારનો વિકાર કે આવરણ હોતું નથી. તે વખતે જે હુંકારો ભરે છે તે હંગનું રૂપ છે. આમ અંશની દૃષ્ટિ, અલ્પજ્ઞ જાણ, બાહ્યવૃત્તિ, બાહ્યગતિ, એ બધા પર્યાય શબ્દો હંગને ઉદ્દેશીને કહેલા છે. આમ આ હંગ વડે બ્રહ્માંડભરની સઘળી રચનામાં જે કાંઈ જાણવાનું છે તે જાણનું નામ હંગ છે. આ હંગ જેનું છે તે અંશના હંગની એકતા ઓહંગ પ્રણવ સાથે છે. વળી અંશની પોતાની બે વૃત્તિઓ પૈકી અંતરવૃત્તિ થી જે ધ્યાને કરીને સર્વત્ર દેખાય છે તે અને બાજવૃત્તિ જે નેત્રે કરીને દેખાય છે, જે એક દેશી દેખાય છે. જેનાથી જેવું જોવામાં આવે તેવી પ્રવૃત્તિ કરવાની ઉપજણ ઊપજે છે અને જેમાં ગુણ અને ઘણની પ્રવૃત્તિઓ ઇંદ્રિયો થકી ખાસ અસરકારક બની કાર્યરત રહે છે.

સર્જનહારનું હંગ સર્વજ્ઞ છે, તેમજ સકર્તા છે. જેથી તેઓ નવીન નવીન ઉપજાવી શકવાની કામના ધરાવે છે. તેમજ તેઓ પણ પોતાના બાજ હંગે અલૌકિક દિવ્યચક્ષુએ જુએ છે. તેમની બાજવૃત્તિના દિવ્યચક્ષુઓની એકતા પ્રકાશબ્રહ્મવૃત્તિની સાથે રહેલી છે. જેમાં તેઓ સોહંગ પ્રણવના માધ્યમથી અનંત બ્રહ્માંડના સર્વ અંશોની ક્રિયાઓ જાણે છે, અંશોના ઉત્તમ, મધ્યમ કર્મ જોઈ શકે છે. વળી પોતાની વૃત્તિઓએ કરીને સર્વ રચના ઉત્પન્ન કરી છે તે તેમની અલૌકિક બાહ્યહંગની પ્રવૃત્તિ ગણાય છે. કર્તા અંતરહંગથી બનાવેલા ત્રણેય પ્રકારના અંશોને પ્રલયકાળે પોતાનામાં લીન કરીને પછી પોતાના બાજહંગને અંતરહંગમાં સમેટીને સ્વ-સ્વરૂપે જ રહે છે. એટલે કે, પોતાની જે બધી જ વૃત્તિઓ હતી તે સમાવીને સંકલ્પ રહિત શુદ્ધ સ્વ-સ્વરૂપે રહે છે. માત્ર પોતે પોતાને જ જાણે છે કારણ કે, તેમણે પોતે જે બાહ્ય જગત ઉત્પન્ન કર્યું હતું તે સમેટી લીધું છે. એટલે પછી કોઈ પદાર્થ કે તત્ત્વો રહ્યાં જ નથી.

વળી કર્તાના હંગની અદ્‌ભુત અને રહસ્યમય બાબત એ છે કે કર્તા અંતરહંગને સમાવી સ્વ-સ્વરૂપે રહેવા છતાં બીજ રૂપે રહેલાં બાજહંગને કદી ભૂલી જતા નથી. કારણ કે, તેમણે પોતે બાજહંગ વડે આગળ જગત રચેલું હતું અને હજી પાછું રચવાનું છે તે સ્મરણની સ્મૃતિ કર્તાથી વીસરાતી નથી તેથી કહેવાય કે કર્તામાં કર્તાપણું સદાયકાળ રહે છે.

**ક્રતા હંગ દિવ્ય છત્ર સોહંગ શિર, અહંગ હંગ અપનેહી;**
**ઉભય હંગ મિલીત હલમલ રત, ઉમંગે દેહ સબેહી. ૧૨**

### શબ્દાર્થ

**ક્રર્તા હંગ** = કર્તાની જાણ **દિવ્ય** = અલૌકિક **છત્ર** = ઢાંકણ, છત્તર, રક્ષણકર્તા, છાયા **સોહંગ** = સોહંગ પ્રણવ, વિકાસ મહાતત્ત્વ **શિર** = શિર પર **અહંગ હંગ** = ઓહંગ હંગ **અપને હી** = આપણું છે **ઉભય હંગ** = બંને હંગ **મિલીત** = મળવાથી, મળીને **હલ મલરત** = હળીમળીને, પ્રેમપૂર્વક, **ઉમંગે** = આનંદમય **દેહ** = દેહ, ઘાટ, શરીર **સબેહી** = બધા જ સર્વનાં.

### અનુવાદ

**કર્તાનું દિવ્ય હંગ સોહંગના શિર ઉપર છત્ર સ્વરૂપે રહેલું છે. જ્યારે આપનું હંગ ઓહંગ છે. આ બંને હંગ પરસ્પર હળીમળીને પ્રેમપૂર્વક પ્રત્યેક દેહને આનંદમાં રાખે છે.**

### ભાવાર્થ

સર્જનહારની બાજવૃત્તિની એકતા પોતાના પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિના સચરાચર વ્યાપક બ્રહ્મની સાથે જોડાયેલી છે તે પૈકીના વિકાસ મહાતત્ત્વની સાથે હંગની એકતા જોડાયેલી છે એટલે કે, સર્જનહારનું જે દિવ્ય - અલૌકિક હંગ છે તે સોહંગ પ્રણવના શિર ઉપર છત્ર સ્વરૂપે રહેલું છે. આમ સર્જનહારના દિવ્યચક્ષુઓની એકતા સતત - પ્રકાશબ્રહ્મવૃત્તિની માધ્યમથી સોહંગ સાથે જોડાયેલી રહે છે.

જ્યારે સર્વ અંશોના પોતાના અલ્પજ્ઞ હંગની એકતા પણ ઓહંગ સાથે જોડાયેલી છે. જે બ્રહ્મના અવિકાસ મહાતત્ત્વ સાથે રહેલી છે. આમ બંને હંગ એટલે કે, અંશોનું હંગ અને કર્તાના હંગની એકતા થતાં અંશની જાણ્યમાં બધાં જ તત્ત્વોની સમજ લીન પામીને સર્જનહારની ચૈતનતામાં એકાકાર થાય છે. માત્ર પોતાના અલ્પજ્ઞ ચૈતન અને કર્તાના સર્વજ્ઞ ચૈતનના હંગ થકી પોતે પ્રેમપૂર્વક આનંદઘેલો થઈ સર્જનહારના ચૈતન હંગમાં મસ્ત બનીને પરમ આનંદનો સદ્,ચિદ્ આનંદના પરમાનંદનો અનુભવ કરે છે.

આ સ્થિતિ જેટલી સરળ લાગે તેટલી અનુભવમાં મૂકવી અતિ કઠણ અને દુર્લભ છે, પણ ગુરુકૃપાથી શક્ય છે.

**કીટ પતંગ આદ્ય અજભ્ભવ લ્યૌ, જલ થલ જંત સબેકી;**
**કહી સબનકી છેક સંકલના, નિજ કરતાર રચેકી. ૧૩**

### શબ્દાર્થ

**કીટ પતંગ** = નાનામાં નાના કીટાણુથી અને પતંગિયાથી **આદ્ય** = માંડી, સહિત **અજભ્ભવ લ્યૌ** = સૃષ્ટિમાં બ્રહ્મા સુધી **જલ** = જલચર **થલ** = થલચર, સ્થિર **જંત** = જીવ **સબેકી** = સર્વની **કહી** = જણાવી **સબનકી** = બધાયની **છેક** = અંતની, છેવટ સુધીની **સંકલના** = ગોઠવણી, સંગ્રહ યુક્તિ, મિશ્રણ રચના **નિજ કરતાર** = આદિ સર્જનહારે પોતે **રચેકી** = રચનાની.

### અનુવાદ

**સૃષ્ટિમાં કીટ પતંગની આદ્ય લઈ બ્રહ્મા સુધી તેમજ જળચર અને સ્થળચર જીવની છેવટ સુધીની સર્વ રચના સર્જનહારે પોતે રચી છે તે કહી.**

### ભાવાર્થ

નાનામાં નાના જંતુઓથી લઈને મહાન બ્રહ્માજી સુધીનાં સર્વ શરીર તેમજ જળમાં વૃદ્ધિ પામેલા અને પૃથ્વી પરના બધા જ જીવની રચના સર્જનહારે પોતે પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા છ વૃત્તિઓ થકી કરી છે. વળી તત્ત્વોની વત્તા - ઓછા પ્રમાણમાં મેળવણી કરીને સર્વના અંકુરો બનાવ્યા છે. એવા સર્વ ઘાટની ઉત્પત્તિથી માંડીને અંત સુધીની જે ગોઠવણી છે તે સર્જનહારે આદ્ય, મધ્ય અને અંત કાળના ક્રમ મુજબ કેવી રીતે કરી છે ? તે સર્વ હકીકતને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે કહી બતાવી છે.

**જીનમેં આપના આપ હંગકુ, સાવધાન હોઈ સજહી;**
**અલગ અનુપ અંશ દ્વૈતનસે, ક્રતા હંગકુ ભજહી. ૧૪**

### શબ્દાર્થ

**જીનમેં** = જેમાં **આપના** = પોતાના **આપ** = સ્વ-સ્વરૂપના **હંગકુ** = હંગને **સાવધાન** = સચેત, જાગ્રત **હોઈ** = થઈને **સજહી** = આદર કરવો, તૈયાર કરવું **અલગ** = જુદા, ભિન્ન **અનુપ** = અનુપમ **અંશ** = અંશ

સર્જનહારની સજાણજાણ સ્વરૂપ **દ્વૈતનસે** = જુદા રહેલા **ક્તા હંગકુ** = કર્તાના હંગને **ભજહી** = ભજવાનું છે, ભજવું જોઈએ.

## અનુવાદ

**જેમાં આપણા સ્વ-સ્વરૂપના હંગે સાવધાન થઈને સમજવાનો પ્રયત્ન કરવો. જ્યાં સુધી અનુપમ અંશ અલગ છે ત્યાં સુધી કર્તાના હંગને ભજવાનું છે.**

## ભાવાર્થ

દરેક અંશે પોતાના સ્વ-સ્વરૂપના હંગે વૃત્તિને સ્થિર કરીને સાવધાન થઈને કર્તાના હંગની સાથે એકરૂપ થવા માટે પુરુષાર્થ કરવો જોઈએ. આ રીતે કરેલા ભજન-સ્મરણનું ફળ ચાર પ્રકારના દેહની આદ્ય લઈ પરમ કારણદેહ સુધી એકલું સુખ જ ભૂક્તમાન કર્યા કરવાનું છે. જો તે મુજબનું ભજન-સ્મરણ ન કરવામાં આવે અને દુષ્કૃત્ય કરવામાં આવે તો તેનું ફળ તે સ્થૂળ-સૂક્ષ્મની આદ્ય લઈને મહાકારણદેહ સુધી (નર્યું) એકલું દુઃખ જ ભોગવ્યા કરવાનું છે. માત્ર એકલા પરમ કારણદેહને વિશે જ સુખ ભોગવવાનું છે. આ પ્રમાણે સુકૃત અને દુષ્કૃતનાં ફળનો તફાવત હોવાથી સર્વ અંશોએ સારાં જ કર્મ આચરવા જોઈએ.

જો અંશ પોતાના હંગે શુદ્ધ અહંપણું ધારણ કરીને નિજ કર્તાના હંગનું ભજન કરે એટલે કે, શુદ્ધ અહંપણે પરસ્પર હંગ સાથે સંબંધ રાખીને ધ્યાન ભજનની ક્રિયા કરે તો તે કરેલા ભજન - સ્મરણ નિજકર્તા સ્વકૃત સંકલ્પના બાજ હંગને અંગીકૃત થાય છે, પરંતુ આ પ્રમાણેનું ભજન-સ્મરણ અંશોએ નિજકર્તાથી ભિન્ન બ્રહ્માંડમાં રહે ત્યાં સુધી જ કરવું પડે છે. કૈવલધામમાં ગયા પછી ત્યાં માત્ર અંશનું શુદ્ધ ચૈતન અણીઅગ્ર અંકુરિત હંસ સ્વરૂપ હોવાથી કોઈ ક્રિયા કરવાની જરૂર રહેતી નથી. ત્યાં કર્તા પણ પોતાના કર્તાપણાને ધારણ કરીને રહે છે.

અંશના પરમ કારણદેહનું આયુષ્ય મહાકલ્પના અંતકાળ સુધી હોઈ આ આયુષ્યે પહોંચતા સુધી સર્વ અંશો પોતપોતાના સુકૃત અને દુષ્કૃત ભોગવીને નિર્મળ થઈ રહે છે. જ્યારે કર્તાની અંશવૃત્તિનો વેગ લીન પામે તે પહેલાં બધા જ અંશો કૈવલધામમાં પહોંચે છે. ત્યાર પછી સર્વ અંશો કર્તાની અંશવૃત્તિમાં ભળી જાય છે. આ પ્રમાણે છેલ્લે અંશવૃત્તિ જ્યારે નિજકર્તામાં લીન પામે ત્યારે એક અખંડાકાર અદ્વૈત કૈવલરૂપ જ રહે છે. એટલે કે, કર્તાનું જે બાજ હંગ હતું તે અંતર હંગને વિષે બીજ રૂપ થઈને

રહે છે. આ પ્રમાણે કર્તા બાજહંગનું જગત સમેટી લીધા પછી અંતરહંગને પોતાનામાં સમાવી સ્વ-સ્વરૂપે જ સદા રહે છે.

તેથી જ્યાં સુધી અંશો સર્જનહારથી દ્વૈત બ્રહ્માંડમાં ભિન્ન છે ત્યાં સુધી જ તેઓએ પદાર્થો ઉપરથી વૃત્તિ પાછી ખેંચી લઈને પોતાના શુદ્ધ હંગે થઈ નિજકર્તાના હંગ સાથે પરસ્પર એકતા સાધીને ભજન સ્મરણ કરવું જોઈએ.

**તેહી ભજન નિજપતિ પરમકુ, અંગિકૃત હોય સોઈ;**
**અન્ય નામ જેહી સહસ્ત્ર આદ્ય જપ, ખુદકુ પુગે ન કોઈ. ૧૫**

### શબ્દાર્થ

**તેહી** = તે જ **ભજન** = ભજન સ્મરણ **નિજપતિ પરમકુ** = મહાન સર્જનહારને **અંગિકૃત** = પહોંચવા યોગ્ય, સ્વીકારવા યોગ્ય **હોય** = હોય **સોઈ** = તેજ **અન્ય** = બાકીના **નામ** = નામ, સંજ્ઞા, **જેહી** = જે **સહસ્ર** = હજારો **આદ્ય જપ** = આદિ જાપ, મૂળજપ, મંત્ર **ખુદકુ** = તેમને પોતાને, નિજ માલિકને **પુગે** = પહોંચે **ન કોઈ** = કાંઈ નહીં, કોઈ પણ નહીં.

### અનુવાદ

**તે પ્રમાણે કરેલું ભજન જ નિજ પરમ પતિને અંગીકૃત થાય છે. તે સિવાયનાં અન્ય હજારો નામોના જપ પૈકી એક પણ તેમને પહોંચતો નથી.**

### ભાવાર્થ

સૌપ્રથમ અંશે પોતાના શુદ્ધ હંગે સર્જનહારના હંગ સાથે પરસ્પર એકતા સાધીને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા દર્શાવેલા ગુપ્ત અમર મંત્રના જાપને નિર્દેશ કરેલી પદ્ધતિ મુજબ જપવો જોઈએ અથવા પ્રગટ કૈવલમંત્રના જાપનું આઠેય પહોર રટણ કરવું જોઈએ. આ પ્રમાણે ચૈતન ભાવે જપેલા એવા જાપ અથવા તો ભજન-સ્મરણ નિજ પરમપતિ ને અંગીકૃત થાય છે. આ રીતે અંશને જો પોતાના કલ્યાણનો જ ઉદ્દેશ હોય તો પરમગુરુ દ્વારા દર્શાવેલ પથ ઉપર સાર ધાર રીતે જીવન જીવીને શુદ્ધ કર્મો અને કર્તાની ઉપાસના ભજન-સ્મરણ કરવું જોઈએ. વિશ્વના નાશવંત પદાર્થોમાંથી દૃષ્ટિ ત્યજીને નિજકર્તાને વિશે રાખવી અને પદાર્થોને વિશે તો દેહની ફરજો પૂરતો જ

સંબંધ રાખીને અતિ વિશેષ વૃત્તિને નિજકર્તામાં જ રાખવી. એ પ્રકારે કરેલ ભક્તિનું રૂપ જ કર્તાનું ભજન, સ્મરણ અને ઉપાસના છે, જે સર્જનહારને પહોંચે છે. તે સિવાયના અન્ય હજારો નામોના જપ-મંત્ર કે ધ્યાન ભજન, ઉપાસનાના કર્મ વગેરે કરવામાં આવે તે પૈકી કશું પણ ખુદ કર્તાને પહોંચી શકતું નથી.

**પુગ શકે સોઈ હંગે હંગ જપ, નેન લગે જ્યૌ રબહી;**
**અન્ય વિજાત ઈન્દ્રિ અનુભવસે, નિરખ શકે નહીં કબહી. ૧૬**

### શબ્દાર્થ

**પુગ** = પહોંચી **શકે** = શકે **સોઈ** = તે **હંગે હંગ જપ** = આપણા હંગ થકી સર્જનહારના હંગ સાથે મળીને કરેલા જાપ, **નેન** = આંખ, નેત્ર **લગે** = જુએ **જ્યૌ** = જેમ **રબહી** = પ્રકાશ **અન્ય** = બીજા **વિજાત** = સજાતિ નથી તેવા **ઈન્દ્રિ** = શરીરની દશ ઈંદ્રિયો **અનુભવસે** = પ્રત્યક્ષ જ્ઞાનના પ્રયત્ને કરી **નિરખ શકે** = જોઈ શકે, ઓળખી શકે **નહીં** = નહીં **કબહી** = કદી પણ, ક્યારેય.

### અનુવાદ

**નેત્રો જ પ્રકાશને જોઈ શકે છે અન્ય વિજાતિ ઈંદ્રિયોના અનુભવે કદી પણ જોઈ શકાય નહીં. તેમ અંશના હંગ જોડે કર્તાના હંગ જોડીને જપાયેલા જપ કર્તાને પહાંચે છે.**

### ભાવાર્થ

દુનિયાનો સર્વ સામાન્ય નિયમ છે કે સજાતિ સજાતિને જ ગ્રહણ કરી શકે છે. જેમ શરીરમાં રહેલી અલગ-અલગ ઈંદ્રિયો તે તે સજાતિની તેની માત્રાઓને ગ્રહણ કરી શકે છે. જેમ કે

| માત્રા | સ્ત્રીલિંગ ઈંદ્રિયો કારણરૂપે રહેલી | કાર્યરૂપે રહેલી પુલિંગ ઈંદ્રિ | તત્ત્વ |
|---|---|---|---|
| ગંધ | નાસિકા | ગુદા | પૃથ્વી |
| રસ | જીભ | ઉપસ્થ | જળ |
| રૂપ | નેત્ર | પગ | અગ્નિ |
| સ્પર્શ | ત્વચા | હાથ | વાયુ |
| શબ્દ | કાન | મુખ | આકાશ |

પરંતુ વિજાતિ ઇંદ્રિયો જે તે માત્રાને કદી પણ ગ્રહણ કરી શકે નહીં. તે જ ન્યાયે સર્વજ્ઞ સર્જનહારના અલ્પજ્ઞ અંશો તેમની સજાતિના હોવાથી મહદ્ચૈતન સર્જનહારના હંગની સાથે તેમની સજાતિના ચૈતન અંશનું હંગ જ ભળી શકે. તેથી બંને ચૈતન હંગોની અરસપરસ એકતા થકી કરવામાં આવેલી ઉપાસના ભજન-સ્મરણ સર્જનહારને સમર્પણ થાય છે.

**તેહી હંગ નિજ કરકે કરણ સમ, ચક્રી ડંડ કે ન્યાઈ;**
**ક્રિયા કાજ લગ સજીત સહેસ્ત્રવત, બહોરુ ન રહે રખાઈ. ૧૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **હંગ** = જાણ **નિજ** = પોતાના **કરકે** = હાથ થકી **કરણ** = કર્યા થકી કારણરૂપ **સમ** = સમાન **ચક્રી ડંડકે** = ચાકડા અને ડંડના **ન્યાઈ** = ન્યાયપૂર્વક **ક્રિયા** = વિધિ, પદ્ધતિ, પ્રયત્ન, અમલ કરવાની રીત, **કાજ** = કાર્ય, ઉત્પત્તિ, કારજ, **લગ** = સુધી **સજીત** = સજીને, તૈયારી કરીને, સજ્જ થઈને **સહેસ્ત્રવત** = હથિયારો, શસ્ત્રોથી, સાધનોથી **બહોરુ** = ત્યારબાદ, પછી **ન** = નહીં **રહે** = રહેવા પામે, જરૂર પડે **રખાઈ** = રાખવાની

### અનુવાદ

**ક્રિયા દરમિયાન જરૂરી સાધનો, કાર્ય અને કારજ પત્યા પછી તેને હાથમાં રાખવાની જરૂર રહેતી નથી. તેમજ ચાકડા અને ડંડના ન્યાયે કારણરૂપ સર્જનહારને પ્રાપ્ત કર્યા પછી પોતાના હંગની એકતાની જરૂર રહેતી નથી.**

### ભાવાર્થ

અગાઉ સમજ પ્રાપ્ત કરી છે તે મુજબ જેમ કુંભાર વાસણો બનાવવાના કારણરૂપે તે કાર્ય દરમિયાન ચાકડાને ફેરવવા પોતાના હાથથી ડંડનો ઉપયોગ કરે છે અને પોતાની ઇચ્છા મુજબ માટીના લોંદામાંથી વાસણોની ઉત્પત્તિનું કાર્ય કરે છે, પરંતુ તે કાર્યની સમાપ્તિ થયા પછી તેને હાથમાં ડંડ રાખવાની જરૂર રહેતી નથી. એમ અંશ જ્યાં સુધી પોતાના કલ્યાણના કાર્ય રૂપે અંશીને ન મળે ત્યાં સુધી પોતાના હંગની એકતા સર્જનહારના હંગ સાથે સાધીને હથિયાર રૂપ ભજન - ધ્યાન અને ઉપાસનાની જરૂર રહે છે, પરંતુ પોતાના લક્ષને સિદ્ધ કર્યા પછી એટલે કે, સર્જનહાર સાથે મેળાપ

થયા પછી પોતાના હંગ થકી આવા ભજન-સ્મરણ કે ઉપાસનાની જરૂર રહેતી નથી અર્થાત્ ગુરુ કૃપાએ અંશ કૈવલ ધામમાં મહાકલ્પ પૂરો થતાં પહેલાં પહોંચી જાય તો હંગની એકતા દ્વારા ઉપાસના, ભજન-સ્મરણ કરવાની જરૂર રહેતી નથી. વળી મહાકલ્પ પછી અંશની એકતા સર્જનહારમાં થઈ જતી હોવાથી અંશ ભિન્ન રહેતો નથી તેથી અંશનું હંગ પણ રહેવા પામતું નથી. જેથી હંગની એકતાનો કોઈ જ સવાલ ઊભો થતો નથી.

**સજીત સાજ નિજ સ્વરુપ સુરત કર, ગ્રહીત હંગદ્કે ડંડા;**
**સો તો નિમસ નિમસ બિછરનકે, આપનું આપ તો અખંડા. ૧૮**

**શબ્દાર્થ**

**સજીત** = સજીને, સજ્જ થઈને **સાજ** = સાધનો, શસ્ત્રોથી **નિજ** = પોતાનું **સ્વરૂપ** = ચૈતનઅંશ સ્વરૂપ **સુરત** = સુરતા **કર** = હાથ **ગ્રહીત** = ગ્રહણ કરીને, પકડીને **હંગકે** = જાણ રૂપી **ડંડા** = ડંડ **સોતો** = તે તો **નિમસ નિમસ** = પળ પળવારે **બિછરનકે** = વિસ્મૃતિ કે વિસ્મૃતિ પામીને વિખૂટો પડીને, **આપનુંઆપ** = પોતાના નિજ સ્વરૂપ **તો** = તો **અખંડા** = એક અખંડ છે. સદાને માટે એક સૂત્રવત્ રહે છે

## અનુવાદ

**પોતાનું નિજ ચેતન સ્વરૂપ તો એક અખંડ છે, પરંતુ સુરતારૂપ હાથમાં ડંડ રૂપી હંગ પકડીને સજ્જ થયેલું તે નિજ સ્વરૂપ, પળ પળ વારે વિખૂટું પડે છે.**

## ભાવાર્થ

એક વખત નિજ ચૈતનઅંશ શરીરમાં પ્રવેશે છે પછી દેહના અવધિકાળ પર્યંત તે તેમાં અખંડ રીતે પોતાના આભાસ થકી પોતાની ચૈતનતા પ્રસારી ને હાજર રહેલો હોય છે. તેમાં કોઈ પણ પ્રકારનો વિક્ષેપ પડતો નથી. એટલે કે, એક સૂત્રવત્ ચૈતનતાથી શરીરને સજીવન રાખે છે, પરંતુ અવસ્થા પલટાતાં અંશની સુરતા રૂપ હાથમાં (ડંડ) હથિયાર રૂપ જે હંગ છે તેની જાણ ઓહંગ અને સોહંગના માધ્યમથી ચાલતા પ્રાણાયામ ઉપરથી વિખૂટી પડે છે એટલે કે, જાણ સિવાયનો પ્રાણાયામ વહેતો હોય છે. સષોપતિ અવસ્થામાં ખાસ કરીને આવું વિશેષ પ્રમાણમાં બને છે. તેથી અંશની

જાણના અભાવે તેની સુરતામાં તે દરમિયાન તૂટક તૂટક સ્વપ્ન અંગેનું કશું જ યાદ રહેવા પામતું નથી તેમજ શબ્દનું પણ ઉચ્ચારણ કરી શકતો નથી.

**સોહી અખંડ સનાત આપસે, સુરતી ભયે સચેતા;**
**તેહી સુરત સે ભયે સજીવન, સકલ સાજ સબ તેતા. ૧૯**

### શબ્દાર્થ

**સોહી** = તે **અખંડ** = અખંડ, ખંડિત ન થાય તેવું, એક સૂત્રવત્, **સનાત** = સનાતન, શાશ્વત **આપસે** = પોતાના સ્વરૂપથી **સુરતી** = સુરતા **ભયે** = થાય છે **સચેતા** = સચેતન, સાવધાન **તેહી** = તે **સુરત સે** = સુરતાથી **ભયે** = થયું **સજીવન** = સજીવ, ચેતનવંત **સકલ** = બધાં જ **સાજ** = સાજ, તત્ત્વો, અવયવો **સબ** = સર્વ **તેતા** = જેટલા છે તેટલા.

### અનુવાદ

**તે અખંડ અને સનાતન સ્વરૂપથી જ સુરતા સચેતન થાય છે અને તે સુરતાથી જ જેટલાં તત્ત્વો છે તે સર્વ સજીવન થાય છે.**

### ભાવાર્થ

શરીરની ચેતનતાને બીજી રીતે સમજાવતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જે અખંડ અને શાશ્વત સર્જનહારની સજાતિનો અલ્પજ્ઞ ચૈતન અંશ છે તેના આભાસ થકી જ સમગ્ર શરીર સજીવન રહે છે. તેમાં અંશ બ્રહ્મના અંશો રૂપી મહાતત્ત્વોના પ્રભાવથી જડ પ્રણવને સચેતન કરે છે. એટલે કે, સુરતા રૂપી અંતર હંગની ચેતનતા જેને સુરતા તરીકે આપણે રોજ બરોજના વ્યવહારમાં શબ્દ પ્રયોગ કરીએ છીએ તેને સચેતન કર્યા પછી તેનાથી મહાતત્ત્વો ચેતન થાય છે. પછી પરસ્પર ગુણ, ઘણ દ્વારા અંતઃકરણ, ઈંદ્રિયો અને સર્વ તત્ત્વો સજીવન થાય છે, આમ સમગ્ર શરીરનો સાજ સજીવન થાય છે.

**કરત વિલાસ હાસ વિવિધવિધ, જીનું પ્રતિબિંબ પ્રતાપુ;**
**હવીત સમાપ માપ એહી સબકે, રહહી અમાપહી આપુ. ૨૦**

### શબ્દાર્થ

**કરત** = કરે છે **વિલાસ** = આનંદ, મોજ **હાસ** = હાસ્ય, **વિવિધવિધ** = જુદી-જુદી રીતે, અલગ અલગ રીતે **જીનું** = જેના **પ્રતિબિંબ** = આભાસ **પ્રતાપુ** = પ્રતાપે, પ્રભાવથી **હવીત** = થઈને **સમાપ** = સપ્રમાણ, સમાન માપવાળો **માપ** = માપ મુજબ **એહી** = એ **સબકે** = બધાનામાં **રહહી** = રહે છે **અમાપહી** = અમાપ માપથી રહિત **આપુ** = પોતે, સ્વ-સ્વરૂપે.

### અનુવાદ

**અંશના આભાસના પ્રતાપથી જ પ્રત્યેક ઘાટ વિવિધ પ્રકારના હાસ્ય વિનોદ કરે છે. પોતે માપ સિવાયનો હોવા છતાં, માપક થઈને માપવાળા સર્વ ઘાટમાં સમાયેલો છે.**

### ભાવાર્થ

સર્જનહારે પોતે નાનામાં નાનાં કીટ પતંગના અને મોટામાં મોટા કદવાળા હાથી અને ડાયનાસોર્સ સહિતના વિધ-વિધ પ્રકારના સ્થૂળ ઘાટ બનાવ્યા છે. વળી સર્જનહારે સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણદેહ ધરાવતા અસંખ્ય ઘાટ પણ આ અખિલ બ્રહ્માંડમાં બનાવ્યા છે. આવા તમામ પ્રકારના ઘાટમાં સર્જનહારનો સજાતિ સજાણજાણ રૂપ ચૈતનઅંશ બિરાજમાન છે. તે પોતે તો અમાપ છે એટલે કોઈ માપ-આકાર કે કદ વગરનો છે. જેનું કોઈ માપ નિશ્ચિત કરી શકાય તેમ નથી છતાં વિશ્વના આ વિવિધતા ધરાવતા સર્વ દેહમાં પોતે - માપક બની ને દેહના માપ મુજબ થઈ તેમાં સમાયેલો છે. આમ પોતાના ચૈતન આભાસથી સર્વ ઘાટને સજીવન કરીને પોતે સર્વ તત્ત્વોના ગુણોની ચાસમી મેળવી આનંદ કિલોલ કરે છે અને કર્મના ફળ ભુક્તમાન કરે છે.

### જંગમ શરીરને વિશે ચાસમીની સમજ

ચૈતનઅંશ પિંડથી અલગનો અલગ અને સળંગ રીતે સમસ્ત પિંડની ઇંદ્રિયો અને અંતઃકરણ વિષે ચાસમી લેતો રહે છે ત્યાં સુધી નિજ જાણ સ્વરૂપ કર્તાનો અંશની દૃષ્ટિ પિંડ વિશે સન્મુખ અનુકૂળ રહેતી હોય છે. જેથી આખું શરીર આનંદપૂર્વક રમણ કરે છે આમ અંશની દૃષ્ટિ જંગમ શરીરને વિષે આભાસે આભાસ પ્રવેશ થઈ પિંડને

ચેતનવંત રાખે છે અને પોતે તેની ચાસમી ગ્રહણ કરીને આનંદ કિલ્લોલ કરે છે તેમજ તેના કર્મફળ પણ ભુક્તમાન કરે છે.

જાગ્રત અવસ્થાને વિશે ચાર અવસ્થાનું જ્ઞાન જાણે છે.
અને બાવન અક્ષર સંયુક્ત શબ્દ ઉચ્ચારણ કરે છે
અને મનઅંત:કરણ ઉજાગ્રત કરે છે.
↓
દશ ઇંદ્રિયોને ઉજાગર કરીને અંશને ચાસમી પહોંચે છે.
ચાસમી લે છે.
↓
બુદ્ધિઅંત:કરણોને પોષે છે
↓
ચિત્તઅંત:કરણને પોષે છે
↓
નચિત અંત:કરણને પોષે છે
↓
અંશને ચાસમી પહોંચે છે

## તેહી અમાપ આપકે અનુભવ, સતગુરુ લક્ષ લખાવે;
## બહોરુ પરમપદ પરમગુરુ બિન, કોહુ મરમ નહીં પાવે. ૨૧

### શબ્દાર્થ

**તેહી** = તે **અમાપ** = માપ થી રહિત અમાપ **આપકે** = પોતાના સ્વ-સ્વરૂપનો **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **સતગુરુ** = સતગુરુ, નિત્યનું જ્ઞાન આપવાવાળા **લક્ષ** = સમજજ્ઞાન **લખાવે** = દર્શાવે છે **બહોરુ** = વળી, **પરમપદ** = નિજ ઘર, સર્જનહારના ધામનું પરમપદ શ્રેષ્ઠ પદ **પરમગુરુ** = પરમ ગુરુ, **બિન** = સિવાય, વગર **કોહું** = કોઈ પણ **મરમ** = મતલબ, રહસ્ય, મર્મ **નહીં** = નહીં **પાવે** = પ્રાપ્ત કરાવે મેળવી અપાવે, મેળાપ કરાવે.

## અનુવાદ

**તે અમાપ સ્વ-સ્વરૂપનો અનુભવજન્ય લક્ષ સતગુરુ સમજાવે છે. વળી પરમ પદનો મર્મ પરમ ગુરુ સિવાય અન્ય કોઈ પ્રાપ્ત કરાવી શકે તેમ નથી**

## ભાવાર્થ

વિશ્વમાં ધર્મમાર્ગે અસંખ્ય મતપંથો અને માન્યતાઓ પ્રસ્થાપિત થયેલી છે. જેમાં જે તે સંપ્રદાયના સ્થાપકોએ પોતાની અંગત સૂઝ અને ઋષિમુનિઓ તરફથી જ્ઞાન દ્વારા કે વેદ તેમજ વેદના આધારિત અન્ય ધાર્મિક પુસ્તકો દ્વારા જ્ઞાન મેળવીને પોતાની વિચારધારા સંસારમાં દર્શાવી છે. જેમાં સામાન્ય અંશોવાળા મનુષ્યો હોય કે વિશેષ અંશોવાળા અવતારાદિક મહાપુરુષો હોય; કે પછી આદિ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સહિતના મહાન દેવતાઓ હોય, પરંતુ બધાએ સૃષ્ટિની રચના અંગેનુ વિશેષ જ્ઞાન, તત્ત્વોના પ્રભાવથી ચાલતી સઘળી રચના અને શરીરના બંધારણમાં રહેલા દૈવી તત્ત્વોના પ્રભાવ અને કુંડળીની વિશેષ જાગ્રતતાનું જ્ઞાન દર્શાવ્યું છે. આવા બધા ધર્મના ગુરુઓ દ્વારા નાશવંત તત્ત્વોનો ભેદ ખૂબ જ સરસ અને સરળ રીતે દર્શાવવા પ્રયત્ન કર્યો છે. જીવને બ્રહ્માંડમાં જ ભટકતા રહે તેવી મુક્તિની વાતો પણ કરી છે.

જ્યારે શરીરમાં રહેલા પોતાના અમાપ ચૈતન સ્વ-સ્વરૂપ અંગેનું પ્રત્યક્ષ જ્ઞાન સતગુરુ સમજાવે છે. એવા સંત કબીરદાસનું નામ આવી વિચારસરણી દર્શાવવામાં અગ્ર જણાય છે. વળી અખાભગત પણ જ્ઞાની થઈ ગયા, જેઓએ વેદની વિચારસરણીથી ઉપર વિશેષ વાતોને પ્રાધાન્ય આપીને કર્મકાંડવાળી ભ્રમણાયુક્ત ભટકવાની વૃત્તિમાંથી બહાર નીકળવા અનુરોધ કર્યો છે.

જ્યારે સર્જનહારના પરમ વિશેષ અંશો પૈકી જે પાટવી અંશ છે, એવા પરમગુરુ આ વિશ્વમાં સર્જનહારની સજાતિના સજાણજાણ રૂપ ચૈતનઅંશનો અનુભવયુક્ત લક્ષ દર્શાવે છે. વળી તેઓ અંશના મૂળ સ્થાન રૂપ જે સર્જનહારનું પરમપદ છે તે અંગે પણ નિર્દેશ કરે છે

આ રીતે વિશ્વમાં આત્મજ્ઞાનના પક્ષે ચૈતનઅંશને સર્વના કારણરૂપ રહેલ અંશીનું જ્ઞાન દર્શાવનાર માત્ર પરમગુરુ જ છે. તેમના સિવાય અન્ય કોઈ પણ પરમપદના રહસ્યને પામ્યા ન હોવાથી દર્શાવી શક્યા નથી. જેથી તેઓ એવા પરમપદને પ્રાપ્ત પણ કરાવી શકે તેમ નથી.

**બિનું મરમ નિજ પરમ પતિન કે, આપના આપ સમેતુ;**
**એહી જુગમકી જાણ વિના જન, ભવકે જંત સખેતુ. ૨૨**

### શબ્દાર્થ

**બિનું** = વિના સિવાય, **મરમ** = મર્મ, રહસ્ય, રહસ્ય મતલબ **નિજ** = પોતાના **પરમ** = મહાન **પતિનકે** = માલિકનું **આપના આપ** = પોતાના સ્વસ્વરૂપ **સમેતુ** = સહિત **એહી** = એ, તે **જુગમકી** = બંનેની, જુગલની **જાણ** = માહિતી, સમજ **વિના** = વગર **જન** = માનવો **ભવકે** = ભવના, વિશ્વના **જંત** = જીવ -ઘાટ **સખેતુ** = સમાન જેવા, જ, સરખા.

### અનુવાદ

**નિજ પરમ પતિ અને આપના સ્વ-સ્વરૂપ એમ બંનેના મર્મને જાણ્યા સિવાયના માનવો જગતના અન્ય જીવ સરખા છે.**

### ભાવાર્થ

જ્યાં સુધી માનવો પોતાના શુદ્ધ ચૈતન સ્વ-સ્વરૂપને ઓળખી ન શકે ત્યાં સુધી અંશ જેના વંશનો છે તેવા જગતના સાચા સર્જનહારની મતલબને જાણી શકાય નહીં. અંશની ચેતનાથી સમગ્ર શરીરનાં સર્વ તત્ત્વો ચેતનવંત બને છે, તેમજ શરીરના સ્વામી રૂપે તે સર્વોપરીતા ભોગવે છે. તે જ ન્યાયે સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પથી સર્વ તત્ત્વો બનાવીને તેને ચેતનવંત કર્યા છે. એવા તત્ત્વાતીત સર્વજ્ઞ સર્જનહાર આ અખિલ બ્રહ્માંડના કારણરૂપે સર્વોપરી હોઈ માલિક છે. અંશ-અંશીના લક્ષને જાણનાર આવા મંદ બુદ્ધિના જીવની ગણતરી વિશ્વના અન્ય પ્રકારના જીવ-જંતુ સમાન કહી શકાય. એટલે કે, જ્ઞાન પક્ષે જોતાં જગતના અન્ય ઘાટના જીવ અને મનુષ્ય બધા એક સરખા જ ગણાય.

**નહીંન ફેર કછુ જન જંતનમે, કતા આપ વિનુ પાઈ;**
**ધરત વેશ જ્યૌ પુરુષ નારકે, પણ અંતર પુરુષાઈ. ૨૩**

### શબ્દાર્થ

**નહીંન** = નથી **ફેર** = તફાવત **કછુ** = કોઈ પણ **જન** = માનવ **જંતન મેં** = અન્ય જીવમાં

**ક્તા** = સર્જનહાર **આપ** = પોતાના સ્વ-સ્વરૂપ **વિનુ** = વગર **પાઈ** = પ્રાપ્ત કરીને, ઓળખીને **ધરત વેશ** = વેશ ધારણ કરે **જ્યૌ** = જેમ **પુરુષ** = પુરુષ **નારકે** = સ્ત્રીનો **પણ** = પરંતુ **અંતર** = અંતરમાં હકીકતમાં **પુરુષાઈ** = પુરુષત્ત્વ જ છે, મૂળ પુરુષ જ છે.

## અનુવાદ

**જેમ સ્ત્રીનો વેશ ભજવનાર પુરુષ હકીકતમાં તો પુરુષ જ છે તેમ સર્જનહાર અને આપનપુ સ્વ-સ્વરૂપની માહિતી વિનાના માનવી અને અન્ય જીવમાં કોઈ ફેર નથી.**

## ભાવાર્થ

નાટકમાં પાત્ર ભજવનાર પુરુષ પોતે સ્ત્રીનો વેશ ધારણ કરીને નાટકને ભજવે છે તેમાં તે બધા જ શણગાર અને ચરિત્ર, દેખાવ અને વર્તણૂક બધું જ સ્ત્રીમય બનીને જ કરતો હોય છે, પણ હકીકતમાં તે પોતે પુરુષ છે.

તેવું ભૂલી જઈને વેશ ભજવતા માત્ર વેશને આધારે વેશ જેવો જ થઈ જાય છે તેવું જ કંઈક આપણા શુદ્ધ ચૈતન સ્વ-સ્વરૂપનું થયું છે. આપણે પણ અલગ-અલગ ઘાટના વેશમાં આવીને ઘાટ જેવાં જ વર્તન, વ્યવહાર વગેરે કરીએ છીએ. પોતાની જાતને ચૈતનઅંશ છે જે આ ઘાટમાં માત્ર પોતાના સુકૃત, દુષ્કૃતને ભોગવવા માટે જ આવ્યો છે અને અવધિ થતાં પાછો પોતાના ચૈતન સ્વરૂપે કર્મબંધન મુજબ અન્ય ઘાટમાં જવાનો છે, તેવી પોતાના સાચા સ્વરૂપની જાણ રહી નથી. પરિણામે પોતાના માલિક સર્જનહાર પણ સર્વજ્ઞ ચૈતન હશે તેવો ખ્યાલ આવ્યો નહીં. પોતે દેહ જેવો બનીને ભટકતાં સર્જનહાર પણ દેહવાળા પોતાના જેવા જ હશે તેવું માનવા લાગ્યો. એમ અજ્ઞાની અને અલ્પ બુદ્ધિના વ્યવહાર કરવાથી માનવ અને અન્ય ઘાટની સરખામણીમાં કોઈ તફાવત જણાતો નથી.

**એહી પરકાર સકલ સબ દરશન, ઉપલે કરત સરાઈ;**
**પણ અંતરકી લહહી આપ ગત, નિજ ગમ ક્તા વિનાઈ. ૨૪**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રકારે **સકલ સબ** = બધા જ **દરશન** = નેત્રોથી નીરખાતું બાહ્ય સ્વરૂપ, બાહ્ય

સ્વરૂપની પહેચાન દષ્ટિ, નજર, **ઉપલે** = ઉપરથી દેખાવથી **કરાત** = કરે છે **સરાઈ** = સરાહના, પ્રશંસા, વખાણ **પણ** = પરંતુ **અંતરકી** = હકીકતની, અંદરની, છૂપી **લહહી** = જાણે, માહિતી **આપ** = પોતે **ગત** = ગતિ **નિજ ગમ** = મૂળ સમજ, **કર્તા** = સર્જનહાર **વિનાઈ** = સિવાયની

## અનુવાદ

**એ પ્રમાણે બધા જ બાહ્ય સ્વરૂપના દેખાવની જ સરાહના કરે છે, પરંતુ તે અંદરના પોતાના સ્વરૂપની અને કર્તાની જાણ્ય વિનાની છે.**

## ભાવાર્થ

એ પ્રમાણે બધાં જ જીવ પોતાનાં નેત્રો દ્વારા ચર્મચક્ષુથી જે નિહાળી શકાય તેવી સર્વ પદાર્થોની ઓળખ પામીને તેવાં સ્વરૂપોની જ પ્રશંસા કરે છે. તે જ રીતે ધર્મ માર્ગમાં પણ જ્ઞાન સિવાયના અંધ જીવ મહાપુરુષો અને અવતારાદિક દેવી-દેવતાઓના પ્રત્યક્ષ સ્વરૂપને તેમજ તેમની ઐશ્વર્યતા, વિભૂતિ અને લીલા અને ચમત્કારોને નિહાળીને તેનાં વખાણ કરતાં થાકતા નથી. વળી બાહ્ય આડંબરવાળા ભેખને ઉપલક રીતે નિહાળીને તેમાં અંજાય છે, પરંતુ પોતે વિચારતા નથી કે પોતાનામાં રહેલો ચૈતનઅંશ જે કર્તાનો છે તે જ કર્તાના બધા ચૈતનઅંશો સર્વ ઘાટમાં વિદ્યમાન છે. જેમનામાં જે કંઈ મહાનતા કે ઐશ્વર્યતા છે તે તેમની વિભૂતિનો જ પ્રતાપ કે તત્ત્વોના બંધારણનો પ્રભાવ છે. એટલે કે, બધા એક જ સર્જનહારના અંશો છે. ચૈતન દષ્ટિએ માત્ર બંધુત્વનો નાતો ધરાવતા હોવા છતાં અંદરના મૂળ ચૈતન સ્વરૂપની સરખામણી કરતા નથી. બાહ્ય સ્વરૂપોનાં વખાણ કરવાની જે વૃત્તિ પેદા થઈ છે તે ચૈતન સ્વ-સ્વરૂપ તેમજ નિજ સર્જનહારના જ્ઞાનના અભાવને લીધે થઈ છે. તેથી એવી બાહ્ય સ્વરૂપની થતી સરાહના પોતાના કલ્યાણ કરવાના સંદર્ભે નિરર્થક છે.

**જો નિજ ગમ નિજ ક્રતા વિનાયન, દરસ પરે અપનેહુ;**
**તદપી તોય ખુદ ગુરુ પરમકુ, કરહી ખોજ ધરનેહુ. ૨૫**

### શબ્દાર્થ

**જો** = જો **નિજ ગમ** = મૂળજ્ઞાન **ગતિ** પોતાના સ્વ-સ્વરૂપની સમજ **નિજક્રર્તા** = સર્જનહારના પોતાના

સ્વરૂપ **વિનાય** = વિના વગરની **ન** = નહીં **દરસ પરે** = દશ્યમાન થાય, સમજ પ્રાપ્ત થાય **અપનેહુ** = આપણને પોતાને **તદપી તોય** = તેમ છતાંય પણ **ખુદ** = સ્વયં, **ગુરુ પરમકુ** = પરમગુરુને **કરહી** = કરીને **ખોજ** = ખોળ શોધ **ધરનેહુ** = ગુરુપદ ધારણ કરવા માટે, સ્નેહ ધારણ કરીને.

## અનુવાદ

**જો પોતાનું ચૈતન્ય સ્વરૂપ દશ્યમાન થયું હોય તેમ છતાં પણ તે નિજ જાણ્ય નિજ કર્તા સિવાયની હોવાથી સ્નેહપૂર્વક ખુદ પરમગુરુની શોધ કરો.**

## ભાવાર્થ

માનવીએ પોતાના શરીરના બંધારણની સમજ કેળવીને જે જે નાશવંત તત્ત્વો છે તેને બાદ કરતાં કરતાં જે બાકી શેષ રહે તેવા આપણા સ્વ-સ્વરૂપ અંગે માહિતી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ. એ જ આપણું સાચુ સ્વરૂપ છે, પરંતુ જો આવી સમજ પ્રાપ્ત કર્યા છતાં પણ તે જાણ્ય સકર્તાપતિ સર્જનહાર સિવાયની હોવાથી અંશના કલ્યાણ માટે અધૂરી છે. આવી સાચી સમજ પ્રાપ્ત કરવી હોય તો વિશ્વમાં સમર્થ પરમગુરુનું ગુરુપદ ધારણ કરવું પડશે અને તેમને શરણે જવું પડશે. આમ પરમગુરુનું ગુરુપદ ધારણ કરવું હોય તો સૌપ્રથમ વિશ્વમાં સ્વયં પરમગુરુ પ્રગટ સ્વરૂપે પધારેલા છે તેમની શોધ કરવી પડશે.

**ગુરુ પરમ સોઈ પરમ ક્રપાલન, ચૂક ન જુવે જીવનકી;**
**પણ જેહી તેહી પરકાર શરણગત, ભયે કરહી ગત તીનકી. ૨૬**

### શબ્દાર્થ

**ગુરુ પરમ** = પરમગુરુ **સોઈ** = તો તે **પરમ** = મહાન **ક્રપાલન** = કૃપાળુ છે **ચૂક** = ભૂલ, ક્ષતિ **ન જુવે** = જુએ નહીં **જીવનકી** = જીવની **પણ** = પરંતુ **જેહી તેહી** = જે તે **પરકાર** = પ્રકારે **શરણાગત** = શરણમાં **જનાર** શિષ્ય **ભયે** = બને તો થાય, થાય તો **કરહી** = કરે **ગત** = ગતિ, જ્ઞાન, મુક્તિ, કલ્યાણ, ભવપાર **તીનકી** = તેમને, તેમની

## અનુવાદ

**પરમગુરુ મહાન કૃપાળુ છે. તે જીવની ભૂલો જોતા નથી, પરંતુ જે કોઈ તેમના**

**પ્રકારે શરણમાં જાય છે તેમનું કલ્યાણ કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં પ્રગટ સ્વરૂપે પધારેલા કૈવલવેતા પુરુષ સર્જનહારના પરમ વિશેષ અંશ પરમગુરુ છે. તેઓ કરુણાના સાગર હોઈ દરેક અંશોને આત્મ બંધુત્વની દષ્ટિએ નિહાળી તેમના ઉપર કૃપા વરસાવે છે. વળી, તેમના શરણમાં ગયેલા નર-નારી, પછી તે ગૃહસ્થી તરીકે હોય કે સાધુ સંન્યાસીના સ્વરૂપે હોય, તેમ છતાં સર્વને તેમના દેહના અવગુણો ધ્યાનમાં ન રાખતાં એક સમાન કરુણા કરીને સકર્તા સિદ્ધાંતનું જ્ઞાન બક્ષિશ કરે છે. આ રીતે કૈવલજ્ઞાનથી જાગ્રત કરીને અંશો પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે થાય તેવી કૃપા કરે છે અને અંશને સર્જનહાર સાથે મેલાપ કરાવી પંચમી અખંડ કૈવલ મુક્તિ બક્ષે છે.

**હે કોઈ આરતવંત પતિનકે, વિછરન કરન મેલાપુ;**
**ગુરુ પરમકુ જાઈ મિલનસે, એકુ ન રખે અબાપુ. ૨૭**

### શબ્દાર્થ

હે **કોઈ** = જો કોઈ હોય તો **આરતવંત** = આરતવાળા, જિજ્ઞાસુ **પતિનકે** = પતિને માલિકને **બિરછરન** = છૂટા પડેલા **કરન** = કરીને **મેલાપુ** = મેળાપ, મિલન **ગુરુ પરમકુ** = પરમગુરુને **જાઈ** = જાઈને **મિલનસે** = મળો, મળવાથી **એકુન રખે** = કોઈને પણ ન રાખે, કોઈને પણ રાખશે નહીં **અબાપુ** = બાપ વગરના નિરાધાર, પિતા સિવાયનો

### અનુવાદ

**જો કોઈને પિતાને મળવાની આરત હોય તો તેવા છૂટા પડેલાને મેળાપ કરાવે છે. પરમગુરુ શરણે જવાથી તેઓ કોઈને પણ બાપ વગરનો રાખશે નહીં.**

### ભાવાર્થ

સર્જનહારે સૃષ્ટિની રચના કરીને અંશોને વિદેશ રૂપ બ્રહ્માંડમાં અલગ-અલગ દેહમાં ભ્રમણ કરવા માટે મોકલ્યા છે. ત્યારથી આપણે બધા સર્જનહાર માલિકથી

છૂટા પડીને અલગ અલગ ઘાટમાં ફરી જન્મમરણ રૂપ ભવસંકટને વેઠી રહ્યા છીએ.

જો કોઈ અંશને પોતાના માલિક સાથે મળવાની તાલાવેલી લાગી હોય અને સર્જનહાર જ્યાં બિરાજમાન છે તેવા કૈવલધામમાં પાછા જવાની આરત હોય તો તેવા આરતવંત અંશોનું દુઃખ આ વિશ્વમાં માત્ર પરમગુરુ જ દૂર કરી શકે તેવા સમર્થ ગુરુ છે. જે કોઈ વ્યક્તિ જિજ્ઞાસાપૂર્વક પરમગુરુનું શરણ સ્વીકારીને તેમના સાંનિધ્યમાં રહેશે તો તેવા દરેક શરણાગતને માલિક સાથે મેળાપ કરાવ્યા વગરના રહેવા દેશે નહીં એટલે કે, વિશ્વમાં સાચા પિતાની ઓળખ વગર ભટકતા જીવને પોતાના સ્વ ચૈતન સ્વરૂપનું ભાન કરાવે છે અને કૈવલકર્તાની સાથે અસંખ્ય કલ્પોથી વિખૂટા પડેલા અંશને પાછો મેળાપ કરાવી આપે છે.

**જબ કોઈ આઈ મિલો તો મિલો અબ, ગુરુ પરમકુ તાઈ;**
**નહીંતરનો ભરમો ભવમે ભલ, છેવટ દિયે સુનાઈ. ૨૮**

### શબ્દાર્થ

**જબ** = તેથી, જો **કોઈ** = કોઈ **આઈ** = આવીને **મિલો તો મિલો અબ** = મળવું હોય તો, અત્યારે મળો **ગુરુપરમકુ** = પરમગુરુને **તાઈ** = તે **નહીંતરનો** = નહીંતર તો **ભરમો ભવમેં** = જગતમાં ભ્રમણાયુક્ત ભટક્યા કરો **ભલ** = ભલે **છેવટ** = અંતિમ, છેલ્લું **દિયે સુનાઈ** = સંભળાવી દીધું છે.

### અનુવાદ

**છેવટે તમોને સંભળાવી દઉં છું કે જો કોઈએ આવીને મને મળવું હોય તો અત્યારે જ મળો, નહીંતર ભલે ભ્રમણાયુક્ત જગતમાં ભટક્યા કરો.**

### ભાવાર્થ

જગતમાં ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં ભૂલા પડેલા અને અનંત કલ્પોથી માલિકથી છૂટા પડેલા જીવને યેનકેન પ્રકારે કૈવલજ્ઞાન દ્વારા સમજાવવા પરમગુરુ પ્રયત્ન કરે છે. જ્ઞાનના માધ્યમથી જ પરમગુરુની સાચી પરખ થઈ શકે છે. ધર્મમાર્ગમાં ગુરુ થઈને બેઠેલા પાખંડીઓ તો ઘણા છે માટે સાવચેતી રાખવી જોઈએ. મોંઘો માનવદેહ અતિ દુર્લભ હોઈ વારંવાર મળતો નથી. જો કાળજી ન રાખી તો ફરી

પાછા ચોરાસી લાખ ઘાટના ચક્કરમાં પીસાવું પડશે. માટે આ મનુષ્ય જન્મે જ પોતાનું કલ્યાણ કરવાની જેને ભાવના હોય તો અત્યારે પરમગુરુનું શરણું સ્વીકારવું જોઈએ. આ પ્રમાણેની છેવટની શિખામણ આપે છે. નહીતર અંશનું જન્મમરણનું ચક્કર નક્કી જ છે, માટે વધુ મોડું ન થાય તે માટે અત્યારે જ સાવધાન થઈ પરમગુરુનું શરણું સ્વીકારીને દાસાતન ભાવે ભક્તિ કરો.

## અંગ ૧૫
# અલંકાર ઈશ્વરીયે દેખાવનકો

**બહોરુ સુનો આપને આપનકી, તનસે તરક જેહનકી;**
**જ્યૌતે નૈન મુકર મુખ નરખીત, એહી વિધિ અલગ રહનકી. ૧**

### શબ્દાર્થ

**બહોરુ** = ફરીથી, વિશેષ, વધારે **સુનો** = સાંભળો **આપને આપનકી** = આપણા પોતાના સ્વ-સ્વરૂપની **તનસે** = શરીરથી **તરક** = યુક્તિ, કલ્પના, ખુલાસો, વિચાર **જેહનકી** = જેની, **જ્યૌતે** = જેમ જેવી રીતે **નૈન** = આંખો **મુકર** = અરીસામાં **મુખ** = મુખ **નરખીત** = જુએ છે, દેખાય છે **એહિ વિધિ** = એ પ્રમાણે, એ જ રીતે **અલગ** = જુદા, ભિન્ન **રહનકી** = રહેનારની, રહેલાની.

### અનુવાદ

**જેમ નેત્રો અરીસામાં મુખને જુએ છે એવી રીતે શરીરથી આપણે પોતે પોતાના સ્વ-સ્વરૂપે કેવી રીતે અલગ રહેલા છીએ. તેનો ખુલાસો ફરીથી સાંભળો !**

### ભાવાર્થ

શરીરને ચલાયમાન અને જીવંત રાખવાવાળી ચૈતન શક્તિ જેની છે તેવા આપણે પોતે પોતાના ચૈતનઅંશ સ્વ-સ્વરૂપે રહેલા છીએ. તેની ગતિ સમજવી ઘણી જ ગૂઢાર્થ ભરેલી છે. શરીરનાં તત્ત્વોની સમજથી અંશની સમજની યુક્તિ નિરાળી છે. તેમ છતાં અહીં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ફરીથી આપણને સમજાવવા પ્રયત્ન કરે છે.

જેમ આપણે શરીરનાં નેત્રો થકી અરીસામાં પોતાને જ જોઈએ છીએ, તેમ છતાં અરીસામાં રહેલું આપણું મુખ અને હયાતીમાં આપણે અરીસાથી અલગ છીએ. એટલે કે, નેત્રો દ્વારા દેખાતું આપણું મુખ જે અરીસામાં રહેલું છે તેનાથી ખરેખર સાચા અને પ્રત્યક્ષ સ્વરૂપે આપણે અલગ છીએ. આ દૃષ્ટાંત માત્ર એટલા પૂરતું જ સમજવાનું કે જે સ્વરૂપ અરીસામાં દેખાયેલું છે તેનાથી હકીકતમાં આપણે અલગ છીએ - માત્ર એકદેશી સમજ પૂરતું જ આ દૃષ્ટાંતને સમજીને આપણા સ્થૂળ શરીરની

અને મૂળ ચૈતન સ્વરૂપની અવસ્થાને સમજવા પ્રયત્ન કરવાનો છે.

એટલે પંચ ભૌતિક તત્ત્વોથી સાકાર બનેલું સ્થૂળ શરીર નજરમાં આવે છે તે તો માત્ર દેખાતું બાહ્ય વેશરૂપ આવરણ છે, પરંતુ સાચું અને ચૈતન સ્વ-સ્વરૂપ કે જેને આપણે અંશ તરીકે ઓળખીએ છીએ એવું જે આપણું સ્વ-સ્વરૂપ છે તે અલગ છે.

**અલગ રહનકી આપને આપકી, આગે દેહુ દેખાઈ;**
**અબતો સુનો વેશ વિતપનકી, જીનુ પરમ પ્રભુતાઈ. ૨**

### શબ્દાર્થ

**અલગ** = જુદા, ભિન્ન **રહનકી** = રહેલા **આપને આપકી** = પોતાના સ્વ-સ્વરૂપની **આગે** = આગળ હવે પછી **દેહુ દેખાઈ** = દેખાડીશ, બતાવી દઈશ, દર્શાવીશ **અબતો** = અત્યારે હાલ તો **સુનો** = સાંભળો **વેશ** = દેખાવ બાહ્ય દૃષ્ટિથી દેખાતું શરીર **વિતપનકી** = શક્તિની, તાકાત, બનાવટ, સર્જન **જીનું** = જેની **પરમ** = મહાન, શ્રેષ્ઠ **પ્રભુતાઈ** = ઐશ્વર્યતા, સામર્થતા, શાસનાધિકાર, શક્તિમતા.

### અનુવાદ

**અલગ રહેલા આપનપુ અંશ સ્વરૂપનું વર્ણન હવે પછી દર્શાવીશ, પરંતુ હાલનો વેશ રૂપ શરીરના સામર્થ્યતા વિશે શ્રવણ કરો.**

### ભાવાર્થ

જડ તત્ત્વોથી બનેલા સ્થૂળ શરીરથી પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ કેવી રીતે અલગ રહેલું છે તે અંગેનું વિગતવાર વર્ણન પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને હવે પછી દર્શાવશે, પરંતુ હાલમાં પંચ ભૌતિક સ્થૂળ તત્ત્વોના જડ શરીરમાં વિધ-વિધ માત્રામાં તત્ત્વોની મેળવણી સર્જનહાર દ્વારા કેવી રીતે કરવામાં આવેલી છે તે અને તેવા ઘાટની ઐશ્વર્યતા વિશે આપણને વિગતવાર માહિતી દર્શાવે છે. તેને શ્રવણ કરવા કહેવામાં આવ્યું છે.

**સર્જનહારને સ્ત્રજે સકલ કુલ, અલંકાર જેહી તનકે;**
**સુવસ શક્તિ ઈશ્વરપણુ જીનમે, ભિન્ન-ભિન્ન સબયનકે. ૩**

### શબ્દાર્થ

**સર્જનહારને** = સર્જનહારે **સ્ત્રજે** = સર્જેલા બનાવેલા ઉત્પન્ન કરેલા **સકલ કુલ** = સર્વ, બધા **અલંકાર** = ઘાટ, શણગાર સાજ, બાહ્ય આકૃતિ, વેશ **જેહી** = જે **તનકે** = ઘાટના, શરીરના દેહના **સુવસ** = વશ થઈને રહેલા **શક્તિ** = પ્રકૃતિ, શક્તિ **ઈશ્વરપણુ** = ઐશ્વર્યતા **જીનમે** = જેઓનામાં, તેમાં **ભિન્ન-ભિન્ન** = અલગ અલગ, જુદા-જુદા **સબયનકે** = દરેકના, બધાનામાં, સર્વમાં.

### અનુવાદ

**સર્જનહારે દરેક ઘાટના અલંકારો સર્જેલા છે, તેમાં અલગ-અલગ ઐશ્વર્યતા હોવા છતાં બધા જ પ્રકૃતિને વશ રહે છે.**

### ભાવાર્થ

સર્જનહારે સર્વ રચના ઉત્પન્ન કરી છે જેમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, અને પરમ કારણદેહની રચના કરી છે. તેમાં વળી ૨૧, ૨૧ લાખ અલગ-અલગ ઉત્પત્તિના ધોરણે ચાર જાતિના કુલ ચોરાસી લાખ પ્રકારના અનંત ઘાટનું નિર્માણ કર્યું છે. જેમાં દરેકે દરેક દેહની ઐશ્વર્યતા અને સમર્થતા અંકૂરમાં પોંખેલાં તત્ત્વો અને દેહની વિભૂતિના આધારે અલગ-અલગ જોવા મળે છે. તેમ છતાં બધા જ દેહ પ્રકૃતિને વશ થઈને રહે છે.

**જેહી જેહુનકે ધરીત તાય તન, તેહી તેહુનકે જ્ઞાનુ;**
**પશુ લહત નહીં અહંગ માનુમે, નહીંન મનુષ પશુભાનુ. ૪**

### શબ્દાર્થ

**જેહી** = જેને **જેહુન કે** = જેના **ધરીત** = ધારણ કર્યો, મેળવ્યો **તાય** = તેઓના **તન** = ઘાટ, દેહ, શરીર **તેહી** = તેનું **તેહુનકે** = તેમને **જ્ઞાનુ** = જ્ઞાન, સમજ, **પશુ** = જાનવર, ચાર પગું પ્રાણી **લહત** = ઓળખે **નહીં** = નહીં **અહંગ** = જાણ, હું પણું **માનુમે** = મનુષ્યમાં રહેલી **નહીંન** = નથી **મનુષ** = મનુષ્ય માનવ **પશુ ભાનુ** = પશુની લાગણી, સમજ, ભાન, જાણ.

### અનુવાદ

**જેને જેવો ઘાટ ધારણ કર્યો તેને તેનું જ જ્ઞાન હોય છે. પશુઓ મનુષ્યની**

**મતલબને જાણી શક્તા નથી અને મનુષ્યોને પશુની જાણ નથી.**

## ભાવાર્થ

જેણે જેવો ઘાટ ધારણ કર્યો છે તેને તેનું જ જ્ઞાન હોય છે. પશુઓ મનુષ્યોની મતલબને જાણી શકતા નથી અને મનુષ્યોને પશુની જાણ નથી. જેમાં જેણે જેવો ઘાટ ધારણ કર્યો હોય તેને પોતાના ઘાટ અંગેની જ સમજ હોય છે. અન્ય શરીરની મતલબને કોઈ પણ ઘાટ અરસપરસ સમજી શકતા નથી. જેમ કે પશુ જાતિના પ્રાણીઓ માનવોની વિચારસરણી અને તેમની જીવન જીવવાની મતલબને જાણી શકતા નથી. તે જ રીતે મનુષ્યો પણ પશુની સમજ અને વિચારસરણીને જાણી શકતાં નથી.

**એહી પરકાર સકલ તનકે તત, અલંકાર વશ હોઈ;**
**અવનિ તેજ અપ પુનિત પવન નભ, સહિત સકલ સબ કોઈ. ૫**

## શબ્દાર્થ

**એહી** = એ **પરકાર** = પ્રકારે **સકલ** = બધા જ સર્વ **તનકે** = શરીરને ઘાટના, દેહના **તત** = તત્ત્વો **અલંકાર** = વિભૂતિ, પોંખાયેલા ગુણ ઘણની પ્રકૃતિ **વશ** = વશ, તાબે **હોઈ** = હોય છે **અવનિ** = પૃથ્વી **તેજ** = અગ્નિ **અપ** = પાણી **પુનિત** = વળી , અને **પવન** = પવન **નભ** = આકાશ **સહિત** = સહિત **સકલ** = સર્વ બધા **સબકોઈ** = દરેક, પ્રત્યેક, સર્વ કોઈ.

## અનુવાદ

**એ પ્રમાણે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ સહિતના તત્ત્વોવાળા સર્વ શરીર વિભૂતિ મુજબ ઘાટને જ વશ હોય છે.**

## ભાવાર્થ

આ પ્રમાણે સર્વ શરીર પોતાના દેહના બંધારણમાં રહેલા પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ સહિતનાં અન્ય તત્ત્વોના મિશ્રણના વિભાગ પ્રમાણે વૃદ્ધિ પામીને વર્તમાન કરે છે. દરેક ઘાટમાં ભિન્નતા હોવા છતાં પણ જે તે ઘાટ પોતાના ઘાટના બંધારણને જ વશ થઈને જીવન જીવે છે.

**અંતઃ કરણ ઇંદ્રિ દશકે રસ, તેહી પણ મોહિત તેહુનમે;**
**આપ આપનેહી સજાતિનમે સદ, કરહી પ્રિત તેહી તીનમે. ૬**

### શબ્દાર્થ

**અંતઃકરણ** = અંતઃકરણ મન, બુદ્ધિ, અહંકાર, ચિત અને નચિંત **ઇંદ્રિ દશકે** = દશ ઇંદ્રિયોઃ પાંચ કર્મેઇંદ્રિય અને પાંચ જ્ઞાનેદ્રિયના **રસ** = રસ, સ્વાદ **તેહી પણ** = તે પણ **મોહિત** = આસક્તિપણું, મોહ ફિદા **તેહુનમે** = તેમનામાં, તેમાં જ **આપ** = પોતે **આપનેહી** = પોતાના **સજાતિનમે** = સજાતિમાં જ **સદ** = પોતે, હમેશાં, નિત્ય **કરહી** = કરે છે **પ્રીત** = પ્રેમ, પ્રતિ **તેહી** = તે જ **તીનમે** = તેમાં જ.

### અનુવાદ

**અંતઃકરણ અને દશ ઇંદ્રિયોના જે રસ છે તેમજ ઘાટ પણ મોહિત થયેલા છે અને પોતઈપોતાની સજાતિમાં જ તેઓ હમેશાં પ્રીત રાખે છે.**

### ભાવાર્થ

દરેક ઘાટના બંધારણ મુજબ પોંખાયેલાં તત્ત્વોના પ્રમાણ મુજબ જે તે ઘાટમાં રહેલી પાંચ કર્મેઇંદ્રિય અને પાંચ જ્ઞાનેદ્રિય તેમજ તે તે ઘાટમાં રહેલા મન, બુદ્ધિ, અહંકાર અને ચિત અંતઃકરણો ઘાટને અનુરૂપ તેની માત્રાઓને ગ્રહણ કરીને ઇંદ્રિયોના રસ સ્વાદને માણે છે અને તે મુજબ જ પુરુષાર્થ કરે છે. વળી તત્ત્વોના પ્રભાવ મુજબ પ્રકૃતિને વશ થઈને વર્તમાન પણ કરે છે. જેથી જુદી જુદી જાતના ઘાટ પોતરપોતાની સજાતિમાં જ હેત - પ્રેમ રાખીને રહે છે. કારણ કે સમાન ગુણધર્મોવાળી ઇંદ્રિયો થકી થતી વાણી, વર્તન, અન્ય ક્રિયાઓ સર્વ સજાતિને મળતી હોવાથી એકબીજાની સમજ મુજબ અને સાંકેતિક ભાષા મુજબ સમજી શકે છે. તે મુજબનું વર્તન પરિવર્તિત કરીને જીવન જીવવામાં અનુકૂળતા પણ સચવાતી હોય છે. આ પ્રમાણે દરેક ઘાટ પોતાના ઇંદ્રિયો દ્વારા સજાતિ સાથે જ મોહિત થઈને હમેશાંને માટે પ્રીતિ રાખીને જીવન જીવતા હોય છે.

**રજ તમ સાત્વિક આદ્ય સહિત ઘણ, વ્રતત દેખી તન સમહી;**
**રાજનમે રાજન વત ઉપજત, રંકમે રંક સગમહી. ૭**

### શબ્દાર્થ

**રજ** = રજોગુણ **તમ** = તમોગુણ **સાત્વિક** = સતોગુણ **આદ્ય સહિત** = વગેરે મળીને **ઘણ** = ઘણ **વ્રતત** = વર્તન કરે છે **દેખી** = જોઈને **તન** = શરીરમાં **સમહી** = સરખી રીતે, સમાનતાના સ્વરૂપે, સરખાપણે **રાજનમે** = રાજામાં **રાજનવત** = રાજાની જેમજ **ઉપજત** = ઉત્પન્ન થાય, ઊપજે **રંકમે** = ગરીબમાં, રંક **સગમહી** = રંકની સમાન, ભિખારીની સમજ મુજબ.

### અનુવાદ

**રજોગુણ, તમોગુણ અને સતોગુણની આદ્ય લઈને ત્રણ ઘણનું પણ શરીર મુજબ સમાન વર્તન જણાય છે. રાજામાં રાજા સમાન ઊપજે છે અને ગરીબમાં ગરીબની જેમ જ હોય છે.**

### ભાવાર્થ

શરીરના બંધારણમાં રહેલાં રજોગુણ, તમોગુણ અને સતોગુણ તથા અહંકાર ઘણ, અચંત ઘણ અને સ્વકાશ ઘણ એમ છએ તત્ત્વો અલગ-અલગ ઘાટમાં શરીરને અનુકૂળ થઈને શોભે તેવું વર્તન કરતા જણાય છે. એટલે કે, જે જાતિનાં શરીર હોય તે જાતિનાં કાર્યોને અનુકૂળ થઈને છએ ગુણ ઘણનું વર્તમાન જોવા મળે છે. જેમકે રાજામાં રાજાની સમાન પોતાના મોભા મુજબ તેના ગુણો અને ઘણ વર્તે છે. જ્યારે ગરીબમાં ગરીબના વર્તનને યોગ્ય તેના શરીરમાં રહેલા ગુણ-ઘણ વર્તમાન કરે છે.

**ઓર પતંગ કીટ ખગ તનમે, જીનમે જેહી સમાનું;**
**અધિક વેગ નહીં કરહી તાય ગુન, ભવિત તંત ગત જ્ઞાનુ. ૮**

### શબ્દાર્થ

**ઓર** = અને, બીજા, અન્ય **પતંગ** = પતંગિયા **કીટ** = કીટાણુઓ **ખગ** = આકાશના પક્ષીઓના **તનમે** = શરીરમાં **જીનમે** = જેમાં **જેહી** = જે રીતે **સમાનું** = સમાયેલાં હોય **અધિક** = વિશેષ **વેગ** = કાર્ય, **ગતિ** = શક્તિ **નહીં** = નહીં, નથી **કરહી** = કરી શકતા **તાય** = તેમનાં **ગુન** = ગુણો રજો, તમો અને સતો ભ**વિત** = હોય છે, કરે છે **તંત** = શરીર, ઘાટ, દેહ **ગત** = મુજબ **જ્ઞાનુ** = જ્ઞાન, સમજ.

## અનુવાદ

**અને કીટ, પતંગ અને પક્ષીના ઘાટમાં જેમાં જેટલા ગુણ સમાયેલા છે તેનાથી અધિક કાર્યશક્તિ કરી શકતા નથી. કારણ કે, ઘાટ પ્રમાણે જ જ્ઞાન (સમજ) હોય છે.**

## ભાવાર્થ

વળી સર્જનહારે બનાવેલ ચોરાસી લાખ પ્રકારના ઘાટ પૈકી પતંગ જાતિ અને આકાશમાં ઊડનાર પક્ષીઓ તેમજ કીટાણુ પૈકીના સર્વ જે મુજબના ગુણ ઘણની મેળવણી સર્જનહાર દ્વારા કરવામાં આવેલી છે તે મુજબ તે તે ઘાટમાં વર્ત્યા કરે છે. તેઓ પોતપોતાની સમજ મુજબ આયુ મર્યાદાના આધારે જીવન જીવે છે, પરંતુ તેમાંનો કોઈ પણ ઘાટ પોતાનામાં રહેલા ગુણોથી અધિક કોઈ પણ કાર્ય કરી શકતા નથી. વળી, દરેક શરીરમાં પોતપોતાના ઘાટને અનુરૂપ સમજ અને શક્તિ હોવાથી પોતપોતાની સજાતિમાં પોતાનો વ્યવહાર ચલાવીને પ્રેમપૂર્વક જીવન વ્યતીત કરે છે. વળી એક જ જાતિના ઘાટમાં પણ વધતા ઓછા પ્રમાણમાં જ્ઞાન સમજશક્તિ જે જણાય છે તે પણ તે તે શરીરમાં રહેલાં તત્ત્વોના ઓછા વધતા પ્રમાણને લીધે જ દેખાય છે. એટલે કે, જે કોઈ તફાવત અને વિશેષતા છે તે તત્ત્વોનાં આધારે છે. બીજું અન્ય કોઈ કારણ આધારભૂત નથી.

**સુરત નુરત ઓરુ સહિત જ્ઞાન ગમ, અભિમાન અહંકારુ;**
**કરહી વિલોક સકલ નિજ તન સમ, તેહી પણ હવીત પસારુ. ૯**

### શબ્દાર્થ

**સુરત** = સુરતા, અંતરવૃત્તિ, અંતરદષ્ટિ, ધ્યાનથી થતિ સ્મૃતિ **નુરત** = નૂરતા, બાહ્યદષ્ટિ, નેત્રોથી દેખાતી નજર **ઓરુ** = અને **સહિત** = સહિત **જ્ઞાનગમ** = ઈંદ્રિયાદિક સમજ, જાણ, ગતિ, મનનું વલણ **અભિમાન** = પૂજ્યભાવ, મિથ્યાજ્ઞાન,ભ્રમ, **અહંકારુ** = હું પણું, આત્મભાન, ગર્વ,મગરૂરી, પોતાપણાનો મિજાજ મમત્વ **કરહી** = કરીને **વિલોક** = અવલોકન, જોવું, જોઈને **સકલ** = સર્વ તમામ **નિજ** = પોતાના **તન** = શરીર, ઘાટ **સમ** = પ્રમાણે, પ્રત્યે, **તેહી પણ** = તે પણ **હવીત** = હોય છે, જણાય છે **પસારુ** = પ્રસારો, વિસ્તાર, ફેલાવો, વર્તન.

## અનુવાદ

**સર્વ ઘાટનું અવલોકન કરતાં સુરતા, નૂરતા, જ્ઞાન, જાણ્ય, અભિમાન, અને અહંકાર સહિત સર્વનો પસારો (વિસ્તાર) શરીર મુજબ હોય છે.**

## ભાવાર્થ

પ્રત્યેક ઘાટના બંધારણમાં રહેલાં તત્ત્વોના પ્રમાણ મુજબ દરેક ઘાટની ક્રિયા-કર્મ નિશ્ચિત કરેલા છે. તેનો મુખ્ય આધાર તે તે તત્ત્વોના થયેલા વિકાસ અને તેનો પ્રભાવ મુખ્ય કારણભૂત છે. તે મુજબ શરીરના દશ ઇંદ્રિયો, અંતઃકરણ, ત્રણ ગુણ, ત્રણ ઘણ અને અન્ય સર્વ તત્ત્વો પોત પોતાના ગુણધર્મ મુજબ ક્રિયાશીલ થઈને કાર્યો કરાવે છે. દરેક ઘાટની નેત્રો દ્વારા દેખાતી નૂરતા મન દ્વારા થતી અંતર દૃષ્ટિ, સમજ મુજબ જ્ઞાન, વૃત્તિઓ મુજબની જાણ, શરીરમાં ઉત્પન્ન થતો પૂજ્યભાવ અને હું પણાનો ગર્વ સર્વ તે તે જાતિના ઘાટમાં રહેલાં તત્ત્વો ઉપર આધારિત છે. જે ઘાટના અવલોકન કરતાં જણાઈ આવે છે.

**આશા તુષ્ણા હરખ શોક મદ, તદવત્ તન પરમાનું;**
**જેહી જીનકી જાતિ જમ તીનમે, કરત કેલ અભિરાનું. ૧૦**

### શબ્દાર્થ

**આશા** = ઇચ્છા, આસ્થા, આકાંક્ષા **તૃષ્ણા** = તૃષ્ણા, કામના, લાલસા **હરખ** = હર્ષ, આનંદ, ઉમંગ **શોક** = દુઃખ, સંતાપ, ખેદ, દિલગીરી **મદ** = ગર્વ, કેફ, ખુમારી **તદવત્** = તે માફક, તે રીતે, તેની પેઠે, તેની જેમ **તન** = શરીર **પરમાનું** = પ્રમાણે **જેહી** = જેવી **જીનકી** = જેમની **જાતિ** = જાતિ, પ્રકાર **જમ** = જેમ **તીનમે** = તેમાં, તેમનામાં **કરત** = કરે છે **કેલ** = આનંદ, ઉમંગપૂર્વકનું વર્તન **અભિરાનું** = મનને ગમે તેમ, આનંદદાયક, મનોહર, વર્તન.

## અનુવાદ

**આશા, તુષ્ણા, હર્ષ, શોક અને મદ પણ પોતાના ઘાટ પ્રમાણે તદવત્ થઈને વર્તે છે. જેની જેવી જાતિ હોય તે પ્રમાણે તેમાં રહીને આનંદથી ઉમંગપૂર્વકનું વર્તન કરે છે.**

### ભાવાર્થ

મનમાં ઊભી થતી ઇચ્છાઓ, કામનાઓ, હરખ, શોક અને ખુમારી વગેરે જેવી જેની જાતિ તે પ્રમાણે તેની માફક થઈને રહે છે. વળી દરેક જાતિનાં શરીર પોતપોતાની જાતિ મુજબ પોતાની મનોવૃત્તિના આધારે તેમાં પૂરેપૂરો આનંદ માણીને ઉમંગપૂર્વકનું વર્તન કરે છે. તેમજ પોતાના શરીરમાં રહેલાં અંતઃકરણોનાં તત્ત્વોની અસર મુજબ જ પુરુષાર્થ કરવાની વૃત્તિ ઉદ્‌ભવે છે. તે મુજબ જ તે તે જાતિનાં શરીર પોતાના મનમાં ઊભા થતા સંકલ્પો વિકલ્પોને આધીન થઈ જિંદગી જીવે છે.

**મમતા લજ્જા શરમ સમરતિ, ઓર વિવેક વિચારુ;**
**તેહીપણ તીનમે તન પરમાણિક, ઉદવિત્ નહીં અધિકારુ. ૧૧**

#### શબ્દાર્થ

**મમતા** = લાગણી, સ્નેહ, માયા, પ્રીતિ **લજ્જા** = લાજ, સંયમ, સંકોચ, કલંક **શરમ** = મર્યાદા, મલાજો, આબરું, ઈજ્જત **સમરતિ** = સ્મૃતિ, યાદ, સ્મરણ, ધારણા **ઓર** = અને **વિવેક** = વિનય, સભ્યતા, ચતુરાઈ, ડહાપણ **વિચારુ** = વિચાર, તર્ક, મનસૂબો **તેહી પણ** = તે પણ **તીનમે** = તેમાં **તન** = શરીર **પરમાણિક** = પ્રમાણે, મુજબ **ઉદ્‌વિત** = ઉદ્‌ભવ થાય છે **નહીં** = નહીં **અધિકારુ** = અધિક, વિશેષ, વધારે.

### અનુવાદ

**મમતા, લજ્જા, શરમ, સ્મૃતિ, વિવેક અને વિચાર વગેરે તેઓમાં ઘાટ પ્રમાણે જ હોય છે, પરંતુ તેનાથી વિશેષ માત્રામાં ઉદ્‌ભવતા નથી.**

### ભાવાર્થ

ચોરાસી લાખ પ્રકારના સ્થૂળ ઘાટ પૈકી જંગમ ઘાટમાં જુદા-જુદા પ્રકારની પ્રકૃતિ ધરાવતાં શરીર જોવા મળે છે. વળી શરીરના બંધારણ મુજબ તે તે શરીરમાં પ્રાકૃતિક ગુણો પણ જે તે ઘાટના તત્ત્વોના બંધારણને અનુરૂપ જોવા મળે છે. તેમાં મમતા, લજ્જા, શરમ, સ્મૃતિ, વિવેક અને વિચારોની ભિન્નતા હોય છે. જે કોઈ પ્રાકૃતિક ગુણો છે તે શરીર અને જાતિના આધારે જ વિકાસ પામીને વ્યવહારમાં અને વર્તનમાં દેખાય છે, પરંતુ નિશ્ચિત માત્રાથી વધુ અને વિશેષ માત્રામાં કદી પણ ઉદ્‌ભવ થતા નથી.

**નિરાકાર જેહી શબ્દ શૂન્ય સુત, ઉચરે તંત સરેખું;**
**લખ ચોર્યાસી જીવ જંતકી, ભાષા ભિન્ન અલેખું. ૧૨**

### શબ્દાર્થ

**નિરાકાર** = આકારથી રહિત, આકાર વગરના **જેહી** = જે **શબ્દ** = શબ્દ, વાણી, બોલી, ઉચ્ચાર **શૂન્ય** = અવિગત આકાશ, પોલાણ **સુત** = પુત્ર, ઉત્પત્તિ, પ્રજા **ઉચરે** = બોલે, ઉચ્ચારે **તંત** = શરીર **સરેખું** = સમાન, સરખા **લખ ચોર્યાસી** = ચોરાસી લાખ **જીવ** = ઘાટ, શરીર **જંતકી** = જીવની **ભાષા** = બોલી, વાણી **ભિન્ન** = અલગ-અલગ, જુદી-જુદી **અલેખું** = અલેખ, લખી ન શકાય તેવી.

### અનુવાદ

**(અવિગત આકાશની ઉત્પત્તિ રૂપે) આકાર રહિત શબ્દનું ઉચ્ચારણ શરીર દ્વારા એક જ સરખું થાય છે. ચોરાસી લાખ પ્રકારના જીવ જંતુની ભાષા જુદી-જુદી અને અલેખ છે.**

### ભાવાર્થ

અવિગત આકાશમાં જેમ વાદળોની ગર્જનાથી મહાન ધ્વનિ (ગર્જના) ઉત્પન્ન થાય છે. તેમ શરીરમાં પણ પ્રાણાયામના વહનથી આકાર રહિત શબ્દનું ઉચ્ચાર પણ થાય છે. આ શબ્દ એ પ્રણવની જ ઉત્પત્તિ છે. જે દરેક જુદાં-જુદાં શરીરમાં જુદાં-જુદાં પ્રકારના અવાજની અને શબ્દોની ઉત્પત્તિ જોવા મળે છે. તેમ છતાં એક જ જાતનાં શરીરમાં તે પ્રકારના અવાજની સરખામણી એક સરખી જોવા મળે છે. જેમકે આપણે પણ અવાજ ઉપરથી નક્કી કરીએ છીએ કે આ અવાજ સિંહનો છે કે શિયાળનો છે. ચોરાસી લાખ પ્રકારના ઘાટમાં જંગમ ઘાટની જે જે જાતિ છે તે તે જાતિના શરીરમાં નીકળતા અવાજ મળતા આવતા હોય છે, વળી એ શબ્દની રચનાને આલેખનમાં મૂકવી પણ ઘણી જ કઠિન છે અને અસંભવ પણ છે. જેના માટે બાવન અક્ષરોની શબ્દમાળા પણ કામ આવતી નથી. હિંસક પ્રાણીઓ તેમજ વિવિધ પક્ષીઓના અવાજ તેમજ જળચર પ્રાણીઓના અવાજમાં દરેકની વિવિધતા જોવા મળે છે. તેમ છતાં જે તે પ્રકારની જાતિમાં સામ્યતા રહેલી હોવાથી દરેક જાતિમાં એકબીજાને અન્યોન્ય વાણીથી સમજીને વ્યવહાર કરતા જણાય છે.

**જોર જબર નિજ હર દેહ મહી, સોહી પણ શરીર સમાનું;**
**અજા ન કરીત સીંઘકી સમતલ, સીંઘ ન અજા સમાનું. ૧૩**

### શબ્દાર્થ

**જોર** = શક્તિ, બળ , તાકાત **જબર** = જબરું, મોટું, ભારે, મજબૂત, ચડિયાતું, તાકાતપણું **નિજ** = પોતાનું **હર** = દરેક **દેહ મહી** = શરીરમાં **સોહી પણ** = તે પણ **શરીર** = શરીરમાં, ઘાટમાં **સમાનું** = સમાયેલું હોય છે **અજા** = બકરી **કરીત** = કરી ન શકે **સીંઘકી** = સિંહની **સમતલ** = બરાબરી, સરખામણી **સીંઘ** = સિંહ **ન** = નહીં **અજા** = બકરી **સમાનું** = સમાન.

### અનુવાદ

**દરેક શરીરમાં રહેલી તાકાત અને હિમ્મત પણ શરીર પ્રમાણે જ સમાયેલી છે. જેમ બકરી સિંહની બરાબરી કરી શકે નહીં અને સિંહ પોતે બકરી સમાન થઈ શકતો નથી.**

### ભાવાર્થ

દરેક શરીરના ગુણધર્મો જે તે શરીરના બૂંદ અને બીજકમાં સર્જનહારે પહેલેથી સમાવીને રાખેલા છે. તે મુજબ જ જ્યારે જે તે શરીરના બીજગનું યોગ્ય ફલીકરણ થતાં જ્યારે વૃદ્ધિ પામીને પૂર્ણ ઘાટનું સ્વરૂપ બને ત્યારે તેમાં તે તે જાતિના બધા જ ગુણ અવગુણ વિકાસ પામતા હોય છે. જે દરેક પ્રકારનાં શરીરમાં પહેલેથી સમાયેલાં છે. દરેક શરીરના તાકાત અને પ્રતિરોધક શક્તિ આપણે અલગ-અલગ જોઈએ છીએ. તેનો આધાર તે તે શરીરની રચના ઉપર આધારિત છે. જેમ કે સિંહના શરીરમાં રહેલી તાકાત અને પ્રતિરોધક શક્તિની બરાબરી બકરી ક્યારે પણ કરી શકતી નથી. તે જ રીતે બકરી પણ કદી સિંહ સમાન તાકાતવાન બની શકતી નથી.

**પુનહી સકલ તનુકે કારણ નિજ, પ્રણવ જાપ જીનું સોઈ;**
**દેવનમે દેવન સમ વરતત, મનુમે મનુષ સમોઈ. ૧૪**

### શબ્દાર્થ

**પુનહી** = વળી **સકલ** = સર્વ, બધા જ **તનુકે** = શરીરના **કારણ** = કારણરૂપે **નિજ** = મૂળ,

પોતાનો **પ્રણવ જાપ** = પ્રણવની, શ્વાસઉચ્છ્વાસની ગતિ **જીનું** = જેની, જેનો **સોઈ** = તે મુજબ **દેવનમે** = દેવોમાં **દેવન સમ** = દેવોના સમાન, સમાઈને **વરતત** = વર્તે છે, વર્તમાન કરે છે **મનુમે** = માનવોમાં **મનુષ્ય** = મનુષ્ય **સમોઇ** = જેવો, સમાન, સમાઈને.

## અનુવાદ

**વળી સર્વ શરીરમાં જે પોતાના પ્રણવની રેચક-પ્રેરક ગતિ છે તે દેવોમાં દેવ સમાન અને મનુષ્યમાં મનુષ્ય સમાન વર્તે છે.**

## ભાવાર્થ

સર્વ શરીરમાં શરીરને ચેતના પહોંચાડવાના મૂળ માધ્યમ રૂપે રહેલું સમ ચૈતન હીર રૂપ બ્રહ્મનાં ત્રણ મહાતત્ત્વો થકી થતી શ્વાસની રેચક અને પ્રેરક અને સ્થંભનની ગતિ રહેલી છે. જે અંશના આભાસથી ચેતનવંત બનીને સમગ્ર શરીર પ્રમાણે ક્રિયાશીલ બનતું હોય છે. સ્થૂળદેહમાં રહેલા માનવોની શ્વાસ ઉચ્છ્વાસની ક્રિયાની ગતિ માનવ ઘાટને અનુકૂળ થતી હોય છે. જ્યારે સૂક્ષ્મ કારણ અને મહાકારણ દેહવાળાં દેવી-દેવતાઓના શરીરમાં પણ શ્વાસોચ્છ્વાસની ગતિ તો ચાલતી હોય છે, પરંતુ તે તે શરીરના આયુષ્યમર્યાદાના આધારે તે તે દેહનાં બંધારણીય તત્ત્વોને અનુકૂળ થતી હોય છે. એટલે કે, પ્રાણાયામની ગતિ પણ દેહના આધારે જ વર્તમાન કરતી હોઈ જે તે દેહની ઉપર આધારિત રહેલી છે.

**ઓરુ અપકે મચ્છ કચ્છ મગરાદિક, મિંડ પોર ઓરુ શંખુ;**
**લેવત શ્વાસ ઉશ્વાસ ઉમર ધર, ભરમે રહત નિશંકુ. ૧૫**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **અપકે** = જળમાં રહેનારા **મચ્છ** = માછલાં **કચ્છ** = કાચબા **મગરાદિક** = મગરો વગેરે **મિંડ** = દેડકા **પોર** = પોરા-પાણીમાં થતા એકજાતના બારીક જીવ, ઝીણી જીવાત **ઓરુ** = અને **શંખુ** = દરિયાઈ પ્રાણીનું કઠણ હાડ જેવું કોચલું, ગોળ વળાંકદાર જાડી છીપ, પાણીમાં ઉત્પત્તિ થતા ક્ષુદ્ર શંખ અથવા શંખલાં **લેવત** = લે છે **શ્વાસ ઉશ્વાસ** = રેચક-પ્રેરક પ્રણવની ગતિ, શ્વાસ ઉચ્છ્વાસ **ઉમર ધર** = પોતાના આયુષ્ય પર્યંત, જીવન પર્યંત **ભરમે** = ભ્રમણ કરે, હરે ફરે, ભરણપોષણ પામીને **રહત** = રહે છે **નિશંકુ** = નિશંકપણે, નિશ્ચિતપણે, નિરાંતે, સુખચેનથી, નિર્ભયતાથી, નીડર, શંકા વિના, હિંમત ભેર.

## અનુવાદ

**જળમાં રહેતાં માછલાં, કાચબા, મગરો, દેડકા, પોરા અને શંખલાં વગેરે જીવનપર્યંત શ્વાસોચ્છ્વાસ લઈને નિશંકપણે હરે-ફરે છે.**

## ભાવાર્થ

પૃથ્વી ઉપર અને અંતરિક્ષમાં રહેલાં ઘાટની જેમ પાણીમાં રહેલા વિવિધ પ્રકારનાં પ્રાણીઓ અને જીવજંતુઓ પણ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે. જેમકે માછલાં, મગરો, દેડકા, ઝીણી જીવાત, અને શંખલાઓ પણ પાણીમાં જ સદાને માટે રહેતા હોય છે, પરંતુ તેઓ પોતાના શરીરથી શ્વાસોચ્છ્વાસ દ્વારા પ્રાણાયામને રેચક અને પ્રેરકની ગતિ કરે છે. તેઓ પોતાના આયુષ્ય દરમિયાન નિર્ભયતાથી પોતાનું જીવન પાણીમાં જ જીવીને વ્યતીત કરે છે. અને શરીરથી થતી બધી જ સાંસારિક ક્રિયાઓ કરીને હરે-ફરે છે.

**તેહી પણ તીનકે તન માપસ અસ, વહતહી પ્રણવ સમીરુ;**
**અતિ નિરમાલીક પ્રમલ પવનસે, ખીંચ શકત નહીં નીરુ. ૧૬**

### શબ્દાર્થ

**તેહી પણ** = તેઓ પણ **તીનકે** = તેમના **તન** = શરીરના **માપસ** = માપથી **અસ** = વર્તીને, પ્રમાણે **વહતહી** = વહે છે **પ્રણવ સમીરુ** = પ્રણવનો પવન, શ્વાસ ઉચ્છ્વાસની ગતિ **અતિ** = અત્યંત, ખૂબ જ, વિશેષ **નિરમાલીક** = મંદ, ધીરું, ધીમું, નિર્બળ, ભળેલું **પ્રમલ** = સૂક્ષ્મ, બારિક **પવનસે** = પવનથી **ખીંચ** = ખેંચી **શકત** = શકે **નહીં** = નહીં **નીરુ** = પાણી, જળ.

## અનુવાદ

**તે પણ તેમના શરીરના માપથી વર્તીને પ્રાણાયામમાં પવન વહન કરે છે, પરંતુ ઘણો જ મંદ અને સૂક્ષ્મ પવનથી પાણી ખેંચાઈ શકતું નથી.**

## ભાવાર્થ

જળમાં જીવન જીવતાં પ્રાણીઓ અને અન્ય જીવજંતુઓ પોતે પોતાના શરીરની

રચના મુજબ જ શ્વસનક્રિયા કરે છે. પોતાના શરીર થકી જ શ્વાસોચ્છ્વાસની ગતિ ઘણી જ મંદ અને સૂક્ષ્મ રીતે કરીને શ્વાસને લે છે. જેમાં માત્ર પાણીમાં ભળેલા પ્રાણવાયુ અને અન્ય વાયુને ખેંચે છે, પરંતુ તેમાં પાણીનો ભાગ જરા પણ ખેંચાતો નથી. એટલે કે, પ્રાણવાયુનું પ્રમાણ પાણીમાં અતિ મંદ અને સૂક્ષ્મ રીતે ભળેલું હોવા છતાં જળમાં રહેનાર શરીર માત્ર વાયુનું જ શોષણ કરતા હોય છે. ત્યારે તેમાં પાણી ખેંચાતું હોતું નથી. આ પ્રમાણેની શ્વાસની ગતિ પણ તેઓના શરીરને જ આધારિત છે.

**ઓરુ ઈશ્વર અવતાર આદ્ય લ્યૌ, કાજ મુજબ તન ધરીયાં;**
**જલમે મચ્છ થલમે વેરાહક, તેહિ તનકે વશ પરિયાં. ૧૭**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **ઈશ્વર** = ઐશ્વર્યવાન દેવ વિષ્ણુ **અવતાર** = અવતાર, પૃથ્વી ઉપર અવતરણ **આદ્ય** = સહિત, વગેરે **લ્યૌ** = સુધી **કાજ** = કાર્ય **મુજબ** = મુજબ, પ્રમાણે **તન** = શરીર, ઘાટ **ધરીયાં** = ધારણ કર્યા **જલમે** = જળમાં **મચ્છ** = માછલી **થલમે** = ભૂમિ પર, જમીન પર **વેરાહક** = વરાહ **તેહી** = તે જ **તનકે** = શરીરને **વશ** = આધીન **પરિયાં** = થયા, પડ્યા, રહ્યા.

### અનુવાદ

**વળી વિષ્ણુના અવતારોએ કાર્ય પ્રમાણે શરીર ધારણ કર્યાં છે. જળમાં મચ્છ અને પૃથ્વી પર વરાહનું શરીર ધારણ કરીને જે તે શરીરને જ વશ થયેલાં છે.**

### ભાવાર્થ

સત્ત્વગુણી વિષ્ણુ પોતાના પાલન્‌પોષણનું કાર્ય બજાવવા માટે યુગે-યુગે અવતાર ધારણ કરીને પૃથ્વી પરના માનવોને અધર્મથી બચાવવા તેમજ ધર્મનું રક્ષણ કરવા અવતાર ધારણ કરીને આવે છે. તેમાં પણ તેઓ જે પ્રકારનું કાર્ય કરવાનું હોય તે કાર્ય પ્રમાણે પોતે શરીર ધારણ કરીને પોતાની ફરજ બજાવે છે. જે પ્રમાણેના સંજોગો ઊભા થયા તે પ્રમાણેના સમયની અનુકૂળતા મુજબ તેવાં કાર્યો કરવા માટે જે તે સ્વરૂપોમાં જન્મ ધારણ કરીને પોતાનાં કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી છે. જળમાં જરૂર પડી તો મચ્છાવતાર ધારણ કર્યો અને પૃથ્વી પર વરાહ અવતાર ધારણ કર્યો છે. આમ પોતે

વિશેષ અંશ હોઈ પોતાની વિભૂતિના આધારે ફરજ બજાવવા માટે શરીર ધારણ કર્યા છે અને તેથી જ સફળતા પ્રાપ્ત કરી શક્યા છે.

**વૈદ ધનંતર વનસ્પતિકે, ધરે અરઘ તન જબહી;**
**ચતુર લક્ષ વેદન કે ગતકી, પરહી સુઝ જબ તબહી. ૧૮**

### શબ્દાર્થ

**વૈદ ધનંતર** = ધન્વંતરિ વૈદ **વનસ્પતિકે** = વનસ્પતિના **ધરે** = ધારણ કરે **અરઘ** = અર્ક, અપૂર્ણ **તન** = શરીર **જબહી** = જ્યારે **ચતુર લક્ષ** = ચાર લાખ **વેદન કે** = આયુર્વેદ અંગેની **ગતકી** = ગતિને પરહી **સુઝ** = સૂઝ **પડી જબ** = જ્યારે **તબહી** = ત્યારે

### અનુવાદ

**ધન્વંતરિ વૈદે વનસ્પતિના અપૂર્ણ શરીર જ્યારે ધારણ કર્યાં ત્યારે આયુર્વેદની ગતિની સૂઝ અને ચાર લાખ વૈદક બનાવી શક્યા.**

### ભાવાર્થ

એમ કહેવાય છે કે ધન્વંતરિ વૈદ્ય વૈદકશાસ્ત્રમાં નિપુણ હતા. પોતે પરકાયા પ્રવેશ કરી શકતા હોવાથી તેઓ વિવિધ પ્રકારની વનસ્પતિનાં વૃક્ષો, વેલી, પાંદડી વગેરે જાતોમાં પોતે પ્રવેશ કરતા અને તે તે વનસ્પતિના પાન-ડાળ, થડ,મૂળ, ફળ, ફૂલ વગેરેના અર્કની સમજ પ્રાપ્ત કરીને પાછા પોતાના દેહમાં આવી જતા. ત્યારબાદ તે તે વનસ્પતિના માનવ કલ્યાણકારી ઉપયોગોને લખી દેતા. આમ, વારંવાર આવા વનસ્પતિના દેહમાં પ્રવેશ કરીને તેઓએ ચાર લાખ પ્રકારની ઔષધો દર્શાવતું વૈદકીય ચિકિત્સાશાસ્ત્ર રચીને માનવોની તંદુરસ્તી માટે ઉપયોગી થાય તેવા કાર્ય માટે પુરુષાર્થ કર્યો હતો. આ કાર્ય પણ તેઓ તે પ્રમાણેના શરીરને આધારે જ કરી શક્યા હતા. તેમણે પોતાના શરીરના અનુભવથી જ દીર્ઘ જીવનના ઉપાય અને ઔષધિ વિશે માહિતી જાણીને જગતના જીવને બતાવી શક્યા હતા અને જગત કલ્યાણનાં કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી હતી. એમ પણ કહેવાય છે કે જો કોઈ પણ દર્દી તેમની પાસે જતો તો તેને દર્દની પીડાથી મુક્ત કરતા અને મરણ પથારીમાંથી ઊભો કરી દેતા હતા.

**વિષ્ણુના અવતારો અને કાર્ય.**

બ્રહ્માજીએ પોતાના ચાર વેદ સૃષ્ટિના પ્રારંભના સમય દરમિયાન વદેલા હોવાથી તેમાં અવતાર અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી, પરંતુ સૃષ્ટિના વિકાસનો સમય જતાં અવતારની જરૂરિયાત ઊભી થઈ અને પોતાની જવાબદારી પૂરી કરવા વિષ્ણું યુગે-યુગે અવતાર લે છે.

| અવતાર | કાર્ય |
|---|---|
| ૧. **સનકાદિક-ઊર્ધ્વરેતા** | ધર્મનું સ્થાપન કરવા માટે |
| ૨. **વરાહ** | પૃથ્વીને પાતાળમાં લઈ ગયેલા હિરણ્યાક્ષ દૈત્યને સંહારી પાછી લાવવા માટે |
| ૩. **યજ્ઞરૂપ** | સંસારના જીવને યજ્ઞકર્મ શીખવવા માટે |
| ૪. **હયગ્રીવ** | બ્રહ્માંડની ઉત્પત્તિ સમયે મધુ અને કૈટભ નામના અસુરોથી બ્રહ્માની રક્ષા કરવા માટે |
| ૫. **નરનારાયણ** | તપશ્ચર્યા કરી ભરતખંડના જીવનું કલ્યાણ કરવા માટે |
| ૬. **કપિલ દેવ** | સાંખ્ય અને યોગ પ્રવર્તાવવા માટે |
| ૭. **દત્તાત્રેય** | ત્યાગ અને યોગ દર્શાવવા માટે |
| ૮. **ઋષભ દેવ** | અસિ અને કૃષિ કર્મ શીખવવા તથા સાતમી ભૂમિકાનું જ્ઞાન આપવા માટે |
| ૯. **પૃથુરાજ** | રસ સહિત પૃથ્વીને રસાળ કરવા માટે |
| ૧૦. **મત્સ** | સત્યવ્રત રાજાને પ્રલયની લીલા દેખાડવા તથા હયગ્રીવ દૈત્યને મારી બ્રહ્માને વેદ આણી આપવા માટે |
| ૧૧. **કૂર્મ** | સમુદ્રમંથન વખતે મંદરાચલ પર્વતને પીઠ ઉપર રાખવા માટે |
| ૧૨. **ધન્વંતરિ** | ઔષધિઓનાં નામ, ગુણ અને ઉપયોગ બતાવવા માટે |
| ૧૩. **હરિ** | ગ્રાહ એટલે મગરથી હાથીની રક્ષા કરવા માટે |
| ૧૪. **નૃસિંહ** | હિરણ્યકશિપુને મારી પ્રહ્લાદ ભક્તની રક્ષા કરવા માટે |
| ૧૫. **વામન** | બલીરાજાને છળી (પરાસ્ત કરી) ઇંદ્રાદિક દેવતાઓનું હિત કરવા માટે |
| ૧૬. **હંસ** | સનકાદિકને જ્ઞાન આપવા માટે |
| ૧૭. **નારાયણ** | ધ્રુવને દર્શન આપવા માટે |
| ૧૮. **મન્વન્તર** | સર્વધર્મની મર્યાદા સ્થાપવા માટે |
| ૧૯. **પરશુરામ** | આસુરી ક્ષત્રિયોને હણવા માટે |
| ૨૦. **રામ** | રાવણ જેવા રાક્ષસોનો સંહાર કરવા માટે |

| | | |
|---|---|---|
| ૨૧. | **વેદવ્યાસ** | વેદ પુરાણ અને શાસ્ત્રોને પ્રગટ કરવા માટે |
| ૨૨. | **કૃષ્ણ** | કંસ જેવા દુષ્ટ રાજાઓને મારવા માટે |
| ૨૩. | **બુદ્ધ** | બોધથી જ્ઞાન આપી જીવના કલ્યાણ માટે |
| ૨૪. | **કલ્કિ** | કલિયુગના અધર્મનો નાશ કરી સત્યયુગના ધર્મોને સ્થાપવા માટે |

**એહી વિધકે તન તખત અંશકે, કારન કિયે ક્તારુ;**
**આપની અકલ જેમ અનુભવસે, રચના રચી અપારુ. ૧૯**

### શબ્દાર્થ

**એહી વિધકે** = એ પ્રમાણેના **તન** = શરીર **તખત** = સિંહાસન, રાજગાદી, આસન **અંશકે** = અંશનું **કારન** = સાધનરૂપે, માટે **કિયે** = કરીને, બનાવીને **ક્તારુ** = સર્જનહારે, કર્તાએ **આપની** = પોતાની **અકલ** = અકળ, અદ્‌ભુત **જેમ** = જેવી, દ્વારા **અનુભવસે** = અનુભવથી **રચના** = રચના, ઉત્પત્તિ **રચી** = રચી **અપારુ** = અપાર, અપરંપાર, પાર વગરની.

### અનુવાદ

**એવી રીતે સર્જનહારે અંશને માટે શરીર રૂપ તખત બનાવીને પોતાની અકળગતિ અને અનુભવ દ્વારા અપાર રચના રચી છે.**

### ભાવાર્થ

આ અંગમાં આપણે આગળ જોયું તે મુજબ શરીરની મહત્તા અને દેહનાં પરાક્રમ કરવા માટેની શક્તિ જેને દેહના અંકુરોમાં સર્જનહારે પહેલેથી પોંખી દીધી છે. તેથી જ્યારે અંકુરોનું ફલીકરણ થાય ત્યારે તેવા ગુણધર્મોવાળા અને તે મુજબનાં તત્ત્વોના પ્રભાવવાળાં શરીર બને છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહના સ્વરૂપો સર્જનહારે પોતાના શુદ્ધ ચૈતનઅંશના રાજ આસન માટે બનાવીને સમગ્ર સૃષ્ટિનો અદ્‌ભુત ખેલ ખિલાવ્યો છે. તે પણ કોઈ અન્યની મદદ લીધા સિવાય અપાર રચનાને સાકાર કરી છે.

**નિજપતિ પરમ અગમ ગતિ ગમસે, કીન સંચ અનુસારા;**
**આલોચન અલંકાર અંતર છબ, અદરસ અકલ અપારા. ૨૦**

### શબ્દાર્થ

**નિજપતિ** = સર્જનહાર, મૂળ માલિક **પરમ** = શ્રેષ્ઠ **અગમ** = અગમ્ય, અદ્‌ભુત **ગતિ** = જ્ઞાન, સમજ **ગમસે** = જાણ થકી **કીન** = કર્યો, ઉત્પન્ન કર્યો, **સંચ** = ઉત્પત્તિ, કળા, યુક્તિ **અનુસારા** = પ્રમાણે, અનુસાર **આલોચન** = નિરીક્ષણ , અવલોકન, આલોચના વિચાર, વિવેચન **અલંકાર** = ઘાટ, દેહ **અંતર** = માં, હૃદયમાં **છબ** = છબી, ચિત્ર, પ્રતિકૃતિ, તસવીર, આલેખ, દેખાવ **અદરસ** = અલોપ, ગુપ્ત, દેખાય નહીં તેવું, અગોચર **અકલ** = અકળ, કળ્યામાં ન આવે તેવું **અપારા** = અપાર, પાર વિનાનું, બેહદ, ઘણું, અખૂટ, અમાપ.

### અનુવાદ

**સર્જનહારે પોતે પોતાની શ્રેષ્ઠ અગમ્ય ગતિની જાણ મુજબ સર્વ સંચ ભરેલો છે. એમનામાં રહેલી અગોચર અકળ અને અપાર અનુભવની પ્રતિકૃતિ શરીરના અવલોકનથી જણાઈ આવે છે.**

### ભાવાર્થ

સૃષ્ટિના સર્જનહાર સર્વજ્ઞ અને અપાર શક્તિમાન છે. તેઓએ પોતે જ પોતાની શ્રેષ્ઠ અગમ ગતિ અને અનંત પરાક્રમી જાણ મુજબ સર્વ ઉત્પત્તિમાં જ્યાં જેવો જોઈએ ત્યાં તેવો સંચ ભરેલો છે. જેમાં દરેક ઉત્પત્તિ પોતપોતાના અવધિકાળ સુધી ચાલે તે મુજબની બનાવેલી છે. વળી જે તે બીજકોનાં તત્ત્વોની મેળવણી મુજબની ગુપ્ત કળા અદ્‌ભુત છે. સર્જનહારમાં રહેલી અગોચર કળ્યામાં ન આવે તેવી અને અપાર અનુભવની પ્રતિકૃતિ તેમના દ્વારા નિર્મિત દરેક દેહના અવલોકનથી જણાઈ આવે છે. શરીરમાં રહેલી અપાર ગુપ્ત કરામત અને વિવિધતાવાળી પ્રાકૃતિક રચના વગેરે ઉપરથી તેના બનાવનારની વિશેષતાવાળી આબેહૂબ શક્તિની જાણ મેળવી શકાય છે.

**અગમ ગતિ કરતાર ઈછતે, પ્રથમ પાટવી એહુ;**
**ઓર અંશ તો હુતે આપમે, એકતા નહીં જુદેહુ. ૨૧**

### શબ્દાર્થ

**અગમ** = અગમ્ય, અગાઉથી, અગમચેતી, અગમવિચાર **ગતિ** = જ્ઞાન, સમજ, જાણ **કરતાર** = કર્તાની, સર્જનહારની **ઈછતે** = ઈચ્છાથી, ઈચ્છા થકી **પ્રથમ** = પહેલાં, પ્રથમ **પાટવી** = મોટું, સૌથી અગ્ર, મુખ્ય **એહુ** = એ જ **ઓર** = અને, વળી **અંશ** = સજાણ, જાણ, અંશો **તો** = તો **હુતે** = હતા **આપમે** = પોતાનામાં એકતા **એકતા** = એકમેક **નહીં** = નહીં **જુદેહુ** = જુદા, ભિન્ન.

## અનુવાદ

**સર્જનહારે પોતે અગાઉથી વિચારીને જ પોતાની નિજ જાણ રૂપ અંશોમાં પ્રથમ પાટવી અંશ અને બીજા અંશો જે પોતાની એકતાવાળા નહીં, પરંતુ ભિન્ન ઉત્પન્ન કર્યા.**

## ભાવાર્થ

સર્જનહારે જ્યારે પાંચ વૃત્તિઓ થકી કરેલી રચના જ્યારે વૃદ્ધિ પામવા છતાં હલનચલન વગરની નિસ્તેજ રહી ત્યારે છઠ્ઠી અંશવૃત્તિ દ્વારા પોતાના સજાણજાણરૂપ અંશો ઉત્પન્ન કર્યા હતા. તે અંશો જે પોતાના એકતાવાળા નહીં, પરંતુ ભિન્ન ભિન્ન સમાન એકતાવાળા ઉત્પન્ન કર્યા. જેમાં સૌથી પ્રથમ પાટવી અંશ જે ઉત્પન્ન કર્યો તેઓને પોતે પોતાના સાંનિધ્યમાં રાખ્યા અને બાકીના જે પરમવિશેષ અંશો હતા તેઓને પરમકારણ દેહરૂપી આસન સોંપીને રાજ કરવા માટેનું તખત સુપરત કરીને દરેક ઈંડોમાં મૂખ્ય અધિપતિ તરીકે મૂક્યા છે. ખાસ નોંધ લેવાની બાબત એ છે કે - સર્જનહારે અલૌકિક આંતરવૃત્તિના સંકલ્પે તો સર્વ અંશોને ઉત્પન્ન કર્યા છે. તેવા પરમવિશેષ, વિશેષ અને સામાન્ય અંશોને અને કર્તાને એકત્વપણું નથી તેમજ સર્વ પ્રકારના અંશોને કર્તાના સ્વરૂપ સાથે એકતા નથી.

**જબ તેહી પાટણકે પતકી અત, રાખત સબ અધિકારુ;**
**પંચતત્ત્વ ઈંદ્ર ગુણ અંતસ, એ સબ કિયે પિછારુ. ૨૨**

### શબ્દાર્થ

**જબ** = જેથી **તેહી** = એવા, તેવા **પાટણકે** = પાટવી અંશની **પતકી** = પતિની **અત** = જેમ, અતિરિક્ત

**રાખત** = રાખે છે **સબ** = સર્વ, તમામ **અધિકારુ** = અધિકાર, અમલ, મોટાપણાનું માન, **પંચતત્ત્વ** = પૃથ્વી, જળ, અગ્નિ, આકાશ અને વાયુ **ઈંદ્ર** = ઈંદ્રિયો **ગુણ** = ત્રણ ગુણ **અંતસ** = પાંચ અંતઃકરણો **એ સબ** = એ સર્વ **કિયે** = કર્યા **પિછારુ** = પાછળથી.

## અનુવાદ

**જેથી તે પાટવી અંશનો માલિકની જેમ જ અધિકાર સર્વ કોઈ રાખે છે. પંચતત્ત્વ, ઈંદ્રિયો, ગુણ, અંતઃકરણ એ સર્વ પાછળથી કરેલા છે.**

## ભાવાર્થ

પ્રથમ પરમવિશેષ અંશોને ઉત્પન્ન કર્યા પછી પાછળથી સર્જનહારે વિશેષ અને સામાન્ય અંશોને ઉત્પન્ન કર્યા છે. માટે જે પરમ વિશેષ અંશોની મહાનતા અને વિભૂતિ અન્ય પ્રકારના અંશો કરતાં વિશેષ છે તેમાં વળી જે પરમવિશેષ પાટવી અંશ છે તેમની મહત્તા સર્વથી વિશેષ છે. તેથી માલિકની જેમ જ તેમના અધિકારનો સર્વ કોઈ અમલ કરે છે. જ્યારે પાછળથી બનાવેલા વિશેષ અને સામાન્ય અંશોને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહ જે પાંચતત્ત્વ, ઈંદ્ર, ગુણ. અંતઃકરણના સાજવાળા ઘાટ રૂપી તખતામાં બિરાજમાન કરાવીને દેહનો કારભાર સુપરત કર્યો છે અને વિશેષ અંશો કરતાં પરમવિશેષ અંશોની વિભૂતિ અધિક પોંખી છે. વળી, પાટવી અંશની વિભૂતિ સૌથી શ્રેષ્ઠ અને અમલી અધિકારી તરીકે પોંખવામાં આવેલી છે.

**તીનકી આદ્ય સકલ જેતને ભર, સુરત નુરત અહંકારા;**
**પીછે સકલ પાટનકે પતમે, પોખે સબ પરિવારા. ૨૩**

### શબ્દાર્થ

**તીનકી** = તેની **આદ્ય** = આદ્ય લઈ **સકલ** = સર્વ **જેતને ભર** = જેટલા છે તેટલા **સુરત** = સુરતા **નુરત** = નૂરતા **અહંકારા** = અહંકાર **પીછે** = પાછળથી **સકલ** = સર્વ **પાટનકે** = રાજગાદી **પતમે** = પોતામાં, શરીરમાં, **પોખે** = પોંખવું, મૂકવું , બિરાજવું **સબ** = સર્વ **પરિવારા** = પરિવાર, આનુસંગિક, અન્યોઅન્ય ઉત્પત્તિનાં સમગ્ર તત્ત્વો.

## અનુવાદ

**તેની આદ્ય લઈને સુરતા નૂરતા અને અહંકાર સહિત જેટલાં છે તેટલાં સર્વ**

**પારિવારિક તત્ત્વોવાળા શરીરમાં પાછળથી રાજગાદી ભોગવવા અંશને બિરાજમાન કરાવ્યા છે.**

## ભાવાર્થ

અગાઉ જણાવ્યા મુજબ પાંચ તત્ત્વો, ગુણ, ઘણ, અંતઃકરણની આદ્ય લઈને સુરતા, નૂરતા અને અહંકાર વગેરે સર્વ તત્ત્વો સહિતના જેટલા જરૂરી હતા તે સર્વ તત્ત્વોની(પારિવારિક) જૂથ થકી તૈયાર થયેલા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ શરીરમાં પાછળથી સર્જનહારે રાજગાદી ભોગવવા માટે પોતાના સજાતીય સામાન્ય અને વિશેષ અંશોને તેમાં બિરાજમાન કરાવ્યા છે. આ રીતે તે તે શરીરમાં જોઈતાં તત્ત્વો અને અન્ય વિભૂતિઓ અર્પણ કરીને ૮૪ લાખ પ્રકારના સ્થૂળ ઘાટથી માંડીને દૈવી-દેવતાઓ સહિતના સર્વ સૂક્ષ્મ કારણ, મહાકારણ ઘાટને ચેતનવંત કરી દીધા છે.

**પીછે સકલ તંત પોખનકી, ગતિ સબનને ગાઈ;**
**પણ આલોચન સંચ પતિનકે, જીનકી ગતિ ન પાઈ. ૨૪**

### શબ્દાર્થ

**પીછે** = પાછળથી **સકલ** = સર્વ **તંત** = તત્ત્વો **પોખનકી** = પોખાયેલાં, ભેળવેલાં, મૂકેલા **ગતિ** = સમજ **સબનને** = સર્વેએ, બધાએ **ગાઈ** = ગાઈ છે, વર્ણવી છે, દર્શાવી છે, ગુણગાન ગાયા છે **પણ** = પરંતુ **આલોચન** = નિરીક્ષણ, અવલોકન, દઢ નિશ્ચય, શુદ્ધ સંકલ્પ **સંચ** = ગુપ્ત કરામત, રહસ્ય **પતિનકે** = સર્જનહારની **જીનકી** = જે અંગેની જેમની **ગતિ** = ગતિ, સમજ **ન પાઈ** = પ્રાપ્ત કરી નથી, પામી શક્યા નથી

## અનુવાદ

**દેહમાં પોંખાયેલાં સર્વે તત્ત્વોની ગતિને જ પાછળથી બધાયે વખાણી છે, પરંતુ જે સર્જનહારની આલોચનાથી આ સંચ રચાયેલ છે તે સમજ કોઈએ પ્રાપ્ત કરી નથી.**

## ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધીનો ઇતિહાસ તપાસતાં માલૂમ પડે છે કે દેહમાં

પોંખાયેલાં સર્વ તત્ત્વોની સમજ પ્રાપ્ત કરીને તે અંગે સર્વ કોઈએ વર્ણન કરેલું છે. એટલું જ નહીં, પરંતુ શરૂઆતમાં બ્રહ્મને સર્વોપરી ગણવામાં આવ્યું. ત્યારપછી તત્ત્વોના પ્રભાવવાળા અવતારાદિક દેવી-દેવતાઓ અને સમગ્ર રચનાના પદાર્થોના વિશ્વમાં ગુણગાન ગવાય છે, પરંતુ તે સર્વ રચનાના કારણરૂપે રહેલ સર્જનહાર અંગે કોઈએ સમજ પ્રાપ્ત કરી નથી. વળી આવી અદ્‌ભુત રચના જેમના શુદ્ધ સંકલ્પથી સાકાર પામી છે અને જેમના દ્વારા સુવ્યવસ્થિત વહીવટની કળા ગોઠવવામાં આવી છે એવા સકર્તાપતિ સર્જનહારને જાણવા કોઈએ પણ પ્રયત્ન કર્યો નથી.

**ગતિ પાય ક્યૌ પરમ તંતકી, કતા કિન એકલાઈ;**
**બ્રહ્માદિક ભવ વિષ્ણુ આદ્ય સુર, જીનમે સકલ સરાઈ. ૨૫**

### શબ્દાર્થ

**ગતિ** = જ્ઞાન, સમજ **પાય** = પ્રાપ્ત કરે **ક્યૌ** = કેવી રીતે **પરમ તંતકી** = પરમ તત્ત્વની **કતા** = સર્જનહાર **કિન** = કરેલ, બનાવેલ **એકલાઈ** = એકલા થકી, અન્યની મદદ લીધા સિવાય **બ્રહ્માદિક** = બ્રહ્માજી સહિતના **ભવ** = શંકર **વિષ્ણુ** = વિષ્ણુ **આદ્ય** = આદિના, પ્રારંભના **સુર** = દેવતાઓ **જીનમે** = જેમાં, જેમની **સકલ** = સર્વ **સરાઈ** = સરાહના કરે છે, પ્રશંસા કરે છે, વખાણે છે, ગુણગાન ગાય છે.

### અનુવાદ

**બ્રહ્મા, શંકર અને વિષ્ણુની આદ્ય લઈ પ્રારંભના જે દેવો છે જેમની સૌ કોઈ સરાહના કરતા હોવાથી જેમના એકલા થકી આ સૃષ્ટિ રચાઈ છે એવા સર્જનહારના પરમતત્ત્વની સમજ કેવી રીતે પ્રાપ્ત કરી શકે?**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડની રચના સર્જનહારે પોતે પોતાના શુદ્ધ સંકલ્પથી અન્ય કોઈની પણ મદદ લીધા સિવાય કરી છે. એવા સર્જનહારના પરમપદ અંગે સમગ્ર સંસાર અજાણ છે. તેવા પરમ તત્ત્વને પામવા માટે કોઈએ પ્રયત્ન કર્યો નથી. કારણ કે માનવ પોતાની ઈચ્છાઓને સંતોષવા અને ભૌતિક સુખાકારીના લાભો મેળવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેઓ સૃષ્ટિના પ્રારંભના ગણાતા સર્વ દેવી-દેવતાઓ સહિત

બ્રહ્મા, વિષ્ણુ અને શંકર વગેરેની સરાહના કરતા થાકતા જ નથી. તેમજ અવતારાદિક મહાપુરુષોની લીલાઓમાં જ અટકી ગયા હોવાથી પોતાના સ્વ-સ્વરૂપની કે વિશ્વના સર્જનહારના પરમપદ અંગેની સમજના અભાવે અજ્ઞાનતાવશાત્ જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા નથી.

**પંચતત્ત્વ ઈંદ્ર ગુણ અંતસ, આત્મ સહિત સમોહુ;**
**એતો સકલ માંહી તનતનમે, અલંકાર ભિન્ન હોહુ. ૨૬**

### શબ્દાર્થ

**પંચતત્ત્વ** = પાંચ મહાતત્ત્વો **ઈંદ્ર** = પાંચ કર્મેઈંદ્રિય અને પાંચ જ્ઞાનેઈંદ્રિય **ગુણ** = ત્રણ ગુણ-રજો-તમો અને સતો **અંતસ** = પાંચ અંતઃકરણ : મન, બુદ્ધિ, અહંકાર, ચિત અને નચિંત **આત્મ** = આત્મા, અંશ **સહિત** = સાથે **સમોહું** = સમૂહ, બધા ભળેલાં **એતો** = એ તો **સકલ** = સર્વ, તમામ,બધા જ **માંહી** = માં, અંદર **તનતનમે** = પ્રત્યેક શરીરમાં **અલંકાર** = દેહ, ઘાટ **ભિન્ન** = અલગ, જુદા **હોહુ** = હોય છે.

### અનુવાદ

**શરીરમાં પાંચ તત્ત્વ, ઈંદ્ર, ગુણ, અંતઃકરણ અને અંશ સહિતનો સર્વ સમૂહ રહેલો હોય છે, પરંતુ અલંકારરૂપ ઘાટ ભિન્ન હોય છે.**

### ભાવાર્થ

સર્જનહારે વિશ્વમાં દરેક શરીરના અંકુરો બનાવેલા છે. જેમાં સર્વ પ્રકારનાં તત્ત્વોનો સમાવેશ કરેલો છે. જે વિકાસ પામતાં પોત પોતાના ઘાટ મુજબના આકાર પ્રમાણે દેખાય છે. પ્રત્યેક શરીરની અંદર પાંચ મહાતત્ત્વો પૃથ્વી, જળ, આકાશ, તેજ અને વાયુ, પાંચ કર્મેઈંદ્રિયો, પાંચ જ્ઞાનેઈંદ્રિયો, ત્રણ ગુણો રજોગુણ, તમોગુણ અને સતોગુણ અને મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત અને નચિત્ત અંતઃકરણનો સમૂહ સમાયેલો હોય છે. બાકીનાં તત્ત્વો પોષકતત્ત્વ તરીકે કાર્યરત રહે છે. તત્ત્વોને ચેતનતા પહોંચાડનાર સમ ચૈતન પ્રણવ છે. બધાની ઉપર સર્વોપરી સર્વ તત્ત્વોને ચેતન કરનાર સકર્તા પતિની સજાતિનો ચૈતનઅંશ બિરાજમાન થયેલ હોય છે. જેથી સઘળું શરીર ચેતનવંત અને જીવંત લાગે છે. તેમ છતાં દરેક ઘાટની ભિન્નતા જોવા મળે છે. આવી રચના સર્જનહાર

દ્વારા તત્ત્વોની મેળવણીથી નિર્માણ થયેલી છે જે દેહ થકી સર્વ ભિન્ન દશ્યમાન થાય છે.

**તેહી અલંકારનકે તનસે, અલગ અલગ ઈશ્વરીયે;**
**ધન્ય ધન્ય નિજપતિકી ગતને, પ્રથમ આદ્ય ક્યૌ કરીયે. ૨૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **અલંકારનકે** = અલંકારોવાળા દેહના **તનસે** = શરીરથી **અલગ અલગ** = જુદા-જુદા, ભિન્ન ભિન્ન **ઈશ્વરીયે** = ઐશ્વર્યો, વિભૂતિઓ, પ્રભુત્વ, વિશેષતા **ધન્ય ધન્ય** = ધન્યવાદ છે **નિજપતિકી** = સર્જનહારની **ગતને** = ગતિને, સૂઝને, જ્ઞાનને, શક્તિને **પ્રથમ** = પહેલેથી જ **આદ્ય** = શરૂઆતમાં **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **કરીયે** = કર્યું હશે.

### અનુવાદ

**તેવા અલંકારરૂપ અલગ-અલગ ઐશ્વર્યતાવાળાં શરીરની રચના આદિ કાળમાં સૌપ્રથમ કેવી રીતે થઈ હશે? તેવા સર્જનહારની ગતિને ધન્યવાદ છે.**

### ભાવાર્થ

વિશ્વમાં સ્થૂળ દેહનાં અલગ અલગ શરીરને જ્યારે આપણે જોઈએ છીએ ત્યારે તે શરીરમાં રહેલી ભિન્ન ભિન્ન અદ્ભુત રચનાને નિહાળતાં આપણને આશ્ચર્ય થાય છે. આપણા હૃદયમાં એવી અદ્ભુત રચનાવાળા શરીરના બનાવનાર સર્જનહાર પ્રત્યે અહોભાવ જાગ્યા સિવાય રહેતો નથી. આમ, દરેક સ્થૂળદેહનાં શરીરમાં જુદી જુદી ઐશ્વર્યતા તેમજ એવી રંગબેરંગી રચનાની કળાને જોઈને રચનારની પ્રશંસા કરવાનું ગમે છે. વળી આ સર્વ શરીરની ઉત્પત્તિમાં જે બુંદ અને બીજક સહિતની રચના આદિ પ્રારંભમાં તત્ત્વોના અર્કને મિશ્રણ કરીને સૌથી પહેલો ઘાટ સર્જનહારે કેવી રીતે બનાવ્યો હશે? તે એક સવાલ સદાને માટે મૂંઝવણમાં મૂકી દે છે. એવા સર્જનહારની ગતિને ધન્યવાદ આપતાં આપણું હૃદય થાકતું નથી.

**અલંકાર તનકે અનુભવકી, ગતિ ન જાણત કોઈ;**
**સુનો કહુ દષ્ટાંત કરીનકે, સમજો સકલ સકોઈ. ૨૮**

### શબ્દાર્થ

**અલંકાર** = શરીરનો સાજ, દેહની ઐશ્વર્યતા, વિવિધતાવાળી રચના **તનકે** = શરીરની **અનુભવકી** = પ્રત્યક્ષ જ્ઞાનની, અનુભવની **ગતિ** = સમજ, જ્ઞાન, ગતિ **ન જાણત** = જાણતા નથી **કોઈ** = કોઈ પણ **સુનો** = સાંભળો **કહું** = કહુ છું **દ્દષ્ટાંત** = ઉદાહરણ, દ્દષ્ટાંત **કરીનકે** = આપીને, દઈને **સમજો** = સમજો **સકલ** = સર્વ **સકોઈ** = દરેક જણ, સર્વ કોઈ.

## અનુવાદ

**શરીરમા રહેલી ઐશ્વર્યતાની ગતિ કોઈ જાણતું નથી તે માટે સૌ કોઈને સમજ પડે તેવું દ્દષ્ટાંત કહું છું તે સાંભળો!**

## ભાવાર્થ

સર્જનહારે પોતાની સંકલ્પ શક્તિની છ વૃત્તિઓ દ્વારા સૃષ્ટિની રચના કરી છે. તેમાં એવા પ્રકારની કળ કૂંચી દ્વારા ગુપ્ત કરામત ગોઠવેલી છે કે તેવા પ્રકારની પ્રતિકૃતિવાળી શરીરની ઉત્પત્તિ તેમાં પોખાયેલાં તત્ત્વોના આધારે સતત્ મહાકલ્પ પૂરો થતાં સુધી ચાલ્યા જ કરે છે. દરેકે-દરેક ઘાટ પોતપોતાના આયુષ્યની મર્યાદામાં રહીને જીવન જીવે છે. આ સઘળી ગુપ્ત રચના સર્જનહારે પોતે બૂંદ બીજકમાં સમાવીને કરેલી છે. જે અંગેની જાણ વિશ્વમાં કોઈ પણ વ્યક્તિને નથી. તેમ છતાં તેવી ગુપ્ત રચનાની કળાને સમજાવવા માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને ખૂબ જ વ્યાવહારિક ઉદાહરણ આપીને સમજાવવા પ્રયત્ન કરે છે.

**જ્યૌ પરજાપતકે ઉર અંતર, આગમ લેત વિચારી;**
**નીખ શીખ સકલ ઘડત ઘટ ભિતર, તેહી બનાવત બહારી. ૨૯**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ **પરજાપતકે** = પ્રજાપતિના, કુંભારના **ઉર અંતર** = હૃદયમાં **આગમ** = અગાઉથી **લેત** = લે છે **વિચારી** = વિચાર કરીને **નીખ શીખ** = સંપૂર્ણ પણે **સકલ** = સર્વ **ઘડત** = ઘડે છે, બનાવે છે **ઘટ ભિતર** = પોતાના શરીરની અંદર, હૃદયમાં, મનમાં **તેહી** = તે પ્રમાણે જ **બનાવત** = બનાવે છે **બહારી** = બહાર.

## અનુવાદ

**જેમ પ્રજાપતિ પોતાના હૃદયમાં અગાઉથી વિચાર કરીને સંપૂર્ણ ઘાટ બનાવે છે ત્યાર પછી તેવા જ ઘાટ બહાર બનાવે છે.**

## ભાવાર્થ

જેમ કુંભાર પોતાના મનમાં પોતે કયા પ્રકારનાં અને કેવાં વાસણો બનાવવા માંગે છે તે અંગે સૌપ્રથમ પોતાના હૃદયમાં સંપૂર્ણ વિચાર કરીને મનના સંકલ્પ મુજબના પરિપૂર્ણ ઘાટની પ્રતિકૃતિ નક્કી કરે છે. ત્યારબાદ પોતે પોતાના હાથ થકી ચાકડાની મદદથી માટીના લોંદામાંથી પ્રત્યક્ષ સ્વરૂપે વાસણો પોતે મનમાં નક્કી કરેલા ઘાટની આબેહૂબ આકૃતિ ઘડીને તૈયાર કરે છે. એટલે કે, પોતાના મનમાં જેવા ઘાટ ઘડેલા હતા તેવા જ નાના-મોટા અસંખ્ય ભિન્ન પ્રકારના ઘાટની રચના કરે છે.

**બાહર ઘટકે રૂપ રંગકું, દેખીત ધરીત સનેહું;**
**પણ અંતર આલોચનકે ઘટ, દષ્ટ પરત નહીં કેહું. ૩૦**

### શબ્દાર્થ

**બાહર** = બહારના, પ્રત્યક્ષ નજર સમક્ષના **ઘટકે** = વાસણોના **રૂપ રંગકું** = રૂપ અને રંગને **દેખીત** = જોઈને **ધરીત** = થાય છે **સનેહું** = સ્નેહ, પ્રેમભાવ, કુતૂહલ, આશ્ચર્યપણું **પણ** = પરંતુ **અંતર** = અંદર હૃદય, માં **આલોચનકે** = આલોચના કરાયેલ **ઘટ** = શરીરની **દષ્ટ** = નજરે, દષ્ટિમાં **પરત નહીં** = પડતી નથી, જણાતું નથી **કેહું** = કોઈ પણ

## અનુવાદ

**નજર સામે રહેલાં વાસણોના રૂપ રંગને જોઈને સ્નેહ થાય છે, પરંતુ (પ્રજાપતિના) શરીરની અંદર જે આલોચના થઈ તેને કોઈ નિહાળી શકતું નથી.**

## ભાવાર્થ

કુંભાર દ્વારા ઘડાઈને તૈયાર થયેલાં વાસણોના રૂપ રંગને જોઈને આપણા હૃદયમાં

પ્રેમ થાય છે. તે વાસણો પ્રત્યે તેની અદ્ભુત રચના અંગે આપણને સ્નેહ ઊભો થાય છે. વળી એક વખત મનમાં ગમી ગયા પછી મોં માગી કિંમત પણ ચૂકવતા પણ આપણે ખચકાતા નથી, પરંતુ આવા પ્રકારની રચના તેણે કેવી રીતે કરી છે ? તેમજ રચનાના પ્રારંભમાં તે કુંભારે મનમાં વિચાર કરીને ઘાટની પ્રતિકૃતિ કેવી રીતે તૈયાર કરી હશે? તે અંગે આપણને ખબર પડતી નથી કે આપણે આપણાં પ્રત્યક્ષ નેત્રો દ્વારા તે ગુપ્ત કળાને જોઈ પણ શકતા નથી કે આપણા મન થકી આપણે કુંભારની આંતરવૃત્તિની કાર્યશક્તિનો પણ પાર પામી શકતા નથી.

**અગમ આલોચ અદૃષ્ટ વિભૂતન, ક્રતા કિન નિજ ગતકે;**
**ભયે સકલ તદવત તેહી તીનમે, અજીત સંચ અધિપતકે. ૩૧**

### શબ્દાર્થ

**અગમ** = અગાઉથી **આલોચ** = આલોચના કરી, વિચારીને **અદૃષ્ટ** = દેખી ન શકાય તેવા **વિભૂતન** = વિભૂતિવાળા શરીર **ક્રતા** = સર્જનહાર **કીન** = કર્યાં છે **નિજ** = પોતાની **ગતકે** = ગતિ મુજબ, ગતિ દ્વારા, વૃત્તિ દ્વારા **ભયે** = થયા **સકલ** = સર્વ, તમામ **તદવત** = તે મુજબના, તે માફક, તેની જેમ જ **તેહી** = તે **તીનમે** = તેમનામાં, તેમાં જ **અજીત** = પ્રાચીન કહી શકાય તેવા, જીતી ન શકાય તેવા, મેળવી ન શકાય તેવા **સંચ** = સંચ, કળા, કળ, **અધિપતકે** = અધિપતિના, સર્વના માલિકના, મહાન પતિના.

### અનુવાદ

**કર્તાએ અગાઉથી આલોચન કરીને પોતાની વૃત્તિથી અદૃષ્ટ વિભૂતિવાળા ઘાટ રચેલા છે. મહાન પતિના જાણી ન શકાય તેવા સંચ મુજબના સંકલ્પ તેમનામાં હતા તે મુજબની સર્વ રચના થઈ છે.**

### ભાવાર્થ

સર્જનહારે જ્યારે સૃષ્ટિ રચવાનો વિચાર કર્યો હશે ત્યારે તેમના પોતાનામાં જે જાણ સમાયેલી હતી તે જાણ મુજબની સર્વ રચના તેઓએ પોતાના શુદ્ધ સંકલ્પથી રચી છે. વળી તેમાં પણ પોતે પોતાની અંદર જેવી આલોચના કરી હતી તે મુજબના નજરે ન પડે તેવી અદૃશ્ય વિભૂતિવાળા અસંખ્ય ઘાટ રચેલાં છે. આ રીતે મહાન પિતા

દ્વારા પોતાની ગુપ્ત કળા મુજબ સંચ ભરેલા દરેક ઘાટ કે જે અંગે માહિતી પ્રાપ્ત ન કરી શકાય તે પ્રમાણેના સર્વ દેહની રચના રચી છે.

**તેહી સંચ વશ અચર ચરાચર, પુરુષ આદ્ય વિસ્તારુ;**
**શકે નહીં ઓલંગી તાયકો, કૃતા કરત અલંકારુ. ૩૨**

**શબ્દાર્થ**

**તેહી** = તે પ્રકારનો **સંચ** = કળા, ગુપ્ત રહસ્ય, ભેદ, કરામતને **વશ** = આધીન, વશ **અચર ચરાચર** = સ્થાવર, જંગમ સંહિતના સચરાચર **પુરુષ** = નિરંજન પુરુષ **આદ્ય** = આદિથી માંડી **વિસ્તારુ** = વિસ્તાર **શકે નહીં ઓલંગી** = કોઈ ઉલ્લંઘન ન કરી શકે **તાયકો** = તેને, તેમની **કૃતા** = સર્જનહારે **કરત** = કરેલાં **અલંકારુ** = શરીર, દેહ.

**અનુવાદ**

**નિરંજન પુરુષની આદ્ય લઈ સર્વ સ્થાવર-જંગમ સહિતનો સચરાચર વિસ્તાર તેમના સંચને વશ છે. કર્તાના કાર્યરૂપ અલંકારના સંચનું કોઈ ઉલ્લંઘન કરી શકે તેમ નથી.**

**ભાવાર્થ**

સર્જનહારે જે કોઈ રચના રચી છે તેમાં તલભાર પણ ઉમેરો કે ઘટાડો કરવાની શક્તિ વિશ્વમાં કોઈની પણ નથી. તેમજ કોઈને કરવું પડે તેવું કાંઈ બાકી પણ રાખવામાં આવેલું નથી. સર્જનહારે પોતે પોતાની નિજ જાણ દ્વારા સંકલ્પથી પોતાની છ વૃત્તિઓને અખિલ બ્રહ્માંડના વૈરાટ સહિત મહિમંડ ઈંડના આદિ નિરંજન પુરુષથી લઈને સર્વ સ્થાવર-જંગમ સહિતના ચોરાસી લાખ પ્રકારના સ્થૂળ ઘાટ રચ્યા. વળી સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહના વિશેષ ઘાટ સહિત સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ ત્રણ પ્રકારનાં સજાણજાણ રૂપ ચૈતનઅંશોની ઉત્પત્તિ કરેલી છે. તેમજ જે તે ઘાટની ચાર પ્રકારની ખાણ દ્વારા ઉત્પત્તિની વ્યવસ્થા પણ અદ્‌ભુત રીતે ગોઠવેલી છે. એવી આ સર્વ રચના અંગે કે કોઈ પણ પ્રકારના દેહનાં શરીર પ્રત્યે કોઈની પણ તાકાત નથી કે સર્જનહાર દ્વારા સ્થાપિત અને તેમના દ્વારા ભરેલ

સંચનું કોઈ પણ ઉલ્લંઘન કરી શકે. એટલે કે, દરેકે દરેકને તેમના દ્વારા પ્રસ્થાપિત કાર્ય પદ્ધતિમાંથી પસાર થઈને જ જન્મવું પડે છે, જીવવું પડે છે અને વિનાશને વશ થવું પડે છે.

# અંગ - ૧૬
# અંશ અલેપ સલેપ સચીત દેખાવનકો

**અબ તીનમે નિજ અંશ પતિનકે, અલગ રહન જેહી ભાતી;**
**ન્યાય સહિત નરણીત જીનકી ગત, તીનકી સુનો વિજાતી. ૧**

### શબ્દાર્થ

**અબ** = હવે **તીનમે** = તેમાં **નિજ** = પોતે **અંશ** = સર્જનહારની સજાણજાણ સ્વરૂપ અંશ **પતિનકે** = સર્જનહારનો, સકર્તા પતિનો **અલગ** = જુદો, ભિન્ન **રહન** = રહે છે **જેહી** = જે **ભાતી** = રીતે, પ્રકારે **ન્યાયસહિત** = ન્યાયપૂર્વક **નરણીત** = નિર્ણય કરીને **જીનકી** = તેની **ગત** = ગતિ, જ્ઞાન, સમજ **તીનકી** = તેની, તે વિશેની **સુનો** = સાંભળો **વિજાતી** = વિજાતિનો.

### અનુવાદ

**તેમાં નિજપતિનો અંશ ઘાટથી વિજાતિ હોઈ જે રીતે અલગ રહેલો છે તેની ગતિ વિશે ન્યાયપૂર્વક નિર્ણય કરીને હવે કહું છું તે તમે શ્રવણ કરો.**

### ભાવાર્થ

સર્જનહારે સર્જેલા સ્થૂળદેહના ચોરાસી લાખ પ્રકારનાં વિધ-વિધ શરીર તેમજ સૂક્ષ્મ, કારણ અને પરમકારણ દેહ ધરાવતાં અન્ય શરીરથી ભિન્ન જાતિ ધરાવતા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો બનાવેલા છે. તે અંશો સર્જનહારે છઠ્ઠી અંશવૃત્તિ દ્વારા પોતાની સજાતિના તેમજ તેમની સજાણજાણ રૂપ બનાવ્યા હોવાથી તેની કાર્યશક્તિ પણ દેહથી ન્યારી છે. જેમ સર્જનહાર પોતે પોતાની બનાવેલી રચનાથી ભિન્ન રહીને સર્વ ખેલને ખીલવે છે તેમ અંશ પણ દેહમાં ભળ્યા સિવાય ભિન્ન રહીને સમગ્ર શરીરને ચેતનવંત અને જીવંત રાખે છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછી આ અંગમાં દેહથી ભિન્ન રહેલા સકર્તા પતિના જાણરૂપ અંશો કેવી રીતે ભિન્ન રહેલા છે તેની સમજ ન્યાયપૂર્વક નિર્ણય કરીને આપણને દર્શાવે છે.

**ઓર સકલ સબ તંત કહીત જે, ભયે વસીક વેહનકે;**
**જડકે પખે સજાત સકલકો, મિલે સમોહ દેહનકે. ૨**

### શબ્દાર્થ

**ઓર** = અને, વળી **સકલ** = સર્વ, બધા જ **સબ તંત** = બધાં જ તત્ત્વો, સર્વ તત્ત્વો **કહીત જે** = જે કહ્યા છે **ભયે** = થયા **વસીક** = વશ, આધીન, આધારિત, મજબૂર **વેહનકે** = વેશને, શરીરને **જડકે પખે** = નાશવંત ના પક્ષે **સજાત** = સજાતિના **સકલકો** = સર્વ, સઘળાં **મિલે** = મળીને **સમોહ** = સમૂહ, જથ્થો, સાજ **દેહનકે** = શરીરના, દેહના.

### અનુવાદ

**વળી બધાં જ તત્ત્વો જે કહ્યાં તે સર્વ વેશને જ વશ થયેલાં છે. કારણ કે નાશવંત પક્ષે જોતાં દેહમાં એકત્રિત થયેલો બધો જ સાજ સજાતિનો છે.**

### ભાવાર્થ

વળી અગાઉના અંગમાં જણાવેલાં સર્વ તત્ત્વો જે કહ્યાં છે તે પાંચ મહાભૂત, ઈંદ્રિયો, અંતઃકરણ, ગુણ, ઘણ અને તેનાં પેટાં તત્ત્વો સહિત બધા એક જ સજાતિનો સંગ્રહ છે. શરીર જડ અને નાશવંત હોઈ દેહના બંધારણનાં તત્ત્વોનો સમૂહ જાતિની દૃષ્ટિએ જોતાં સર્વ એક જ નાશવંત જાતિનો છે. એટલે કે, નાશવંત તત્ત્વોનો સજાતિ સમૂહ ઘાટમાં એકત્રિત થયો છે. વળી દરેક તત્ત્વો છે તે જે તે શરીરના અલંકારો મુજબ તે તે શરીરને વશ થઈને રહેલું છે. જેથી તે તત્ત્વ શરીરના ગુણધર્મોથી વિશેષ ભૂમિકા ભજવી શકતાં નથી. વળી શરીરના બધાં જ તત્ત્વો પરસ્પર(એકબીજાને, અન્યોઅન્ય) પૂરક થઈને કાર્ય કરે છે. જેમાં અલગ અલગ ઘાટમાં મુજબ તત્ત્વોની મેળવણીનું પ્રમાણ પણ અલગ અલગ છે.

**દેહ સમોહ હવીત પરિપુરણ, કરહી અંશ પરવેશુ;**
**પરકે કિયે યેનમે અનુચિત, જ્યૌતે વસત વિદેશુ. ૩**

### શબ્દાર્થ

**દેહ** = શરીરનો, ઘાટનો **સમોહ** = સમૂહ **હવીત** = થતાં **પરિપુરણ** = સંપૂર્ણ, પરિપૂર્ણ **કરહી** = કરે છે

**અંશ** = અંશ, ચૈતન સ્વ-સ્વરૂપ **પરવેશુ** = પ્રવેશ **પરકે** = પારકાએ, પરાયા, પહેલેથી **કિયે** = કરેલાં થયેલાં, બનાયેલાં **યેનમે** = ઘરમાં, મકાનમાં, રહેઠાણ **અનુચિત** = અપરિચિત **જ્યૌતે** = જેમકે, જેવી રીતે **વસત** = વસે છે **વિદેશું** = પરદેશમાં.

## અનુવાદ

**જેમ કોઈ પરદેશમાં જઈ પહેલેથી બનાવેલા અપરિચિત રહેઠાણમાં વસવાટ કરે છે તેમ પરિપૂર્ણ થયેલા દેહમાં અંશ પ્રવેશ કરે છે.**

## ભાવાર્થ

જેમ કોઈ વ્યક્તિ પોતાના મૂળ વતનને છોડી પરદેશની ધરતી પર જાય છે ત્યારે તે પહેલેથી બનેલા અપરિચિત મકાનમાં રહે છે. તે મકાનમાં ભાડાનો સમય પૂરો થતાં બીજા મકાનમાં જતો હોય છે. આમ જ્યાં સુધી પોતાના વતનમાં પાછો ન જાય ત્યાં સુધી પોતાની જિંદગી પરદેશની ભૂમિમાં રહેઠાણ કરી મકાનોને બદલીને જિંદગી વ્યતીત કરે છે. આ એકદેશી દૃષ્ટાંતનો ન્યાય વ્યક્તિના બદલામાં અંશને સમજવાનો છે. તે અંશ પોતાના મૂળ વતન રૂપ કૈવલધામમાંથી વિદેશરૂપ બ્રહ્માંડમાં આવ્યો ત્યારે તે અજાણ્યા દેશમાં પહેલેથી જે મકાન રૂપી દેહ સર્જનહારે બનાવેલા તેવા પરિપૂર્ણ થયેલ દેહમાં પરમકારણ, મહાકારણ, સૂક્ષ્મ અને સ્થૂળદેહમાં પ્રવેશ કરીને તેમાં વસવાટ કરે છે. દેહની આયુમર્યાદા મુજબ તેને સચેતન રાખીને ચાસમી મેળવીને આનંદમાં રહે છે. ત્યાર બાદ દેહની અવધિ પૂર્ણ થતાં બીજા પહેલેથી તૈયાર થયેલા અપરિચિત શરીરમાં પ્રવેશ કરે છે. આમ આ પ્રકારની ઘટમાળા જ્યાં સુધી ચાલુ રહે છે ત્યાં સુધી તે પાછો પોતાના વતન રૂપ કૈવલધામમાં જતો નથી.

બીજી રીતે સમજીએ તો માતાના પેટમાં પૂર્ણ ગર્ભ વિકસિત થઈ ને જયારે બહાર નીકળે ત્યારે જ અંશ પ્રવેશે છે અને દેહની અવધિ સુધી રહે છે. આ રીતે પોતાના વતનરૂપ કૈવલધામમાં પાછો ન જાય ત્યાં સુધી દેહની ઘટમાળ ચાલુ જ રહેવાની છે.

**તીનમેં કુન સજાત અંશકે, સકલ તંત જડ જીતમેં;**
**દૂસર સજાતિક નહીંન સાક્ષીકે, કતા વિના કોઉ ઈતમેં. ૪**

### શબ્દાર્થ

**તીનમેં** = તેમાં **કુન** = કોણ **સજાત** = સજાતિના **અંશકે** = અંશોના,ચૈતન સ્વ-સ્વરૂપના **સકલ** = સર્વ,તમામ **તંત** = તત્ત્વો **જડ** = જડ, અચૈતન, ચૈતન વગરનું **જીતમેં** = જેમાં, તેમાં **દૂસર** = બીજા **સજાતિક** = સજાતીય **નહીંન** = નથી **સાક્ષીકે** = સાક્ષીરૂપે **ક્રતા** = સર્જનહાર **વિના** = વગર, સિવાય **કોઉ** = કોઈ પણ **ઈતમેં** = તેમાંથી, તે પૈકીના, આ અખિલ બ્રહ્માંડમાં.

## અનુવાદ

**જેમાં સર્વ જડ તત્ત્વો જ છે તેમાં અંશની સજાતિનું કોણ? કર્તાની સજાતિ સિવાય તેમાં બીજો કોઈ સાક્ષી નથી.**

## ભાવાર્થ

સર્જનહાર પૂર્ણ ચૈતન અને સર્વજ્ઞ છે તેમજ સક્રત છે. જ્યારે તેમની સજાતિનો ચૈતન અંશ અલ્પજ્ઞ અને અક્રત છે. અખિલ બ્રહ્માંડની સર્વ રચના જડ અને નાશવંત છે જ્યારે તેના સર્વોપરી સકર્તા કે માલિક બ્રહ્માંડની મધ્યે મહદ્ ચૈતન અને શાશ્વત રૂપે રહેલા છે. તે જ રીતે દેહ સહિત તેમાં સમાયેલાં સઘળાં તત્ત્વો પણ જડ અને નાશવંત છે. જ્યારે દેહના સ્વામી રૂપ સ્વ-સ્વરૂપે રહેલો ચૈતનઅંશ દેહમાં ભળ્યા સિવાય પિંડ બ્રહ્માંડની સંધી મધ્યે રહેલો છે. આમ અંશની સજાતીય સાક્ષી રૂપે સર્જનહાર માત્ર છે જ્યારે બાકીનાં સર્વ જડ તત્ત્વોનો જે સમૂહ દેહના બંધારણમાં રહેલા છે તે સર્વ ચૈતનઅંશની સજાતિ ન હોઈ માત્ર વિજાતિ રૂપે રહેલો છે.

**જબતે સકલ સજાતિ જાતમે, એકતા હોય અનુરાગી;**
**ક્રતા અંશ તો અકલ અજાતિક, આપે આપ મજાગી. ૫**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, જેના કારણે જ **સકલ** = સર્વ **સજાતિ** = એકજ જાતિના, સમાન જાતિના **જાતમે** = જાતિમાં **એકતા** = એકત્વપણું, એકમેકપણું **હોય** = હોવાથી **અનુરાગી** = અન્યો અન્ય સ્નેહ ધરાવે છે, પરસ્પર પ્રેમ સંબંધ ધરાવે છે **ક્રતા અંશ** = સર્જનહારનો સજાણજાણ સ્વરૂપ અંશ **તો** = તો **અકલ** = અકળ, કળી ન શકાય તેવો **અજાતિક** = વિજાતિ તત્ત્વોની જાતિથી વિરુદ્ધ જાતિનો **આપે આપ** = પોત પોતાની રીતે **મજાગી** = મજામાં રહે છે, આનંદ મગ્ન રહે છે

### અનુવાદ

**જેથી સર્વ જાતિમાં સજાતિની એકતા હોવાથી પારસ્પરિક સંબંધ રાખે છે, પરંતુ કર્તાનો અંશ તો અકળ અને વિજાતીય હોવાથી પોતે પોતાની રીતે જ આનંદમય રહે છે.**

### ભાવાર્થ

દેહમાં રહેલાં તત્ત્વોની એક આગવી ભૂમિકા છે. તેમાં પોતે પોતાની સજાતિના ગુણધર્મોવાળાં તત્ત્વો ગુણ, ઘણ, અંતઃકરણ, પ્રણવ વગેરે એકબીજા પ્રત્યે પારસ્પરિક સંબંધ રાખીને એકબીજાના કાર્યમાં સહાયભૂત થાય છે. તેમજ પોતપોતાની સજાતિની જાતમાં એકતા સાધીને અન્યોન્યને અનુરાગી થઈને વર્તે છે. જ્યારે દેહનો માલિક જે સકર્તાપતિ સર્જનહારનો સજાતીય ચૈતનઅંશ દેહનાં તત્ત્વોથી વિજાતીય છે. તેથી તેની ગતિ કળ્યામાં આવી શકે તેમ નથી. વળી પોતે દેહના સાક્ષી રૂપે રહીને નાશવંત જડ તત્ત્વોનો જે સમૂહ છે તેને પોતાના ચૈતન આભાસથી પ્રાણાયામના માધ્યમ દ્વારા અન્યોન્ય એકબીજાં તત્ત્વોને સચેતન કરીને કાર્યો કરાવે છે. આ રીતે ચૈતનઅંશ પોતે એકલો પોતાની રીતે ચાસમી મેળવીને મોજ માણે છે.

**તેહી કેહુનમે કરે મેલાયન, સજન સજાત વિનાઈ;**
**જ્યૌ બનકે રખબાર બરખમે, હવિત નહીં એકતાઈ. ૬**

#### શબ્દાર્થ

**તેહી** = તે **કેહુનમે** = કોનામાં **કરે** = કરે **મેલાયન** = મેળાપ, એકતા, મેલાન,જોડાણ **સજન** = સ્વજન, પોતાની સ્વજાતના **સજાત** = સજાતિ **વિનાઈ** = સિવાય, વિના **જ્યૌ** = જેમ, જેમકે, જેવી રીતે **બનકે** = વનના, જંગલનો **રખબાર** = રખેવાળ, ચોકીદાર, દેખરેખ રાખનાર **બરખમે** = વૃક્ષોમાં **હવિત** = હોઈ શકે, થઈ શકે **નહીં** = નહીં **એકતાઈ** = એકરૂપ, ભળી જઈ, ઐક્યતા, મેળાપ.

### અનુવાદ

**પોતાની(સ્વની) જાતના સજાતિ વિના તે કોની સાથે મેળાપ કરે? જેમ જંગલનો રખેવાળ વૃક્ષોની સાથે ભળી શકતો નથી.**

## ભાવાર્થ

જેમ કોઈ વ્યક્તિ વૃક્ષોની રખેવાળી કરવા માટે જંગલમાં એકલો રહેતો હોય પરંતુ સમગ્ર જંગલમાં માત્ર વૃક્ષોની સજાતિની અન્ય વેલી, પાંદડી, ઘાસ, છોડ વગેરે સ્થાવર જાતિ હોય છે. જેમાં તે રખેવાળની સજાતિની કોઈ જ હોતું નથી. તેથી તે કોઈની સાથે ભળી શકતો નથી, પરંતુ એકલો જ તે પોતાની રીતે સમગ્ર જંગલના વન ક્ષેત્રની દેખરેખ અને સંભાળ રાખે છે. તે જ ન્યાયે દેહની રખેવાળી કરનાર સર્જનહારની સજાતિ ચૈતન અંશની પણ આજ સ્થિતિ છે. સમગ્ર તત્ત્વોના સમૂહથી બંધાયેલા દેહમાં બધાં જ તત્ત્વો સજાતિનાં છે જ્યારે અંશ પોતે તો તત્ત્વોથી વિજાતિ હોઈ કોઈની પણ સાથે ભળી શકતો નથી. એટલે કે, અંશની સજાતિના કોઈ ન હોવાથી તે કોની સાથે એકતા કરે. ?

**પણ રાખત હે સુરત સબનકી, બરખ બરખ પાતમકી;**
**તેસેહી અંશ વરખતન કી ગત, તજે ન મત આતમકી. ૭**

### શબ્દાર્થ

**પણ** = પણ **રાખત હે** = રાખે છે **સુરત** = દેખરેખ, સંભાળ **સબનકી** = સર્વની **બરખ બરખ** = વૃક્ષે વૃક્ષની, દરેક વૃક્ષની **પાતમકી** = પાને પાનની, પાંદડાંની **તેસેહી** = તેવી જ રીતે **અંશ** = ચૈતન સ્વ-સ્વરૂપે રહેલો અંશ **વરખતન કી** = વૃક્ષોની જેમ, શરીરની, વૃક્ષના સમાન શરીરની **ગત** = જેમ **તજે ન** = ત્યજી દેતો નથી, છોડી દેતો નથી **મત** = ભાવ, મમત્વ **આતમકી** = આત્માની, પ્રણવ, બ્રહ્મના અંશોરૂપી ઓહંગ અને સોહંગની.

## અનુવાદ

**પરંતુ પ્રત્યેક વૃક્ષ અને પાંદડાં વગેરેનું ધ્યાન રાખે છે. તેવી જ રીતે આત્મા (પ્રાણ) સાથે ભાવ ત્યજ્યા સિવાય અંશ પણ વૃક્ષ રૂપ શરીરનું ધ્યાન રાખે છે.**

## ભાવાર્થ

જેમ રખેવાળ જંગલના સર્વ વૃક્ષનાં ડાળી અને પાંદડાં વગેરેની કાળજી તથા સંભાળ રાખે છે અને પોતાની ફરજ બજાવે છે. તે જ રીતે રખેવાળ રૂપ અંશ પણ વિશ્વના જંગલમાં વૃક્ષ રૂપ શરીરના બંધારણમાં રહેલાં તત્ત્વોના સઘળા સમૂહને

પોતાના ચૈતન ભાસથી ચેતન કરે છે તે પણ બ્રહ્મનાં તત્ત્વો રૂપી પ્રાણાયામ સાથે આત્મભાવ ત્યજ્યા સિવાય આત્માના માધ્યમ દ્વારા સમગ્ર શરીરને ચેતનવંત રાખે છે. આમ, પોતાની કાર્યશક્તિ મુજબ પોતે ચેતના બક્ષીને શરીરને જીવંતપણું બક્ષે છે.

**આતમ સો ચેતન રાખન તન, સબમે એક સરીખે;**
**તન પલટે પલટાય નહીં વિત, જ્યૌંકા ત્યૌં નીખ શીખે. ૮**

## શબ્દાર્થ

**આતમ** = આત્મા, ઓહંગ-સોહંગ રૂપે ચાલતો પ્રાણાયામ **સો** = તે **ચેતન** = ચેતન, ચેતનવંત **રાખન** = રાખે છે **તન** = શરીરને, દેહને **સબમે** = સર્વમાં **એક સરીખે** = એક જ સરખો છે **તન પલટે** = શરીર બદલાય, પલટાય **નહીં વિત** = પરંતુ વિત રૂપ આત્માનું રૂપ બદલાતું નથી **જ્યૌંકા ત્યૌં** = જેમ છે તેવો જ **નખશિખ** = સંપૂર્ણપણે, પગના નખથી શિખા સુધી.

## અનુવાદ

**આત્મા દરેક શરીરને એકસરખી રીતે ચેતનવંત રાખે છે. વિત્ત રૂપ અંશ બદલાતો નથી, પરંતુ તે શરીર બદલે છે. તે તો જેવો છે તેવો જ પૂર્ણ સ્વ-સ્વરૂપે રહે છે.**

## ભાવાર્થ

અહીંયાં આત્મા અને અંશમાં સમજ ફેર ન થાય તે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. દેહના ત્રણ ઘટકો છે. એક જડ તત્ત્વોના સમૂહથી બંધાયેલો ઘાટ, બીજું સમચૈતન બ્રહ્મના અંશોરૂપી આત્માનું સ્વરૂપ, જે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં દેહના બંધારણ મુજબ એક જ સરખી રીતે પ્રાણાયામની જવાબદારી સંભાળે છે તે અને ત્રીજું પૂર્ણ ચૈતન સકર્તાપતિની સજાણજાણ રૂપ અંશ. અંશના ચેતન ભાસથી ચલાયમાન થયેલા પ્રાણાયામ થકી અન્યોન્ય સર્વ તત્ત્વોને ચેતના બક્ષે છે. જેથી સંપૂર્ણ શરીર ચેતનવંત બનીને જીવંત રહે છે. શરીરનાં સર્વ તત્ત્વોને ચેતના બક્ષનાર પ્રાણાયામ થકી જ ગુણ, ઘણ, ઇંદ્રિયો અંતઃકરણ સર્વ ચેતના પામે છે. આ પ્રાણાયામને સચેતન રાખનાર અંશ ભલે શરીર બદલે એટલે કે, જે તે

દેહની આયુમર્યાદા મુજબ તે તે દેહમાં રહે છે અને પછી બીજા દેહમાં ભ્રમણ કરે. તેમ છતાં તેની પોતાની ચેતનતા બક્ષવાની ગતિમાં કોઈ જ ફેરફાર થતો નથી. તે તો જેવો છે તેવો જ પૂર્ણ ચૈતન સ્વરૂપે રહીને પહેલેથી તૈયાર થયેલાં શરીરમાં બિરાજમાન થાય છે. વળી પોતાની ચૈતન શક્તિ દરેક પ્રકારના શરીરમાં સમાન રીતે સમાયેલા પ્રાણાયામના માધ્યમથી સઘળા શરીરના તત્ત્વોના જૂથને અન્યોન્ય ચેતના બક્ષીને ચેતનવંત કરે છે.

**નીખ શીખ આતમ સોઈ ચૈતન ચીદ, સાક્ષી શુદ્ધ સહીરુ;**
**કરીત પ્રવેશ સકલ તનમે જીનું, તેહીકે તેહી શરીરુ. ૯**

### શબ્દાર્થ

**નીખ શીખ** = પગના નખથી શિખા સુધી સંપૂર્ણ, સમસ્ત, નખશિખ **આતમ** = આતમા **સોઈ** = તે **ચૈતન ચીદ** = ચિદાકાર બ્રહ્મનાં તત્ત્વો છે **સાક્ષી** = તેના સાક્ષી રૂપે **શુદ્ધ** = નિર્મળ **સહીરુ** = હીર રૂપ અંશ છે **કરીત પ્રવેશ** = પ્રવેશ કરીને, દાખલ થઈને **સકલ તનમે** = સંપૂર્ણ શરીરમાં, દરેક શરીરમાં **જીનું** = જેના, જે **તેહીકે તેહી** = તેના જ જેવું, તેવું ને તેવું જ **શરીરુ** = શરીર, સ્વરૂપ

### અનુવાદ

**નખ શિખ પર્યંત ચેતનતા પહોંચાડનાર ચિદાકાર બ્રહ્મનાં તત્ત્વો છે અને દેહના સાક્ષીનું (અંશ) શુદ્ધ સહિર છે. તે સર્વ દેહમાં પ્રવેશ કરે છે છતાં તેવા ને તેવા જ સ્વરૂપે રહે છે.**

### ભાવાર્થ

ચિદાકાર બ્રહ્મનાં તત્ત્વો દરેક દેહનાં તત્ત્વોને સચેતન કરીને રગેરગ અને રોમેરોમ ચેતનતા પહોંચાડવાનું કાર્ય કરે છે. એટલે કે, નખથી શિખા પર્યંત શરીરના સર્વ અંગો ઉપાંગો અને ગુણ ઘણ, અંતઃકરણ સર્વને અન્યોન્ય તત્ત્વો થકી ચેતનતા આપવાનું કાર્ય ઓહંગ અને સોહંગના માધ્યમથી થતું હોય છે. વળી તે પ્રણવ દેહના સાક્ષી અંશના શુદ્ધ હીરરૂપે રહેલો છે. દેહમાં બ્રહ્મનાં સમચૈતન હીર રૂપે આ મહાતત્ત્વો પ્રવેશ કરે. છતાં શરીર તેવું ને તેવું જડવત્ રહે છે. અંશની હાજરી વગર તે કાર્યશીલ

ન થતું હોવાથી દેહ તેવો ને તેવો જ નિર્જીવ રહે છે. એટલે કે, અંશની ચેતનાથી જ તે સચેતન થાય છે.

**સંચ સંચ મે ભિન્ન ભિન્ન ગત, હવિતવ તંત સબેહુ;**
**ચૈતનસે ચેતન થઈ વિલસત, નિજ ચૈતન નહીં તેહુ. ૧૦**

### શબ્દાર્થ

**સંચ સંચ મે** = દરેક દેહમાં, પ્રત્યેક દેહમાં **ભિન્ન ભિન્ન** = જુદી જુદી, અલગ અલગ **ગત** = ગતિના **હવિતવ** = હોય છે, સમાયેલાં છે **તંત** = તત્ત્વો **સબેહુ** = સર્વ, બધા **ચૈતનસે** = શુદ્ધ ચેતન સ્વ-સ્વરૂપથી ચે**તન** = ચેતન **થઈ** = થઈને **વિલસત** = વિકાસ પામે છે, વિલાસ કરે છે **નિજચૈતન** = મૂળ, પોતે, કર્તાના સજાણજાણ રૂપ ચૈતનઅંશ **નહીં** = નથી **તેહુ** = તે.

### અનુવાદ

**દરેક ઘાટમાં ભિન્ન ભિન્ન રીતે બધાં જ તત્ત્વો સમાયેલાં છે. તે ચૈતનથી ચેતન થઈને વિલાસ કરે છે, પરંતુ તે નિજ ચૈતન્ય નથી.**

### ભાવાર્થ

પ્રત્યેક ઘાટમાં ભિન્ન ભિન્ન રીતે તત્ત્વોની મેળવણી થયેલી છે અને તે મુજબનાં બધાં જ તત્ત્વો દેહમાં સમાયેલાં છે તે બધાં જ તત્ત્વોને ચિદાકાર બ્રહ્મના મહાતત્ત્વો કે જેને આપણે આત્માથી સંબોધતા આવ્યા છીએ એવા ઓહંગ અને પરમાત્મા તરીકે સંબોધાતા સોહંગ પણ ચૈતનઅંશની ચેતનતા પ્રાપ્ત કરીને પોતે પ્રથમ સચેતન થાય છે. ત્યાર પછી તે શરીરમાં રહેલાં સર્વ તત્ત્વોને ચેતનવંત કરે છે. એથી તે ઓહંગ સોહંગ પોતે શરીરના સર્વ તત્ત્વોને ચેતનવંત કરનારો છે. તેમ છતાં તેને નિજ ચૈતન રૂપ અંશના સ્થાને ગણાય નહીં. એટલે કે, તે શરીરમાં નિજ ચૈતનઅંશ સ્વરૂપે નથી. જો અંશની હાજરી ન હોય તો ઓહંગ - સોહંગ નિસ્તેજ જડવત્ રહે છે, પરંતુ અંશના આભાસથી ચેતન થયેલો પ્રાણાયામ કાર્યાન્વિત થઈ ને દેહમાં રમણ કરે છે.

**પણ મતલબ કરતાર અંશકી, કહુ દૃષ્ટાંત જીનેહી;**
**સકલ જાત પશુપાલ ચરાવત, જીનું ભક્ષણ તીનું તેહી. ૧૧**

### શબ્દાર્થ

**પણ** = પણ, પરંતુ **મતલબ** = મતલબ, આશય, હેતુ, કાર્ય, ભાવ, ફરજ **કરતાર** = સર્જનહારના **અંશકી** = સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશની **કહુ** = કહું છું **દૃષ્ટાંત** = ઉદાહરણ, દાખલો **જીનેહી** = જે અંગે, જેના માટે **સકલ** = સર્વ, બધી જ **જાત** = જાત, પ્રકાર **પશુપાલ** = પશુઓનું પાલન કરનાર ગોવાળ, ચરાવનાર **ચરાવત** = ચરાવે છે **જીનું** = જેમનું **ભક્ષણ** = ખોરાક, આહાર **તીનું** = તેમને **તેહી** = તે મુજબ

### અનુવાદ

**પરંતુ કર્તાના અંશની મતલબ અંગે દૃષ્ટાંત કહું છું, જેમ પશુપાલ દરેક જાતિના પશુઓને જેનો જેવો આહાર હોય તે જ પ્રમાણે ચારો ચરાવે છે.**

### ભાવાર્થ

દેહમાં રહેલાં સર્જનહારની સજાતિ સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ દેહ પ્રત્યે કયા પ્રકારની મતલબ રાખીને જુદો રહેતો હોય છે તે બાબત પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને ઉદાહરણ આપીને સમજાવે છે.

જેમ ગોવાળ સમગ્ર ગામનાં બધાં જ પશુઓને ગામની સીમમાં ચારો ચરાવવા માટે લઈ જાય છે ત્યારે બધાં જ પ્રકારનાં પશુઓ હોવા છતાં જે પશુઓનો જેવો આહાર હોય તેવા પ્રકારનો જ ચારો ચરાવે છે.

**આક ધંતુર થોર ખરસાનક, તરણ આદ્ય સબ તાઈ;**
**ખાનપાન જીનું જેહી પશુનકે, ચરનવાલ નહીં ખાઈ. ૧૨**

### શબ્દાર્થ

**આક** = આકડો **ધંતુર** = ધંતૂરો **થોર** = થોર **ખરસાનક** = ખરસાણી, ખરસાંડી **તરણ** = ઘાસ **આદ્ય સબ** = સર્વની આદ્ય લઈ **તાઈ** = તેમાંથી **ખાનપાન** = આહાર, ખોરાક, ભક્ષણ **જીનું જેહી** = જેનો જેવો **પશુનકે** = પશુઓને **ચરનવાલ** = ગોવાળ **નહીં ખાઈ** = ખાતો નથી.

## અનુવાદ

**આકડો, ધંતૂરો, થોર, ખરસાંડી અને ઘાસની આદ્ય લઈ સર્વમાંથી જે પશુનો જે ખોરાક હોય તે પ્રમાણે તેને ચરાવે છે, પરંતુ ગોવાળ તે ચારો ખાતો નથી.**

## ભાવાર્થ

ગામની સીમમાં જે ગોચરની ખુલ્લી જગ્યા હોય ત્યાં અનેક પ્રકારની વનસ્પતિ ઉત્પન્ન થતી હોય છે. જેમાં આકડો, ધંતૂરો, થોર, ખરસાંડી તેમજ ઘાસ વગેરે ઉત્પન્ન થાય છે. જે પશુઓના ચારા માટે કામ આવે છે. આ સર્વ લીલોતરીની ઉત્પત્તિમાંથી જે પશુઓ માટેનો જેવો ખોરાક હોય તે પ્રમાણે ગોવાળ તેમને ચારો ચરાવે છે, પરંતુ પશુઓને ચરાવવાવાળો ગોવાળ તે ચારા પૈકીનું કશું પણ ખાતો નથી.

**તેહી પરકાર અંશ અલગ રહી, સકલ તંત અનુસારે;**
**પશુપાલન વિતરેક વિમલવત, ત્યૌ અંતસ ગુન ચારે. ૧૩**

### શબ્દાર્થ

**તેહી પરકાર** = તે પ્રકારે, તેવી જ રીતે **અંશ** = સકર્તાપતિનો સજાણજાણ ચૈતનઅંશ **અલગ રહી** = અલગ રહી, ભિન્ન રહીને **સકલ** = સર્વ **તંત** = તત્ત્વોને **અનુસારે** = ના પ્રમાણે, મુજબ, અનુરૂપ **પશુપાલન** = પશુઓને પાલન કરનાર ગોવાળિયો **વિતરેક** = ભિન્ન, જુદા **વિમલવત** = મળ રહિત,ભેદભાવ વગર તટસ્થ રીતે **ત્યૌ** = તેમ, તેવી રીતે **અંતસ** = અંતઃકરણ **ગુન** = ત્રણ ગુણોઃ રજો, તમો અને સતો **ચારે** = ચારો ચરાવે છે.

## અનુવાદ

**તેવી જ રીતે અંશ, પશુપાલકની જેમ અલગ રહીને ભેદભાવ રાખ્યા સિવાય અંતઃકરણ, ગુણ વગેરે સર્વ તત્ત્વોને અનુરૂપ ચારો ચરાવે છે.**

## ભાવાર્થ

જેવી રીતે પશુપાલન કરનાર ગોવાળ દરેક પ્રકારનાં પશુઓના સમૂહ પૈકી જે પશુને જેવો જરૂરી હોય તેવા પ્રકારનો ચારો કોઈ પણ પશુ પ્રત્યે ભેદભાવ રાખ્યા વગર ચરાવે છે. તેવી જ રીતે સકર્તાપતિનો સજાતીય અંશ, પોતે અલગ રહીને પણ

શરીરમા રહેલાં તત્ત્વો પૈકી જે તત્ત્વોને જેવો જોઈએ તે પ્રકારનો ચારો ચરાવે છે. તેમ જ તે અંશ કોઈપણ તત્ત્વ પ્રત્યે ભેદભાવ રાખતો નથી અને પોતે તટસ્થ રીતે અંતઃકરણ, ગુણ-ઘણ સહિતનાં સર્વ તત્ત્વોને આહાર ચરાવે છે.

**આપ અચેત ઈન્દ્રિ નિગ્રેહ બિન, અશુભ શુભાશુભ ચરહી;**
**તીનકી ગુનેગારી અંશનકું, ભુગતમાન સબ પરહી. ૧૪**

### શબ્દાર્થ

**આપ** = પોતે **અચેત ઈન્દ્રિ** = જડ ઇંદ્રિયો **નિગ્રેહ** = સંયમ, બંધન, અટકાવ **બિન** = વગર, સિવાય **અશુભ** = નરસું, ખરાબ, અમંગળ, દોષયુક્ત, પાપયુક્ત, અપરાધ, ગુનો **શુભાશુભ** = સારો અને ખરાબ **ચરહી** = ચરે, કર્મ કરે, વર્તન કરે **તીનકી** = તેની **ગુનેગારી** = સજા, શિક્ષા **અંશનકું** = અંશને **ભુગતમાન** = ભોગવવાનું **સબ** = સર્વ **પરહી** = પડે છે, કરવા પડે છે.

### અનુવાદ

**જડ ઇંદ્રિયો પોતે સંયમ વગરના શુભ તેમ જ અશુભ કર્મ કરે તે સર્વ ગુનાઓની શિક્ષા અંશને ભોગવવી પડે છે.**

### ભાવાર્થ

સર્જનહારે જીવને કર્મ કરવા માટે સ્વતંત્ર રાખેલો છે. જ્યારે કર્મોના બંધનોને લીધે થતાં શુભ અને અશુભ બંને પ્રકારનાં પરિણામ ભોગવવા માટે તે પરતંત્ર છે. એટલે કે, સર્જનહારના નિયમને આધીન તેણે કરેલાં કર્મો ભોગવવાં જ પડતાં હોય છે. શુભ કર્મોના ફળ સુકૃત સ્વરૂપે પુણ્ય ફળ પ્રાપ્ત કરે છે અને અશુભ કર્મોના ફળ દુષ્કૃતના સ્વરૂપે દંડનીય દુઃખો ભોગવવાં પડે છે. આ નિયમમાંથી કોઈ પણ જીવ બાકાત રહી શકતા નથી. તેમજ પાપ અને પુણ્ય બંનેનો સરવાળો કે બાદબાકી થતી નથી.

આપણા શરીરમાં પણ પાંચ કર્મેઇંદ્રિયો આવેલી છે જે કર્મ પ્રધાન છે. તે જડ ઇંદ્રિયો સંયમ વગરના જે જે કાર્યો કરે કે વર્તન કરે તેનાં ફળ પછી તે શુભ હોય કે અશુભ હોય, પરંતુ તેના પરિણામ પાપના સ્વરૂપે કે પુણ્યના સ્વરૂપે શરીરના માલિક

અંશને જ ભોગવવાં પડતાં હોય છે. એટલે કે, કાર્યો કરે ઈઈંદ્રયો અને ભોગવે નિજ ચૈતનઅંશ. આ નિયમ અખિલ બ્રહ્માંડમાં સર્વને માટે એક સમાન છે પછી ભલે તે માનવ, દાનવ કે દેવી-દેવતા હોય.

**ભુગતમાન કરતાં કરનીનકે, પણ નહીં તંત ભઈનકે;**
**જ્યૌ પશુપાલ પશુ ખુનકે ગુન, ભુગતે મનુષ રહીનકે. ૧૫**

### શબ્દાર્થ

**ભુગતમાન** = ભોગવવાં પડે **કરતાં** = કરેલાં **કરનીનકે** = કર્મોને **પણ નહીં** = પરંતુ નહીં **તંત ભઈનકે** = તત્ત્વોવાળા થયેલાં દેહને **જ્યૌ** = જેમ કે **પશુપાલ** = ગોવાળ **પશુ** = પશુઓના **ખુનકે ગુન** = નુકસાનના ગુનાઓ, ખરાબ કર્મોના ગુનાઓ **ભુગતે** = ભોગવે છે **મનુષ** = માનવ **રહીનકે** = રહેલા, રહીને.

### અનુવાદ

**જેમ પશુઓના કરેલા ગુનાઓ રખેવાળ તરીકે રહેલો માનવ ભોગવે છે તેમ કરેલાં કર્મોના ફળ અંશને ભોગવવાં પડે છે, પરંતુ તત્ત્વોવાળા બનેલા દેહને ભોગવવાના હોતા નથી.**

### ભાવાર્થ

પશુઓના દેહમાં અંતઃકરણોનો પ્રભાવ અલ્પ હોય છે. તેથી તેઓ બુદ્ધિહીન પણ કહેવાય છે. આપણે પણ ઘણી વખત સામાન્ય બુદ્ધિના માનવને ઢોર જેવો કહીએ છીએ. કારણ કે, પશુઓમાં સારા-નરસાની પરખ ન હોવાથી તેનાં કર્મોની ગણતરી લેવાતી નથી તેમ છતાં જો કોઈ પશુ વાવેલા પાકનું ભેલાણ કરે કે ખેતરમાંથી ઘાસચારો ચરી જાય તો તેનો દંડ ગોવાળને ભોગવવો પડતો હોય છે. પશુઓને તેના કરેલા નુકસાનની શિક્ષા ભોગવવી પડતી નથી. તેવી જ રીતે ઇંદ્રિયો દ્વારા કરાયેલા કર્મો તત્ત્વોના સમૂહથી બનેલા દેહને નહીં, પરંતુ કરેલાં કર્મોના પાપપુણ્ય રખેવાળ રૂપે રહેલા અંશને ભોગવવા પડતા હોય છે. દેહ તો અંશને શુભાશુભ કર્મોના ફળ ભોગવવાનું માધ્યમ છે. એટલે કે, દેહ થકી તે પાપપુણ્ય ભોગવે છે, પરંતુ ભોગવનાર અંશ પોતે જ છે.

**એહી પરકાર અંશ કર્તાકે, વસત વેશકી લહારી;**
**પણ ન મીટે ચૈતન આપની ગત, જો ધરે તંત અપારી. ૧૬**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ જ પ્રકારે, એજ પ્રમાણે **અંશ કર્તાકે** = સર્જનહારના અંશને કર્તાની સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **વસત** = વસે છે, રહે છે, બંધાયેલો છે **વેશકી** = દેહની **લહારી** = લાઇન, હારમાળા, કતાર **પણ** = પરંતુ **ન મીટે** = મટે નહીં, દૂર થાય નહીં, મુક્તિ મળે નહીં **ચૈતન આપની ગત** = ચૈતનના સ્વ-સ્વરૂપ અંગની, મૂળ ગતિ **જો ધરે** = જો ધારણ કરે **તંત** = ઘાટ, શરીર **આપારી** = અપાર, અનેક.

### અનુવાદ

**આ પ્રમાણે કર્તાનો અંશ, દેહની લાંબી કતારમાં રહીને જો અસંખ્ય શરીર ધારણ કરે છતાં પણ તેની પોતાની ચૈતન્ય ગતિ મટતી (દૂર થતી) નથી.**

### ભાવાર્થ

અંશ જ્યારે કૈવલકર્તાના ધામમાંથી શુદ્ધ અણિઅગ્ર અંકુરિત થઈને શુદ્ધ સ્વરૂપે બ્રહ્મ ભૂમિકામાં પ્રવેશ્યા પછી પરમકારણ, મહાકારણ, કારણ, સૂક્ષ્મ દેહમાં ભ્રમણ કરતો કરતો છેલ્લે સ્થૂળ દેહમાં આવ્યો છે. ત્યાં તેના ઉપર દરેક ભૂમિકાનાં આવરણો ચઢતાં ગયેલાં છે. વળી સ્થૂળદેહમાં પણ ચોરાસી લાખ પ્રકારના ઘાટમાં ફરતો ફરતો પાછો માનવદેહમાં આવ્યો છે. અંશ કર્મોના બંધનોને ભોગવતો ભોગવતો અનંત પ્રકારનાં શરીરમાં ભટકતો રહે છે. એક જન્મે કરેલાં કર્મો ભોગવીને પૂરાં થતાં નથી ત્યાં તો પાછાં નવાં કર્મો થતાં જ હોય છે અને આ રહેંટમાળ અવિરત ચાલ્યા કરતી હોય છે. તેમ છતાં અંશની દેહને ચૈતન કરવાની શક્તિ દૂર થતી નથી કે ઘટતી પણ નથી.

**ચૈતન ગત સોઈ નિજ ચૈતનતા, જીનું સચેત સભાવું;**
**તે ન તજે પરકાશ પરમકુ, જદપિ કાય ઘટ જાવું. ૧૭**

### શબ્દાર્થ

**ચૈતન ગત** = ચેતનની ગતિ **સોઈ** = તેજ **નિજ** = મૂળ, આદિ, પોતાની **ચૈતનતા** = ચૈતનતા

**જીનું** = જેનો **સચેત** = સચેત કરવાનો, ચેતનવંત કરવાનો **સભાવું** = સ્વભાવ, પ્રકૃતિ **તે** = તે **ન** = નહીં **તજે** = ત્યજી દે, છોડી દે **પરકાશ** = પ્રકાશ **પરમકુ** = મહાન, શ્રેષ્ઠ **જદપિ** = જ્યારે **કોય** = કોઈ, પણ **ઘટ** = ઘાટ, દેહ **જાવુ** = પ્રવેશે, જાય, દાખલ થાય.

### અનુવાદ

**ચૈતનની ગતિ તે જ પોતાની ચેતનતા છે કે જેનો સ્વભાવ ચૈતન કરવાનો છે. જ્યારે તે કોઈપણ દેહમાં જાય છે છતાં તે મહાન ચૈતન્ય પ્રકાશને ત્યજતો નથી.**

### ભાવાર્થ

દરેક પ્રકારના અંશમાં સર્વ સામાન્ય ગતિ રૂપ ચૈતનતા રહેલી છે, જેનું મુખ્ય કાર્ય અને સ્વભાવ ચૈતન કરવાનો છે એટલે કે, તે પોતાના મહાન ચૈતન્ય પ્રકાશને આધારે નાશવંત અને જડ તત્ત્વોને ચેતન કરે છે. સામાન્ય અંશ કરતાં વિશેષ અંશોની ગતિમાં અધિક છે અને વિશેષ અંશો કરતાં પરમવિશેષ અંશોમાં તેમનાથી પણ વિશેષ વિભૂતિ છે, પરંતુ મૂળ પોતાનો જે ચૈતનતા બક્ષવાનો સ્વભાવ છે તે દરેક અંશમાં એક સમાન રહેલો છે. જ્યારે અંશ વારંવાર પ્રથમથી તૈયાર થયેલા દેહમાં જાય કે દેહમાંથી બહાર નીકળે ત્યારે તે કદીપણ પોતાના મહાન ચૈતન્ય પ્રકાશને એટલે કે પોતાના આભાસને ત્યજી દેતો નથી.

**ઓરુ અગમ ગમ નીગમગતિનકી, જાણ ન હોય જો તદપી;**
**પણ ચૈતનતા ચલિત નહીં કીત, આપનું આપકો કદપી. ૧૮**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **અગમ ગમ** = જેની સમજ પડે નહીં તેવું, આરંભનું જ્ઞાન, જાણવામાં ન આવે તેવી સમજ **નીગમગતિનકી** = જાણવાની ક્ષમતા, અગમબુદ્ધિ, અગમચેતીપણું **જાણ** = જાણ, માહિતી **નહોય** = હોય નહીં **જો** = જો **તદપી** = તેમ છતાં **પણ** = પણ **ચૈતનતા** = ચૈતનતાની વૃત્તિ **ચલિત નહીં** = જતી રહેતી નથી, વીસરાઈ જતી નથી, ચલાયમાન થતી નથી **કીત** = જરાય પણ, સહેજ પણ **આપનું આપકો** = પોતાના સ્વ-સ્વરૂપની **કદપી** = ક્યારેય પણ, કદાપિ.

## અનુવાદ

**વળી જો અગમ્ય પદની સમજ ન પડે કે તેની જાણ ન હોય તેમ છતાં કદાપિ પોતાના ચૈતન સ્વ-સ્વરૂપની ચેતનતા જરા પણ વીસરાતી નથી.**

## ભાવાર્થ

અંશની ચૈતનતાની વિસ્મૃતિ અંગે વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે પરમપદની જાણ વિશ્વમાં મહાન ગણાતા બ્રહ્માજીને પણ પાંચમા મુખના છેદન બાદ વિસ્મૃતિ થતાં વેદમાં અજાણ અને ગુપ્ત પદ માટે નેતિનો પોકાર કરેલો છે. તો પછી સામાન્ય માનવી માટે પોતાના આરંભની ભૂતકાળની અને ભવિષ્ય અંગેની જાણ પ્રાપ્ત કરવી એ અતિ ગહન વિષય બને છે. અંશને પોતે ક્યાંથી આવ્યો છે ? અને ક્યાં જવાનો છે ? તે કોના વંશનો છે ? તેમજ પોતાનો સ્વ-ચૈતન સ્વરૂપની પણ જાણ રહી નહીં. તેમ છતાં પણ અંશ પોતાની જે ચેતનાનો મૂળભૂત ગુણ છે તે કદી પણ વીસરતો નથી. હજારો કલ્પોથી સર્જનહારથી વિખૂટા પડીને અનેક દેહમાં ભ્રમણ કરતો-કરતો ભટક્યા કરવા છતાં તે નિજ અંશ પોતાની ચેતનતાના સ્વભાવને કદી પણ ચલિત થવા દેતો નથી. એટલે કે, મિશ્રણવાળાં જડ તત્ત્વોના સમૂહથી બંધાયેલા દેહમાં પ્રવેશ કરીને બ્રહ્મનાં મહાતત્ત્વોના માધ્યમથી સર્વ તત્ત્વોને ચેતનવંત કરવાનો પોતાનો ચેતનતાનો ગુણ છે તેનાથી અંશ કદી પણ ચલિત થતો નથી.

**પુનહી જનીત મસરીત મહી વરતત, જેહી અજ્ઞાન સમેતુ;**
**ભૂત પિશાચ યક્ષ અહીકે તન, જીનકે કહુ સહેતુ. ૧૯**

### શબ્દાર્થ

**પુનહી** = વળી, ફરીથી **જનીત** = જણાવું છું **મસરીત** = ભળી જઈને, મળીને, મિશ્રિતપણે **મહી** = માં, અંદર **વરતત** = વર્તે છે, વર્તન કરે છે **જેહી** = જેથી **અજ્ઞાન** = અજ્ઞાન, જાણનો અભાવ, જ્ઞાનનો અભાવ **સમેતુ** = સમાયેલ છે, વ્યાપેલું છે **ભૂત** = પ્રેત-સંસારમાં અંત ઘડીએ કોઈ ભાવમાં મન રહી જવાથી અવગતિ પામેલો અંશ **પિશાચ** = એક જાતની દુઃખ દેનારી નિમ્ન કક્ષાની ભૂત યોનિ **યક્ષ** = પ્રેત યોનિનો એક મલિન પિશાચ **અહી** = સાપ, ભુજંગ, એરુ, વિષધર **કે** = ના **તન** = શરીર, દેહ **જીનકે** = જેમના અંગે, જેમનો **કહુ** = કહું છું,જણાવું છું **સહેતુ** = હેતુ, આશય, મતલબ સહિત, સમાયેલો.

## અનુવાદ

**ફરીથી જણાવું છું કે દેહમાં ભળી જઈને વર્તન કરે છે જેથી જ્ઞાનનો અભાવ વ્યાપેલો છે.(અજ્ઞાન વ્યાપેલું છે) ભૂત, પિશાચ, યક્ષ, સર્પનાં શરીરની જે મતલબ છે તે પણ કહું છું.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને અહીં બે બાબતોનો ખુલાસો કરે છે. જેમાં એક વાત ફરીથી જણાવે છે કે સર્જનહાર દ્વારા મૂકવામાં આવેલી અંશની પોતાની ચૈતન શક્તિથી તે કદાપિ ચલિત થતો નથી, પરંતુ દેહમાં રહીને દેહના સ્વરૂપમાં જઈ તે દેહ મુજબ વર્તન કરતો હોવાથી તે અજ્ઞાન દશા ભોગવે છે. એટલે કે, તેને પોતાના ભૂતકાળનું જ્ઞાન કે સમજ રહેવા પામતી નથી. તદુપરાંત પોતાના શુદ્ધ ચૈતન સ્વ-સ્વરૂપની પણ જાણ રહેતી નથી કે તે પોતે શુદ્ધ ચૈતન સજાણજાણરૂપે સર્જનહારની સજાતિનો અને તેમનો જ વંશ છે.

બીજી વાત એ જણાવે છે કે અંશ પોતાના માનવદેહની અંતિમ ઘડીએ પોતે જે પ્રમાણેની મનમાં વાંછના રાખી હોય અને પોતાની વાસનાના વિચારો દરમિયાન તે અંશ શરીરમાંથી નીકળે છે ત્યારે તે વાસનાને સાથે લઈને જાય છે અને નવા શરીરમાં જ્યારે દાખલ થાય છે ત્યારે પહેલી વાસના પ્રવેશે છે અને પછી તે તેની પાછળ પાછળ પોતે પ્રવેશ કરે છે. આત્મા પણ પોતાના આયુષ્યની મર્યાદા પહેલાં કે અંત સમયે કોઈ કારણવશાત્ સંસારનો કોઈ પદાર્થ ભોગવવામાં મન રહી જવાથી અવગતિ પામેલો જીવ પોતાના માટે બીજું કોઈ મકાનરૂપી દેહ તૈયાર થયેલો ન હોવાથી ભિન્ન કક્ષાની સૂક્ષ્મ યોનિમાં રહીને પોતાની મલિન વાસનાને સંતોષવા ભટક્યા કરે છે. જેને આપણે ભૂત, પ્રેત, પિશાચ, કે યક્ષ અને અહીં તરીકે ઓળખીએ છીએ. આ સર્વ યોનિમાં જ ભટક્યા કરતા હોય છે. તેમની વૃત્તિ વેર લેવાની હોય છે. આવી અવગતિ પામેલા જીવની જે મતલબ છે તેને અહીં દર્શાવવામાં આવી છે.

**ભયે સકલ અવગતકે તન, એ સબ વિકલ વિલાખે;**
**પર તનમે પરવેશ કરીત ઈત, ગતિ પીછમકી દાખે. ૨૦**

### શબ્દાર્થ

**ભયે** = થયેલા, પામેલાં **સકલ** = સર્વ, તમામ, બધાં જ **અવગત કે** = અવગતિને **તન** = શરીર એ **સબ** = એ બધા જ **વિકલ** = વ્યાકુળ બની, ભયભીત થઈ **વિલાખે** = વલખાં મારે, વિલાપ કરે, ફાંફાં મારે, નાહકના પ્રયત્ન કરે , તૃષ્ણા પૂરી કરવા માટે થતાં મિથ્યા પ્રયાસો કરે **પર** = પારકા **તનમે** = શરીરમાં **પરવેશ** = પ્રવેશ, દાખલ **કરીત** = કરીને **ઈત** = આ પ્રમાણે, તે **ગતિ** = સમજ, જાણ, વાતો, વર્ણન **પીછમકી** = થઈ ગયેલ હકીકત અંગે, પહેલાના જન્મ અંગેની **દાખે** = દર્શાવે, બોલે, કહે, જણાવે.

### અનુવાદ

**અવગતિએ પામેલાં શરીર, એ બધાં જ વ્યાકુળતાપૂર્વક વલખાં મારે છે અને પરાયા શરીરમાં પ્રવેશ કરી તેના પાછલા જન્મ અંગેની વાતો દર્શાવે છે.**

### ભાવાર્થ

કોઈ પણ કારણસર માનવદેહમાં આયુષ્ય પૂરું થયાં પહેલાં જીવન ટૂંકાવવામાં આવ્યું હોય તો તેવા મનુષ્યોમાં રહેલ અંશને નિર્ધારિત સમયથી પહેલાં દેહ છોડવો પડેલો હોવાથી તેના માટે તૈયાર થયેલું બીજું શરીર હોતું નથી. તેને કારણે તેને પ્રેતાત્માના રૂપે સૂક્ષ્મ દેહમાં ભટકવું પડે છે. એવા અવગતિ પામેલા અંશો ભૂત્રપ્રેતની યોનિમાં ભયભીત થઈને વિલાપ કરે છે અને અન્ય માનવોને દુઃખી પણ કરે છે. વળી નિર્ધારિત સમયે માનવદેહ છોડે, પરંતુ તે છેલ્લી ઘડીએ પોતાનામાં રહેલી અધૂરી વાસનાઓને સંતોષવા માટે નાહકના પ્રયત્નો કરતો હોય છે. આવા પ્રકારની સ્થિતિમાં પણ અંશ પ્રેતાત્મારૂપે પરાયા માનવના શરીરમાં પ્રવેશ કરીને પોતાની વાસનાને સંતોષવા માટે માગણી કરતો હોય છે. તેમજ ઘણી બધી ગત જન્મની વાતો કરતો હોય છે. જે કારણોને લીધે અવગતિ પામ્યો તેને દર્શાવતી વાતો પોતાની મૂળ પૂર્વ જન્મની ભાષામાં ઉચ્ચાર કરીને એટલે કે તેવી બોલી બોલીને જણાવે છે.

**અતિ સચેત મનુષ તનકી ગત, લેઈ કર વસે જો તનહી;**
**થોરેક દિન તેહી રહે સમરતી, પીછે ભવિત અમનહીં. ૨૧**

### શબ્દાર્થ

**અતિ** = વિશેષ, માત્રામાં **સચેત** = જડવત્ નહીં તેવો જડતા વિનાનો, પૂર્ણ જાગ્રત દશાનો સચેતન, ચેતનવંત **મનુષ** = માનવ **તનકી** = ઘાટની, શરીરની **ગત** = ગતિ, સમજ, જ્ઞાન, જાણને, વાસનાને **લેઈ કર** = લઈને **વસે** = વસે છે, રહે છે **જો** = જો **તનહી** = શરીરમાં **થોરેક દિન** = થોડાક દિવસો **તેહી** = તે **રહે** = રહે છે **સમરતી** = સ્મૃતિ, યાદ **પીછે** = પછીથી, પાછળથી, બાદમાં **ભવિત** = થઈ જાય છે **અમનહી** = મનનો અભાવ થવો, વિલસાઈ જવું, સમાઈ જવું, નાશ પામવું.

### અનુવાદ

**આવી સચેત મનુષ્ય શરીરની ગતિ લઈને બીજાના શરીરમાં વસે તો તે થોડાક દિવસ સુધી તેની સ્મૃતિ રહે છે. ત્યારબાદ લીન પામે છે.**

### ભાવાર્થ

અન્ય ઘાટના પ્રમાણમાં માનવ શરીરમાં વિશેષ ચેતનતા અને અતૃપ્ત વાસના જોવા મળે છે. આવી અતિ ઉજાગ્રત વાસના સહિત જો માનવીને પોતાનો દેહ ત્યજી દેવો પડ્યો હોય તેવા શરીરમાંથી નીકળેલો અંશ અન્ય દેહમાં પ્રવેશે છે. ત્યારે પૂર્વજન્મની વાસના નવા ઘાટમાં પ્રથમ પ્રવેશે છે અને અંશ પછીથી દાખલ થાય છે. આવી વાસના થોડાક દિવસો સુધી તેની સ્મૃતિમાં રહે છે. ત્યારબાદ તે સ્મૃતિ લીન પામે છે.

**અમન ભયે અલંકારન કી ગત, હોય ઈન્દ્રિ અંતસકુ;**
**ઔર સકલ જડ જાત સજાતિક, હવિત તાય તેહી તસકુ. ૨૨**

### શબ્દાર્થ

**અમન ભયે** = લીન પામતાં, **અલંકારન કી** = દેહની **ગત** = ગતિ, જાણ, સ્મૃતિ **હોય** = હોય છે **ઈન્દ્રિ** = દશ ઇંદ્રયો **અંતસકુ** = અંતઃકરણોને **ઔર** = અને **સકલ જડ જાત** = સર્વ જડ જાતિના **સજાતિક** = સજાતીય તત્ત્વો **હવિત તાય** = હવે તે પણ **તેહી** = તેના **તસકુ** = તાબે, આધીન, રૂપ

### અનુવાદ

**પૂર્વ જન્મની સ્મૃતિ લીન પામ્યા બાદ વર્તમાન દેહની ઇંદ્રયો, અંતઃકરણ અને**

**તેની જડ સજાતિનાં સર્વે તત્ત્વોને તાબે થઈને રહે છે.**

## ભાવાર્થ

સામાન્ય અવધિકાળ પૂરો થતાં મૃત્યુ બાદ અંશ જ્યારે બીજું શરીર ધારણ કરે છે ત્યારે અતિ ઉજાગ્રત પૂર્વજન્મની જાણ સાથે તે બીજા શરીરમાં પ્રવેશ કરે તો થોડા સમય બાદ તેની પૂર્વજન્મની જાણ લીન પામે છે. ત્યાર પછી અંશ જે દેહમાં ગયો હોય તે દેહનાં સજાતિ જડ તત્ત્વો સહિત તેની દશેય ઇંદ્રિયો અને અંતઃકરણોને તાબે થઈ જાય છે. તે વખતે તત્ત્વોના ગુણધર્મો પ્રમાણે રાબેતા મુજબનું વર્તમાન અને દેહની જાણ અનુસાર વ્યવહાર કરે છે અને તે મુજબના વર્તન પ્રમાણે તે દેહમાં રહે છે.

**પુનિ પતંગ કીટ પશુ ખગકી, બસત અંશ જેહી તનહી;**
**તેહી ન કરે પરવેશ મનુષમે, નિજમે નહીં ઉચરનહીં. ૨૩**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **પતંગ** = પતંગિયાં **કીટ** = કીટાણુ **પશુ** = પશુ **ખગકી** = પક્ષીઓના **બસત** = વસતો, રહેલો **અંશ** = અંશ **જેહી** = જે **તનહી** = શરીરમાં **તેહી ન કરે** = તે કરતો નથી **પરવેશ** = પ્રવેશ, દાખલ **મનુષમે** = મનુષ્ય જાતિમાં **નિજમે** = પોતાનામાં **નહીં** = નહીં, નથી **ઉચરનહીં** = ઉચ્ચાર કરવાની શક્તિ.

## અનુવાદ

**વળી પતંગ, કીટ, પશુ અને પક્ષીના શરીરમાં વસતો અંશ મનુષ્યના દેહમાં પ્રવેશ કરતો નથી. કારણ કે, તેના પોતાનામાં ઉચ્ચાર કરવાની શક્તિ હોતી નથી.**

## ભાવાર્થ

વળી આકસ્મિક રીતે મરણ પામેલા અથવા તેમની કતલ કરવામાં આવેલાં શરીર પૈકીનાં પતંગ, કીટ, પશુઓ અને પક્ષીઓનાં શરીરમાં રહેલો ચૈતનઅંશ ભલે તે અવગતિએ જાય તેમ છતાં તે અંશ કદી પણ મનુષ્ય જાતિના ઘાટમાં પ્રવેશ કરતો નથી. કારણ કે તેમના જે જે શરીર હતાં તે તે શરીરમાં ઉચ્ચારણ કરવાની શક્તિનો અભાવ હતો. જ્યારે માનવ શરીરમાં તો બાવન અક્ષરોની ઉચ્ચાર

કરવાની જ્ઞાન ગતિ હોય છે. વળી તેમની જે જાણ હતી તે જાણને દર્શાવવા માટે પોતે પોતાના દેહની સ્મૃતિ માનવના ઘાટ દ્વારા પ્રદર્શિત કરી શકતા નથી. જેથી તેવા અંશો શરીરની અવધિનો બાકીનો સમય તે તે જાતિનાં શરીરમાં જ પૂરો કરીને નવો દેહ પ્રાપ્ત કરે છે.

**તો તીનકે અંતરકે ગતકી, કહો ક્યૌ કરી સુનપાવે;**
**જેહી જીનકી સમજણ હોય જીનમે, માંહીકી માંહી મુરજાવે. ૨૪**

### શબ્દાર્થ

**તો** = તો પછી **તીનકે** = તેમના **અંતરકે** = અંદરની, હૃદયકી **ગતકી** = જાણની, વાસનાની, સમજની **કહો ક્યૌ કરી** = કહો કે કેવી રીતે ? કેમ કરીને? **સુનપાવે** = સંભળાવે, દર્શાવે, કહી જણાવે **જેહી** = જે પ્રમાણે **જીનકી** = જેમની **સમજણ** = સમજણ **હોય** = હોય **જીનમે** = જેમનામાં **માંહીકી માંહી** = અંદરને અંદર, તે તે જાતિનાં શરીરમાં **મુરજાવે** = બુઝાવે, સમાવી દે.

### અનુવાદ

**તો તેઓના અંદરની વાસનાને કેવી રીતે દર્શાવે તે કહો ? જે પ્રમાણે જેવી જેનામાં સમજણ હોય તેને અંદરને અંદર જ સમાવી દે છે.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં જણાવ્યા મુજબ વધુ ખુલાસો કરતાં અહીં જણાવાયું છે કે એવાં કતલ થયેલાં શરીરના અંશોમાં જે પ્રમાણેની જેનામાં સમજણ હોય તે તે જાતિના ઘાટ દ્વારા જ અંદરોઅંદર પ્રવેશ કરીને અંશ તેવી જાણને સમાવી દે છે. એટલે કે મુરઝાવી દે છે. કારણ કે, તે તે જાતિનાં શરીરની જે સમજણ છે તે પ્રકારની સમજણને તે અંશ કેવી રીતે મનુષ્યદેહમાં પ્રવેશ કરીને સંભળાવે? માટે આવા અવગતિ પામેલા અંશો કદી પણ માનવ જાતિમાં પ્રવેશ ન કરતાં અંદર ને અંદર પોતપોતાની જાતિઓમાં જ પ્રવેશ કરીને પોતાની પૂર્વજન્મની સમજણને પૂરી કરે છે. અથવા તો અંશ પોતાનામાં જ સ્મૃતિને સમાવી દે છે.

**જેહી વિશેષ અંશ અવતારિક, જ્ઞાન ધ્યાન ગમ સેતા;**
**વિચરંતા જીનું સકલ જહાંનમે, કબહુ ન હોય અચેતા. ૨૫**

### શબ્દાર્થ

**જેહી** = જેટલા **વિશેષ અંશ** = વિશેષ અંશો **અવતારિક** = અવતારાદિક શરીર ધારણ કરી **જ્ઞાન** = જ્ઞાન **ધ્યાન** = ધ્યાન **ગમ** = સમજ **સેતા** = સહિત **વિચરંતા** = વિચરણ કરે છે **જીનું** = જેઓ **સકલ** = સમસ્ત **જહાંનમે** = ભો મંડળમાં **કબહુ** = ક્યારેય પણ **નહોય** = હોતા નથી **અચેતા** = અચેત જડવત્, બેધ્યાન, અણસમજુ.

### અનુવાદ

**જેટલા વિશેષ કોટિના અવતારાદિક પુરુષો છે, તેઓ જ્ઞાનની સમજ સાથે, સમસ્ત ભો મંડળમાં વિચરણ કરે છે છતાં ક્યારેય પણ અચેત થઈ જતા નથી.**

### ભાવાર્થ

અગાઉ સામાન્ય અંશોની ગતિ દર્શાવી છે. હવે જેટલા વિશેષ અંશો છે તેટલા તેમજ યુગે-યુગે થયેલા વિષ્ણુના અવતારો સહિત સર્વ વિભૂતિવાન શરીર માટે દર્શાવવામાં આવ્યું છે. તેઓ જ્ઞાન, ધ્યાન અને પોતાની ફરજ બજાવવાનાં કાર્યોની જાણ સહિત સમસ્ત ભો-મંડળમાં વિચરણ કરે છે અને પોતાના કર્તવ્યને પૂરું કરવા વિવિધ પ્રકારનાં શરીરમાં જન્મ ધારણ કરે છે. તેમ છતાં પોતે પોતાની જાણને ભૂલ્યા સિવાય જડ ઘાટની ગતિવાળા થતા નથી. તેમજ જડ શરીરમાં રહેવા છતાં તેમનામાં ક્યારેય પણ પોતાની જાણની વિસ્મૃતિ કે અચેતપણું આવતું નથી.

**વ્યાધ્ર વેરાહ મછ કછ કે તન, જીનમે કિયે પ્રવેશુ;**
**કરીત કાજ જેહી નિજ મતલબકે,ભવિત નહીં ગતવેશું. ૨૬**

### શબ્દાર્થ

**વ્યાધ્ર** = નરસિંહ **વેરાહ** = વરાહ **મછ** = મચ્છ **કછ** = કાચબા **કે** = ના **તન** = શરીર **જીનમે** = જેમાં **કિયે** = કરીને પ્ર**વેશુ** = પ્રવેશ, દાખલ **કરીત** = કરીને **કાજ** = કાર્ય **જેહી** = જે **નિજ** = પોતાની

**મતલબ કે** = આશયનું, હેતુનું પ્રયોજનનું ભ**વિત** = થયા **નહીં** = નહીં **ગતવશું** = શરીરની ગતિવાળા, ઘાટની ગતિને આધીન, ઘાટ જેવા

## અનુવાદ

**નરસિંહ, વરાહ, મચ્છ, કચ્છ વગેરેના ઘાટમાં પ્રવેશ કરીને પોતાની મતલબનું કાર્ય કર્યું, પરંતુ તેવા ઘાટ જેવી ગતિવાળા થયા નથી.**

## ભાવાર્થ

વિશેષ અંશોની વિશેષતા દર્શાવતાં વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે. વિષ્ણુએ પોતાના પાલનપોષણના કાર્ય માટે પોતાની ફરજને આધીન બની યુગે યુગે અહીં આવીને અધર્મનું ઉત્થાપન અને ધર્મનાં સ્થાપનનું કાર્ય કર્યું છે. તે કાર્યને પૂરું કરવા જેવા પ્રકારના શરીરની જરૂર હોય તેવા ઘાટમાં વિશેષ અંશ પોતે પ્રવેશ કરે છે. ત્યારબાદ તે ઘાટમાં કાર્ય કરવા પૂરતા રહીને પોતાનું કાર્ય પુરું કરે છે. નૃસિંહ, વરાહ, મચ્છ, કાચબા વગેરે સ્થૂળ ઘાટની જાતિમાં પોતે અવતાર ધારણ કરીને તે તે શરીરમાં રહ્યા છતાં તેમણે તે ઘાટ જેવી સમજ ધારણ કરી નહીં, પરંતુ પોતાની મૂળ જ્ઞાન, ધ્યાન અને સમજણ સાચવી રાખીને પોતાની મતલબનું કામ પતાવી સ્થૂળ દેહને ત્યજીને પાછા અંતરિક્ષમાં પોતાના ધામમાં ગયા છે.

**એહી સામાન્ય વિશેષ અંશકી, ફરક ભેદ ભવસેતી;**
**વિશેષકુ નહીં અગ્ય અનાદિક, સમકુ સદા અચેતી. ૨૭**

### શબ્દાર્થ

**એહી** = એ પ્રમાણે **સામાન્ય** = સામાન્ય અંશો **વિશેષ અંશકી** = વિશેષ અંશોના **ફરક** = તફાવત, ફેર, અસમાનતા, જુદાપણું **ભેદ** = રહસ્ય, મર્મ, અંતર, પ્રકાર, વિલક્ષણતા **ભવસેતી** = ભવમાં થયેલા, ભવ સહિતના **વિશેષકુ** = વિશેષ અંશોને **નહીં** = નહીં **અગ્ય** = અજ્ઞાન **અનાદિક** = અનાદિથી, પ્રારંભથી, પહેલેથી **સમકુ** = સામાન્ય અંશોને **સદા** = સદાય, હંમેશ કાયમ નિત્ય **અચેતી** = અચેતપણું, અજ્ઞાન, જડતા

## અનુવાદ

**આ પ્રમાણે વિશ્વના સામાન્ય અને વિશેષ અંશો વચ્ચે તફાવત અને રહસ્ય**

**રહેલાં છે. વિશેષ અંશોને અનાદિથી અજ્ઞાન નથી, જ્યારે સામાન્ય અંશોને સદાય અચેતપણું વ્યાપે છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે વિશ્વમાં જે સામાન્ય અને વિશેષ અંશો છે તેઓના બંને વચ્ચે મહાન તફાવત છે. આ બંને વચ્ચેનું રહસ્ય એ તેમનામાં રહેલા ચૈતનઅંશની વિભૂતિના પ્રતાપે દેખાય છે. સર્જનહારે ત્રણ પ્રકારના સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોને ઉત્પન્ન કરીને ભેદ પાડ્યા છે. તેથી જ વિશેષ અંશોને સંસારના વહીવટ માટેની જવાબદારી સોંપીને એક એક વિભૂતિ પ્રદાન કરી છે. તે માટે તેમને પહેલેથી જ કરુણામય બનાવ્યા છે. જ્યારે પરમ વિશેષ અંશો પૈકી તે તે પુરુષોને દરેક ઇંડોમાં સર્વોપરી તરીકે બિરાજમાન કરાવ્યા છે. જેથી એવા મહાન વિભૂતિવાન પરમ વિશેષ અંશોને આદિ અનાદિ કાળથી પોતાનાપણાનું અજ્ઞાન વ્યાપતું નથી. વિશેષ અંશો ભો-મંડળમાં વિચરણ કરીને અન્ય સ્થૂળ દેહમાં રહેવા છતાં તેઓને પોતાની અંદર રહેલી જ્ઞાન, ધ્યાન અને સમજણની વિસ્મૃતિ થતી નથી. જ્યારે સામાન્ય અંશોમાં દેહનાં તત્ત્વોનો પ્રભાવ વિશેષ પ્રમાણમાં અસર કરતો હોવાથી તે અંશોને અજ્ઞાન વ્યાપતાં વાર લાગતી નથી. જેથી તેઓ સદા અચેત રહે છે.

**તદપી તાય સામાન્ય અંશકુ, મિલના અંશ વિશેષુ;**
**તેહી લખાવે ક્તા આદ્યકુ, કરી પરમ ઉપદેશુ. ૨૮**

### શબ્દાર્થ

**તદપી** = તેમ છતાં **તાય** = જો, તેવા **સામાન્ય અંશકુ** = સામાન્ય અંશોએ **મિલના** = મળવું, શરણે જવું **અંશ વિશેષુ** = વિશેષ અંશોના **તેહી** = તે **લખાવે** = દર્શાવે, જણાવે, ઓળખાવે **ક્તા** = સર્જનહાર **આદ્યકુ** = અનાદિ, આદિ,પ્રથમના, પુરાણા **કરી** = કરીને **પરમ** = શ્રેષ્ઠ મહાન **ઉપદેશુ** = ઉપદેશ.

### અનુવાદ

**તેમ છતાં પણ જો તેવા સામાન્ય અંશો વિશેષ અંશોના શરણે જાય તો તેઓ આદિ સર્જનહારને પોતાના ઉપદેશ દ્વારા દર્શાવે છે.**

## ભાવાર્થ

સર્જનહારે ત્રણ પ્રકારના અંશોને ઉત્પન્ન કર્યા છે તેની પાછળનો મૂળ આશય એ જ છે કે જે સામાન્ય અંશો કર્મોને આધીન બની દેહમાં ભ્રમણ કરીને બનાવેલી વિભૂતિવાન રંગબેરંગી દુનિયાને માણીને આનંદ કરે. જ્યારે પરમ વિશેષ અંશોને ઇંડોમાં અધિપતિ તરીકે મૂકીને ઇંડોમાં જો વિશેષ અને સામાન્ય અંશો હોય તો તેમના જીવન અંગે ધ્યાન રાખે અને વિશેષ અંશોને વહીવટીય કાર્ય સોપ્યું છે. વળી સૌપ્રથમ જે પાટવી પરમવિશેષ અંશ હતા તેઓને સર્જનહારે પોતાના સાંનિધ્યમાં સદાને માટે રાખેલા છે અને કલ્પમાં એકવખત વિશ્વમાં મોકલે છે. સર્જનહાર અંગેના જ્ઞાનનો ઉપદેશ કરીને દરેક અંશના પોતાના શુદ્ધ સ્વરૂપને અને તે જેના વંશનો છે એવા પરમ પિતા અંશી સાથે મેળાપ કરાવી આપે છે. તેથી જ સામાન્ય અંશોએ એવા વિશેષ અંશોને શરણે જવું જોઈએ કે જેઓ સર્જનહાર અંગેનો ઉપદેશ આપે છે.

**ઓરુ આપને તનસે તન દેખીત, તીનસે ભરમ ન લાઈ;**
**પણ અંતરકે અંશ વિશેષણ, જીનકી અકલ કલાઈ. ૨૯**

### શબ્દાર્થ

**ઓરુ** = અને વળી **આપને** = પોતાના **તનસે** = શરીરથી, ઘાટથી **તન** = શરીર જેવા **દેખીત** = જોઈને, દેખીને **તીનસે** = તેઓનાથી **ભરમ** = ભ્રમણા, ભ્રાંતિ **ન લાઈ** = લાવવી નહીં **પણ** = પરંતુ **અંતરકે** = અંદરમાં, હૃદયમાં, ઘાટમાં, **અંશ વિશેષણ** = પરમવિશેષ અંશોના **જીનકી** = જેની, જેમની **અકલ કલાઈ** = અકળ કળા છે, ન કળી શકાય તેવી જ્ઞાનથી ભરપૂર દેહની મતલબ રહેલી છે.

## અનુવાદ

**વળી આપણા શરીર જેવું જ શરીર દેખીને શરીરથી ભ્રમણા લાવશો નહીં, પરંતુ વિશેષ અંશોના હૃદયમાં તેની અકળ કળા રહેલી છે.**

## ભાવાર્થ

જ્યારે વિશેષ અંશો પૈકી વિષ્ણુ યુગેયુગે પોતાની ફરજ બજાવવાના હેતુથી અંતરિક્ષમાંથી પૃથ્વી પર આવે છે ત્યારે સ્થૂળ દેહ પૈકીનો દેહ ધારણ કરે છે. તેમજ

પરમવિશેષ પાટવી અંશ પણ કલ્પમાં એક વખત કૈવલધામમાંથી આવે છે ત્યારે પણ તેઓના દિવ્યદેહ જ્યાં જરૂર પડે ત્યાં તેઓ પ્રગટ કરે છે અને પૃથ્વી ઉપર માનવના દેહે પ્રગટ થઈને જ્ઞાનોપદેશ કરે છે. આમ, આવા વિશેષ અને પરમવિશેષ અંશોનું શરીર આપણા શરીર જેવું જ દેખાતું હોય તેમ છતાં શરીર થકી ઓળખીને તેમની પરીક્ષા કરવાની નથી કે ભ્રમણામાં પડીને તેમની અવગણના કરવાની નથી. આ પ્રમાણોની અજ્ઞાનતા મનમાં ધારણ ન કરતાં તેમના શરણે જવું જોઈએ. તેમનામાં રહેલી અકળવિભૂતિની કળા અને કરુણાઓના પ્રતાપને તેમજ તેમનો દેહ જ્ઞાનનો ભંડાર હોઈ એવા શરીરધારી મહાપુરુષોમાં રહેલી અકળ કળાની પ્રશંસા અને પહેચાન કરવી જોઈએ. આ રીતે તેઓના પ્રત્યે અહોભાવ ધારણ કરીને આપેલા બોધને સ્વીકારી પરમપદ પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

**વિશેષ ઓરુ સામાન્ય અંશકી, અલગ ઈસતા સોઈ;**
**પણ જડ તંત સજાતીનસે ગત, અલગ અજાતીક દોઈ. ૩૦**

### શબ્દાર્થ

**વિશેષ** = વિશેષ અંશો **ઓરુ** = અને **સામાન્ય અંશકી** = સામાન્ય અંશોની **અલગ** = જુદી, ભિન્ન **ઈસતા** = ઐશ્વર્યતા **સોઈ** = હોય છે, આ પ્રમાણેની **પણ** = પણ, પરંતુ **જડતંત** = જડતત્ત્વોવાળાં **સજાતીનસે** = સજાતિ નથી **ગત** = જાણ, શક્તિ, ગતિ **અલગ** = અલગ, ભિન્ન **અજાતીક** = સજાતિના નહીં તેવા વિજાતિ **દોઈ** = બંને.

### અનુવાદ

**આ પ્રમાણે વિશેષ અને સામાન્ય અંશોનું અલગ-અલગ ઐશ્વર્ય હોય છે, પરંતુ તે સજાતિ જડતત્ત્વોની ગતિથી વિજાતિ હોઈ બંને અલગ છે.**

### ભાવાર્થ

અગાઉ આપણે જોયું તેમ અંશ પોતાની ચૈતન શક્તિવાળો સ્વભાવ કદી પણ ત્યજી દેતો નથી. ભલે અંશોની ભિન્નતાને કારણે તેમની વિભૂતિમાં વત્તા-ઓછાપણાનો પ્રભાવ જણાય છે, પરંતુ તેઓની કાર્યશક્તિ જે શરીરને ચેતનતા બક્ષવાનું કાર્ય છે

જે પોતે જ પ્રાણાયામના માધ્યમથી કરે છે તે મૂળભૂતપણે એક સરખી જ રહેલી છે.સજાતીય જળતત્ત્વોના શરીરથી તે અંશ વિજાતિ હોઈ બંને અલગ સ્થિતિ ભોગવતા હોય છે. દેહના બંધારણનાં તત્ત્વો જડ છે જ્યારે અંશ ચૈતન છે. તત્ત્વોથી બનેલાં શરીર અવધિકાળે નાશ પામે છે. જ્યારે ચૈતનઅંશ એક શરીરને ત્યજીને બીજા શરીરમાં દાખલ થાય છે. આમ બંનેનાં લક્ષણો એક બીજાની વિરુદ્ધ પ્રકારના હોય છે.

સામાન્ય અંશો અને વિશેષ અંશોની ઐશ્વર્યતા રૂપ વિભૂતિનો તફાવત જોવા મળે છે. કારણ કે સર્જનહાર દ્વારા પ્રથમથી જ તે મુજબના અંશોમાં વિભૂતિ પોંખીને જ તે પ્રકારે ઉત્પન્ન કરવામાં આવેલા છે.

**ક્તા અંશકી અલગ રહનકી, કહી હુતી તન તનસે;**
**સોહી સકલ વિધિ કહી સુનાઈત, સમજ છેક અંતનસે. ૩૧**

### શબ્દાર્થ

**ક્તા અંશકી** = સર્જનહારના સજાતિ ચૈતન સ્વ-સ્વરૂપ અંશોની **અલગ** = જુદા **રહનકી** = રહેવાની **કહી** = કહી, દર્શાવી **હુતી** = હતી **તન તનસે** = દરેક શરીરથી, પ્રત્યેક શરીરથી **સોહી** = તે **સકલ વિધિ** = સર્વ રીતે, બધી જ રીતે **કહી** = કહી **સુનાઈત** = દર્શાવી, સંભળાવી **સમજ** = સમજ, હકીકત, સમજણ **છેક અંતનસે** = છેલ્લી, છેવટની, અંત સુધી.

### અનુવાદ

**કર્તાના અંશોની પ્રત્યેક શરીરથી અલગ રહેવાની જે અંત સુધીની હકીકત હતી તે સર્વ રીતે કહી સંભળાવી.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા આ અંગમાં આપણને સર્જનહારના સજાતીય સજાણજાણ રૂપ અંશોની જડ તત્ત્વોના સમૂહથી તૈયાર થયેલા શરીરમાં પ્રવેશ કરવાની જે ગતિ રહેલી છે તેવી સર્વ રીતે સમજણ દર્શાવવામાં આવેલી છે. વળી તે અંશો પ્રવેશ પામીને પોતાની ચૈતન શક્તિથી પ્રથમ પ્રણવ રૂપે રહેલા સમચૈતન બ્રહ્મનાં જે તત્ત્વો ઓહંગ અને સોહંગ છે તેને ચેતન કરે છે. તે પ્રણવ પોતે સચેતન થઈને સમસ્ત

શરીરનાં તત્ત્વોને અન્યોન્ય ચેતન કરીને સંપૂર્ણ શરીર ચેતનવંત (બનીને) જીવંત રહે છે. અવધિકાળે છેલ્લે જ્યારે ચક્ષસત્ત્વોના પ્રભાવવાળો ઓહંગ પ્રણવ શિથિલ બને છે પછી સોહંગ પ્રણવને કાળ ચક્ષસત્ત્વ પૂર્ણપણે બહાર કાઢીને છેલ્લે પ્રાણાયામને લીન પાડે છે. જેથી શરીરનું મૃત્યુ થાય તેમ આપણે કહીએ છીએ. આમ પ્રારંભથી અંત સુધીની સર્વ સમજ આપણને કહી સંભળાવી છે. પ્રાણાયામ પૂર્ણ થતાં અંશ પોતાની વાસનાઓ સાથે શરીરમાંથી નીકળીને બીજા શરીરમાં પહેલી વાસનાઓને પ્રવેશ કરાવીને પછી પોતે પ્રવેશ પામે છે. ત્યાં દેહનાં નાશવંત તત્ત્વોથી ભિન્ન રહીને ફરી પાછું દેહમાં જીવન પ્રદાન કરે છે. આમ જન્મમરણના ચક્રાવામાં ફરતો રહે છે.

**અંત સમજકી એહી સમજ સદ, ક્રતા અંશ આપનેહી;**
**બહોરુ કર્તા કરતકે કારન, અંતર ગત કે એહી. ૩૨**

### શબ્દાર્થ

**અંત** = છેવટની **સમજકી** = સમજણની **એહી** = આ પ્રમાણે **સમજ** = સમજ **સદ** = છે, સાચી, આજ **ક્રતા અંશ** = કર્તાના અંશો **આપનેહી** = પોતાની **બહોરુ** = વળી **કર્તા** = સર્જનહાર **કરતકે** = રચનાના **કારન** = કારણરૂપે, નિમિત્તે **અંતર ગત** = તેમની ગતિ, તેમનામાં રહેલી ગતિ **કે** = ની **એહી** = એ જ પ્રમાણેની.

### અનુવાદ

**કર્તા સર્વ રચનાના કારણરૂપે રહેલા છે અને આપણે સર્જનહારના જ અંશો છીએ. એ જ છેવટની સાચી સમજ છે.**

### ભાવાર્થ

દેહમાં અધિપતિ (માલિક) તરીકે સર્જનહારના જ અંશો છે. તે જ ન્યાયે અખિલ બ્રહ્માંડમાં પણ પિંડની જેમ જ ત્રણ પ્રકારની ગોઠવણ છે. જેમાં બ્રહ્મથી પરે રહેલા મહદ્ ચૈતન કૈવલકર્તા-અંશી કર્તૃત્વશક્તિ ધરાવે છે જ્યારે, અંશ કર્તૃત્વ શક્તિ વગરનો છે. સર્જનહારે આપણામાં મહાકલ્પ પૂરો થાય ત્યાં સુધીની ચૈતન શક્તિનો સંચ ભરેલો છે. એટલે કે, જ્યારે કર્તાનો શુદ્ધ સંકલ્પ સમાઈ જશે ત્યારે છેવટે કર્તાના

ત્રણેય પ્રકારના બધા જ અંશો કર્તાની અંશવૃત્તિમાં પાછા સમાઈ જવાના છે. ત્યારે આપણું જે શાશ્વત સ્વરૂપ હતું તે સર્જનહારમાં લીન પામી જાય છે. આમ આપણા અને સર્જનહાર અંગે આ છેલ્લી અને સત્ય સમજણ છે.

**અબ જેહી સુનો વિશેષ અંશકી, પુનિ સામાન્ય સમેતુ;**
**એકહી ખાનપાન દોહુનકે, વસત સજાત સખેતુ. ૩૩**

**શબ્દાર્થ**

**અબ** = હવે **જેહી** = જે **સુનો** = શ્રવણ કરો, સાંભળો **વિશેષ અંશકી** = વિશેષ અંશોની **પુનિ** = વળી **સામાન્ય** = સામાન્ય અંશોની **સમેતુ** = સહિત, સમેત **એકહી** = એકજ **ખાનપાન** = ખાવું પીવું **દોહુનકે** = બંનેના **વસત** = વસે છે **સજાત** = સજાતિના **સખેતુ** = સમાનક્ષેત્રમાં, સરખા વિસ્તારમાં.

**અનુવાદ**

**હવે જે વિશેષ અને સામાન્ય અંશો છે તે બંનેના એક જ ખાનપાન છે અને સજાતિ ક્ષેત્રમાં જ વસે છે તે અંગે શ્રવણ કરો.**

**ભાવાર્થ**

સર્જનહાર દ્વારા બનાવેલા સામાન્ય અને વિશેષ અંશોની બ્રહ્મરૂપ ભૂમિકામાં પહેલેથી તૈયાર થયેલાં તત્ત્વોવાળા શરીરમાં પ્રવેશવાની અને પ્રવેશ્યા બાદ તત્ત્વોથી ભિન્ન રહીને તેને સજીવન કરીને વર્તમાન કરવાની તેમજ શરીર થકી દરેક જાતિમાં ખાનપાનની એક જ સરખી સમાનતા છે. વળી જે દેહમાં વસે છે તે દેહની ભૂમિકા પણ જડ અને નાશવંત તત્ત્વોની છે. બંને પ્રકારના અંશો સજાતિ દેહમાં જ નિવાસ કરે છે. ભલે તત્ત્વોના મેળવણી અને તત્ત્વોનું પ્રમાણ ઓછું-વધતું હોય છે, પરંતુ અંશને બાકાત કરતાં બાકીનાં બધાં જ તત્ત્વો પરિવર્તનશીલ અને નાશવંત છે, આ અંગેની વિશેષ સમજણ આપણને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે.

**એક ખાન ઓરુ ખેત વસનસે, સમકર અંશ ન કોઈ;**
**ઉભયનકે ઈશ્વરયનકી ગત, કહત સુનો અબ સોઈ. ૩૪**

### શબ્દાર્થ

**એક** = એક જ **ખાન** = ચારો, ખોરાક, કર્તવ્ય **ઓરુ** = અને **ખેત** = ભૂમિકા, ક્ષેત્ર **વસનસે** = વસવા માટેની **સમકર** = સમાન શક્તિ, ઐશ્વર્યતા વાળા **અંશ** = અંશ **ન કોઈ** = કોઈ નથી **ઉભયનકે** = બંનેવમાં **ઈશ્વરયનકી** = ઐશ્વર્યતાની, વિભૂતિઓની **ગત** = ગતિ, જાણ, સમજ, જ્ઞાન **કહત** = કહું છું **સુનો** = સાંભળો **અબ** = હવે **સોઈ** = તે, સર્વ.

## અનુવાદ

**એક જ પ્રકારનું ખાનપાન અને નિવાસ હોવા છતાં બંને પ્રકારના અંશો સમાન નથી. બંનેમાં ઐશ્વર્યપણાની ગતિ કહું છું તે શ્રવણ કરો.**

## ભાવાર્થ

સર્જનહારના પ્રકાશ રૂપ સચરાચર વ્યાપક ચિદ્દાકાર બ્રહ્મરૂપી ખેતરમાં સર્વ અંશો સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં પોતાનો ચારો ચરે છે. તેમ છતાં અંશોની ઐશ્વર્યતાની ભિન્નતા જોવા મળે છે. તે ભિન્ન રહેલી ઐશ્વર્યતાની સમજ હવે આપણને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સમજાવશે તે શ્રવણ કરવા અને સમજવા આપણે સજાગ થઈ જઈએ.

**એક સજાત સકલ ઘટકે મહી, પ્રેરક પવન સમીરા;**
**જેસેહી અંશ વિશેષ નુન્યગત, તેસેહી સ્વરન સહીરા. ૩૫**

### શબ્દાર્થ

**એક** = એક જ **સજાત** = સજાતિના **સકલ** = આખા, સમસ્ત **ઘટકે** = શરીરની **મહી** = અંદરમાં **પ્રેરક** = પુરાતો, અંદર ખેંચાતો **પવન** = શ્વાસ **સમીરા** = પવન **જેસેહી** = જે પ્રમાણે **અંશ** = અંશ **વિશેષ** = વિશેષ **નુન્ય** = સામાન્ય **ગત** = ગતિવાળા **તેસેહી** = તે પ્રમાણે **સ્વર** = સ્વર, વાણી, શબ્દ, પ્રણવ **ન** = નથી, નહીં **સહીરા** = હીર રૂપ, વિત્તવાળો.

## અનુવાદ

**જે પ્રમાણે વિશેષ અને સામાન્ય અંશોની ગતિ છે તે પ્રમાણે હીર રૂપ પ્રણવ**

**નથી, પરંતુ સર્વ ઘાટમાં એક જ સજાતિનો પ્રણવ પ્રેરક કરેલો છે.**

### ભાવાર્થ

સર્જનહારે સ્થૂળદેહમાં ચોરાસી લાખ પ્રકારનાં શરીરનું નિર્માણ કરેલું છે. જેમાં સ્થાવર જાતિમાં તૃણ, પનડી, વેલી, જળ અને વૃક્ષની જાતિનો સમાવેશ થાય છે. જંગમ જાતિમાં મનુષ્ય, કીટ-પતંગ, પશુ જળ જાતિ અને પક્ષીઓની જાતિનો સમાવેશ થાય છે. આમ જે જે સજાતિના સર્વ ઘાટમાં જે પવનની પૂરવાની ગતિ છે તે એક જ પ્રકારની જાતિમાં એક સરખો પ્રેરક થાય છે.

સામાન્ય અને વિશેષ અંશોની ગતિ ભિન્ન છે તે પ્રમાણે જોતાં દરેકમાં હીર રૂપ પ્રણવ ભિન્ન નથી, પરંતુ તે જ રીતે અન્ય સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહમાં પણ પ્રેરકની ગતિ દેહની ગતિ મુજબ હોય છે, જેમાં એક જ સજાતિનો પ્રણવ છે.

**જયૌ અપકે અનુકરમનસે ઈત, સકલ પદારથ સોઈ;**
**લખ ચોરાસી જીવજંત તન, એક સરીખ ન કોઈ. ૩૬**

### શબ્દાર્થ

**જયૌ** = જેમકે, જેવી રીતે **અપકે** = પાણી **અનુકરમનસે** = મૂળ કાર્યશક્તિ, સૂક્ષ્મ પોષણ ક્ષમતા, ગુણધર્મ, સૂક્ષ્મ કાર્ય પદ્ધતિ, સૂક્ષ્મ ગુણધર્મથી **ઈત** = તેમ, આ **સકલ** = સર્વ, તમામ **પદારથ** = પદાર્થ **સોઈ** = હોય છે **લખ ચોરાસી** = ચોરાસી લાખ **જીવજંત** = જીવ જંતુ **તન** = શરીર, દેહ, ઘાટ **એક સરીખ** = એકસરખા **ન** = નહીં **કોઈ** = કોઈ પણ, દરેક, સર્વ કોઈ.

### અનુવાદ

**જેમ પાણી પોતાના સૂક્ષ્મ પોષણ ક્ષમતા મુજબ સર્વ પદાર્થોનું પોષણ કરે છે તેમ છતાં ચોરાસી લાખ પ્રકારના જીવજંતુ સહિતના સર્વ કોઈ શરીર એકસરખા નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં ઉત્પન્ન થયેલા ચોરાસી લાખ પ્રકારના સ્થાવર-જંગમ સહિતના સર્વ

ઘાટનું જીવન હવા, પાણી અને ખોરાક ઉપર અવલંબિત છે, જેમાં પાણીનો વિચાર કરીએ તો એક જ પ્રકારનું પાણી પોતાનામાં રહેલી સૂક્ષ્મ પોષણ ક્ષમતા મુજબ સર્વ પદાર્થ રૂપ રહેલાં શરીરને પોષણ કરે છે. જેમાં જળમાં રહેલા કદાવર અને સૂક્ષ્મ જીવ હોય કે પછી પૃથ્વી પરના સ્થાવર અને અન્ય જંગમ જાતિના સર્વ જીવ હોય, પરંતુ બધાનું પોષણ એક જ તત્ત્વરૂપ પાણીથી હોવા છતાં ચોરાસી લાખ પ્રકારના સર્વ ઘાટની રચના અને તત્ત્વોની વૃદ્ધિ એકસરખી જોવા મળતી નથી.

**જેહી જીનકે તનમે તન સમ અપ, ભવીતવ ભિન્ન સવાદુ;**
**એસેહી પ્રણવ એક અપવતસે, અંશ અલગ પ્રતિપાદુ. ૩૭**

### શબ્દાર્થ

**જેહી** = જેવી રીતે, જેવા **જીનકે** = જેમના **તનમે** = શરીરમાં **તનસમ** = શરીર પ્રમાણે, શરીર સમાન, શરીરને અનુકૂળ **અપ** = પાણી ભ**વીતવ** = ભળી જઈને, થઈ જઈને **ભિન્ન** = જુદા જુદા, તરેહ તરતેહના, અલગ અલગ **સવાદુ** = સ્વાદ, રસાદિક પરિપાક, પરિવર્તિત સ્વરૂપ **એસેહી** = તે જ રીતે, એ જ પ્રમાણે **પ્રણવ** = પવન, પ્રેરક, શ્વાસ **એક** = એક જ **અપવતસે** = પાણીની જેમ જ, પાણીની માફક જ **અંશ** = સર્જનહારની સજાતિ અંશ **અલગ** = અલગ, ભિન્ન, જુદો **પ્રતિપાદુ** = સમર્થન કરનાર , નિર્વાહ કરનાર, ચેતન કરનાર , થાળે પાડનાર, સાથ આપનાર.

### અનુવાદ

**જેવા ઘાટ તે પ્રમાણે તેમાં પાણી અલગ અલગ સ્વાદ વાળું થાય છે. એ જ પ્રમાણે પ્રણવ પણ પ્રત્યેક ઘાટ પાણીની જેમ જ વર્તે છે, પણ ચૈતન અંશ અલગ છે.**

### ભાવાર્થ

જેવી રીતે વૃક્ષ પાણી પોતાના ગુણધર્મ મુજબ મૂળીયાં દ્વારા પાણીનું પોષણ કરે છે અને જંગમ ઘાટ મુખ દ્વારા પીએ છે. શરીર તે મુજબની અનુકૂળતા પ્રમાણે પાણી અન્ય તત્ત્વોમાં સમાઈને ઘાટને આધીન રસાદિક પરિવર્તન પામે છે. તેમજ વૃક્ષોમાં શોષાઈને ફળોના વિવિધતાવાળા સ્વાદના રૂપમાં પરિવર્તિત થાય છે. જંગમ જાતિના ઘાટમાં પણ જે તે શરીરને પોષણ આપી તત્ત્વોની સાથે ભળી જઈ પ્રવાહિત થઈને વર્તે છે.

તે પ્રમાણે એક જ સરખો પવન પ્રણવરૂપે દરેક શરીરમાં પ્રેરક થઈને પાણીના ગુણધર્મની જેમ જ જેવાં શરીર તેવા શરીરનાં તત્ત્વો પ્રમાણે વર્તે છે, પરંતુ સર્વ સજાતિ તત્ત્વોના સમૂહથી બનેલા શરીરને ચૈતન કરનાર અંશ વિજાતિ હોઈ અલગ છે.

**એક નીરસે એક નહીં જ્યૌ, વનસ્પતિનકી જાતિ;**
**પ્રણવ એકસે એક નહીં ત્યૌ, અંશ વિશેષ વિજાતિ. ૩૮**

### શબ્દાર્થ

**એક** = એક જ **નીરસે** = પાણીથી **એક નહીં** = એકસરખી નહીં **જ્યૌ** = જેમ, જેવી રીતે **વનસ્પતિ કી** = વનસ્પતિની **જાતિ** = જાત, પ્રકાર **પ્રણવ એકસે** = એક જ પ્રણવથી **એકનહીં** = એક સરખા નથી **ત્યૌ** = તેવી જ રીતે **અંશ** = સકર્તા પતિના સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **વિશેષ** = મહાન **વિજાતિ** = વિરુદ્ધ જાતિના, વિજાતિ.

### અનુવાદ

**એક જ પાણી હોવા છતાં વનસ્પતિની જાતિ એક સરખી હોતી નથી તેમ એક સરખો જ પ્રણવ હોવા છતાં એકસરખી શબ્દ રચના નથી તેમજ અંશો પણ વિશેષ અને વિજાતિ છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવેલી એ જ સમજની અહીં વિશેષ સ્પષ્ટતા કરવામાં આવી છે. જેમ એક જ પ્રકારના પાણીનું સિંચન કરવા છતાં સ્થૂળ સ્થાવર જાતિની વનસ્પતિમાં વિવિધતા જોવા મળે છે. પાણીનું પરિવર્તિત (સ્વાદ) રસપણું અલગ-અલગ માલૂમ પડે છે. તેવી જ રીતે પ્રેરક થતો પવન એક જ સરખો હોય છે. તેમ છતાં દરેક દેહમાં પ્રણવ દ્વારા થતી સ્વરની રચના અલગ અલગ જોવા અને સાંભળવા મળે છે.

તેવી જ રીતે આ જડ અને અચેત સજાતીય તત્ત્વોથી અંશોની સ્થિતિ વિજાતિ છે અને અંશોમાં પણ વિશેષતા ઓછી-વધતી જોવા મળે છે. અંશોમાં સમર્થતા ઓછા-વધતા પ્રમાણમાં ભળેલી હોવા છતાં તે તે અંશો તે તે પ્રકારના ઘાટમાં પોતાની ચૈતન શક્તિથી પ્રણવ થકી સઘળા સજાતિ તત્ત્વોને ચેતનવંત રાખે છે, જેથી આપણને વિવિધતાવાળા ઘાટ ચેતન થયેલા જણાય છે, પરંતુ તે ચેતન કરવાવાળો અંશ તો એક જ સર્જનહારની સજાતિનો છે.

**જબતે પ્રણવ સજાત તંતકી, ખાનપાનવત્ સોઈ;**
**તીનત્યે અંશ વિજાત વિલક્ષણ, એક નહીં કિનું કોઈ. ૩૯**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, જેવી રીતે, તેમજ **પ્રણવ** = પ્રાણાયામ **સજાત** = સજાતિના **તંતકી** = તત્ત્વોની **ખાનપાનવત્** = ખોરાકી પદાર્થ રૂપે, ખાનપાન સમાન **સોઈ** = તે, છે **તીનત્યે** = તેનાથી **અંશ** = કર્તાના સજાતિ, સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **વિજાત** = વિજાતિ, ભિન્ન જાતિનું **વિલક્ષણ** = લક્ષણોથી ભિન્ન, જુદા જ પ્રકારના ગુણધર્મવાળું **એક** = એકસરખા **નહીં** = નથી **કિનું કોઈ** = કોઈ નથી, કોઈ પણ.

### અનુવાદ

**જેમ કે પ્રણવ તત્ત્વોની સજાતિના છે તેનાથી અંશ વિજાતિ અને વિલક્ષણ હોઈ કોઈનાથી એક સરખો નથી, પરંતુ એક સરખાં ખાનપાનવાળો છે.**

### ભાવાર્થ

સર્જનહારે ઉત્પન્ન કરેલાં તત્ત્વોમાં જે જડ અને નાશવંત તત્ત્વો છે તે અને અંશ જે પોતે ચૈતન અને શાશ્વત છે તે એમ બંને એકબીજાથી વિજાતિ હોઈ તેમનાં લક્ષણો પણ ભિન્ન છે અને બંને કોઈ કોઈનાથી એક સરખા નથી. એટલે કે, એક જ સજાતીય તત્ત્વોના મિશ્રણથી બનાવેલાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહમાં તત્ત્વોની સજાતિનો જે સમચૈતન હીર પ્રણવ છે તે પણ સજાત હોવા છતાં તેના પોતાના ખાનપાન માટે એટલે કે પોતાનો ચારો ચરવા માટે આવા દેહનો જ ઉપભોગ કરે છે. અહીં સુધીના સર્વ સજાતિના કહેવાય છે.

આ સર્વને પણ સચેતન કરવાવાળો જે ચૈતનઅંશ છે જે દેહમાં સર્વોપરી છે અને તત્ત્વો થકી જ ચારો ચરીને ચાસમી મેળવે છે. તેમ છતાં તે દેહની સચેતનતા અને જીવંતપણાના સાક્ષી સ્વરૂપે હોય છે. જે પોતે વિજાતિ અને અન્ય તત્ત્વોથી વિશેષ લક્ષણો અને ગુણધર્મો ધરાવે છે.

જેથી જડ તત્ત્વો અને શાશ્વત અંશમાં કોઈ એક જાતિના કે એક લક્ષણો ધરાવતાં નથી. એટલે કે, બંને એકબીજાથી વિજાતિ અને વિલક્ષણ છે.

**તંત સજાતિક પ્રણવ સહિત ઈત, અંશ અજાત અમીરુ;**
**તે ન હવે જડ તંત સમોવડ, ચીકટ મિલે નહીં નિરુ. ૪૦**

### શબ્દાર્થ

**તંત** = તત્ત્વો **સજાતિક** = એક જ જાતિના **પ્રણવ** = પ્રાણાયામ **સહિત** = સાથે, સહિત **ઈત** = તે, અત્રે, અહીં **અંશ** = સકર્તાની સજાણજાણ ચૈતનઅંશ **અજાત** = વિજાતિ **અમીરુ** = સર્વોપરી, શાસક, સરદાર **તે** = તે **ન** = નથી **હવે** = હવે, અત્યારે, પછી, હોય, થાય **જડ તંત** = જડ તત્ત્વોના **સમોવડ** = સરખો, સમાન, બરોબરિયું **ચીકટ** = ચીકાશ, તૈલી પદાર્થ **મિલે** = ભળે, મિશ્રિત થાય **નહીં** = નહીં **નિરુ** = પાણીમાં, જળમાં.

### અનુવાદ

**અત્રે પ્રણવ સહિત સર્વ તત્ત્વ સજાતિના છે. જ્યારે સર્વોપરી અંશ અજાત છે. જેમ પાણીમાં ચીકાશ ભળતી નથી તેમ અંશ પણ જળ તત્ત્વો જેવો થતો નથી.**

### ભાવાર્થ

દેહની રચનામાં રહેલાં સર્વ તત્ત્વો અને તે તત્ત્વોના જીવનના આધારરૂપે રહેલ પ્રાણાયામ સહિત સર્વે તત્ત્વો સજાતિના છે. તે તમામ તત્ત્વો જડ અને નાશવંત છે.જ્યારે સજાતિથી ભિન્ન સર્જનહારના સજાણજાણ રૂપે રહેલ અંશ ચૈતન શાશ્વત છે.એટલે કે, અંશ તત્ત્વોની જાતિ નો ન હોઈ વિજાતિ છે. તેમજ સમગ્ર શરીરમાં તે સર્વોપરી સરદાર રૂપે રહીને પોતાના નિજ ચૈતન આભાસથી આખું શરીર જીવંત અને ચેતના પામે છે. વળી જડ તત્ત્વોની સાથે રહીને પોતાની ચેતનતાના સ્વભાવ થકી દેહનાં તત્ત્વો દ્વારા પોતે આનંદ માણે છે, પરંતુ તત્ત્વો સાથે ભળી જતો નથી.

જેમ કે કોઈ પણ પ્રકારના ચીકાશવાળા પદાર્થો પાણીમાં ભળતા નથી તેમ અંશ પોતે, માલિક તરીકેની ભૂમિકા ભજવી જડ ઘાટનાં તત્ત્વો સાથે રહેવા, જડ ઘાટ સાથે ભળી જતો નથી (મિશ્રિત થતો નથી).

**એહી પરકારન અંશ અલેપન, તનમે થકો વિતરહી;**
**લાગ શકે એક અગ્ય જેહુનકુ, તદીપતાય ભવ ફરહી. ૪૧**

### શબ્દાર્થ

**એહી પરકારન** = આ પ્રકારે **અંશ** = સર્જનહારના સજાણજાણ ચૈતનઅંશ **અલેપન** = અલિપ્ત, લિપ્ત નહીં તેવું, નિર્લેપ, આસક્ત **તનમે** = દેહમાં, શરીર, ઘાટમાં **થકો** = રહીને, થકી, આધારે **વિતરહી** = ભિન્નતા, જુદાપણે, અલગ **લાગ શકે** = લાગી શકે **એક અગ્ય** = એકત્વનું અજ્ઞાન, પોતાપણાનું, ભાન, હું પણાનું ભાન **જેહુનકુ** = જેને, તેને **તદીપતાય** = તેમ છતાં **ભવ** = વિશ્વમાં, સંસારમાં **ફરહી** = ફરે છે.

## અનુવાદ

**એ પ્રકારે અંશ નિર્લેપ હોઈ શરીરમાં અલિપ્ત રહે છે. તેમ છતાં તેને (પોતાનાપણાનું) અજ્ઞાન લાગી શકવાથી ભવમાં ફરે છે.**

## ભાવાર્થ

અંશ પોતાની ચૈતનતાનો ભાવ ત્યજ્યા વિના તથા શરીરમાં તત્ત્વોની સાથે ભળ્યા સિવાય નિર્લેપ રીતે રહે છે. એવો નિર્લેપ રહેલો અંશ શરીરના સજાતિ બધા જ તત્ત્વોથી ભિન્ન હોઈ વિજાતિ તત્ત્વોના પ્રભાવમાં આવીને તેમાં લોપાયમાન થતો નથી. સર્જનહારના કૈવલધામમાંથી અણિઅગ્ર અંકુરિત થઈને નિર્મળ સ્વરૂપે નીકળેલો અંશ બ્રહ્માંડની બ્રહ્મભૂમિકા, નિરંજનની ભૂમિકા, આદ્યશક્તિના પ્રદેશમાં અને પછી ત્રણ પ્રકારના દેહમાં પસાર થઈ સ્થૂળદેહમાં આવ્યો. તેમાં ચોરાસી લાખ પ્રકારના ઘાટમાં રખડતો હોવાથી તેના ઉપર દેહનાં આવરણોના પટ્ટ લાગી ગયા છે. જેથી તે પોતાના સ્વ-ચૈતન સ્વરૂપને ભૂલીને દેહમય બની દેહ તરીકે પોતાને ઓળખાવે છે. આમ, આવી અજ્ઞાન દશાને કારણે તે ભવમાં જન્મમરણના સંકટમાં ભટક્યા કરે છે.

**અગ્ય સજાત અંશતે ઉદ્ભવ, અપના વિસરપણાનું;**
**જ્યૌ તે ભોજન કરીત આપ નિજ, ભૂલીતવ દિવસ ઘણાનું. ૪૨**

### શબ્દાર્થ

**અગ્ય** = અજ્ઞાન **સજાત** = પોતાની જ જાતિ **અંશતે** = અંશની **ઉદ્ભવ** = ઉદ્ભવે, ઉત્પન્ન થાય, પેદા થાય **અપના** = પોતાના, ચેતન સ્વરૂપ **વિસરપણાનું** = વિસ્મૃતિનું, ભૂલી જવાનું **જ્યૌ** = જેમ **તે** = તે **ભોજન** = ભોજન, જમવાનું **કરીત** = કરેલું **આપ નીજ** = પોતે, જાતે, આપણે પોતે **ભૂલી** = ભૂલી જઈએ **તવ** = ત્યારે **દિવસ ઘણાનું** = ઘણા દિવસોનું.

### અનુવાદ

**જેમ ઘણા દિવસો થાય ત્યારે આપણને પોતે કરેલું ભોજન ભૂલી જઈએ છીએ, તેમ અંશને અજ્ઞાન પેદા થતાં પોતાની સ્વજાતની વિસ્મૃતિ થઈ છે.**

### ભાવાર્થ

જેમ માનવીને ઘણા દિવસો પહેલાં કરેલું ભોજન યાદ રહેતું નથી. એટલે કે, દિવસો વીતી જતાં પોતાની યાદમાંથી ભોજન અંગેની જાણની વિસ્મૃતિ થાય છે. તે જ રીતે સર્જનહારની સજાણજાણ રૂપે રહેલો અંશ પણ ઘણા કલ્પોથી સર્જનહારના ધામમાંથી વિખૂટો પડીને અનેક પ્રકારના દેહમાં ભટકતો ફરે છે. પોતાની અલ્પજ્ઞતાની ગતિને કારણે અજ્ઞાન પેદા થવાથી. પોતાની સ્વ-ચૈતન સ્વરૂપની જાણ વિસ્મૃતિ પામી, પોતે સર્જનહારનો સજાતિ ચૈતનઅંશ છે અને સર્જનહારના વંશનો છે તેવું જ્ઞાન ભૂલી ગયો છે.

**થોરેક દિનકે ભુગતમાનકી, સુઝ ન પરે સુગમસે;**
**તો ક્યૌ રહે સુજાન આપનકી, કોટિક ભયે યુગનસે. ૪૩**

### શબ્દાર્થ

**થોરેક** = થોડાક **દિનકે** = દિવસોના **ભુગતમાનકી** = ભૂક્તમાન કરેલું **સુઝ** = સમજ, જ્ઞાન માહિતી **ન પરે** = નપડે, ન રહે **સુગમસે** = સરળતાપૂર્વક, સહેલાઈથી, સ્મૃતિમાં **તો** = તો પછી **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **રહે** = રહે **સુજાન** = સ્મૃતિ, જાણ **આપનકી** = પોતના સ્વ-ચૈતન સ્વરૂપની **કોટિક** = કરોડો **ભયે** = થઈ ગયો **યુગનસે** = યુગોથી.

### અનુવાદ

**થોડાક દિવસો પહેલાં કરેલા ભોજનની સ્મૃતિ સહેલાઈથી રહેતી નથી, તો પછી કરોડો યુગો થઈ ગયા હોવાથી પોતાના સ્વરૂપની સ્મૃતિ કેવી રીતે રહી શકે?**

### ભાવાર્થ

અગાઉ સ્પષ્ટતા કરી તેમ થોડાક દિવસો પહેલા આપણે કયું ભોજન જમ્યા હતા

તેની પણ માહિતી આપણને સરળતાપૂર્વક રહેતી નથી. સહજ સ્વભાવ ગત વિસ્મૃતિ થતાં તેની યાદ ભુલાઈ જાય છે, તો પછી કરોડો યુગોથી સર્જનહારના કૈવલધામમાંથી વિખૂટા પડેલા અંશને બ્રહ્મ ભૂમિકા, સહિત પાંચ પ્રકારના દેહમાં થઈને પસાર થવું પડ્યું. વળી સ્થૂળ દેહમાં પણ ૮૪ લાખ પ્રકારનાં શરીરમાં ભટકવું પડ્યું. પરિણામે સહજ સ્વભાવગત અજ્ઞાનતા વશ થઈ જવાથી પોતાના શુદ્ધ સ્વ-ચૈતન સ્વરૂપ અંગેની જાણ રહેવા પામી નથી.

**એહી પરકાર અંશ અલ્પજ્ઞે, બિછરન હુયે ક્તારુ;**
**જબત્યે તે અબલગ લ્યૌ જીનકું, કહી જુગ ભયે અપારુ. ૪૪**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રકારે **અંશ** = સર્જનહારનો સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **અલ્પજ્ઞે** = અલ્પગતિવાળો હોઈ **બિછરન** = છૂટાં **હુયે** = પડ્યા, થયા **ક્તારુ** = કર્તાથી સર્જનહારથી **જબત્યે** = ત્યારથી **તે** = તે **અબલગ લ્યૌ** = અત્યાર સુધી **જીનકું** = તેમને **કહી** = કેટલાયે **જુગ** = યુગો **ભયે** = થયાં **અપારુ** = અનેક.

### અનુવાદ

**એ પ્રકારે અલ્પજ્ઞ અંશો કર્તાથી વિખૂટા પડ્યા ત્યારથી તે અત્યાર સુધી અનેક યુગો થઈ ગયા છે.**

### ભાવાર્થ

સર્જનહારે પોતે પોતાના શુદ્ધ સંકલ્પથી જે કોઈ રચના રચી છે તેમાં સમયનો સંચ ભરેલો છે. દેહ બનાવ્યા તેમાં પણ એકએકથી અધિક આયુષ્ય ભોગવે તેવી રચના કરી છે. સૂક્ષ્મદેહથી હજાર ઘણું કારણદેહનું આયુષ્ય છે. કારણદેહથી હજાર ગણું મહાકારણદેહનું આયુષ્ય છે અને મહાકારણદેહથી હજારગણું પરમકારણદેહનું આયુષ્ય છે. અંશ સૌપ્રથમ બ્રહ્મભૂમિકામાંથી પસાર થયો. ત્યારબાદ વારાફરતી પરમકારણદેહ, મહાકારણદેહ, કારણદેહ અને સૂક્ષ્મદેહમાં પસાર થઈને છેલ્લે સ્થૂળ દેહમાં આવ્યો છે. આ રીતે કૈવલધામમાંથી વિખૂટા પડ્યા ત્યારથી અત્યાર સુધીનો સમયગાળો જોતાં કરોડો કલ્પો વીતી ગયા હશે તે દરમિયાન ભટકતાં ભટકતા અંશને અપાર યુગો થઈ ગયા છે.

**એહી અજ્ઞાન કિન અંશનકે, આપોઆપ હવિનકે;**
**વારક પ્રેરક નહીંન તાયકો, કહુ દ્દષ્ટાંત જેહીનકે. ૪૫**

### શબ્દાર્થ

**એહી** = આ પ્રમાણેનું **અજ્ઞાન** = અજ્ઞાન **કિન** = કયું, થયું **અંશનકે** = અંશને, અંશના પોતાના થકી, અંશે પોતે જ **આપોઆપ** = આપોઆપ, પોતાની, જાતે જ **હવીનકે** = થયેલું, થયું **વારક** = અટકાવનાર, રોકનાર, વારનાર, થંભાવી દેનાર **પ્રેરક** = પ્રેરણા કરનાર, પુરસ્કર્તા, ઉત્તેજન આપનારું **નહીંન** = કોઈ નહીં **તાયકો** = તેને **કહું** = કહું છું **દ્દષ્ટાંત** = ઉદાહરણ **જેહીનકે** = જેને માટે, જેનું, જે અંગે, તેના વિશે.

### અનુવાદ

**અંશને આ પ્રમાણેનું અજ્ઞાન થયું તે આપોઆપ જ થયેલું છે. તેને કોઈ પ્રેરણા આપનાર કે અટકાવનાર નથી. તે અંગે ઉદાહરણ કહું છું.**

### ભાવાર્થ

સર્જનહારની સજાતિનો જે અલ્પજ્ઞ અને અકર્તા અંશ છે તેને બ્રહ્માંડમાં આવે અપાર યુગોનો સમય વીતવાથી જે અજ્ઞાન થયું છે તે કોઈના થકી થતું નથી, પરંતુ આપોઆપ જ પોતાના થકી જ ઉત્પન્ન થયેલું છે. એટલે કે, સહજ રીતે અજ્ઞાનતા વ્યાપેલી છે. આવા અજ્ઞાનને પ્રેરણા કરનાર કે અટકાવનાર અન્ય કોઈ નથી. જેની સમજ પડે તે માટે આપણને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સચોટ ઉદાહરણ આપી સમજાવે છે.

**જ્યૌ તે છાજન કરીત નેંનકુ, અપને ઉપચરમસે;**
**અપ છાજન અપકે ઉતપનસે, કાંઈન સુર પરમસે. ૪૬**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ, જેવી રીતે **તે** = તે **છાજન** = છવાઈ જાય, ઢંકાઈ જાય **કરીત** = કરીને, ઢાંકીને **નેંનકું** = આંખોને, નેત્રોને **અપને** = પોતાના **ઉપચરમસે** = પોપચાથી **અપ** = પાણી **છાજન** = ઢંકાઈ જાય છે **અપકે** = પોતાની, પાણીની **ઉતપનસે** = ઉત્પત્તિથી, લીલથી **કાંઈન** = કાંઈ નથી **સુર પરમસે** = સૂર્યના પરમ પ્રકાશથી.

## અનુવાદ

**જેમ નેત્રોને ઢાંકનાર પોતાના પોપચાં જ છે, પાણીને ઢાંકનાર પાણીથી ઉત્પન્ન થતી લીલ છે તેમ સૂર્યના પ્રકાશને પણ બીજું કોઈ ઢાંકનાર નથી.**

## ભાવાર્થ

જેમ નેત્રોને પોતાનાં પોપચાં જ ઢાંકે છે અને પાણીને પણ પાણીથી જ ઉત્પન્ન થતી લીલ-શેવાળ ઢાંકી દે છે, તેવી જ રીતે સૂર્યના પરમ પ્રકાશને પણ સૂર્યથી ઉત્પન્ન થતાં વાદળો જ ઢાંકી દેતાં હોય છે તે સિવાય અન્ય કોઈ સૂર્યના પ્રકાશને ઢાંકી શકતું નથી આમ, નેત્રો પાણી અને સૂર્ય ત્રણેય વસ્તુરૂપ પદાર્થને ઢાંકવાવાળું અન્ય કોઈ નથી, પરંતુ પોતાના થકી ઉત્પન્ન થતાં આવરણોથી આપોઆપ તે પોતે જ ઢંકાઈ જાય છે. જેને કોઈ અન્ય કારણરૂપ પદાર્થ અટકાવતું નથી કે પ્રેરણા પણ કરતું નથી.

**કોઉ ન ઈતકે કરીત તાયકુ, કીલમીસ નિર નિરાલે;**
**જેતને ભર મલ અવનિ સહિત કે, જીનકે ભઈત સેવાલે. ૪૭**

### શબ્દાર્થ

**કોઉન** = કોઈ નહીં **ઈતકે** = તેને, અહીંયા **કરીત** = કરે **તાયકુ** = તેમણે = તેને **કીલમીસ** = મળ, કવચ, આવરણ , પડ, ઢાંકણ **નિર** = પાણી **નિરાલે** = નિરાળું, ચોખ્ખું, સ્વચ્છ **જેતને ભર** = જેટલા પ્રમાણમાં, જેટલા છે તેટલા **મલ** = આવરણો **અવનિ** = પૃથ્વી **સહિત કે** = સહિતના **જીનકે** = જેનાથી **ભઈત** = થાય છે **સેવાલે** = શેવાળ, લીલ.

## અનુવાદ

**શુદ્ધ જળમાં થતા મળને કોઈએ ઉત્પન્ન કર્યો નથી, પરંતુ તેમાં જે શેવાળ થાય છે તે પૃથ્વીનો સંગ થવાથી જ થયેલી છે.**

## ભાવાર્થ

વરસાદ દ્વારા પૃથ્વી પર પડતું પાણી ચોખ્ખું હોય છે. તે ચોખ્ખું પાણી પૃથ્વીની સપાટી ઉપર વહીને તળાવ કે સાગરમાં સમાય છે. તેવા સ્થિર થયેલા તળાવના

પાણીમાં અનેક વિકારો ભળે છે. તેવા પાણીમાં સમય જતાં લીલ કે શેવાળ ઉત્પન્ન થાય છે અને તે શેવાળ થકી જ તે તળાવનું પાણી ઢંકાઈ જતું હોય છે. આમ, પાણીની પોતાની શેવાળ તેને ઢાંકી દે છે.

**અગ્નિ છપાયત અગ્નિ ખાખસે, પુનહી તપોમ ભખનસે;**
**અર્ક છપાત આભ્ર અનુકરમીત, ઉતપત આપ તપનસે. ૪૮**

**શબ્દાર્થ**

**અગ્નિ** = દેવતા, સળગતા અંગારા, સળગેલા કોલસા **છપાયત** = છુપાય છે, સંતાઈ જાય છે, ઢંકાઈ જાય છે **અગ્નિ** = અગ્નિ **ખાખસે** = રાખથી, રાખોડીથી **પુનહી** = વળી, ફરીથી **તપોમ** = તાપમાનને **ભખનસે** = ભક્ષણ કરે છે, નષ્ટ કરે છે, દૂર કરે છે **અર્ક** = સૂર્ય **છપાત** = છુપાય છે, ઢંકાય છે **આભ્ર** = વાદળ **અનુકરમીત** = અનુક્રમે, ક્રમાનુસાર પ્રક્રિયાથી બનેલા **ઉતપત** = ઉત્પત્તિ **આપ** = પોતાની **તપનસે** = તાપમાનથી, ગરમીના કારણે.

**અનુવાદ**

**અગ્નિની રાખથી જ અગ્નિ ઢંકાય છે. પછી તે રાખ તેના તાપમાનનું ભક્ષણ કરે છે. સૂર્યના પોતાના તાપમાનથી ક્રમાનુસાર ઉત્પત્તિને લીધે થયેલાં વાદળો સૂર્યને ઢાંકે છે.**

**ભાવાર્થ**

કોઈ પણ જલદ પદાર્થને અગ્નિ પૂર્ણ રીતે બાળી દે ત્યાર પછી તે બળેલા પદાર્થ રૂપ અંગારા ઉપર ધીમે ધીમે રાખ ઉત્પન્ન થાય છે. આમ અગ્નિથી ઉત્પન્ન થયેલી રાખ તે અંગારાને ઢાંકી દે છે. વળી અંગારામાં રહેલા તાપમાનનું પણ તે ભક્ષણ કરે છે, જેથી રાખના આવરણથી બહાર અંગારાની ઉષ્ણતા જઈ શકતી નથી. તેવી જ રીતે સૂર્યના તાપમાનથી પાણીની બાષ્પીભવન દ્વારા બનેલી વરાળ ઊંચે ચઢે છે. ઉપરના ઠંડા તાપમાનને કારણે ઉપર ગયેલી વરાળ વાદળોના રૂપમાં એકત્રિત થાય છે. આમ સૂર્યના તાપમાનથી થતી ક્રમાનુસાર ઉત્પત્તિના સ્વરૂપે બંધાયેલાં વાદળોના સમૂહ સૂર્યને ઢાંકી દેતા હોય છે.

**ફલકે બીજ છપીત છલકાયન, તેહી પણ નિજ નિરમીતકે;**
**ધાતુનકુ જ્યૌ કાટ કસાયત, ઉતપન હોત સવીતકે. ૪૯**

### શબ્દાર્થ

**ફલકે** = ફળોના **બીજ** = બીજક **છપીત** = છુપાય **છલકાયન** = છોડ, છાલ, છોતરું **તેહી પણ** = તે પણ **નિજ** = પોતાના **નિરમીતકે** = નિર્માણથી, ઉત્પત્તિના વડે, ઉત્પન્ન થયેલ **ધાતુનકુ** = ધાતુને **જ્યૌ** = જેમ **કાટ** = કાટ, ભિનાશમાં (ભેજમાં) રહેવાથી કે ભેજવાળા વાતારવણથી કેટલીક ધાતુ ઉપર પેદા થતો ધાતુનો વિકાર કે રાતો, નારંગી કે લીલો પોપડો **કસાયત** = કાટ થવાથી, કટાયેલું કાટ ચડેલું **ઉતપન હોત** = ઉત્પન થાય **સવીતકે** = પોતાના જ તત્ત્વથી, પોતાના જ વિકાર યુક્ત ઉત્પત્તિથી, થતું આવરણ.

### અનુવાદ

**જેમ ફળોના બીજક પણ પોતાની જ ઉત્પત્તિ રૂપ છાલથી ઢંકાયેલાં છે. તેમ ધાતુને પોતાના જ વિકારયુક્ત કાટથી જ ધાતુ પર આવરણ જામે છે.**

### ભાવાર્થ

જેમ ફળોના બીજકથી પેદા થયેલાં ફળોમાં તેના બીજકને છાલ છુપાવી દે છે. એટલે કે, ફળના બીજકમાંથી ઉત્પન્ન થયેલી આવરણ રૂપ છાલ તે જ ફળના બીજકને ઢાંકી દે છે. તેવી જ રીતે ખનીજરૂપે રહેલું લોખંડ ભીનાશમાં રહેવાથી કે ભેજવાળા વાતાવરણના સહવાસથી પોતાનામાંથી પેદા થતા વિકારયુક્ત કાટ મૂળ ખનિજ ને ઢાંકી દેતું હોય છે.

**નૈન નિર ઓરુ અગ્ન અરકકુ, બીજગ ધાત સમેતુ;**
**આવ્રણ ભયે સકલ એતનેકુ, નિજત્યે નિમજ સખેતુ. ૫૦**

### શબ્દાર્થ

**નૈન** = આંખ **નિર** = પાણી **ઓરુ** = અને **અગ્ન** = અંગારા, અગ્નિ **અરકકુ** = સૂર્યને **બીજગ** = બીજક **ધાત** = ધાતુ, ખનિજ **સમેતુ** = સહિત **આવ્રણ** = આવરણ, ઢાંકણ **ભયે** = થવાથી, ચઢવાથી, પેદાથવાથી **સકલ** = સર્વ, તમામ **એતનેકુ** = તેટલા ને, તે બધાને **નિજત્યે** = પોતાના જ

**નિમજ** = ઉત્પત્તિ, નીપજ **સખેતુ** = તેમના પોતાના માંથી જ, પોતાની ખેતી રૂપ, પોતાના જ પાક રૂપ.

### અનુવાદ

**નેત્ર, પાણી, અંગારા, સૂર્ય, બીજક અને લોખંડ સહિત સર્વને જે આવરણ પેદા થાય છે તે તેમના પોતાના પાકરૂપ ઉત્પત્તિ છે.**

### ભાવાર્થ

અગાઉ જોયું તે મુજબ આંખોને તેનાં પોતાનાં પોપચાં, પાણીને તેની પોતાની જ શેવાળ, અંગારાને પોતાની જ રાખ, સૂર્યને તેના પોતાના જ પેદા કરેલાં વાદળો, બીજકને તેની પોતાની જ છાલ અને ધાતુને પોતાનામાંથી વિકારયુક્ત ઉત્પત્તિ રૂપે ઉત્પન્ન થયેલાં કાટ જેવાં આવરણો મૂળ વસ્તુ રૂપ પદાર્થ યાને મૂળ સ્વરૂપને ઢાંકી દે છે. આ તમામ આવરણો તેની પોતાની જ ઉત્પત્તિ હોવા છતાં, તે ઉત્પત્તિ આવરણોના સ્વરૂપે રહીને ઉત્પત્તિના કારણ રૂપ મૂળ પદાર્થોને જ ઢાંકી દેતી હોય છે.

**એહી પરકાર અંશતે ઉતપન, અગ્ય અસાધ અમસ્તુ;**
**ઓરસે નહીં ન આપ ઈછતત, વાસ્તવિક નહીં નિરસ્તુ. ૫૧**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રકારે **અંશતે** = અંશથી, અંશને **ઉતપન** = ઉત્પન્ન થયું, પેદા થયું **અગ્ય** = અજ્ઞાન **અસાધ** = અસાધ્ય, અણસમજનું **અમસ્તુ** = અમથું, વ્યર્થ, નકામું, અનાયાસે, સહજ, વગર કારણે, આપમેળે **ઓરસે** = બીજાથી, અન્યથી **નહીં** = કદી પણ નહીં **ન** = નહીં **આપ** = પોતે **ઈછતત**= ઈચ્છા થકી **વાસ્તવિક** = ખરેખરું, પ્રત્યક્ષ, વસ્તુ સ્થિતિ મુજબનું, અસલ સ્વરૂપમાં રહેલું, સાચુ **નહીં** = નહીં, નથી **નિરસ્તુ** = વર્જિત, વગરનું, વિનાનું, રહિત, અલગ.

### અનુવાદ

**એ પ્રકારે અંશને અણસમજથી પેદા થયેલું અજ્ઞાન તેના અસલ સ્વરૂપથી વર્જિત છે. જે અન્ય કોઈથી કે પોતાની ઈચ્છાથી પણ થયું નથી.**

## ભાવાર્થ

જે જે પદાર્થોની ઉત્પત્તિ કહી તે તે માટે અન્ય બીજું કોઈ કારણરૂપે નથી તેમજ જે કારણરૂપે રહેલ પદાર્થોને પણ તેવી ઉત્પત્તિ કરવાની કોઈ ઈચ્છા પણ હોતી નથી. તેમ છતાં તેવી ઉત્પત્તિ થતી હોય છે. જેમ કે લોખંડને કાટ, પાણીને લીલ, અગ્નિને રાખ અને બીજકને છાલ ઉત્પન્ન કરવાની ઈચ્છા નથી તેમ છતાં તે ઉત્પત્તિ બીજા કોઈની પણ નથી.

એ પ્રકારે અંશની જ પોતાની અણસમજને કારણે તેને અજ્ઞાન પેદા થયેલું છે. જે અજ્ઞાન પોતાના જે ચૈતન સ્વરૂપ છે તેનાથી વર્જિત છે. વળી તે અજ્ઞાન બીજા કોઈથી એટલે કે અન્ય બીજા કોઈથી થયું નથી, પરંતુ અપાર યુગો વીતી જતાં દેહના સંસર્ગથી સહજ રીતે તે અજ્ઞાન પેદા થયેલું છે. અણ સમજ યાને સમજની વિસ્મૃતિના લીધે અંશને પોતાની સ્વ-સ્વરૂપની જાણ ભુલાઈ જવાથી અજ્ઞાનતા વશાત્ પોતાના સ્વચૈતન સ્વરૂપની અનુભૂતિ કરી શકતો નથી. આમ પોતાનામાં થયેલું અજ્ઞાન રૂપ આવરણે જ પોતાના સ્વરૂપને ઢાંકી દીધેલું છે.

જેમ આંખાને પોપચા ઢાંકી દે તેવી કોઈ ઈચ્છા હોતી નથી, પરંતુ દેહની અવસ્થા પલટાતાં આંખો ઉપર ઢાંકણના રૂપે પોપચાં આંખોને ઢાંકી દે છે. તેવી જ રીતે લોખંડને કાટ પેદા કરવાની ઈચ્છા નથી, પરંતુ ભેજવાળા હવામાનનો સંપર્ક થતાં કાટ ઉત્પન્ન થાય છે અને તે કાટ લોખંડને ઢાંકી દે છે. વળી, અંગારાને રાખ પેદા કરવાની કોઈ ઈચ્છા હોતી નથી, તેમ છતાં સમય પસાર થતાં રાખ ઉત્પન્ન થાય છે અને તે રાખ અંગારાને ઢાંકી દે છે. સૂર્યને વાદળ બનાવવાની ઈચ્છા નથી તેમ છતાં પોતાની ગરમીથી પાણીનું બાષ્પીભવન થતાં વરાળ બને છે અને તે આકાશમાં ઉપર જતાં ઠંડીના વાતાવરણના સંપર્કને લીધે તેનાં વાદળાં બને છે, જે વાદળો સૂર્યને ઢાંકે છે. બીજકને છાલ પેદા કરવાની ઈચ્છા નથી, પરંતુ યોગ્ય વાતાવરણ મળતાં પૃથ્વીમાંથી બીજક અંકુરિત થાય છે અને વૃક્ષ બને છે જેનાં ફળમાં રહેલ બીજક ઉપર છાલ જામે છે. જે છાલ બીજકને ઢાંકી દે છે.

**ધાત ભોમસે બીજ વરખ સુત, રવિતપ મહાધ અગનકે;**
**ઓર અગન અલ્પજ્ઞે સુરતે, સહિત નિર જેહી ઘનકે. ૫૨**

### શબ્દાર્થ

**ધાત** = ધાતુ, ખનીજ **ભોમસે** = પૃથ્વીથી, પૃથ્વીમાંથી **બીજ** = બીજક **વરખ** = વૃક્ષ **સુત** = પુત્ર, ઉત્પત્તિ **રવિ** = સૂર્ય **તપ** = તાપમાન **મહાધ** = મહદ્ **અગન કે** = અગ્નિ તત્ત્વથી **ઓર** = અને **અગન** = અગ્નિ તત્ત્વથી **અલ્પજ્ઞે સુરતે** = અલ્પજ્ઞ સૂર્યમાંથી **સહિત** = સહિત **નિર** = પાણી **જેહી** = જે **ઘનકે** = વરસાદ, ઘન, વાદળ.

### અનુવાદ

**ધાતુની પૃથ્વીમાંથી, બીજની વૃક્ષમાંથી, તેમજ સૂર્યની મહદ્ અગ્નિમાંથી ઉત્પત્તિ થયેલી છે. તેમજ સૂર્યથી અલ્પજ્ઞ અગ્નિ તેમજ પાણી સહિતની ઉત્પત્તિ છે**

### ભાવાર્થ

ખનીજનો વિપુલ જથ્થો પૃથ્વીમાંથી પ્રાપ્ત થતો હોય છે. અપાર બીજકો વૃક્ષમાંથી ઉત્પન્ન થાય છે. મહદ્ અગ્નિમાંથી તેના અલ્પજ્ઞ સ્વરૂપે સૂર્યની ઉત્પત્તિ થયેલી છે. તેમજ સૂર્યના તાપમાનથી વરાળ બંધાય અને તે વાદળો આકાશમાંથી જઈને વાતાવરણ મળતાં વરસાદના સ્વરૂપે પાણીની ઉત્પત્તિ થાય છે. એટલે કે, ખનીજના કારણરૂપે પૃથ્વી, બીજકના કારણરૂપે વૃક્ષ, સૂર્યના કારણરૂપે મહદ્ અગ્નિતત્ત્વ, તેમજ પાણીના અને, વાદળો સહિત અલ્પજ્ઞ અગ્નિ (તાપમાન)ના કારણરૂપે સૂર્ય રહેલો છે.

**પુનહી નેંન નિજ અંશ અરકકે, ચર જંગમકે જેહી;**
**દેખનકુ જેહી સકલ પદારથ, અણુની આદ્ય તન તેહી. ૫૩**

### શબ્દાર્થ

**પુનહી** = વળી, ફરીથી **નેંન** = આંખ **નિજ અંશ** = પોતાનો અંશ, પોતાનું તત્ત્વ ભાગ **અરકકે** = સૂર્યનો **ચર** = ચાલતા, ચારો ચરતા **જંગમકે** = જંગમ જાતિના **જેહી** = તે, જે **દેખનકુ** = જોવા માટે **જેહી** = જે તે **સકલ** = સર્વ **પદારથ** = પદાર્થો **અણુની આદ્ય** = અણુથી માંડીને **તન** = શરીર **તેહી** = તેમના, તેઓ.

### અનુવાદ

**વળી જંગમ જાતિનાં ચલાયમાન શરીરને જે આંખો છે તેમાં સૂર્યનો પોતાના અંશ આવેલો છે જેથી તેઓ અણુની આદ્ય લઈને સર્વ પદાર્થોના સ્વરૂપને જોઈ શકે છે.**

## ભાવાર્થ

અખિલ બ્રહ્માંડમાં જેટલા અસ્થિર શરીરધારી જંગમ જાતિના સ્થૂળ ઘાટ છે તેમની આંખોમાં સૂર્યનો અંશ આવેલો છે. એટલે કે, અગ્નિ તત્ત્વનો અલ્પ ભાગ આવેલો છે. અગ્નિ તત્ત્વની રૂપમાત્રા હોવાથી આંખો તેની રૂપ માત્રાને ગ્રહણ કરી શકે છે અને દરેક શરીર પોતાનાં નેત્રો દ્વારા અણુની આદ્ય લઈને સર્વ સ્થૂળ પદાર્થોનાં સ્વરૂપોને જોઈ શકે છે.

**નેંન નીર અલ્પજ્ઞ અગન લ્યૌં, સુરતે છીન સહાઈ;**
**તીનમેં તિમિર ન હુતા તેજમે, ઈતસે લગી સકાઈ. ૫૪**

### શબ્દાર્થ

**નેંન** = આંખ **નીર** = પાણી **અલ્પજ્ઞ અગન** = અલ્પ અગ્નિ, અંગારા **લ્યૌં** = સહિત, એ તો **સુરતે** = સૂર્યના **છીન** = ઝીણા, નાના, અણુની જેમ, અંશ **સહાઈ** = સોહાવે છે, સહાયક છે, જણાય છે, દેખાય છે, આવેલો છે, રહેલો છે **તીન મેં** = ત્રણેયમાં **તિમિર** = અંધકાર, અજ્ઞાનરૂપ આવરણ **ન હુતા** = ન હતું **તેજ મેં** = તેમના, પોતાનામાં **ઈત સે** = અત્રે, અહીંયા **લગી** = લાગેલ **સકાઈ** = શક્યું, શકે, શક્યું, તેમના પોતાનામાં જ, તેમના પોતાનાથી જ, તેમને જ.

## અનુવાદ

**આંખો, પાણી અને અંગારામાં તો સૂર્યનો માત્ર અણુ ભાગ રહેલો છે. ત્રણેયમાં ઢાંકણરૂપ આવરણ હતું નહીં, તેમ છતાં તેમને જ (તેમનાથી) આવરણો લાગી રહ્યાં છે.**

## ભાવાર્થ

આંખોમાં પણ સૂર્યનો તત્ત્વ ભાગ રહેલો છે. પાણીમાં પણ સૂર્યની ઉષ્ણતા સમાયેલી છે. અલ્પજ્ઞ અગ્નિ રૂપે અંગારામાં સૂર્યની જેમ તાપમાન સમાયેલું છે. આમ, ત્રણેય પદાર્થોના મૂળ આદિ કારણરૂપે સૂર્યના લક્ષણોવાળા તત્ત્વો રહેલાં છે. જેના અણુમાત્રમાં સૂક્ષ્મ સ્વરૂપે સ્વભાવ અને ગુણના ભાગો આ ત્રણેયમાં દેખાય છે. વળી, આપણે તેને પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. સૂર્યના તેવા પ્રકારના ગુણો તે-તે પદાર્થોમાં

રહેલા છે. તેમ છતાં, સૂર્યના પોતાનામાં અંધકારરૂપ અજ્ઞાન આવરણરૂપે પોપચાં લીલ અને રાખ હતાં નહીં, પરંતુ તે આવરણો સૂર્યનાં જ તત્ત્વોની ઉત્પત્તિરૂપે અલ્પ તત્ત્વોવાળા આંખો, પાણી અને અંગારામાંથી જ ઊભા થયેલા છે અને તેમનામાંથી ઊભાં થયેલાં આવરણો જ તેમને ઢાંકી દે છે.

**આભ્ર નહીં અગ્નહી મહાધમે, અવન્ય ન કાટ કટાઈ;**
**વૃક્ષમહી છલકાય નહીત ક્યા, એ તીન ભી ઈતસે પટપાઈ. ૫૫**

### શબ્દાર્થ

**આભ્ર** = વાદળ **નહીં** = નથી **અગ્નિમહાધમે** = મહદ્ અગ્નિમાં **અવન્ય** = પૃથ્વીમાં **ન** = નહીં **કાટ કટાઈ** = કટાવાથી લાગતો કાટ **વૃક્ષમહી** = વૃક્ષમાં **છલકાય** = છાલનું સ્વરૂપ **નહીત** = ન હતું **ક્યા** = શું ? તેમ છતાં **એ તીન ભી** = આ ત્રણેય પણ **ઈતસે** = પોતાનામાંથી, તેમનામાંથી **પટપાઈ** = આવરણ પેદા થયેલાં છે, આવરણ લાગેલાં છે.

### અનુવાદ

**મહદ્ અગ્નિમાં વાદળો સમાયેલા નથી, તેમ જ પૃથ્વીમાં કાટ લાગતો નથી અને વૃક્ષમાં છાલનું સ્વરૂપ નથી તેમ છતાં એ ત્રણ પણ તેમનામાંથી પેદા થયેલાં આવરણો છે.**

### ભાવાર્થ

મહદ્ અગ્નિમાં વાદળોનો સમાવેશ થયેલો હોતો નથી અને પૃથ્વીના પેટાળમાં પણ ધાતુને લાગતો કાટ સમાયેલો હોતો નથી. વળી, વૃક્ષની અંદર બીજકની છાલ સમાયેલી નથી. આ ત્રણેયના મૂળ કારણરૂપે રહેલ મહદ્અગ્નિ, પૃથ્વી અને વૃક્ષમાં તે તે ઉત્પત્તિ રૂપ વાદળો, કાટ અને છાલનાં સ્વરૂપો ન હોવા છતાં પણ મહાઅગ્નિમાંથી થયેલ સૂર્ય, પૃથ્વીમાંથી નીકળેલ ધાતુ અને વૃક્ષોમાંથી નીકળેલા બીજકોને અમુક પ્રકારના સંસર્ગ અને સહાયભૂત પરિસ્થિતિ મળતાં તેમાંથી સ્વરૂપો રૂપ આવરણોની ઉત્પત્તિ શક્ય બને છે. તેમાંથી થયેલાં આવરણો જ સૂર્ય, ધાતુ અને બીજકને ઢાંકી દે છે.

**એખટ આવ્રીત હુએ જદીપસે, નિજપદ ભિન્ન ભઈનત્યે;**
**નહીંતરતો મહાતત્ત્વ મહાદ્યમે, અલગ વિના મલ કિનત્યે. ૫૬**

### શબ્દાર્થ

**એખટ** = એ છએ **આવ્રીત** = આવરણવાળા **હુએ** = થયા **જદીપસે** = જ્યારથી **નિજપદ** = પોતાના મૂળ મહદ્ તત્ત્વોમાંથી **ભિન્ન** = જુદા ભ**ઈનત્યે** = છૂટા પડ્યા **નહીંતરતો** = નહીંતર તો એમ ન થયું હોય તો **મહાતત્ત્વ** = મહાતત્ત્વો **મહાદ્યમે** = મૂળ અને મહાન પદાર્થોમાં, સ્વરૂપોમાં **અલગ વિના** = જુદા થયા વિના **મલ** = મળ, વિકાર, આવરણરૂપ પદાર્થ **કિનત્યે** = કેવી રીતે ? કેમ કરીને ? કોને ?

### અનુવાદ

**જ્યારથી નિજપદથી અલગ થવાને કારણે જ એ છએ આવરણવાળા થયા. નહીંતર તો મહાતત્ત્વવાળા સ્વરૂપમાંથી છૂટા ન થયા હોત તો વિકાર કેમ લાગત?**

### ભાવાર્થ

મહદ્ અગ્નિમાંથી સૂર્ય, પૃથ્વીમાંથી ધાતુ, વૃક્ષમાંથી બીજક ઉત્પન્ન થયા છે; વળી સૂર્યમાંથી જળ, અલ્પજ્ઞ અગ્નિ અને નેત્રનાં સ્વરૂપો છૂટા થયાં ન હોત તો તેમનામાં ક્રમાનુસાર છએ આવરણો રૂપ વાદળો, કાટ, છાલ, લીલ, રાખ અને પાંપણો રૂપી આવરણો પેદા થયાં ન હોત. આવરણો જ પેદા થયાં ન હોત તો તેમને પોતાને ઢાંકી દેવાની સ્થિતિ પણ પેદા થઈ ન હોત. આમ જો મૂળ કારણરૂપે રહેલાં આદ્ય મૂળ તત્ત્વો છૂટાં પડ્યાં ત્યારે પણ શુદ્ધ અને વિકારરહિત હતાં અને છૂટા ન પડ્યાં હોત તોપણ મહદ્માં તો આવરણ લાગવાનો સવાલ ઊભો થતો નથી; પરંતુ છૂટા પડ્યા પછી તે સ્વરૂપો વાતાવરણ અને અન્ય વિકાર પેદા કરવામાં મદદરૂપ થનાર સંસર્ગોને કારણે તેમના પોતાનામાં જ આવી વિકારયુક્ત પેદાશ ઉત્પન્ન થઈ છે. આ રીતે પોતાનામાંથી પેદા થયેલા આવરણયુક્ત વિકારે પોતાના જ સ્વરૂપને ઢાંકી દીધેલું છે. નહીંતર તો જો છૂટાં પડ્યાં જ ન હોત તો મહદ્ સ્વરૂપોને વિકાર લાગવાનો સવાલ જ પેદા થતો નથી.

**એ ખટકે દ્રષ્ટાન્ત કહીત જે, સિદ્ધાંત કાજ અરથકુ;**
**ન્યાય સહિત અનવેઈ અરથ બિન, કુન કજ કથે વરથકુ. ૫૭**

### શબ્દાર્થ

**એ ખટકે** = એ છએ **દ્રષ્ટાન્ત** = ઉદાહરણ **કહીત જે** = જે કહ્યા છે તે **સિદ્ધાંત** = છેવટનો નક્કી નિશ્ચિય, મત, મંતવ્ય, વિચાર, પ્રમાણયુક્ત સિદ્ધ કરેલ નિયમ **કાજ** = કરવા, નક્કી કરવા **અરથકુ** = મતલબ, હેતુ, પ્રયોજન, ઉદ્દેશ **ન્યાયસહિત** = ન્યાયપૂર્ણ રીતે, ન્યાયપૂર્વક **અનવેઈ** = અન્વયે, પ્રમાણે, રૂએ, અનુસાર, **અરથ** = ઉદ્દેશ **બિન** = વગર, સિવાય **કુનકજ** = શું કામ, શું કરવા **કથે** = જણાવે, દર્શાવે **વરથકુ** = વ્યર્થ, નકામા, ફોગટ, મિથ્યા, નિરર્થક, નાહક.

### અનુવાદ

**એ છ દ્રષ્ટાંત જે કહ્યા છે તે ન્યાય સહિત સિદ્ધાંત નક્કી કરવા જ કહ્યાં છે. ઉદ્દેશ સિવાય શું કરવા (નકામા) નિરર્થક કહું ?**

### ભાવાર્થ

અગાઉ દર્શાવેલા મૂળ મહાતત્ત્વમાંથી થયેલ પેટા ઉત્પત્તિ અને તેમનામાં વ્યાપેલ વિકારને સમજાવતાં છએ ઉદાહરણો જે આપણને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે દર્શાવ્યાં છે તેની પાછળ ખૂબ જ ગંભીર અને ગૂઢાર્થપૂર્ણ સિદ્ધાંત છુપાયેલો છે. તે પ્રમાણેનાં ઉદાહરણો, સિદ્ધાંતને ન્યાયસહિત સિદ્ધ કરવા માટે જ વિસ્તારપૂર્વક સમજાવ્યાં છે. આ છએ ઉદાહરણો અર્થસભર અને સિદ્ધાંતોને પ્રતિપાદિત કરવા માટે યોગ્ય અને ઉચિત હોવાથી જ દર્શાવવામાં આવ્યાં છે. જો સંપૂર્ણપણે આ છએ ઉદાહરણો, સિદ્ધાંત ને સમજાવવામાં નિરર્થક હોત તો શું કરવા નાહકના કહ્યાં હોત ? યાને (અહીંયાં દર્શાવ્યાં જ ન હોત) એટલે કે, સિદ્ધાંત ને ન્યાયસહિત સમજાવવા માટે જ આ ઉદાહરણો દર્શાવવામાં આવ્યાં છે, કાંઈ નાહકના જ રજૂ કર્યાં નથી.

**એસેહી અંશ અચેત ભવિત ભવ, પરીછીન પરમ પતિનસે;**
**આપોઆપ હવિત નિજતે અગ, લગીત નહી કોઉ કિનસે. ૫૮**

### શબ્દાર્થ

**એસેહી** = એ જ પ્રમાણે, એવી જ રીતે **અંશ** = સર્જનહારની સજાણજાણરૂપ ચૈતનઅંશ **અચેત** = અચેત, પોતાનાથી બેશુદ્ધ , બેખબર **ભવિત** = થયા, થયો, બન્યો **ભવ** = ભવમાં **પરીછીન** = અલગ થયા પછી **પરમ પતિનસે** = પરમપતિથી, સર્જનહારથી, માલિકથી, અંશીમાંથી **આપોઆપ** = સ્વયં, પોતે જ, પોતાનાથી જ **હવિત** = થયા **નિજતે** = પોતાનું **અગ** = અજ્ઞાન **લગીત નહીં** = લાગેલું નથી, લાગ્યું નહીં **કોઉ કીનસે** = કોઈ કોઈનાથી, બીજા કોઈનાથી, અન્ય કોઈથી.

### અનુવાદ

**એવી જ રીતે પરમ પતિમાંથી અંશો વિખૂટા પડ્યા પછી અચેત થયેલા છે. પોતાનાથી જ પોતાનામાં અજ્ઞાન થયું છે. અન્ય કોઈથી લાગેલું નથી.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવેલાં છ પ્રકારનાં દષ્ટાંતોમાં જે પ્રમાણે પોતાના મૂળ મહદ્ મહાતત્ત્વોમાંથી છૂટા પડ્યા પછી જ તેમનામાં વિકારરૂપે આવરણો પેદા થયાં છે; તે જ સિદ્ધાંતના ન્યાયે (એવી જ રીતે) સકર્તા પતિના સજાણ-જાણરૂપ અંશો જ્યારથી સર્જનારરૂપ મહદ્ ચૈતન સ્વરૂપમાંથી છૂટાં પડ્યાં પછી જ અજ્ઞાન વ્યાપેલું છે. આમ પોતાના અજ્ઞાનરૂપી આવરણો થકી ઢંકાઈ જવાથી પોતાના સ્વ-ચૈતન અલ્પજ્ઞ સ્વરૂપની જાણ વિસ્મૃતિ પામ્યા છે. એટલે કે પોતાના સ્વ-ચૈતન સ્વરૂપનું ભાન ભૂલી ગયા છે. આ પ્રકારનું અજ્ઞાન બીજા કોઈથી લાગુ પાડવામાં આવેલું નથી, પરંતુ પોતાના થકી જ પેદા થયેલું છે.

અંશ ઉપર બ્રહ્મ અને પાંચ પ્રકારના દેહના આવરણ ચઢવાથી પોતે પોતાના જ સ્વ-ચૈતન સ્વરૂપનું ભાન ભૂલી ગયો અને દેહમાં કરોડો યુગોથી ભટકતાં ભટકતાં દેહમય બનીને પોતાની જાતને ઓળખવા લાગ્યો છે. આમ, પોતાનામાં જ અજ્ઞાન વ્યાપેલું છે, પરંતુ આ અજ્ઞાન અન્ય કોઈના દ્વારા અંશમાં દાખલ કરાયેલું નથી કે અજ્ઞાન કરવા માટે અન્ય કોઈ કારણભૂત નથી. એટલે કે, આ અજ્ઞાન બીજા કોઈથી લાગુ પાડવામાં આવેલ નથી. આ અજ્ઞાન સ્વયં આપોઆપ પોતાનામાં દેહમાં પરિભ્રમણથી વ્યાપેલું છે.

જો અંશ છૂટા પડ્યા ન હોત તો મહદ્ ચૈતન સર્જનહારમાં આવાં કોઈ આવરણોનો સવાલ જ પેદા થયો ન હોત.

**તોય કાઈ ઓરુ ખાખ અગનકી, અરક અભ્ર જેહી છાઈ;**
**એકહી પ્રબલ પવન પરમીતસે, જીનકુ દેત ઉડાઈ. ૫૯**

### શબ્દાર્થ

**તોય** = પાણી **કાઈ** = શેવાળ, લીલ **ઓરુ** = અને **ખાખ** = રાખ **અગનકી** = અંગારાની **અરક** = સૂર્ય **અભ્ર** = વાદળ **જેહી** = જે **છાઈ** = છવાયેલાં **એકહી** = એક જ, એકમાત્ર **પ્રબલ** = પ્રબળ, શક્તિશાળી, જોરથી **પવન** = પવન **પરમીતસે** = ફૂંકાવાથી (ઝપાટો), પ્રમાણસરનો, યથાપ્રમાણ **જીનકુ** = જેમને, તેમને **દેત** = દે છે **ઉડાઈ** = ઉડાડી મૂકે છે, દૂર કરી નાખવું, હાંકી કાઢવું, આઘે હઠાવવું, નાબૂદ કરવું.

### અનુવાદ

**પાણી ઉપરની શેવાળને, અંગારા ઉપરની રાખને, અને સૂર્યને છવાઈને રહેલાં વાદળો એક જ માત્ર પ્રબળ પવન ફૂંકાવાથી (તેને) દૂર કરે છે.**

### ભાવાર્થ

પાણી ઉપર લીલ કે શેવાળનું આવરણ છવાઈ ગયું હોય છે, અંગારા ઉપર રાખનું આવરણ છવાઈ ગયું હોય અને સૂર્યને ઢાંકી દેનાર આકાશમાં વાદળો છવાયેલાં હોય છે. એક જ પ્રબળ પવનના (ઝપાટો-ઝપાટા) ફૂંકાવાથી ત્રણેય પ્રકારનાં આવરણો રૂપ લીલ, રાખ અને વાદળોને તે પવન પોતાના શક્તિશાળી ઝપાટાને લીધે સહેજવારમાં દૂર કરી દે છે.

**બીજગકે છલકા જંગમ જન, તીનકુ દેત વિડારી;**
**ત્યૌ ધાતન પરકે સકલીગર, લેવત કાટ સમારી. ૬૦**

### શબ્દાર્થ

**બીજગકે** = બીજકોના **છલકા** = છાલ, છોતરાં, બીજક ઉપરની ઉપલી સપાટીએ ઢંકાયેલી ત્વચા **જંગમ જન** = જંગમ જાતિના માનવ **તીનકુ** = તેને **દેત** = દે છે **વિડારી** = છોલી નાખે, છાલ ઉતારી દે છે, છાલ કાઢવી, ઉપરની સપાટી દૂર કરવી **ત્યૌ** = તેમ, તેવી જ રીતે **ધાતન** = ધાતુઓ **પરકે** = ઉપરનો **સકલીગર** = કુશળ કારીગર, કીમિયાગર, હાથની કારીગરીમાં પ્રવીણ કામ કરનાર **લેવત** = લે છે **કાટ** = કાટ, ધાતુ ઉપરનું લાગેલું પડ **સમારી** = દૂર કરે છે, સાફ કરી દે છે, દૂરસ્ત કરવું, મરામત કરવી, આંજવું.

## અનુવાદ

**બીજક ઉપરનાં છોતરાંને જંગમ જાતિના જીવ કાઢી નાખે છે. તેવી જ રીતે ધાતુઓ ઉપરનો કાટ હોશિયાર કારીગર દૂર કરે છે.**

## ભાવાર્થ

બીજકો ઉપર રહેલા આવરણરૂપ છાલને જંગમ જાતિના જીવ છોલીને તે છાલને દૂર કરી દે છે. તેવી જ રીતે ધાતુ ઉપર લાગેલા કાટને હોશિયાર કારીગર ઘસીને પોતાની કારીગરી દ્વારા તેની યોગ્ય મરામત કરી તે દૂર કરી દે છે.

**પુનિ આપનેકે નેંન ચરમકુ, જાગ્રત દેત જગાઈ;**
**શ્રવણ શબદકી ટેર સુનાઈત, તનકી નિંદ ભગાઈ. ૬૧**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **આપનેકે** = પોતાનાં, આપણાં **નેંન** = નેત્રોના **ચરમકુ** = પોંપચાને, ચામડીને **જાગ્રત** = જાગ્રત અવસ્થા દ્વારા **દેત જગાઈ** = જગાડી દે છે **શ્રવણ** = કર્ણ, કાન, સાંભળવું, સાંભળવાની ક્રિયા **શબદકી** = શબ્દની **ટેર** = અવાજ, બોલી, ટહુકાર **સુનાઈત** = સાંભળાવીને **તનકી** = શરીરની **નિંદ** = નિદ્રા અવસ્થા, ઊંઘ **ભગાઈ** = દૂર કરે, ભગાવી દે, નષ્ટ કરે.

## અનુવાદ

**વળી આપણા કાનમાં કોઈ શબ્દનો ટહુકાર કરે ત્યારે નિદ્રા દૂર થતાં જાગ્રત થઈને જાગી જવાય છે. ત્યારે શરીરનાં નેત્રો પર રહેલ પોપચાં ખૂલી જાય છે.**

## ભાવાર્થ

વળી આપણે જ્યારે નિદ્રા અવસ્થામાં હોઈએ ત્યારે આપણી આંખો બંધ થઈ જતી હોય છે. એટલે કે, આંખો ઉપર પોપચાંરૂપી ચામડી છે તે આંખોને ઢાંકી દેતી હોય છે, પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ આપણને તે વખતે કાનમાં શબ્દનો ટહુકાર કરે ત્યારે આપણે નિદ્રા અવસ્થામાંથી જાગ્રત અવસ્થામાં આવીને જાગી જઈએ છીએ. તે સમયે આપણી આંખો ઉપર રહેલ પોપચાંરૂપી આવરણ દૂર થઈ જાય છે. એટલે

કે, જાગ્રત થતાં આપણા શરીરનાં નેત્રો પર રહેલાં પોપચાંનું આવરણ દૂર થઈને નેત્રો ખૂલી જાય છે.

**એસેહી અંશ અછાજન અગકુ, પરમગુરુ પરિહારે;**
**તેસેહી પર ઉપગાર કરન પર, તનમન કોહુ ન વારે. ૬૨**

### શબ્દાર્થ

**એસેહી** = એવી જ રીતે **અંશ** = સર્જનહારના સજાણજાણ રૂપ ચૈનત અંશ **અછાજન** = આવરણોથી, ઢંકાઈ ગયો છે **અગકુ** = અજ્ઞાન, અંધકારને **પરમગુરુ** = શ્રીમત્ કરુણાસાગર, પરમગુરુ **પરિહારે** = દૂર કરે, નષ્ટ કરે **તેસેહી** = તેવી-તેવા **પર ઉપગાર** = પરોપકાર, બીજાનું હિત કરનાર, પારકાનું ભલું કરનાર **કરન પર** = કરનાર પ્રત્યે **તનમન** = શરીર અને મન અંતઃકરણ **કોહુ ન વારે** = કેમ નોછાવર કરતાં નથી.

### અનુવાદ

**એવી જ રીતે અંશના અજ્ઞાન રૂપ આવરણને પરમગુરુ નષ્ટ કરે છે. એવા પરોપકાર કરનાર ઉપર શા માટે તન અને મન ન્યોછાવર કરતા નથી ?**

### ભાવાર્થ

જેમ પ્રબળ પવન, પાણી ઉપરની શેવાળ, અંગારા ઉપરની રાખ અને સૂર્યને ઢાંકનાર વાદળોને દૂર કરે છે, જંગમ જાતિના જીવ બીજકની છાલને છોલી નાખે છે. ધાતુને લાગેલો કાટ કારીગર દૂર કરે છે અને શરીરની જાગ્રત અવસ્થા નેત્રોની પાંપણો હટાવી દે છે. તેવી જ રીતે માત્ર પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ વિશ્વમાં પ્રગટ સ્વરૂપે પરોપકાર કરવાના ઉદ્દેશથી પધારેલા છે. જેઓ કેવલજ્ઞાન દ્વારા અંશોનાં અજ્ઞાન રૂપ આવરણોને દૂર કરે છે. માટે અંશને લાગેલાં આવરણો દૂર કરીને પોતાના શુદ્ધ સ્વરૂપે કરનાર પરમગુરુ પ્રત્યે શરીરથી અને મનથી સંપૂર્ણપણે ન્યોછાવર થઈને તેમનું શરણું અવશ્ય સ્વીકારવું જોઈએ.

# અંગ ૧૭
# પ્રેહ વૈરાગ્ય દેખાવન કો

**જો તનમનકુ વારી ધરો તો, ગુરુ પરમ પતીઆઈ;**
**જદપી રીઝ પરે તો પરમપદ, દેત તુરત દરશાઈ. ૧**

### શબ્દાર્થ

**જો** = જો **તનમનકુ** = તન અને મન અંતઃકરણ **વારી ધરો તો** = સમર્પણ કરો તો, ન્યોછાવર કરો તો **ગુરુપરમ** = પરમગુરુ **પતીઆઈ** = વિશ્વાસ લાવી, પ્રતીતિ ભરોસો, પ્રસન્ન, ખુશ, શ્રદ્ધા **જદપી** = ત્યારે, જયારે, જેથી **રીઝ** = કૃપા, પ્રસન્નતા, મહેરબાની **પરે તો** = થાય તો **પરમપદ** = મહાન પદ, શ્રેષ્ઠ કૈવલપદ **દેત** = દે, આપે, કરાવે **તુરત** = તુરત જ, જલદી, હમણાં, આ વખતે **દરશાઈ** = દર્શાવે, બતાવે.

### અનુવાદ

**પરમગુરુ પ્રત્યે વિશ્વાસ લાવી તન અને મન ન્યોછાવર કરવામાં આવે તો તેઓ પ્રસન્ન થાય છે અને તુરત જ પરમપદને દર્શાવે છે.**

### ભાવાર્થ

સર્જનહાર દ્વારા પરમવિશેષ પાટવી અંશ એવા પરમગુરુને આ વિશ્વમાં મોકલવા પાછળનો ઉદ્દેશ અંશને અંશીપદનો લક્ષ દર્શાવવાનો છે. તે કાર્ય માટે જ પરમગુરુ આ વિશ્વમાં આવ્યા છે. તેમના દિવ્યદેહમાં સોળવિભૂતિ અને નવબુદ્ધિ સહિત વિશ્વની સઘળી કરુણાઓનો સમૂહ સમાયેલો છે. આવા પ્રગટ માનવ સ્વરૂપે પધારેલા શ્રીમત્ કરુણાસાગરના પ્રત્યક્ષ ઘનશ્યામ સ્વરૂપમાં પ્રતીતિ લાવીને માનવે પોતાના મન અને શરીરથી સમર્પિત થઈને (તમ-મન સમર્પણ કરીને) તેમનું શરણું સ્વીકારવું જોઈએ. એવા શરણાગત ઉપર પરમગુરુ અવશ્ય કૃપા કરે છે. તેઓ કૈવલજ્ઞાનનો લક્ષ પ્રદાન કરી મિથ્યાપદના બદલામાં મહાપદ એટલે કે કૈવલકર્તાના અમોઘ પરમપદની બક્ષિશ કરે છે. જેથી માનવી આ જન્મે જ જન્મમરણના ભવસંકટમાંથી મુક્ત થઈને પાંચમી અખંડ કૈવલમુક્તિ પ્રાપ્ત કરી શકે છે.

**તેહી માટે ગુરુ સંત શરણ બિનું, કોહુ મોક્ષ નહિ પાઈ;**
**આદ્ય અંત મધ્ય કી ગમગતકુ, સતગુરુ દેત દેખાઈ. ૨**

### શબ્દાર્થ

**તેહી માટે** = તેટલા માટે જ **ગુરુ સંત શરણ બિનું** = સંત રૂપ ગુરુના શરણ વગર **કોહુ** = કોઈ પણ **મોક્ષ** = મુક્તિ **નહિ પાઈ** = પ્રાપ્ત કરી શકે નહીં **આદ્ય** = પ્રારંભથી **અંત** = પ્રલયકાળથી **મધ્ય કી** = પ્રસારાની **ગમગતકુ** = સમજ અને જ્ઞાન **સતગુરુ** = સત્ગુરુ **દેત** = દે છે **દેખાઈ** = બતાવી, દર્શાવી.

### અનુવાદ

**તેટલા માટે જ સંતરૂપ પરમગુરુના શરણ વગર કોઈ પણ મોક્ષ પ્રાપ્ત કરી શકતું નથી. કેમ કે સત્ગુરુ આદ્ય, અંત અને મધ્યની સમજ અને જ્ઞાન દર્શાવે છે.**

### ભાવાર્થ

અખિલ બ્રહ્માંડની ઉત્પત્તિના કારણરૂપે રહેલ સર્જનહાર કૈવલકર્તાની અને આપણા પોતાના ચૈતન સ્વ-સ્વરૂપની ઓળખાણ કરાવીને અંશને અંશી સાથે મેળાપ કરાવી આપવાના પરમ કર્તવ્ય માટે માત્રને માત્ર પરમગુરુને જ વિભૂતિ સોંપવામાં આવેલી છે. આવા સર્જનહારના સોંપેલા કાર્યને પરિપૂર્ણ કરવા માટે પોતાની ફરજ બજાવવા પરમગુરુ આ વિશ્વમાં વિચરણ કરે છે. તેઓ કલ્પમાં એક વખત આવીને સર્જનહારનો લક્ષ દર્શાવે છે. માટે સંતરૂપ પરમગુરુના શરણ વગર અન્ય કોઈ પણ દેવી-દેવતાઓ કે યુગે-યુગે આવતા અવતારાદિક મહાપુરુષોથી અંશના જન્મમરણનું દુઃખ દૂર થઈ શકે તેમ નથી. જ્યાં સુધી આવું ભવ દુઃખ દૂર ન થાય ત્યાં સુધી કોઈ પણ અંશ પંચમી અખંડ કૈવલમુક્તિ રૂપી મોક્ષ પ્રાપ્ત કરી શકે તેમ નથી. વળી સૃષ્ટિની ઉત્પત્તિના પ્રારંભની અને મહાપ્રલયકાળ અંગેની યોગ્ય સમજ સહિત સૃષ્ટિના પ્રસારાની સઘળી માહિતી પરમગુરુ સર્જનહારના પરમવિશેષ અંશના નાતે દર્શાવે છે.

**આદ્ય અંત દેખીતસે હોવત, દિવ્ય નેંન દુરહીતકે;**
**કછુન રહત તાય અનપેખીત, કતા કરત ઉતઈતકે. ૩**

### શબ્દાર્થ

**આદ્ય** = પ્રારંભની **અંત** = પ્રલયકાળની **દેખીતસે** = જોયેલું **હોવત** = હોવાથી **દિવ્ય નેંન** = દિવ્ય દૃષ્ટિ, અંતરજ્ઞાન, જ્ઞાનચક્ષુ **દુરહીતકે** = દૂરનું, અદશ્ય હોય તે દેખાય છે દૂરંદેશીપણું **કછુન** = કાંઈ પણ નહીં **રહત** = રહેતુ **તાય** = તેમનાથી **અનપેખીત** = છૂપું, અજાણ, અજાણ્યું **ક્તા** = સર્જનહારના **કરત** = ક્ત **ઉતઈતકે** = આલોક અને પરલોક, દેવલોક અને મૃત્યુલોક.

### અનુવાદ

**આદ્ય તથા અંતને જોયેલું હોવાથી પોતાના દિવ્યનેંનમાં દીર્ઘદર્શિતાપણું રહેલું છે. તેથી સર્જનહારની ઉત ઈત સહિતની રચના પૈકીનું કંઈ પણ તેમનાથી અજાણ્યું નથી.**

### ભાવાર્થ

સર્જનહારે પ્રારંભથી પોતાના પરમવિશેષ પાટવી અંશ પરમગુરુને પોતાના સાંનિધ્યમાં જ રાખેલા હોવાથી સર્જનહારની સમીપમાં રહે છે. તેથી યુગેયુગે થતી ઉત્પત્તિ અને વિનાશની સર્વ રચનાના પોતે સાક્ષીરૂપે છે. પોતાના દિવ્ય નૈનથી આ બધી જ ક્રિયાને જોયેલી હોવાથી તેમના દિવ્યચક્ષુઓમાં દીર્ઘદર્શિતાપણું સમાયેલું છે. વળી, સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરેલા બ્રહ્માંડની સર્વ રચના પરમગુરુથી સહેજ પણ અજાણી નથી, જેથી તેઓ બ્રહ્માંડના સર્વ ઇંડો અને અંતરિક્ષનાં દૈવી ધામો સહિત મૃત્યુલોકની સર્વ માહિતી પોતે જાણે છે. તેથી જ આ વિશ્વમાં સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પથી કેવી રીતે સૃષ્ટિની રચના રચી છે તેની તેમજ કયા પ્રકારના સજાતીય તત્ત્વોના મિશ્રણ કરી કળકૂંચી રૂપી પ્રલયકાળ પર્યંત ચાલે તેવી આયુષ્યની મર્યાદા સહિત સર્વ નાશંવત રચનાના અવધિકાળ અંગેની સમજ પરમગુરુ જાણે છે. દેહમાં રહેલાં નાશંવત તત્ત્વોથી વિજાતિ અંશની અને અંશના સજાતિ સર્જનહાર અંશીની પણ ઓળખ કરાવે છે.

**જો નિજક્તા કરત દરશીતકે, અનુભવ હવિત સકલહી;**
**તબતે સુરત અંશકી ભવીતવ, આરતવંત વિકલહી. ૪**

### શબ્દાર્થ

**જો** = જો **નિજક્રતા** = મૂળઆદિ સર્જનહારનું **કરત** = ક્રત, રચના, ઉત્પત્તિ **દરશીતકે** = જાણવાથી, જણાય તો, દર્શાય તો, દેખીને, જાણીને **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **હવિત** = હોય, થાય **સકલહી** = સઘળો, સર્વપ્રકારે, બધો જ, સર્વનો **તબતે** = ત્યારે **સુરત** = સુરતા, આંતરવૃત્તિ **અંશકી** = અંશની **ભવીતવ** = થાય છે, બને છે, થવાથી **આરતવંત** = આરતવાળો બની **વિકલ હી** = વ્યાકુળતા અનુભવે.

### અનુવાદ

**જો નિજકર્તાનું ક્રત દરશાય તો સર્વ અનુભવ જણાય છે અને ત્યારે જ અંશની આંતરવૃત્તિ આરતવાન થઈ વ્યાકુળતા અનુભવે છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે અંશને પ્રારંભ, પ્રલય અને પસારની સર્વ માહિતીની સમજ પરમગુરુની કૃપાથી પ્રાપ્ત થાય છે. તેમજ સર્જનહારના પરમપદ અંગે તથા પોતાના સ્વ-સ્વરૂપની પણ જાણ થાય છે. ત્યારે જ ચૈતનઅંશને નિજ સર્જનહારની સઘળી રચના જેમ છે તેમ વાસ્તવિક રીતે દ્રવ્યમાન થાય છે. જ્ઞાનથી જાગ્રત થયેલા અંશને કર્તાની મહાન અને કળી ન શકાય તેવી અટકળોનો અનુભવ જણાય છે. સર્જનહારની આવી અદ્‌ભુત અને અપરંપાર ગતિને જોતાં અંશની આંતરવૃત્તિ નિજપતિ પ્રત્યે અહોભાવ ધારણ કરીને મળવા માટે તેમને અત્યંત આકુળ-વ્યાકુળ થઈ જાય છે. પછી સંસારના નાશવંત પદાર્થોમાં ચિત્ત ચોંટતું નથી અને પોતાના પતિરૂપ સર્જનહારને મળવા વિરહાતુર બને છે.

**તપત તાપ વ્રેહનકી ભઠીયાં, અહર્નિશ અંતરહી;**
**અરે હાય કોઈ મુજે મેલાવે, ખુદકુ ખરે મીતરહી. ૫**

### શબ્દાર્થ

**તપત** = તપ્યા કરે છે **તાપ** = તાપથી **વ્રેહનકી** = વ્રેહની, વિરહની, વિયોગની **ભઠિયા** = ભઠ્ઠીમાં વ્રેહાગ્નિ, વિરાગ્નિ, વિયોગરૂપી અગ્નિમાં **અહર્નિશ** = હમેશાં, દિવસરાત, રાત દહાડો **અંતરહી** = હૃદયમાં, ચિતમાં, મનમાં, અંદરમાં **અરે હાય** = અરે હાય, દુઃખનો પોકાર દર્શાવતો શબ્દ

**કોઈ** = કોઈક, એકાદ પણ **મુજે** = મને **મેલાવે** = મેળાપ કરાવે **ખુદકુ** = સર્જનહારનો **ખરે** = ખરેખરો, સાચો **મીતરહી** = મેળાપી, દલાલ, મેળાપ કરાવી આપનાર મળતીયો, મધ્યસ્થી, પૈગામ દેનાર સંદેશા વાહક.

## અનુવાદ

**તેવા અંશોનું હૃદય રાતદિવસ (વિયોગના) વિરહાગ્નિથી તપ્યા કરે છે. અરે હાય ! કોઈ ખુદ કર્તાનો સંદેશો લઈ આવનાર એકાદ પણ પયગંબર હોય કે મને મેળાપ કરાવે.**

## ભાવાર્થ

ભવસાગરમાં કરોડો યુગોથી વિવિધ દેહમાં ભટકતા અંશો જ્યારે માનવદેહમાં આવે અને જ્ઞાનથી જાગ્રત થાય તો તેવા અંશો પોતાના માલિક રૂપ અંશીને મળવા માટે ખૂબ જ આતુર બની જાય છે. વિશ્વના સર્વ નાશવંત પદાર્થો પ્રત્યે અભાવ પેદા થતાં ચિત્ત સંસારમાં ચોટતું નથી અને કર્તાને મળવા માટેના વિયોગથી તેવા અંશો (વિયોગના) વિરહાગ્નિના તાપથી તપ્યા કરે છે. તેઓ સર્જનહારનો સંદેશો લઈને આવનાર કોઈ એકાદ મધ્યસ્થી જો આવી મળે તો જ સર્જનહાર સાથે મેળાપ કરાવી આપે તેવી ઉત્કંઠા સેવતો હોય છે. તેથી દુઃખનો અહેસાસ દર્શાવતા શબ્દો વડે હૃદયના સાચા ભાવથી પોકાર કરે છે.

**અહો તાયકી ખોજ ખલકમે, કરહુ જાય કો કીતપે;**
**અખિલ અંશ કરતારનકી ગત, અરસપરસ હોય જીતપે. ૬**

## શબ્દાર્થ

**અહો** = અહો, ઉદગાર વાચક શબ્દ, **તાયકી** = તેમની, તેવા પુરુષની **ખોજ** = શોધ, ખોળ, તપાસ **ખલકમે** = વિશ્વમાં, જગતમાં, **કરહુ** = કરું, કરવા **જાય** = જવું **કો** = ક્યાં, **કીતપે** = ક્યાં જઈને, કંઈ જઈને, કેવી રીતે **અખિલ** = સર્વ **અંશ** = અંશોના **કરતારનકી** = કરનારની, બનાવનારી, સર્જનહારની **ગત** = ગતિ, સમજ, જ્ઞાન, **અરસપરસ** = અન્યો અન્ય, એકમેક, ઓતપ્રોત, પરસ્પર **હોય** = હોય **જીતપે** = જેમને , જેનામાં જેની.

## અનુવાદ

**અહો ! જેમનામાં સર્વ અંશોના ઉત્પન્ન કરનારની સમજ અને સર્જનહાર પ્રત્યે એકમેકતા હોય તેવાની શોધ વિશ્વમાં કેવી રીતે કરું ?**

### ભાવાર્થ

સર્જનહારને પ્રાપ્ત કરવાની જેનામાં આરત જાગી છે અને વિરહના અગ્નિમાં તપે છે તેવા મુમુક્ષુજનના ચિત્તમાં માત્ર એક જ લક્ષબિંદુ સ્થિર થયેલું હોય છે કે સર્જનહારની સાથે મેળાપ કરાવી શકે એવા પરમપુરુષની સંસારમાં શોધ કરવી કેવી રીતે ? એવી અભિલાષા સતત મુમુક્ષુના હૃદયમાં થયા કરે છે. આવી સ્થિતિ તેને સુખચેનથી જીવવા દેતી નથી એટલે કે, આવી જાગ્રતતા પામેલ અંશમાં એવા મહાન સમર્થ ગુરુની શોધ કરવાની તમન્ના જાગે છે. કારણ કે, અંશને તેમનું શરણું સ્વીકારીને કૃપા પ્રાપ્ત કરવાની ભાવના છે. જેથી તે પોતાના શુદ્ધ સ્વરૂપે થઈને સર્જનહાર સાથે મેળાપ કરી શકે.

**તેહી પુરુષકી ખબર કરન પર, તન કુરબાન કરેહુ;**
**તદપી તો હોય ઉર રહે વિલાખા, અબ કીત કાય ધરેહુ. ૭**

### શબ્દાર્થ

**તેહી** = તેવા **પુરુષકી** = પુરુષની **ખબર** = માહિતી, ભાતી, બાતમી, સમાચાર, પત્તો **કરન** = કરનાર, આપનાર **પર** = ઉપર (કરાવનારને) **તન** = શરીર, દેહ **કુરબાન** = સમર્પણ, ન્યોછાવર, બલિદાન ભોગ **કરેહુ** = કરી દઉં, આપી દઉં **તદપી** = તેમ છતાંય **તો હોય** = તો પણ તેને **ઉર** = હૃદયમાં **રહે** = રહે **વિલાખા** = ઉચાટ, અજંપો, આકાંક્ષા, વાંછના, **અબ કીત** = હવે શું, હવે કેવી રીતે **કાય** = શરીર, શું, શાને માટે **ધરેહુ** = ધરુ, આરોપણ કરવું, સામે મૂકવું, અર્પણ કરવું.

### અનુવાદ

**તેવા પુરુષની ખબર આપનાર ઉપર શરીર કુરબાન કરું તેમ છતાંય તેને હવે બીજુ શું અર્પણ કરું ?તેવી હૃદયમાં આકાંક્ષા રહે છે.**

### ભાવાર્થ

અખિલ બ્રહ્માંડના સર્જનહાર સકર્તાપતિ કૈવલ અંશી સાથે અંશનો મેળાપ કરાવી આપનાર પરમગુરુની શોધમાં જિજ્ઞાસુ અને મુમુક્ષુજન આતુરતા અનુભવે છે અને સર્જનહારના પરમપદ પામવા માટે વિરહાગ્નિમાં તપ્યા કરે છે. આવી શોધખોળ

કરતાં જો પરમગુરુની ખબર આપનાર કોઈ પણ હોય તો તેને અંશો પોતાનું શરીર સહિત સર્વસ્વ તેમનાં ચરણોમાં અર્પણ કરી દે તોપણ ઓછું છે. એનાથી પણ કંઈક વધુ અર્પણ કરવાની હૃદયમાં વાંછના રહે છે. એટલે કે, ભાળ આપનારને બધી જ ભૌતિક સંપત્તિ સમર્પણ કર્યા પછી હવે બીજું કાંઈ પણ બાકી રહેતું નથી કે જેથી તેમને આપી શકાય. આ રીતે અમૂલ્ય પરમપદને પામવા માટે સમર્પણ કરવાની કોઈ કિંમત અંકાય નહીં. અવેજીમાં આપવા માટેના પદાર્થની લઘુતા સદા માટે રહે છે. એટલે કે, ગમે તેટલું આપો તોપણ પરમપદના બદલામાં ઓછું પડે છે.

**જો કરહુ આરત અરપનહી, પરુષ શરન કયા દેહુ;**
**ઓર અંશ જો સુરત સમર્પુ, ક્તા મિલન કુન કેહુ. ૮**

## શબ્દાર્થ

**જો** = જો **કરહુ** = કરી દઉં, કરું **આરત** = આરત, કોડ, ઈચ્છા, હોંશ, **અરપનહી** = અર્પણ કર્યા પછી, આપી દીધાથી **પુરુષ** = પુરુષના **શરન** = શરણમાં **કયા દેહુ** = શું આપુ ? શું ધરુ ? **ઓર** = અને **અંશ** = અંશ સર્જનહારની સજાણજાણ ચૈતનઅંશ **જો** = જો **સુરત** = સુરતા, આંતરિક ચક્ષુ **સમર્પુ** = સમર્પણ કરું **ક્તા** = સર્જનહાર **મિલન** = મેળાપ **કુન કેહુ** = કેવી રીતે કરી શકું ?

## અનુવાદ

**જો આરત અર્પણ કરી દઉં તો પછી પરમગુરુના શરણમાં શું આપું ? અને જો સુરતા અર્પણ કરી દઉં તો અંશ કર્તાને કેવી રીતે મળી શકે ?**

## ભાવાર્થ

પરમગુરુની ખબર આપનાર વ્યક્તિને નાશવંત ભૌતિક પદાર્થોમાં તો અભાવ હોય તે સ્વાભાવિક છે. તેઓએ પણ પોતાના શરીર સહિત સંપૂર્ણ ભૌતિક સંપત્તિને પરમગુરુનાં ચરણોમાં સમર્પણ કરીને બદલામાં પરમપદના જ્ઞાનને મેળવેલું હોય છે. વળી, અંશની પોતાની જે વિભૂતિ છે તે અક્કલ, આરત અને સુરતા સર્જનહારે તેને પ્રથમથી જ આપેલી છે. જેના થકી અંશ-અંશીને ઓળખી શકે છે. તેથી જ અંશે શરીરમાં રહેલા બિંદુ - બીજકને સાચવીને પોતાની સમૃદ્ધિને સાચવી રાખવી જોઈએ.

માટે સમજુ અને જાગ્રત અંશ આવી વિભૂતિને સ્ત્રી સાથેના ભોગથી વંચિત રહીને પોતાની વિભૂતિ રૂપ આરતને વાપરવા દેતો નથી. જો અંશ પોતાની વિભૂતિ ખબર આપનારને અર્પણ કરી દે તો પરમગુરુ પાસે જઈને તેમના શરણમાં શું અર્પણ કરે ? કદાચ અંશ પોતાની સુરતા સમર્પણ કરવા તૈયાર થાય તો જ્યારે નિજકર્તાનો મેળાપ થાય ત્યારે તેમને કેવી રીતે મળી શકે ? આ ગર્ભિત અને તત્ત્વજ્ઞાનનો વિષય જાગ્રત અંશને સતાવ્યા કરતો હોય છે.

**તદીપ હુંસ સંદેશ કહન પર, રહી અધુર દેવનકી;**
**અનીન હવીત અસ્તુત કરીત તવ, કછુન બની સેવનકી. ૯**

### શબ્દાર્થ

**તદીપ** = તેમ છતાં **હુંસ** = હોંશ, ઈચ્છા , આકાંક્ષા **સંદેશ** = સંદેશો, સમાચાર, ભાળ **કહન** = કહેનાર **પર** = ઉપરને **રહી** = રહે છે **અધુર દેવનકી** = સમર્પણ કરવાની, દેવાની, આપવાની **અનીન** = અનીન ભાવે, દાસાતન પણે, નમ્રતાપૂર્વક **હવીત** = થઈને, બનીને **અસ્તુત** = સ્તુતિ, વિનંતી **કરીત** = કરીને **તવ** = તેમની, તેની **કછુન** = કાંઈ પણ ન થઈ **બની** = શકી **સેવનકી** = સેવા.

### અનુવાદ

**તેમ છતાં સંદેશો કહેનારને આપવાની આકાંક્ષા અધૂરી રહી હોવાથી તેમને દાસાતન ભાવે વિનંતી કરવી કે મારાથી કાંઈ પણ સેવા થઈ શકી નહીં !**

### ભાવાર્થ

પરમગુરુની ખબર આપનારને પોતાનું તન, મન અને ધન સમર્પણ કરવામાં આવે તેમ છતાં મુમુક્ષુને એથી પણ વધુ કંઈક આપવાની ઈચ્છા થાય છે, પરંતુ વધુમાં શું આપવું તેની મૂંઝવણ એવા અંશને સતાવે છે. આમ અન્ય કોઈ ઉપાય ન હોવાથી વધુ આપવાની જે આકાંક્ષા છે તે અધૂરી રહી જાય છે. જેથી અંતમાં મુમુક્ષુ અત્યંત વિનમ્ર બની જાય છે. વિનંતિપૂર્વક સંદેશો કહેનારને તેનો કરેલો ઉપકાર કદી ભુલાય તેમ નથી. તેમજ પોતાનાથી વિશેષ કંઈ પણ સેવા થઈ શકી નથી એવી રજૂઆત કરે છે. અહીંયાં પરમગુરુની ખબર આપનાર અને ખબર મેળવનાર બંને અંશોને એક

ટકોર કરવામાં આવી છે કે પોતાની અંગત જવાબદારી અને અન્યો અન્ય વ્યવહાર કરવાની ફરજો કઈ રીતે નિભાવવી તેનો સંકેત દર્શાવ્યો છે.

**તબતે તેહી સંદેશ કરન જન, રીઝ નિવાજ કરેહુ;**
**તો તીનકે પરતાપ પુનિત સે, નિજ ગુરુ મહેર ધરેહુ. ૧૦**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, ત્યારે, **તેહી** = તે **સંદેશ કરન જન** = સંદેશો આપનાર વ્યક્તિ, સંદેશો કરનાર વ્યક્તિ **રીઝ** = રાજી, પ્રસન્નથઈ, ખુશ થઈ **નિવાજ** = કૃપા **કરેહુ** = કરે છે **તો** = તો **તીનકે** = તેના (સંદેશો મેળવનારના) **પરતાપ** = પ્રતાપથી **પુનિત સે** = પુણ્યોના, સંચિત કર્મોના **નિજગુરુ** = મૂળ ગુરુદેવ પરમગુરુ **મહેર** = કરુણા, દયા, રહેમ, રાજી, અમીદૃષ્ટિ **ધરેહુ** = ધારણ કરે છે, બક્ષિશ કરે છે, અંગીકાર કરે છે, માંડે છે, ફેલાવે છે.

### અનુવાદ

**આ રીતે સંદેશો કહેનાર વ્યક્તિને તે રાજી થઈને ખુશ કરે છે. વળી તેના પુણ્યના પ્રતાપે નિજગુરુ તેના ઉપર અમીદૃષ્ટિ ફેલાવે છે.**

### ભાવાર્થ

પરમગુરુની ખબર આપનારને મુમુક્ષુ પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને તેઓ પ્રસન્ન થાય અને ખુશ રહે તેવા પ્રયત્ન કરે છે. પોતે આનંદઘેલો બનીને પરમગુરુના શરણમાં જઈને તેમના જણાવ્યા મુજબ સારધાર નિયમ પાળીને રહેણીકરણી દ્વારા જીવન જીવે છે. પોતાને ભાગ્યશાળી માને છે કે માનવ જન્મની સફળતા હવે જરૂર પૂરી થશે ! કરોડો કલ્પોથી સર્જનહારથી વિખૂટા પડેલાનું જે દુઃખ હતું તે હવે નિશ્ચિતપણે ટળી જશે તેવો મનમાં દૃઢ વિશ્વાસ બેસે છે. પોતાના પૂર્વજન્મનું સંચિત પુણ્યકર્મનો ઉદય થયો તેમ માનીને પરમગુરુ પ્રત્યે અહર્નિશ એકતા સાધીને તેમની કૃપા પ્રાપ્ત કરવા અને પોતે અધિકારી બનીને રહેવા પ્રયત્ન કરે છે. આવા સેવક ઉપર પરમગુરુ પોતાની અમીદૃષ્ટિ વરસાવે છે. સેવકની ભક્તિનો સ્વીકાર કરીને અધિકારી અંશ જણાતાં પોતે પ્રસન્નતા પામે છે અને તેને પરમમોક્ષનું દાન બક્ષિશ કરે છે.

આમ, જ્ઞાન સંપ્રદાયના જાગ્રત સેવકની ફરજ છે કે વિશ્વમાં જે જિજ્ઞાસુ જીવ

છે તેમને પરમગુરુના શરણમાં મોકલવા. પરમગુરુની સાચી ઓળખ કરાવવી અને તેમના રચેલા સકર્તા સિદ્ધાંતથી ભરપૂર ધર્મગ્રંથોના જ્ઞાનને જિજ્ઞાસુ જીવ સુધી યથાયોગ્ય સ્વરૂપમાં પહોંચાડવા પ્રયત્નશીલ રહેવું. જેના થકી સંદેશો મેળવનાર તરફથી તેઓને જે કોઈ સમર્પણની ભાવના દાખવવામાં આવે છે તેમાં જ ખુશ રહેવું અને પોતે પણ પરમગુરુની સારધાર ભક્તિમાં જ તરબોળ રહેવું. આ પ્રકારનો અહીં પરમગુરુ દ્વારા ગર્ભિત સંકેત કરવામાં આવે છે કારણ કે, અખિલ બ્રહ્માંડમાં પરમપદનું દાન અને કર્મોમાંથી ફારગતી કરાવીને અંશને હંસ સ્વરૂપે બનાવી સર્જનહારના સાંનિધ્યમાં મોકલવા માટેનું કાર્ય માત્રને માત્ર સર્જનહારે પોતાના પરમવિશેષ પાટવી અંશને કુલમુખત્યારનામું કરીને આપેલું છે તે સિવાય અન્ય કોઈ પરમ વિશેષ કે વિશેષ અંશોને તેવી સત્તા સોંપવામાં કે બક્ષવામાં આવેલી નથી.

પ્રસન્નતા પામીને ખુશ થવાનું કામ સંદેશો આપનારનું છે, જ્યારે જેને સંદેશો પાઠવવામાં આવ્યો છે એવા અને અધિકારી સેવકને પરમપદનું જ્ઞાન બક્ષિશ કરવાનું કામ માત્ર નિજ ગુરુ રૂપ પરમગુરુનું છે. તેની અહીં સ્પષ્ટતા કરવામાં આવેલી છે. જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક દ્વારા ધર્મગ્રંથોમાં દર્શાવ્યા મુજબની રહેણીકરણી પાળીને સારધાર રીતે પરમપદમાં લીન બની અહર્નિશ તેનું મનન, ચિંતન અને સ્મરણ કરવાની સેવકની ફરજ છે.

**ધરહી મહેર ગુરુ પરમ પુરેસર, કરહી સહાય કરુણેશુ;**
**તો ખુદ ઘરકી ખબર કરનસે, અંતર રખે ન રેશુ. ૧૧**

### શબ્દાર્થ

**ધરહી મહેર** = કૃપા કરે, મહેર કરે, **ગુરુ પરમ પુરેસર** = ગુરુઓમાં શ્રેષ્ઠ પરમપુરુષ રૂપ પરમગુરુ **કરહી** = કરે **સહાય** = સહાયતા **કરુણેશું** = કરુણાઓના ઈશ, સર્જનહાર, પરમપતિ **તો** = તો **ખુદ** = મૂળ **ઘરકી** = વતનની, ધામની **ખબર** = પહેચાન, ઓળખ, જાણ **કરનસે** = કરવામાં **અંતર** = અંતર, જુદાઈ, ભેદ, બંને વચ્ચેનો ગાળો, આત્મીયતા મર્મ, રહષ્ય છુપો ભેદ, અસમાનતા, **રખે** = રાખે **ન** = નહીં **રેશું** = સહેજ પણ, લેશમાત્ર, લવલેશ, થોડું, લગીર, જરીક.

### અનુવાદ

**જો પરમપુરુષ રૂપ પરમગુરુ અંશ ઉપર મહેર ધારણ કરે તો તેને મૂળ વતનની**

**ઓળખ કરાવવામાં લેશમાત્ર અંતર રાખતા નથી. વળી, કરુણેશ પણ સહાય કરે છે.**

### ભાવાર્થ

એવા મુમુક્ષુ માનવી કર્તાને મળવા માટેની વિરહાગ્નિમાં તપતા હોવાથી તેમની વ્યાકુળતા જોઈ ગુરુઓમાં શ્રેષ્ઠ એવા કૈવલવેત્તા પુરુષ દિવ્ય પરમગુરુ તેમના ઉપર કૃપાદૃષ્ટિ વરસાવે છે. વળી પરમગુરુ આવા અંશોને પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે કરે છે અને શુદ્ધ સ્વરૂપે થયેલા હંસોને પોતાના મૂળવતન રૂપી કૈવલધામની ઓળખ કરાવે છે. અર્થાત્ સર્જનહારના કૈવલધામથી માહિતગાર કરવામાં તેઓ સામાન્ય અંશો સાથે લેશમાત્ર અંતર રાખતા નથી અને કાંઈ પણ માહિતી છૂપી પણ રાખતા નથી. એટલે કે, અખિલ બ્રહ્માંડની સર્વ રચનાના રચનાર કૈવલકર્તા અંગે અને સર્વના મૂળવતન રૂપ કૈવલધામનાં સુખો અંગે તેમજ અંશના સજાતિપણાની જાણ અંગે કોઈ પણ માહિતીથી અજાણ રાખતા નથી. તેમજ દેહમાં રહેલા શાશ્વત અંશ અને નાશવંત સર્વ તત્ત્વ પદાર્થોનો ભાગ - ત્યાગ કરીને જ્ઞાનથી ન્યાયપૂર્ણ રીતે બધી જ હકીકતને દર્શાવે છે. પરમગુરુની કૃપાપાત્ર બનેલા અંશોને, કરુણાઓના ઈશ એવા સર્જનહાર સકર્તા પતિ પણ અવશ્ય સહાય કરે છે.

**તેહી ખુદ ઘરકી ખબર સુનીતસે, સુરતી અંશ હુલાસે;**
**કબી મિલુ કરતાર કરન મમ, અતિ અકુલાઈ હોય તાસે. ૧૨**

### શબ્દાર્થ

**તેહી** = એવા, તે, તેવા **ખુદ** = મૂળ **ઘરકી** = વતનની ધામની નિજ ઘરની **ખબર** = ખબર માહિતી જાણ **સુનીત સે** = સાંભળતા જ સાંભળતાથી **સુરતી** = સુરતા અંતરવૃત્તિ **અંશ** = સર્જનહારના સજાતીય સજાણજાણ રૂપ ચૈતનઅંશ **હુલાસે** = ઉમંગ આનંદ **કબી મિલુ** = ક્યારે મળુ **કરતાર** = કર્તા, સર્જનહાર **કરન મમ** = મને ઉત્પન્ન કરનાર પિતા, માલિક **અતિ** = વિશેષ, અત્યંત **અકુલાઈ** = વ્યાકુળતા, અકળામણ આતુરતા **હોય** = હોય, થાય **તાસે** = ત્યારે તેને.

### અનુવાદ

**તે મૂળ વતનની ખબર સાંભળવાથી અંશની આંતરવૃત્તિ ઉમંગમાં આવે છે ત્યારે, મને ઉત્પન્ન કરનાર સર્જનહારને ક્યારે મળું એવી આતુરતા થાય છે.**

## ભાવાર્થ

જેનાં સંચિત કર્મોના ઉદય થયો હોય તેવા પરમગુરુના શરણમાં ગયેલા અંશને કૈવલજ્ઞાન દ્વારા સકર્તા સિદ્ધાંતની સમજ પ્રાપ્ત થાય છે. વળી આદ્ય એટલે કે પ્રારંભમાં જ્યાંથી તે આવ્યો છે એવા પોતાના મૂળવતન રૂપે રહેલા કૈવલધામની અને ત્યાં સદાને માટે અટલ આસને બિરાજમાન કૈવલપતિની ઓળખાણ થાય છે. કૈવલધામના અપાર શાશ્વત સુખ આગળ દુનિયાનાં સર્વ સુખો મિથ્યા અને તુચ્છ જણાતા અંશની પોતાની જે આરત છે તે અતિ ઉમંગમાં આવી જાય છે અને ઘણા કલ્પોથી વિખૂટા પડેલા પોતાના પરમપિતાને મળવા માટે તે આતુર થઈ જાય છે આ રીતે કર્તાને મળવાના વિરહમાં વ્યાકુળતા અનુભવે છે.

**રેન દિવસ તસ ખાન પાનકી, સુધ ન રહે સલુની;**
**ઓર સકલ સંસાર સરવ પર, આસક હોય અલુની. ૧૩**

### શબ્દાર્થ

**રેન દિવસ** = અહોનિશ, દિનરાત, રાતદિવસ, આઠેય પહોર, ચોવીસ કલાક, **તસ** = તેને **ખાન પાનકી** = ખાવાપીવાની **સુધ** = ભાન **ન રહે** = ભાન રહેતું નથી, સુધ-બુધ રહેવા પામતી નથી **સલુની** = પોતાની જાતની, પોતાનાની ખુશાલીની, સંસ્મરણોની **ઓર**= અને **સકલ** = સર્વ, સઘળા, સમસ્ત **સંસાર** = સંસાર, જગત, પરિવાર, વિશ્વ **સરવપર** = સર્વ ઉપર, તેના પ્રત્યે **આસક** = આશક્તિ, પ્રેમ, ખેંચાણ, લાગણી, લાલસા, અનુરાગ, તૃષ્ણા **હોય** = થઈ જાય છે **અલુની** = શુષ્ક, તીરસ, અભાવ, અરૂચિ, અણગમો.

## અનુવાદ

**રાતદિવસ તેને ખાવાપીવાની કે પોતાની જાતની પણ સુધબુધ રહેતી નથી તેમજ સમસ્ત સંસારના અનુરાગ પ્રત્યે અભાવ થાય છે.**

## ભાવાર્થ

સર્જનહારના પરમપદને પામવા માટે આતુર થઈને રહેલા અંશને રાતદિવસ પોતાના દૃષ્ટિકોણમાં માત્ર કૈવલકર્તા અને કૈવલધામના અપાર શાશ્વત સુખો મેળવવાની આકાંક્ષા રહેલી હોય છે. જેથી તેના ચિત્ત અંતઃકરણની ચાહના ભૌતિક

પદાર્થો અને ઇંદ્રિયોનાં સુખો પ્રત્યે અભાવ ધારણ કરીને સંસારના સર્વ પદાર્થો પ્રત્યેનું જે ખેંચાણ રહેતું તે લીન પામી જાય છે. એવી સ્થિતિમાં અંશ પોતાના અનોમય સ્થૂળ દેહની જે મુખ્ય જરૂરિયાત સમાન ખોરાક ખાવાની કે તૃષા છુપાવવા માટે પાણી પીવાની પણ સુધ-બુધ રહેતી નથી. પોતે પોતાના શરીરનો વ્યવહાર ઉપલક રીતે કરે છે, પરંતુ અંદરથી પોતાની સુરતાને સર્જનહારના પરમપદ સાથે જોડેલી હોવાથી તેને સંસારમાં બીજું કોઈ પણ સૂઝતું નથી. સંસારના સઘળા વૈભવો તૃણાવત્ સમજીને તેને ત્યજી દીધા હોય છે અને પોતાના હંગ ને કર્તાના મહદ્ હંગ સાથે જોડી સર્વને ચૈતન દૃષ્ટિથી નિહાળીને જીવન જીવે છે.

**જાંહી જાંહી દૃષ્ટ પરત જીત તીતમે, સકલ સાજ અખિલતમે;**
**તેહી તેહી સરપ વીછું વ્યાઘ્રન સમ, દેખી ભજત ભયે ભીતમે. ૧૪**

### શબ્દાર્થ

**જાંહી જાંહી** = જ્યાં જ્યાં **દૃષ્ટ** = દૃષ્ટિ, નજર **પરત** = પડે **જીત તીતમે** = જ્યાંને ત્યાં, સર્વત્ર, જેમાં તેમાં, **સકલ** = સર્વ, સઘળો **સાજ** = પદાર્થ, રચના, અલંકાર, ભૌતિક સામગ્રી **અખિલતમે** = અખિલ બ્રહ્માંડમાં, વિશ્વમાં **તેહી તેહી** = તે તે **સરપ** = સર્પ **વીછું** = વીંછી **વ્યાઘ્રન** = વાઘ **સમ** =સમાન **દેખી** = દેખીને, નિહાળીને, જોઈને **ભજત** = ભજે છે, સ્મરણ કરે છે ચિંતવન કરે છે **ભયે** = થઈને **ભીતમે** = પોતાના ભિતરમાં, પોતાના સ્વ ચૈતન સ્વરૂપમાં.

### અનુવાદ

**અખિલ બ્રહ્માંડના સર્વ સાજ રૂપ ભૌતિક પદાર્થો ઉપર જ્યાં જ્યાં તેની દૃષ્ટિ પડે છે ત્યાં ત્યાં સર્વત્ર સર્પ, વીંછી અને વાઘ સમાન દેખીને પોતાના સ્વ-સ્વરૂપે થઈ ચિંતવન કરે છે.**

### ભાવાર્થ

સર્જનહારને પ્રાપ્ત કરવાની આતુરતાવાળા અંશોની સ્થિતિનો વધુ ખુલાસો અહીં દર્શાવવામાં આવ્યો છે. આવા આતુરતાવાળા અંશો અખિલ બ્રહ્માંડમાં સર્વ વિભૂતિ રૂપ ભૌતિક પદાર્થો અને સર્વ સ્વરૂપોમાં રહેલા માયાના અલંકારોને નિહાળતાં તે તમામ સ્વરૂપોને તે સર્પ, વીંછી અને વાઘ સમાન દેખે છે, તેથી તેનાથી દૂર રહેવા

પ્રયત્ન કરે છે. અંતરમાં તો પોતાના સ્વ ચેતન સ્વરૂપે થઈને 'કૈવલ કૈવલના' પ્રગટ જાપ કે પરમગુરુ દ્વારા આપેલ ગુપ્ત અમરમંત્રના જાપ જપીને પોતાની સુરતા સર્જનહાર સાથે જોડેલી જ રાખે છે.

**અવનિ વ્યોમ બ્રહ્માંડ ભરનમે, કહી ન સુરતી વિલંબે;**
**તીન લોક જીનું લગત તરણવત, વિચરત વિકલ અચંબે. ૧૫**

### શબ્દાર્થ

**અવનિ** = પૃથ્વી **વ્યોમ** = આકાશ **બ્રહ્માંડ** = બ્રહ્મ પથરાયેલો છે ત્યાં સુધીના ઈંડ **ભરનમે** = ભરમાં **કહી ન** = કહીં પણ, નહીં ક્યાંય પણ **સુરતી** = સુરતા, આંતરદૃષ્ટિ **વિલંબે** = અટકાતી, રોકાતી, ચોંટતી **તીન લોક** = ત્રણ લોકઃ પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોક – પૃથ્વી, આકાશ અને પાતાળ **જીનું** = જેને **લગત** = લાગે છે **તરણવત** = તણખલા સમાન, તુચ્છ, મામૂલી, અતિ અલ્પ, સત્યવગરનું, અસાર, **વિચરત** = વિચરે છે હરે ફરે છે સંસારમાં રહીને જીવન વ્યતીત કરે છે **વિકલ** = વ્યાકુળતાપૂર્વક **અચંબે** = નવાઈ પામીને, આશ્ચર્યજનક, અચરજ, અજાયબીયુક્ત.

### અનુવાદ

**પૃથ્વીથી લઈને આકાશ સુધીના સમસ્ત બ્રહ્માંડ ભરમાં ક્યાંય પણ તેની સુરતા અટકતી નથી. ત્રણે લોક પણ જેને તૃણાવત્ લાગે છે, જેથી નવાઈ પમાડે તેમ વ્યાકુળતાપૂર્વક વિચરણ કરે છે.**

### ભાવાર્થ

સર્જનહારને મળવાના વિરહાગ્નિમાં તપતા અંશોની સુરતા વિશ્વની સર્વ રંગબેરંગી ઉત્પત્તિ, આકાશમાં રહેલા ચૌદ લોકના સુખો સહિત સમગ્ર બ્રહ્માંડની રચનાના ભોગ વૈભવમાં કોઈ પણ સ્થળે ચોંટતી નથી. આ રીતે અંતરિક્ષનાં દૈવીધામોના સુખો, પૃથ્વીની અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ સહિતના ભોગ વૈભવો અને પાતાળની રહેલી અજાયબીઓને તુચ્છ ગણે છે. દેહ ઉપરના ઘાસના તણખલાને ફેંકી દે છે તેવી જ રીતે આ સઘળાં સુખો અને વૈભવોને ત્યજી દીધેલાં હોય છે. આવી પરિસ્થિતિ ભલે સમાજના અન્ય માનવોને નવાઈ પમાડે તેવી લાગે, પરંતુ જાગ્રત અંશો તો આ સ્થિતિમાં જ રહીને પોતે કર્તાને મળવાના વિરહમાં સંસારમાં ગાંડાની જેમ વિચરણ કરતા હોય છે.

**જ્યોં તે મીન નિર વિનુ તલપત, ધરહી ગ્રથ પયેપાનુ;**
**એક તોય બિનુ ત્રાહ ત્રાહતન, કરત નહીં અવિલાનુ. ૧૬**

### શબ્દાર્થ

**જ્યોં તે** = જેવી રીતે, જેમ કે **મીન** = માછલી **નિરવિનુ** = પાણી વગર **તલપત** = તરફડવું, આકળ વિકળ થઈ આમતેમ અછાડ પછાડ કર્યા કરે **ધરહી** = ધરવામાં આવે, મૂકવામાં આવે **ગ્રથ** = ઘી **પયે** = દૂધમાં **પાનુ** = પીવા **એક** = એકમાત્ર, ફક્ત **તોય** = પાણી **બિનું** = વગર, સિવાય **ત્રાહ ત્રાહતન** = શરીરમાં તકલીફ, દુઃખી **કરત નહીં** = કરતી નથી **અવિલાનું** = આકાંક્ષા, આશા, ધ્યાન ધરવું, અપેક્ષા રાખવી.

### અનુવાદ

**જેવી રીતે માછલીને ઘી અથવા દૂધમાં મૂકવામાં આવે તો પણ પાણી વગર તરફડે છે. તે એકમાત્ર પાણી વગર શરીરથી દુઃખી થવાથી બીજી કોઈ અપેક્ષા કરતી નથી.**

### ભાવાર્થ

માછલી પાણી વગર કદી પણ રહી શકતી નથી. કોઈ કારણોસર પાણીમાંથી કાઢીને દૂધ કે ઘી જેવા બીજા ઉત્તમ અને કીમતી પ્રવાહીમાં મૂકવામાં આવે તો માછલી પ્રવાહીનું પાન કરતી નથી, પરંતુ પાણી વગર તરફડે છે અને શરીરથી દુઃખી થવાથી પાણી માટેની અપેક્ષા રાખે છે. એટલે કે, માત્ર પાણીની જ આશા (તેનામાં) રહેલી છે. તેનું જીવન માત્રને માત્ર પાણી જ હોવાથી અન્ય કશાની તેને ચાહના નથી કે વૃત્તિ અન્ય કીમતી પ્રવાહીમાં ચોંટતી નથી.

**એહી પરકાર તપત તન મન જન, નિજપતિ પરમ વિજોગુ;**
**પલક પલક જીનકુ જુગકે સમ, લગત ગરલ ભવ ભોગુ. ૧૭**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એજ પ્રમાણે, એજ પ્રકારે **તપત** = તપે છે, દુઃખી થાય છે, વ્યાકુળતા અનુભવે છે **તન-મન** = તનથી અને મનથી **જન** = માનવી **નિજપતિ** = પરમપતિ, સર્જનહારના **પરમ** = શ્રેષ્ઠ, મહાન

**વિજોગુ** = વિયોગથી **પલક પલક** = દરેક ક્ષણ, પળ, ઘડીનો આઠમો ભાગ, ૨૪ સેકંડ **જુગકે** = જે ને, તેને જેમને, યુગની **સમ** = સમાન **લગત** = લાગે છે **ગરલ** = ઝેર, વિષ સમાન **ભવ** = ભવના, સંસારના **ભોગુ** = ભોગવિલાસ, વિષયોના આનંદ, વિષય સુખ.

## અનુવાદ

**એ પ્રકારે પરમપિતાના વિયોગથી વ્યક્તિ તન-મનથી દુઃખી થાય છે. એકપળનો સમય પણ તેને એક યુગ જેટલો લાંબો લાગે છે અને સંસારના ભોગ તેને ઝેર જેવા લાગે છે.**

## ભાવાર્થ

માછલીને કીમતી પ્રવાહી પણ તુચ્છ અને દુઃખદાયક છે અને પાણી વગર તરફડે છે. એ જ પ્રમાણે જેના મનમાં માત્ર પરમપિતાને પ્રાપ્ત કરવાના વિરહની આતુરતા હોય તેને સંસારના સઘળા આનંદદાયક ભોગવિલાસ ઝેર જેવા લાગે છે. તેના ચિત્તની ચાહનામાં અડચણ રૂપ બનેલા આવા વિષયસુખથી આ અંશ આકુળ-વ્યાકુળ થઈ માછલીની જેમ પાણી સિવાય તરફડે છે અને વિરહાગ્નિથી તપીને દુઃખી થાય છે. અંશમાત્રને માત્ર સર્જનહારના પરમપદની ચાહના રાખે છે. વળી સર્જનહારને મળવાની આતુરતા એટલી બધી તીવ્ર અને ઉતાવળી હોય છે કે તેને સંસારમાં એક પળનો સમય એક યુગ સમાન લાંબો લાગે છે.

**આશા પાશ રહિત ન્હેઃ કંચન, તરક ત્યાગ તન સેતી;**
**નામ રુપ ગુણ દૃષ્ટ પદારથ, દેખત હોત અચેતી. ૧૮**

### શબ્દાર્થ

**આશા** = ઈચ્છા , આકાંક્ષા, તૃષ્ણા **પાશ** = બંધન, પ્રભાવ, ફાંસો, **રહિત** = વગર, વિના, સિવાય **ન્હે કંચન** = શુદ્ધ, નિર્દોષ, પવિત્ર, શુદ્ધ સોના જેવું, નિર્મળ **તરક** =કલ્પના, તર્ક, અનુમાન **ત્યાગ** = તજી દેવું, છોડવું, મૂકી દેવું, વૈરાગ્ય, સંસાર અને માયાની ભાવનાઓથી અળગા રહેવાપણું **તન** = શરીર **સેતી** = સહિત, થી **નામ** = મન વડે સમજી શકાય એવા પદાર્થને ઓળખવા માટે જે શબ્દ વપરાય છે તે **રુપ** = આકાર, દેખાવ, સ્વરૂપ, સૌંદર્ય, દૃશ્ય પદાર્થ **ગુણ** = પ્રકૃતિનો ધર્મ, પદાર્થની સ્વભાવિક ખાસિયત, મૂળ લક્ષણ, સ્વભાવ **દૃષ્ટ** = દેખી શકાય તેવા **પદારથ** = પદાર્થ, વસ્તુ, ચીજ **દેખત** = જોઈને **હોત** = થાય છે **અચેતી** = અચેતના, જડતા, બેભાનપણું, બેશુદ્ધિ.

## અનુવાદ

**આશા - તૃષ્ણાનાં બંધનોથી રહિત નિર્મળ થઈને શરીરથી કરાતાં અનુમાનોનો ત્યાગ કરે છે. વળી નામ રૂપ ગુણવાળા પદાર્થોને નિહાળતાં બેચેની અનુભવે છે.**

## ભાવાર્થ

જગતમાં રહેવા છતાં જ્ઞાનથી જાગ્રત થયેલ અંશ, સાંસારિક વિષય વાસનાઓ અને ભૌતિક પદાર્થો મેળવવાની કે ભોગવવાની આશાઓથી તેમજ સાંસારિક બંધનોથી મુક્ત થઈ જાય છે. શરીરનાં અંતઃકરણો દ્વારા અનુમાનો અને તર્કનો ત્યાગ કરીને, વૃત્તિમાત્ર પરમપદમાં ચોંટાડે છે. વળી, પોતાની ચિત્તવૃત્તિને આવા નાશવંત પદાર્થોથી વાળીને વિકારરહિત સોનાની જેમ નિર્મળ રાખે છે. આ પ્રમાણે નામ, રૂપ અને ગુણવાળા પદાર્થોને જોઈ મનમાં ખુશી અને આનંદ મેળવવાના બદલે અભાવ ધારણ કરીને મૂર્છિત બની જાય છે. પોતાની દૃષ્ટિમાં સર્વને પદાર્થ ભાવનાથી નહીં પરંતુ ચૈતન દૃષ્ટિકોણથી નિહાળીને આત્મબંધુત્વની નજરે જુએ છે અને સર્જનહાર પ્રત્યે અહોભાવ ધારણ કરે છે.

**કછુ ન રાખત કરત પાશકી, ઉરમે અણુ અનિતકી;**
**એક અખંડિત વરતિ વિલોકીત, કતા કારન પદ જીતકી. ૧૯**

### શબ્દાર્થ

**કછું** = કાંઈ પણ **ન** = નહીં **રાખત** = રાખે **કરત પાશકી** = રચનાના બંધનોની, સર્જનહારની રચેલી રચનાના બંધનોની **ઉરમે** = હૃદયમાં **અણું** = સહેજપણ, જરાપણ, કિંચિત, અણુભાર **અનિતકી** = અનિત્યની, નાશવંત પદાર્થોની **એક અખંડિત** = એક ખંડિત, એક અખંડ, એક સુત્રવત્, અતૂટ, ખંડિત થયા વિના **વરતિ** = વૃત્તિથી **વિલોકીત** = નિહાળીને, જોડીને **કતા** = સર્જનહાર **કારનપદ** = કારણરૂપે રહેલ પદની **જીતકી** = ની, તેની, અંગેની, જે.

## અનુવાદ

**રચના પૈકી નાશવંત પદાર્થના બંધનોને અણુમાત્ર હૃદયમાં ન રાખતાં સર્વ રચનાના કારણરૂપે રહેલા પરમપદ સાથે પોતાની વૃત્તિને અખંડ રીતે જોડીને રહે છે.**

## ભાવાર્થ

સર્જનહારે અખિલ બ્રહ્માંડની રચના અદ્‌ભુત રચેલી છે. જેમાં અંશોને ભોગવવા માટે ખટરસથી માંડીને પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો ગોઠવેલાં છે. વળી શરીરની ઈંદ્રિયોમાં પણ સ્ત્રીલિંગ અને પુલિંગના તત્ત્વો અરસ-પરસ રીતે લિંગભેદમાં પોંખ્યા છે, જેથી કરીને સામાન્ય સ્થિતિમાં પુરુષજાતિ ને સ્ત્રીજાતિ પ્રત્યે અને સ્ત્રીને પુરુષજાતિ પ્રત્યે મોહ અને વાસનાઓ પેદા થાય છે તેમજ વિશ્વના ભૌતિક સુખો ભોગવવાનું મન થાય છે.

જે અંશને સર્વ રચનાના કારણરૂપે રહેલા સર્જનહારની સાથે મળવાની તાલાવેલી જાગેલી છે અને પરમપદ સાથે પોતાની ચિત્ત વૃત્તિને આઠેય પહોર અખંડ રીતે જોડેલી રાખે છે. એવા વૈરાગી મુમુક્ષુઓ સંસારના નાશવંત પદાર્થો અને ભોગવૈભવને હૃદયમાં અણુમાત્ર ધારણ કરતા નથી. તેઓ પોતાના શરીરમાં રહેલાં તત્ત્વોને ઊલટ પંચીકરણ દ્વારા ઊર્ધ્વગતિએ કરી આધ્યાત્મિક માર્ગે ગમન કરવા માટે વાળીને ત્યાગી જીવન જીવે છે.

**જંપ નહીં જીનુ તદીપ તાય તન, મનકી મુજબ સમેતુ;**
**આલોક ઓરુ પરલોક પ્રિત તજ, ફરત લગે જ્યૌ પ્રેહેતુ. ૨૦**

### શબ્દાર્થ

**જંપ** = શાંતિ, નિરાંત **નહીં** = નથી, નહીં, **જીનુ** = જેને, તેને **તદીપ** = તો પણ, તેમ છતાં **તાય** = તેના **તન** = શરીર, દેહ **મનકી** = મન અંતઃકરણ **મુજબ** = પ્રમાણે **સમેતુ** = સહિત, સુદ્ધાં **આલોક** = આ બાજીના, વિશ્વના, મૃત્યુલોકના **ઓરુ** = અને **પરલોક** = તે બાજુના, અંતરિક્ષમાં દૈવી ધામોના **પ્રિત** = સ્નેહ લગાવું, ઈચ્છા , આકાંક્ષા **તજ** = ત્યજીને, છોડીને **ફરત** = ફરે છે, ફરવાની ચાહના **લગે** = લાગે છે **જ્યૌ** = જેમ **પ્રેહેતુ** = પ્રેત, ભૂત, સ્પૃહા, ઝંખના સંતોષવા, ઈચ્છા પુરી કરવા.

## અનુવાદ

**તેમ છતાં પણ મનની ઈચ્છા પ્રમાણે તેના શરીરને જંપ વળતો નથી એટલે કે, આલોક અને પરલોક પ્રત્યેની પ્રીતિ ત્યજીને ઈચ્છા પૂરી કરવા પ્રેતાત્માની જેમ ફરે છે.**

## ભાવાર્થ

માનવીને મન અંતઃકરણ વડે પુરુષાર્થ કરવાની ઈચ્છા થાય તો તે મહેલ, મેડી, અટારી, ઝરૂખા વગેરે સુખાકારીના રહેઠાણ બનાવે છે. તેમજ સંપત્તિનો સંગ્રહ કરે અને પોતાની ઈચ્છા રાજકારણમાં પદવી પ્રાપ્ત કરીને રાજ કરવાની થાય છે. જ્યારે જાગ્રત મુમુક્ષુ આ પ્રમાણે આકાંક્ષાઓ સહિત મૃત્યુલોકનાં સર્વ સુખો અને અષ્ટ સિદ્ધિ, નવનિધિની વિભૂતિ પ્રત્યે તેમજ અંતરિક્ષમાં રહેલાં દૈવીધામોનાં સુખો મેળવવા પ્રત્યે સ્નેહ કે લગાવ ત્યજી ને ત્યાગી જીવન જીવે છે. સંસારના સર્વ પદાર્થો પ્રત્યે અણગમો ધારણ કરીને પોતાની ઝંખનાને સંતોષવા માટે જળકમળવત્ થઈને પ્રેતાત્માની જેમ ફરે છે. વિશ્વમાં આ પ્રમાણે સર્જનહારને મળવાની આતુરતાવાળા અંશો સંસારમાં રહીને જિંદગી જીવતા હોવા છતાં પણ તેમને જંપ વળતો નથી અને નિજ કર્તાપદ સિવાય તેને ક્યાંય પણ ઠરાવાનું ઠેકાણું જણાતું નથી.

**ત્યો વૈરાગ પ્રેહેત વ્રેહે સહિતમ, ઉભયે લગે અંકુરમે;**
**તબત્યે પ્રજલીત ભયે ઉરંતર, જ્યૌત્યે અગન કપુરમે. ૨૧**

### શબ્દાર્થ

**ત્યો** = તેવી જ રીતે ત્યારે, **વૈરાગ** = સંસાર ઉપરની આસક્તિનો અભાવ, સંયમવૃત્તિ, તપસ્વિતા અલોક અને પરલોકના સુખની ઈચ્છા ન હોવી તે, બ્રહ્મલોક સુધીના વૈભવને કાકવિષ્ટાવત્ ગણી તેમાં ઉદાસીનતા રાખવી તે **પ્રેહેત વ્રેહે** = માત્ર એક જ પ્રકારના સુખની સતત ઝંખના માટેનો વ્રેહ, સર્જનહાર થી દૂર હોવાનો શાશ્વતના સુખની સતત ઝંખના માટેનો વ્રેહ, સર્જનહારથી દૂર હોવાનો, વિયોગને દૂર કરવા માટેની આતુરતા **સહિતમ** = સહિત **ઉભયે** = બંને **લગે** = સળગી ઊઠે, વિશેષમાત્રામાં પ્રજ્વલિત થવું, ઊગવું તિવ્ર બનવું **અંકુરમે** = અંકુરમાં, લક્ષ બિંદુમાં ઉત્સાહ, ઉમળકો, હોંશ, પ્રોત્સાહન ઈચ્છાના કેન્દ્ર સ્થાને **તબત્યે** = ત્યારે પોતાનામાં **પ્રજલીત** = સળગી ઊઠે, ભળકે બળે **ભયે** = થાય **ઉરંતર** = પોતાનામાં, અંતરમાં **જ્યૌત્યે** = જેમકે, જેવી રીતે, **અગન** = અગ્નિ **કપુરમે** = કપૂરમાં, એક સુગંધિત પદાર્થમાં.

## અનુવાદ

**જેમ કપૂર અગ્નિના સંસર્ગથી વધુ પ્રજ્વલિત બને છે તેમ વૈરાગ અને સ્પૃહાવ્રેહ બંને ભળતાં ઈચ્છા શક્તિ તીવ્ર બને છે એટલે વિરહાગ્નિ જોર પકડે છે ને વિશેષ માત્રામાં સળગી ઊઠે છે.**

### ભાવાર્થ

જ્યારે સળગતા અગ્નિની જ્યોતમાં કપૂર ભેળવવામાં આવે તો અગ્નિ પોતાના સ્વરૂપે વધુ પ્રજ્વલિત બને છે. એટલે કે, અગ્નિની જ્યોત તીવ્રતાથી અધિક જોર પકડે છે. એ જ પ્રમાણે માનવીમાં વૈરાગની વૃત્તિ હોય અને તેમાં સર્જનહારથી દૂર હોવાના વિયોગને દૂર કરવા માટેની આતુરતા ભળતાં પરમપદને પામવા માટેની ઈચ્છા શક્તિ વધુ તેજ બને છે. ત્યારે હૃદયમાં વિરહાગ્નિ વધુ માત્રામાં પ્રજ્વલિત થાય છે.

**તે ક્યૌ રખે જલત તનમનકુ, ગુણ ઈંદ્રિ અંતસહી;**
**વંચિત નહીં કોયલા કીલમીષ, અગ્ન કપુર ત્યૌ જસહી. ૨૨**

### શબ્દાર્થ

**તે** = તે **ક્યૌ** = કેમ કરીને, કેવી રીતે, શા માટે, **રખે** = રાખે **જલત** = બળતા સળગતા **તન-મનકુ** = શરીર અને મન અંતદ્રકરણને **ગુણ** = ત્રણ ગુણો **ઈંદ્રિ** = દશ ઈંદ્રિયો **અંતસહી** = અંતઃકરણોને **વંચિત** = બાકી રહેતું **નહીં** = નથી **કોયલા** = કોલસા **કીલમીષ** = મેશ **અગ્ન** = અગ્નિ **કપુર** =કપૂર **ત્યૌ** = તેમ, તેવી જ રીતે, તેની **જસહી** = જેમ જ, જેવી રીતે.

### અનુવાદ

**જેમ અગ્નિમાં કપૂર બળી જવાથી કોલસા કે મૅશ કંઈ પણ શેષ રહેતું નથી. તેવી જ રીતે શરીર અને મનમાં બળતા વિરહાગ્નિથી ગુણ, ઈંદ્રિયો અને અંતઃકરણ કેવી રીતે બાકાત રહી શકે ?**

### ભાવાર્થ

પરમગુરુના શરણે ગયા પછી સંસારમાં જ્યારે અંશને પોતાપણાનું ભાન થાય છે, ત્યારે તે અંશ કરોડો કલ્પોથી વિખૂટા પડેલા કર્તાને મળવાની આતુરતાના વિરહાગ્નિમાં બળતો રહે છે. અંદરનો વિરહાગ્નિ અને વૈરાગી જીવન બંને ભળતાં અતિ ઉગ્ર માત્રામાં પ્રજ્વલિત વિરહાગ્નિ તેનામાં રહેલાં સર્વ તત્ત્વોના ગુણોને બાળીને ભસ્મ કરી દે છે.

જેમ અગ્નિમાં કપૂર ભળતાં અતિ વિશેષ માત્રામાં અગ્નિની જ્વાળાઓ

પ્રજ્વલિત થઈને બળવાથી અંતે કોલસા, રાખ કે મૅશ જેવું કાંઈ પણ બાકી બચતું નથી. તેમ આવા મુમુક્ષુજન પોતે વિરહાગ્નિમાં હોમાઈ જવાથી પોતાના તન અને મન સહિત રજો, તમો અને સતોગુણ, પાંચ જ્ઞાનેઇંદ્રય, પાંચ કર્મેઇંદ્રિય, અને મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર અંતઃકરણ સહિત સર્વ ભસ્મીભૂત થવાથી જે તે તત્ત્વોના મૂળ ગુણધર્મો નાશ પામે છે. આમ, અંશ પોતે દેહનાં તત્ત્વોના વિકારથી રહિત બની ગયો હોય છે.

**એહી વિધિ ભસ્મ હોત તનકે તત, વ્રેહે સુરત બિન અંશુ;**
**દેખન માત્ર રહે બુત બાબજ, કરીકે કવીઠ આકંશુ. ૨૩**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે, આ મુજબ, એ પ્રકારે, **ભસ્મ** = બળીને ખાખ **હોત** = થાય, થઈ જાય **તનકે તત** = શરીરના નાશવંત તત્ત્વો **વ્રેહે** = વ્રેહ, આરત **સુરત** = સુરતા **બિન** = સિવાય **અંશુ** = અંશના, અંશની **દેખન માત્ર** = માત્ર દેખાવ પુરતું, ફક્ત દેખવા પુરતું જ **રહે** = રહે છે **બુત** = આકાર, શરીર ઢાંચો **બાબજ** = બાબત, મુદ્દો **કરીકે** = થઈને, કરીને **કવીઠ** = કોઠું, ફળ, **આકંશુ** = વિત્ત વગરનું, આકાંક્ષા રહિત, સત્ય વગરનું, આકાંક્ષુ, આતુર.

### અનુવાદ

**એ પ્રમાણે અંશની આરત અને સુરતા સિવાય શરીરનાં તત્ત્વો ભસ્મ થઈ જાય છે. જેમ હાથીના પેટમાં થઈને બહાર નીકળતા કોઠાની જેમ માત્ર દેખાવ કરવા પૂરતો જ દેહ રહે છે.**

### ભાવાર્થ

પ્રબળ વિરહાગ્નિથી ભસ્મીભૂત થયેલું શરીર સર્વ તત્ત્વોના ગુણો વગરનું માત્ર નિરીક્ષણ કરવા પૂરતું જ રહેતું હોય છે, પરંતુ તેમાં રહેલા જે એક જ સજાતિનાં સમૂહવાળા તત્ત્વોના જે તે ગુણધર્મો રૂપી વિત્ત બળીને નાશ થઈ જતાં તેનામાં કાંઈ પણ દુન્યવી આકાંક્ષાઓ કે ઇચ્છાઓ પ્રગટ થતી નથી. માત્ર અંશની પોતાની વિભૂતિ રૂપે રહેલ અક્કલ, આરત અને સુરતા સિવાય અન્ય કોઈ તત્ત્વો ઊગરતાં નથી. જેમ

હાથી કોઠાના ફળને આખુંને આખું ગળી જાય છે અને જ્યારે તેના જઠરાગ્નિમાંથી પસાર થતાં તેમાંનુ સત્ત્વ અને ગર્ભના પદાર્થો હતા તે શોષાઈ જતાં હોય છે. જ્યારે તે મળ રૂપે બહાર નીકળે છે ત્યારે તે કોઠું આખું ને આખું જ જે સ્વરૂપે હતું તેવું જ દૃશ્યમાન થાય છે, પરંતુ તેમાં રહેલા પદાર્થો શોષાયેલા હોય છે. તેવી જ રીતે વૈરાગી પુરુષનું શરીર પણ સંસારમાં માત્ર દેખાવા પૂરતું જ રહે છે, પરંતુ તેમાં રહેલાં તત્ત્વોના વિકારો બળી ગયેલાં હોય છે. સર્જનહારને મળવા માટે સહાયભૂત થતા અંશની પોતાની વિભૂતિ રૂપ અક્કલ, આરત અને સુરતા સિવાય શરીરમાં અન્ય પદાર્થરૂપ તત્ત્વો બચતાં નથી એટલે કે, પ્રાકૃતિક ખેંચાણ કરતાં તત્ત્વોના ગુણધર્મો પૈકી કશું જ બાકી ઊગરતું નથી.

**હલન ચલન જીનકે જુગ જનીતત, ભાન વિના ભરમીતકે;**
**જ્યૌ ગંડુરકી ખાનપાન રત, ત્યૌ પતિકે સનમીતકે. ૨૪**

### શબ્દાર્થ

**હલન ચલન** = હાલવું ચાલવું, હરવું ફરવું **જીનકે** = જેનું **જુગ** = જગતમાં **જનીતત** = જણાય છે લાગે છે, દેખાય છે **ભાન વિના** = બુદ્ધિ વગર સમજણ વિના, શુદ્ધ બુદ્ધિ વગર **ભરમીત કે** = ભ્રમણાયુક્ત, ભ્રાંતિયુક્ત **જ્યૌ** = જેમ કે જેવી રીતે **ગંડુરકી** = ગાંડાની માફક ગાંડાની જેમ **ખાન પાન** = ખાવું પીવું **રત** = રીતે તલ્લીન, મગ્ન, પ્રીત, સ્નેહ **ત્યૌ** = તેમ, તેવી, રીતે **પતિ કે** = પતિના, સર્જનહારના **સનમીતકે** = નજરો નજર, સામે હોય તેવું, સમક્ષ, નજીક, સન્મુખ.

### અનુવાદ

**જેનું હલન-ચલન ભ્રમણા યુક્ત અને ભાન સિવાયનું જગતમાં જણાય છે. તેવા ગાંડાને ખાવા - પીવામાં જ પ્રીત હોય છે તેમ તેઓને સર્જનહારમાં જ પ્રીતિ હોવાથી તેમની સમક્ષ મીટ માંડીને રહે છે.**

### ભાવાર્થ

જેમ સંસારમાં કોઈ ગાંડો માણસ હોય તેને માત્ર ખાવા-પીવામાં જ પ્રીત હોય છે. વળી, જે હકીકતમાં નથી છતાં તેવું અનુમાનિત કરીને પોતે બેભાન અવસ્થામાં

રખડતો હોય છે. આજ રીતે જેણે માત્ર પરમપદ સાથે સ્નેહ જોડેલો છે તેવા જ્ઞાનથી અતિ ઉજાગ્રત અને કર્તાને મળવા માટે આરતવંત માનવી પણ પોતાના ચિત્તને સર્જનહાર સાથે જોડીને સુરતા દ્વારા આતુરપણે મીટ માંડીને અહર્નિશ તેમનામાં જ મગ્ન રહે છે. જેથી જગતમાં એવા માનવો બાહ્ય આચરણથી સંસારી જેવા જણાય છે, પરંતુ સંસારમાં રહેવા છતાં તેવા વૈરાગી મુમુક્ષુની વૃત્તિ પરમપદ સાથે જ જોડાયેલી હોય છે.

**એસેહી તીવ્ર રાગ રગ રગ તન, ઉગ્ર પુણ્ય જીનું આવે;**
**કોટી અનંત તંતમે એહી તન, તદપી પ્રમાણ પસાવે. ૨૫**

### શબ્દાર્થ

**એસેહી** = એવા, તેવા **તીવ્ર** = ઉગ્ર, ઉત્કષ્ટ, તિક્ષ્ણ, સખત, પ્રચંડ, **રાગ** = વૈરાગ **રગ રગ** = રગેરગમાં **તન** = શરીરના **ઉગ્ર** = મહાન, પ્રબળ, ઉમદા **પુણ્ય** = ઉત્તમ કર્મ, શુભ કર્મોનો સંચય, સતકર્મનું ફળ **જીનું** = જેનું **આવે** = હોય છે, આવે છે **કોટી અનંત** = અનંત પ્રકારના **તંતમે** = ઘાટમાં **એહી** = આ **તન** = શરીર, દેહ, માનવી **તદપી** = ત્યારે જ, તેથી **પ્રમાણ** = પ્રમાણ યુકત, દાખલો બેસાડવા જેવું, ઉદાહરણ **પસાવે** = કહી શકાય, લેખાય, ગણાય, ગણતરીમાં લેવું, માનવા યોગ્ય, દર્શાવી શકાય.

### અનુવાદ

**જેનાં સંચિત શુભ કર્મો પ્રબળ હોય તેવાને જ શરીરની રગેરગમાં તીવ્ર વૈરાગ્ય આવે છે. તેથી અનંત પ્રકારનાં શરીર પૈકી આવા શરીરને પ્રમાણ યુક્ત ગણી શકાય.**

### ભાવાર્થ

અંશ જ્યારથી કૈવલધામમાંથી કૈવલકર્તાથી વિખૂટો પડ્યો ત્યારથી અત્યાર સુધી કરોડો કલ્પો વીતી ગયા છે અને અસંખ્ય દેહમાં પરિભ્રમણ કર્યું હશે. જે જે દેહમાં ગયા પછી દેહ થકી કરેલાં સતકર્મો અને દુષ્કર્મોનો સરવાળો માંડીએ તો ઘણાં પુણ્ય અને પાપ એકઠાં થયેલા હોવા જોઈએ, પરંતુ જો ગત જન્મોમાં જે અંશે દેહ થકી વિશેષ સત્‌કર્મો કર્યા હોય અને તેનાં સંચિત શુભ કર્મો પ્રબળ હોય તો તેવા અંશને માનવદેહે પરમગુરુનું શરણું મેળવવાનો અતિ દુર્લભ મોકો સાંપડ્યો હોય છે. વળી,

શરણું મળ્યા પછી પણ તેમના દ્વારા આદેશ મુજબ સારધાર ભક્તિના પથ ઉપર ચાલીને રહેણીકરણીમાં ચુસ્તપણે વળગી રહીને જિંદગી જીવે તો જરૂર એવા અંશની આરત અને વ્રેહ માત્ર પરમપદ પામવામાં જ સ્થિર થયેલી હોય છે. પોતાના શરીરની રગેરગ અને રોમરોમમાં એવો તીવ્ર વૈરાગ જાગેલો હોય છે કે તેણે સંસારનાં સુખો અનાશક્તિ યાને અભાવ દર્શાવીને ત્યજી દીધાં હોય છે અને સંસારમાં જળકમળવત્ રહે છે. આવી ઉગ્ર તપશ્ચર્યાવાળા વૈરાગીની ગણના વિશ્વના અસંખ્ય જીવમાં એક ઉદાહરણ ગણાવી શકાય છે.

પરંતુ જો પરમગુરુના શરણે ગયા પછી પણ સ્ત્રીજાતિનો પ્રત્યક્ષ કે પરોક્ષ મોહ રાખીને માત્ર પોપટીયા જ્ઞાન દ્વારા ઉપદેશાત્મક બની વ્યભિચારી જીવન જીવનાર ત્યાગી વૈરાગી ધિક્કારને પાત્ર બને છે. પરમગુરુ સાથે છેતરપિંડી કર્યાના ફળ સ્વરૂપે ફરીથી ચોરાસીનો ફેરો તો હોય છે જ, પરંતુ પરમગુરુની દૃષ્ટિએ ગુના પાત્ર બની સર્જનહારથી પણ વિમુખ બને છે અને નિમ્ન કક્ષાનાં નીચ યોનિમાં કે નરકમાં ધકેલાઈ જાય છે.

**ઓરુ કોઈ નાર તરણ તનકે પત, મુયે વિનહી પરિવારુ;**
**પુનહી માત વિનું તાત દોહુનકે, જેહી વિધિ રોત ઉદારુ. ૨૬**

## શબ્દાર્થ

**ઓરુ** = અને વળી **કોઈનાર** = કોઈ સ્ત્રી **તરણ તનકે** = તરુણ અવસ્થામાં, યુવાનીમાં **પત** = પતિ, ધણી **મુયે** = મરી જાય **વિનહી** = વગર, વિના **પરિવારુ** = છૈયા-છોકરા, સંતાન, **પુનહી** = વળી **માત** = માતા **વિનું** = વગર **તાત** = પિતા **દોહુનકે** = બંનેના **જેહી** = જે રીતે **વિધિ** = પ્રમાણે **રોત** = રડે છે રુદન કરે છે **ઉદારુ** = ઉદાસીનતા ધારણ કરીને, કરુણાપૂર્વક કરુણ રુદન કરે છે.

## અનુવાદ

**અને કોઈ સંતાન વગરની સ્ત્રીનો પતિ યુવાન અવસ્થામાં જ મૃત્યુ પામે તથા તેનાં માતા-પિતા પણ હોતાં નથી ત્યારે તે સ્ત્રી ઉદાસીનતાપૂર્વક જેવી રીતે કરુણ રુદન કરે છે....**

### ભાવાર્થ

સંસારમાં કોઈ નવપરિણિત પતિવ્રતા સ્ત્રી ભરયુવાનીમાં પોતાની કૂખે કોઈ સંતાન ન હોય અને તેવા સમયે પોતાનો પતિ કાળને વશ થઈ જાય, વળી તે સ્ત્રીને તે સમયે પોતાનાં માતા-પિતા પણ ન હોય. આવા કપરા સમયમાં તે અનાથ અને કોઈ પણ સાંસારિક સંબંધીઓની સહાય વગરની નિરાધાર અને લાચાર સ્ત્રી જે રીતે અત્યંત વ્યાકુળતાભર્યું કરુણ રુદન કરે છે. એટલે કે, જેવી રીતે પોતાના પતિના વિયોગથી સહી ન શકાય કે ન જોઈ સકાય તેવું અસહ્ય વેદનાભર્યું કલ્પાંત કરે છે....

**તેહી વિધિ કે વૈરાગ વિલખ તન, ભવીત વૈરાગીત જનહી;**
**ક્રતા કારન કલપીત જીનકે ચિત્ત, જ્યૌ તે ત્રીયા તપનહી. ૨૭**

#### શબ્દાર્થ

**તેહી વિધિ કે** = તેવી જ રીતે, તે જ પ્રમાણે, તે જ રીતે **વૈરાગ** = સંસાર પ્રત્યે આશક્તિ ઊઠી જવી, બ્રહ્મલોક સુધીના દૈવીલોક ભોગને કાગવિષ્ટાવત્ ગણી તેમાં ઉદાસીનતા રાખવી તે, આ લોક અને પરલોકના ભૌતિક અને નાશવંત સુખોની ઇચ્છા ન હોવી તે **વિલખ** = વિશેષ લક્ષણો, વિશેષ ગુણ, સ્વભાવ, ગુણધર્મ **તન** = શરીરના **ભવીત** = થાય, હોય **વૈરાગીત** = વૈરાગ્યવાળો **જનહી** = માનવી **ક્રતા કારન** = સર્વના કારણરૂપે રહેલા કર્તા, સર્વના સર્જનહાર **કલપીત** = કલ્પનામાં, કલ્પાંતમાં, ચિંતવન **જીનકે** = જેના વિયોગમાં કલ્પાંત કરે છે, લાગણીપૂર્વક દુઃખી થાય છે, હૃદયમાં વિયોગની બળતરા થવી **ચિત** = ચિત્તમાં **જ્યૌ** = જેમ **તે** = તે **ત્રીયા** = સ્ત્રી **તપનહી** = તપે છે.

### અનુવાદ

**તેવી જ રીતે શરીર થકી વૈરાગનાં વિશેષ લક્ષણોવાળો માનવી વૈરાગી થઈને પતિવિયોગી દુઃખી સ્ત્રીની માફક સર્વના કારણરૂપે રહેલા કર્તાનું જ ચિત્તમાં ચિંત્તન કરે છે.**

### ભાવાર્થ

જેમ માતા-પિતા, પુત્ર, પરિવાર અને પતિ વગર વિધવા નિરાધાર બનેલી સ્ત્રી અત્યંત કલ્પાંત કરે છે અને પોતાના ચિત્તમાં માત્ર પતિનું જ ચિંતન હોય છે. તેવી જ રીતે સંસારથી નિરાધાર બનેલા વૈરાગીનાં વિશેષ લક્ષણો છે. તેને ધારણ કરીને

રહેલા વૈરાગી માનવી પણ તીવ્ર વૈરાગના પ્રતાપે સંસારના વૈભવમાંથી વૃત્તિને પાછી વાળી સર્વના કારણરૂપે રહેલ સર્જનહારને મળવાની આતુરતામાં અને વિરહના વિરહાગ્નિમાં તપતો હોય છે. પોતાના ચિત્તમાં માત્ર ને માત્ર પરમપદને પ્રાપ્ત કરવાનું જ ચિંતવન કરતો હોય છે. સર્જનહારને પ્રાપ્ત કરવા પોતાનાથી બની શકે તેટલા બધા જ પ્રયત્નો કરે છે.

**અલ્પ અંશ આયુષ પતિ કે કજ, કરત નાર કલપંતુ;**
**તો ખુદ ખલક જહાંન પતિ કારન, કયૌ ન વારી ધરે તંતુ. ૨૮**

### શબ્દાર્થ

**અલ્પ** = સામાન્ય, નજીવું, થોડુક, **અંશ** = સર્જનહારનો સજાતિ સજાણ સ્વરૂપ ચૈતનઅંશ **આયુષ** = આયુષ્ય, ઉંમર, આવરદા **પતિકે** = પતિના **કજ** = કારણે, માટે **કરત** = કરે છે **નાર** = સ્ત્રી **કલપંતુ** = કલ્પાંત, કરુણતા ભર્યું રુદન **તો** = તો **ખુદ** = સ્વયં **ખલક જહાંન** = અખિલ બ્રહ્માંડના **પતિ** = પતિ **કારન** = કારણ રૂપ રહેલા, ને માટે, ને કારણે **ક્યૌ** = શા માટે, કેમ **ન** = નહીં **વારી ધરે** = અર્પણ કરવું, સમર્પિત કરવું **તંતુ** = શરીર, દેહ.

### અનુવાદ

**હે અંશ ! અલ્પ આયુષ્યવાળા પતિના મૃત્યુના કારણે સ્ત્રી કલ્પાંત કરે છે તો પછી અખિલ બ્રહ્માંડના કારણરૂપે રહેલા પતિના માટે શરીર કેમ કુરબાન કરતો નથી ?**

### ભાવાર્થ

વિશ્વમાં પંચ ભૌતિક સ્થૂળ દેહનું આયુષ્ય બીજા દેહ કરતાં ઓછું હોય છે. વળી, સર્જનહારના નિયમ મુજબ જ્યારે માનવી જન્મે છે ત્યારે અંશ કેટલા પ્રાણાયામ પૂરા કરીને આ શરીરને છોડીને બીજા શરીરમાં જવાનો છે તે નક્કી હોય છે. જેની આપણને જાણ હોતી નથી તેમ છતાં તે શરીર છૂટતાં આપણે સહજ રીતે દુઃખની લાગણી અનુભવીએ છીએ. જેમ અલ્પ આયુષ્યવાળા પતિનું મૃત્યુ થવાથી તેની પત્ની અતિશય કલ્પાંત કરે છે. પતિના વિયોગનું દુઃખ ન સહન થવાથી પોતાના ચિત્તમાં

માત્ર પતિનાં જ સંસ્મરણો યાદ કરીને કરુણાભર્યું રુદન કરે છે.

આપણે પણ સામાન્ય અંશો છીએ, આપણને સર્જનહાર કૈવલકર્તાથી વિખૂટા પડ્યે કરોડો કલ્પો વીતી ગયા છે, જેમાં વળી માનવદેહ મળ્યા પછી પૂર્વ જન્મોનાં સંચિત કર્મોના પરિપાકના ફળરૂપે પરમગુરુનું શરણું મળ્યું છે. જેથી આપણા પોતાના સ્વ-ચૈતન સ્વરૂપનું અને સર્વના કારણરૂપે રહેલા સર્જનહાર કૈવલકર્તાની આપણને જાણ થઈ છે. તેમ છતાં પણ જો કૈવલકર્તાને પ્રાપ્ત કરવા માટે તેમના વિયોગને ટાળવા નાશવંત પંચ ભૌતિક શરીરની પણ પરવા કર્યા સિવાય વૈરાગી જીવન કેમનું જીવવું જોઈએ ? પોતાના શરીરની કુરબાની કરવામાં પણ પાછી પાની કરવી જોઈએ નહીં કે ખચકાટ કરવો જોઈએ નહીં.

**એક તંતકી કુન ચલાયત, કતા મિલન બદલેકુ;**
**જો કોઈ આઈ લખાવું કહન પર, વારહુ તંત અનેકુ. ૨૯**

### શબ્દાર્થ

**એક તંતકી** = એક શરીર **કુન** = શી **ચલાયત** = ગણતરી, ચાલી શકે, ચલાવી લે **કતા મીલન** = સર્જનહારને મળવાના **બદલેકુ** = બદલામાં, સાટામાં, અવેજીમાં **જો** = જો **કોઈ** = કોઈ **આઈ** = આવીને **લખાવું** = લખાવે, દર્શાવે, બતાવો, જણાવે **કહન પર** = કહેનાર ઉપર, કહેનાર ના શરણે, વચનો પર **વારહુ** = વારી ધરું, ન્યોછાવર કરું **તંત અનેકુ** = અનેક શરીર.

### અનુવાદ

**નિજ કર્તા સાથે મેળાપ કરવાના બદલામાં એક શરીરની શી ગણના ? જો કોઈ આવીને કર્તાનો મેળાપ કરાવે તો તેનાં વચનો પર અનેક શરીર વારી ધરું.**

### ભાવાર્થ

કરોડો કલ્પો અંશને સર્જનહારથી છૂટા પડે થયા હશે. વળી, આવો મોંઘો માનવદેહ મળ્યા પછી અંશની એક જ તાલાવેલી હોવી જોઈએ કે પોતાના સ્વ-ચૈતન સ્વરૂપના સજાતિ અંશી કૈવલકર્તાને પાછો જઈને મળું કે હવે પછી જન્મમરણની જે ઘટમાળ છે તે મટી જાય. આવી ઈચ્છાને પૂર્ણ કરાવવાવાળા જો

કોઈ આવીને મળે અને સર્જનહાર સાથે મેળાપ કરાવે તો આ ક્ષણભંગૂર શરીરની શી ગણતરી હોય ? સર્જનહાર સાથે મેળાપ કરાવી આપનાર પરમગુરુના શરણમાં એક તો શું અનેક શરીર ન્યોછાવર કરવા પડે તો પણ બદલામાં મળવા પાત્ર પરમપદની અવેજીમાં સંકોચ અનુભવવો જોઈએ નહીં. પરમપદના બદલામાં સઘળા પદાર્થો કે દેહની કિંમત ઓછી પડે છે એટલે કે, મહાપદ પામવામાં મિથ્યાપદની કુરબાનીની કિંમત કદી પણ સમોવડી પુરવાર થતી નથી. સદાને માટે તેનું પલ્લુ બરોબર થઈ શકે જ નહીં.

**તંત અનેક દેત કાંહાં પાવત, તદીપ તોય દુર્લભહી;**
**શિવ સનકાદિક આદ્ય કરીત તપ, કતા કાજ અબલગહી. ૩૦**

### શબ્દાર્થ

**તંત** = શરીર, દેહ **અનેક** = અનેક, અસંખ્ય **દેત** = દેતા, સમર્પિત કરતાં, ન્યોછાવર કરતાં **કાંહાં** = ક્યાં, ક્યાંથી, કેવી રીતે **પાવત** = પ્રાપ્ત કરી શકાય **તદીપ** = તેમ છતાં પણ **તોય** = તો પણ **દુર્લભહી** = દુર્લભ છે, મુશ્કેલ છે, કઠિન છે **શિવ** = શિવજી, શંકર **સનકાદિક** = બ્રહ્મપુત્રો, સનકાદિકો **આદ્ય** = પહેલેથી શરૂઆતથી, પ્રારંભથી જ **કરીત** = કરે છે. **તપ**= તપશ્ચર્યા, તપ, **કતા કાજ** = કર્તાને માટે, સર્જનહારને માટે **અબલગહી** = અત્યાર સુધી.

### અનુવાદ

**અનેક શરીર કુરબાન કરવા છતાં તે દુર્લભ પદ ક્યાં પ્રાપ્ત કરી શકાય તેમ છે ? કારણ કે શિવજી, સનકાદિક વગેરે પ્રારંભથી અત્યાર સુધી કર્તા માટે તપ કરી રહ્યા છે.**

### ભાવાર્થ

નિજકર્તાને પ્રાપ્ત કરવા માટે એક તો શું અનેક માનવજન્મ અર્પણ કરી દેવામાં આવે તો પણ તે કર્તા પદ પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. કારણ કે, સૃષ્ટિના પ્રારંભથી શિવજી અને સનકાદિક કર્તાને પ્રાપ્ત કરવા માટે તપશ્ચર્યા કરવા બેઠેલા છે. હજી સુધી તેઓ કઠોર તપશ્ચર્યા કરે છે. તો પછી આપણા જેવા સામાન્ય અંશોની શી ગણતરી ? સર્જનહાર કૈવલકર્તા ને પ્રાપ્ત કરવા અતિ દુર્લભ છે, પરંતુ પરમગુરુનું શરણું મળે તો, આ જન્મે જ અતિ સુલભ થઈ શકે છે.

**કાહા કહુ આરત જેહુનકી, સુરત અચલ દૃઢ સ્થિતિ;**
**શ્રધ્ધાહિન નહીં હુએ અબીત લ્યૌ, જુગન કોટી ગયે વીતી. ૩૧**

### શબ્દાર્થ

**કાહા કહુ** = શું કહું ? **આરત** = આરત, સર્જનહારને મળવાની તીવ્ર તલાવેલી, ઈચ્છા **જેહુનકી** = તેઓની, તેમની **સુરત** = આંતરિક દૃષ્ટિ **અચલ** = ચલીત ન થાય તે રીતે **દૃઢ** = દૃઢ મક્કમ **સ્થિતિ** = પરિસ્થિતિ **શ્રદ્ધા** = વિશ્વાસ, આસ્થા, યકીન, ભરોસો **હિન** = સિવાયના, વગરના **નહીં હુએ** = નથી થયા, થયા નહીં **અબીત લ્યૌ** = અત્યાર સુધીમાં, **જુગન કોટી** = કરોડો યુગો **ગયે વીતી** = વીતી ગયા, પસાર થઈ ગયા.

### અનુવાદ

**તેઓની આરત વિશે હું શું વર્ણન કરું ? કારણ કે સુરતાને ચલિત થવા દીધા સિવાય મક્કમ પણે એક જ સ્થિતિમાં રહીને અત્યાર સુધીમાં યુગો વહી ગયા છતાં તેઓ શ્રદ્ધાહીન થયા નથી.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર શિવ અને સનકાદિક જેવા મહાન તપસ્વીઓના તપ અંગે ખૂબ જ પ્રભાવિત છે. તેમનાં વખાણ કરતાં કહે છે કે તેમની અડગ શ્રદ્ધા અને સર્જનહારને પ્રાપ્ત કરવાની જે આતુરતા છે તે આદરણીય છે. અત્યાર સુધીમાં અસંખ્ય યુગો વીતી ગયા તેમ છતાં ભરોસો રાખીને પોતાની સુરતાને ડગાવ્યા સિવાય મક્કમ બનીને એક જ સ્થિતિમાં રહીને ધ્યાન ધરે છે. પોતાના આયુષ્યનો લાંબો સમય વીત્યો હોવા છતાં તેઓ પોતાની શ્રદ્ધામાં કદાપિ ઓટ લાવ્યા નથી અને અહર્નિશ કઠોર તપશ્ચર્યા કરે છે.

**ધન્ય ધન્ય નિજપતિ પરમ પર, યા વિધિ કરે કસનહી;**
**તો તીનકે તન અચલ અનાદિક, શકે ન કાલ ડસનહી. ૩૨**

### શબ્દાર્થ

**ધન્ય ધન્ય** = ધન્યવાદને પાત્ર છે, ધન્યવાદ આપવા ઘટે **નિજપતિ** = સર્જનહારને **પરમ** = શ્રેષ્ઠ

નિજ **પર** = ઉપર **યા વિધિ** = આ પ્રમાણે, આ રીતે **કરે** = સહન કરે **કસનહી** = કસોટી, પરીક્ષા **તો** = તો **તીનકે** = તેમના, તેઓના, **તન** = શરીર, દેહ **અચલ** = અચળ **અનાદિક** = અનાદિકાળથી **શકેન** = કરી ન શકે **કાલ** = કાળ **ડસનહી** = ભક્ષણ, દંશ, ભોગ.

## અનુવાદ

**નિજ પરમ પતિને પ્રાપ્ત કરવા આ પ્રમાણેની કસોટી સહન કરનારને ધન્યવાદ છે. અનાદિકાળથી કાળ પણ તેનું ભક્ષણ ન કરી શકવાથી તેમનો દેહ અચળ રહ્યો છે.**

## ભાવાર્થ

સર્જનહારને પ્રાપ્ત કરવા માટે શિવજી અને સનકાદિક જેવા ઘણા મહાપુરુષો કઠોર તપશ્ચર્યા કરે છે તેમ છતાં તેમનાં મન આવો લાંબો કાળ વીત્યા છતાં ડગ્યાં નથી. તેથી આવી કસોટી પણ સહન કરનાર પુરુષોને ધન્યવાદ ઘટે છે. આવા પુરુષો પોતાના કાર્ય પ્રત્યે અડગ અને કઠોર આત્મવિશ્વાસ રાખી અનાદિકાળથી ચલિત થયા વગર સર્જનહારને મેળવવા માટેના નિશ્ચિત ઉદ્દેશથી તપશ્ચર્યા કરે છે. તેથી કાળ પણ તેઓના દેહને ભક્ષણ કરી શક્યો નથી. આટલો લાંબો સમય વીત્યો તેમ છતાં તેમની પોતાની ધીરજ ખૂટી નથી અને સર્જનહાર દ્વારા થતી કસોટી સહન કરે છે. તેઓ તો વિશેષ કોટિના અંશો છે જ્યારે આપણે તો સામાન્ય અંશ હોઈ તેમના ટેક અને ધીરજને બિરદાવી ઉદાહરણ મેળવવાનું છે.

આપણે પણ સર્જનહારને પ્રાપ્ત કરવા લાંબો સમય રાહ જોવી પડે તો કસોટી થઈ રહી છે તેમ સમજીને છેલ્લા શ્વાસ સુધી પોતાનો વૈરાગ અને ટેક તજ્યા સિવાય આઠેય પહોર પરમગુરુએ દર્શાવ્યા મુજબ ભક્તિમાં લીન બનીને જીવન પૂરું કરવું જોઈએ.

**દેખહુ એહી નિજપતિ રિઝાવન, સહે કષ્ટ કેહી વિધકી;**
**બ્રહ્મસદન કૈલાસનકે સુખ, તજીત દિવ્ય મહા રિધ્ધહી. ૩૩**

### શબ્દાર્થ

**દેખહુ** = જુવો **એહી** = આ રીતે, આ પ્રમાણે, એવા **નિજપતિ** = નિજકર્તા, સર્જનહાર આદિ પરમપિતા

**રિઝાવન** = રિઝવવા, પ્રસન્ન કરવા **સહે** = સહન કરે છે **કષ્ટ** = દુઃખ, સંકટ, કસોટી **કેહી વિધકી** = ક્યા પ્રકારની, કેવી રીતે, કેમ કરીને **બ્રહ્મસદન** = બ્રહ્મજીની બ્રહ્મપુરી **કૈલાસનકે** = કૈલાસપુરીનું **સુખ** = સુખ વૈભવ, પ્રમોદ, પ્રીતિ **તજીત** = ત્યજીને, છોડીને **દિવ્ય** = અલૌકિક **મહા** = મહાન **રિધ્ધકી** = સિદ્ધીઓ.

## અનુવાદ

**બ્રહ્મસદન અને કૈલાસનાં સુખો તેમજ મહાન સિદ્ધિઓનો આનંદ ત્યજીને નિજપતિને પ્રસન્ન કરવા માટે તેઓ કેવા પ્રકારે કષ્ટ સહન કરે છે, તે તમે જુઓ !**

## ભાવાર્થ

સર્વના કારણરૂપે રહેલા આદિ નિજ સકર્તા પતિ સર્જનહારને પ્રસન્ન કરીને કૃપાપાત્ર બનવા માટે શિવજીએ કૈલાસપુરીના કામના યુક્ત મહાન સુખો ત્યજી દીધા છે. એવી જ રીતે સનકાદિકોએ પણ બ્રહ્મપુરીનાં અપાર સુખ અને વૈભવનો ત્યાગ કર્યો છે. આ બંને મહાન વિભૂતિ, નિજ પરમપતિને રીઝવવા માટે પોતે અત્યંત કષ્ટો સહન કરે છે. પરમપદની મહાનતાને સમજીને પોતાની અલૌકિક સિદ્ધિઓ ગૌણ ગણીને સર્જનહાર પ્રત્યે અહોભાવ ધારણ કર્યો અને તેમને પામવા વિશેષ કષ્ટદાયક તપશ્ચર્યા કરે છે.

અપાર સામર્થ્યતાવાળી અષ્ટ સિદ્ધિઓ પણ સર્જનહારને પ્રાપ્ત કરવામાં અસમર્થ છે તે અહીં સાબિત થાય છે. કારણ કે, સિદ્ધિઓથી સર્જનહારની રચનાના વૈભવને પ્રાપ્ત કરી શકાય કે રચનાના પદાર્થો ઉપર પ્રભુત્વ મેળવી શકાય, પરંતુ તે રચનાના રચનાર એવા શાશ્વત પરમ ચૈતન અને સર્વજ્ઞ શક્તિમાન વિશ્વનિયંતા ને મેળવવા કામ આવતી નથી કે સહાયભૂત થતી નથી.

### યોગથી મળતી અલૌકિક શક્તિ (અષ્ટ સિદ્ધિઓ)

**અણિમા** - પરમાણુના રૂપ પર્યંત નાના થઈ જવાની શક્તિ
**મહિમા** - આકાશ જેવા વિભૂ થઈ જવાની શક્તિ
**લઘિમા** - રૂના જેવા હલકા થઈ થવાની શક્તિ
**ગરિમા** - અત્યંત ભારે થઈ જવાની શક્તિ
**પ્રાપ્તિ** - અત્યંત દૂર પદાર્થને સ્પર્શ કરવાની શક્તિ

**પ્રકામ્ય** - ઈચ્છા થાય તે સિદ્ધ કરવાની શક્તિ
**ઈશિત્વ** - શરીર અને અંતઃકરણ ઉપરનું પૂર્ણ પ્રભુત્વ મેળવાની શક્તિ
**વશિત્વ** - સર્વને વશ વર્તાવનાર સામર્થ્ય ધરાવતી શક્તિ.

**તો આ જુગ કે ભક્ત ભરનકી, કુણ ગનીત લેખનમે;**
**તીનકી સરભર કરીત તાયકો, ઈતકે ભવ ભેખનમે. ૩૪**

### શબ્દાર્થ

**તો** = તો પછી **આ જુગ કે** = આ જગતના, આ વિશ્વના **ભક્ત** = ભક્ત **ભરનકી** = ભરની સમગ્ર, સમૂહની **કુણ** = શી, કેમ, કેવી રીતે **ગનીત** = ગણતરી, સરખામણી, ગણના, તુલના **લેખનમેં** = આલેખી શકાય, લેખી શકાય, કહી શકાય, લઈ શકાય **તીનકો** = તેઓની, તેમની **સરભર** = બરાબરી, સરખામણીમાં, બરાબર, સમઘાત **કરીત તાયકો** = કરી શકે તેવા, કરી શકાય તેવા **ઈતકે** = આ **ભવ** = વિશ્વમાં **ભેખનમે** = ભેખધારીઓમાં, સાધુ-સંતો અને વૈરાગીઓમાં.

### અનુવાદ

**તો પછી આ જગતના ભક્ત સમુદાયની શી ગણતરી લેખી શકાય ? તેઓની બરાબરી કરી શકે તેવા આ વિશ્વના ભેખધારીઓમાં કોણ છે ?**

### ભાવાર્થ

સકર્તાપતિને મળવાની આરત અને પરમપદની પ્રાપ્તિ માટે શિવજી અને સનકાદિકો જેવા મહાન દૈવી-પુરુષોએ પોતાની મહાનતાનો તથા દિવ્ય ધામોનાં અપાર સુખોનો ત્યાગ કરી દીધો છે. પોતે અનીન અને દાસાતન ભાવે અડગ ભાવ ધારણ કરીને સમર્પિત થયા અને સૃષ્ટિના પ્રારંભથી તે અત્યાર સુધી પોતાની શ્રદ્ધામાં ઓટ લાવ્યા સિવાય કઠોર તપશ્ચર્યા કર્યા કરે છે. એવા મહાન ત્યાગી અને અવિચળ મહાન તપસ્વીઓની સરખામણી સંસારમાં કોઈ કરી શકે તેમ નથી. વિશ્વના ભક્ત સમૂહમાં કે જગતના સર્વ ભેખધારી સંતો-મહંતો અને સાધુ વૈરાગીઓ પૈકી કોઈની પણ સાથે તેમની તુલના કરી શકાય તેમ નથી. ખરેખર! તેઓની તપશ્ચર્યાની હરોળમાં કોઈની પણ ગણના થઈ શકે તેમ નથી.

**પણ નિજ કર્તા પરમ કૃપાલન, જુગકે ધરમ વિચારી;**
**અલપ આયુષ પરમાણ આરતસે, નુકત્યે લેત નિવારી. ૩૫**

### શબ્દાર્થ

**પણ** = પણ પરંતુ **નિજકર્તા** = સકર્તા સર્જનહાર પોતે **પરમ કૃપાલન** = મહાન દયાળુ, મહાન કૃપાળુ **જુગકે** = જગતના, યુગના **ધરમ** = ધર્મ, કર્તવ્ય, ફરજ **વિચારી** = વિચારીને, સમજીને **અલપ આયુષ** = અલ્પ આયુષ્ય, ટૂંકી ઉંમર, ઓછી જિંદગીની મર્યાદા **પરમાણ** = પ્રમાણે, પ્રમાણમાં **આરત સે** = આરતથી, ઉત્કંઠાને **નુકત્યે** = યુક્તિથી, રહસ્યમય, યુક્તિપૂર્વક, પરિતાપ **લેત** = લે છે. **નિવારી** = દૂર કરી, નિવારણ કરે છે.

### અનુવાદ

**પરંતુ સર્જનહાર પરમ કૃપાળુ છે. તેઓ યુગના ધર્મને વિચારીને અલ્પ આયુષ્યના પ્રમાણમાં આરતવંતના પરિતાપ ને દૂર કરે છે.**

### ભાવાર્થ

પરંતુ આદિ વિશ્વનિયંતા મહાન દયાળુ છે. તેઓએ પોતાના શુદ્ધ સંકલ્પથી સર્વ જગતની રચના રચી છે. જેમાં ચાર યુગની રચના પણ એક કરતાં અધિક સમયનો ગાળો ગોઠવીને કરેલી છે. ત્રણે પ્રકારના અંશોમાં પણ સામાન્ય કરતાં વિશેષની અને વિશેષ કરતાં પરમ વિશેષની વિભૂતિઓ એકથી અધિક ચઢિયાતી પોંખેલી છે. તેમજ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહમાં પણ એક એકથી અધિક આયુષ્યની મર્યાદા નક્કી કરીને અગાઉથી યુક્તિપૂર્વકની રચનામાં યુગો, દેહ અને અંશોનો યોગ્ય અને અયોગ્યતાનો વિચાર કરીને પોતપોતાના ગુણ, લક્ષણ, પરિસ્થિતિ, કર્તવ્ય, ફરજ, વગેરેની સુયોગ્ય રીતે ગોઠવણ કરેલી છે. તેમાં વળી કળિયુગ એટલે જ અધર્મના સમયનો ગાળો. વળી ચારેય યુગોમાં કળિયુગ સૌથી ઓછા ૪,૩૨,૦૦૦ વર્ષનો ગણાય છે.

વળી સ્થૂળ દેહમાં પણ તે જ રીતે બીજા દેહના કરતા સૌથી ઓછા આયુષ્યનો સમય ગોઠવેલો છે અને સામાન્ય અંશોની રચના પણ અન્ય વિશેષ અને પરમવિશેષ કરતાં અલ્પ વિભૂતિ હોઈ અજ્ઞાન જલદી વ્યાપી જતું હોય છે. આથી સ્થૂળ દેહ ધરાવતા માનવીઓની સ્થિતિ કળિયુગના સમયમાં વિશેષ વ્યભિચારી જીવન

જીવવાથી અલ્પ આયુષ્ય હોય છે. વળી જગતમાં સર્વત્ર અધર્મનો ઉપદ્રવ વધુ ફેલાયેલો હોય છે. તેથી માનવી પશુહિન બનીને જિંદગી જીવે છે. ભોગવિલાસ અને આસુરી વૃત્તિનો પ્રભાવ માનવીના મન ઉપર વધુ પ્રભાવિત બનેલો હોય છે અને સર્વ ત્રિવિધિના તાપથી તપતા હોય છે.

માનવોના આવા બેહાલ જોઈને જ પરમદયાળુ સર્જનહારે અંશો ઉપર કૃપા કરીને પોતાના સાંનિધ્યમાં રાખેલા પરમવિશેષ પાટવીઅંશ પરમગુરુને વિશ્વમાં મોકલ્યા છે. તેઓ જ આ વિશ્વમાં પ્રગટ સ્વરૂપે પધારીને અંશોના સ્વ-સ્વરૂપનું અને સર્જનહાર અંશીનું જ્ઞાન દર્શાવે છે. વળી અંશને સર્જનહાર સાથે મેળાપ કરાવી શકવા માટે તેઓ સમર્થ છે. વિશ્વમાં કર્તાને મેળવવાના વિરહાગ્નિથી તપતા અંશોને શાંત કરવા માટે તેમજ તેઓના સઘળા ગુનાઓનું નિવારણ કરીને અંશને પોતાના શુદ્ધ સ્વરૂપે કરવા માટે પરમગુરુ કૃપા કરે છે. અલ્પ આયુષ્ય ધરાવતો માનવદેહ હોવા છતાં પોતાના જીવનકાળના અંત સુધી તે માનવી પરમગુરુના શરણમાં રહે તો, નિશ્ચિંતપણે તેવા આરતવંતનું કલ્યાણ આ જ જન્મે પરમગુરુ કરે છે. તેથી તેને લાંબો સમય રાહ જોવી પડતી નથી અને નવો જન્મ પણ ધારણ કરવો પડતો નથી.

**એસે પરમ દયાલ પ્રભુ પર, કયો કુરબાન ન હોઈ;**
**કોટી જુગન તપ તુલ તનીક ન તુ, જબી તારત હે તોઈ. ૩૬**

### શબ્દાર્થ

**એસે** = એવા **પરમ** = મહાન **દયાલ** = દયાળુ **પ્રભુપર** = પ્રભુ ઉપર **ક્યૌ** = શા માટે ? કેમ? **કુરબાન** = ન્યોછાવર, સમર્પિત **નહોઈ** = થતા નથી, થતો નથી, હોતા નથી **કોટી** = કરોડો **જુગન** = યુગોના **તપ તુલ** = તપશ્ચર્યા ની સરખામણીમાં **તનીક** = સહેજપણ **ન** = નહીં **તુ** = તું **જબી** = તોપણ **તારત હૈ** = તારે છે, ભવપાર કરે છે **તોઈ** = તેઓ.

### અનુવાદ

**કરોડો યુગોની તપશ્ચર્યાની સરખામણીમાં તું તો કંઈ જ નથી, તેમ છતાં તે ભવ પાર કરે છે. માટે એવા પરમ દયાળુ પ્રભુ ઉપર શા માટે કુરબાન થતો નથી ?**

### ભાવાર્થ

વિશ્વમાં મહાન તપસ્વી એવા શિવજી અને સનકાદિકો કરોડો યુગોથી અટલ અને અવિચલ રહીને પ્રભુપદને પ્રાપ્ત કરવા તપશ્ચર્યા કરે છે. તેઓની સરખામણીમાં આપણે કદી પણ આવી શકીએ તેમ નથી. વળી કળિયુગમાં માનવદેહે એવી સ્થિતિમાં રહીને કઠોર તપશ્ચર્યા કરી શકાય કે કેમ એ આપણા માટે એક પ્રશ્ન છે. તેમ છતાં સર્જનહારને મળવા માટે જે માનવી અતિ તીવ્ર વૈરાગ અને આરતને જોઈને એવા આરતવંત અંશ આ જન્મે જ ભવ પાર થાય તેવી વ્યવસ્થા ગોઠવેલી છે. માટે એવા પરમદયાળુ સર્જનહાર પ્રભુ ઉપર માનવીએ પૂર્ણ પણે કેમ સમર્પિત થઈને ન રહેવું જોઈએ ? આ માટે આઠેય પહોર પરમગુરુ દ્વારા દર્શાવેલ પ્રગટ જાપ જપવા અને ગુપ્ત અમરમંત્રનું ધ્યાન ધરવું જોઈએ. તેમજ સારધાર રહેણીકરણી પાળીને જીવન પૂરું કરવું જોઈએ.

**કુન કુમત તુજ કરમ તણી શઠ, તેહી કરતાર ન જાને;**
**હાય હાય હૈયે હરખ ન ઉપજ્યો, સબ જુગ ભરમ ભુલાને. ૩૭**

#### શબ્દાર્થ

**કુન** = કઈ **કુમત** = કુમતિ, અનિત્ય બુદ્ધિ, ખોટી બુદ્ધિ, અજ્ઞાન, અણસમજ **તુજ** = તને, તારા, **કરમ તણી** = કુકર્મની આડ રૂપ, કર્મોની કર્તવ્યની **શઠ** = શઠ, ધૂર્ત, લુચ્ચું, ઠગ, દુષ્ટ **તેહી** = જેથી, તેથી, તે, એવા **કરતાર** = સર્જનહારે, કર્તા **ન** = નહીં **જાને** = જાણ્યા, ઓળખ્યા **હાય હાય** = નિરાશાજનક ઉદ્ગાર ઊંડા દુઃખની બદદુઆ, શાપ **હૈયે** = હૃદયમાં **હરખ** = હર્ષ, આનંદ, ખુશાલી, ખુશી, અહોભાવ **ન** = નહીં **ઉપજ્યો** = ઉત્પન્ન થયો **સબ** = સર્વ, તમામ **જુગ** = યુગના, યુગમાં, જગતમાં **ભરમ** = ભ્રમણા યુક્ત, ભ્રમણામાં **ભુલાને** = ભુલા પડ્યા, ભૂલા પડીને.

### અનુવાદ

**હે શઠ ! તારી એવી કઈ કુબુદ્ધિથી કર્મો કર્યાં કે એવા કર્તાને તું જાણી શક્યો નહીં. અરે હાય હાય ! બધા જ જીવ યુગની ભ્રમણામાં ભૂલા પડ્યા, પણ કોઈનાય હૃદયમાં અહોભાવ ઉત્પન્ન થયો નહીં !**

### ભાવાર્થ

કળિયુગના પ્રભાવ ઉપર દૃષ્ટિપાત કરીએ તો તેમાં અધર્મનો ઉપદ્રવ વધેલો

જણાશે અને જમીન નિઃસત્ત્વ થશે. બ્રહ્માદિક વર્ણ અને ધર્મના કાર્યક્ષેત્રમાં બધા પેટભરા અને મીઠું બોલનાર તેમજ રોચક વાણીના વકતા થશે. લૌકિક ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ મનાશે. દીર્ઘ દૃષ્ટિ નષ્ટ થશે. લોકો ખોટું બોલનાર થશે. પિતા-પુત્રમાં વેર અને દ્વેષભાવ માલૂમ પડશે. સ્ત્રીઓ વિશેષ વ્યભિચારિણી થશે યુગની આખરે અંગૂઠાના વેઢાના એકભાગ જેવા માણસોની વૃત્તિ થશે. વેદની ક્રિયાઓ, ભલાઈનાં કામો, યજ્ઞોદિક વિધિઓ બંધ થશે. દુઃખ, આક્રોશ, રોગ, શ્રમ, ભૂલદોષ, ગુસ્સો વગેરે અનિષ્ટો વધી પડશે. આવી રીતે સર્વ પ્રજા વિનાશને રસ્તે ઘસડાવા લાગશે અને મનુષ્યની જિંદગીનું કોઈ ચોક્કસ માપ નહીં હોય. ખૂનામરકી અને અત્યાચાર વધશે. ધર્માચાર્યો કપટ વેશધારી થાય અને મનુષ્યોને ન્યાયાલયો પ્રત્યે વિશ્વાસ ઊઠી જેશે. નિમ્નકક્ષાની વૃત્તિવાળા લોકો મોજ કરે, કલીનો મુખ્ય પ્રભુત્વ અને ઠેકાણું સ્ત્રી, જુગટું (જુગાર), મદ્યપાન, જીવહિંસા અને સુવર્ણની મોહકતા કહેવાય છે.

આવા કળિયુગના સમય દરમિયાન જીવ ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં ભૂલા પડીને જીવતા હોય છે. કરોડો કલ્પોથી સર્જનહારથી વિખૂટા પડેલા જીવના કલ્યાણ માટે દયાળુ સર્જનહારે પોતાના પરમવિશેષ પાટવી અંશ પરમગુરુને આ વિશ્વમાં મોકલ્યા હોવા છતાં શઠ જીવને સૂઝ પડતી જ નથી. પોતાના ગત જન્મમાં કુબુદ્ધિથી કરેલાં દુષ્કર્મો આડે આવી ગયા હોવાથી તેઓને સાચું જ્ઞાન મેળવવાનું સૂઝતું જ નથી. સર્જનહાર દ્વારા બનાવેલી વિભૂતિનો ઉપયોગ કરે છે છતાં એવા સર્જનહાર પ્રત્યે તેઓના હૃદયમાં જરાપણ અહોભાવ થતો નથી. એવા નસીબના ફૂટેલા ઠગ અને દુષ્ટ જીવને માનવદેહ મળ્યાનો પણ અહેસાસ થતો નથી. આવા દુઃખની પરાકાષ્ઠામાં રાચતા અને માયાની જાળમાં ફસાયેલા જીવ ધિક્કારને પાત્ર છે.

**જયૌ બાલક માતન વિછરનસે, રોવત શ્વાસ ભરીનકે;**
**અતિ આરત કે રુદન દેખીતવ, આઈ મિલત ફેરીયનકે. ૩૮**

**શબ્દાર્થ**

**જયૌ** = જેવી રીતે, જેમ **બાલક** = બાળક, છોકરું, નાનું ઉંમરનું શિશુ **માતન** = માતાથી **વિછરનસે** = વિખૂટું પડવાથી, છૂટું પડેલું **રોવત** = રુદન કરે, રડે છે **શ્વાસ ભરીને કે** = ડૂસકાં ભરી ભરીને, રોતાં રોતાં, આવતા ડચકાં, રડતાં રહી રહીને જોરથી ખેંચાતો શ્વાસ **અતિ આરત કે** = અતિશય,

આરતથી, વિશેષ પ્રમાણમાં મળવાની ઉત્કંઠાથી **રુદન** = રડવું, રડતું **દેખીતવ** = દેખીને, જોઈને, નિહાળીને **આઈ મિલત** = આવીને મળે છે **ફેરીયનકે** = ફરીથી.

## અનુવાદ

**જેવી રીતે માતાથી વિખૂટું પડેલ બાળક શ્વાસ ભરીરભરીને રડે છે, તે બાળકનું અત્યંત આરતપૂર્વક રુદન જોઈને માતા ફરીથી આવીને મળે છે.**

## ભાવાર્થ

માતા પોતાના નાના બાળકને એકલું મૂકીને પોતાના ઘરકામના કાર્યમાં વ્યસ્ત હોય છે, પરંતુ જ્યારે બાળક જાગે છે અને પોતાની માતાને જોતું નથી. આ સિવાય બીજા કોઈ અન્ય કારણોસર પણ જ્યારે બાળક માતાથી વિખૂટું પડે ત્યારે તે બાળક તેની માતાને મળવા માટે અત્યંત આક્રંદપૂર્વક રુદન કરે છે. માતાને મળવાની આકાંક્ષાથી ડુસકાં ભરી ભરીને અત્યંત કલ્પાંત કરે છે. આવું નિહાળતાંની સાથે જ માતા પોતાના સઘળા કામ-કાજ છોડીને તુરત જ બાળકની પાસે જઈને પોતાના બાળકને છાતી સરસો લગાવે છે. વહાલપૂર્વક આલિંગન કરીને તેના વિરહને શાંત પાડવા માટે અતિ આતુરતાપૂર્વક છાનું રાખવા પ્રયત્ન કરે છે.

**તેહી પરકારન ક્યૌ ન રોત તુજ, પરમમાતુ વિછરનસે;**
**પ્રમીત પ્રિત ઉતકૃષ્ટ રુદનસે, આઈ મિલત હરિજનસે. ૩૯**

### શબ્દાર્થ

**તેહી પરકારન** = તેવી જ રીતે, તે જ પ્રકારે **ક્યો** = કેમ, શા માટે **ન** = નહીં, નથી **રોત** = રડતો, રુદન કરતો, **તુજ** = તું, તારા **પરમમાતુ** = મહાન, વ્હાલા, શ્રેષ્ઠ, માતા **વિછરનસે** = છુટા પડવાથી, વિખૂટા પડેલા ને લીધે **પ્રમીત** = પરમિત, નિયમિત, **પ્રિત** = સ્નેહપૂર્વક **ઉતકૃષ્ટ** = ઉત્કૃષ્ટ, મહાન, શ્રેષ્ઠ, અતિ **રુદનસે** = રડવાથી, ભક્તિ કરવાથી, પોકાર કરીને **આઈ** = આવીને **મિલત** = મળે **હરિ** = પ્રભુ, સ્વામી **જનસે** = ભક્તને.

## અનુવાદ

**તે જ પ્રકારે પરમ માતાથી વિખૂટો પડેલો તું શા માટે તેવું રુદન કરતો નથી ?**

**નિયમિતપણે ભાવપૂર્વકની ભક્તિરૂપ રુદનથી જ ભક્તને પ્રભુનો મેળાપ થશે.**

## ભાવાર્થ

બાળકની જેમ ભક્તે પણ કરોડો કલ્પોથી વિખૂટા પડેલા પોતાની માતારૂપ અંશના સજાતિ સર્જનહાર કૈવલકર્તાને મેળાપ કરવા માટે અતિ આરતપૂર્વક નિયમિત પણે ભક્તિ કરવી જોઈએ. વળી પરમગુરુએ આપેલ 'કૈવલ' પ્રગટ જાપનું રટણ અને ગુપ્ત અમરમંત્રના અહર્નિશ જપ કરવા જોઈએ. વળી હૃદયમાં કૈવલકર્તાને મળવાની તાલાવેલી અતિ ઉમંગભેર ધારણ કરીને નિષ્ઠુરભક્તિ રૂપ રુદનથી પ્રભાવિત કરવા જોઈએ. આવી સ્થિતિ ભક્ત અને ભગવંતના વચ્ચે અન્યોન્ય સળંગ સૂત્રવત્ સ્નેહ બંધાશે તો સર્જનહાર પોતે તો પોતાની બનાવેલી રચનામાં આવતા નથી, પરંતુ પોતાના દૂત તરીકે પરમગુરુને મોકલે છે અને તેમની કૃપાથી અધિકારી બનેલા અને શુદ્ધ નિર્મળ અણિ અગ્ર અંકુરિત થયેલા અંશોને પોતાના કૈવલધામમાં બોલાવીને હૃદયસરસા ચાંપીને વિરહાગ્નિના તાપને શાંત પાડે છે.

**જેતને ભર રધ રકમ પ્રમાણિક, દામ લગે તેહી તીનકે;**
**હિરા માણેક રતન આદ્ય લ્યૌ, ભિન્ન ભિન્ન જેહી જીનકે. ૪૦**

## શબ્દાર્થ

**જેતને ભર** = જેટલી પણ **રધ** = સંપત્તિ, સમૃદ્ધિ **રકમ** = સંખ્યા, ચીજ **પ્રમાણિક** = પ્રમાણ યુક્ત, સાચી પ્રમાણભૂત, પ્રમાણસિદ્ધ **દામ** = કીમત, મૂલ્ય **લગે** = લાગે, થાય, ગણાય **તેહી** = તે પ્રમાણે **તીનકે** = તેની **હિરા** = સફેદ કલરનો કીમતી સખત ખનિજ પથ્થર **માણેક** = લાલરંગના કીમતી પથ્થરનું નંગ **રતન** = રત્ન, પૌરાણિક માન્યતા મુજબ સમુદ્ર મંથનમાંથી નીકળેલ ચૌદ વસ્તુઓમાંની દરેક ને રત્ન કહેવાય છે. જેમાં લક્ષ્મી, કૌસ્તુભમણી, પારિજાત વૃક્ષ, સુરા, ધન્વંતરી વૈદ્ય, ચંદ્રમા, કામદુર્ગા, ઇંદ્રનો ઐરાવત હાથી, રંભા વગેરે અપ્સરાઓ ઉચ્ચૈશ્રવા નામનો ઘોડો, અમૃત, સારંગ, ધનુષ, પાંચજન્ય શંખ અને હળાહળ ઝેર **આધ લ્યૌ** = વગેરે, સુધીના, સર્વ મળીને, સહિત **ભિન્ન-ભિન્ન** = જુદા-જુદા, અલગ અલગ, **જેહી** = જેની **જીનકે** = જેવી.

## અનુવાદ

**હીરા માણેક અને રત્નની આદ્ય લઈ જેટલી પ્રમાણભૂત સંપત્તિ છે તે દરેકની**

**વસ્તુના પ્રમાણમાં તેની જુદી-જુદી કિંમત અંકિત કરવામાં આવે છે .**

### ભાવાર્થ

વિશ્વમાં જુદા-જુદા પ્રકારની મૂલ્યવાન ખનિજ, સંપત્તિ અને અન્ય સમૃદ્ધિવાળી ચીજોમાં પ્રમાણભૂત સંપત્તિ ઘણી છે. જેમાં જેટલા હીરા, માણેક અને ચૌદ રત્નો છે તે દરેકની કિંમત પણ વસ્તુના પ્રમાણમાં જુદી જુદી અંકાય છે. એટલે કે, તેને બજારમાં વેચાણના સ્વરૂપમાં ગણતરી કરીને જો કિંમત આંકવામાં આવે તો તે ચીજોની કિંમત અલગ અલગ દૃષ્ટિકોણવાળી અલગ અલગ વસ્તુની જુદી જુદી કિંમત નક્કી કરી શકાતી હોય છે.

**પણ પારસ પદ રકમ મહાદ રધ, મોલ તોલ નહીં આવે;**
**તાઈ પરંતુ પરમ ચિંતામણિ, કહો કયૌ કરી કીત પાવે. ૪૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **પારસ પદ** = એક કલ્પિત પથ્થર કે પદાર્થ જે લોઢાને સ્પર્શે તો લોઢાનું સોનું થઈ જાય એવી લોકયુક્તિ પ્રસિદ્ધ છે એમાં પણ બે પ્રકારના પારસ ગણાય છે. એક પારસ બીજી સ્પર્શ વસ્તુને પારસમાં પરિવર્તિત કરે અને એક પારસ લોખંડને સોનુ બનાવે છે. **રકમ** = સંખ્યા, આંકડા, ચીજ, વસ્તુ **મહાદ રધ** = મહાન સમૃદ્ધિ, મોટી સંપત્તિ **મોલ તોલ** = કિંમત, વજન, કિંમતની સરખામણી, ભાવ તાલ, કિંમત નક્કી કરવી તે, કિંમતની આંકણી, વજન, કિંમતની સરખામણી, ભાવ તાલ, કીંમત નક્કી કરવી તે કિમતની આંકણી **નહીં આવે** = આવે નહીં, થાય નહીં, કરી શકાય નહી, થઈ શકે નહીં **તાઈ પરંતુ** = તેનાથી પણ, તેના કરતાં પણ **પરમ ચિંતામણિ** = શ્રેષ્ઠ ચિંતામણિ, એક કલ્પિત રત્ન જે માગીએ તે પ્રાપ્ત કરાવે એવી અદ્ભુત શક્તિ ધરાવતો દિવ્ય મણિ, હાથમાં ધારણ કરીને વિચારવામાં કે ઈચ્છવામાં આવેલી વસ્તુ કે વિચારને સિદ્ધ કરનારો પદાર્થ **કહો** = કહો **કયૌ કરી** = કેમ કરીને, શી રીતે **કીત** = કેવી રીતે **પાવે** = પ્રાપ્ત થાય, મેળવી શકાય.

### અનુવાદ

**પરંતુ પારસ રૂપ પદાર્થ શ્રેષ્ઠ રિદ્ધિવાળો હોઈ તેનો ભાવ તાલ થઈ શકે નહીં. તેનાથી પણ અમૂલ્ય ચિંતામણિ છે. તે કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે કહો ?**

### ભાવાર્થ

મૂલ્યવાન હીરામાણેક અને રત્નોની તો કિંમત તો આંકી શકાય છે. જ્યારે પારસ રૂપ જે પદાર્થ છે જે શ્રેષ્ઠ રિદ્ધિવાળો હોવાથી તેનો કોઈ પણ પ્રકારે ભાવ-તાલ કરી શકાય તેમ નથી. કારણ કે, તેની અવેજીમાં બીજી કોઈ પણ મૂલ્યવાન વસ્તુની કિંમતના સ્વરૂપે સરખામણી કે મુલવણી કરી શકાય તેમ નથી. તેનાથી પણ અધિક મૂલ્યવાન અને સર્વથી શ્રેષ્ઠ પદાર્થ રૂપ ચિંતામણિ ગણી શકાય કે જેની સરખામણીમાં વિશ્વની કોઈ પણ કીમતી ઝવેરાત કે પદાર્થ આવી શકે તેમ નથી. તો પછી એવા ચિંતામણિ રૂપ પરમપદને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે કહો ? એટલે કે, આપણા માટે એવું અમૂલ્ય કૈવલપદ કેવી રીતે પ્રાપ્ત કરવું ? એ એક મહાન પ્રશ્ન બની રહે છે.

**તેસેહી અંતઃકરણ ઇંદ્રિગુન, એ સબ દામ કહાઈ;**
**હિરા માણેક રતન આદ્ય સમ, પંચી કરણસે પાઈ. ૪૨**

### શબ્દાર્થ

**તેએહી** = તેવી જ રીતે, તે પ્રમાણે **અંતઃકરણ** = ચાર અંતઃકરણ મન, બુદ્ધ, અહંકાર અતે ચિત્ત, **ઈંદ્રિ** = દશ ઈંદ્રિયો પાંચ કર્મેઈંદ્રિય અને પાંચ જ્ઞાનેઈંદ્રિદ્ર **ગુન** = ત્રણ ગુણઃ રજો, તમો અને સતો **એ સબ** = એ સર્વ, એ તમામ **દામ** = કીમત થઈ શકે તેવા **કહાઈ** = કહેવાય છે **હિરા** = સફેદ કલરનો કીમતી ખનીજ સખત પથ્થર **માણેક** = લાલરંગનો કીમતી રત્ન, **રતન** = રત્નો **આદ્ય** = સહિત, એ બધા જ **સમ** = સરખા **પંચી કરણસે** = પાંચ મહાતત્ત્વોના બંધારણથી **પાઈ** = પ્રાપ્ત થયેલા, બનેલા.

### અનુવાદ

**તેવી જ રીતે પંચીકરણથી બનેલા અંતઃકરણ, ઇંદ્રિય, ગુણ એ સર્વ હીરા, માણેક અને રત્નોની બરાબર કહેવાય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં હીરા, માણેક અને રત્નો વગેરે ખનીજ સંપત્તિને સમૃદ્ધિવાળા પદાર્થો ગણવામાં આવે છે. તેના ભાવ-તાલની આંકણી થઈ શકે છે. એટલે કે, જેની કિંમત આંકી શકાય તેવા મૂલ્યવાન પદાર્થો કહેવાય છે.

તેવી જ રીતે આવા કીમતી સંપત્તિ સમાન આ દેહમાં અંતઃકરણો, ઇંદ્રિયો અને ત્રણેય ગુણો પણ મૂલ્યવાન છે. જે પાંચ મહાતત્ત્વોના બંધારણથી બંધાયેલા પદાર્થો હોઈ તેની પણ આંકણી પદાર્થોનાં સ્વરૂપો મુજબ કરી તેની કિંમત આંકી શકાય છે. એટલે કે, દેહના બંધારણમાં રહેલા આ ત્રણેયની મૂલ્યવાન તત્ત્વો તરીકે ગણતરી થઈ શકે છે.

**પુનિ પારસપદ આપનું આપ નિજ, પંચીકરણ પરંતુ;**
**તીનકી પર નિજકર્તા ચિંતામણી, સકલ નેતિ પર અંતુ. ૪૩**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **પારસપદ** = પારસમણિરૂપ પદાર્થ **આપનું આપ નિજ** = પોતાનું નિજ ચૈતન સ્વરૂપ **પંચીકરણ** = પાંચ મહાતત્ત્વોવાળું છે **પરંતુ** = તેમ છતાં, તેની આગળ, તેનાથી પણ વિશેષ **તીનકી પર** = તેઓના ઉપર, અધિક, તેઓના સર્વોપરી **નિજકર્તા** = મૂળ સર્જનહાર, કૈવલકર્તા, આદિ પરમપિતા **ચિંતામણિ** = ચિંતામણિ **સકલ** = સર્વના **નેતિ** = અંત રહિત **પર અંતુ** = અંતિમ, સર્વથી ઉપરનું પદ, છેવટનું, સૌથી સર્વોપરી પદ.

### અનુવાદ

**વળી, પારસમણિ સમાન પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ પણ પાંચ મહાતત્ત્વોના બંધારણથી પરે રહેલું છે, પરંતુ તેની ઉપર નિજકર્તા ચિંતામણિ સમાન સર્વના છેવટના અંતિમ પરમપદ તરીકે રહેલા છે.**

### ભાવાર્થ

સર્જનહારે રચેલાં ચોરાસી તત્ત્વોના વિસ્તારમાં ચૈતનતાની દૃષ્ટિએ ત્રણ વિભાગ પાડી શકાય છે, જેમાં ત્રણેય પ્રકારના અંશો પૂર્ણ ચૈતન ગણાય છે. બ્રહ્મનાં ત્રણેય મહાતત્ત્વો સમચૈતન ગણાય છે જ્યારે બાકીનાં બધાં જ તત્ત્વો નાશવંત તત્ત્વો ગણાય છે. આમ શરીરમાં રહેલા પોતાના સ્વ ચૈતન સ્વરૂપ અંશ પારસમણિ સમાન છે જેની કોઈ કીમત આંકી શકાય નહીં. જ્યારે તે અંશ જેની સજાતિનો છે એવા સર્વ ઉત્પત્તિના કારણરૂપે રહેલા સકર્તા સર્જનહાર અંશી ચિંતામણિ સમાન છે. જે પોતે અંત રહિત

બ્રહ્માંડની રચનાના રચયિતા છે અને છેવટના સર્વોપરી પરમપદ તરીકે રહેલા છે. જેઓની સરખામણી કરવા યોગ્ય અખિલ બ્રહ્માંડમાં કે બ્રહ્માંડમાંથી પરે કોઈ સ્વરૂપ નથી.

છેલ્લી ચાર ચોપાઈથી જે ઉદાહરણ આપવામાં આવેલું છે તેમાં હીરા, માણેક અને રત્નોની સરખામણીમાં પારસ અતિ ઉત્તમ છે અને આ બધામાં ચિંતામણિ સર્વ શ્રેષ્ઠ છે એ વાતને પુરવાર કરવા માટે માત્ર અધિકતા દર્શાવવા પૂરતું જ દૃષ્ટાંતને સમજવાનું છે. અન્ય કોઈ રીતે સરખામણી કરવાની નથી. તે જ ન્યાયે વિશ્વમાં જેટલા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણના દેહ છે તેમાં જે તત્ત્વો કર્તાની પહેલી પાંચ વૃત્તિઓના પંચીકરણ રૂપે મિશ્રણ થઈને રહેલા છે તે સર્વની ઉપર અધિકતા રૂપે ચૈતન શક્તિ ધરાવતો સકર્તાપતિની છઠ્ઠી અંશવૃત્તિનો નિજ જાણ સ્વરૂપ અંશ છે. બ્રહ્માંડથી તિત રહેલા અંશી કૈવલકર્તા સર્વ શ્રેષ્ઠ અધિક પરમપદ તરીકે છે. આ રીતે અંતઃકરણ, ઇંદ્રિયો અને ગુણ ઘણને હીરા, માણેક અને રત્નોની સાથે સરખાવીને તેની મહત્તાનો અને તેની વિશેષતાનો ખ્યાલ દર્શાવ્યો છે. જ્યારે સર્જનહારના સજાતિ ચૈતનઅંશને પારસમણિ સાથે સરખાવીને તેની કોઈ કીમત આંકી ન શકાય તેવી અનમોલ વસ્તુ છે અને નાશવંત તત્ત્વોથી તેની અતિ અધિક વિશેષતા છે. અહીં સર્વના ઉપર સત્તાધીશ તરીકે સર્વ રચનાના કારણરૂપે રહેલા પરમચૈતન સર્વજ્ઞ સકર્તા કૈવલ પતિ છે. જે ચિંતામણિના રૂપે બતાવેલા છે; જે સર્વોપરી અને સર્વથી તિત રીતે રહેલા છે તેમ દર્શાવવા પ્રયત્ન કરેલો છે. આમ માત્ર એકથી અધિક અને અધિકતામાં સર્વોત્તમની સરખામણી પૂરતું આ દૃષ્ટાંતને સમજવા પ્રયત્ન કરીને દેહમાં અંશની અને અખિલ બ્રહ્માંડમાં અંશીની સર્વોપરીતાને સમજવાની છે.

**આપનુંઆપ પારસપદ મુશકલ, પાવત અતિ અગમહી;**
**તો કર્તા નિજ પરમ ચિંતામણિ, પાવત કુન સુગમહી. ૪૪**

### શબ્દાર્થ

**આપનુંઆપ** = પોતાનું સ્વ ચૈતનઅંશ સ્વરૂપ **પારસપદ** = પારસ પદાર્થ જેવું **મુશકલ** = મુશ્કેલ, કઠિન, દુર્લભ **પાવત** = પ્રાપ્ત કરવું એ **અતિ** = અતિ, વધારે, અત્યંત, વિશેષ, **અગમહી** = અગમ્ય, ઇંદ્રિયોથી ન પરખી શકાય તેવું ઇંદ્રિયાતીત **તો** = તો **કર્તા નિજ** = નિજકર્તા, સર્જનહાર **પરમ** = શ્રેષ્ઠ, મહાન **ચિંતામણિ** = ચિંતામણિ રૂપ હોઈ **પાવત** = પ્રાપ્ત કરવા **કુન** =કેવી રીતે, શી રીતે **સુગમહી** = સફળ, સહેલા, સુલભ.

## અનુવાદ

**પારસપદ રૂપ આપનપુ સ્વરૂપ ઇંદ્રિયાતીત હોઈ પ્રાપ્ત કરવું મુશ્કેલ છે. તો પછી ચિંતામણિ રૂપ પરમ શ્રેષ્ઠ નિજકર્તાને સહેલાઈથી કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?**

## ભાવાર્થ

સર્જનહારે ઉત્પન્ન કરેલાં પ્રથમ પાંચ વૃત્તિના પંચીકરણરૂપ તત્ત્વો દ્વારા રચાયેલી સર્વ રચનાની સમૃદ્ધિમાં છઠ્ઠી અંશ વૃત્તિથી ઉત્પન્ન કરેલ પારસપદ રૂપ આપણું નિજ ચૈતનઅંશ સ્વરૂપ ઇંદ્રિયાતીત છે. માટે તેને પ્રાપ્ત કરવું અતિ મુશ્કેલ છે. દેહના કારણરૂપે સર્વોપરી રહેલ તે ચૈતન સ્વરૂપનો અહેસાસ તો જ્યારે તે દેહ છોડીને જાય છે ત્યારે (તેની મહત્તા અને વિશેષતા) સમજાય છે, પરંતુ તેની અસલી ઓળખાણ કરવી અતિ કઠિન છે, તો પછી ચિંતામણિ રૂપ નિજ ચૈતન જેના વંશનો છે એવા સજાતિ સર્જનહાર અંશીને તો સહેલાઈથી કેવી રીતે ઓળખી શકાય? વળી એવા સર્જનહારને ઓળખવા માટે તેમની સરળ સમજ આપીને આપણને કોણ ઓળખાવી શકે તેમ છે? આ એક પ્રશ્ન સહજ રીતે જીવને સતાવ્યા કરતો હોય છે.

**અલ્પ રકમ નહીં મિલે દામબિન, દેત કિંમત પરમાણે;**
**તો કરતાર સમો ક્યા તુજને, કિનેહુ ગુરુ શરાણે. ૪૫**

### શબ્દાર્થ

**અલ્પ** = નજીવી, થોડીક, લગાર, નાની, લઘુ **રકમ** = પદાર્થ, ચીજવસ્તુ, **નહીં મીલે** = મળે નહીં **દામ બિન** = કિંમત વગર, મૂલ્ય વગર, નાણાં ચૂકવ્યા વગર **દેત** = દેતાં, ચૂકવતાં **કિંમત** = રકમ, મૂલ્ય **પરમાણે** = પ્રમાણે, પ્રમાણિત, નક્કી કરેલ યોગ્ય કિંમતે, નિશ્ચિત કરેલ **તો** = તો **કરતાર** = સર્જનહાર **સમો** = શી રીતે **ક્યા** = કેવી રીતે **તુજને** = તને, **કિનેહુ** = કર્યા વગર, ગયા વગર **ગુરુ** = ગુરુને **શરાણે** = શરણે

## અનુવાદ

અલ્પ પદાર્થ તેની નક્કી કરેલ કિંમત ચૂકવ્યા સિવાય આપણને પ્રાપ્ત થતી નથી. એટલે કે, જો આપણને કોઈ સામાન્ય પદાર્થની જરૂર હોય તો તેને મેળવવા માટે આપણે તેની જે કોઈ નિશ્ચિત કરેલી કિંમત હોય તે ચૂકવવાથી (ખરીદીએ છીએ)

મેળવીએ છીએ. આપણો સ્વચૈતનઅંશ જેના વંશનો છે એવા મહાન સર્જનહાર અંશીને મેળવવા હોય તો મહાન સમર્થ ગુરુના શરણમાં જઈ પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યા સિવાય મેળવવા અસંભવ છે. એટલે કે, સમર્થ ગુરુના શરણે ગયા સિવાય સર્જનહાર શી રીતે અને કેવી રીતે પ્રાપ્ત થાય?

**ગુરુ શરન તન મન ધન અરપન, કિના નહીં જરૂરી;**
**તો કરતાર સકલ કે કારન, પાવન અતિ બડ દૂરી. ૪૬**

### શબ્દાર્થ

**ગુરુ શરન** = ગુરુના શરણમાં **તન મન ધન** = શરીર, મન અને સર્વ સંપત્તિ **અરપન** = અર્પણ, સમર્પણ, ન્યોછાવર **કિના** = કરવી **નહીં** = નહીં **જરુરી** = જરૂરી, અગત્યનું, આવશ્યક **તો** = તે **કરતાર સકલ** = સર્જનહાર **સકલકે કારન** = સર્વ ઉત્પત્તિના કારણરૂપે રહેલા **પાવન** = પ્રાપ્ત કરવા **અતિ બડ દૂરી** = મહાન દૂર છે, અત્યંત મહાદુર છે.

### અનુવાદ

**ગુરુના શરણમાં તન, મન અને ધન અર્પણ કરવું જરૂરી જણાય નહીં તો સર્વના કારણ રૂપ રહેલા સર્જનહારને પ્રાપ્ત કરવા તેના માટે અત્યંત દૂર છે.**

### ભાવાર્થ

ગુરુને શરણે ગયા ત્યારે જ કહેવાય કે જ્યારે ગુરુ પ્રત્યે સમર્પણનો ભાવ પેદા થાય. જો માનવી ગુરુના શરણમાં સેવક બનીને પોતાનું તન, મન અને ધન સમર્પણ કરતો નથી તો સમજવું કે તે વ્યક્તિમાત્ર શરણું સ્વીકાર્યાનો ડોળ કરે છે. જેણે પોતાનું સર્વસ્વ ગુરુનાં ચરણોમાં સમર્પિત કર્યું છે તેને ગુરુ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે એવું સાબિત થાય છે. કારણ કે જ્ઞાનથી તેને ખબર પડી છે કે જે કાંઈ સમર્પણ કરે છે તે તો બધું જ મિથ્યા છે જ્યારે તેના બદલામાં તે શાશ્વત પરમપદને પ્રાપ્ત કરવાનો છે. એવા સમજુ સેવક માટે સર્વના ઉત્પત્તિના કારણરૂપે રહેલા સર્જનહારને પ્રાપ્ત કરવામાં વાર લાગતી નથી. એટલે કે, ગુરુકૃપા પ્રાપ્ત કરીને ચરણોના અધિકારી બનતાં સમર્થ ગુરુને ચોક્કસ મોક્ષનું દાન દે છે અને સર્જનહાર સાથે મેળાપ કરાવે

છે. જ્યારે જેને પોતાનું સર્વસ્વ તન, મન અને ધન સમર્થ પરમગુરુના શરણમાં અર્પણ કરવાનું જરૂરી લાગતું જ નથી, તેના માટે પરમપદ ઘણું જ છેટું છે. એટલે કે, કરોડો કલ્પો પછી મળેલા માનવદેહ છોડ્યા પછી મહાકલ્પ પૂરો થાય ત્યાં સુધી રાહ જોવી પડે છે.

**ઓર કરત કારજ સ્વારથકે, તન મન સુરત પરોઇ;**
**પણ કરતાર પક્ષકે સાધન, કરત નહીં કિનું કોઈ. ૪૭**

### શબ્દાર્થ

**ઓર** = અને, વળી **કરત** = રચના, કાર્યનું **કારજ** = કારણ, હેતું, પ્રયોજન **સ્વારથકે** = સ્વાર્થનું હોય, મતલબનું હોય, ગરજ પૂરતું હોય **તન મન** = શરીર અને મન **સુરત** = આંતરિક દૃષ્ટિ, સુરતા **પરોઇ** = પરોવીને, લગાવીને, મગ્ન થઈને, લીન થઈને **પણ** = પણ, પરંતુ, **કરતાર** = સર્જનહારના **પક્ષકે** = મતના, પક્ષના, પડખે, સંબંધિત સાધ્ય જેને સિદ્ધ કે પ્રાપ્ત કરવાનું હોય તેવું **સાધન** = ઉપાય, યુક્તિ, પ્રાપ્ત કરવા માટે જરૂરી તપ, સંયમ, ઉપાસના, વગેરે ઉપાય **કરત નહીં** = કરતા નથી **કિનું કોઈ** = કંઇ પણ, કોઈએ, કોઈએ કંઇ જ કર્યુ નથી.

### અનુવાદ

**વળી સ્વાર્થના ઉદ્દેશથી કરવાનાં કાર્યો તન અને મનથી સુરતા પરોવીને કરે છે, પરંતુ નિજકર્તા પક્ષે તેમને પ્રાપ્ત કરવા માટેના ઉપાય પણ કંઈ કર્યો જ નથી.**

### ભાવાર્થ

સંસારમાં માનવો પોતાની અંગત મતલબને સિદ્ધ કરવા માટે અને પોતાની ઈચ્છા શક્તિને સંતોષવા માટે દિવસરાત એક કરીને પણ પ્રયત્નમાં તલ્લીન રહે છે. વળી આવી સ્વાર્થી વૃત્તિને સંતોષવા માટે પોતાનું સઘળું તન અને મન સમર્પણ કરીને પોતાની સુરતાને ત્યાંજ ચોંટાડીને તેમાં લીન બની જતા હોય છે. અન્ય બીજી કોઈ પ્રવૃત્તિ પણ તેમને સૂઝતી જ નથી. આવા દુર્લભ માનવદેહના કર્તવ્યરૂપે પોતાના સ્વ-ચૈતનનું કલ્યાણ કરવાની પ્રવૃત્તિ પ્રત્યે ઉપેક્ષા સેવે છે. તેમજ સર્જનહારને પ્રાપ્ત કરવા માટેના કરવા યોગ્ય જરૂરી તપ, સંયમ, ધ્યાન, ભજન, ઉપાસના વગેરે કાર્યો કરવા માટે કોઈને કોઈ વિચાર આવતો નથી, એવું કોઈએ કાંઈ કર્યું પણ નથી,

તેમજ કરતા પણ નથી.

**જબતે આશ કરો નિજપદકી, ગુરુ રીઝે બિન તબહી;**
**સૃષ્ટ રચી તબતે અબલગ લ્યૌ, ક્રતા મિલે કિનું કબહી. ૪૮**

### શબ્દાર્થ

**જબતે** = જેથી **આશ કરો** = આશા કરો, મહેચ્છા રાખો, સેવો, તમન્ના કેળવો **નિજપદકી** = નિજપદની, પરમપદની, મૂળ ધામની, નિજ ઘરની **ગુરુ** = ગુરુદેવ, સમર્થ ગુરુ **રીઝે** = રીઝે, કૃપા કરે પ્રસન્ન થાય, રાજી થાય **બીન** = વગર **તબહી** = ત્યારે, તો પછી, તેને કારણથી, **સૃષ્ટ રચી** = સૃષ્ટિની રચના રચી **તબતે** = ત્યારથી **અબલગ લ્યૌ** = અત્યાર સુધી **ક્રતા** = સર્જનહાર **મિલે** = મળ્યા, પ્રાપ્ત થાય **કિનું** = કોઈને **કબહી** = ક્યારેય.

### અનુવાદ

**જેથી ગુરુની પ્રસન્નતા પામ્યા સિવાય નિજપદની આશા કરનારને સૃષ્ટિની રચના થઈ ત્યારથી અત્યાર સુધીમાં કોઈને ક્યારેય પણ પરમ કર્તાપદ પ્રાપ્ત થયું છે?**

### ભાવાર્થ

વિશ્વમાં શ્રીવિષ્ણુ યુગે યુગે અવતાર ધારણ કરે છે અને અધર્મનો નાશ કરીને ધર્મનું સ્થાપન કરે છે. દૈત્યો અને અસુરોના ત્રાસમાંથી ભક્તોને મુક્ત કરે છે. અંતરિક્ષના સર્વ મુખ્ય દેવતાઓ સર્જનહારે સોંપેલાં કાર્યો પ્રત્યે પોતપોતાની ફરજ બજાવીને પોતપોતાના ધામમાં નિવાસ કરે છે. વળી પોતાના ભક્તોને સર્જનહારે સોંપેલ વિભૂતિના પ્રતાપે પોતાના ધામમાં બોલાવી તેમની ભક્તિના આધારે મળેલ સાયુજ, સાલોક, સામીપ્ય અને સાંનિધ્ય મુક્તિ મેળવેલ ભાગ્યશાળી જીવને પુણ્ય પૂર્ણ થાય ત્યાં સુધી તે તે ધામોના સુખોનો અહેસાસ કરાવીને આનંદમાં રાખે છે.

જગતમાં ઘણા ભક્તો સારધાર ભક્તિ કરીને અને દેવોની પ્રસન્નતા પામીને ઘણાં બધાં વરદાનો પ્રાપ્ત કરી મુક્તિ પામ્યાં છે, પરંતુ તે મુક્તિ કાયમની મુક્તિ નથી. પુણ્યનો ક્ષય થતાં પાછાં મૃત્યુલોકમાં આવી જન્મમરણનું દુઃખ ભોગવવાનું ચાલુ જ રહે છે. માટે ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુના શરણે ગયા સિવાય જો કોઈ

પરમપદની આશા રાખીને ગમે તેટલી ભક્તિ કરે તોપણ તે ભક્તો નિશ્ચિતપણે પરમપદને પામી શકવાના નથી. કારણ કે, સર્જનહારે માત્ર પરમગુરુને જ તે કાર્ય માટે વિભૂતિ પ્રદાન કરેલી છે. જેથી તેમની કૃપા સિવાય આ અખિલ બ્રહ્માંડમાં રહેલા સર્વ અંશોને પોતાના સ્વ-ચૈતન સ્વરૂપની ઓળખાણ થતી નથી. વળી તેઓ જ્યારે અંશ કૈવલધામમાંથી નીકળ્યો હતો તેવા શુદ્ધ અણિઅગ્ર અંકુરિત કરીને પાછો કૈવલધામમાં મોકલે છે અને અટલ આસને બિરાજમાન સર્જનહાર કૈવલકર્તા સાથે તેમને મેળાપ કરાવે છે. આમ સૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધી જે જે મુમુક્ષુઓ પરમગુરુની રીઝ પ્રાપ્ત કરી શક્યા નથી, તેવા જીવ પૈકી કોઈને પણ અને કદી પણ કર્તા પદ પ્રાપ્ત થયું નથી, થતું પણ નથી અને થશે પણ નહીં.

# અંગ - ૧૮
# પરમવિશેષ ગુરુ ક્તા મિલન વ્રેહે દેખાવનકો

**ગુરુ પરમ જેહી અંશ વિશેષણ, શરીર સૃષ્ટ ધરી આવે;**
**તેહી અગમ ગત લાય અગમસે, ક્તા ન્યાય લખવાવે. ૧**

### શબ્દાર્થ

**ગુરુ પરમ** = પરમગુરુ **જેહી** = જે **અંશ વિશેષણ** = પરમ વિશેષ અંશ **શરીર** = દિવ્યદેહ **સૃષ્ટ** = સૃષ્ટિમાં, વિશ્વમાં **ધરી આવે** = ધારણ કરીને આવે છે. **તેહી** = તેઓ **અગમ ગત** = અગમ્ય જ્ઞાન, અગમ ગતિ **લાય** = લાવ્યા છે **અગમસે** = અગમ દેશથી, અગમ ધામમાંથી **ક્તા** = સર્જનહારને, ક્તાને **ન્યાય** = ન્યાયપૂર્ણ, ન્યાય સહિત **લખવાવે** = દર્શાવે છે, જણાવે છે. સમજાવે છે.

### અનુવાદ

**પરમગુરુ પરમવિશેષ અંશ છે. જેઓ શરીર ધારણ કરી વિશ્વમાં આવે છે. તેઓ અગમ્ય ધામમાંથી અગમજ્ઞાન લાવીને સર્જનહારને ન્યાયપૂર્વક દર્શાવે છે.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની છઠ્ઠી અંશવૃત્તિ દ્વારા ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા છે. જેમાં સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશનો સમાવેશ થાય છે. તે પૈકી પરમ વિશેષ અંશોમાં પાટવી અંશને પોતાના સાંનિધ્યમાં રાખેલા છે અને બાકીના પરમ વિશેષ અંશોને દરેક ઈંડોમાં તે તે ઈંડોની જવાબદારી સોંપીને મોકલ્યા છે. જ્યારે કલ્પમાં એક વખત સર્જનહાર પરમવિશેષ પાટવી અંશ પરમગુરુને પોતાનો સંદેશો કહેવા માટે દિવ્યદેહ ધારણ કરાવીને વિશ્વમાં મોકલે છે. કર્તાની આજ્ઞા થતાં પરમગુરુ કૈવલધામમાંથી પ્રયાણ કરીને અખિલ બ્રહ્માંડમાં જ્યાં સૃષ્ટિનો પસારો થયેલો છે તેવા મહિમંડ ઈંડમાં આવી અંતરિક્ષના દૈવીધામો તેમજ પૃથ્વીના સાત દ્વિપોમાં સકર્તાપતિનો સંદેશો પહોંચાડવા માટે વિચરણ કરે છે. ઈંદ્રિયાતિત એવા કૈવલધામમાંથી જે જ્ઞાનનો ખજાનો લઈને નીકળ્યા છે તે જ કૈવલજ્ઞાન ન્યાય પૂર્વક

વિશ્વના બધા જ અંશોને દર્શાવીને પોતાની ફરજને વફાદારીપૂર્વક નિભાવે છે.

**ઓર સકલ ગુરુ અવન્ય વેશધર, ક્તા અંશ સામાનું;**
**આપનું આપ નિજપતિ પરમકુ, જીનકુ નહીં ન જ્ઞાનું. ૨**

### શબ્દાર્થ

**ઓર** = અને, વળી **સકલ ગુરુ** = સર્વ ગુરુઓ, ગુરુ તરીકે ગણાતા તમામ મહાપુરુષો **અવન્ય** = પૃથ્વી ઉપર **વેશધર** = શરીર ધારણ કરેલાં છે, ગુરુનો વેશ(સ્થાન) ધારણ કરેલો છે ગુરુ તરીકે પદને શોભાવે છે **ક્તા અંશ સામાનું** = કર્તાના ઉત્પન્ન કરેલા સામાન્ય અંશો છે **આપનું આપ** = પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ, પોતાનું નિજ અંશ સ્વરૂપ **નિજપતિ** = સર્જનહાર, નિજકર્તા, સકર્તા સર્જનહાર **પરમકુ** = શ્રેષ્ઠ, મહાન, પરમ પતિનું **જીનકુ** = જેઓને, તેઓને **નહીં ન** = નથી, સહેજપણ નથી, તેમના અંગેનું નથી **જ્ઞાનું** = જ્ઞાન, સમજ, જાણ, માહિતી.

### અનુવાદ

**પૃથ્વી પરના બીજા બધા જ ગુરુનો વેશ ધારણ કરેલ કર્તાના સામાન્ય અંશો છે જેમને પોતાના સ્વ-ચૈતન સ્વરૂપનું અને પરમ પતિ નિજકર્તા અંગેનું જ્ઞાન હોતું નથી.**

### ભાવાર્થ

કૈવલધામની ઉપર બાજુ આવેલા ચૌદ ઇંડો પૈકી માત્ર મહિમંડ ઇંડમાં સૃષ્ટિનો પસારો થયેલો છે. જેમાં નાભિનારાયણની અલ્પ અને નિરંજન પુરુષની મુખ્ય ભૂમિકા ગણાય છે. એવા આ વિશ્વમાં આદિ કહેવાતા બ્રહ્મા દ્વારા નિર્માણ થયેલા ચાર વેદમાં સર્વ રચનાની મૂળભૂત માહિતી છે. બ્રહ્માજીએ પોતે નેતિ શબ્દનું ઉચ્ચારણ કરી જેનો કોઈ અંત જ નથી તેવું દર્શાવીને પોતાની સમજમાં તે પદ માટેની જાણ નથી તે સ્વીકાર્યું છે. એટલે કે, વેદમાં કોઈ પણ જગ્યાએ સર્જનહારના પદ માટે કે કર્તા માટે કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી. સદ્, ચિદ્ અને આનંદ બ્રહ્મ સર્વોપરી છે અને બધું બ્રહ્મમાં આપોઆપ નિર્માણ થયેલું છે તેવી વિચારધારા દર્શાવી છે, તો પછી વેદના આધારે રચાયેલાં શાસ્ત્રો, પુરાણો અને અન્ય ધર્મગ્રંથોમાં સૃષ્ટિના સર્જનહારના પદ માટે માહિતી ન હોય તે સ્વાભાવિક છે અને સમજી શકાય તેવી હકીકત છે.

વિશ્વમાં જેટલા ગુરુના પદ ઉપર જવાબદારી નિભાવીને આરૂઢ બનેલા

મહાપુરુષમાં ધર્માચાર્યો કે અન્ય ભેખધારીઓ સ્થૂળ દેહ ધારણ કરેલા માત્ર સામાન્ય અંશો છે. કર્તાથી વિખૂટા પડ્યે કોણ જાણે કરોડો કલ્પો વીતી ગયા હશે ત્યારથી મહાકારણ, કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ દેહમાં વિશેષ અને સામાન્ય અંશો પરિભ્રમણ કરતા હોય છે. જેમાં સામાન્ય અંશોને દેહના આવરણોનો પટ્ટ લાગતાં અજ્ઞાન જલદી વ્યાપી જતું હોય છે.

અગાઉથી ચાલી આવેલા પરંપરાગત જ્ઞાનના આધારે દરેક મહાપુરુષો પોતાની સમજ કેળવીને ધર્મપરાયણ જીવને ઉપદેશાત્મક વચનો દર્શાવે છે. જેમાં સ્વાભાવિક છે કે સર્જનહારના અંગેનું જ્ઞાન તેમજ પોતે શુદ્ધ ચૈતનઅંશ સર્જનહારની સજાતિના છે તેવી સમજ ન હોઈ શકે. માત્ર સૃષ્ટિની રચના પૈકીના શરૂઆતના મહાન દેવતાઓની અને સર્વ રચના અંગેની સંપૂર્ણ માહિતી ધરાવતા હોઈ તેઓને આવા ઇંદ્રિયાતીત સર્જનહાર કૈવલકર્તાનું કે પોતાના ચૈતન સ્વરૂપનું જ્ઞાન હોતું નથી.

**જ્ઞાન વિનાતો પંચતત્ત્વ તન, સરખા સકલ જેહુનમેં;**
**બહોરુ તંત તેહી સહિત સમોવડ, અદકઈ કુન તેહુનમે. ૩**

### શબ્દાર્થ

**જ્ઞાન વિનાતો** = જ્ઞાન વગર તો, સાચી સમજ વિના તો, સત્ય જ્ઞાનના અભાવે તો **પંચતત્ત્વ તન** = પાંચ મહાતત્ત્વોનું બનેલું શરીર **સરખા** = સરખું, એકસમાન, એક જ પ્રકારનું **સકલ** = સર્વ, તમામ, સઘળાં, બધા જ **જેહુંનમે** = જેઓનામાં, જેમનામાં, તેમનામાં **બહોરુ** = વળી તો પછી, તેમ છતાં **તંત** = તત્ત્વો **તેહી** = તેઓના, તેમાં **સહિત** = સાથે, આદ્ય લઈ, સર્વ **સમોવડ** = સમાન ગુણોવાળા, બરાબરિયા, સમોવડાઈ **અદકાઈ** = વિશેષતા, અધિકતા, મહાનતા **કુન** = કઈ, શું? **તેહુનમે** = તેઓનામાં, તેમનામાં.

### અનુવાદ

**જ્ઞાન સિવાય તો પંચતત્ત્વોના સર્વ શરીર એક સરખાં જ છે. તો પછી જેમનામાં એક સરખા (સમાન) ગુણોવાળાં તત્ત્વો હોઈ તેમનામાં અધિકતા શી હોઈ શકે?**

### ભાવાર્થ

ગત જન્મના પુણ્ય પ્રતાપે અથવા તો પોતાની આગવી ચપળતા અને હોંશિયારીથી

સ્થાન તો પ્રાપ્ત કર્યું હોય અને ઠાઠ પણ ગુરુનો ધારણ કર્યો હોય, પરંતુ ઘટમાં જો સત્ય જ્ઞાન વિના ઘોર અંધકાર વ્યાપેલો હોય તો સંસારના સર્વ જીવની જેમ જ પંચતત્ત્વોનાં શરીર તો બધાના હોય છે. અર્થાત્ અન્ય શરીર અને ગુરુનાં શરીર સરખા જ છે. વળી શરીરના બંધારણમાં રહેલા સર્વ તત્ત્વોના ગુણો અને સતોગુણવાળાં શરીરની (પ્રાધાન્ય) ક્રિયાઓ પણ એકસરખી જ જો હોય તો એવા ગુરુપદ ધારણ કરેલા અંશોમાં વિશ્વના અન્ય સામાન્ય અંશોની સરખામણીમાં કંઈ પણ વિશેષતા રહેલી નથી એટલે કે, અંશ-અંશીના જ્ઞાનની દષ્ટિએ વિચારતાં સંસારમાં સ્થાન અને મોભાની દષ્ટિએ ભલે મોટા કહેવાતા હોય, પરંતુ જ્ઞાન વગરના સર્વ સ્થૂળ દેહધારી માનવો એકસરખા જ ગણાય છે.

**પુનિ ભસ્મ જેહી છાપ તિલકસે, જગત્યે ભિન્ન કહાવે;**
**તેહી સકલ ઉપલે ઉપચારન, ઠગ પણ ઠાઠ બનાવે. ૪**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **ભસ્મ** = ભભૂતિ, રાખ, કપાળ પર લગાવવામાં આવતી યજ્ઞાદિક અગ્નિના કુંડની ભસ્મ **જેહી** = જેની **છાપ** = ચિહ્ન, નિશાની **તિલકસે** = તિલકથી કપાળ ઉપર કરવામાં આવતા ધાર્મિક ચિહ્ન, ધર્મનું પ્રતીક અને લક્ષ દર્શાવતા કપાળમાં ધારણ કરવામાં આવતું ચિન્હ અથવા છાપ, અબીલ, ગુલાલ, સિંદૂર, ચંદન, કંકું, વગેરે દ્રવ્યો પૈકીનું કપાળમાં કરવામાં આવતું તિલક **જગત્યે** = જગતથી, વિશ્વથી **ભિન્ન** = જુદા, અલગ **કહાવે** = કહેવાય છે, જણાય છે **તેહી** = તે, તો **સકલ** = બધો **ઉપલે** = ઉપરનો, દેખાવનો, બાહ્ય, **ઉપચારન** = ઉપચાર, ઉપાય, ક્રિયા, કર્મ, લક્ષણો દ્વારા થતો અર્થબોધ, વર્તન, આચરણ **ઠગ** = સમાજને છેતરનાર, ખોટો ઢોંગ કરીને ફસાવનાર, ખોટું સમજાવી અને ડોળ કરીને કોઈની પાસેથી ઘન સંપત્તિ (સ્વાર્થ માટે )પડાવી લેનાર **પણ** = પણ **ઠાઠ** = ભપકો, ખોટો દેખાવ, બાહ્યાચાર **બનાવે** = બનાવે છે. દેખાડે છે, ઊભો કરે છે.

### અનુવાદ

**વળી ભસ્મ અને તિલક દ્વારા તો જગતથી અલગ દેખાય છે, પરંતુ તે સર્વ બાહ્ય લક્ષણો છે. કારણ કે, ઠગો પણ એવા ઠાઠ બનાવે છે.**

### ભાવાર્થ

વળી શરીર ઉપર ભસ્મ ચોળવાથી અને કપાળમાં તિલકની છાપ કરવાથી આવા

ગુરુઓ સંસારમાં જુદા કહેવાય છે અને દેખાય પણ છે, પરંતુ ભસ્મ, તિલક, વેશ, વગેરે તો ધારણ કરેલાં બાહ્ય ચિહ્નો છે. જે સમાજને બતાવવા તેમજ પોતાનાં કર્મો પર કાબૂ કરવા માટે પણ સહાયભૂત થતા હોય છે. ધાર્મિક ચિહ્નો માનવી ઉપર લગામનું કાર્ય કરતાં હોય છે, પરંતુ એવું પણ બનતું હોય છે કે આવા બાહ્ય આડંબરો તો સમાજને ઠગનારા ઠગારાઓ પણ પોતાના શરીર ઉપર ધારણ કરતા હોય છે. જેમ ઈતિહાસ ઉપર નજર કરીએ તો જનક રાજાની પુત્રી અને દશરથ રાજાના પુત્ર રામચંદ્રની ભાર્યા સીતાને ઉપાડી જવા માટે દુષ્ટ રાવણે આવો જ સ્વાંગ ધારણ કર્યો હતો.

એટલે કે, ઠગ ગુરુઓના બાહ્ય આડંબરો અને ભપકાથી અંજાઈ જવાની કોઈ જ જરૂર નથી, પરંતુ તેમનામાં જ્ઞાન પચાવાની શક્તિ કેટલી સમાયેલી છે તે તેમના બાહ્ય આચરણ અને વ્યવહાર ઉપરથી કદાચ ન પણ ઓળખી શકાય. તેમ છતાં તેઓ જે પ્રકારનું જ્ઞાન પોતાના અનુયાયી વર્ગને આપે છે તે ઉપરથી ચોક્કસ નક્કી કરી શકાય. બહાર હંસ જેવા અને અંદરખાને બગલાની વૃત્તિ ધરાવતા તથા સ્ત્રીના ભો-મંડળમાં રચાતા જૂથમાં ઘેરાયેલા કામી અને વાસના યુક્ત ગુરુઓને ઓળખવા બહુ જ કઠિન છે. જેમનામાં પોતાના સ્વ-ચૈતન સ્વરૂપની સાચી સમજ નથી કે સર્જનહારના પરમપદ અંગે માહિતી અંતરમાં ઊતરી નથી તેવા ઠગ ગુરુઓ સંસારમાં વકરી ગયેલા ઢોરની માફક ફાલેલા હોય છે. જેનાથી ધર્મમાર્ગમાં વળેલા ભોળા ભક્તોએ સાવધાની રાખવાની જરૂર છે.

વળી, એક વખત માતાના ગર્ભમાં બૂંદ અને બીજકના સંયોગના આધારે નક્કી થયા મુજબ શરીર, વાણી, વર્તન અને વ્યવહાર કરતું જ હોય છે. ભલે પછી સંસારમાં મોભાપાત્ર સ્થાન મળ્યું, પરંતુ તત્ત્વોના ગોરખ-ધંધા જાહેરમાં નહીં તો અંદરખાને પણ ચાલુ જ રહેતા હોય છે. તેમાં શરીર કે અંશ શું કરે? તત્ત્વોનો જ પ્રભાવ કારણભૂત હોઈ તેને તેવું કરવા માટે પ્રભાવિત કરે છે. તેમ છતાં પણ સમર્થ ગુરુના જ્ઞાન દ્વારા ઇંદ્રિયોને ઊર્ધ્વમુખી કરી તત્ત્વોના પ્રભાવને તીવ્ર વૈરાગના અગ્નિથી બાળી દઈને તેના ઉપર વિજય પ્રાપ્ત કરવામાં આવે તો માનવ જીવન સાર્થક કરી શકાય છે.

**તેહી ઠગનકે તિલક છાપસે, ઠગકે મોક્ષ ન કૌઈ;**
**તો તેનકે સેવક હરિજનકી, કહો ક્યૌ કરી ગત હોઈ. ૫**

### શબ્દાર્થ

**તેહી ઠગનકે** = તેવા ઠગોની **તિલક છાપસે** = કપાળમાં ધારણ કરેલ તિલકના ચિહ્નથી **ઠગકે** = ઠગવૃત્તિથી, ઠગવૃત્તિવાળા **મોક્ષ** = મુક્તિ, જન્મમરણનું દુઃખ **ન કૌઈ** = થતો નથી, કોઈનો પણ થતો નથી **તો** = તો પછી **તીનકે** = તેમના **સેવક** = સેવકો, ઉપાસકો, ભક્ત, શિષ્ય, આજ્ઞા પાળનાર દાસ **હરિજનકી** = ભક્તજનની, હરિભક્તોની, અંત્યજનોની , ગૃહસ્થી સત્સંગીઓની **કહો** = કહો **ક્યૌ કરી** = કેમ કરીને **ગત** = સદ્ગતિ, મોક્ષ, કલ્યાણ **હોઈ** = હોઈ શકે થઈ શકે?

## અનુવાદ

**તિલકની છાપથી જગતને ઠગનારા ઠગોનો મોક્ષ થતો નથી. તો પછી તેમના સેવક અને ગૃહસ્થી સત્સંગીઓની કેવી રીતે સદ્ગતિ થઈ શકે? તે કહો!**

## ભાવાર્થ

જે ગુરુઓ પોતાના બાહ્ય આડંબરો રૂપ પહેરવેશ અને કપાળ ઉપર તિલકની છાપ ધારણ કરવા છતાં જગતને ઠગવાની વૃત્તિ રાખતા હોય છે તેવા ઠગારાઓની કદી પણ મુક્તિ થતી નથી. તેઓના ઘટમાં અજ્ઞાનરૂપ અંધકાર તેમજ વાસનાઓનો જ ખજાનો ભરેલો હોય છે. તેમના પોપટિયા જ્ઞાન દ્વારા કરેલા રોચક અને બોધાત્મક ઉપદેશોથી તેઓનું પોતાનું તો કલ્યાણ થતું જ નથી તો પછી તેઓના મૂહ્ડિત સેવકો અને ગૃહસ્થી હરિભક્તોનું કલ્યાણ કે સદ્ગતિ કેવી રીતે થઈ શકે? એટલે કે, એવા ઠગ ગુરુઓના શિષ્યો કે આજ્ઞા પાળનારા સેવકસમાજ પૈકી કોઈનો કોઈ પણ પ્રકારે મોક્ષ થઈ શકતો નથી.

**તંત ઈંદ્ર ગુણ જીવ જંત સમ, જીનમે ગુરુ કુન કેહુ;**
**તિલક છાપ અણબોલ અચેતન, કુન કરહી ઉપદેહુ. ૬**

### શબ્દાર્થ

**તંત** = તત્ત્વો, શરીર **ઈંદ્ર** = પાંચ કર્મેંઈંદ્રિય અને પાંચ જ્ઞાનેઈંદ્રિય **ગુણ** = ત્રણ ગુણોઃ રજો, તમો, સતો **જીવજંત** = જગતના સામાન્ય જીવે **સમ** = સમાન, સરખા, ના જેવા જ **જીનમેં** = જેમાં, જેમનામાં **ગુરુ** = ગુરુ, અજ્ઞાનરૂપ અંધકારને નષ્ટ કરનાર વ્યક્તિ **કુન** = કોને **કેહુ** = કહેવું, કહેવાય **તિલક છાપ** = કપાળમાં કરતા તિલકનું ચિહ્ન **અણબોલ** = અબોલું **અચેતન** = અચેત **કુન** = કોણ **કરહી** = કરી શકદ્ર, કરે **ઉપદેહુ** = ઉપદેશ બોધ, જ્ઞાનથી સભર આજ્ઞા.

## અનુવાદ

**ઇંદ્રિયો અને ગુણ સહિતનાં તત્ત્વો સર્વ જીવજંતુમાત્રમાં સમાન હોઈ તેમાં ગુરુ કોને કહી શકાય ? તિલકની છાપ તો અબોલ અને જડ છે તો પછી કોણ ઉપદેશ કરી શકશે?**

## ભાવાર્થ

સર્જનહારે કુલ ચોરાસી લાખ પ્રકારના ઘાટનું નિર્માણ કરેલું છે તે પૈકી જંગમ જાતિમાં તેર લાખ પ્રકાર માનવ જાતિનાં શરીર બનાવેલા છે. બધાં જ પંચતત્ત્વોના માનવશરીરમાં દશ ઇંદ્રિયો અને રજોગુણ, તમોગુણ તથા સતોગુણ સહિતના સર્વ તત્ત્વોના સમૂહને જોતાં બધામાં એક સરખાં જ શરીરનું બંધારણ જણાય છે. જેથી શરીરથી તો ગુણની ઓળખાણ થઈ શકે નહીં. વળી શરીર ઉપર ધારણ કરેલાં બાહ્ય ચિહ્નો જેવા કે જટા, વેશ, તિલકની છાપ વગેરેથી જો ગુરુની ઓળખ કરીએ તો છેતરાઈ જવાય. કારણ કે બાહ્ય ચિહ્નોરૂપી તિલક વગેરે તો અબોલ અને જડ છે. વળી જગતને ઠગનારા ઠગારાઓ પણ આવા બાહ્ય ચિહ્નોનો ઉપયોગ કરીને જગતને ઠગતા હોય છે. તો પછી ગુરુ તરીકે ઓળખવા માટેનું લક્ષણ શું? ક્યા માપદંડથી ગુરુની પહેચાન કરવી ? વિશ્વમાં સર્વ સામાન્ય અંશો કરોડો કલ્પોથી વિવિધ દેહમાં ભટકતા હોઈ તેઓ પોતાને દેહમય સમજે છે અને દેહના સંબંધ અને પ્રાકૃતિક તત્ત્વોથી જ પોતાને ઓળખાવે છે, પરંતુ પોતાના મૂળ સ્વ ચૈતન સ્વરૂપની કે સર્વ રચનાના કારણરૂપે રહેલા સર્જનહાર અંગેની જાણ કોઈનામાં નથી. તેથી એવા પરમપદ અંગેના જ્ઞાનનો ઉપદેશ કોણ કોને કરે? માટે સાચા જ્ઞાનના અભાવે સર્વ જીવ અજ્ઞાન દશામાં વહેતા હોવાથી સર્જનહાર પક્ષે સાચા જ્ઞાનનો ઉપદેશ કોઈ કરી શકતું નથી.

**એહી ઉભયે ઉપદેશન લાયક, પુનહીં અંશ બિનું જ્ઞાનું;**
**જ્ઞાન વિના તો ગુરુને શિષ કુન, સરખે સરખ સમાનું. ૭**

### શબ્દાર્થ

**એહી** = એ પ્રમાણે **ઉભયે** = બંને **ઉપદેશ** = બોધ, ઉપદેશ **ન** = નથી, નહીં **લાયક** = યોગ્ય લાયકાત ધરાવતા **પુનહી** = વળી, કારણ કે, કેમકે **અંશ** = અંશ **બિનું** = વગર, સિવાય **જ્ઞાનું** = જ્ઞાન, સમજ

**જ્ઞાન વિના તો** = જ્ઞાન વગરતો **ગુરુને શિષ** = ગુરુ અને શિષ્ય **કુન** = કોણ? **સરખે સરખ** = સરખે સરખા, એક જ સરખા **સમાનું** = સમાન.

## અનુવાદ

**તે બંને ઉપદેશ કરવાને લાયક નથી. કારણ કે, અંશ જ્ઞાન સિવાયનો છે અને જ્ઞાન વિના તો બંને સરખે સરખા હોઈ કોણ ગુરુ અને શિષ્ય કોને કહેવાય?**

## ભાવાર્થ

આ પ્રમાણે ઈંદ્રિયો, ગુણ, ઘણ વગેરે તત્ત્વોથી બનેલાં નાશવંત શરીર અને શરીર ઉપર ધારણ કરેલ જડ બાહ્ય ચિન્હો એમ બંને ઉપદેશ કરવાને લાયક નથી. કારણ કે, જગતમાં સર્વ માનવોમાં રહેલા સામાન્ય અંશમાં અજ્ઞાન વ્યાપેલું છે. વળી બાહ્ય ચિહ્નો તો અબોલ અને જડ છે. તો પછી તે બંનેમાંથી કોઈને પણ પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપ અંગેનું કે સર્વ રચનાના કારણરૂપે રહેલા સકર્તા પતિ સર્જનહાર અંગેનું જ્ઞાન નથી. સ્થૂળ દેહધારી માનવી આવા અંશ-અંશીના જ્ઞાનનો ઉપદેશ કરવા માટે લાયક નથી. જો વિશ્વમાં એવા જ્ઞાનનો જ અભાવ હોય તો જ્ઞાન વિના ગુરુ અને શિષ્યનો તફાવત કેવી રીતે પાડી શકાય ? જ્ઞાન પક્ષે બધા એક જ સરખે સરખા (સમાન) હોય તો પછી સર્જનહારનું જ્ઞાન આપનાર ગુરુ કોને કહેવા ? અને શિષ્ય તરીકેનું સંબોધન કોને કરવું ?

**તબત્યે પરમ વિશેષ પરમગુરુ, શરન તેહુનકે જાઈ;**
**તો કરતાર પરમ પતકી ગત, સકલ જેહુનસે પાઈ. ૮**

### શબ્દાર્થ

**તબત્યે** = તેટલા માટે જ, તેથી **પરમ વિશેષ પરમગુરુ** = પરમ વિશેષ પાટવી અંશ રૂપ પરમગુરુ **શરન તેહુનકે** = તેઓના શરણમાં, તેમનાં ચરણકમળમાં સમર્પણ **જાઈ** = જઈને, થઈને, જવું **તો** = તો, તેથી **કરતાર** = સર્જનહાર, સકર્તા **પરમ પતકી** = પરમ પતિની **ગત** = ગતિ, જ્ઞાન, સમજ, જાણ **સકલ** = સર્વ, તમામ, બધી જ **જેહુનસે** = તેઓનાથી, જેમનાથી **પાઈ** = પ્રાપ્ત કરી શકશો, મેળવી શકશો, પ્રાપ્ત કરી શકાય.

## અનુવાદ

**તેટલા માટે જ પરમવિશેષ પાટવી અંશ પરમગુરુના શરણે જવાથી સર્જનહારના પરમપતિ અંગેની સર્વે સમજ તેમના થકી પ્રાપ્ત કરી શકાશે.**

## ભાવાર્થ

ગુરુપદની પરંપરા તો આદિ અનાદિથી ચાલી આવેલી છે. વળી માનવીને ગુરુ વિના જ્ઞાનની પ્રાપ્તિ થવી પણ અસંભવ છે. ગુરુનું પદ અમોઘ અને અમૂલ્ય છે. વિશેષ અવતારાદિક મહાપુરુષોએ પણ પોતે ગુરુનું પદ ધારણ કરીને ગુરુના શરણ થકી જ જ્ઞાનની પ્રાપ્તિ કરી હતી અને વિશ્વમાં ખ્યાતિ પામ્યા છે. તો પછી સવાલ એ ઊભો થાય છે કે તેઓએ જે જ્ઞાન પ્રાપ્ત કર્યું તે અને ગુરુ દ્વારા જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવ્યો તે કયા પ્રકારનો હશે?

ધર્મમાર્ગમાં જ્ઞાનની દૃષ્ટિએ ગુરુઓના ચાર પ્રકાર પાડવામાં આવેલા છે, જેમાં પ્રોક્ષગુરુ, તાયગુરુ, સતગુરુ અને પરમગુરુ છે.

પ્રોક્ષગુરુઓ પરોક્ષ રહેલાં દેવી-દેવતાઓને પ્રાપ્ત કરવા માટે અને જીવને પદાર્થનાં સુખોની લાલચમાં નાંખીને વિવિધ વ્રત, તીર્થ, યજ્ઞાદિ, કર્મકાંડ વગેરે કરાવે છે. તેમજ નાશવંત પદાર્થોની ફળ પ્રાપ્તિ માટે જીવને ઉપદેશ આપીને લલચાવી પોતાનું જીવન નિર્વાહ કરે છે.

તાયગુરુ શરીરમાં રહેલાં દૈવી તત્ત્વોને જ્ઞાનથી પ્રત્યક્ષ ઓળખાવે છે આવાં દૈવી તત્ત્વો અને કુંડળીને મંત્રો દ્વારા જાગ્રત કરાવીને તેનાથી ચમત્કારી શક્તિ પ્રાપ્ત થાય તેવું જ્ઞાન દર્શાવે છે. જેથી માનવી અષ્ટસિદ્ધિ મેળવી જગતમાં પોતાની યશકીર્તિ પ્રાપ્ત કરે.

સતગુરુ શરીરમાં રહેલાં સમગ્ર તત્ત્વોના વિભાગમાં નાશવંત અને શાશ્વતનો ભેદ દર્શાવે છે અને નાશવંત તત્ત્વોનો ભાગ ત્યાગ કરી છેલ્લે બાકી રહેતા શાશ્વત અંશ સ્વરૂપની પહેચાન કરાવે છે. આમ, શરીરમાં સર્જનહારની સજાતિનો અંશ છે તેવું નિર્ણય કરીને બતાવે છે અને પોતાના દેહમાં સર્વોપરી અંશ છે જે વિશ્વનિયંતાના વંશનો છે તેમ સમજાવે છે.

પરમગુરુ દેહમાં રહેલા અંશને પોતાના મૂળ વતન કૈવલધામમાંથી જેવો નીકળ્યો હતો તેવો શુદ્ધ અને નિર્મળ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે કરે છે અને અંશી સર્જનહાર

કૈવલકર્તા સાથે મેળાપ કરાવીને પંચમી અખંડ કૈવલ મુક્તિનું દાન બક્ષિશ કરે છે. વિશ્વના સર્જનહાર કૈવલકર્તા દ્વારા ઉત્પન્ન કરેલ ત્રણે પ્રકારના સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો પૈકી પરમવિશેષ પાટવી અંશ એજ પરમગુરુ છે. સર્જનહાર તેમને કલ્પમાં એક વખત પોતાના દૂત તરીકે અંશ-અંશીનું જ્ઞાન આપવા માટે વિશ્વમાં મોકલે છે.

તેટલા માટે જ પરમવિશેષ પાટવી અંશ કૈવલવેત્તા પરમગુરુના શરણમાં જવાથી અંશની સાચી ઓળખાણ થાય છે અને સર્વ રચનાના કારણરૂપે રહેલા સર્જનહારનું જ્ઞાન થાય છે. પરમગુરુ કૈવલજ્ઞાનના આધારે આ સર્વ માહિતીથી સજાણ કરે છે અને તેમને શરણે આવેલા અંશને અધિકારી જણાતાં તેને નિર્મળ કરે છે. અંતે આ શુદ્ધ હંસ સ્વરૂપે થયેલા અંશને પરમપદનું દાન બક્ષિશ કરે છે.

**જો પાવહી કર્તા ગત જીનસે, તુરત દિયે તનમનકુ;**
**વિલમ ન કરીત ભરીત આરતસે, એસેહી પરમારથીનકુ. ૯**

**શબ્દાર્થ**

**જો પાવહી** = જો પ્રાપ્ત થાય **કર્તા ગત** = કર્તા અંગેનું જ્ઞાન, સર્જનહારની ગતિ **જીનસે** = જેમના થકી, જેમનાથી **તુરત** = તરત જ, તુરત જ **દીયે** = આપી દેવું, સમર્પિત કરી દેવું **તનમનકુ** = શરીર અને મન અંતઃકરણને **વિલમ** = મોંડુ **નકરીત** = કર્યા વગર, નહીં કરતાં **ભરીત આરતસે** = આરત ભરીને, આરતરપૂર્વક **એસેહી** = એવા **પરમારથીનકું** = પરમાર્થીને, પરોપકારી પુરુષને, શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરાવનારને

**અનુવાદ**

**જેમનાથી કર્તાની ગતિ પ્રાપ્ત થાય એવા પરોપકારી પરમપુરુષને વિલંબ કર્યા વગર આરતપૂર્વક તન-મન (તુરત જ) સમર્પણ કરી દેવું.**

**ભાવાર્થ**

અંશ કરોડો કલ્પોથી સર્જનહારથી વિખૂટો પડ્યો ત્યારથી અલગ અલગ દેહમાં ભટક્યા કરે છે. એક દેહના કરેલા ગુનાઓને આધારે બીજો દેહ ધારણ કરે છે અને પાછો નવા ગુના કરે છે. આમ, સતત પ્રક્રિયા ચાલુ જ રહે છે તેથી ગુનાઓનું ચક્કર

ચાલુ જ રહેતા જન્મમરણ પણ છૂટતું નથી.

ચોરાસી લાખ પ્રકારના ઘાટમાં સર્વોત્તમ અને અતિ દુર્લભ મનુષ્યદેહ જ કલ્યાણના કાર્ય માટે કામ આવી શકે તેમ છે. એટલે કે, મનુષ્યદેહે જ પોતાના કલ્યાણનું કાર્ય સિદ્ધ થઈ શકે છે. પૂર્વજન્મના સંચિત કર્મોનો ઉદય થતાં તેના ફળ સ્વરૂપે વિશ્વમાં મહાન પરોપકારી પરમપુરુષ રૂપ પરમગુરુનું શરણું સ્વીકારવાનો અવસર પ્રાપ્ત થાય તો તેવી તક ઝડપી લેવામાં વિલંબ કરવો જોઈએ નહીં. વળી, અતિ આતુરતાપૂર્વક આરત લાવીને પોતાનું તન, મન અને ધન સર્વસ્વ તેમનાં ચરણમાં સમર્પણ કરવામાં પણ વાર લગાડવી જોઈએ નહીં.

**ટુક ટુક હોઈ ગયે તેહુનકે, વચન ઉપર તન વારી;**
**તો ગુરુ પરમ સકલ જેતને ભર, લેવત ગુના નિવારી. ૧૦**

### શબ્દાર્થ

**ટુક ટુક હોઈ** = ટુકડે ટુકડા થઈ, ન્યોચ્છાવર થઈ, સમર્પિત **થઈ ગયે** = ગયા **તેહુનકે** = તેઓના, તેમના **વચન ઉપર** = વચનો ઉપર, દર્શાવેલ પથ ઉપર, જણાવેલ નીતિ નિયમો ઉપર **તન વારી** = શરીર કુરબાન કરી, શરીર વારી જઈને **તો** = તો **ગુરુ પરમ** = પરમગુરુ **સકલ** = બધા જ **જેતને ભર** = જેટલા છે તેટલા **લેવત** = લે છે **ગુના** = ગુના, અપરાધ, પાપો **નિવારી** = નિવારણ કરે છે, દૂર કરે છે, નષ્ટ કરે છે. તેમાંથી મુક્ત કરે છે.

### અનુવાદ

**તેમનાં વચનો ઉપર જેઓ ટુકડે ટુકડા કરી પોતાનું શરીર ન્યોછાવર કરે તો પરમગુરુ તેના જેટલા છે તેટલા બધા જ ગુનાઓનું નિવારણ કરી લે છે.**

### ભાવાર્થ

પરમગુરુનું શરણું અતિ આરતપૂર્વક સ્વીકાર્યા પછી મુમુક્ષુએ તેમના જણાવ્યા મુજબની રહેણીકરણી પાળીને આઠેય પહોર કૈવલકર્તાના પ્રગટ જાપનું રટણ અને ગુપ્ત અમર મંત્રનો જાપ જપવા જોઈએ. સર્વને માત્ર ચૈતન દૃષ્ટિથી નિહાળવું. તેમજ પોતાના શરીરની પરવા કર્યા સિવાય સારધાર નિયમ પાળીને પોતાનું (સર્વસ્વ) તન, મન અને ધન સમર્પણ કરી દેવું જોઈએ. તેવા અધિકારી જનોના સંચિત ગત જન્મોના અને આ

જન્મે કરેલા જેટલા પણ ગુનાઓ છે તેનું સર્જનહારે આપેલ વિભૂતિને આધારે પરમગુરુ નિવારણ કરે છે. આ પ્રમાણે કર્મ બંધનમાંથી મુક્ત કરીને અંશને નિર્મળ સ્વરૂપે કરે છે.

**જબ કુલ ગુના નિવાજ કરીત ગુરુ, ઉરણીત અંશ ભવેતુ;**
**જેસેહી નિજપતિ કીયે આદ્ય ધર, તેસેહી ભયે નકેતુ. ૧૧**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે **કુલ** = બધા જ, સંપૂર્ણ, તમામ **ગુના** = દોષ, અપરાધ **નિવાજ** = નિવારણ, માફ કરવું **કરીત** = કરીને, કરે **ગુરુ** = પરમગુરુ **ઉરણીત** = ઋણ સિવાયનો, નિર્મળ, શુદ્ધ, ચોખ્ખો **અંશ** = અંશ, સર્જનહારનો સજાતિ સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **ભવેતું** = થાય છે **જેસેહી** = જેવી રીતે **નિજપતિ** = સર્જનહારે **કિયે** = બનાવ્યો, ઉત્પન્ન કર્યા **આદ્ય ધર** = પ્રથમ જેવો હતો, આદિમાં જે પ્રમાણે સ્વરૂપ ધારણ કરેલું હતું **તેસેહી** = તેવો જ **ભયે** = થાય **નકેતુ** = નિષ્કર્મ, કલંક રહિત, અપરાધ મુક્ત, નિર્મળ, શુદ્ધ.

### અનુવાદ

**જ્યારે સર્વ ગુનાઓ પરમગુરુ માફ કરે ત્યારે અંશ ઋણ સિવાયનો થઈ જતાં નિજપતિએ જેવો પ્રારંભમાં બનાવ્યો હતો તેવો જ નિષ્કામી બની જાય છે.**

### ભાવાર્થ

સંપૂર્ણ રીતે સમર્પિત થયેલ મુમુક્ષુ જ્યારે પરમગુરુનાં વચનો મુજબ ચુસ્તપણે રહેણીકરણી પાળીને સારધાર નિયમોને વળગી રહે છે ત્યારે પરમદયાળુ અને પરોપકારી પરમગુરુ શરણે આવેલા પૈકી અધિકારી અંશના બધા જ ગુનાઓ માફ કરી દે છે. જ્યારે અંશના બધા જ ગુનાઓ માફ થતાં તે પાછો કૈવલકર્તાએ પ્રારંભમાં અંશોને ઉત્પન્ન કર્યા હતા તેના જેવો શુદ્ધ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે જ બની જાય છે. આ રીતે પરમગુરુની કૃપા થકી અંશ પોતે નિર્મળ થઈ હંસ સ્વરૂપે બને છે.

**ભયે નકેત અંશ અનુકરમીત, મરમીત પરમ ઉદારુ;**
**તેહી સરુપ શુદ્ધ અનુભવસે, કરહી પોકાર કતારુ. ૧૨**

### શબ્દાર્થ

**ભયે** = થઈ ગયેલાં, થાય, થઈ જાય **નકેત** = નિષ્કામ, નિષ્કલંક, નિર્મળ, શુદ્ધ, ચોખ્ખો **અનુકરમીત** = કર્મોના બંધનોથી ક્રમાનુસાર દેહ થકી કરેલા કર્મોથી **મરમીત** = પોતાના મર્મને જાણનાર, મર્મવાળો મતલબ અંગેની માહિતી **પરમ** = શ્રેષ્ઠ, ઉત્તમ, મહાન **ઉદારુ** = ઉદાર, નિખાલસ, સરળ **તેહી** = તેવા **સરુપ** = સ્વરૂપના **શુદ્ધ** = શુદ્ધ, નિર્મળ **અનુભવસે** = પ્રત્યક્ષ જ્ઞાનથી, અનુભવથી **કરહી** = કરે છે **પોકાર** = પોકાર, અંતરના મોટા અવાજથી **ક્તારુ** = સર્જનહારને, કર્તાને.

### અનુવાદ

**જ્યારે અંશ પોતાના સંચિત કર્મોથી નિર્મળ થાય છે ત્યારે પોતાના મહાન ઉદાર મતલબને જાણે છે. પછી શુદ્ધ સ્વરૂપના અનુભવ વડે કર્તાનો પોકાર કરે છે.**

### ભાવાર્થ

જ્યારે અંશ પરમગુરુની કૃપા થકી પોતાના અસંખ્ય જન્મોનાં એકત્રિત થયેલાં બધાં જ કર્મોના બંધનોમાંથી મુક્ત થાય છે ત્યારે તે નિર્મળ અને નિષ્કલંક થયેલો અંશ પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપના મહાન અને ઉદાર કર્તવ્યને સમજે છે. જ્યારે પોતાના સ્વ ચૈતન્યને ઓળખે છે ત્યારે તેને શુદ્ધ સ્વરૂપનો નિજ અનુભવ થાય છે અને પોતાના મહાન ઉદાર મતલબની ખબર પડે છે કે પોતે તો અલ્પ ચૈતન છે અને તે જેની સજાતિનો છે તે સર્જનહાર સર્વજ્ઞ અને પરમ ચૈતન છે. જેથી એવા પરમપિતા સકર્તાપતિને મળવા માટે આતુર થઈને ચૈતન ભાવે કૈવલ કર્તાને પોકાર કરે છે.

**અતિ આતુરતા કલપંત ઉર, ભયે વિષમ વ્રેહેવંતુ;**
**અપ બિછરન મીન તલપીતવત્, યૌત હવે અતંતુ. ૧૩**

### શબ્દાર્થ

**અતિ** = ઘણી, અત્યંત, વિશેષ પ્રમાણમાં **આતુરતા** = વ્યાકુળતાથી, કર્તાને મળવાની ઇચ્છાથી **કલ્પંત** = કલ્પાંત કરે છે **ઉર** = હૃદયમાં **ભયે** = થાય છે, થઈને **વિષમ** = પ્રતિકૂળ, વિરુદ્ધ, છૂટા પડ્યાના **વ્રેહેવંતુ** = વિરહવાન **અપ** = પાણીથી **બિછરન** = છૂટી પડેલ **મીત** = માછલી **તલપતવત્** = તડફડે છે તેમ, તડફડિયા મારે છે તે રીતે **યૌરત** = એવી રીતે પ્રેમ ધારણ કરી, એવી રીતે આરતવંત **હવે** = થાય છે **અતંતુ** = અત્યંત.

## અનુવાદ

**જેવી રીતે પાણીથી વિખૂટી પડેલ માછલી ઘણી જ તરફડે છે તેમ અંશ પોતે છૂટા પડ્યાના વ્રેહને કારણે અતિ આતુરતાપૂર્વક હૃદયમાં કલ્પાંત કરે છે.**

## ભાવાર્થ

જેવી રીતે જળમાંથી બહાર કાઢવામાં આવેલી માછલી જળથી અલગ થતાં પાણી વગર તરફડિયાં મારે છે. જળ વગર માછલીથી સહેજ પણ ભિન્ન રહી શકાતી નથી. તેવી જ રીતે જ્યારે અંશને પોતાના ઉપર કર્મોના બંધનો હતાં ત્યારે તો અંશ અજ્ઞાનતા વશ વિશ્વમાં જન્મમરણના ચક્કરમાં ભટકતો હતો, પરંતુ જ્યારે તે નિર્મળ થતાં સર્જનહારથી અલગ થયાની વેદનાથી પાછા મળવા આતુર બની જાય છે. ત્યારે માછલીની જેમ કર્તાથી ભિન્ન રહી ન શકવાથી પોતાના હૃદયમાં અત્યંત કલ્પાંત કરે છે.

**સૂને પોકાર જદીપ કરતા નિજ, તદીપ અંશ ઉર લેહું;**
**અહો ધન્ય જન આઇ મિલે મુજ, કહહી ક્રતા ધર નેહું. ૧૪**

### શબ્દાર્થ

**સુને** = સાંભળે **પોકાર** = ચીસ, દુઃખ ભરી ઈબાદત, પ્રાર્થના **જદીપ** = જ્યારે **કરતા નિજ** = નિજ કર્તા, આદ્ય સર્જનહાર, મૂળ પરમ પિતા **તદીપ** = ત્યારે **અંશ** = અંશ, સર્જનહારના સજાતિ, સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **ઉર લેહું** = હૃદયમાં લે છે, ધ્યાનમાં લે છે **અહો ધન્ય** = અરે તને ધન્યવાદ છે **જન** = મનુષ્ય **આઈ મિલે મુજ** = મને આવીને મળે **કહહી** = કહીને **ક્રતા** = સર્જનહાર **ધર નેહું** = સ્નેહ ધારણ કરે છે.

## અનુવાદ

**જ્યારે નિજ કર્તા પોકાર સાંભળે છે, ત્યારે તે અંશને છાતી સરસો ચાંપે છે (ધ્યાનમાં લે છે) અને સ્નેહ ધરીને કહે છે કે અહો! હે અંશ (જન) ! તું આવીને મને મળ્યો તેથી તને ધન્યવાદ છે.**

## ભાવાર્થ

પરમગુરુના આપેલા કૈવલજ્ઞાનથી જાગ્રત થયેલ અને તેમની રીઝ પ્રાપ્ત

કરીને પોતાના સ્વચૈતન અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે થયેલ અંશ, જ્યારે ચૈતન ભાવથી કર્તાની સ્તુતિ કરે છે ત્યારે તેના દુઃખ ભર્યા પોકારને નિજ સર્જનહાર અચૂક સાંભળે છે. તેની ખરા હૃદયથી કરેલી પ્રાર્થનાને પોતાના નિજ હંગ દ્વારા નિહાળીને સ્વીકારે છે. વળી દયાળુ સર્જનહાર અંશના કરેલા પોકારને ધ્યાનમાં લઈને એવા અધિકારી અંશને કૈવલ ધામમાં તુરત જ બોલાવી લે છે અને પોતાના હૃદય સરસો લગાવી ભેટે છે. ત્યારે પરમદયાળુ સર્જનહાર એવા અંશ ઉપર સ્નેહ ધારણ કરે છે અને કહે છે કે જે મને આવીને મળ્યા એવા જન ખરેખર ધન્યવાદને પાત્ર છે.

**ધરહી નેહ કરતાર પુરંજન, મિલહી કંઠ ઉર લાઈ;**
**કોટી કલ્પ વિછરન તનકે તપ, શાંતિ કરીત સહાઈ. ૧૫**

### શબ્દાર્થ

**ધરહી નેહ** = સ્નેહ ધારણ કરીને **કરતાર** = સર્જનહાર **પુરંજન** = માયાથી રહિત, પૂર્ણ પુરુષ **મિલહી** = મળીને, મળતાં જ **કંઠ ઉર લાઈ** = પ્રેમથી ગળે લગાવે છે, ભેટે છે, પ્રેમથી હૃદય સરસા ચાંપે છે **કોટી કલ્પ** = કરોડો કલ્પોથી **વિછરન** = વિખૂટો પડેલ **તનકે** = શરીરના, સ્વરૂપના **તપ** = તાપો, **શાંતિ કરીત** = શાંત કરીને **સહાઈ** = સહાયતા કરે છે.

### અનુવાદ

**માયાથી રહિત પૂર્ણ પુરુષ સર્જનહારને મળતાં જ તેઓ સ્નેહ ધારણ કરીને કંઠે લગાવે છે. ત્યારે કરોડો કલ્પોથી વિખૂટા પડેલા અંશને સહાયતા કરીને તેના સ્વરૂપના તાપને શાંત કરે છે.**

### ભાવાર્થ

જ્યારે હંસ સ્વરૂપે બનેલો અંશ પોતાના કૈવલધામમાં પાછો જાય છે ત્યારે માયાથી રહિત પૂર્ણ પુરુષ સર્જનહાર જેવો અંશ પ્રવેશ કરે છે તેવો જ અપાર સ્નેહ ધારણ કરીને કંઠે લગાવે છે. અર્થાત્ વહાલપૂર્વક ભેટે છે ત્યારે કરોડો કલ્પોથી વિખૂટા પડેલા તે અંશને વિરહાગ્નિના તાપ સહિત સ્વરૂપના સઘળા તાપોને તુરંત જ શાંત

કરીને સહાયતા કરે છે.

**ભવીત શાંતિ જબ સકલ તપતકી, ઈછંતા રહી ન તાઈ;**
**નિજપતિ પરમ ધામ આપનમે, રાખીત અટલ સદાઈ. ૧૬**

### શબ્દાર્થ

**ભવીત** = થાય **શાંતિ** = શાંતિ **જબ** = જ્યારે **સકલ** = તમામ, બધા જ **તપતકી** = તાપોથી **ઈછંતા** = ઈચ્છા, આશા, ઉત્કંઠા **રહી ન** = રહી નહીં **તાઈ** = તેથી **નિજપતિ** = સર્જનહાર **પરમ ધામ** = શ્રેષ્ઠધામ, નિજ મહાન રહેઠાણ, કૈવલધામ **આપનમે** = પોતાના **રાખીત** = રાખે છે **અટલ** = અચળ, અવિચળ, પાછું ન જવું પડે તે રીતે **સદાઈ** = હમેશાં, નિત્ય, કાયમ.

### અનુવાદ

**જ્યારે સર્વ પ્રકારના તાપોથી શાંતિ પામે છે, ત્યારે કોઈ પણ પ્રકારની ઈચ્છા રહેવા પામતી નથી. કૈવલકર્તા પણ પોતાના ધામમાંથી પાછા ન જવું પડે તે રીતે સદાને માટે તેને રાખે છે.**

### ભાવાર્થ

જ્યારે અંશ પોતાના શુદ્ધ સ્વરૂપે થઈને સ્વ-સ્વરૂપે કૈવલ કર્તાના ધામમાં જાય છે ત્યારે સર્જનહાર અતિ આતુરતાપૂર્વક એવા હંસરૂપ થયેલા અંશને ભેટે છે. જેથી તેના સઘળા તાપો શાંત થઈ જાય છે. જ્યારે તેને તમામ તાપોથી શાંતિ મળે છે, ત્યારે બીજી કોઈ ઈચ્છા રહેવા પામતી નથી. આવા ઈચ્છારહિત અંશને સર્જનહાર પોતાના પરમ કૈવલધામમાં સદાને માટે રાખે છે. જેથી અંશને પાછું બ્રહ્માંડમાં જવું પડતું નથી અને ફરી જન્મમરણનું દુઃખ ભોગવવું પડતું નથી. દૈવી ધામોની જેમ પુણ્યનો ક્ષય થતાં મૃત્યુલોકમાં પાછું જવું પડે છે તેવી સ્થિતિ અહીં નથી. એટલે કે, એક વખત અંશ કૈવલધામમાં જાય છે પછી મહાકલ્પ પૂરો થતાં સુધી અંશને પાછું મૃત્યુલોકમાં જવું પડતું નથી. તેમજ કર્તાના સાંનિધ્યમાં રહી કૈવલધામનાં અકલ્પિત અને અવર્ણનીય સુખોનો આનંદ માણીને પરમપિતાના સ્નેહમાં તૃપ્ત થઈ ને રહેવાનો અવસર પ્રાપ્ત થાય છે.

**પરમ ધામ પતિ પાસ સુખદકી, એ મુખ શકુ ન બરની;**
**ભુગતમાન જેહી કરીત લહત તે, ધન્ય જેહુનકી કરની. ૧૭**

### શબ્દાર્થ

**પરમ ધામ** = મહાન શ્રેષ્ઠ કૈવલધામ **પતિ** = સર્જનહારના સાંનિધ્યમાં **પાસ** = પાસેના **સુખદકી** = સુખોની **એ મુખ** = આ મુખે **શકુ ન બરની** = વર્ણન કરી શકું તેમ નથી **ભુગતમાન** = ભોગવનાર **જેહી** = તે જ, જે **કરીત** = કરે છે **લહત તે** = તેને જાણી શકે છે **ધન્ય** = ધન્યતા છે, ધન્યવાદને પાત્ર છે **જેહુનકી** = જેઓની **કરની** = કર્મોનો, સત્કર્મોનો, ભક્તિને, કર્તાને મળવા કરેલા પ્રયત્નને.

### અનુવાદ

**પરમધામમાં સકર્તા પતિ પાસે રહેવાનું જે સુખ છે એ સુખનું મુખદ્વારા વર્ણન કરી શકાય તેમ નથી. તેને તો જે ભોગવતા હોય તે માણી અને જાણી શકે તેથી એવી શુભ કરણી કરનારને ધન્યવાદ છે.**

### ભાવાર્થ

જેનું વર્ણન કરવામાં બાવન અક્ષરો પણ કામ આવી શકે નહીં તેવા અપરંપાર અને અવર્ણનીય પરમધામનાં સુખનું વર્ણન મુખ દ્વારા વર્ણવી કે દર્શાવી શકાય તેમ નથી. એવા સુખને તો જે ભાગ્યવંત અંશો ભોગવતા હોય તે જ માણીને જાણી શકે છે. એવા શુભકર્મ કરનાર ભાગ્યશાળી અંશને ધન્યવાદ છે. કારણ કે, તેવા અંશને મહાકલ્પ પૂરા થતાં સુધી આ બ્રહ્માંડમાં જન્મમરણનું દુઃખ તો ભોગવવું પડતું નથી તે ઉપરાંત કૈવલધામમાં સર્જનહારના સમીપમાં રહેવાનું અપાર સુખ ભોગવવાનો અવસર પ્રાપ્ત થયો હોય છે. જેમ સંસારમાં પણ વિખૂટા પડેલાં સંતાનો પાછા માતા-પિતાને મળે ત્યારે જે સુખની અનુભૂતિ થાય તે વર્ણવી શકાય નહીં. તેમજ અપાર સુખો અને વૈભવી માતા-પિતાના ઘરનું સુખ જ્યારે સંતાન પાછું ભોગવે તો તેને જે અનુભવ થાય છે તેનું કોઈ વર્ણન થઈ શકે નહીં. જ્યારે કૈવલધામનું સુખ તો સ્થૂળ પદાર્થોનું નહીં, પરંતુ શાશ્વત ચૈતન દૃષ્ટિથી ભોગવવાનું હોય છે તો પછી તેનું તો વર્ણન કેવી રીતે શક્ય બની શકે?

**ક્તા ધામ પરમાણ સુખદ સદ, ભુગત અંશ અથાહુ;**
**જે તિતકે જીતકુ તીતકી ગત, ઈતકે લખે ન કાહુ. ૧૮**

### શબ્દાર્થ

**ક્તા ધામ** = કર્તાનું ધામ, કૈવલધામ **પરમાણ** = સામર્થતા, પ્રમાણ, પુરાવો, સાબિતી, આધાર, લાયકાત **સુખદ** = સુખદાયક, સુખ આપનાર **સદ** = શાશ્વત **ભુગત** = ભોગવનાર **અંશ** = જગતના સર્જનહારનો સજાતિ સજાણજાણ સ્વરૂપ અંશ **અથાહુ** = અથાહ, અગાધ, અમર્યાદિત, અમાપ **જે** = જે **તિતકે** = ત્યાંના **જીતકુ** = જેમને **તીતકી** = ત્યાંની **ગત** = ગતિ, જ્ઞાન, સમજ, અનુભવ **ઈતકે** = અહીંના **લખે** = દર્શાવીએ, લખે, જણાવી શકે, વર્ણન કરી શકે **ન** = નહીં **કાહુ** = કોઈ પણ, ક્યારેય પણ.

### અનુવાદ

**કર્તાના ધામનું સમર્થતાવાળું શાશ્વત સુખ તે અંશ અમર્યાદિત રીતે ભોગવે છે. જે ત્યાં છે તેમને જ ત્યાંના સુખનો અનુભવ હોય છે. અહીંના કોઈ પણ તે દર્શાવી શકે નહીં.**

### ભાવાર્થ

સંસારના નાશવંત પદાર્થોનું ક્ષણિક સુખ પણ એમ કહેવાય છે કે જે માણે તે જ જાણે. એટલે કે, માણનારો જ તેના અંગે વર્ણન કરી શકે અને તેના ક્ષણભંગુર આનંદનો અનુભવ કરી શકે છે.

સર્જનહારના કૈવલધામનું સુખ તો તત્ત્વાતીત છે. તેમજ અધિક સામર્થ્યતાવાળું શાશ્વત સુખ છે જે અમર્યાદિત રીતે અને સદા સર્વદા ભોગવવાનું હોય છે, એટલે કે, ચિરંજીવી સુખ છે. એવા અગાધ અને પારાવાર શાશ્વત સુખનો અનુભવ પણ કોઈ પરમગુરુનાં ચરણોના અધિકારી અને કૈવલકર્તાની રીઝ પામેલા ભાગ્યવંત હંસો જ ભોગવી શકે છે. જેઓને કૈવલધામમાં જઈને કર્તાના સાંનિધ્યમાં રહેવાનો અવસર પ્રાપ્ત થયો છે, તેવા હંસ સ્વરૂપે થયેલા અંશો જ આવા સુખનો અનુભવ કરતા હોય છે.

અખિલ બ્રહ્માંડના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ કે મહાકારણ દેહ ધરાવતા સર્વ અંશો માત્ર અંતરિક્ષના ધામો સહિત બ્રહ્માંડના નાશવંત સુખો ભોગવે છે અને તેવા સુખનું વર્ણન તે કરી શકે છે, પરંતુ કૈવલધામના શાશ્વત સુખનું વર્ણન કરી શકે નહીં. એટલે

કે, ચાર પ્રકારની મુક્તિને પામેલાં આવા દૈવી-ધામોના નાશવંત સુખ ભોગવીને અનુભવ ધરાવતા અંશો તેનું સાચેસાચું પ્રમાણ સહિત વર્ણન દર્શાવી શકે છે, પરંતુ પંચમી અખંડ કૈવલ મુક્તિના અપાર અને શાશ્વત સુખનો અનુભવ જ ન હોવાથી તેઓ પણ આ વર્ણન પણ કરી શકતા નથી.

**એહી પરકાર સધામ સહાવત, ક્તા અંશ તન ભિન્ના;**
**રહહી તાય લગ પરમકારણ તન, ભવિત અંશ મહી લીના. ૧૯**

### શબ્દાર્થ

**એહી પરકાર** = આ પ્રકારે **સધામ** = પોતાના મૂળ વતન રૂપ કૈવલધામમાં **સહાવત** = સહવાસ કરે છે, સીધાયેલ સાંનિધ્યમાં રહે છે, ત્યાં નિવાસ કરે છે **ક્તા અંશ** = કર્તાએ ઉત્પન્ન કરેલા (સામાન્ય, વિશેષ અને પરમવિશેષ) અંશો **તન** = દેહ, સ્વરૂપથી **ભિન્ના** = અલગ, જુદા, ભિન્ન **રહહી** = રહે છે **તાય લગ** = ત્યાં સુધી, જ્યાં સુધી **પરમકારણ તન** = પરમ કારણ દેહે **ભવિત** = થાય છે, ભળે છે **અંશ** = અંશો બધા જ સર્જનહારના સજાણ જાણ અંશો **મહી** = માં **લીના** = લીન, એકરૂપ.

### અનુવાદ

**આ પ્રકારે કૈવલધામમાં જતાં સુધી સર્વ કર્તાના અંશો પોતાના સ્વરૂપથી ભિન્ન પરમકારણ દેહે રહે છે. પછી કર્તાના ધામમાં જઈને પોતાના સ્વરૂપમાં લીન થાય છે.**

### ભાવાર્થ

અંશો ચાર દેહ સુધી તો સુખ-દુઃખ પોતાનાં કર્મો પ્રમાણે ભોગવતા હોય છે. જ્યારે પાંચમા પરમકારણ દેહમાં સર્વને સુખ જ ભોગવવાનું હોય છે. કારણ કે, ત્યાં તો એકલો અભિમાન નિરંજનનો ભાગ રહ્યો છે માટે તે તત્ત્વ ભાગ દેહ વિના એકલો શું પ્રવૃત્તિ કરે ? તેટલા માટે તે અંશ પાંચમા પરમકારણ દેહને વિષે સુખ ભોગવે છે. પછી તે દેહનો જ્યારે અવધિ અંત આવે ત્યારે પરમકારણ દેહનો પણ ત્યાગ કરે ત્યારે જ અંશ પરમધામમાં નિવાસ કરે છે.

આ રીતે સર્વ પ્રકારના અંશો પોતાના મૂળ વતન રૂપ કૈવલધામમાં પોતાના સ્વરૂપમાં લીન થઈને સકર્તા પતિ સર્જનહારના સાંનિધ્યમાં રહે છે. ત્યાં કૈવલધામના

અપાર અને અગાધ સુખ નિરંતર માણ્યા કરે છે. તે સુખ જ્યાં સુધી સર્જનહાર પોતાની સંકલ્પ શક્તિને સમાવી દેતા નથી ત્યાં સુધી એટલે કે, મહાકલ્પના અંત પર્યંત માણે છે. છેલ્લે જ્યારે કર્તા પોતાની છેલ્લી છઠ્ઠી અંશવૃત્તિ પોતાનામાં સમાવી દે ત્યારે બધા જ અંશો કર્તામાં સમાઈ જાય છે.

**ઓર અંશ ભવ ભર્મીતવ કે તન, હવિત અવધ તેહી કાલુ;**
**સરવ સમેટ લેત આપનેમે, અંતકાલ પ્રતિપાલુ. ૨૦**

### શબ્દાર્થ

**ઓર** = અને, વળી, બીજા **અંશ** = સર્જનહાર સજાણજાણ ચૈતનઅંશો **ભવ** = બ્રહ્માંડમાં **ભર્મીતવ** = ભમતા, પરિભ્રમણ કરતા, વિચરણ કરતા **કે તન** = દેહમાં, ના દેહમાં **હવિત** = હોય છે, રહે છે **અવધ** = અવધિ **તેહી** = તેઓની **કાલુ** = કાળ, સમય **સરવ** = સર્વ, બધું જ બધાને **સમેટ લેત** = સમેટી લે છે, સમાવી લે છે **આપનેમે** = પોતાનામાં **અંતકાલ** = અંતકાળે, મહાપ્રલયકાળે **પ્રતિપાલુ** = પ્રતિપાલક, સર્વને પોષણ કરનાર.

### અનુવાદ

**વળી અંશો શરીરમાં રહી દેહના અવધિકાળ સુધી બ્રહ્માંડમાં ભટકતા રહે છે અને મહાપ્રલયકાળે પ્રતિપાલક કર્તા તે સર્વને પોતાનામાં સમાવી લે છે.**

### ભાવાર્થ

જે અંશો પરમગુરુની રીઝ પ્રાપ્ત કરીને કૈવલધામમાં પહોંચ્યા નથી તેવા અંશો તો પોતાનાં કર્મ દુષ્કર્મના ફળ નિજકર્તાની અંશવૃત્તિના સંકલ્પનો વેગ પહોંચે છે ત્યાં સુધી ભુક્તમાન કરે છે.

સ્થૂળદેહ તો પ્રગટ ક્રિયાવાળો દેહ, જે પોતાનાં સત્ કર્મો અને દુષ્કૃત પ્રત્યક્ષ કરે છે. સૂક્ષ્મ દેહથી મનવાંછિત સુકૃત-દુષ્કૃત થાય છે, કારણદેહથી અહંકાર ધરેલાં સુકૃત-દુકૃત થાય છે અને મહાકારણ દેહ તો સુવૃત્તિકે કુવૃત્તિ એ સુક્તિ-દુક્તિ થાય છે. આમ, આ સુકૃત-દુષ્કૃતના ફળ આ ચાર દેહ પહોંચતા સુધી ભોગવવા પડતા હોય છે.

જ્યારે પરમકારણ દેહ તો સુકૃત-દુષ્કૃત વિનાનો નિરાલંબ, નિર્લેપ કર્તાના અંશને લપટાઈને અંશવત્ અંશના આભૂષણ રૂપે રહે છે આ પરમદેહની

નિરંજનરૂપ નૂર ભૂમિકા પરમ અમૃતથી ભરેલા હોઈ તેને વિશે સર્વ અંશ પરમકારણ દેહે રહીને અસંખ્ય કલ્પ સુધી પરમ આનંદનાં સુખો માણ્યા કરે છે. આ પરમ આનંદ તે પરમ અવિગત અમૃતના ભોજન જેવી તૃપ્તિ થાય તેવી તૃપ્તિવાળા સદાકાળ રહે છે.

સ્થૂળદેહ તો ભાડૂતી મકાન જેવું છે અને અલ્પ આયુષ્યવાળું છે. આ મકાન ક્યારે મૂકીને જઈશું એનું પ્રમાણ કહી શકાય તેમ નથી. કોઈ મુકાવે તો મૂકીને જવાય અગર આપોઆપ મૂકીને જવું હોય તો પણ જવાય. આમ સ્થૂળદેહનું આયુષ્ય એક સરખા પ્રમાણવાળું નથી, પરંતુ સ્થૂળદેહ સિવાયના બીજા ચાર દેહ તો સર્જનહારે વજ્રમય ઘણા આયુષ્યના રાખીને અંશોને એ દેહમાં પ્રવેશ કરાવ્યો છે, જેમાં સ્થૂળ દેહ કરતાં હજારગણું સૂક્ષ્મ દેહનું આયુષ્ય છે, સૂક્ષ્મ દેહથી હજારઘણું કારણદેહનું આયુષ્ય છે, કારણ દેહથી હજાર ઘણું મહાકારણ દેહનું આયુષ્ય છે અને મહાકારણ દેહથી હજાર ઘણું પરમકારણ દેહનું આયુષ્ય છે. આમ સર્વ દેહના અવધિકાળ સુધી અંશો બ્રહ્માંડમાં ભટકતા રહે છે અને છેલ્લે પરમકારણ દેહ ત્યજીને બધા અંશો કૈવલધામમાં જાય છે.

સર્જનહાર પોતાની છઠ્ઠી અંશવૃત્તિના સંકલ્પને પોતાનામાં સમાવી દે ત્યારે બધા જ નિરાલંબ નિર્લેપ થયેલા અંશો કર્તામાં સમાઈ જાય છે. પછી કશું જ ઊગરવા રહેવા પામતું નથી અને જે દ્વૈત સ્વરૂપે કહેવાતા સજાતિ માત્ર અદ્વૈત રૂપે પોતે એકલા જ અલેખ કૈવલપુરુષ ચૈતનના પુંજ તરીકે રહે છે.

**અંશ વિલાસ રહે જેતને ભર, અલખ અકેલ રહાઈ;**
**બોહોરુ રચે જો ક્રતા સુષ્ટકુ, અંશ નવીન ઉપજાઈ. ૨૧**

### શબ્દાર્થ

**અંશ** = સર્જનહારના સજાણજાણ સ્વરૂપ ત્રણે પ્રકારના અંશો **વિલાસ** = ખેલ, ક્રિડા, મોજ, દેહમાં નિવાસ, ઉત્પત્તિથી અંત સુધીના સમયગાળો **રહે** = રહે **જેતને ભર** = જેટલો વખત, જ્યાં સુધી, જેટલા સમય સુધી **અલખ** = અલેખ **અકેલ** = એકલા જ **રહાઈ** = રહે છે **બોહોરુ** = ત્યાર બાદ **રચે જો** = જો રચના રચે, રચે **ક્રતા સુષ્ટકુ** = સૃષ્ટિની રચના સર્જનહાર સર્જે તો **અંશ** = પોતાની સજાતિના સજાણજાણ રૂપ અંશ **નવીન** = નવા **ઉપજાઈ** = ઉત્પન્ન કરે છે, ઉપજાવે છે.

## અનુવાદ

**ત્યાર પછી અંશોએ જેટલા વખત સુધી વિલાસ કર્યો હોય તેટલા સમય સુધી તે અલેખ પુરુષ એકલા જ રહે છે અને ફરીથી જો કર્તા સૃષ્ટિનું સર્જન કરે તો તે નવીન અંશો ઉત્પન્ન કરે છે.**

## ભાવાર્થ

અલખ કૈવલપુરુષને જ્યારે પ્રારંભના કાળે કાંઈક ઉત્પન્ન કરવાની ભાવના થાય ત્યારે તેઓ પોતાનો શુદ્ધ સંકલ્પ કરે છે અને પોતાની વૃત્તિઓ દ્વારા રચનાને(ખેલને) ઉત્પન્ન કરે છે. સર્વ રચના રચીને તેને માણવા માટે અંશોને પણ ઉત્પન્ન કરે છે. આ અંશો જે તે દેહની અવધિકાળ સુધી દેહમાં રમણ કર્યા કરે છે. જ્યારે સર્જનહાર પોતાના સંકલ્પને સમાવી દે એટલે કે, મહાકલ્પનો સમયગાળો પૂરો થતાં જ આ સર્વ અંશ સહિતની બધી જ રચના લીન પામે છે અને જે તે ઉત્પત્તિ તે તે વૃત્તિઓમાં ભળી જઈને બધી જ વૃત્તિઓને સર્જનહાર પોતાનામાં સમાવી દે છે. આમ સંકલ્પના પ્રારંભથી તે સંકલ્પના અંત સુધીના સમયગાળા જેટલા બીજા તેટલા જ સમય સુધી અલેખ કૈવલકર્તા એકલા જ પોતાના નિજ કૈવલધામમાં રહે છે. ફરી જ્યારે નવેસરથી પોતાના શુદ્ધ સંકલ્પથી સૃષ્ટિનું સર્જન કરે છે ત્યારે સર્જનહાર કૈવલકર્તા ફરીથી નવા જ અંશોને ઉત્પન્ન કરે છે.

**આગલે અંશ તો પાપ પુન્યકુ, ભૂગતી ભયે નિરાલે;**
**સો ક્યૌ રહે ભિન્ન કરતાસે, પરમતંત અંતકાલે. ૨૨**

### શબ્દાર્થ

**આગલે** = આગળના, પહેલાના **અંશ** = સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશ **તો** = તો **પાપ પુન્યકુ** = પાપો અને પુણ્યો ને, સુકૃતિ અને દુષ્કૃતને **ભૂગતી** = ભોગવીને **ભયે** = થયા **નિરાલે** = નિર્લેપ, ચોખ્ખા, શુદ્ધ, નિર્મળ **સો** = તે **ક્યૌ** = શા માટે, કેમ, કેવી રીતે **રહે** = રહે **ભિન્ન** = અલગ, જુદા, ન્યારા **કરતાસે** = કર્તાથી, સર્જનહારથી **પરમતંત** = પરમકારણ દેહે થયેલા **અંતકાલે** = અંતકાળે, મહાપ્રલય વખતે મહાકલ્પ પૂરો થતા.

### અનુવાદ

**આગળના અંશો તો પાપ પુણ્ય ભુક્તમાન કરીને નિરાળા થઈ પરમકારણ દેહ થઈ ગયા હોય છે, જેથી અંતકાળે કર્તાથી શા માટે ભિન્ન રહે?**

### ભાવાર્થ

ઉત્પત્તિ પામેલા સામાન્ય વિશેષ અને પરમવિશેષ એમ બધા જ અંશો સ્થૂળ, સૂક્ષ્મ કારણ અને મહાકારણ દેહમાં ભ્રમણ કરીને પોતાના સર્વ સુક્રિત અને દુષ્કૃતોનાં પાપ અને પુણ્યને ભોગવીને નિરાળા થયાં હોવાથી છેલ્લે પરમકારણ દેહે નિર્લેપ રીતે રહેતા હોય છે. અંતમાં પરમકારણ દેહની ભૂમિકા ત્યજીને બધા જ અંશો કૈવલધામમાં જાય છે. જ્યારે સર્જનહાર પોતાના શુદ્ધ સંકલ્પને સમાવતાં મહાપ્રલયકાળે બધી જ રચના લીન પામે ત્યારે કશું જ ઊગરવા પામતું નથી અને તે વખતે બધા જ અંશો પણ કર્તામાં સમાઈ જાય છે. એટલે કે, પ્રલયકાળ પહેલા બધા જ અંશો કર્મોનાં ફળ ભોગવીને મહાકારણ દેહે નિષ્કામી જ બનેલા હોય છે. આખરે કર્તાનાં ચોરાસી તત્ત્વોની ઉત્પત્તિ સહિત સર્વ તત્ત્વોની રચના પણ રહેવા પામતી નથી તો પછી તેવા શુદ્ધ અંશો કૈવલકર્તાથી જુદા કેવી રીતે રહી શકે?

**જ્યૌ ઘટકે બીનસે ઘટકે નભ, મહાશૂન્ય જાઈ સમાઈ;**
**ત્યૌ અંશકે પરમકારન તન, છૂટત ક્તા મેલાઈ. ૨૩**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ **ઘટકે** = ઘડાનું **બીનસે** = હયાતિ વગર, નાશ પામતાં ફૂટી જતાં **ઘટકે નભ** = ઘડામાં રહેલું અવકાશ, પોલાણ **મહાશૂન્ય** = મહાશૂન્યમાં, મહાપોલાણમાં **જાઈ સમાઈ** = સમાઈ જાય છે. ભળી જાય છે **ત્યૌ** = તેવી જ રીતે, તેમજ **અંશકે** = અંશોના **પરમકારન** = પરમકારણ **તન** = દેહ **છૂટત** = છૂટી જતાં, નાશ પામતાં, વિલસાઈ જતાં, **ક્તા** = સર્જનહારમાં **મેલાઈ** = મળી જાય છે.

### અનુવાદ

**જેવી રીતે ઘડો ફૂટી જવાથી ઘડામાંનું પોલાણ મહાશૂન્યમાં સમાઈ જાય છે. તેવી રીતે અંશોનો પરમકારણ દેહ વિલસાઈ જતાં અંશો કૈવલકર્તામાં મળી જાય છે.**

### ભાવાર્થ

જેવી રીતે કોઈ માટીનો ઘડો કે તેના જેવું અન્ય પાત્ર હોય અને તે પાત્ર નાશ પામતાં કે ફૂટી જતાં અંતે તેમાં રહેલું જે પોલાણ છે તે મહાશૂન્યના પોલાણમાં સમાઈ જાય છે એટલે કે, ઘડામાં રહેલું ઘટાકાશ ઘડો ફૂટી જતાં જુદું રહી શકતું નથી પરંતુ મહદ્ આકાશમાં ભળી જાય છે. તેવી જ રીતે દરેક અંશો અંતે નિર્લેપ પરમકારણ દેહમાં રહેલા હોય છે. જ્યારે પરમકારણ દેહ મહાકલ્પે વિલાઈ જાય તો તેવા પરમકારણ દેહમાં રહેલા અંશો અંતે કૈવલધામમાં જઈ સર્જનહારમાં ભળી જાય છે એટલે કે, સર્જનહારની છ વૃત્તિઓથી પેદા થયેલી સર્વ રચના પોતપોતાની વૃત્તિમાં સમાઈ જાય છે. છેલ્લે તે દરેક વૃત્તિઓ સર્જનહાર કૈવલકર્તા પોતાનામાં સમાવી દે છે.

**એહી અનુકરમ ક્તાર કરતકે, સમટે ફેરી પસરાઈ;**
**અવધ અવધ કાલન એહી વિધસે, રચીત અખિલ રચનાઈ. ૨૪**

#### શબ્દાર્થ

**એહી** = આ પ્રમાણેના, આ રીતના **અનુકરમ** = ક્રમાનુસાર, અનુક્રમે, એક પછી એક એમ વારા ફરતી **ક્તાર** = સર્જનહારના **કરતકે** = ક્તને, રચનાને, ઉત્પત્તિને **સમટે** = સમેટીને **ફેરી** = ફરીથી **પસરાઈ** = પ્રસારો કરે છે. રચે છે, બનાવે છે. **અવધ અવધ કાલન** = જ્યારે જ્યારે અવધિકાળ થાય ત્યારે, મહાપ્રલયકાળ વખતે **એહી વિધસે** = આજ પ્રમાણે, આ વિધિ મુજબ જ **રચીત** = રચે છે **અખિલ રચનાઈ** = અખિલ બ્રહ્માંડની સર્વ રચનાઓ.

### અનુવાદ

**એવી રીતે કર્તાની રચનાનો આ પ્રમાણેનો અનુક્રમ હોવાથી દરેક મહાપ્રલયકાળે અખિલ બ્રહ્માંડની રચેલી રચનાને સમેટીને ફરીથી તેનો પસારો કરે છે.**

### ભાવાર્થ

અગાઉ સમજયા તે મુજબ સર્જનહાર પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા ક્રમાનુસાર પોતાની છ વૃત્તિઓ દ્વારા અખિલ બ્રહ્માંડની અને સર્વ અંશોની ઉત્પત્તિ કરે છે. મહાકલ્પના અંતે જ્યારે તેમનો શુદ્ધ સંકલ્પનો વેગ સમાઈ જાય ત્યારે જે રીતે

ઉત્પન્ન કરી હતી તે રીતે સર્વ રચનાને સમાવી દે છે અને પોતે એકલા અલખ પુરુષ તરીકે તેટલા જ લાંબા સમય સુધી પોતાના કૈવલધામમાં શૂન્યવત્ સ્થિતિમાં રહે છે. વળી પાછા ફરીથી તે જ ક્રમાનુસાર સૃષ્ટિની સર્વ રચના સહિત નવીન અંશોને ઉત્પન્ન કરે છે. આમ, આ પ્રમાણેનો ઉત્પત્તિ અને પ્રલયનો ક્રમ સતત ચાલ્યા જ કરે છે.

**પણ કર્તા નિજ સકલ અંશકે, અવધકાલ વિનું સોઈ;**
**આદ્ય અંત અજમાલ અજોનીક, સદા અખંડિત ઓઈ. ૨૫**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **કર્તા** = સર્જનહાર, માલિક, પરમપિતા **નિજ** = મૂળ, **સકલ અંશકે** = દરેક અંશોના **અવધકાલ** = અંતકાળ, અવધિ **વિનું** = વગરના, રહિત, સિવાયના **સોઈ** = તેઓ **આદ્ય** = પ્રારંભથી **અંત** = અંત સુધી **અજમાલ** = માલુમ ન પડે તેવા, અદૃશ્ય **અજોનીક** = અજન્મા, અચ્યુત, જન્મ નહીં લેનાર, **સદા** = સદા, હમેશાં, નિત્ય **અખંડિત** = અખંડિત સ્વરૂપે, ખંડિત વગરના **ઓઈ** = રહેલા છે.

### અનુવાદ

**પરંતુ સર્વ અંશોના કારણરૂપે રહેલા સર્જનહાર અવધિકાળ સિવાયના છે. વળી આદ્ય અંત સિવાયના અદૃષ્ટ અને અજન્મા હોઈ સદાને માટે અખંડ રહેલા છે.**

### ભાવાર્થ

પરંતુ સર્વ સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો જેના વંશના છે એવા ઉત્પત્તિના કારણરૂપે રહેલા સકર્તાપતિ સર્જનહાર અવધિકાળથી રહિત છે. એટલે કે, તેઓ સૃષ્ટિની રચનાની પહેલાં હયાત હતા અને પસારા દરમિયાન તેઓની હયાતિ છે. તેમજ રચનાના મહાપ્રલયકાળ પછી પણ તેઓની હયાતી રહે છે. તેવા ઉત્પત્તિ અને લય સિવાયના સર્જનહાર છે. વળી, તેઓ અજમાલ એટલે કે માલૂમ ન પડે તેવા અદૃષ્ટ છે અને અચ્યુત એટલે કે અજન્મા અયોનિ પુરુષ છે. જેથી તેઓ સદા-સર્વદા હમેશાંને માટે અવિનાશી અને અખંડ રહેલા છે.

**પરમ અંશ હમ તેહી પતિનકે, સકલ અંશ ઈશતાઈ;**
**કલ્પ કલ્પ વિત જાય આય પુનિ, કહન ખોજ કરતાઈ. ૨૬**

### શબ્દાર્થ

**પરમ અંશ** = પરમ વિશેષ અંશ **હમ** = હું **તેહી** = એવા **પતિનકે** = પતિનો, સર્જનહારનો, માલિકનો, **સકલ અંશ** = સર્વ અંશોમાં **ઈશતાઈ** = પાટવી, મોટા વિશેષ, શ્રેષ્ઠ, **કલ્પ કલ્પ વિત જાય** = કલ કલ્પ વીતી જાય, દરેક કલ્પ પૂરો થતાં. **આય** = આવીને **પુનિ** = ફરીથી, વારંવાર **કહન** = કહેવા **ખોજ** = શોધ, ભાળ, માહિતી, જ્ઞાન, સમજ, **કરતાઈ** = કર્તાની, સર્જનહારની, પરમપિતાની.

### અનુવાદ

**તેવા પતિનો હું પરમવિશેષ અંશ છું અને સર્વ અંશોમાં પાટવી છું. કલ્પ પૂરો થતાં ફરીથી આવીને કર્તાની ભાળ જણાવું છું.**

### ભાવાર્થ

પરમગુરુ તો કૈવલધામમાં સદાને માટે બિરાજમાન એવા અવિનાશી, અદૃષ્ટ, અજન્મા પરમપિતાના પરમવિશેષ અંશ છે. વળી તેઓ સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ બધા જ અંશોમાં પાટવી અંશ છે એટલે કે, સૌથી મોટા અને શ્રેષ્ઠ અંશ છે. જેઓ સદાને માટે સર્જનહારની સાંનિધ્યમાં રહેતા હોઈ કલ્પમાં એક વખત વિશ્વમાં આવે છે. તેમને સર્જનહાર દ્વારા વિશ્વમાં મોકલવાનો મુખ્ય આશય કૈવલજ્ઞાન દ્વારા અંશ-અંશીનો લક્ષ જણાવતાં સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરવાનું છે અને વિશ્વમાં જે અજાણ્યા રહેલા પરમપતિની ન્યાયપૂર્વક ઓળખાણ કરાવીને અંશોને સર્જનહાર સાથે મેળાપ કરાવવાનું છે. આવા ઉમદા અને પરોપકારી કાર્ય માટે કૈવલવેત્તા પુરુષ દિવ્યદેહ ધારણ કરીને (વિશ્વમાં) કલ્પમાં એક વખત આવે છે.

**ક્તા ખોજ ઓરુ ક્તવનકી ઈત, વિવિધી ભાત વિસ્તાઈ;**
**કહે કુવેર ભવ ફેર ફરક ગત, દેવન નેંન દરશાઈ. ૨૭**

### શબ્દાર્થ

**કર્તા** = સર્જનહાર, કૈવલકર્તા, **ખોજ** = શોધ, તપાસ, **ઓરુ** = અને **ક્રતવનકી** = રચનાની, ક્રતની, ઉત્પત્તિની, **ઈત** = આ બાજુની, અખિલ બ્રહ્માંડની **વિવિધ ભાત** = અલગ-અલગ રીતે **વિસ્તાઈ** = વિસ્તારપૂર્વક દર્શાવી છે. **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ભવ ફેર** = ભવમાં ફેરા ફરવાની, વિશ્વમાં જન્મમરણના ફેરામાંથી **ફરક ગત** = ફારગતિની ગતિ, મુક્ત થવા અંગેની સમજ, મુક્તિ અંગેનું જ્ઞાન **દેવન** = આપવા માટે **નેંન** = દૃષ્ટિ, દિવ્ય જ્ઞાનચક્ષુ **દરશાઈ** = બતાવ્યાં, દર્શાવ્યાં.

### અનુવાદ

**કર્તાની શોધ કરવા અંગે અને અખિલ બ્રહ્માંડની રચનાની માહિતી વિવિધ રીતે વિસ્તારપૂર્વક દર્શાવી છે. કુવેરસ્વામી કહે છે કે વિશ્વમાં જન્મમરણના ફેરામાંથી અલગ થવા માટેનાં જ્ઞાનચક્ષુ પણ દર્શાવ્યાં છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામીનો આ ગ્રંથની રચના પાછળનો ઉદ્દેશ જગતના સર્વ અંશો પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપને ઓળખીને તેની સજાતિના અંશીને ઓળખે, તેમજ સર્જનહાર પરમ પતિની અદ્ભુત રચનાને પણ ઓળખે, જેથી દરેકના હૃદયમાં એવી રચનાના રચનાર માટે અહોભાવ પેદા થાય. તે કારણે સઘળી માહિતી અને રચનાનું જ્ઞાન દર્શાવ્યું છે. વળી, સર્જનહારને પ્રાપ્ત કરવા માટે અંશે કયા પ્રકારનો વૈરાગ ધારણ કરીને કર્તાને મળવા માટેના વિરહને સંતોષવા ક્યા પ્રકારની ભક્તિ અને પ્રાર્થના કરવી તે પણ વિગતવાર સમજાવ્યું છે. સમર્થ પરમગુરુનું શરણું સ્વીકાર્યા સિવાય કર્તાને મળવાની અભિલાષા વ્યર્થ સાબિત થાય છે, તે પણ વિસ્તારપૂર્વક સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત અંશને જન્મમરણના ફેરામાંથી મુક્તિ મેળવવા માટેના ઉપાય દર્શાવી ચર્મજચક્ષુથી નહીં, પરંતુ દિવ્ય જ્ઞાનચક્ષુ થકી શાશ્વત પદને નિહાળવા માટેનો માર્ગ પણ દર્શાવ્યો છે.

**દરશ પરસ કરનન કારન ક્રત, જેહી જીનમે જમ જેહી;**
**કહે કરુણાસાગર કરુણાકર, સૂનીયો સકલ સબેહી. ૨૮**

### શબ્દાર્થ

**દરશ** = દિવ્ય નેંનથી દર્શવું **પરસ** = ચૈતન ચિહ્નથી સ્પર્શવું **કરનન** = કરનાર, કાર્ય **કારન ક્ત** = રચનાના કારણરૂપે **જેહી** = જેવી **જીનમે** = જેનામાં **જમ** = જે પ્રકારે , જેમ છે તેમ **જેહી** = જેવું જે **કહે કરુણાસાગર** = કરુણાસાગર કહે છે કે **કરુણાકર** = કરુણા કરીને **સુનીયો** = સાંભળો **સકલ સબેહી** = સર્વ કોઈ, સૌ કોઈ, બધા જ.

### અનુવાદ

**શ્રીમત્ કરુણાસાગરે કરુણા કરીને રચનાના કારણરૂપ રહેલા કર્તાના દર્શન અને સ્પર્શ કરવા માટે જેનામાં જે પ્રકારે જેવી છે તેવી હકીકત દર્શાવી છે. જેને સર્વ કોઈ શ્રવણ કરો.**

### ભાવાર્થ

શ્રીમત્ કરુણાસાગર વિશ્વના જીવ ઉપર કરુણા કરીને અખિલ બ્રહ્માંડની સર્વ રચનાના કારણરૂપે રહેલા નિજ સકર્તા પતિ સર્જનહારને તેમની રચનાના માધ્યમથી મુલવણી કરીને તેઓની મહાનતાનો અને તેમની સર્વોપરીતાનો ખ્યાલ આપ્યો છે. વળી જેનામાં જે પ્રકારે જેવું છે તેવું સત્યજ્ઞાન દર્શાવવા માટેની સામર્થ્યતાને બતાવી છે. સમર્થ ગુરુના શરણમાં શા માટે જવું તે ન્યાયપૂર્વક દર્શાવવા પ્રયત્ન કર્યો છે. વળી ચૈતન દૃષ્ટિથી પરમપદને નિહાળીને તેને સ્પર્શવા માટેના અગાધ પરિશ્રમ અને સારધાર નિયમવાળી ભક્તિની આચાર સંહિતા પણ બતાવી છે. ભૌતિક પદાર્થોમાંથી વૃત્તિને અળગી કરી વૈરાગ દ્વારા જ્ઞાન ચક્ષુથી શુદ્ધ ચૈતનને પ્રથમ ઓળખી તેના સજાતિ અંશીની પહેચાન કરવા માટેના ઉપાયો અને સમર્થ ગુરુની રીઝ પ્રાપ્ત કરીને સુક્રીત-દુષ્ક્રીતમાંથી મુક્તિ મેળવવાના સચોટ ઉપચારો પણ દર્શાવ્યા છે. જેને સર્વ ધ્યાનથી શ્રવણ કરવાની જરૂર છે.

આ ગ્રંથનું નામ જ 'સક્રત ચિંતામણિ' છે જેનો ગર્ભિત અર્થ પણ એ જ છે કે સર્જનહાર ચિંતામણિ સમાન છે. જેઓની કોઈ પણ સાથે તુલના થઈ શકે તેમ નથી. વળી તેમના ચિંતવનથી જે ઈચ્છા હોય તે પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે માનવી પરમગુરુના કૈવલજ્ઞાનથી જાગ્રત થયો હોય તેને વૈરાગમય જીવન જીવવાની સાથો-સાથ કર્તાને મળવાનો વ્રેહ જાગેલો હોય છે. આ વૈરાગ અને વ્રેહનું મિલન

થવાથી અંશને બીજું કોઈ દુન્યવી આકાંક્ષા રહેતી નથી. માત્ર સર્જનહારને મળવાનો યોગ ક્યારે પ્રાપ્ત થાય તે જ અભિલાષા અને ઉત્કંઠા સતત્ રહ્યા કરે છે. કર્તાને પ્રાપ્ત કરવા માટેનો સરળ ઉપાય આ ગ્રંથમાં શ્રીમત્ કરુણાસાગર દ્વારા ખૂબ જ સહેલાઈથી સમજ પડે તે રીતે ઉદાહરણો અને દૃષ્ટાંતો દ્વારા આપ્યો છે. જેને જિજ્ઞાસુ સર્વ જીવએ શુદ્ધ ચિત્તે શ્રવણ કરીને તે મુજબનું અનુકરણ કરવું અને ત્યારે જ પરમપદ પામવામાં જરાપણ વિલંબ થશે નહીં. આ જન્મે જ પરમગુરુ આપણને કૈવલકર્તા સાથે મેળાપ કરાવશે તે નિઃસંદેહ છે.

# સક્ત ચિંતામણિ ગ્રંથ સંપૂર્ણ

## સત્ કૈવલ સાહેબ

## સત્ કૈવલ પરમાત્મા

# ચોપાઇ અનુસુચી


| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ॐ | | | |
| ॐ પરમ સક્રત સામ્રથ પત... | અંગ ૧ | ૧ | ૧ |
| અ | | | |
| અચેતકુ ફેરી તેહી ચેતાવત... | અંગ ૮ | ૫૦ | ૧૪૯ |
| અમરીષ વ્રત કે રખ દુરવાસા... | અંગ ૪ | ૧૩ | ૪૭ |
| અમન ભયે અલંકારન કી ગત... | અંગ ૧૬ | ૨૨ | ૩૮૪ |
| અલગ રહનકી આપને આપકી... | અંગ ૧૫ | ૨ | ૩૩૮ |
| અલંકાર તનકે અનુભવકી... | અંગ ૧૫ | ૨૮ | ૩૬૦ |
| અપને અલ્પજ્ઞે સાક્ષીનકી... | અંગ ૧૨ | ૯ | ૧૯૮ |
| અગ્નિ છપાયત અગ્નિ ખાખસે... | અંગ ૧૬ | ૪૮ | ૪૦૬ |
| અબ દેખો નિજ નૈન ન્યાયસે... | અંગ ૧૨ | ૫૬ | ૨૩૯ |
| અબ કોઈ મત જાનો મમ ઉચરન... | અંગ ૧૧ | ૯ | ૧૮૪ |
| અબ તીનમે નિજ અંશ પતિનકે... | અંગ ૧૬ | ૧ | ૩૬૬ |
| અબ જેહી સુનો વિશેષ અંશકી... | અંગ ૧૬ | ૩૩ | ૩૯૪ |
| અબ આપનેકા આપ સૂરનકી... | અંગ ૧૪ | ૨ | ૩૦૪ |
| અબકે પંથ નવીન કલિકે નિજ... | અંગ ૫ | ૧ | ૫૯ |
| અવધકાલ પરલે કે જેહી પદ... | અંગ ૧૨ | ૪૩ | ૨૨૯ |
| અવધકાલ વિનું રહે અખંડિત... | અંગ ૧૩ | ૭ | ૨૪૭ |
| અવનિ વ્યોમ બ્રહ્માંડ ભરનમે... | અંગ ૧૭ | ૧૫ | ૪૩૨ |
| અરહીત સો તનુ નામ રુપ ગુણ... | અંગ ૧૩ | ૫૮ | ૨૯૫ |
| અરહીતકે લખ આદ્ય અંત મધ્ય... | અંગ ૧૩ | ૫૯ | ૨૯૫ |
| અરે ઓ અધમ અચેત અંધ અજ્ઞાની... | અંગ ૧૦ | ૧૧ | ૧૬૮ |
| અહો પાપી ફટ ફટ જીવન તુજ... | અંગ ૧૦ | ૮ | ૧૬૬ |
| અહો તાયકી ખોજ ખલકમે... | અંગ ૧૭ | ૬ | ૪૨૩ |
| અહો જીવ તુમ જુગન જુગનકે... | અંગ ૮ | ૪૨ | ૧૪૨ |
| અલ્પ રકમ નહીં મિલે દામબિન... | અંગ ૧૭ | ૪૫ | ૪૬૧ |
| અલ્પ ઉમાગ મહી સબ વરતત... | અંગ ૧૩ | ૫૬ | ૨૯૩ |
| અલ્પ અંશ આયુષ પતિ કે કજ... | અંગ ૧૭ | ૨૮ | ૪૪૪ |
| અગમ ગતિ કરતાર ઇછતે... | અંગ ૧૫ | ૨૧ | ૩૫૪ |
| અગમ આલોચ અદષ્ટ વિભૂતન... | અંગ ૧૫ | ૩૧ | ૩૬૩ |
| અગ્ય સજાત અંશતે ઉદ્ભવ... | અંગ ૧૬ | ૪૨ | ૪૦૧ |
| અતિ સચેત મનુષ તનકી ગત... | અંગ ૧૬ | ૨૧ | ૩૮૩ |
| અતિ આતુરતા કલપંત ઉર... | અંગ ૧૮ | ૧૩ | ૪૭૮ |
| અજ ઉચરન સોઈ નિગમ નિરાક્રણ... | અંગ ૧૩ | ૩૫ | ૨૭૨ |
| અશરન સો બીન ઇષ્ટ ઉપાસન... | અંગ ૧૦ | ૧૩ | ૧૭૧ |

### આ


| | | | |
|---|---|---|---|
| આચારજ જેહી ભયે અવન પર... | અંગ ૧૩ | ૨૬ | ૨૬૩ |
| આભ્ર નહીં અગ્નહી મહાધમે... | અંગ ૧૬ | ૫૫ | ૪૧૨ |
| આદ્ય કહે સબયનકી ઉતપન... | અંગ ૧૨ | ૪૬ | ૨૩૨ |
| આદ્ય અંત મધ્ય જન્મ મરણકી... | અંગ ૮ | ૩૫ | ૧૩૫ |
| આદ્ય અંત મધ્યકે અનુભવકી... | અંગ ૧૩ | ૫૩ | ૨૯૦ |
| આદ્ય અંત દેખીતસે હોવત... | અંગ ૧૭ | ૩ | ૪૨૦ |
| આપ અચેત ઇન્દ્રિ નિગ્રેહ બિન... | અંગ ૧૬ | ૧૪ | ૩૭૭ |
| આપ આપને સિદ્ધાંત સબનકુ... | અંગ ૧૩ | ૪૮ | ૨૮૫ |
| આપન તો નિજ અલ્પજ્ઞે ગત... | અંગ ૧૨ | ૧૭ | ૨૦૬ |
| આપને પક્ષ પરમ કરી માનત... | અંગ ૫ | ૩ | ૬૦ |
| આપને આપ લહનકે મરમીત... | અંગ ૧૩ | ૬૫ | ૩૦૧ |
| આપનુંઆપ પારસપદ મુશકલ... | અંગ ૧૭ | ૪૪ | ૪૬૦ |
| આક ધંતુર થોર ખરસાનક... | અંગ ૧૬ | ૧૨ | ૩૭૫ |
| આતમ સો ચેતન રાખન તન... | અંગ ૧૬ | ૮ | ૩૭૨ |
| આગલે ધરમ સબતે વિમુખ કર... | અંગ ૨ | ૧૨ | ૨૩ |
| આગલે અંશ તો પાપ પુન્યકુ... | અંગ ૧૮ | ૨૨ | ૪૮૭ |
| આશા પાશ રહિત ન્હેઃ કંચન... | અંગ ૧૭ | ૧૮ | ૪૩૪ |
| આશા તુષ્ણા હરખ શોક મદ... | અંગ ૧૫ | ૧૦ | ૩૪૪ |


### ઈ


| | | | |
|---|---|---|---|
| ઈશ્વરતા અનુભવ ન મહાનપદ... | અંગ ૫ | ૬ | ૬૩ |
| ઈતરૈ સો આપને મત વરતત... | અંગ ૧૦ | ૧૬ | ૧૭૩ |


### ઉ


| | | | |
|---|---|---|---|
| ઉત્તમ કર્મ સકલ જેતને ભર... | અંગ ૧૨ | ૨૯ | ૨૧૭ |
| ઉપાસના સોઈ માત પિતા સુત... | અંગ ૧૦ | ૨ | ૧૬૧ |


### એ


| | | | |
|---|---|---|---|
| એ ખટકે દષ્ટાન્ત કહીત જે... | અંગ ૧૬ | ૫૭ | ૪૧૪ |
| એખટ આવ્રીત હુએ જદીપસે... | અંગ ૧૬ | ૫૬ | ૪૧૩ |
| એક લંપટ એક ત્યાગહી કલપીત... | અંગ ૨ | ૪ | ૧૪ |
| એક ખાન ઓરુ ખેત વસનસે... | અંગ ૧૬ | ૩૪ | ૩૯૪ |
| એક તંતકી કુન ચલાયત... | અંગ ૧૭ | ૨૯ | ૪૪૫ |
| એક નીરસે એક નહીં જ્યૌ... | અંગ ૧૬ | ૩૮ | ૩૯૮ |
| એક સજાત સકલ ઘટકે મહી... | અંગ ૧૬ | ૩૫ | ૩૯૫ |
| એક સુખીત એક દુઃખીત દરદકે... | અંગ ૧૩ | ૨૨ | ૨૬૦ |
| એતને ભરકી અરજ પતિનકુ... | અંગ ૧૩ | ૬૦ | ૨૯૬ |
| એસે પરમ દયાલ પ્રભુ પર... | અંગ ૧૭ | ૩૬ | ૪૫૨ |
| એસે પરમ દયાલ નિહાલન... | અંગ ૧ | ૧૦ | ૮ |
| એસે પંથ ફસે જેહી જીવન... | અંગ ૩ | ૧૦ | ૩૨ |
| એસેહી તીવ્ર રાગ રગ રગ તન... | અંગ ૧૭ | ૨૫ | ૪૪૧ |

| | | | |
|---|---|---|---|
| એસેહી અંશ અચેત ભવિત ભવ... | અંગ ૧૬ | ૫૮ | ૪૧૪ |
| એસેહી અંશ અછાજન અગકુ... | અંગ ૧૬ | ૬૨ | ૪૧૮ |
| એહી પ્રકાર અન્યોઅન્ય ઉભયે... | અંગ ૧૧ | ૪ | ૧૮૦ |
| એહી પરકાર લખાવન જીનકુ... | અંગ ૧૩ | ૪૯ | ૨૮૬ |
| એહી પરકાર કરત કર્તા બીન... | અંગ ૯ | ૪ | ૧૫૬ |
| એહી પરકાર કહો તો સૂનહો... | અંગ ૧૨ | ૪૫ | ૨૩૧ |
| એહી પરકાર તપત તન મન જન... | અંગ ૧૭ | ૧૭ | ૪૩૩ |
| એહી પરકાર સધામ સહાવત... | અંગ ૧૮ | ૧૯ | ૪૮૪ |
| એહી પરકાર સકલ ભવભરમે... | અંગ ૧૦ | ૬ | ૧૬૪ |
| એહી પરકાર સકલ કુલ વીલમે... | અંગ ૮ | ૨૧ | ૧૧૯ |
| એહી પરકાર સકલ તનકે તત... | અંગ ૧૫ | ૫ | ૩૪૦ |
| એહી પરકાર સકલ સબ દરશન... | અંગ ૧૪ | ૨૪ | ૩૩૧ |
| એહી પરકાર અજાણ અખિલ કુલ... | અંગ ૧૩ | ૩૨ | ૨૬૯ |
| એહી પરકાર અંશ કર્તાકિ... | અંગ ૧૬ | ૧૬ | ૩૭૯ |
| એહી પરકાર અંશ અલ્પજ્ઞે... | અંગ ૧૬ | ૪૪ | ૪૦૩ |
| એહી પરકાર અંશતે ઉતપન... | અંગ ૧૬ | ૫૧ | ૪૦૮ |
| એહી પરકારન અંશ અલેપન... | અંગ ૧૬ | ૪૧ | ૪૦૦ |
| એહી પરકારનકે જીનું અંતર... | અંગ ૧ | ૧૩ | ૧૧ |
| એહી પરજા દ્વાપર સંતનકી... | અંગ ૪ | ૧૭ | ૫૧ |
| એહી બચન શીખ પરમ અરથકે... | અંગ ૮ | ૪૭ | ૧૪૭ |
| એહી વહીવટ નિજ પરમપરાકે... | અંગ ૪ | ૨૨ | ૫૫ |
| એહી દોહુનકી આદ્ય સહિત ગુન... | અંગ ૧૨ | ૫૧ | ૨૩૬ |
| એહી સકલ સબ જતમતકી ગત... | અંગ ૭ | ૪ | ૯૮ |
| એહી સત જુગકે ભક્ત ભરમ બિન... | અંગ ૪ | ૭ | ૪૨ |
| એહી સામાન્ય વિશેષ અંશકી... | અંગ ૧૬ | ૨૭ | ૩૮૮ |
| એહી વિધકે તન તખત અંશકે... | અંગ ૧૫ | ૧૯ | ૩૫૩ |
| એહી વિધિ ભસ્મ હોત તનકે તત... | અંગ ૧૭ | ૨૩ | ૪૩૯ |
| એહી વિધિ રાજરીત કલીજુગ કી... | અંગ ૬ | ૨૨ | ૯૦ |
| એહી વિધિ ન્યાય ચલત સોઈ નરપત... | અંગ ૬ | ૧૭ | ૮૫ |
| એહી વિધિ ન્યાય સહિત નરણિતકે... | અંગ ૧૩ | ૯ | ૨૪૯ |
| એહી વિધિ વિશ્વ સકલ અચરાચર... | અંગ ૧૦ | ૧૭ | ૧૭૪ |
| એહી વિધિ ઉતપત પરલાયત... | અંગ ૧૨ | ૫૫ | ૨૩૯ |
| એહી વિધિ આચારજ અનુભવીકી... | અંગ ૮ | ૨૪ | ૧૨૩ |
| એહી ઉભયે ઉપદેશન લાયક... | અંગ ૧૮ | ૭ | ૪૭૨ |
| એહી અજ્ઞાન કિન અંશનકે... | અંગ ૧૬ | ૪૫ | ૪૦૪ |
| એહી અનુકરમ ક્તાર કરતકે... | અંગ ૧૮ | ૨૪ | ૪૮૯ |


**ઓ**


| | | | |
|---|---|---|---|
| ઓરુ ખટ રત ગત કીયે ક્તારન... | અંગ ૧ | ૭ | ૫ |
| ઓરુ બ્રહ્મ કે લક્ષ લહનકે... | અંગ ૧૩ | ૬૩ | ૨૯૯ |
| ઓરુ વંટીકકે દેવ સકલ સબ... | અંગ ૧૨ | ૪૨ | ૨૨૮ |
| ઓરુ દેખત તુમ હાલ નૈન સે... | અંગ ૧૨ | ૪૮ | ૨૩૩ |

| | | | |
|---|---|---|---|
| ઓરુ કોઈ નાર તરણ તનકે પત... | અંગ ૧૭ | ૨૬ | ૪૪૨ |
| ઓરુ રજ તમ ગુણ સાત્વિક સરસત... | અંગ ૧ | ૩ | ૨ |
| ઓરુ તેહી ધરમ સિદ્ધાંત સકલકે... | અંગ ૧૩ | ૫ | ૨૪૫ |
| ઓરુ સકલ સબ જીવ જંતકે... | અંગ ૧૩ | ૫૧ | ૨૮૮ |
| ઓરુ સતજુગ ત્રેહેતા દ્વાપર કે... | અંગ ૪ | ૨૪ | ૫૭ |
| ઓરુ સુકદેવ ઋષભ સુત જોગી... | અંગ ૧૨ | ૨૪ | ૨૧૩ |
| ઓરુ વ્યાકરણ વહીવટ વેદનકે... | અંગ ૧૩ | ૨૭ | ૨૬૪ |
| ઓરુ વિચિત્ર ભાત્ય ભવ ભરકી... | અંગ ૧૨ | ૬ | ૧૯૫ |
| ઓરુ ઈશ્વર અવતાર આદ્ય લ્યૌ... | અંગ ૧૫ | ૧૭ | ૩૫૦ |
| ઓરુ નિજ પ્રણવ સકલ જડ જીનસે... | અંગ ૧૪ | ૭ | ૩૦૯ |
| ઓરુ જેહી કીયે વહેવાર પક્ષમે... | અંગ ૩ | ૭ | ૩૦ |
| ઓરુ ઉધવ અકરુર નામદેવ... | અંગ ૪ | ૧૫ | ૪૯ |
| ઓરુ અપકે મચ્છ કચ્છ મગરાદિક... | અંગ ૧૫ | ૧૫ | ૩૪૮ |
| ઓરુ અબકે તો રાય કલીનકે... | અંગ ૬ | ૧૮ | ૮૬ |
| ઓરુ આચારજ સહિત ભક્ત સદ... | અંગ ૪ | ૨ | ૩૭ |
| ઓરુ આપન તો પ્રગટ પાસકે... | અંગ ૧૨ | ૨૨ | ૨૧૧ |
| ઓરુ આપન જેહી અંશ તેહુનકે... | અંગ ૮ | ૪૦ | ૧૪૦ |
| ઓરુ આપને તનકે સાક્ષી નિજ... | અંગ ૧૨ | ૧૦ | ૧૯૯ |
| ઓરુ આપને તનસે તન દેખીત... | અંગ ૧૬ | ૨૯ | ૩૯૦ |
| ઓરુ અગમ ગમ નીગમગતિનકી... | અંગ ૧૬ | ૧૮ | ૩૮૦ |
| ઓર મોજ મેં કેતિક બરનું... | અંગ ૧ | ૮ | ૬ |
| ઓર પતંગ કીટ ખગ તનમે... | અંગ ૧૫ | ૮ | ૩૪૨ |
| ઓર કરત કારજ સ્વારથકે... | અંગ ૧૭ | ૪૭ | ૪૬૩ |
| ઓર સકલ સબ તંત કહીત જે... | અંગ ૧૬ | ૨ | ૩૬૭ |
| ઓર સકલ સબ યુગન યુગનમે... | અંગ ૧૩ | ૧૨ | ૨૫૧ |
| ઓર સકલ ગુરુ અવન્ય વેશધર... | અંગ ૧૮ | ૨ | ૪૬૭ |
| ઓર ઠગનકી કુન ગનત હે... | અંગ ૨ | ૫ | ૧૫ |
| ઓર અંશ ભવ ભર્મીતવ કે તન... | અંગ ૧૮ | ૨૦ | ૪૮૫ |
| ઓહંગ સોહંગ મેં ઉલટ પુલટ હોઈ... | અંગ ૧૪ | ૬ | ૩૦૮ |


**ઔ**


| | | | |
|---|---|---|---|
| ઔર ભક્ત અગણિત આદ્ય લ્યો... | અંગ ૪ | ૧૬ | ૫૦ |


**અં**


| | | | |
|---|---|---|---|
| અંત સમજકી એહી સમજ સદ... | અંગ ૧૬ | ૩૨ | ૩૯૩ |
| અંતઃ કરણ ઈંદ્રિ દશકે રસ... | અંગ ૧૫ | ૬ | ૩૪૧ |
| અંગીરા અનુકરમ ભરમસે... | અંગ ૪ | ૧૨ | ૪૬ |
| અંશ વિલાસ રહે જેતને ભર... | અંગ ૧૮ | ૨૧ | ૪૮૬ |
| અંધે અંધ અનાદ્ય આદ્યકે... | અંગ ૧૩ | ૩૯ | ૨૭૬ |


**ક**


| | | | |
|---|---|---|---|
| કહી સકલ મતલબ કરતાકી... | અંગ ૧૧ | ૮ | ૧૮૩ |

| | | | |
|---|---|---|---|
| કહત સુગમ અનુભવકી ગતિયાં... | અંગ ૧૩ | ૫૪ | ૨૯૧ |
| કરત સકલ ખુદકે સંકલ્પકે... | અંગ ૮ | ૧૮ | ૧૧૭ |
| કરત વિલાસ હાસ વિવિધવિધ... | અંગ ૧૪ | ૨૦ | ૩૨૬ |
| કરત વિલાસીક હુએ વિસરજન... | અંગ ૧૧ | ૧૫ | ૧૮૯ |
| કવન જાગ રહી રચે સકલ કુલ... | અંગ ૧૨ | ૭ | ૧૯૬ |
| કારન ક્રિયા ઓર લ્યૌ કારજ... | અંગ ૯ | ૧ | ૧૫૪ |
| કછુ ન રાખત કરત પાશકી... | અંગ ૧૭ | ૧૯ | ૪૩૫ |
| કાહા કહુ આરત જેહુનકી... | અંગ ૧૭ | ૩૧ | ૪૪૭ |
| કૃપાવંત તબ અગમ વિલોકીત... | અંગ ૧ | ૫ | ૪ |
| કીટ પતંગ આદ્ય અજભવ લ્યૌ... | અંગ ૧૪ | ૧૩ | ૩૨૦ |
| કોઈક સિદ્ધાંતે સદાકાલ ભવ... | અંગ ૧૨ | ૪૪ | ૨૩૦ |
| કોહુ ન આપના નિજ આપન હોઈ... | અંગ ૧૩ | ૬૨ | ૨૯૮ |
| કોઉ ન ઈતકે કરીત તાયકુ... | અંગ ૧૬ | ૪૭ | ૪૦૫ |
| કોટીક દરબ ધરે જો આગે... | અંગ ૬ | ૮ | ૭૭ |
| ક્રતા ખોજ ઓરુ ક્રતવનકી ઈત... | અંગ ૧૮ | ૨૭ | ૪૯૧ |
| ક્રતા ધામ પરમાણ સુખદ સદ... | અંગ ૧૮ | ૧૮ | ૪૮૩ |
| ક્રતા હંગ દિવ્ય છત્ર સોહંગ શિર... | અંગ ૧૪ | ૧૨ | ૩૧૯ |
| ક્રતા અંશકી અલગ રહનકી... | અંગ ૧૬ | ૩૧ | ૩૯૨ |
| કયૌ ન શકે કરીતવ કર્તા ગત... | અંગ ૧૩ | ૧૩ | ૨૫૨ |
| કંટક સો દુતિયે અમલીનકે... | અંગ ૧૨ | ૪૧ | ૨૨૭ |
| કુન કુમત તુજ કરમ તણી શઠ... | અંગ ૧૭ | ૩૭ | ૪૫૩ |
| ક્યૌ કરી સરભર હોય તેહુનકી... | અંગ ૧૨ | ૨૭ | ૨૧૫ |

**ગ**

| | | | |
|---|---|---|---|
| ગતિ પાય ક્યૌ પરમ તંતકી... | અંગ ૧૫ | ૨૫ | ૩૫૮ |
| ગુરુ પરમ સોઈ પરમ ક્રપાલન... | અંગ ૧૪ | ૨૬ | ૩૩૩ |
| ગુરુ પરમ જેહી અંશ વિશેષણ... | અંગ ૧૮ | ૧ | ૪૬૬ |
| ગુરુ શરન તન મન ધન અરપન... | અંગ ૧૭ | ૪૬ | ૪૬૨ |
| ગુણતે અંતઃ કરણ ઈંદ્રિ દશ... | અંગ ૧૪ | ૪ | ૩૦૭ |

**ચ**

| | | | |
|---|---|---|---|
| ચલન હલન સબ ચેન અનિતકે... | અંગ ૬ | ૧૯ | ૮૭ |
| ચૈતન ગત સોઈ નિજ ચૈતનતા... | અંગ ૧૬ | ૧૭ | ૩૭૯ |
| ચોરાસીનકે જનમ મરણમે... | અંગ ૮ | ૪૫ | ૧૪૫ |

**છ**

| | | | |
|---|---|---|---|
| છલકે પેજ રચિત ભવ ભરમીત... | અંગ ૫ | ૨ | ૫૯ |

**જ**

| | | | |
|---|---|---|---|
| જબ કોઈ આઈ મિલો તો મિલો અબ... | અંગ ૧૪ | ૨૮ | ૩૩૫ |
| જબ કુલ ગુના નિવાજ કરીત ગુરુ... | અંગ ૧૮ | ૧૧ | ૪૭૭ |
| જબ તેહી પાટણકે પતકી અત... | અંગ ૧૫ | ૨૨ | ૩૫૫ |

| | | | |
|---|---|---|---|
| જબ તુમેરે બોલન નરણિતમે... | અંગ ૧૩ | ૨૫ | ૨૬૨ |
| જબ નરપત ગત એસી જાણકે... | અંગ ૬ | ૨૩ | ૯૨ |
| જબ જાવહી નિજ જાણ્ય વિસરહી... | અંગ ૧૦ | ૧૯ | ૧૭૬ |
| જબલગી આપને પરમ પતિકુ... | અંગ ૧૨ | ૩૭ | ૨૨૩ |
| જબતો રહે અકેલ સકર્તા... | અંગ ૧૨ | ૫૭ | ૨૪૦ |
| જબતે ક્રતા કરત કે કારણ... | અંગ ૯ | ૬ | ૧૫૮ |
| જબતે પ્રથમ આપકુ ખોજીત... | અંગ ૧૨ | ૧૬ | ૨૦૫ |
| જબતે પ્રણવ સજાત તંતકી... | અંગ ૧૬ | ૩૯ | ૩૯૯ |
| જબતે દેવ મનુષકી ગતિયાં... | અંગ ૧૩ | ૩૦ | ૨૬૭ |
| જબતે રાજ કરન તીનકુ ધન્ય... | અંગ ૬ | ૯ | ૭૮ |
| જબતે સકલ સજાતિ જાતમે... | અંગ ૧૬ | ૫ | ૩૬૯ |
| જબતે સકલ હોહુ મમ વચના... | અંગ ૮ | ૩૧ | ૧૩૦ |
| જબતે આશ કરો નિજપદકી... | અંગ ૧૭ | ૪૮ | ૪૬૪ |
| જબતે આશ નહીં તરનેકી... | અંગ ૮ | ૪૪ | ૧૪૪ |
| જબતે અંશ સકલ સંપૂરણ... | અંગ ૬ | ૧૨ | ૮૦ |
| જીવ તારનકી ગરજ ન જીનકુ... | અંગ ૫ | ૮ | ૬૫ |
| જદપી કહો જો પાપ પુન્યસે... | અંગ ૧૩ | ૧૯ | ૨૫૭ |
| જદપી રહત નહીં કોઉ ઉતઈ તમેં... | અંગ ૧૨ | ૫૨ | ૨૩૬ |
| જદપી સકર્તા પ્રોક્ષ ન હોય તો... | અંગ ૧૨ | ૨૩ | ૨૧૨ |
| જદીપ ઘોર અબ હોહુ સકલમે... | અંગ ૧૦ | ૧૮ | ૧૭૫ |
| જેતને ભર રધ રકમ પ્રમાણિક... | અંગ ૧૭ | ૪૦ | ૪૫૬ |
| જેતનેભર ઉમંગ અખિલ કુલ... | અંગ ૧૩ | ૫૭ | ૨૯૪ |
| જેહી મનુખા દુર્લભ દેવનકુ... | અંગ ૮ | ૪૬ | ૧૪૬ |
| જેહી ખુદકે નિજ અરસ પરસકે... | અંગ ૧૩ | ૪૧ | ૨૭૮ |
| જેહી પરકારન કે નિજ આપન... | અંગ ૧૨ | ૨ | ૧૯૨ |
| જેહી સામાન્ય અંશ અચરાચર... | અંગ ૧૩ | ૨ | ૨૪૨ |
| જેહી હારદ કરતાર પરમકે... | અંગ ૧૩ | ૫૦ | ૨૮૭ |
| જેહી હજરત નિજ હાલ હજુરા... | અંગ ૧૨ | ૧૩ | ૨૦૨ |
| જેહી વિશેષ અંશ અવતારિક... | અંગ ૧૬ | ૨૫ | ૩૮૭ |
| જેહી જીનકે તનમે તન સમ અપ... | અંગ ૧૬ | ૩૭ | ૩૯૭ |
| જેહી જીનકે સુક્રિત સરભરહી... | અંગ ૧ | ૯ | ૭ |
| જેહી જેહુનકે ધરીત તાય તન... | અંગ ૧૫ | ૪ | ૩૩૯ |
| જેહી અંશ સામાન્ય અલ્પગત... | અંગ ૩ | ૩ | ૨૬ |
| જાંહી જાંહી દ્દષ્ટ પરત જીત તીતમે... | અંગ ૧૭ | ૧૪ | ૪૩૧ |
| જો ભુપત ભગવાન ભજે તો... | અંગ ૬ | ૨૪ | ૯૨ |
| જો પાવહી કર્તા ગત જીનસે... | અંગ ૧૮ | ૯ | ૪૭૫ |
| જો કબુ દાન કરે તો કીરતકે... | અંગ ૬ | ૨૧ | ૮૮ |
| જો કદપી કરતાર પરમકુ... | અંગ ૫ | ૪ | ૬૧ |
| જો કદપી સાચે પદ હોય તો... | અંગ ૨ | ૧૦ | ૨૧ |
| જો કરહુ આરત અરપનહી... | અંગ ૧૭ | ૮ | ૪૨૫ |
| જો કહેશો અજ્ઞાન મીટાવન... | અંગ ૧૨ | ૩૪ | ૨૨૧ |
| જો કહેશો અક્રત અદબદસે... | અંગ ૮ | ૪ | ૧૦૪ |

| | | | |
|---|---|---|---|
| જો કહેશો આપનકુ દરસે… | અંગ ૧૨ | ૩૨ | ૨૨૦ |
| જો તનમનકુ વારી ધરો તો… | અંગ ૧૭ | ૧ | ૪૧૯ |
| જો ન લહે ગત ક્તા કરતકી… | અંગ ૧૩ | ૫૨ | ૨૮૯ |
| જો ન પરે રદ અકરતકે પદ… | અંગ ૧૦ | ૧ | ૧૬૦ |
| જો હોય જીવ સકલ સરભરહી… | અંગ ૧૩ | ૧૭ | ૨૫૫ |
| જો નિજ ગમ નિજ ક્તા વિનાયન… | અંગ ૧૪ | ૨૫ | ૩૩૨ |
| જો નિજક્તા કરત દરશીતકે… | અંગ ૧૭ | ૪ | ૪૨૧ |
| જો જન ઊલટે કરે નોછવર… | અંગ ૬ | ૩ | ૭૨ |
| જો ઉપજે પરમાણ વિના કોઉ… | અંગ ૮ | ૧૦ | ૧૦૯ |
| જો આગે અજ્ઞાન હુતા તો… | અંગ ૧૨ | ૩૫ | ૨૨૨ |
| જો અલ્પજ્ઞે જીવ ચરાચર… | અંગ ૧૨ | ૨૮ | ૨૧૬ |
| જોર જબર નિજ હર દેહ મહી… | અંગ ૧૫ | ૧૩ | ૩૪૭ |
| જોજો ભયે અગમકે નરપત… | અંગ ૬ | ૧૦ | ૭૯ |
| જીનમેં આપના આપ હંગકુ… | અંગ ૧૪ | ૧૪ | ૩૨૦ |
| જીનકી પીર ન મીટે દેવનસે… | અંગ ૧૨ | ૩૯ | ૨૨૫ |
| જીનકી કીરત વદિત જુગ જાહેર… | અંગ ૧૨ | ૨૬ | ૨૧૫ |
| જીનું પ્રતિબિંબ ચલીત પરમાતમ… | અંગ ૧૪ | ૩ | ૩૦૪ |
| જીનું સંકલ્પકે ભયે સકલ તુમ… | અંગ ૮ | ૨૭ | ૧૨૬ |
| જ્યૌ ઘટકે બીનસે ઘટકે નભ… | અંગ ૧૮ | ૨૩ | ૪૮૮ |
| જ્યૌ પરજાપતકે ઉર અંતર… | અંગ ૧૫ | ૨૯ | ૩૬૧ |
| જ્યૌ કરખીકે ખેતનમેં ખડ… | અંગ ૨ | ૧ | ૧૨ |
| જ્યૌ તે છાજન કરીત નેંનકુ… | અંગ ૧૬ | ૪૬ | ૪૦૪ |
| જ્યૌ અવતાર કૃષ્ણ દ્વાપરકે… | અંગ ૪ | ૨૦ | ૫૩ |
| જ્યોં તે મીન નિર વિનુ તલપત… | અંગ ૧૭ | ૧૬ | ૪૩૩ |
| જંપ નહીં જીનુ તદીપ તાય તન… | અંગ ૧૭ | ૨૦ | ૪૩૬ |
| જ્યૌ બાલક માતન વિછરનસે… | અંગ ૧૭ | ૩૮ | ૪૫૪ |
| જ્યૌ અપકે અનુકરમનસે ઈત… | અંગ ૧૬ | ૩૬ | ૩૯૬ |


**ટ**


| | | | |
|---|---|---|---|
| ટુક ટુક હોઈ ગયે તેહુનકે… | અંગ ૧૮ | ૧૦ | ૪૭૬ |


**ન**


| | | | |
|---|---|---|---|
| નહીંતરતો પરપંચ ધરમસે… | અંગ ૭ | ૨ | ૯૬ |
| નહીંન ફેર કછુ જન જંતનમે… | અંગ ૧૪ | ૨૩ | ૩૩૦ |
| નહીન ચલી મગદુર કોહુનકી… | અંગ ૮ | ૯ | ૧૦૮ |
| નરપત હોય વિચારવાન જો… | અંગ ૬ | ૨ | ૭૧ |
| નામ રુપ ગુણ સહિત પદારથ… | અંગ ૧૩ | ૩૧ | ૨૬૮ |
| નીખ શીખ આતમ સોઈ ચૈતન ચીદ… | અંગ ૧૬ | ૯ | ૩૭૩ |
| નૈન નિર ઓરુ અગ્ન અરકકુ… | અંગ ૧૬ | ૫૦ | ૪૦૭ |
| નેંન નીર અલ્પજ્ઞ અગન લ્યૌં… | અંગ ૧૬ | ૫૪ | ૪૧૧ |
| નેતિ નેતિ સોઈ નહીન લહત હમ… | અંગ ૧૩ | ૧૫ | ૨૫૪ |
| ન્યાય કરન નિર્ગુણકે ગુનસે… | અંગ ૬ | ૧૪ | ૮૨ |

| | | | |
|---|---|---|---|
| નિરાકાર જેહી શબ્દ શૂન્ય સુત... | અંગ ૧૫ | ૧૨ | ૩૪૬ |
| નિર્ગુણ બ્રહ્મ અકર્તા અનુચીત... | અંગ ૮ | ૨ | ૧૦૨ |
| નિજ પ્રતિબિંબ ગ્રહીત પરમાત્મ... | અંગ ૧૪ | ૫ | ૩૦૭ |
| નિજ ભાનુ સોઇ ન્યાવ સહિતકે... | અંગ ૮ | ૩૩ | ૧૩૪ |
| નિજ કરતાર લહનકી જેહી ગમ... | અંગ ૧૩ | ૪૦ | ૨૭૭ |
| નિજ કારણ બીન ક્રતવનકે પદ... | અંગ ૮ | ૧૯ | ૧૧૮ |
| નિજ કારણ સોઈ ક્રતા આદ્ય સદ... | અંગ ૯ | ૨ | ૧૫૪ |
| નિજપતિ પરમ અગમ ગતિ ગમસે... | અંગ ૧૫ | ૨૦ | ૩૫૪ |
| નિજકે ધરમ સકલ સંપૂરણ... | અંગ ૬ | ૧૩ | ૮૧ |

**ત**

| | | | |
|---|---|---|---|
| તપત તાપ વ્રેહનકી ભઠીયાં... | અંગ ૧૭ | ૫ | ૪૨૨ |
| તબ કરતા નિજ સધર હુકમસે... | અંગ ૩ | ૧ | ૨૫ |
| તબ જેતને કુલ જ્ઞાની જેહુનને... | અંગ ૧૨ | ૩૬ | ૨૨૩ |
| તબ આ જુગકે જીવ સકલ સબ... | અંગ ૬ | ૭ | ૭૬ |
| તબતે ખોજ કરહી સકલ મમ... | અંગ ૮ | ૩૦ | ૧૨૯ |
| તબતે શ્વાસ હંગ બિનુ શિર પર... | અંગ ૧૪ | ૧૦ | ૩૧૬ |
| તબતે તેહી સંદેશ કરન જન... | અંગ ૧૭ | ૧૦ | ૪૨૭ |
| તબતે સકલ ઉપાસન ભવકી... | અંગ ૮ | ૧૪ | ૧૧૩ |
| તબતે સોજ કરહી નિજપતિકી... | અંગ ૧૨ | ૪૦ | ૨૨૬ |
| તબતે હોહુ સકલ જન સનમુખ... | અંગ ૩ | ૧૨ | ૩૪ |
| તબતે હુંસ કરતકી ખુદકુ... | અંગ ૧૧ | ૨ | ૧૭૯ |
| તબતે જેતને જ્ઞાની સકલ ભર... | અંગ ૧૨ | ૩૦ | ૨૧૮ |
| તબતે જેહી નિજ સંત અસલકે... | અંગ ૪ | ૧૯ | ૫૨ |
| તબતે જેહી જીનું ધરમ ચલાવત... | અંગ ૭ | ૧ | ૯૫ |
| તબત્યે પરમ વિશેષ પરમગુરુ... | અંગ ૧૮ | ૮ | ૪૭૩ |
| તદપી તાય સામાન્ય અંશકુ... | અંગ ૧૬ | ૨૮ | ૩૮૯ |
| તદીપ હુંસ સંદેશ કહન પર... | અંગ ૧૭ | ૯ | ૪૨૬ |
| તીનમે કહો તુમ કરતા આદ્યકી... | અંગ ૧૩ | ૩૬ | ૨૭૩ |
| તીનમેં કુન સજાત અંશકે... | અંગ ૧૬ | ૪ | ૩૬૮ |
| તીનકી આદ્ય સકલ જેતને ભર... | અંગ ૧૫ | ૨૩ | ૩૫૬ |
| તીનહુ દેખ સબ કિયે સથાપન... | અંગ ૮ | ૧૫ | ૧૧૪ |
| તદપિ તાય મુજ વચન વિલોકીત... | અંગ ૮ | ૨૬ | ૧૨૫ |
| તાર પીછે ફેરી કરહી સકર્તા... | અંગ ૧૨ | ૫૪ | ૨૩૮ |
| તો તીનકે અંતરકે ગતકી... | અંગ ૧૬ | ૨૪ | ૩૮૬ |
| તો તુમહી ફેરી ઓર પક્ષમે... | અંગ ૮ | ૪૧ | ૧૪૧ |
| તો આ જુગ કે ભક્ત ભરનકી... | અંગ ૧૭ | ૩૪ | ૪૫૦ |
| તોય કાઈ ઓરુ ખાખ અગનકી... | અંગ ૧૬ | ૫૯ | ૪૧૬ |
| તાડ કરન ઓરુ દંડ તમોસે... | અંગ ૬ | ૧૬ | ૮૪ |
| તંત ઈંદ્ર ગુણ જીવ જંત સમ... | અંગ ૧૮ | ૬ | ૪૭૧ |
| તંત સજાતિક પ્રણવ સહિત ઈત... | અંગ ૧૬ | ૪૦ | ૪૦૦ |
| તંત અનેક દેત કાંહાં પાવત... | અંગ ૧૭ | ૩૦ | ૪૪૬ |

| | | | |
|---|---|---|---|
| તે માટે પરપંચ નભે નહીં... | અંગ ૭ | ૩ | ૯૭ |
| તે ક્યૌ રખે જલત તનમનકુ... | અંગ ૧૭ | ૨૨ | ૪૩૮ |
| તેસેહી ગુરુ શિશ માતા પિતા સુત... | અંગ ૧૦ | ૪ | ૧૬૨ |
| તેસેહી અંતઃકરણ ઇંદ્રિગુન... | અંગ ૧૭ | ૪૨ | ૪૫૮ |
| તેહી માટે ગુરુ સંત શરણ બિનું... | અંગ ૧૭ | ૨ | ૪૨૦ |
| તેહી માટે નિજ ક્રતા આદ્યકુ... | અંગ ૮ | ૧૭ | ૧૧૬ |
| તેહી માટે આપને આપનકુ... | અંગ ૧૨ | ૨૦ | ૨૦૯ |
| તેહી મહેરનકી દૃષ્ટ અરસતે... | અંગ ૧૧ | ૫ | ૧૮૧ |
| તેહી ભજન નિજપતિ પરમકુ... | અંગ ૧૪ | ૧૫ | ૩૨૨ |
| તેહી ખુદ ઘરકી ખબર સુનીતસે... | અંગ ૧૭ | ૧૨ | ૪૨૯ |
| તેહી પરકાર અંશ અલગ રહી... | અંગ ૧૬ | ૧૩ | ૩૭૬ |
| તેહી પરકારન ક્યૌ ન રોત તુજ... | અંગ ૧૭ | ૩૯ | ૪૫૫ |
| તેહી પરકારન એક બ્રહ્મ કે... | અંગ ૧૩ | ૨૩ | ૨૬૧ |
| તેહી પરકારનકે નિજ કરતા... | અંગ ૧૨ | ૩ | ૧૯૩ |
| તેહી પતકે નિજ પરમ પસારન... | અંગ ૧ | ૧૨ | ૧૦ |
| તેહી પતને નિજ સૃષ્ટિ રચી જબ... | અંગ ૧ | ૨ | ૨ |
| તેહી પુરુષકી ખબર કરન પર... | અંગ ૧૭ | ૭ | ૪૨૪ |
| તેહી પણ તીનકે તન માપસ અસ... | અંગ ૧૫ | ૧૬ | ૩૪૯ |
| તેહી ધુતા ત્યૌ નરપ નીતિ બીન... | અંગ ૬ | ૬ | ૭૫ |
| તેહી કરતારન પરમ પુરુષકે... | અંગ ૭ | ૬ | ૧૦૦ |
| તેહી કરતારનકે અભિપ્રાયન... | અંગ ૮ | ૨૨ | ૧૨૧ |
| તેહી કરનનકી ક્રિયા અલૌકિક... | અંગ ૧૨ | ૪ | ૧૯૪ |
| તેહી કેલ અંશનકી દેખીત... | અંગ ૧૧ | ૭ | ૧૮૨ |
| તેહી કેહુનમે કરે મેલાયન... | અંગ ૧૬ | ૬ | ૩૭૦ |
| તેહી ન્યાવ સુનતામે સમજહી... | અંગ ૩ | ૫ | ૨૮ |
| તેહી સબનકુ નિષ્ટ કરન જેહી... | અંગ ૧૩ | ૪૬ | ૨૮૪ |
| તેહી સકલ સબ લોપ હવીત રિત... | અંગ ૧૦ | ૧૫ | ૧૭૨ |
| તેહી સકર્તા સામ્રથકી ગત... | અંગ ૮ | ૧૨ | ૧૧૦ |
| તેહી સંચ વશ અચર ચરાચર... | અંગ ૧૫ | ૩૨ | ૩૬૪ |
| તેહી હંગ નિજ કરકે કરણ સમ... | અંગ ૧૪ | ૧૭ | ૩૨૪ |
| તેહી ગણતી ઘાટનકી અંદર... | અંગ ૮ | ૮ | ૧૦૭ |
| તેહી વિધિ કે વૈરાગ વિલખ તન... | અંગ ૧૭ | ૨૭ | ૪૪૩ |
| તેહી જીવનકુ ઊલટ પઊલટ કર... | અંગ ૨ | ૨ | ૧૩ |
| તેહી ઠગનકે તિલક છાપસે... | અંગ ૧૮ | ૫ | ૪૭૦ |
| તેહી અમાપ આપકે અનુભવ... | અંગ ૧૪ | ૨૧ | ૩૨૮ |
| તેહી અલંકારનકે તનસે... | અંગ ૧૫ | ૨૭ | ૩૬૦ |
| તેહીતે પરખ પરે ઠગીયનકી... | અંગ ૩ | ૨ | ૨૬ |
| તેહુતે ફરક આપન કર્તા બીચ... | અંગ ૧૨ | ૧૯ | ૨૦૮ |
| ત્યૌ જેહી લક્ષ પુરાતનકે પુની... | અંગ ૮ | ૧૩ | ૧૧૧ |
| ત્યૌ આ ભવમેં ભરમ પક્ષકે... | અંગ ૩ | ૯ | ૩૨ |
| ત્યાગ દેખાવત પણ તસકર સમ... | અંગ ૫ | ૭ | ૬૪ |
| ત્યો વૈરાગ પ્રેહેત વ્રેહે સહિતમ... | અંગ ૧૭ | ૨૧ | ૪૩૭ |

| | | | |
|---|---|---|---|
| ત્રધા પ્રકાર અંશ ઉત્પન્નકી… | અંગ ૧૩ | ૧ | ૨૪૨ |
| તિનકી બુજ બુજાવત કોહુ જન… | અંગ ૧૨ | ૧૧ | ૨૦૦ |
| તિનકે અમલ માંહી સબ વરતત… | અંગ ૩ | ૮ | ૩૧ |
| **થ** | | | |
| થપે એક કિરતાર સનાતન… | અંગ ૧૩ | ૬ | ૨૪૬ |
| થોરેક દિનકે ભુગતમાનકી… | અંગ ૧૬ | ૪૩ | ૪૦૨ |
| **દ** | | | |
| દરબવાન અદકારી નરપકુ… | અંગ ૫ | ૧૦ | ૬૮ |
| દરસ પરસ કરનન કે જેહી તત… | અંગ ૧૨ | ૧૨ | ૨૦૧ |
| દરશ પરસ કરનન કારન ક્રત… | અંગ ૧૮ | ૨૮ | ૪૯૨ |
| દેખહુ એહી નિજપતિ રિઝાવન… | અંગ ૧૭ | ૩૩ | ૪૪૮ |
| દેહ સમોહ હવીત પરિપુરણ… | અંગ ૧૬ | ૩ | ૩૬૭ |
| દ્વૈત વિલાસ રહે જેતને દિન… | અંગ ૧૨ | ૫૩ | ૨૩૭ |
| દ્વાદશ પંથ સંપ્રદાય ચારી… | અંગ ૪ | ૧૮ | ૫૨ |
| **ધ** | | | |
| ધ્યાન વિના ઓરુ દ્રષ્ટ પરે બીન… | અંગ ૮ | ૧૬ | ૧૧૫ |
| ધરહી મહેર ગુરુ પરમ પુરેસર… | અંગ ૧૭ | ૧૧ | ૪૨૮ |
| ધરહી નેહ કરતાર પુરંજન… | અંગ ૧૮ | ૧૫ | ૪૮૦ |
| ધાત ભોમસે બીજ વરખ સુત… | અંગ ૧૬ | ૫૨ | ૪૦૯ |
| ધ્રુવ અવિચલ તપ કીન બાલક તન… | અંગ ૪ | ૬ | ૪૧ |
| ધન્ય ધન્ય નિજપતિ પરમ પર… | અંગ ૧૭ | ૩૨ | ૪૪૭ |
| **પ** | | | |
| પરમ ધામ પતિ પાસ સુખદકી… | અંગ ૧૮ | ૧૭ | ૪૮૨ |
| પરમ વિશેષ પરમ પતિકે નિજ… | અંગ ૧૩ | ૬ | ૨૪૩ |
| પરમ અંશ હમ તેહી પતિનકે… | અંગ ૧૮ | ૨૬ | ૪૯૧ |
| પરમેતિ સોઈ નિજ કર્તાપદ… | અંગ ૮ | ૫૩ | ૧૫૨ |
| પરમુખસે પ્રતિ હોય તો હોય ભલ… | અંગ ૮ | ૫૧ | ૧૫૦ |
| પરપંચે પરમેશ થપીતવ… | અંગ ૨ | ૮ | ૧૯ |
| પરંપરા તીનકી એક એકસે… | અંગ ૧૩ | ૩૮ | ૨૭૫ |
| પણ મતલબ કરતાર અંશકી… | અંગ ૧૬ | ૧૧ | ૩૭૫ |
| પણ પારસ પદ રકમ મહાદ રધ… | અંગ ૧૭ | ૪૧ | ૪૫૭ |
| પણ ધુતા જીવનકે જેહી જન… | અંગ ૨ | ૭ | ૧૭ |
| પણ કર્તા નિજ સકલ અંશકે… | અંગ ૧૮ | ૨૫ | ૪૯૦ |
| પણ કર્તા નિજ સકલ અંશકે… | અંગ ૭ | ૫ | ૯૯ |
| પણ રાખત હે સુરત સબનકી… | અંગ ૧૬ | ૭ | ૩૭૧ |
| પણ તે તો નહીં વેદ વદીતમે… | અંગ ૮ | ૭ | ૧૦૬ |
| પણ તે તો ઇત અખિલ ખલકમેં… | અંગ ૧૩ | ૨૪ | ૨૬૧ |
| પણ ન લહે પરપંચ જેહુનકુ… | અંગ ૬ | ૫ | ૭૪ |

| | | | |
|---|---|---|---|
| પણ જો કદપિ આઈ મીલો મુજ... | અંગ ૮ | ૩૮ | ૧૩૮ |
| પણ નિજ કર્તા લહત ન લંપટ... | અંગ ૨ | ૩ | ૧૪ |
| પણ નિજ કર્તા પરમ કૃપાલન... | અંગ ૧૭ | ૩૫ | ૪૫૧ |
| પણ નિજ અંશ વિશેષ સધરસે... | અંગ ૩ | ૪ | ૨૭ |
| પણ નિજકી નિપજકી મનકુ... | અંગ ૧૨ | ૮ | ૧૯૭ |
| પણ જીનું ગતિ પરમ ઉતકૃષ્ટી... | અંગ ૮ | ૪૮ | ૧૪૮ |
| પણ જેહી તેહી પરકાર સકર્તા... | અંગ ૧૨ | ૧૫ | ૨૦૪ |
| પણ જુગકે વહેવાર વરતતાં... | અંગ ૪ | ૨૩ | ૫૬ |
| પણ ફુરમાયલ પરમ પુરુષકે... | અંગ ૧૩ | ૧૧ | ૨૫૦ |
| પણ આ તો વૈરાગ ભક્તિ ઓરુ... | અંગ ૨ | ૧૧ | ૨૨ |
| પણ આ તો દિનકે દિન કરનન... | અંગ ૧૪ | ૧ | ૩૦૩ |
| પણ આ તો નિજ લક્ષ લહે બીન... | અંગ ૫ | ૫ | ૬૨ |
| પણ આવનકી જેહી ગમ ગતિયાં... | અંગ ૮ | ૩૭ | ૧૩૭ |
| પણ એ તો આપે કર્તા કુલ... | અંગ ૧૧ | ૧૦ | ૧૮૫ |
| પ્રભાવહીત સોઈ અખિલ સકલ ભવ... | અંગ ૯ | ૫ | ૧૫૭ |
| પ્રથમ વેદ ઉચરન ચતુરાનન... | અંગ ૧૩ | ૩૩ | ૨૭૦ |
| પ્રથમ આપને આપનકો નિજ... | અંગ ૧૩ | ૬૪ | ૩૦૦ |
| પીછે સકલ તંત પોખનકી... | અંગ ૧૫ | ૨૪ | ૩૫૭ |
| પંચતત્ત્વ ઈંદ્ર ગુણ અંતસ... | અંગ ૧૫ | ૨૬ | ૩૫૯ |
| પંબે પંબ મોક્ષકે દાતા... | અંગ ૬ | ૪ | ૭૩ |
| પુરુષ આદ્ય પ્રકૃતિ ગુણ સહિતમ... | અંગ ૧૩ | ૩૭ | ૨૭૪ |
| પુની પાલન પોક્ષણ કરનન તેઈ... | અંગ ૮ | ૨૮ | ૧૨૭ |
| પુની પાલન પોક્ષણ કરનેકી... | અંગ ૧૧ | ૩ | ૧૭૯ |
| પુની કર્તા ઉચરનકી અંતર... | અંગ ૧૧ | ૧૨ | ૧૮૬ |
| પુની કારન જેહી સંકલ્પકી પર... | અંગ ૯ | ૩ | ૧૫૫ |
| પુની જેહુનકે શુદ્ધ સંકલ્પતે... | અંગ ૧૨ | ૧૮ | ૨૦૭ |
| પુની આપને તો પ્રગટ હાલ હમ... | અંગ ૧૨ | ૧૪ | ૨૦૩ |
| પુનહી નેમ વિનુ આપોઆપસે... | અંગ ૮ | ૫ | ૧૦૪ |
| પુનહી નેંન નિજ અંશ અરકકે... | અંગ ૧૬ | ૫૩ | ૪૧૦ |
| પુનહી સકલ તનુકે કારણ નિજ... | અંગ ૧૫ | ૧૪ | ૩૪૭ |
| પુનહી જનીત મસરીત મહી વરતત... | અંગ ૧૬ | ૧૯ | ૩૮૧ |
| પુનહી એક અદ્વૈત કહેણમે... | અંગ ૧૩ | ૧૬ | ૨૫૪ |
| પુગ શકે સોઈ હંગે હંગ જપ... | અંગ ૧૪ | ૧૬ | ૩૨૩ |
| પુનિ ભસ્મ જેહી છાપ તિલકસે... | અંગ ૧૮ | ૪ | ૪૬૯ |
| પુનિ ખટરસ રસકે રસ લેવન... | અંગ ૧ | ૬ | ૫ |
| પુનિ પતંગ કીટ પશુ ખગકી... | અંગ ૧૬ | ૨૩ | ૩૮૫ |
| પુનિ પારસપદ આપનું આપ નિજ... | અંગ ૧૭ | ૪૩ | ૪૫૯ |
| પુનિ સબન પ્રાચીન પક્ષકી... | અંગ ૧૩ | ૪૭ | ૨૮૪ |
| પુનિ સતગુરુકે કામ પરે કયા... | અંગ ૧૨ | ૩૩ | ૨૨૦ |
| પુનિ સામાન્ય વિશેષ વિના તો... | અંગ ૧૩ | ૧૮ | ૨૫૬ |
| પુનિ તિનકુ અજ્ઞાન કહો તો... | અંગ ૧૨ | ૨૫ | ૨૧૪ |
| પુનિ જીનકી નહીં જનીત કોહુનકુ... | અંગ ૧૨ | ૫ | ૧૯૪ |

| | | | |
|---|---|---|---|
| પુનિ આપને પતકી આરતકુ... | અંગ ૮ | ૪૯ | ૧૪૯ |
| પુનિ આપને આપનકો ધ્યાનુ... | અંગ ૧૨ | ૨૧ | ૨૧૦ |
| પુનિ આપનેકે નેંન ચરમકુ... | અંગ ૧૬ | ૬૧ | ૪૧૭ |
| **ફ** | | | |
| ફલકે બીજ છપીત છલકાયન... | અંગ ૧૬ | ૪૯ | ૪૦૭ |
| **બ** | | | |
| બહોરુ કહો જો પુણ્ય પાપ કાંહાં... | અંગ ૧૩ | ૨૦ | ૨૫૮ |
| બહોરુ સુનો આપને આપનકી... | અંગ ૧૫ | ૧ | ૩૩૭ |
| બડે બડે ભૂપ ભેટ લેઈ આગે... | અંગ ૪ | ૨૫ | ૫૮ |
| બાહર ઘટકે રૂપ રંગકું... | અંગ ૧૫ | ૩૦ | ૩૬૨ |
| બીજગકે છલકા જંગમ જન... | અંગ ૧૬ | ૬૦ | ૪૧૬ |
| બિન સરજે કછુ બનેન કંચિત... | અંગ ૮ | ૫૪ | ૧૫૩ |
| બિન હુરમત કે અંશ અવન પર... | અંગ ૩ | ૧૧ | ૩૩ |
| બિનુ અસવાર શ્વાસ સષોપતકે... | અંગ ૧૪ | ૮ | ૩૧૪ |
| બિનું મરમ નિજ પરમ પતિન કે... | અંગ ૧૪ | ૨૨ | ૩૩૦ |
| બિનું બાબજ કે સુસક સ્વરસે... | અંગ ૧૪ | ૯ | ૩૧૫ |
| બિનું તરનનકે લક્ષ રખનમે... | અંગ ૮ | ૩૬ | ૧૩૬ |
| **ભ** | | | |
| ભવીત શાંતિ જબ સકલ તપતકી... | અંગ ૧૮ | ૧૬ | ૪૮૧ |
| ભવસોઈ ભવીત આદ્ય પ્રકૃતિ ગુન... | અંગ ૧૩ | ૨૯ | ૨૬૭ |
| ભવજલમાં જે જનમ મરણ દુઃખ... | અંગ ૧૨ | ૩૮ | ૨૨૪ |
| ભયે નકેત અંશ અનુકરમીત... | અંગ ૧૮ | ૧૨ | ૪૭૭ |
| ભયે સકલ અવગતકે તન... | અંગ ૧૬ | ૨૦ | ૩૮૨ |
| ભયે વિભીષણ ભ્રાત વિમુખ તજ... | અંગ ૪ | ૧૦ | ૪૫ |
| ભોમંડલ ભવ ભોવન આયકે... | અંગ ૧૩ | ૪ | ૨૪૪ |
| ભૂલે બ્રહ્મા ભવ રચનારન... | અંગ ૧૩ | ૩૪ | ૨૭૧ |
| ભૂસન સકલ આચારજકે જીનું... | અંગ ૮ | ૨૦ | ૧૧૮ |
| ભુગતમાન કરતાં કરનીનકે... | અંગ ૧૬ | ૧૫ | ૩૭૮ |
| **મ** | | | |
| મમતા લજ્જા શરમ સમરતિ... | અંગ ૧૫ | ૧૧ | ૩૪૫ |
| મધ્ય સકલ સબ વ્રતત દેખીતવ... | અંગ ૧૩ | ૫૫ | ૨૯૨ |
| મરતલોકમાં કીટ મરે તો... | અંગ ૧૨ | ૫૦ | ૨૩૫ |
| મતલબ ખુદકુ ખલક રચેકી... | અંગ ૧૧ | ૧ | ૧૭૮ |
| માટે નિજ કરતાર કલપ બીનું... | અંગ ૮ | ૧૧ | ૧૧૦ |
| મહોબત રખે ન કિનું કોહુનકી... | અંગ ૧૩ | ૪૫ | ૨૮૨ |
| મેરે શિરપર બોજ ધરનકુ... | અંગ ૧૧ | ૧૧ | ૧૮૫ |
| **ય** | | | |

| | | | |
|---|---|---|---|
| યા વિધ નિજકી નિધા નિરંતર... | અંગ ૧ | ૧૧ | ૯ |
| યાતે કોહુ નહીં નિજ કર્તા... | અંગ ૧૩ | ૮ | ૨૪૮ |
| યાતે સકલ જાંહાંન અજભવ લ્યૌ... | અંગ ૮ | ૨૫ | ૧૨૪ |

**ર**

| | | | |
|---|---|---|---|
| રચિત સ્ત્રષ્ટ પાલન સંઘારન... | અંગ ૪ | ૪ | ૩૯ |
| રજ તમ સાત્વિક આદ્ય સહિત ઘણ... | અંગ ૧૫ | ૭ | ૩૪૧ |
| રાજધરમ સંક્ષેપ સુનાયે... | અંગ ૬ | ૨૫ | ૯૩ |
| રાજનકી દિવાન રહીતકુ... | અંગ ૧૦ | ૩ | ૧૬૨ |
| રાય કોહુનકી લાંચ ન લેતે... | અંગ ૬ | ૧૧ | ૮૦ |
| રાય નહીં કોઈ ન્યાય કરનકે... | અંગ ૬ | ૧ | ૭૦ |
| રેન દિવસ તસ ખાન પાનકી... | અંગ ૧૭ | ૧૩ | ૪૩૦ |

**લ**

| | | | |
|---|---|---|---|
| લક્ષ ચોરાસી જીવ જંતહી... | અંગ ૧૩ | ૨૧ | ૨૫૯ |

**વ**

| | | | |
|---|---|---|---|
| વરત સકલકે યેમ નેમ સાધન... | અંગ ૧૦ | ૧૪ | ૧૭૧ |
| વૈદ ધનંતર વનસ્પતિકે... | અંગ ૧૫ | ૧૮ | ૩૫૧ |
| વાલ્મીક વનખંડ વિપનકે... | અંગ ૪ | ૧૧ | ૪૬ |
| વેદ પુરાણ શાસ્ત્ર કે વગતા... | અંગ ૧૧ | ૧૩ | ૧૮૭ |
| વેદ વદિત આચારજ અનુભવી... | અંગ ૮ | ૨૩ | ૧૨૨ |
| વ્યાઘ્ર વેરાહ મછ કછ કે તન... | અંગ ૧૬ | ૨૬ | ૩૮૭ |
| વ્યાકરણ સોઈ કરણ પવનકી... | અંગ ૧૩ | ૨૮ | ૨૬૫ |
| વિતરાગન કે વેશ દેખાવત... | અંગ ૫ | ૯ | ૬૭ |
| વિનહુ સજાત સિદ્ધાન્ત સકલ જેહી... | અંગ ૮ | ૩૪ | ૧૩૪ |
| વિનુ કલપે ચર અચરનકે તન... | અંગ ૮ | ૩ | ૧૦૩ |
| વિનુ જતમત ઓરુ નેમ વિના તો... | અંગ ૮ | ૬ | ૧૦૬ |
| વિશેષ ઓરુ સામાન્ય અંશકી... | અંગ ૧૬ | ૩૦ | ૩૯૧ |

**સ**

| | | | |
|---|---|---|---|
| સચ્ચેકુ જુઠાઈ બનાવત... | અંગ ૬ | ૨૦ | ૮૮ |
| સકલ સિદ્ધાંત ન્યાય કે નરણીત... | અંગ ૧૩ | ૪૪ | ૨૮૧ |
| સરજનહારકી સકલ સમરથી... | અંગ ૧૦ | ૧૦ | ૧૬૮ |
| સત જુગ ત્રેહેતા દ્વાપર કલીકે... | અંગ ૪ | ૧ | ૩૬ |
| સતજુગમે સત તપ ત્રેહેતામે... | અંગ ૪ | ૨૧ | ૫૪ |
| સાત્વિકસે સનમાન સકલકુ... | અંગ ૬ | ૧૫ | ૮૩ |
| સો ભુગતી જબ ભયે કૃતઘ્ની... | અંગ ૧૦ | ૯ | ૧૬૭ |
| સો ભુગતનમે અંશ અખિલ કુલ... | અંગ ૧૩ | ૬૧ | ૨૯૭ |
| સો બરનનકે ભયે અખિલ કુલ... | અંગ ૧૧ | ૧૪ | ૧૮૮ |
| સો કયો વિન ભૂક્તાયન રહેવત... | અંગ ૧૦ | ૧૨ | ૧૭૦ |
| સો તો તુમહી સકલ કહત હો... | અંગ ૧૨ | ૪૭ | ૨૩૩ |

| | | | |
|---|---|---|---|
| સો ઉતઈતકે ન્યાવ લહીત જીત… | અંગ ૮ | ૨૯ | ૧૨૮ |
| સોતો ભવીત અન્યોઅન્ય ઘાતક… | અંગ ૨ | ૬ | ૧૬ |
| સોહી મરમ ટહુંકારનકી જગ… | અંગ ૧૩ | ૧૦ | ૨૫૦ |
| સોહી પરમ નિજ અંશ અલખ કે… | અંગ ૧૩ | ૪૨ | ૨૮૦ |
| સોહી અલખ જીનું કરત ઉપાસન… | અંગ ૧૨ | ૧ | ૧૯૧ |
| સોહી અખંડ સનાત આપસે… | અંગ ૧૪ | ૧૯ | ૩૨૬ |
| સહસ્ત્રબેર ધિક્ ધિક્ તેહુનકુ… | અંગ ૧૦ | ૭ | ૧૬૫ |
| સૂર સીંઘ જ્યૌ રણ એકલમલ… | અંગ ૩ | ૬ | ૨૯ |
| સૂને પોકાર જદીપ કરતા નિજ… | અંગ ૧૮ | ૧૪ | ૪૭૯ |
| સૂને કીરત જેહી નિજ સરજનકી… | અંગ ૮ | ૫૨ | ૧૫૧ |
| સજીત સાજ નિજ સ્વરુપ સુરત કર… | અંગ ૧૪ | ૧૮ | ૩૨૫ |
| સર્જનહારને સ્ત્રજે સકલ કુલ… | અંગ ૧૫ | ૩ | ૩૩૮ |
| સંચ સંચ મે ભિન્ન ભિન્ન ગત… | અંગ ૧૬ | ૧૦ | ૩૭૪ |
| સંત રાઘવનંદનકે નિજ… | અંગ ૪ | ૧૪ | ૪૮ |
| સંત સજન મે રખુ ન અંતર… | અંગ ૮ | ૩૯ | ૧૩૯ |
| સંસ્કૃત ઓરુ શ્રુતિ સમરતિ… | અંગ ૮ | ૩૨ | ૧૩૨ |
| સુરકે તેજ પ્રકાશ પરમતે… | અંગ ૧ | ૪ | ૩ |
| સુરત નુરત ઓરુ સહિત જ્ઞાન ગમ… | અંગ ૧૫ | ૯ | ૩૪૩ |
| સુનકાદિક સુખ તજીત સકલ ઈત… | અંગ ૪ | ૫ | ૪૦ |
| સુનકાદિક શિવ શેષ સહિત દરુ… | અંગ ૪ | ૩ | ૩૮ |
| સુનકાદિક શુકદેવ કપિલ દત્ત… | અંગ ૧૩ | ૧૪ | ૨૫૩ |
| સુનો તેહુનકે ફરક લક્ષકી… | અંગ ૧૩ | ૪૩ | ૨૮૦ |
| સ્થાવરકી થાવર સમ સરજીત… | અંગ ૧૨ | ૪૯ | ૨૩૪ |
| સિર્ગુણ ઈષ્ટ સકલ જેતને ભર… | અંગ ૮ | ૧ | ૧૦૧ |

**શ**

| | | | |
|---|---|---|---|
| શરમે શરમ ડૂબહી સબ જન… | અંગ ૮ | ૪૩ | ૧૪૩ |
| શુક નારદ પ્રહેલાદ વિભીષણ… | અંગ ૪ | ૮ | ૪૩ |
| શુકકે તપ વન વૃક્ષ સરાયન… | અંગ ૪ | ૯ | ૪૪ |

**હ**

| | | | |
|---|---|---|---|
| હરીકે ધોખે જીવ સકલ તહાં… | અંગ ૨ | ૯ | ૨૦ |
| હલન ચલન જીનકે જુગ જનીતત… | અંગ ૧૭ | ૨૪ | ૪૪૦ |
| હરિયા સો ચૈતન સંજીુકતા… | અંગ ૧૧ | ૬ | ૧૮૨ |
| હંગ સચેત હોત ગતિ રબસે… | અંગ ૧૪ | ૧૩ | ૩૧૭ |
| હે કોઈ આરતવંત પતિનકે… | અંગ ૧૪ | ૨૭ | ૩૩૪ |
| હેત રહે કયૌ સમ દરશનસે… | અંગ ૧૦ | ૫ | ૧૬૩ |

**જ્ઞ**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાન વિનાતો પંચતત્ત્વ તન… | અંગ ૧૮ | ૩ | ૪૬૮ |
| જ્ઞાનીકી ગત આપને આપ લ્યૌ… | અંગ ૧૨ | ૩૧ | ૨૧૯ |



જ્ઞાન સંપ્રદાયના આદ્યસ્થાપક કુવેરસ્વામી સંવત ૧૮૨૯ના મહાસુદ બીજના દિવસે ગુજરાત રાજ્યમાં ભાલેજ નજીક કાસોર ગામની વનખંડીમાં પ્રગટ થયા હતા. ગયા જન્મમાં અચાનક આવીને કલ્યાણ કરવાનું વરદાન આપ્યા મુજબ તેઓ હેતબાઈ નામની ક્ષત્રિયાણીને બાળ સ્વરૂપે મળ્યા હતા. સાત વર્ષની ઉંમરે ગુરુ પરંપરાને માન આપી કૃષ્ણસ્વામી નામના તપસ્વીને ગુરુ તરીકે સ્વીકારી સર્જનહારે સોંપેલા અંશના કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી હતી. નાની ઉંમરથી જ પ્રભાત અને મંગળ પદની રચના રચીને અંશ-અંશીના લક્ષનું જ્ઞાન જગતને આપવાનો પ્રારંભ કર્યો હતો. ૧૦૫ વર્ષના (૧૮૨૯-૧૯૩૪) ગાળા દરમિયાન જંબુદ્વીપમાં રહી તેમણે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જગતમાં પરંપરાગત ચાલી આવતી ઉપાસના અને સગુણ-નિર્ગુણ સિદ્ધાંતની હદ બતાવી જડ શરીરના કારણ રૂપે રહેલ ચૈતન અંશ અને બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલ અંશીની સાચી ઓળખ આપતા કૈવલ જ્ઞાનથી ભરપૂર ૧૫ ધર્મગ્રંથોની આદ્ય લઈ આરતી, સ્તુતિ, ભજન, પદ, ગોડી વગેરેની રચના કરી છે. સર્જનહાર દ્વારા મળેલ કુલમુખત્યારનામાને આધારે સમસ્ત બ્રહ્માંડમાં કૈવલકર્તા સાથે અંશને મેળાપ કરાવનાર તેઓ એક માત્ર સમર્થ ગુરુ છે. અંશને પંચમી અખંડ કૈવલ મુક્તિ મળે તે માટે તેમણે પ્રગટ અને ગુપ્ત અમરમંત્ર આપેલો છે. જેના સહારે અંશ જન્મ-મરણના ભવસંકટમાંથી સદાને માટે મુક્તિ પામી શકે છે. તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ સર્જનહારે તેમને નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત દિવ્ય દેહ ધારણ કરાવી બ્રહ્માંડમાં મોકલ્યા છે. વળી, જગતના ઈશ્વરો ગણાતા દેવી-દેવતાઓને કર્તાએ એક એક કરુણા આપી કરુણામય બનાવ્યા છે. જ્યારે સર્જનહારે તેમને સર્વ કરુણાઓનો સમૂહ બક્ષેલો હોઈ તેઓ કરુણાસાગર કહેવાયા. મુખ્ય ગુરુગાદી સારસા, તા-જીઃ આણંદમાં સ્થાપીને બ્રહ્માના પાંચમા મુખના છેદન બાદ ગુપ્ત થયેલા જ્ઞાનને દર્શાવતા ‘‘પંચમ સ્વસમ વેદ’’ની રચના કરી જગતને નેતિપદથી પર રહેલા પરમપદને પામવાનો સાચો અને ન્યાયપૂર્વક માર્ગ દર્શાવનાર કૈવલવેત્તા પુરુષ એટલે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર.

- બીપીન આર. શાહ

ભજનાનંદ પબ્લિકેશન

978-81-921648-5-4